Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

परमात्मने नमः।

# પરમાગમ - ચિંતામણિ

દ્રવ્યદૃષ્ટિ – માર્ગપ્રકાશક, સ્વાનુભવપ્રેરણામૂર્તિ,
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની જન્મ-શતાબ્દીના ઉપલક્ષમાં,
શ્રી દિગંબર જૈન આચાર્યો, સંતો આદિના ૧૦૦ આધ્યાત્મિક
ગ્રંથોમાંથી સંકલિત ૨૦૨૫ ચિંતામણિ-રત્નો


: સંકલનકાર:

**નાગરદાસ બેચરદાસ મોદી**
**ઉમેદરાય બેચરદાસ મોદી**

(સંપાદક- પરિવાર, ગુજરાતી "આત્મધર્મ")



: પ્રકાશક:

**શ્રી કહાનગુરુ સત્‌સાહિત્ય ગ્રંથમાળા - પ્રકાશન સમિતિ**

**શ્રી દિગંબર જૈન સંઘ**

શ્રી કાનજીસ્વામી માર્ગ, પંચનાથ પ્લોટ
રાજકોટ-૩૬૦૦૦૧


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રથમ આવૃત્તિ: ૨૫૦૦ પ્રત

દ્વિતીય આવૃત્તિ: ૨૦૦૦ પ્રત

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષમાં)

કહાન સં-૧૦, વીર સં. - ૨૫૧૬, વિ. સં-૨૦૪૬, ઇ. સ. ૧૯૯૦

વૈશાખ શુદ-૨ તા. ૨૬-૪-૯૦ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૧ મી જન્મ જયંતી

## દ્રવ્યદષ્ટિની ઉપદેશ પ્રથમ કેમ ?

જૈસે જેલમેં પડા હુઆ વ્યક્તિ બન્ધનકે કારણોકો સુનકર ડર જાતા હૈ ઔર હતાશ હો જાતા હૈ પર યદિ ઉસે મુક્તિકા ઉપાય બતાયા જાતા હૈ તો ઉસે આશ્વાસન મિલતા હૈ ઓર વહે આશાન્વિત હો બંધનમુક્તિકા પ્રયાસ કરતા હૈ. ઉસી તરહ અનાદિ કર્મબંધનબદ્ધ પ્રાણી પ્રથમ હી બંધકે કારણોંકો સુનકર ડર જાય ઔર મોક્ષકે કારણોંકો સુનકર આશ્વાસનકો પ્રાપ્ત હો ઇસ ઉદ્દેશ્યસે મોક્ષમાર્ગકા નિર્દેશ સર્વપ્રથમ કિયા હૈ.

(આચાર્ય અકલંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ- ૧, પાનું - ૨૬૬)

## જિનવાણી - સ્વાધ્યાયની પાત્રતા

ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઇએ! સ્વર્ગેથી ઇન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય ભક્તિ ને નરમાશથી સાંભળે છે! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઇએ; શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્રની ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર-શ્રવણ કરવા બેસાય નહિ, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ, ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલાક વિનય-બહુમાન-ભક્તિ હોય ત્યારે તો જિનવાણી -શ્રવણની પાત્રતા છે. વ્યવહાર પાત્રતા જેમ છે તેમ જાણવી જોઇએ.

- સ્વાનુભવ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

## Thanks & Our Request

This shastra has been donated by Jyoti Rajesh Shah-UK who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Parmagam Chintamani is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

3) If you would like to donate a shastra to AtmaDharma.com, please visit:-

http://www.AtmaDharma.com/donate

to see the list of shastras we would like to see next on AtmaDharma.com.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 2 April 2004 | First electronic version. |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * અર્પણ *

ભવ્યોના ભાગ્યવશે ભગવાન શ્રી સીમંધરસ્વામી
પાસેથી પરમાત્મપણાનો સંદેશ લઇને તીર્થધામ
સુવર્ણપુરીમાં ૪૫-૪૫ વર્ષ સુધી અધ્યાત્મ
અમૃતની ધોધમાર વર્ષા વડે આ કળિકાળને
ધર્મકાળમાં પલટાવી નાખનાર હે યુગસ્રષ્ટા ગુરુદેવ!
અમ બાળકોને ભવસાગર પાર ઉતારવા,
અગાધ વિશાળ પરમાગમસાગરના મંથન
વડે સ્વાનુભૂતિનો માર્ગ પ્રકાશીને આપે જે
અનંત અનંત ઉપકાર કર્યો છે તે અનંત
ઉપકારની ચિર સ્મૃતિરૂપે, આપની જન્મ-
શતાબ્દીના મહા પુનિત પ્રસંગના
ઉપલક્ષમાં, આપનાં ચરણકમળમાં
કોટિ કોટિ વંદન પૂર્વક,
૧૦૦ પરમાગમોમાંથી સંકલિત
આ 'પરમાગમ-ચિંતામણિ'
આપશ્રીને અર્પણ કરતાં
અમો અત્યંત પ્રસન્નતા
અનુભવીએ છીએ

– પ્રકાશક

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર:
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ઉપોદ્ઘાત

આ કળિકાળ જેમના પુનિત પ્રતાપે આપણા માટે ધર્મકાળ બની ગયો એવા યુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ તપોભૂમિ – તીર્થધામ સુવર્ણપુરીમાં ૪૫-૪૫ વર્ષ સુધી અધ્યાત્મ-ઉપદેશની જે ગંગા વહાવી છે તેમાં સ્નાન કરીને હજારો-લાખો મુમુક્ષુઓ પાવન થાય છે. તે અધ્યાત્મ-ઉપદેશનો મૂળ ધ્વનિ એ હતો કેઃ-

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો-કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતાં હતાં કે "તું પરમાત્મા છો એમ નક્કી કર."

સીમંધર પરમાત્માની ધર્મસભામાં પરમેશ્વરસ્વરૂપ આત્માનો અનંત મહિમા સાંભળીને, વિદેહથી અત્રે સીધા પધારીને અને સ્વયં નિજપરમાત્માનો અનુભવ કરીને, પૂજ્ય ગુરુદેવશ્રી પણ હંમેશા આત્માની પરમેશ્વરતાના જ ગુણગાન ગાતાં હતા અને હજારો-લાખો શ્રોતાઓ અહોભાવયુક્ત જિજ્ઞાસુપણે મંત્રમુગ્ધ બનીને તેઓશ્રીની વાણી સાંભળતાં હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને સૌને ખૂબ ભારપૂર્વક એ વાત સમજાવી છે કે મુમુક્ષુ ભૂમિકામાં પણ પરમાગમોમાં આત્માની પરમેશ્વરતાના જે કથનો આવે છે તે વાંચતાં – સાંભળતાં જિજ્ઞાસુનું હૃદય ઉછળી જવું જોઇએ, પોતાની પારમેશ્વરી શક્તિનું જીવને અચિંત્ય માહાત્મ્ય આવવું જોઈએ, પોતાની શક્તિઓની વાત સાંભળતાં તેને આશ્ચર્ય થવું જોંઇએ અને તેનો ઊંડો વિશ્વાસ જાગૃત કરવો જોઇએ. "આ તો શક્તિ અપેક્ષાએ વાત છે" એમ કરીને અવ્યક્તિપણે પણ પોતાના પરમેશ્વરપણાની વાત ઢીલી કરવા જેવી નથી, કારણ કે શક્તિ એ જ આત્માનું મૂળ તત્ત્વ અને સત્ત્વ છે. મુમુક્ષુને પોતાનાં વિચારમાં અને રુચિમાં તેવું જ વજન અને મુખ્યતા રહેવી જોઇએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની સ્વાનુભવ-માર્ગ-પ્રકાશક વાણીનું શ્રવણ કરતાં, ઘણાં વર્ષ પહેલાં એક સરળ પ્રતિષ્ઠિત મોટા પંડિતે પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ પોતાની ભૂલ ખુલ્લી કરતાં કહ્યું હતું કે "શાસ્ત્રોમાં નિશ્ચયની વાત જ્યાં આવે ત્યાં અમે, આ તો નિશ્ચયની વાત છે – એમ સાધારણ ગણીને કાઢી નાખતાં અને જ્યાં વ્યવહારની વાત આવે ત્યાં અમે તેનું ગળું પકડતાં."

"હું વર્તમાનમાં જ પરમાત્મા છું" – એ વાત મૂળ છે અને મારે પરમાત્મા થવું છે એ વાત બીજી છે. પરમાત્મા થવાની વાત વ્યવહારનયના વિષયમાં જાય છે જેને આત્માનું હિત કરવું છે તેણે નિશ્ચયનયના વિષય ઉપર જ જોર આપવાનું છે.

આત્મા વસ્તુપણે જોતાં પરમાત્મા હોવા છતાં તેની પર્યાયમાં રાગાદિ ભાવો થાય છે; તેનું પ્રગટ વેદન હોવાથી તે ભાવોમાં જીવને પોતાનું અસ્તિત્વ ભાસે છે. પરંતુ તેની પાછળ છૂપાયેલું પોતાનું પરમેશ્વરતત્ત્વ જીવને કદિ વેદનમાં આવ્યું નથી. શ્રીગુરુની કૃપાથી જીવને પોતાના પરમેશ્વરપણાની વાત સાંભળવા મળવા છતાં, ઉપલકપણે હા પાડવા છતાં, ઊંડાણથી પોતાના મહાન અસ્તિત્વનો જીવને વિશ્વાસ આવતો નથી. તેથી ૪૫–૪૫ વર્ષ સુધી કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચયનયના વિષયભૂત મૂળ તત્ત્વનો અર્થાત્ આત્માના પરમાત્મપણાનો જ આપણને ઉપદેશ આપ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી હંમેશા ફરમાવતાં હતા કે જીવે અનાદિકાળના પરિભ્રમણમાં બધું જ કર્યું છે પરંતુ આ દ્દષ્ટિનો વિષય જ ઊંડાણથી સમજવો રહી ગયો છે. તેઓ શ્રી ફરમાવતાં હતા કે જીવને વ્યવહારનો પક્ષ અનાદિકાળથી ચાલ્યો આવે છે. શાસ્ત્રમાં પણ વ્યવહારનયની વાતો ઠેર ઠેર ઘણી કરવામાં આવી છે. જ્ઞાનીઓના ઉપદેશમાં પણ વ્યવહારનયાશ્રિત કથનો ઘણા આવે છે; એક નિશ્ચયનો ઉપદેશ જ ખૂબ વિરલ છે. તેથી અનાદિનો વ્યવહારનો પક્ષ તોડવા તેના નિષેધક નિશ્ચયનયનો પક્ષ દ્દઢ કરવો જોઇએ. વ્યવહારનયાશ્રિત વાતો જાણવી અનિવાર્ય હોવા છતાં પણ તેના ઉપર વજન જરાય આપવા જેવું નથી. નિશ્ચયનયના વિષયને પકડવા તેની ઊંડી ગડમથલ જગાવીને તેનું રહસ્ય સમજવામાં સર્વ પુરુષાર્થ લગાવવો જોઇએ – એમ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતાં હતા.

વળી, ગુરુદેવશ્રી સાથોસાથ એમ પણ ફરમાવતાં હતા કે આ નિશ્ચયનયની – અધ્યાત્મની વાત કાચા પારા જેવી છે. પાત્ર થયા વિના ગ્રહણ કરવા જતાં જીવ નિશ્ચયને ગ્રહણ કરવાને બદલે નિશ્ચયાભાસી થઇ જાય છે. નિશ્ચયને ગ્રહણ કરવાની ભાવનાવાળા પાત્ર જિજ્ઞાસુને ભવનો અંતરથી ત્રાસ ત્રાસ થઇ ગયો હોય, કષાયો શાંત થઇ ગયા હોય, દેવ–શાસ્ત્ર–ગુરુની અંતરથી ભક્તિ જાગી હોય, આત્મા વિના ક્યાંય ચેન પડતું ન હોય તે જીવ નિશ્ચયનયનું યથાર્થ ગ્રહણ કરી લ્યે છે.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પણ વારંવાર ફરમાવે છે કે મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય, આત્માની તીવ્ર લગની લાગી હોય, સંસારથી ખૂબ થાકી ગયો હોય, દેવ–શાસ્ત્ર–ગુરુ જ તેને જગતમાં સર્વોત્કૃષ્ટ લાગતાં હોય, ગમે તે પ્રસંગમાં પણ તેના પરિણામો મર્યાદામાં હોય તેના પરિણામ મર્યાદા બહાર ન જાય એવા પાત્ર જિજ્ઞાસુઓ આત્માને પ્રાપ્ત કરી શકે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપરોક્ત પાત્રતાની વાત લક્ષમાં રાખીને દૃષ્ટિના મૂળ વિષયભૂત તત્ત્વની સાથે-સાથે તેને પહોંચી વળવાની પાત્રતારૂપ વૈરાગ્ય, ભક્તિ તથા કષાયની ઉપશાંતતા, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે બહુમાન-વિનય-ભક્તિ આદિ પ્રતિપાદક વાણી મુમુક્ષુ સમાજને સહાયરૂપ થાય એ આશયથી એક પુસ્તકનું પ્રકાશન કરવાની ભાવનાનો ઉદ્‌ભવ થતાં અમારું ધ્યાન તાજેતરમાં પ્રકાશન થએલ 'પરમાગમ ચિંતામણિ' પુસ્તક ઉપર ઉડ્યું. અને પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરવાનું (પરમોપકારી પૂ. ગુરુદેવશ્રીની જન્મ શતાબ્દી વર્ષમાં) અમોએ નક્કી કર્યું. આ પુસ્તકમાં જુદા જુદા સો ગ્રંથોમાંથી ૨૦૨૫ રત્નોનું સંકલન કરવામાં આવેલ છે.

જિનવાણીમાં અનેક જીવોને અનુલક્ષીને અનેક પ્રકારના કથનો આવે છે. એક બાજુ એમ કહેવામાં આવે કે "શાસ્ત્રમાં રમતી બુદ્ધિ પણ વ્યભિચારિણી છે." (પરમાગમ ચિંતામણિ નં. ૩૦૪) બીજી બાજુ એમ કહેવામાં આવે કે "શાસ્ત્રમાં રમતી બુદ્ધિ મોક્ષની દૂતી છે." (પરમાગમ ચિંતામણિ નં. ૨૦૧૭) આવા વિરોધાભાસ જેવા લાગતાં કથનો શાસ્ત્રમાં અનેક આવે છે ત્યાં આત્માર્થી જીવોએ દરેક કથનોનું તાત્પર્ય સમજીને, પોતાને હિત થાય એ રીતે તે ઉપદેશનું ગ્રહણ કરવું જોઇએ.

વળી, શાસ્ત્રમાં ૧૧ માં ગુણસ્થાનેથી પડી જવાની વાત પણ આવે છે તો જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જરા પણ સંતોષાયા વગર તેમ જ હતાશ થયા વગર સાવધાન રહીને પુરુષાર્થ જ કરવો તેમ એ ઉપદેશનું તાત્પર્ય સમજવું જોઇએ. ગુરુગમથી આપણે જિનવાણીના ઉકેલની દૃષ્ટિ પ્રાપ્ત કરીને સમસ્ત જિનવાણીનો ઉપદેશ પોતાનું હિત થાય, પોતે ઊંચે ચડે, પોતાના પરિણામો ઉજ્જવળ બને અને જેમ જેમ આત્માની નીકટતા વધતી જાય એ રીતે જિનવાણીના સર્વ ઉપદેશનું ગ્રહણ કરવું જોઇએ. - એમ પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર ફરમાવતાં હતા.

આ સંકલનમાં કેટલાક અપ્રસિદ્ધ ગ્રંથોમાંથી પણ કેટલીક ગાથાઓ લેવામાં આવેલ છે. દોહા-પાહુડ નામનો ગ્રંથ અપભ્રંશ ભાષાનો બહુ પ્રાચીન ગ્રંથ છે. તેના રચયિતા રામસિંહ મુનિરાજ છે. શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવે પંચાસ્તિકાયની ૧૪૬ મી ગાથાની ટીકામાં રામસિંહ મુનિરાજના પાહુડ-દોહાની ગાથા ૯૮ ઉધ્ધૃત કરી છે. (જુઓ, પરમાગમ ચિંતામણિ નં. ૨૯૫) તથા મોક્ષમાર્ગ પ્રકાશકમાં પં. ટોડરમલ્લજીએ પાહુડ-દોહાની ગાથા ૮૫નો આધાર લીધો છે. (જુઓ, પરમાગમ ચિંતામણિ નં. ૨૯૬) આથી આ ગ્રંથની પ્રાચીનતા અને ગ્રંથકારની પ્રમાણિકતા સિદ્ધ થાય છે.

ઉપદેશ - સિદ્ધાંત - રત્નમાળા ગ્રંથ આચાર્ય ધર્મદાસજી રચિત છે. પંડિત શ્રી ટોડરમલ્લજી ઉપર આ ગ્રંથકારની બહુ છાપ પડી છે. આથી મોક્ષમાર્ગ પ્રકાશક નીચે મુજબ ૯ જગ્યાએ આ ગ્રંથની ગાથાઓનો તેઓશ્રીએ આધાર આપેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ ચોથી, પાનું ૧૬, ૧૭, ૨૪, ૧૮૦, ૧૮૨, ૧૮૨ (બીજી ગાથા), ૧૮૩, ૨૧૯, ૩૧૦. આ આધારો ઉપરથી આ ગ્રંથ પ્રચલિત ન હોવા છતાં તેની પ્રમાણિકતા સિદ્ધ થાય છે.

"નેમીશ્વર-વચનામૃત-શતક" નામનો ગ્રંથ નેમીચંદ્ર-સિદ્ધાંતદેવના એક ભક્ત ચંદ્રસાગર વર્ણીએ રચેલ છે. આ ગ્રંથની વિશેષ માહિતી મળી નથી પરંતુ જ્ઞાન-વૈરાગ્ય પોષક રચના હોઇ આ સંકલનમાં તેમાંથી કેટલાક વચનામૃત લીધા છે. બીજા પણ કોઈ કોઈ ગ્રંથ તથા ગ્રંથકાર વિશેષ પ્રચલિત નહિ હોવા છતાં તે ગ્રંથમાંની ગાથાઓ વૈરાગ્ય અને આત્માર્થ પોષક હોઇ આ સંકલનમાં કેટલીક ગાથાઓ તેમાંથી લીધી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં કોઇ અધિકાર-ભેદ પાડેલ નથી તથા દરેક વચનામૃત પોતાનો સ્વતંત્ર વિષય પ્રસિદ્ધ કરે છે, તેમ આ સંકલનના દરેક ચિંતામણિ પોતાનો સ્વતંત્ર વિષ પ્રતિપાદન કરે છે તથા અધિકાર-ભેદ કે આગળ-પાછળ કોઇ અનુસંધાન જેવું નથી. છતાં દૃષ્ટિના વિષયની વિશેષ દૃઢતા થાય તે હેતુએ, તે એક જ વિષયનું પ્રતિપાદન કરતાં અનેક ચિંતામણિ - રત્નો શરૂઆતમાં સાથે ગોઠવવામાં આવ્યા છે.

આ સંકલનમાં એક જ ગ્રંથની અનેક ગાથાઓ લીધી છે, પરંતુ તે ગાથાઓ આ સંકલનમાં ક્રમસર આપેલ નથી. જેમ અનુપૂર્વીમાં નવકારમંત્ર ગણવામાં ઉપયોગની સાવધાની રાખવી પડે તે હેતુથી નવકાર મંત્રના આંકડા આડા-અવળા મૂકવામાં આવે છે, તેમ વાચકને આ સંકલનમાં આગળ આગળ વાંચવાની જિજ્ઞાસા જાગૃત રહે તથા વાંચવાનો રસ રહે તે દૃષ્ટિથી કોઈ પણ ગ્રંથની ગાથાઓ આ સંકલનમાં ક્રમસર લેવામાં આવી નથી.

મુખ્યપણે દૃષ્ટિના મૂળ વિષયભૂત ગાથાઓનું જ આ સંકલન હોવા છતાં આ સંકલનમાં ચારે પડખાથી દરેક વિષયોને પ્રસિદ્ધ કરતી ગાથાઓ લેવામાં આવી છે. કારણ કે વૈરાગ્ય, ભક્તિ, સરળતા, કષાયોની ઉપશાંતતા, સજ્જનતા આદિ પાત્રતાના ભાવો વગરનું એકલું અધ્યાત્મ જીવને શુષ્કતામાં લઇ જાય છે. આથી અધ્યાત્મની સાથે સાથે વૈરાગ્ય, ભક્તિ ઉપશમ આદિ ભાવોના પ્રેરક અને પોષક આર્ષ-વચનો પણ આ સંકલનમાં ઘણા લેવામાં આવ્યા છે.

જુદા જુદા આચાર્યોએ એક જ પ્રકારની વાત કરી હોય તેથી વાચકને એમ લાગે કે આ વાત તો આવી ગઇ છે; પરંતુ એકની એક વાતને વિશેષ દૃઢ કરવાના પ્રયોજનવશ જુદા જુદા આચાર્યોએ સમાન વાત કરી હોય તે પણ આ સંકલનમાં લેવામાં આવી છે.

અધ્યાત્મ-ગ્રંથોમાં પુનરુક્તિ દોષ ગણવામાં આવતો નથી, પરંતુ પુનરુક્તિને ગુણ માનવામાં આવે છે. તેથી આ અધ્યાત્મિક-સંકલનમાં દૃષ્ટિ, જ્ઞાન, વૈરાગ્ય આદિના પોષણ હેતુ એકની એક વાત ફરી ફરીને આવે ત્યાં પ્રયોજન સમજી લેવું.

આગમ તો મહાસાગર છે. (તેનો ગમે તેટલો વિસ્તાર કરવામાં આવે તો પણ ઓછો છે.) આ સંકલનમાં આગમ મહાસાગરનું એક બિંદુ માત્ર છે. વર્તમાન સમયમાં પ્રવૃત્તિયોગ ખૂબ વધી ગયો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચય પ્રાપ્ત મુમુક્ષુઓને અધ્યાત્મના અનેક ગ્રંથોનું અધ્યયન કરવાની ભાવના હોય જ, પરંતુ વિશેષ નિવૃત્તિયોગના અભાવે પોતાની ભાવના અનુસાર અધ્યયન કરી શકાતું ન હોય તેવા સાધર્મી બંધુઓને આ એક "પરમાગમ ચિંતામણિ" ના અધ્યયનથી અનેક આધ્યાત્મિક ગ્રંથોના અધ્યયનવત્ લાભ મળે તે આ સંકલનના પ્રકાશનનો હેતુ છે. આ "પરમાગમ ચિંતામણિ" ના ઊંડા અધ્યયન દ્વારા ચૈતન્ય ચિંતામણિ પામીએ એ જ ભાવના.

આ 'પરમાગમ-ચિંતામણિ' સ્વ. શ્રી જીજીબેન બેચરદાસ મોદી તથા સ્વ. શ્રી સમરતબેન મોહનલાલ મોદીના સ્મરણાર્થે તેમના પરિવાર શ્રી મોહનલાલ બેચરદાસ મોદી તરફથી ભેટ પુસ્તકરૂપે પહેલી આવૃત્તિ બહાર પડેલ તેનો વાંચકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો હતો, આથી ઘણા મુમુક્ષુઓના આગ્રહવશ બીજી આવૃત્તિ બહાર પાડવાનું શ્રી રાજકોટ દિગંબર જૈન સંઘે નિર્ણય કર્યો છે અને તેમાં શ્રી મોહનલાલ બેચરદાસ મોદી પરિવાર તેમ જ શ્રી નાગરદાસભાઈ અને શ્રી ઉમેદભાઈનો પણ અમને ખૂબ ખૂબ સાથ સહકાર મળ્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના ખર્ચ પેટે આત્માર્થી ભાઈશ્રી પ્રેમચંદભાઈ એમ. શાહ (લંડન) તરફથી તેમના સ્વર્ગસ્થ ધર્મપત્ની લક્ષ્મીબહેનના સ્મરણાર્થે રૂા. ૩૦, ૦૦૦ ત્રીસ હજારની દાનરાશિ સંસ્થાને પ્રાપ્ત થએલ છે તેમજ અન્ય દાતાઓ તરફથી પણ નાની મોટી રકમ મળેલ છે જેના કારણે આ પુસ્તકની કિંમત આશરે રૂા. ૩૫ થવા જાય છે તે ઘટાડીને માત્ર રૂા. ૧૦ કિંમત રાખવામાં આવેલ છે. દાતાઓ તથા તેમણે આપેલ ધનરાશીનું લીસ્ટ આ પુસ્તકમાં અમે આપેલ છે.

સંસ્થા શ્રી પ્રેમચંદભાઈ શાહ તથા અન્ય દાતાઓનો આભાર માને છે. તેમજ આ પુસ્તક સમયસર છાપી આપવા બદલ મુદ્રક શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલયનો તથા સુંદર ટાઇટલ પેજનું પ્રિન્ટીંગ કરી આપવા બદલ બાહુબલિ પ્રિન્ટર્સવાળા શ્રી રસિકલાલભાઈ ડગલીનો તથા જેજે વ્યક્તિઓએ આ પુસ્તક કાર્યમાં મદદ કરી છે તે સર્વનો આભાર માને છે.

**શ્રી કહાનગુરુ સત્ સાહિત્ય ગ્રંથમાળા પ્રકાશન સમિતિ**

શ્રી દિગંબર જૈન સંઘ, **રાજકોટ.**

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ　　　　　　　　　　　　શ્રી વીતરાગદેવાય નમઃ

## -ઃ સ્મરણાંજલિઃ-

# સ્વ. શ્રીમતી લક્ષ્મીબેન પ્રત્યે શ્રદ્ધાંજલિ

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રીકાનજીસ્વામીના પુનિત પ્રભાવે, તેઓશ્રીના ભેદજ્ઞાનના સત્‌ ઉપદેશથી આપના જીવનમાં ધાર્મિક સંસ્કારોના ઊંડા બોધિબીજ રોપાયાં અને ઇ. સ. ૧૯૮૨માં પૂ. પંડિતશ્રી લાલચંદભાઈ મોદીના લંડન આગમનથી તેમનો પરિચય થતાં તત્ત્વ સમજવા ઘણો જ લાભ લીધો હતો. પૂ. શ્રી લાલચંદભાઈ પ્રત્યે પણ આપશ્રીને ઘણો જ પ્રમોદભાવ રહ્યા કરતો હતો. તેઓશ્રીની સમજાવવાની શૈલીથી તત્ત્વની વાત સહેલી થઇ જતાં બરાબર બેસી જતી હતી.

પૂ. શ્રી ભગવતી માતા ચંપાબેનની વાણીનો પણ આપે લાભ લીધો હતો, સોનગઢ પણ જઇને પવિત્રભૂમિના દર્શન કરીને આપને ઘણી જ પ્રસન્નતા અનુભવાતી હતી, ધર્માત્માઓ પ્રત્યે આપને ખૂબ જ ભક્તિભાવ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો પ્રચાર વધે એ હેતુએ ત્રણ હજાર જેટલી પ્રવચન ટેપે ડુપ્લીકેટ ઉતારીને પ્રચારમાં મૂકેલ હતી, કોઇપણની સાથે વાતચીત્તમાં આત્માની મુખ્યતાથી વાત આવી જતી હતી, આપના બાળકોને, કુટુંબીજનોને, ભાઈ – બહેનોને દરેક સગાં–સ્નેહીજનોને આપ મુખ્યપણે આત્માની જ વાત સંભળાવતા હતા અને આપની પાસેથી આત્માની વાત સાંભળીને સૌ પ્રસન્નચિત્તે વિદાય લેતા હતા.

છેલ્લા બાર વર્ષથી પૂ. ગુરુદેવશ્રીની વાણી ટેપ દ્વારા, શાસ્ત્ર દ્વારા, સ્વાધ્યાય દ્વારા સાંભળવી શરૂ કરી ત્યારથી દિન–પ્રતિદિન વીતરાગ માર્ગ પ્રત્યે આપની રુચિ વધતી જ રહી. છેલ્લા બાર માસથી કેન્સરનો અસાધ્ય રોગ દેહમાં હોવાનો ખ્યાલ આવવા છતાં દેહ પ્રત્યે અને રોગ પ્રત્યે ગભરાટ વિના ઉદાસીનતા જ સેવતા હતા. કોઇ બિમારી વિષે પુછે, તો તમો કહેતા કે એ દેહનો – જડનો ધર્મ છે હું દેહથી ને રાગથી ભિન્ન પરમાત્મા છું, મારામાં રોગ નથી, દુઃખ નથી અને રાગનો અંશ પણ નથી. મારામાં તો જ્ઞાનનો સદ્‌ભાવ છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી હોવાથી જ્ઞાનને આનંદરૂપે, પરિણમે એ આત્માની પર્યાયનો ધર્મ છે; મૂળ સ્વભાવ તો પરિણમન રહિત છે. એવો હું અચળ ત્રિકાળી ધ્રુવ પરમાત્મા છું. આવા ધ્યેયરૂપ આત્માને દ્રષ્ટિમાં લેતાં પર્યાયમાં વીતરાગરૂપ પરિણમન શરૂ થઇ જાય છે. આવા ધ્યેયરૂપ આત્માને પામવા દિનરાત ભેદજ્ઞાનના અભ્યાસમાં આપ સજાગ રહેતા હતા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સ્વ. લક્ષ્મીબેન પ્રેમચંદ શાહ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પુત્ર-પુત્રીઓને વારે વારે કહેતા કે નિજ પરમાત્મા સ્વરૂપ આત્મા જે પોતાની ચીજ છે; જે પોતે જ છે; જે પુર્ણરૂપે છે તે જ જાણવા- શ્રદ્ધવા અને અનુભવવાલાયક છે. આમ ભાર દઇને આપ કહેતા હતા.

આત્મિક આનંદને અનુભવવા આપને ઘણી તાલાવેલી રહ્યા કરતી હતી, આત્માની વાત સિવાય બીજી કોઇ વાતમાં જરાપણ રસ લાગતો નહીં. છેલ્લે છેલ્લે આપને પુ, ભગવતી માતાના દર્શન- વાણીનો પુ. શ્રી લાલચંદભાઈની પ્રત્યક્ષ વાણીનો લાભ લેવાનો ભાવ રહ્યા કરતો હતો, ટેલીફોન દ્વારા પુ. લાલચંદભાઈ સાથે તત્ત્વની વાત પુછીને ભેદજ્ઞાનના અમર મંત્રો પુ. ભાઈએ સંભળાવ્યા હતા. જે ટેપમાં ઉતારી લેતા અને દરરોજ સ્વાધ્યાય કરતા હતા.

દેહાન્ત પહેલાં જ્ઞાયક.... જ્ઞાયક.... જ્ઞાયકનું ઘોલન ચાલુ રાખેલ હતું, જ્ઞાનમૂર્તિ છું; આનંદમૂર્તિ છુ; સહજ શુદ્ધાત્મસ્વરૂપ છું; જ્ઞાનસ્વભાવી ભગવાન છું; હું પરમાત્મા છું – આમ સ્વભાવની મુખ્યતાપુર્વક ઘોલન છેલ્લા શ્વાસ સુધી ચાલુ રહ્યું હતું. આ રીતે આપ યથાયોગ્ય પુરુષાર્થ સાચી રીતે કરતા રહ્યા અને અમો સૌને માર્ગ ચીંધતા રહ્યા, જેથી આપના ઉચ્ચ આદર્શમય ઉજ્જવળ જીવનનું સ્મરણ ભૂલાતું નથી.

વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણપૂર્વક આપનું ભાવિ જીવન સંસ્કારની સંધિપુર્વક સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમી અતિ ઉજ્જવળતાને – પુર્ણતાને શીઘ્ર પામો એવી હાર્દિક ભાવના અમો ભાવીએ છીએ સાથે સાથે અમો બધા આપના કુટુંબીજનો આપને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

લી. આપનો પરિવાર

| | |
|---|---|
| પ્રેમચંદભાઈ ( પતિ ) | જ્યોતિ ( પુત્રી ) રમણિભાઈ ( જમાઇ ) મીતેશ |
| રાજેષ ( પુત્ર ) | મીના ( પુત્રી ) પ્રવિણ ( જમાઇ ) રીતેશ-રીકી |
| અજય ( પુત્ર ) | જકસા ( પુત્રી ) |

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )
સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )
કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )
અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )
તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )
સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )
બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

## " પરમાગમ-ચિંતામણી " માં સંકલિત

## -: ગ્રંથોની નામાવલિ:-

| ગ્રંથ | ગ્રંથકાર |
|---|---|
| ૧. શ્રી સમયસાર | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૨. શ્રી પ્રવચનસાર | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૩. શ્રી નિયમસાર | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૪. શ્રી પંચાસ્તિકાય | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૫. શ્રી અષ્ટપાહુડ | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૬. શ્રી મૂલાચાર | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૭. શ્રી રયણસાર | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૮. શ્રી બાર-ભાવના | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૯. શ્રી દશભક્તિ-સંગ્રહ | શ્રી કુંદકુંદ આચાર્યદેવ |
| ૧૦. શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય | શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ |
| ૧૧. શ્રી લઘુતત્ત્વ સ્ફોટ | શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ |
| ૧૨. શ્રી સમયસાર - ટીકા | જયસેન આચાર્યદેવ |
| ૧૩. શ્રી પ્રવચનસાર - ટીકા | શ્રી જયસેન આચાર્યદેવ |
| ૧૪. શ્રી પંચાસ્તિકાય - ટીકા | શ્રી જયસેન આચાર્યદેવ |
| ૧૫. શ્રી રત્નકરંડશ્રાવકાચાર | શ્રી સમંતભદ્ર આચાર્યદેવ |
| ૧૬. શ્રી બૃહદ્ સ્વયંભૂસ્તોત્ર | શ્રી સમંતચંદ્ર આચાર્ય |
| ૧૭. શ્રી આપ્તમીમાંસા | શ્રી સમંતભદ્ર આચાર્ય |
| ૧૮. શ્રી સ્તુતિ - વિદ્યા | શ્રી સમંતભદ્ર આચાર્ય |
| ૧૯. શ્રી જ્ઞાનાર્ણવ | શ્રી શુભચંદ્ર આચાર્ય |
| ૨૦. શ્રી આત્માનુશાસન | શ્રી ગુણભદ્ર આચાર્ય |
| ૨૧. શ્રી ઉત્તર પુરાણ | શ્રી ગુણભદ્ર આચાર્ય |
| ૨૨. શ્રી સમાધિતંત્ર | આચાર્ય પૂજ્યપાદસ્વામી |
| ૨૩. શ્રી ઇષ્ટોપદેશ | આચાર્ય પૂજ્યપાદસ્વામી |

| | |
|---|---|
| ૨૪. શ્રી દશભક્તિ-સંગ્રહ | આચાર્ય પૂજ્યપાદસ્વામી |
| ૨૫. શ્રી બૃહદ દ્રવ્યસંગ્રહ | શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ |
| ૨૬. શ્રી ગોમ્મટસાર ( જીવકાંડ ) | શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ |
| ૨૭. શ્રી મોક્ષશાસ્ત્ર | શ્રી આચાર્ય ઉમાસ્વામી |
| ૨૮. કાર્તિકેયાનુપ્રેક્ષા | સ્વામી કાર્તિક |
| ૨૯. શ્રી ભગવતી આરાધના | શિવકોટી આચાર્ય |
| ૩૦. શ્રી મૂલારાધના | શિવકોટી આચાર્ય |
| ૩૧. શ્રી પદ્મનંદી પંચવિંશતિ | શ્રી પદ્મનંદી આચાર્ય |
| ૩૨. શ્રી ધવલા પુસ્તક-૪ | આચાર્ય પુષ્પદંત - ભૂતબલિ |
| ૩૩. શ્રી ધવલા પુસ્તક-૫ | આચાર્ય પુષ્પદંત-ભૂતબલિ |
| ૩૪. શ્રી ધવલા પુસ્તક-૬ | આચાર્ય પુષ્પદંત-ભૂતબલિ |
| ૩૫. શ્રી ધવલા પુસ્તક-૭ | આચાર્ય પુષ્પદંત-ભૂતબલિ |
| ૩૬. શ્રી ધવલા પુસ્તક-૯ | આચાર્ય પુષ્પદંત - ભૂતબલિ |
| ૩૭. શ્રી આરાધનાસાર | શ્રી દેવસેન આચાર્ય |
| ૩૮. શ્રી તત્ત્વસાર | શ્રી દેવસેન આચાર્ય |
| ૩૯. શ્રી સ્વરૂપ સંશોધન | આચાર્ય અકલંકદેવ |
| ૪૦. શ્રી તત્ત્વાર્થ વાર્તિક ભાગ-૧ | આચાર્ય અકલંકદેવ |
| ૪૧. શ્રી તત્ત્વાર્થ વાર્તિક ભાગ-૨ | આચાર્ય અકલંકદેવ |
| ૪૨. શ્રી પરમાત્મપ્રકાશ | શ્રી યોગીન્દ્રદેવ |
| ૪૩. શ્રી યોગસાર-દોહા | શ્રી યોગીન્દ્રદેવ |
| ૪૪. યોગસાર પ્રાભૃત | શ્રી અમિતગતિ આચાર્ય |
| ૪૫. સુભાષિતરત્નસંદોહ | શ્રી અમિતગતિ આચાર્ય |
| ૪૬. શ્રી તત્ત્વ-ભાવના | શ્રી અમિતગતિ આચાર્ય |
| ૪૭. શ્રી સામાયિક - પાઠ | શ્રી અમિતગતિ આચાર્ય |
| ૪૮. શ્રી ધર્મ-પરીક્ષા | શ્રી અમિતગતિ આચાર્ય |
| ૪૯. શ્રી આદિપુરાણ ભાગ-૧ | શ્રી જિનસેન આચાર્ય |
| ૫૦. શ્રી આદિપુરાણ ભાગ-૨ | શ્રી જિનસેન આચાર્ય |
| ૫૧. શ્રી ભક્તામરસ્તોત્ર | શ્રી માનતુંગ આચાર્ય |

| | |
|---|---|
| ૫૨. શ્રી યશસ્તિલકચંપૂ | આચાર્ય સોમદેવ |
| ૫૩. શ્રી ઉપાસકાધ્યયન | આચાર્ય સોમદેવ |
| ૫૪. શ્રી નયચક્ર | શ્રી માઇલ્લ ધવલ |
| ૫૫. શ્રી હરિવંશ પુરાણ | જિનસેન આચાર્ય |
| ૫૬. શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર | વીરનંદી આચાર્ય |
| ૫૭. શ્રી ઉપદેશ-સિદ્ધાંત-રત્નમાળા | આચાર્ય ધર્મદાસ |
| ૫૮. શ્રી સિદ્ધાંતસાર સંગ્રહ | શ્રી નરેન્દ્રસેન આચાર્ય |
| ૫૯. શ્રી વરાંગ ચરિત્ર | આચાર્ય જટાસિંહનંદિ |
| ૬૦. શ્રી સારસમુચ્ચય | શ્રી કુલધર આચાર્ય |
| ૬૧. શ્રી પદ્મપુરાણ | શ્રી રવિષેણ આચાર્ય |
| ૬૨. શ્રી કલ્યાણમંદિરસ્તોત્ર | શ્રી કુમુદચંદ્ર આચાર્ય |
| ૬૩. શ્રી તત્ત્વાર્થ શ્લોકવાર્તિક ભાગ-૬ | શ્રી વિદ્યાનંદસ્વામી |
| ૬૪. શ્રી સુક્તિમુક્તાવલી | આચાર્ય સોમપ્રભ |
| ૬૫. શ્રી ક્ષત્રચૂડામણિ | શ્રી વાદિભસિંહસૂરિ |
| ૬૬. શ્રી એકીભાવસ્તોત્ર | મુનિવર શ્રી વાદીરાજ |
| ૬૭. શ્રી પાહુડ-દોહા | મુનિવર રામસિંહ |
| ૬૮. શ્રી તત્ત્વાનુશાસન | નાગસેન મુનિરાજ |
| ૬૯. અમોઘવર્ષ-પ્રશ્નોત્તરમાળા | રાજર્ષિ અમોઘવર્ષ |
| ૭૦. નેમીશ્વર-વચનામૃત-શતક | શ્રી ચંદ્રસાગર વર્ણી |
| ૭૧. તત્ત્વજ્ઞાન- તરંગિણી | શ્રી જ્ઞાનભૂષણ |
| ૭૨. પાંડવ પુરાણ | શ્રી શુભચંદ્ર ભટ્ટારક |
| ૭૩. જ્ઞાનસમુચ્ચયસાર | શ્રી તારણસ્વામી |
| ૭૪. ઉપદેશ શુદ્ધસાર | શ્રી તારણસ્વામી |
| ૭૫. મમલપાહુડ ભાગ-૨ | શ્રી તારણસ્વામી |
| ૭૬. મમલપાહુડ ભાગ-૨ | શ્રી તારણસ્વામી |
| ૭૭. સમયસાર કળશ-ટીકા | પં. રાજમલ્લજી |
| ૭૮. પંચાધ્યાયી ભાગ-૨ | પં. રાજમલ્લજી |
| ૭૯. નાટક સમયસાર | પં. બનારસીદાસજી |

| | |
|---|---|
| ૮૦. પરમાર્થ- વચનિકા | પં. બનારસીદાસજી |
| ૮૧. મોક્ષમાર્ગ પ્રકાશક | પં. ટોડરમલ્લજી |
| ૮૨. વિષાપહાસ્તોત્ર | મહાકવિ ધનંજય |
| ૮૩. અનગાર–ધર્મામૃત | પં. આશાધરજી |
| ૮૪. અધ્યાત્મ–રહસ્ય | પં. આશાધરજી |
| ૮૫. અનુભવપ્રકાશ | પં. દીપચંદજી |
| ૮૬. આત્મ – અવલોકન | પં. દીપચંદજી |
| ૮૭. ભાવ દીપિકા | પં. દીપચંદજી |
| ૮૮. ચિદ્વિલાસ | પં. દીપચંદજી |
| ૮૯. છ–ઢાળા | પં. દોલતરામજી |
| ૯૦. સર્વાર્થ સિદ્ધિ–વચનિકા | પં. જયચંદજી |
| ૯૧. સુદૃષ્ટિ–તરંગિણી | પં. ટેકચંદજી |
| ૯૨. સત્તાસ્વરૂપ | પં. ભાગચંદજી |
| ૯૩. દ્યાનત વિલાસ | પં. દ્યાનતરાય |
| ૯૪. બુધજન–સત્સઇ | પં. બુધજનજી |
| ૯૫. ચર્ચા–સમાધાન | પં. ભૂધરદાસજી |
| ૯૬. સમ્યગ્જ્ઞાન–દીપિકા | શ્રી ધર્મદાસ ક્ષુલ્લક |
| ૯૭. જ્ઞાનોક્ત પ્રમાણ | શ્રી ધર્મદાસ ક્ષુલ્લક |
| ૯૮. પરમાનંદસ્તોત્ર | .... .... ....... |
| ૯૯. મૃત્યુ – મહોત્સવ પાઠ | ... ... ... |
| ૧૦૦. અપરા – પ્રશ્નોત્તરમાળા | ... ... ... |

श्री सर्वज्ञवीतरागाय नमः।

# मंगलाचरण

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐ काराय नमो नमः।
अविरलशब्दधनाधप्रक्षालितसकलभूतलकलङ्का ।
मुनिभिरूपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवे नमः।

❈ ❈ ❈

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभ्मृताम्।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।

❈ ❈ ❈

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।

❈ ❈ ❈

विविक्तमव्ययं सिद्धं स्व–स्वभावोपलब्धये।
स्व–स्वभाव – मयं बुद्धं ध्रुव स्तौमि विकल्पमषम्।।

❈ ❈ ❈

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्व धर्माणां जैनं जयतु शासनम्।।

## ( મંગલાચરણ )

સુર – અસુર– નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રીમહાવીરને.

વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્ત્વને,
મુનિ જ્ઞાન–દગ ચરિત્ર–તપ–વીર્યાચરણ સંયુક્તને.

તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને.
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને.

અર્હંતને, શ્રીસિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને.

*

પરમ પુરુષ નિજ અર્થને, સાધિ થયા ગુણવૃંદ;
આનંદામૃતચંદ્રને, વંદું છું સુખકંદ.

*

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મધન–ભોગ.

*

પરમ પદારથ પામવા, મંગલમય જિનવાણ;
વંદું નિજગુણ વૃદ્ધિકર, લહુ સદા સુખખાણ.

*

શ્રી જિનશાસન ગુરુ નમું, નાના વિધિ સુખકાર,
આત્મહિત ઉપદેશ દે, કરું મંગલાચાર.

परमात्मने नमः।

# પરમાગમ - ચિંતામણિ

હે જિનવાણી માતા! મહામુનિ જ્યારે પહેલાં તારું અવલંબન લે છે ત્યારે જ તે મોક્ષપદનો આશ્રય લે છે. બરાબર છે – અંધકારથી વ્યાપ્ત ઘરમાં દીપકનો આશ્રય લઈને જ મનુષ્ય ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરે છે.

(શ્રી પદ્મનંદી – આચાર્ય. પદ્મનંદી પંચવિંશતિ શ્રુતદેવતા – સ્તુતિ, શ્લોક – ૧૨)

* હે ભવ્ય! લોકમાં નમન કરવા યોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે, તેને ગમે તેમ કરીને પણ જાણ. ૧.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા–૧૦૩)

* જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે. ૨

(શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક – ૩૧)

* જેઓ મોક્ષની ઈચ્છા રાખીને પરદ્રવ્યની ઉપાસના કરે છે – પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે – તે મૂઢજનો હિમવાન પર્વત પર ચઢવાની ઇચ્છા ધરાવતાં સમુદ્ર તરફ ચાલ્યા જાય છે – એમ હું માનું છું. ૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર–પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા–૫૦)

* જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, વહ મૈં હી હૂં જો કિ અવિનાશી દેવસ્વરૂપ હૂં; જો મૈં હૂં વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ, ઈસ પ્રકાર નિઃસંદેહ તૂં ભાવના કર. ૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨ શ્લોક – ૧૭૫ )

* જે સિદ્ધભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું, શુદ્ધ છું, નિત્ય છું, એક છું અને નિરાવલંબી છું. ૫.

( શ્રી દેવસન આચાર્ય. તત્ત્વસાર, ગાથા–૨૭ )

* સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે, – જેમના સ્વરૂપનું સંસારી ભવ્યજીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. ૬

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧ )

* જો પરમાત્મા હૈ વહી મૈં હૂં તથા જો મૈં હૂં વહી પરમાત્મા હૈ – યહ સમજકર હે યોગીન્! અન્ય કુછ ભી વિકલ્પ મત કરો. ૭.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૨૨ )

* દ્વાદશાંગકા તથા હરએક પૂર્વકા સાર યહી કહા ગયા હૈ કિ યદ્યપિ મેરા આત્મા શરીર સહિત હૈ તથાપિ નિશ્ચયસે યહ આત્મા પરમાત્મા હૈ એસા જાનના યોગ્ય હે. ૮.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક–૭૬ )

* જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન ( સંસારી ) જીવો છે. જેથી ( તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક ) જન્મ–જરા–મરણથી રહિત અને આઠગુણોથી અલંકૃત છે. ૯.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૪૭ )

* યહ આત્મા હી નિશ્ચયસે શ્રી જિનેન્દ્ર પરમાત્મા હૈ. હે ભાઈ! તારણતરણસ્વરૂપ જિનેન્દ્રદેવ જિસકો જિન કહેતે હૈં ઐસે અપને આત્મારૂપી જિનભગવાનકા ધ્યાન કરો. યહ આત્મા હી નિશ્ચયસે તારણતરણ અરહંત પરમાત્મા હૈ. ૧૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું – ૩૪૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ મેરા આત્મા પરમાત્મા હૈ, પરમજ્યોતિપ્રકાશસ્વરૂપ હૈ, જગતમેં જ્યેષ્ઠ હૈ, મહાન હૈ; તો ભી વર્તમાન દેખને માત્ર રમણીક ઔર અંતમેં નીરસ ઐસે ઇન્દ્રિયોંકે વિષયોંસે ઠગાયા ગયા હૂં. ૧૧.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ – ૩૧, શ્લોક – ૮ )

∗ હે ભવ્ય! જ્યારે સ્ફટિકમણિની જિનમૂર્તિસમાન અંતરમાં પોતાના શુદ્ધાત્માને તું ભાવીશ ત્યારે કર્મજાળ આપોઆપ ક્ષણમાં કટ થઇ જશે, અને આત્મભાવોમાં તું પરિશુદ્ધ થઇશ. ૧૨.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૩૮ )

∗ અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૩

( શ્રી કુંદકુંદ આચાર્યદેવ, બાર–અનુપ્રેક્ષા, ગાથા–૧૨ )

∗ હે ઉત્તમ મતિમાન! "શુદ્ધચિદ્રપોહં," શુદ્ધ ચિદ્રૂપ હું ( છું ), એ છ અક્ષરોને તું નિરંતર વિચાર. તે સદ્દવિચારણાથી તને સારી રીતે સમજાશે કે એ શુદ્ધ ચિદ્રપનું સ્મરણ એ જ સંસારમાં સર્વ તીર્થમાં ઉત્તમ તીર્થ છે, શાસ્ત્રજ્ઞાનરૂપ સમુદ્રમાં ઉત્પન્ન થયેલું શીઘ્ર ગ્રહણ કરી લેવા યોગ્ય ઉત્તમ અમૂલ્ય રત્ન છે, સર્વ સુખનું નિધાન છે, મોક્ષપદમાં પહોંચાડનાર ત્વરિત ગતિવાળું વાહન છે, કર્મના સમૂહરૂપ ધૂળને દૂર કરવા વાયુનો વંટોળ છે અને સંસાર – પરિભ્રમણરૂપ વનને બાળી ભસ્મ કરવા અગ્નિ છે; એમ તું નિશ્ચયે જાણ. ૧૪.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય – ૨, ગાથા – ૭ )

∗ હું સદા જ્ઞાતા છું, દ્રષ્ટા છું, પંચપદ છું, ત્રિભુવનનો સાર છું, હું બ્રહ્મ, ઈશ, જગદીશસ્વરૂપ છું, 'સોહં' ( એવો જે હું ) તેના પરિચયથી જ હું ભવોદધિથી તરી જઇશ. ૧૫.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું – ૧૬૩ )

∗ આ અત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ૧૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, ગાથા –૧૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જો કે શુદ્ધોપયોગલક્ષણવાળું ક્ષાયોપશમિકજ્ઞાન મુક્તિનું કારણ થાય છે તોપણ ધ્યાન કરનાર પુરુષે 'નિત્ય સકળ નિરાવરણ, અખંડ, એક, સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જેનું લક્ષણ છે એવું પરમાત્મસ્વરૂપ તે જ હું છું, ખંડજ્ઞાનરૂપ નહિ' - એવી ભાવના કરવી. ૧૭

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૪)

* યોગીઓને પોતાના ધ્યાન વખતે જે શુદ્ધ આત્મા દેખાય છે તે જ પરમબ્રહ્મ છે, તે જ જિન છે, તે જ પરમ તત્ત્વ છે, તે જ પરમગુરુ છે, તે જ પરમજ્યોતિ છે, તે જ પરમ તપ છે, તે જ પરમ ધ્યાન છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ કલ્યાણરૂપ છે, તે જ સુખનું ભાજન છે, તે જ શુદ્ધ ચિદ્રૂપ છે. તે જ પરમ શિવ છે, તે જ પરમ આનંદ છે, તે જ સુખદાયક છે, તે જ ઉત્કૃષ્ટ ચૈતન્ય છે અને સર્વ ગુણોનો ભંડાર પણ તે જ છે અર્થાત્ ધ્યાનમાં અનુભવમાં આવતો શુદ્ધ આત્મા તે જ જીવનું સર્વસ્વ છે. ૧૮

(- પરમાનંદ સ્તોત્ર, શ્લોક - ૧૯)

* સુગુરુની મહાન છત્રછાયા પામીને પણ હે જીવ! તું સકળ કાળ સંતાપને જ પામ્યો. પરમાત્મા નિજદેહમાં વસતા હોવા છતાં તેં પત્થર પર પાણી ઢોળ્યું. ૧૯.

(શ્રીમુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૩૦)

* જે મુનિ, આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન-જ્ઞાયકસ્વરૂપ જાણે છે તેમાં તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં, ૨૦.

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૪૬૩)

* પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામીલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. ૨૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર - ટીકા, ગાથા- ૨૦૦)

* જીવ ભિન્ન છે અને પુદ્‌ગલ ભિન્ન છે, આટલો જ તત્ત્વ-કથનનો સાર છે. (એના સિવાય) બીજું જે કંઈ કહેવાય છે, તે એનો જ વિસ્તાર છે. ૨૨

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા-૫૦)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોકયનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. ૨૩.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક – ૧૧ )

* આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ – સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી. ૨૪.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, ૫૬–૨૦ )

* સિદ્ધગતિમાં જેવા સર્વમલરહિત જ્ઞાનસ્વરૂપી સિદ્ધભગવાન બિરાજમાન છે, તેવો જ દેહની અંદર બિરાજમાન પરમબ્રહ્મ સ્વરૂપ પોતાનો આત્મા જાણવો જોઈએ. ૨૫.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા–૨૬ )

* હે દેવ! તું દેવનું આરાધન કરે છે પણ તારા પરમેશ્વર ક્યાં ચાલ્યા ગયા? જે શિવ–કલ્યાણરૂપ પરમેશ્વર સર્વાંગમાં બિરાજી રહ્યા છે તેને તું કેમ ભૂલી ગયો? ૨૬.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૫૦ )

* ભલે ૧૧ અંગ સુધીના શાસ્ત્રો હંમેશા ભણ્યા કરે પણ જે આત્મતત્ત્વનો બોધ નથી કરતો તથા જિનદેવ સમાન નિજાકારને પોતામાં નથી દેખતો, તે જીવ કલ્યાણ–પ્રાપ્તિને માટે યોગ્ય નથી. ૨૭.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૫૨ )

* જો જિનદેવ હૈ વહ મૈં હૂં, વહી મૈં હૂં – ઇસકી ભ્રાંતિ રહિત હોકર ભાવના કર. હે યોગિન્! મોક્ષકા કારણ કોઈ અન્ય મંત્ર– તંત્ર નહીં હૈ. ૨૮.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૭૫ )

* સબસે ઉત્કૃષ્ટ પરમ તત્ત્વ એક પરમાત્મા હૈ. અપને હી ઉત્કૃષ્ટ સ્વભાવકે દ્વારા વહ પહચાના જાતા હૈ. નિશ્ચયસે આત્મા જો હૈ વહી પરમાત્મા હૈ. જિસકે ભીતર યહ ઉત્તમ તત્ત્વ પ્રગટ હો જાતા હૈ વહ ઉત્તમ મુક્તિપદસે જાકર મિલ જાતા હૈ. ૨૯.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું – ૨૭૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ – બુદ્ધ – એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ ( પંચ પરમેષ્ઠીમાં પણ ) અર્હંત અને સિદ્ધિ- એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિ કાળે સિદ્ધિ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે. ૩૦.

( શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, અધિ-૧ નો ઉપસંહાર )

∗ શબ્દોંસે શબ્દાર્થકા બોધ હોતા હૈ શબ્દોંસે પદ જાના જાતા હૈ. આત્મા પરમાત્માકે બરાબર હૈ, યહ જાના હી શાસ્ત્રજ્ઞાનકા મતલબ હૈ. ૩૧.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા-૪૯ )

∗ શુદ્ધનયની દ્દષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી પર્યાયબુદ્ધિ બહિરાત્મા – તેને બહાર ઢુંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૩૨

( શ્રી સમયસાર, શ્લોક-૧૨ નો ભાવાર્થ )

∗ જગતિલક આત્માને છોડીને પરદ્રવ્યમાં રમે છે.... તો શું મિથ્યાદ્દષ્ટિને માથે શીંગડા હોતા હશે ? ( શ્રેષ્ઠ આત્માને છોડીને પરમાં રમણતા કરે છે તે મિથ્યાદ્દષ્ટિ જ છે. ) ૩૩

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા – ૭૦ )

∗ શ્રુતકેવલીને કહા હૈ કિ તીર્થોમેં દેવાલયોમેં દેવ નહીં. હૈ, જિનદેવ તો દેહ-દેવાલયમેં વિરાજમાન હૈં – ઈસે નિશ્ચિત સમજો. ૩૪.

( શ્રી યોગીન્દ્રદેવ. યોગસાર, ગાથા-૪૨ )

∗ ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે, તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠ્ઠીમાં રાખેલી વસ્તુને પ્રયત્ન પૂર્વક વનમાં શોધી રહ્યો છે. ૩૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધ ચંદ્રોદય અધિકાર, શ્લોક- ૯ )

∗ જો સિદ્ધાલય હૈ વહ દેહાલય હૈ અર્થાત્ જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ વૈસા હી હંસ ( આત્મા ) ઈસ ઘટ ( દેહ ) મેં વિરાજમાન હૈ, ૩૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૨૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* યહ આત્મા પરમાત્માકે સમાન હૈ. દાનોંકે સ્વભાવમેં નિશ્ચયસે કોઈ અંતર નહીં હૈ. યહ આત્મા પરમાનંદમેં કલ્લોલ કરનેવાલા હૈ. પરમાત્મા પરમ શુદ્ધ હૈ. રાગાદિ રહિત વીતરાગ હૈ, કર્મમલ રહિત નિર્મલ હૈ, તથા અવિનાશી હૈ. ૩૭

( શ્રી તારણસ્વામી જ્ઞાન સમુચ્ચય સાર, શ્લોક-૦૯ )

* દેહદેવળમાં તું પોતે શિવ વસે છે, અને તું તેને બીજા દેવળમાં ઢુંઢે છે! અરે, સિદ્ધપ્રભુ ભિક્ષા માટે ભમી રહ્યા છે – એ દેખીને મને હાસ્ય ( આશ્ચર્ય ) થાય છે. ૩૮.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા- ૧૮૬ )

* પરમાત્મદેવ દેહમાં સ્થિત હોવા છતાં પણ જે દેવને બીજે ગોતે છે તે મુઢબુદ્ધિ ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ ભિક્ષા માટે બહાર ભટકે છે તેમ હું માનું છું. ૩૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, શ્લોક – ૨૨ )

* જિનદેવ દેહ-દેવાલયમેં વિરાજમાન હૈં. પરંતુ જીવ ( ઈંટ પત્થરોંકે ) દેવાલયોમેં ઉનકે દર્શન કરતા હૈ- યહ મુજે કિતના હાસ્યાસ્પદ માલૂમ હોતા હૈ યહ બાત ઐસી હી હૈ જૈસે કોઇ મનુષ્ય સિદ્ધ હો જાનેપર ભિક્ષાકે લિયે ભ્રમણ કરે. ૪૦.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા – ૪૩ )

* જે ભગવાન આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા એકાએક જ આનંદ પૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે, તે ભગવાન-આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ ( બાહ્ય પદાર્થો તરફ ) કેમ દોડી રહ્યાં છો ? ૪૧.

( શ્રી પદ્મનંદી – આચાર્ય, પદ્મનંદી – પંચવિંશતિ. ધર્મોપદેશમૃત, શ્લોક – ૧૪૬ )

* યહી આત્મા નિશ્ચયનયસે પરમાત્મા હૈ. વ્યવહારનયસે અનાદિ કર્મોકે બંધનકે કારણ યહ પરાધીન હોકર દૂસરોંકી જાપ કરતા હૈ પરંતુ જબ યહ નિશ્ચયસે અપને આત્માકો જાને તો યહી પરમાત્મા દેવ હૈ. જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ વહીં મૈં અવિનાશી દેવ હૂં જો મૈં હું સોહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઈસ તરહ તૂ નિ:શંક હોકર ભાવના કર. હે જીવ! જૈસે નિર્મલ સ્ફટિકમણિસે ઉસકે નીચે લગે સબ ડાક ભિન્ન હૈં વૈસે હી ઈસ આત્માકે સ્વભાવસે સર્વ હી શુભ વ અશુભ કર્મ કે સ્વભાવ ભિન્ન હૈ ઐસા માન. ૪૨.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું. ૨૦૨ )

* નિશ્ચયનયસે દેખા જોવે તો યહ મેરા આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત શુદ્ધ હૈ. મેરા આત્મા હી શુદ્ધાત્મા હૈ. ઈસ દેહકે ભીતર વિરાજમાન હૈ તથાપિ મૂર્તિક દેહ રહિત અમૂર્તિક હૈ. યહ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મા હૈ. ૪૩

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક – ૪૪)

* હે યોગીન્! મોક્ષ પ્રાપ્ત કરનેમેં શુદ્ધાત્મા ઔર જિનભગવાનમેં કુછ ભી ભેદ ન સમજો – યહ નિશ્ચય માનો. ૪૪.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાગર, ગાથા – ૨૦)

* મેરા આત્મા નિશ્ચયસે અપને હી સ્વભાવમેં રહતા હૈ, મેરા આત્મા હી પરમાત્મારૂપ હૈ. ઈસી ભાવસે રાગકા ક્ષય હો જાતા હૈ તથા વીતરાગ શુદ્ધ કેવલજ્ઞાનમય સ્વભાવ ઝલક જાતા હૈ, ફિર શેષ કર્મોકા ક્ષય કરકે યહ નિર્વાણ ચલા જાતા હૈં. ૪૫

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાગર, શ્લોક-૫૩૩)

* જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર ઉપાધિરહિત ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ મલસે રહિત, કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ સિદ્ધ પરમેષ્ટી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ, વૈસા હી સબ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ, ઈસલિયે હે પ્રભાકર ભટ્ટ! તૂ સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ૪૬.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા – ૨૬)

* જેમ નેત્ર (દશ્ય પદાર્થોને કરતું – ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે, અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે. ૪૭.

(શ્રી કુદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૨૦)

* 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી,' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૪૮.

(શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૩)

* પરમ શુધ્ધ નિશ્ચયનયથી જીવમાં સંવર જ નથી તેથી સંવરના વિકલ્પ રહિત આત્માનું શુધ્ધભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઇએ. ૪૯.

(શ્રી કુન્દકુન્દ આચાર્ય, બાર ભાવના, ગાથા-૬૫)

* વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ. ઉસસે રહિત ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિક્કા સંબંધ હૈ ઉસસે તણા મતિજ્ઞાનાદિ વિભાવગુણોકે સંબંધસે રહિત ઔર નર નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવ પર્યાયોંસે રહિત ઐસા જો ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ. ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિયે. વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હે. ૫૦.

( શ્રી યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૭ )

* સિદ્ધ ભગવાનકે સમાન હી નિશ્ચયસે મેરા આત્મા કર્મમલ રહિત શુદ્ધ હૈ, શુદ્ધ સ્વભાવમેં તન્મય હૈ તથા રત્નત્રસ્વરૂપ હૈ. સંસારકે ભ્રમણસે રહિત હૈ. યહ આત્મા હી વાસ્તવમેં પરમાત્મા હૈ, પરમ વીતરાગ વ નિર્દોષ હૈ. ૫૧.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૦૬ )

***

* આ આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં કર્મબંધનથી રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં નિર્મલ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે, તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે, ૫૨.

( શ્રી પદ્મનંદી પંચવિંશતિ, સદ્‌બોધચંદ્રોદય અધિકાર, શ્લોક-૧૩ )

* સિદ્ધાંતમાં કહ્યું છે "निष्क्रिय: शुद्धपारिणामिक:" અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધ-પારિણામિક ભાવ) બંધા કારણભૂત જે ક્રિયા- રાગાદિ-પરિણતિ, તે - રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે - રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે (અને શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે.) ૫૩.

( જયસેન આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૨૦ )

* યહ આત્મા ચિદાનંદમઈ પરમાત્માકે સ્વભાવકે સમાન હૈ, ઐસી ભાવના કરનેસે કર્મોકા ક્ષય હો જાતા હૈ; જૈસે સિંહકો દેખતે હી હાથિયોંકે સમૂહ ભાવ જાતે હૈં દૃષ્ટિસે બહાર હો જાતે હૈં. ૫૪.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૦૯ )

* હે યોગીશ્વર! નિશ્ચયનકર વિચારા જાવે તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ ઔર ન બંધ-મોક્ષકો કરતા હૈ, અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈ. ૫૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૬૮ )

* હમ ભી શ્રી જિનન્દ્રદેવકે સમાન જ્ઞાનગોચર હૈ. હમ ભી સ્વાનુભચોચર હૈ. હમ ભી પરમાનંદ સ્વભાવકે ધારી હૈ. હમ અપને આનંદમયી સ્વરૂપમેં મગન હૈ. હમ હી મુક્તિસ્વરૂપ હૈ, હમ હી સિદ્ધસ્વભાવકે ધારી હૈ. ઈસ તરહ સાધકકો એક દ્રવ્યાર્થિકનયકી અપેક્ષા અપને આત્માકે સ્વરૂપકા મનન કરના ચાહિયે. ૫૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧ પાનું – ૩૨૧ )

* જો જિનભગવાન હૈ વહી મૈં હૂં – યહી સિદ્ધાંતકા સાર સમજો. ઇસે સમજકર હે યોગીજનો! માયાચારકો છોડો. ૫૭.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૧ )

* હે ભવ્ય! હું તને એક વસ્તુ સમજાવું છું, અત્યંત પ્યારથી તે તું સાંભળ અને સમજ – ‘ આ આત્મા પોતે નિત્ય સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે, તેને તું કદી ભૂલીશ મા ’ . ૫૮.

( શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક- ૯ )

* ભાવસે ભાવોંકી શુધ્ધિ હોતી હૈ, વહ ભાવ યહ હૈ કિ યહ અપના આત્મા નિશ્ચયસે પરમાત્મરૂપ નિર્મલ અપને સ્વભાવમેં રહનેવાલા હૈ. યહી ભાવ ભવ્યજીવોંકે લિયે શરણ હૈ. જો ઇસ આત્માનુભવરૂપી ભાવકી આરાધના કરતે હૈ વે નિર્વાણકો જાતે હૈ. ૫૯.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર શ્લોક – ૯૦૭ )

* જીવદ્રવ્ય કવચિત્ સદ્ગુણો સહિત વિલસે છે – દેખાય છે, કવચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, કવચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાંથી સહિત હોવા છતાં પણ જે એ બધાંથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિધ્ધિને માટે સદા નમું છું, ભાવું છું. ૬૦.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૨૬ )

* અનુભૂતિસ્વરૂપ ભગવાન-આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને "આ અનુભૂતિ છે તે જ હું છું." એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. ૬૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા, ગાથા-૧૭-૧૮)

* જે એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્‌ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી, જીવના પ્રાધાન્ય દ્વારા (જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનથી તેમનામાં સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભવના અભાવને લીધે, જીવ નથી. તેમનામાં જ, જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૬૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય ટીકા, ગાથા-૧૨૧ ની ટીકા)

* ભાવકર્મ-ગુફામાં રાગદ્વેષમોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે છે તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું શોધ. ભય ન કર! નિઃશંક જાણી એ રાગદ્વેષમોહની દોરી સાથે જઈ ખોળ. જે પ્રદેશથી (એ રાગદ્વેષમોહની દોરી) ઊઠી એ જ તારો નાથ છે. દોરીને ન જો. જેના હાથમાં એ દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) પોતાના જ્ઞાનમહિમાને છુપાવીને બેઠો છે. તેને તું પીછાણ. આ ગુપ્ત જ્ઞાન થતાં એ નાથ છુપાઈ શકે નહિ. ત્યાં તું ચેતના પ્રકાશરૂપ ચિદાનંદરાજાને પામી સુખી થઈશ. ૬૩.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું - ૯)

* મોક્ષાર્થી સજ્જનને માટે 'આત્મા' એવા બે અક્ષર જ બસ છે; તેમાં જે તન્મય થાય છે તેને મોક્ષસુખ હથેળીમાં છે. ૬૪.

(શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૮૭)

* ટાંકીસે ઉકેરી મૂર્તિકે સમાન અવિનાશી, સ્વભાવસે અમિટ યહ આત્મા હૈ. દર્શનમોહનીયકર્મમલકી મૂઢતાસે રહિત યહ આત્મા હૈ. આત્મા પરમાત્મસ્વરૂપ હૈ. શુદ્ધ જ્ઞાનમઈ હૈ. કર્મમલ રહિત પરમાત્મા હૈ. ૬૫.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક - ૬૬૨)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો (જ્ઞાયકભાવ) દુરંત કષાયચક્રના ઉદયની - (કષાય સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. (જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી.) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. ૬૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર, ગાથા-૬)

* સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ પરમગુણો હોય છે - આ પ્રમાણે વ્યવહારનય છે, નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે. ૬૭.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૩૫)

* આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્ય શક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ-યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુએ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે, જો તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ-પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે, તેની કીર્તિ ક્યાં નથી? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. ૬૮.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, ૫૬-૫૦)

* યે સબ દ્રવ્ય અપને અપને પ્રદેશોંકર સ હત હૈ, કિસિકે પ્રદેશ કિસિસે નહિ મિલતે. ઈન છહોં દ્રવ્યોમેં જીવ હી ઉપાદેય હૈ. યદ્યપિ શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈ, તો ભી વ્યકિતકી અપેક્ષા પંચપરમેષ્ટી હી ઉપાદેય હૈ, ઉનમેં ભી અરહંત સિદ્ધ હી (ઉપાદેય) હૈ, ઉન દોનોમેં ભી સિધ્ધ હી (ઉપાદેય) હૈ. ઔર નિશ્ચયનયકર મિથ્યાત્વ રાગાદિ વિભાવપરિણામકે અભાવમેં વિશુધ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસા જાનના. ૬૯.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨ ગાથા-૨૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે ચેતનતત્ત્વ કર્મકૃત વિકારના સંસર્ગ રહિત છે તે જ હું છું. તેને (ચૈતન્યસ્વરૂપ આત્માને) સંસાર અને જન્મ મરણાદિ કાંઈ પણ નથી. તો પછી ભલા મારે (આત્મને) ચિંતા કયાંથી હોઈ શકે? અર્થાત્ હોય શકે નહિ. ૭૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્ શ્લોક – ૩૬)

* શ્રી જિનેન્દ્રભગવાનકા કહા હુઆ 'માન' યહ હૈ જો માન પરિણામ ચિંતવન કરેઃ આત્મા પરમાત્માકે બરાબર હૈ– ઐસા માનના હી 'માન' કહા જાતા હૈ. ૭૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૪૦)

***

* (જ્ઞાની શુદ્ધનયનું અવલવંબન લઇ એમ અનુભવે છે કે–) હું મને અર્થાત્ મારા શુધ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો, નથી ક્ષેત્રથી ખંડતો, નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો. સુવિશુદ્ધિ એક જ્ઞાનમાત્ર ભાવ છું. ૭૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, પરિશિષ્ટ)

* હે ભવ્ય જીવો! આત્માહીકે દ્વારા આત્માકા મનન કરો. જિસકા સ્વરૂપ શુધ્ધ હૈ, રાગાદિ મલરહિત નિર્મલ હૈ. ઉસે ઉત્કૃષ્ટ સ્વભાવકા ધારી પરમાત્મારૂપ હી માનો. પરમાત્માકે સ્વભાવકો નમન કરકે અર્થાત્ શ્રી સિધ્ધ ભગવાનકો અપને ભાવોમેં પ્રીતિપૂર્વક ધારણ કરકે દ્રવ્યદષ્ટિસે અપનેકો વૈસા હી જાનકે ઈસી દ્રવ્યસ્વભાવકા મનન કરો. કયોંકિ જિસ પર્યાયકો પ્રાપ્ત કરના હૈ, ઉસીકી ભાવના કરનેસે વહ પર્યાય પ્રગટ હો સકતી હૈ. ૭૩.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ. ૨, પાનું – ૬૫)

***

* વિવક્ષિત–એકદેશશુધ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુધ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર– સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક–જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે જે 'સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' ૭૪.

(શ્રી જયસેન આચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૩૨૦)

* વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ યદ્યપિ શુધ્ધાત્મ–સ્વરૂપકા સાધક હૈ ઈસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ તો ભી પરમ સૂક્ષ્મ શુધ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ સાધનરૂપ હૈ, વહ ભી પરમ અવસ્થાકા સાધક નહી હૈ. ૭૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ,, અધ્યાય–૧, ગાથા–૮૮ની ટીકા )

* * *

* જ્ઞાનકી પર્યાયમેં જ્ઞાનાવરણકે મંદ વ અધિક ક્ષયોપશમકી અપેક્ષા નિગોદસે લેકર બારહવે ક્ષીણકષાય ગુણસ્થાન પર્યંત અનંતભેદ હૈ. જો પર્યાયસ્વરૂપ જ્ઞાનકી અનુમોદના કરતા હૈ. એકાકાર શુધ્ધજ્ઞાનકો નહી જાનતા હૈ, વહ જ્ઞાનમેં અંતરાય ડાલ રહા હૈ, યદિ યહ અંતરાય ન દેખા જાવે ઔર શુધ્ધ જ્ઞાનકો પહિચાના જાવે તો વહ નિર્મલ સ્વાભાવિક આત્માકા અવશ્ય સિધ્ધિ પાનેકા ઉપાય હૈ. ૭૬.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ–શુદ્ધસાર, શ્લોક– ૩૯૦ )

* જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતાં ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે – ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતાં રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે – રાગાદિપણાને નહિ. ૭૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ગાથા–૨૯૪ )

* * *

* જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે, જો કે આ વાત સાચી છે તોપણ નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરને આશ્રિત કરે છે. ૭૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ– ૬ )

* પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે. ૭૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર– ટીકા શ્લોક–૨૪ )

* જે જાણે છે તે જ દેખે છે અને તે નિરંતર ચૈતન્યસ્વરૂપને છોડતો નથી, તે જ હું છું, એનાથી ભિન્ન બીજું મારું કોઈ સ્વરૂપ નથી. આ સમીચીન ઉત્કૃષ્ટ તત્ત્વ છે. ચૈતન્યસ્વરૂપથી ભિન્ન ક્રોધાદિ વિભાવભાવ અથવા શરીર આદિ છે તે સર્વ અન્ય અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયા છે. સેંકડો શાસ્ત્રો સાંભળીને અત્યારે મારા મનમાં આ જ એક શાસ્ત્ર ( અદ્વૈત તત્ત્વ ) વર્તમાન છે. ૮૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ, શ્લોક-૫ )

* જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણ પર્યાયોથી વ્યતિરિકત આત્મા આત્માને ઉપાદેય છે. ૮૧.

( શ્રી કુંદકુંદ આચાર્ય, નિયમસાર, ગાથા-૩૮ )

* છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોમાં, નિજ શુધ્ધાત્મ દ્રવ્ય, નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધાત્મતત્ત્વ અને નિજ શુદ્ધાત્મપદાર્થ જ ઉપાદેય છે, અને અન્ય સર્વ હેય છે. ૮૨.

( શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫૩ ની ટીકા )

* જેમનાચિત્તનું ચરિત્ર ઉદાત્ત ( –ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે – 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું: અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાંય મને પરદ્રવ્ય છે. ૮૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા- ૧૮૫ )

* જે જ્ઞાન આદિના પણ રૂપમાં ક્ષયોપશમિક ભાવ છે તે પણ તત્ત્વદૃષ્ટિએ વિશુદ્ધ જીવનું સ્વરૂપ નથી. ૮૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત જીવ અધિ. ગાથા-૫૮ )

* અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન' નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામો દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. ૮૫.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ- ૩૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદહપણે જાણો. ૮૬.

( શ્રી રાજમલ્લજી, કળશટીટકા, કળશ – ૩૯ )

* ઉપયોગોથી કષાયો અને કષાયથી ઉપયોગ ( ઉત્પન્ન ) થતાં નથી અને મૂર્તિક – અમૂર્તિકનો પરસ્પર એકબીજાથી ઉત્પાદ સંભવ થતો નથી. ૮૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ. ૩, શ્લોક–૨૧ )

* આ ( ઔદયિકાદિ ) બધા ભવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને ( સંસારી જીવોમાં વિદ્યમાન ) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલાં સર્વજીવો સિદ્ધસ્વભાવી છે. ૮૮.

( શ્રી કુંદકુદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૪૯ )

* જેમ સોનું કુધાતુના સંયોગથી અગ્નિના તાપમાં અનેકરૂપ થાય છે. પરંતુ તો પણ તેનું નામ એક સોનું જ રહે છે તથા શરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક પ્રમાણે કિંમત દે–લે છે, તેવી જ રીતે અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્‌ગલના સમાગમમાં નવ તત્ત્વરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી સર્વ અવસ્થાઓમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મરામ સિવાય બીજાું કાંઈ નથી. ૮૯.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ –૯ )

* આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે ( માટે સૂત્રમાં કહ્યાં છે ) પરંતુ નિશ્ચયનયના મતમાં તેમનામાંના કોઈપણ જીવના નથી. ૯૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૫૬ )

* ‘ શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી ’ –આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૯૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૭૪ )

* ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ–સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો – ( ગુણસ્થાનાદિ ) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે. પુદ્‌ગલના જ છે. ૯૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર– ટીકા, કળશ – ૩૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આ જે વિવિક્ત – કર્મકલંક રહિત, નિર્ભય અને નિરામય (નિર્વિકાર) અંતરંગ (અધ્યાત્મ) જ્યોતિ છે તે પરમ તત્ત્વ છે, તેનાથી ભિન્ન બીજું બધું ઉપદ્રવ છે. ૯૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક- ૩૩)

* કર્મના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું. ૯૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૯૮)

* * *

* જેવી રીતે ઘાસ, લાકડાં, વાંસ અથવા જંગલનાં અનેક ઇંધન આદિ અગ્નિમાં બળે છે, તેમના આકાર ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેક રૂપ દેખાય છે, પરંતુ જો માત્ર દાહકસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવામાં આવે તો સર્વ અગ્નિ એકરૂપ જ છે; તેવી જ રીતે જીવ (વ્યવહારનયથી) નવતત્ત્વોમાં શુદ્ધ અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપ થઈ રહ્યો છે; પરંતુ જ્યારે તેની ચૈતન્યશક્તિ પર વિચાર કરવામાં આવે છે ત્યારે (શુદ્ધનયથી) અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. ૯૫.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, ૫દ- ૮)

* 'હું એકલો છું.' આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત તથા "હું કર્મ – સંયુક્ત છું." આ પ્રકારની બુદ્ધિથી દ્વૈત થાય છે. આ બંનેમાંથી પ્રથમ વિકલ્પ (અદ્વૈત) અવિનશ્વર મુક્તિનું કારણ અને દ્વિતીય વિકલ્પ (દ્વૈત) કેવળ સંસારનું કારણ છે. ૯૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૪૫)

* જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમ ભાવનાં સ્થાનો નથી. ૯૬.

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૧)

* નવતત્ત્વોમાં જે આ સ્વસંવેદન પ્રત્યક્ષનો વિષય ચૈતન્યાત્મક અને જીવસંજ્ઞાવાળો છે તે હું ઉપાદેય છું તથા આ મારાથી ભિન્ન પૌદ્‌ગલિક રાગાદિભાવ બધાય ત્યાજ્ય છે. ૯૮.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૫૭)

* શરીર અને આત્મા બંનેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનોને જીવ કહેવામાં આવે છે. પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહિ- વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે. ૯૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર ૨, શ્લોક-૩૮ )

* જે વર્ણાદિક અથવા રાગમોહદિક ભાવો કહ્યાં તે બધાંય આ પુરુષથી ( આત્માથી ) ભિન્ન છે તેથી અંતર્દષ્ટિ વડે જોનારને એ બધાં દેખાતા નથી, માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે - કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે. ૧૦૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર - ટીકા, કળશ -૩૭ )

* જેમ લોકાગ્રે સિદ્ધભગવંતો અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા ( વિશુદ્ધસ્વરૂપી ) છે. તેમ સંસારમાં ( સર્વ ) જીવો જાણવા. ૧૦૧.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર ગાથા-૪૮ )

* જેમ દર્પણમાં જે મયૂરનું પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ વાસ્તવિક મયૂર કહેવાતો નથી, જોંતે પણ વાસ્તવિક હોય તો તે પ્રત્યક્ષ મયૂરની માફક પ્રત્યક્ષ થવો જોઈએ પરંતુ દર્પણમાં તે પ્રત્યક્ષ થતો નથી પણ માત્ર તેનું પ્રતિબિંબ જ જણાય છે; તે જ પ્રમાણે જીવાદિ નવતત્ત્વો જીવની નવ અવસ્થાઓ છે પણ તે વાસ્તવિક ત્રિકાલિક જીવસ્વરૂપ નથી. જીવાદિ નવતત્ત્વો જીવની અવસ્થાઓ છે પણ તે શુદ્ધજીવદ્રવ્ય નથી. ૧૦૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૧૬૮ નો ભાવાર્થ )

* શુદ્ધ નિશ્ચયસે દેખા જાવે તો યહ આત્મા એક હી ચૈતન્યરૂપ હૈ તથા ઇસ અખંડ પદાર્થમેં અનેક દૂસરે વિકલ્પોંકો ઉઠાનેકી જગહ હી નહીં હૈ કિ મૈં દેવ હૂં યા નારકી હૂં -ઇત્યાદિ. ૧૦૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વસપ્તતિ, શ્લોક-૧૫ )

* જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે - અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે - તે બધાં ચેતના રહિત અચેતન છે. ૧૦૪.

( શ્રી અમિતગતિ, યોગસાર પ્રાભૃત, અધિકાર-૨ શ્લોક - ૪૯ )

* નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ – એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈ – એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબતક અજ્ઞાન અવસ્થા રહતી હૈ, તબતક તો બંધપર્યાયકો આત્મા જાનતા હૈ કિ- મૈં મનુષ્ય હૂં, મૈં પશુ હૂં, મૈં ક્રોધી હૂં, મૈં માની હૂં, મૈં માયાવી હૂં, મૈં પુણ્યવાન – ધનવાન હૂં, મૈં નિર્ધન- દરિદ્રી હૂં, મૈં રાજા હૂં રંક હૂં, મૈં મુનિ હું, મૈં શ્રાવક હૂં, ઇત્યાદિ પર્યાયોમેં આપ માનતા હૈં. ઇન પર્યાયોમેં લીન હોતા હૈ તબ મિથ્યાદષ્ટિ હૈ, અજ્ઞાની હૈ, ઈસકા ફલ સંસાર હૈ ઉસીકો ભોગતા હૈ. ૧૦૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૮૩ )

* પ્રગટપણે સદા શિવમય – ( -નિરંતર કલ્યાણમય ) એવા પરમાત્મ તત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે ( અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે )' એમ ( માત્ર ) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ ( -તે નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ ), અહો! મહા ઇન્દ્રજાળ છે. ૧૦૬.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૧૯ )

* જેવી રીતે જપાપુષ્પના યોગથી સ્ફટિકમણિમાં જે લાલિમાનો પ્રતિભાસ થાય છે તે ક્ષણિક છે પણ સ્ફટિકનું સ્વરૂપ નથી, તેવી જ રીતે જીવાદિ નવતત્ત્વોમાં જે જીવનો પ્રતિભાસ થાય છે તે વાસ્તવિક નથી, પરંતુ કેવળ વ્યવહારદષ્ટિથી છે શુદ્ધદષ્ટિથી નથી. શુદ્ધદષ્ટિથી તો જીવતત્ત્વ અદ્વૈતરૂપ જ છે, તેમાં આ નવ અવસ્થાઓનો પ્રતિભાસ પ્રતીત થતો નથી. ૧૦૭.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૧૬૯ )

* જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ, ૧૦૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૪ )

* જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. ૧૦૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯ )

* જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ કુંભાર કદિ ઘડારૂપ થતો નથી. તેવી જ રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદી કષાયાદિરૂપ થતો નથી. ૧૧૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૫૭-૫૮ )

* જેવી રીતે કીચડ અને જળ બન્ને એકમેક થયેલા જેવા માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જળ તરફ જ લક્ષ્ય કરતાં કીચડ લક્ષ્યગત થતો નથી, કારણ કે વાસ્તવમાં જળ કીચડથી ભિન્ન છે, તેવી રીતે જીવ પણ નવ તત્ત્વોમાં એકમેક જેવો માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જીવ એ નવતત્ત્વોથી વાસ્તવમાં ભિન્ન છે. ૧૧૧.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૬ )

* "બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે" એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે, આ ભુવનવિદિતને (આ-જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ. ૧૧૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૦ )

* જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતાં નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઇને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી. ૧૧૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૧ )

* જોકે 'શરીર-સુખ-દુઃખ- રાગ-દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી, જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે કે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ ઘણાં પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહાર માત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂંઠું. છે. ૧૧૪.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૪૦ )

* વસ્તુને ભેદરૂપ તો સર્વલોક જાણે છે – અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે. અર્થાત્ જીવને નર–નારકાદિ પર્યાય છે, રાગ–દ્વેષ–ક્રોધ–માન– માયા–લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે, એ સર્વ પર્યાયોને જ લોક જીવ માને છે. તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતના ધર્મને ગ્રહણ કરી તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત ભેદનયને ગૌણ કર્યો, અભેદદ્રષ્ટિમાં તે (ભેદ–નય) દેખાતો નથી તેથી અભેદનયનું દ્રઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે – પર્યાયનય છે તે વ્યવહાર છે – અભૂતાર્થ છે – અસત્યાર્થ છે. ૧૧૫.

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૩૧૨–ના ભાવાર્થ માંથી)

* જેવી રીતે લોકોમાં આ તૃણાગ્નિ છે, આ કાષ્ટાગ્નિ છે, આ છાણાનો અગ્નિ છે અને આ પાષાણગ્નિ છે ઇત્યાદિરૂપ અગ્નિને કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે અગ્નિ, તૃણ, –કાષ્ટ છાણું કે પત્થર આદિ રૂપ થઈ જતો નથી, કારણ કે તેનાથી વસ્તુપણે ભિન્ન છે. તેવી જ રીતે જીવ પણ નવતત્ત્વોમાં જોવામાં આવે છે પરંતુ તે વસ્તુતઃ નવતત્ત્વરૂપ થઇ જતો નથી. ૧૧૬.

(શ્રી રાજમલ્લજી, શ્રી પંચાધ્યાયી, ભાગ–૨ (ગાથા–૧૬૭નો ભાવાર્થ)

* * *

* અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાન પર્યંત ભાવો છે તે બધાય એક પુદ્ગલની જ રચના જાણો; માટે આ ભાવો પુદ્ગલ જ હો, આત્મા ન હો; કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે, તેથી આ વર્ણાદિકભાવોથી અન્ય જ છે. ૧૧૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૯)

* * *

* સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહોથી સર્વતઃ મુક્ત (–સર્વ તરફથી રહિત) છે. આમ સર્વ નયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઇ રીતે ઉપજી (અર્થાત્ ધ્યાનાવલી પરમાત્મતત્ત્વમાં કેમ હોઇ શકે) તે કહો. ૧૧૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૨૦)

* કોઈ પ્રશ્ન કરે કે –રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે ( તો ) રાગાદિને પરભાવ કેમ કહ્યાં ? તેનું સમાધાન– શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ જીવના નથી. એ પણ પર છે. શાથી ? – કે એ ભાવકર્મ છે, તેના નાશથી મોક્ષ છે. પર છે તો છૂટે છે. તેને પર જ કહીએ છીએ. જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહિ માને ( ત્યારે ) ભવબંધપદ્ધતિ મટશે. તેથી પર રાગાદિ છોડી, શુદ્ધ દર્શનજ્ઞાનચારિત્ર છે તેને સ્વ જાણી, ગ્રહણ કરે એ જ મોક્ષનું મૂળ છે. પરિણામ જેવા કરીએ તેવા હોય છે માટે પર તરફથી લક્ષ છોડી સ્વરૂપમાં લગાવતાં નિજપરિણામ છે. ૧૧૯.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું –૬૯ )

* જીવદ્રવ્યનો સ્વાભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા ? આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે, તે શું છે આશ્ચર્ય ? વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં મોહ–રાગ–દ્વેષનો ઉપદ્રવ થઇને સ્વરૂપથી ભ્રષ્ટ થઇ પરિણમે છે, એવું પ્રગટ જ છે; જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. ૧૨૦.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ – ૨૭૪ )

* * *

* દેખો ! આકાશમાં એક ચંદ્ર છે, એક તેનું નિમિત્ત પામીને પાણીની સ્વચ્છતા વિકારરૂપ ચંદ્ર છે, વળી એક લાલ રંગ છે. વળી ( આ તરફ ) એક તેનું નિમિત્ત પામીને સ્ફટિકની સ્વચ્છતા વિકારરૂપ લાલ છે વળી એક મોરસ્કંધ છે. વળી ( આ તરફ ) એક તેનું નિમિત્ત પામીને આરસીની સ્વચ્છતા વિકારરૂપ મોર છે, તેવી જ રીત ગુણસ્થાન, માર્ગણાદિ એક પુદ્‌ગલસ્કંધરૂપ સંસાર છે, વળી એક તેનું નિમિત્ત પામીને જીવની સ્વચ્છતા, વિકારરૂપ ચેતના–સંસાર છે. ૧૨૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું – ૧૨૧ )

* જેમ વાસ્તવમાં પોતે જ એકરસવાળી નમકની કાંકરી નાના પ્રકારના વ્યંજનોને ( શાકોમાં ) મળીને પણ ભિન્નરસવાળી થઇ જતી નથી, તેવી જ રીતે જીવ, પોતે જ અદ્વૈતરૂપ હોઇને સર્વ અવસ્થાઓમાં ચિદાત્મક જ છે, તે પરદ્રવ્યના સંયોગ–વિયોગપૂર્વક થવાવાળા જીવાદિ નવતત્ત્વોમાં વિમિશ્રિત થઇને પણ અશુદ્ધ – દ્વૈતરૂપ થઇ જતો નથી. ૧૨૨.

( શ્રી રાજમલ્લજી, શ્રી પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૭૨ )

* આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે ઉક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવ સબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ. નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ ઇસલિયે અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઇસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં. ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક વિભાવપરિણામ જીવમેં હીં ઉપજતે હૈં, ઇસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પરપદાર્થ ( કર્મ ) કે સંબંધસે હૈ, ઇસલિયે પર હી સમજો. ૧૨૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ, -૧, ગાથા-૩૦ )

* * *

* જેમ અન્ય ધાતુઓના સંયોગથી સુવર્ણમાં અનેક પ્રકારના રૂપ દેખાય છે પરંતુ જો પર સંયોગથી થવાવાળી એ સુવર્ણની અવસ્થાઓ ઉપર ધ્યાન નહિ આપતાં તે સુવર્ણને જ જોવામાં આવે તો તે સુવર્ણ, શુદ્ધ સુવર્ણ જ પ્રતીત થાય છે. તેમ જ જીવ પણ વિકારના કારણથી અજીવ, આસ્રવાદિ પદાર્થોમાં અશુદ્ધસ્વરૂપથી જોવામાં આવે છે, પરંતુ જો એ વિકારની ઉપેક્ષા કરીને તેને જોવામાં આવે તો તે જીવ શુદ્ધ જ પ્રતીત થાય છે. ૧૨૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૧૫૮ નો ભાવાર્થ )

* * *

* જીવ, આદિ અવસ્થા-નિગોદથી માંડીને અંત અવસ્થા-સિદ્ધપર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે, પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે, સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન છે એમ શુદ્ધનયની અપેક્ષાએ જિનવાણીમાં કહ્યું છે. ૧૨૫.

( પં. બનારસીદાસજી, નાટક સમયસાર- જીવદ્વાર, પદ- ૧૧ )

* પ્રશ્નઃ- સામ્પ્રત ( હાલમાં ) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપે પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તરઃ આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું ? ‘ કર્મનો કર્તા જીવ ’ એવી ભ્રાંતિ તે મૂળથી દૂર કરે છે. દૃષ્ટાંત કહે છે - જેમ અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો ભેદનિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ. ૧૨૬.

( શ્રી રાજમલ્લજી, કળશ ટીકા, કળશ -૬૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શિષ્ય પૂછે છેઃ - રાગ, દ્વેષ આદિ કર્મજનિત છે કે જીવજનિત છે? તેનો ઉત્તરઃ- સ્ત્રી અને પુરુષ એ બન્નેના સંયોગથી ઉત્પન્ન થતાં પુત્રની જેમ, ચુનો અને હળદરના મિશ્રણથી ઉત્પન્ન થતાં વર્ણવિશેષની જેમ, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ એ બનનેના સંયોગજનિત છે. નયની વિવક્ષા પ્રમાણે, વિવક્ષિત એકદેશશુદ્ધ-નિશ્ચયનયથી રાગ-દ્વેષ કર્મજનિત કહેવાય છે અને અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત કહેવાય છે. આ અશુદ્ધ-નિશ્ચયનય શુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે.

પ્રશ્નઃ- સાક્ષાત્ શુદ્ધ-નિશ્ચયનયથી આ રાગ-દ્વેષ કોના છે એમ અમે પૂછીએ છીએ? ઉત્તરઃ- સાક્ષાત્ શુદ્ધ-નિશ્ચયથી, સ્ત્રી અને પુરુષના સંયોગ રહિત પુત્રની જેમ, ચુના અને હળદરના સંયોગ રહિત રંગ વિશેષની જેમ, તેમની (રાગ-દ્વેષાદિની) ઉત્પત્તિ જ નથી, તો કઇ રીતે ઉત્તમ આપીએ? ૧૨૭.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્, દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૮ ની ટીકામાંથી)

***

* અજ્ઞાનીજીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું' એમ માને છે. બરાબર છે - જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો? માને જ છે. ૧૨૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૧)

* અહો! આત્માનો તે આ સહજ અદ્ભુત વૈભવ છે કે - એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે. ૧૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, શ્લોક-૨૭૩)

***

* જે જેવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યાં છેઃ જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા. ૧૩૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૯૪)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગુંચવણ ( કોયડો ) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો. ૧૩૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ ૪૭ )

∗ પરદ્રવ્યની ચિંતામાં મગ્ન રહેનાર આત્મા પરદ્રવ્ય જેવો થઇ જાય છે અને શુદ્ધ આત્માના ધ્યાનમાં મગ્ન આત્મા શીઘ્ર આત્મતત્ત્વને – પોતાના શુદ્ધ સ્વરૂપને – પ્રાપ્ત કરી લે છે. ૧૩૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર- પ્રાભૃત, જીવ-અધિકાર, ગાથા – ૫૧ )

∗ શુદ્ધ આત્માને જાણતો – અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો – અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે. ૧૩૩.

( કુંદકુંદાચાર્ય, સમયસાર- ગાથા-૧૮૬ )

∗ જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા વ્યવહારનયનું અવલંબન લઇને અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. બરાબર છે – મનુષ્ય સોનામાંથી સોનામય કડું અને લોઢામાંથી લોહમય કડું જ ઉત્પન્ન કરે છે. ૧૩૪.

( પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૧૮ )

∗ હે જીવ ! શુદ્ધનયથી બધા જીવો શુદ્ધ જ છે – એમ જાણીને તું ક્યારેય પણ શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાને ન છોડ; ખરેખર શુદ્ધનયનું સેવન કરનાર જીવ સદાય શુદ્ધ જ રહ્યા કરે છે. ૧૩૫.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક – ૧૬ )

∗ અશુદ્ધ સંસારભવમાં જીવના પરિણામ જ વ્યાપ્યવ્યાપક થયા છે. તેથી તે પરિણામને જ નિશ્ચયથી અશુદ્ધભાવનો કર્તા કહેવામાં આવે છે. વળી નિશ્ચયથી દ્રવ્યને સંસારનો કર્તા કહેવામાં આવે તો પણ કોઈ દૂષણ નથી પણ જ્ઞાનદષ્ટિમાં જીવદ્રવ્યને સંસારનો અકર્તા સદા સમજીએ છીએ. ૧૩૬.

( શ્રી દીપચંદજી, આત્મવલોકન, પાનું -૧૨૪ )

∗ આ ચૈતન્ય – આત્માનું સ્વરૂપ ખરેખર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી ભિન્ન, રાગાદિ ભાવકર્મોથી રહિત અને શરીરાદિ નોકર્મથી રહિત છે, તેને યથાર્થપણે જાણવું જોઇએ. ૧૩૭.

( પરમાનંદસ્તોત્ર, શ્લોક-૮ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* બંધા હોવે વહ છૂટે, ઈસલિયે બંધેકો તો મોક્ષ કહના ઠીક હૈ, ઔર બંધા હી ન હો, ઉસે છૂટે કૈસે કહ સકતે હૈ? ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધશ્ચિયનયકર બંધા હુઆ નહીં હૈ, ઇસ કારણ મુક્ત કહના ઠીક નહીં હૈ. બંધ ભી વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ, શુદ્ધનિશ્ચયનકર ન બંધ હૈ ન મોક્ષ હૈ ઔર અશુદ્ધનયકર બંધ હૈ, ઇસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરનાર ચાહિયે. યહાં યહ અભિપ્રાય હૈ કિ સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોંકા ઉપાદેય હૈ, અન્ય સબ હેય હૈં. ૧૩૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૧, ગાથા–૬૮ )

* અનેક પ્રકારના વિલાસવાળા કર્મો સાથે મારી એકતા હોવા છતાં પણ જે ઉત્કૃષ્ટ જ્યોતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ઉત્કૃષ્ટ આનંદ–સ્વરૂપ છે તે જ હું છું, તેના સિવાય હું બીજું નથી, બરાબર પણ છે – સ્ફટિકમણિકમાં કાળા પદાર્થના સંબંધથી કાળાશ ઉત્પન્ન થવા છતાં પણ તે, તે મણિથી ભિન્ન જ હોય છે. કારણ એ છે કે લોકમાં જે કોઇ વિકાર થાય છે તે બે પદાર્થોના નિમિત્તે જ થાય છે. ૧૩૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ, શ્લોક–૭ )

***

* જો કોઈ અર્ધ ક્ષણ ભી પરમાત્માસે પ્રીતિ કરતા હૈ વહ સબ પાપકો ઉસી તરહ જલા દેતા હૈ જૈસે કાઠકે પર્વતકો આગ ભસ્મ કર દેતી હૈ. હે જીવ! સર્વ ચિંતા છોડકર તૂ નિશ્ચિંત હોકર અપને ચિત્તકો પમાત્માકે પદમેં જોડ ઔર નિરંજન શુદ્ધ આત્મરૂપી દેવકા દર્શન કર. ધ્યાન કરતે હુએ શુદ્ધાત્માકે દર્શન યા અનુભવસે જો. પરમાનંદ હૈ ભાઈ! તૂ પાવેગા વહ અનંત સુખહી પરમાત્મા દેવકો છોડકર ઔર કહીં તીનલોકમેં નહીં મિલ સકતા હૈ. ૧૪૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું – ૧૭૭ )

* ૭ આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને એક પંચમભાવને – જાણે છે એ દેખે છે. તે સહજ એક પંચમભાવને એણે છોડયો નથી જ અને અન્ય એવા પરભાવને કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે તેને એ ગ્રહતો નથી જ. ૧૪૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર – ટીકા, શ્લોક–૧૨૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો – પરિણમતો ભાસે છે તે જ મોક્ષનો હેતુ છે કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે. માટે જ્ઞાનસ્વરૂપ થવાનું (જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૧૪૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, કળશ – ૧૦૫)

* જે જીવ આત્માને નિરંતર કર્મથી બંધાયેલો દેખે છે તે કર્મથી બંધાયેલો જ રહે છે. પરંતુ જે તેને મુક્ત દેખે છે તે મુક્ત થઈ જાય છે. બરાબર છે – મુસાફર જે નગરના માર્ગે ચાલે છે તે નગરમાં તે પહોંચે છે. ૧૪૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૪૮)

* અપને આત્મારૂપી કમલમેં રુચિ યા પ્રીતિ વહી કારણ હૈ, વહી કાર્ય હૈ. આત્મરુચિસે હી પ્રતીતિ ગાઢ હોતી જાતી હૈ. ચતુર્થ ગુણસ્થાનમેં જો આત્મરુચિરૂપ સમ્યગ્દર્શન હૈ વહી બઢતેં બઢતે શ્રુત કેવલી મુનિકો અવગાઢ સમ્યક્ત્વ હો જાતા હૈ. આત્મરુચિ હી દાતાર હૈ, આત્મરુચિ હી પાત્ર હૈ. આપસે આપકો મનન કરનેસે આત્માકા સ્વભાવ પુષ્ટ હોતા જાતા હૈ. આત્માકી ગાઢ રુચિકે સમાન કોઇ દાતાર નહીં હે. સમ્યગ્દર્શન હી આત્માનંદ પ્રદાન કરતા હૈ. આત્માકો પુષ્ટ કરતે કરતે ઉસકો સિદ્ધ બના દેતા હૈ. ૧૪૪.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧ પાનું – ૯૦)

* જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે તેને પણ (અર્થાત્ – વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (–ઘણાં ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂકયું) છે; પરંતુ અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું – આચર્યું નથી, નથી. ૧૪૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક- ૧૨૧)

* નિર્મલ સમ્યગ્દર્શન કિસી દોષકી તરફ દૃષ્ટિ નહીં રખતા હૈ, વહ સકલ દોષોંસે રહિત પરમાત્માકો શ્રદ્ધાપૂર્વક દેખતા હૈ. તીન પ્રકાર કે કર્મો પર દૃષ્ટિ નહીં રખતા હૈ. ૧૪૬.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૫૩)

* બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ, બસ થાઓ. અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો. કારણ કે નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર-(પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી). ૧૪૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ - ૨૪૪)

* અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણે કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે - શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. ૧૪૮.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ- ૧૦૮)

* જેઓ, અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં-ચારિત્રનું અનુષ્ટાન કરવા છતાં-પણ તે વિવિક્ત-શુદ્ધ અને નિર્મળ - આત્માને પ્રાપ્ત થતાં નથી કે જે દોષોથી રહિત છે. ૧૪૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત અજીવ અધિકાર, ગાથા-૫૦)

* જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે. ૧૫૦.

(શ્રી રામજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૬૮)

* જિસકે ભીતર જ્ઞાનસ્વભાવી આત્માકા પ્રકાશ નહીં હૈ ઉસકા વ્રત કરના, તપ પાલના, ક્રિયા કરના, ઉપસર્ગ સહના નિષ્ફલ હૈ. આત્મજ્ઞાન સ્વભાવકે પ્રકાશ વિના અન્ય અનેક પ્રકાર સર્વ હી ચારિત્ર નિંદાકે યોગ્ય હૈ. ૧૫૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૨૭)

* પુણ્ય-પાપના કારણે સંસાર-વનમાં પ્રવેશ થાય છે, એ જોનાર જે જે શુદ્ધબુદ્ધિ છે તે પુણ્ય-પાપના ભેદ કરતાં નથી; - બંનેને સંસાર - વનમાં ભ્રમણ કરાવવાની દૃષ્ટિએ સમાન સમજે છે. ૧૫૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, બંધાધિકાર, ગાથા-૪૦)

* પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. ૧૫૩.

( શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૭૭ )

* જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વકતવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ કહેવાનો સિંહ છે તેમ આચરણરૂપ ( ક્રિયારૂપ ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. ૧૫૪.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૭ )

* બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે – શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી તે નિર્જરાદિકનો હેતુ થઇ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે. ૧૫૫.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૬૨ )

* જે રીતે ચંદનથી ઉત્પન્ન થયેલી અગ્નિ પણ અવશ્ય દઝાડે છે, તે રીતે ધર્મથી ઉત્પન્ન ( પ્રાપ્ત ) થયેલા ભોગ પણ અવશ્ય દુઃખો પ્રદાન કરે છે. ૧૫૬.

( અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ. -૯, ગાથા-૨૫ )

***

* જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિદ્ધાંત-સાગરનો પારંગત હોય તોપણ, નિરૂપરાગ – શુદ્ધસ્વરૂપ સ્વસમયને ખરેખર ચેતતો ( અનુભવતો ) નથી. માટે, 'પીંજણને ચોંટેલ રૂ' નો ન્યાય લાગુ પડતો હોવાથી, જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિ વિષયક પણ રાગરેણુ ( -અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ ) ક્રમે દૂર કરવા યોગ્ય છે. ૧૫૭.

( શ્રીઅમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૬૭ )

* સઘળુંય સુકૃત ( શુભકર્મ ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનિશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે? ૧૫૮.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૫૯ )

* હે જીવ! યદિ તૂ આત્માકો નહીં જાનેગા ઔર સબ પુણ્ય હી પુણ્ય કરતા રહેગા, તો ભી તૂ સિદ્ધ સુખકો નહિ પા સકતા; કિન્તુ પુનઃ પુનઃ પુનઃ સંસારમેં હી ભ્રમણ કરેગા. ૧૫૯.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૫ )

***

* અર્હન્ત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા અને જ્ઞાનમાં જે પુરુષ અત્યંત ભક્તિ રાખે છે તેને ઘણા જ પુણ્યનો સંચય થાય છે, (પરંતુ) તે પુરુષ કર્મનો ક્ષય કરતો નથી અર્થાત્ તે પુરુષને આ કાર્યોથી શુભ ઉપયોગ થઇને પુણ્યાસ્રવ જ થાય છે. અર્હન્તાદિકની ભક્તિ મોક્ષને માટે કારણ થતી નથી કારણ કે આ કાર્યોથી શુદ્ધોપયોગ થતો નથી. ૧૬૦.

( શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર- પંચાચાર અધિકાર ગાથા-૬૨ )

* સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ. તપ-શીલ-ઉપવાસ ઇત્યાદિ ક્રિયા અથવા વિષય - કષાય - અસંયમ ઇત્યાદિ ક્રિયા તેને એકસરખી દ્રષ્ટિથી બંધનું કારણ કહે છે. ૧૬૧.

( પં. શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૩ )

***

* જે મહાનુભાવ પોતાના સ્વરૂપનું ધ્યાન ન કરતાં, પંચ-પરમેષ્ઠીના સ્વરૂપનું ધ્યાન કરે છે, તેને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ તો થાય છે પરંતુ કર્મોનો ક્ષય થતો નથી. ૧૬૨

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ. ૧, ગાથા - ૪૮ )

* હે જિનવર! જ્યાં સુધી દેહમાં રહેલા જિનને ન જાણ્યા ત્યાં સુધી તને નમસ્કાર કર્યા; પણ જો દેહમાં જ રહેલા જિનને જાણી લીધા તો પછી કોણ કોને નમે? ૧૬૩.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૪૧ )

* પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ (પ્રગટ) જાનો, ઇસલિયે હે ભવ્ય જીવો! તુમ ઇસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો ઔર અન્ય જો પરદ્રવ્ય ઉનસે વિરતિ કરો. ૧૬૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૬ )

* જિનેન્દ્ર ભગવાનને શુભરાગકો કહા હૈ જહાં આત્મા પરમ શુદ્ધાત્મકે સ્વરૂપમેં પ્રસન્ન હોતા હૈ, સંસારકે માર્ગસે વિરક્ત હોનેકા રાગ હોતા હૈ વ જહાં મુક્તિ પ્રાપ્તિકે જ્ઞાનકી અનુમોદનાકા રાગ હોતા હૈ. ૧૬૫.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ- શુદ્ધસાર, શ્લોક -૧૨૦ )

* યથાર્થપણાની અપેક્ષાએ તો જ્ઞાનીને જ સાચી ભક્તિ છે, અજ્ઞાનીને નહિ. તથા રાગભાવની અપેક્ષાએ ભક્તિને મુક્તિનું કારણ જાણવાથી અજ્ઞાનીના શ્રદ્ધાનમાં અતિ અનુરાગ છે પણ જ્ઞાનીના શ્રદ્ધાનમાં તેને શુભબંધનું કારણ જાણવાથી તેવો અનુરાગ નથી. ૧૬૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર -૭, પાનું - ૨૨૭ )

* જિનેન્દ્ર ભગવાન કે કહે હુએ શુદ્ધ રત્નત્રયમઇ નિશ્ચય આત્મિક ધર્મકા રાગ હિ યહ અપના આત્મા પરમાત્મા તુલ્ય હૈ ઇસે પરમાત્મરૂપમેં કરદેના ચાહિયે. ઐસા રાગમઇ લોભ જો કિયા જાતા હૈ વહ લોભ મોક્ષગામી જીવોં કે હોતા હૈ. ૧૬૭.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક - ૧૧૯ )

* પુણ્યકર્મ છે તે સાંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી ( દશલક્ષણધર્મથી ) વ્યવહાર અપેક્ષાએ પુણ્યનો પણ બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન થયું, મોક્ષના જિજ્ઞાસુને તે હોય નહિ. જેમ ખેડુત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા તે શા માટે કરે? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી. ૧૬૮.

( શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૪૦૮, ભાવાર્થમાંથી )

* સાક્ષાત્ મોક્ષમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઇ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઉતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃત સમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે. ૧૬૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય - ટીકા, ગાથા-૧૭૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મોહના ઉદયથી ઉત્પન્ન થયેલી મોક્ષપ્રાપ્તિની પણ અભિલાષા તે મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્ન નાખનાર બને છે, તો પછી ભલા, શાંત મોક્ષાભિલાષી જીવ બીજી કઇ વસ્તુની ઇચ્છા કરે ? કોઈની પણ નહિ. ૧૭૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૫૩ )

* સમ્યગ્દષ્ટિની અભિલાષા ભોગોમાં જ માત્ર નિષેધરૂપ છે એવી આશંકા પણ ન કરવી. કારણ કે સમ્યગ્દષ્ટિને ભોગાભિલાષાની માફક શુદ્ધોપલબ્ધિના સંબંધમાં પણ જે અભિલાષા થાય છે તે પણ નિષેધરૂપ છે. ૧૭૧.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા – ૪૩૬ )

* જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા વૈસે હી રાગભાવ યદિ મોક્ષકે નિમિત્ત ભી હો તો આસ્રવકા હી કારણ હૈ, કર્મકા બંધ હી કરતા હૈ. ઇસ કારણસે જો મક્ષકો પરદ્રવ્યકી તરહ ઇષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ ભી અજ્ઞાની હૈ, કયોંકિ વહ આત્મસ્વભાવસે વિપરીત હૈ, ઉસને આત્મસ્વભાવકો નહીં જાના હૈ. ૧૭૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૫૫ )

* નિશ્ચયદષ્ટિએ જોતાં એક શુદ્ધોપયોગ જ ઉપાદેય છે, શુભ-અશુભ સર્વ વિકલ્પો ત્યાજ્ય છે. તથાપિ તેવી તથારૂપ દશા-સંપન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ દશાની પ્રાપ્તિના લક્ષપૂર્વક પ્રશસ્ત યોગ પ્રવૃત્તિ ઉપાદેય છે. અર્થાત્ શુભવચન, શુભ અંતઃકરણ અને શુભકાર્ય-પરિસ્થિતિ આદરણીય છે, પ્રશંશનીય છે. પરંતુ મોક્ષમાર્ગનો સાક્ષાત્ વિઘાતકરૂપ અશુભોપયોગ તો સર્વથા ત્યાજ્ય છે. જો કે શુભોપયોગ મોક્ષામાર્ગમાં સાક્ષાત્ કારણ નથી તોપણ શુદ્ધોપયોગ પ્રત્યે વૃત્તિનો પ્રવાહ કોઇ અંશે લક્ષિત થયો છે તેવા લક્ષવાન જીવને પરંપરાએ કારણરૂપ થાય છે. ૧૭૩.

( શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૯ )

* જેવી રીતે કોઇ પુરુષ દર્પણને દેખીને વળી ( આ તરફ ) પોતાના મુખનું રૂપ નિઃશંકપણે દેખે છે, તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી ( આ તરફ ) નિશ્ચયથી તે જ વીતરાગ સ્વરૂપ હું પોતે જ છું- એમ નિઃસંદેહપણે જાણે છે. ૧૭૪.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક-૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્યાં સુધી શુદ્ધ ઉપયોગમાં જ લીન ન થઇ જવાય ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ અર્થે ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી સાધવી જોઇએ. તેણે પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઇએ, તેમ જ ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને એકલા અપવાદના આશ્રયે કેવળ મૃદુ આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઇએ. હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન સેવાય એમ વર્તુવું જોઇએ. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ અનેકાંત છે. પોતાની દશા તપાસીને જે રીતે એકંદરે લાભ થાય તે રીતે વર્તવાનો ભગવાનનો ઉપદેશ છે. પોતાની ગમે તે ( સબળ કે નિર્બળ ) સ્થિતિ હોય તોપણ એક જ પ્રકારે વર્તુવું એવો જિનમાર્ગ નથી. ૧૭૫.

( શ્રી પ્રવચનસાર, ગાથા–૨૩૧ નો ભાવાર્થ )

***

* જ્યાં સુધી યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઇ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન–ગુરુની ભક્તિ, જિનબિંબના દર્શન ઇત્યાદિ વ્યહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે. ૧૭૬.

( શ્રી સમયસાર, ગાથા – ૧૨ના ભાવાર્થ માંથી )

* વ્યવહારમાં સ્થિત અમે ભક્તિમાં તત્પર થઇને જિનદેવ, જિનપ્રતિમા, ગુરુ, મુનિજન અને શાસ્ત્ર આદિ સર્વને માનીએ છીએ. પરંતુ નિશ્ચયથી અભેદ ( અદ્વૈત ) નો આશ્રય લેવાથી પ્રગટ થયેલ ચૈતન્ય – ગુણથી પ્રકાશમાં આવેલી બુદ્ધિના વિસ્તારરૂપ તેજ સહિત અમારે માટે કેવળ આત્મા જ ઉત્કૃષ્ટ તત્ત્વ રહે છે. ૧૭૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશત, પરમાર્થ વિંશતિ, શ્લોક–૧૨ )

***

* આ (પ્રશસ્ત રાગ) ખરેખર, જે સ્થૂલ – લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે, ઉપરની ભૂમિકામાં (– ઉપરનાં ગુણસ્થાનોમાં ) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, અસ્થાનનો. રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૭૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય – ટીકા, ગાથા–૧૩૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કષાયો ઘણા પાતળા થવા છતાં પોતાના જ સાથીઓ સાથે મત્સરતા પ્રાયે સર્વના હૃદયમાં રહ્યાં કરે છે. એ માત્સર્યભાવ સહેજમાં છૂટી શકતો નથી તેથી તે દુર્જય છે. સહાધ્યાયી સહધર્મી પ્રત્યેની મત્સરતાનો - અદેશકતાનો વિજય એ જ એક મહાન કષાય-દાવાનળનો વિજય છે. નથી સમજાતું કે પોતાના જ સહાધ્યાયી સહધર્મી મિત્રો પ્રત્યે આવો માત્સર્ય અર્થાત્ અદેશકભાવ કેમ વર્તતો હશે? પણ અહો અજ્ઞાન! તારું માહાત્મ્ય કોઈ અકથ્ય છે. ૧૭૯.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૧૫ )

* વાદ-પ્રવાદ આદિને છોડીને અધ્યાત્મનું - આત્માના પરમરૂપનું ચિંતવન કરવું જોઈએ. અંધકારનો સમૂહ નાશ પામ્યા વિના જ્ઞાન જ્ઞેયમાં પ્રવર્તતું નથી. વાદ-પ્રવાદાદિ બધાં અંધકાર છે કે જે શુદ્ધાત્માના ચિંતવનમાં બાધક છે. ૧૮૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૩૮ )

***

* હે જિનેન્દ્રદેવ! મારો આત્મા પ્રાણીઓ પ્રત્યે નિર્વેરબુદ્ધિ, ગુણી જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ અને વિપરીત વૃત્તિવાળા જીવો પ્રત્યે માધ્યસ્થભાવ નિરંતર ધારણ કરો. ૧૮૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૧ )

* જો સાધુ- સ્વભાવી પુરુષ ઉન વ્યક્તિયોંકો ભી ક્ષમા કર દેતે હૈં જિન્હોંને ઉનકે પ્રતિ અક્ષમ્ય અપરાધ કિયે થે, ઉન સજ્જન પ્રાણીયોંકો હી વિવેકી મહાનુભવ ક્ષમાશીલ કહતે હૈં. ૧૮૨

( શ્રી જટાસિંહનન્દિ આચાર્ય, વરાંગ ચરિત્ર, સર્ગ-૨૧, શ્લોક-૧૬ )

***

* જે સ્વશરીરના પોષણ અર્થે અથવા શિષ્યાદિના મોહથી સાવધને ઈચ્છતો નથી તેને તો વૈયાવૃત્યાદિકમાં પણ સાવધને ન ઇચ્છવું તે શોભાસ્પદ છે, પરંતુ જે બીજે તો સાવધને ઈચ્છે છે પણ પોતાની અવસ્થાને યોગ્ય વૈયાવૃત્યાદિ ધર્મકાર્યમાં સાવધને ઇચ્છતો નથી તેને તો સમ્યક્ત્વ જ નથી. ૧૮૩.

( શ્રી જયસેન આચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૫૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જબ ભાગ્યોદયસે પરમગુરુકા લાભ હોતા હૈ તબ વે દયાકે સાગર પરમાત્માકા સ્વભાવ ઉત્તમ પ્રકારસે દર્શાતે હૈં વે બતાવે હૈં કિ યહ આત્મા નિશ્ચયસે શુદ્ધાત્મા હૈ; વે ગુરુ કર્મમલ રહિત પરમાત્માકા સ્વરૂપ ઝલકા દેતે હૈં. ૧૮૪.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૨૪ )

* જીવનું નિજ સ્વરૂપ જે છે તે વીતરાગ છે. – એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે. ૧૮૫.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક-૨ )

* અતિશય વિશુદ્ધ પરમાત્મતત્ત્વની જે ભાવના છે તે અતિશય નિર્મળ મોક્ષપદનું કારણ થાય છે તથા તેનાથી વિપરીત જે ભાવના છે તે સંસારનું કારણ થાય છે. બરાબર છે – સુવર્ણથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સુવર્ણમય અને લોહથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે લોહમય હોય છે. ૧૮૬.

( શ્રી પદ્મનંદી, આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્‌બોધ ચંદ્રોદય, શ્લોક-૨૦ )

***

* આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. (અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે; – આવું જાણીને ધીમાન્ – (બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતાં (-લીન થતાં) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે. ૧૮૭.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર- ટીકા, શ્લોક-૧૨૩ )

* કેવળ આત્મદર્શન તે જ પરમાર્થ છે બીજું બધું વ્યવહાર છે. ત્રણલોકનો જે સાર છે એવા એક આ પરમાર્થને જ યોગીઓ ધ્યાવે છે. ૧૮૮.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૬૮ )

* યોગીજનો આત્માને કર્મ-નોકર્મથી રહિત-જ્ઞાનાવરણાદિ દ્રવ્ય - કર્મો, રાગદ્વેષાદિ ભાવકર્મો, અને શરીરાદિનો કર્મોથી રહિત, અમૂર્તિક - સ્પર્શ- રસ-ગંધ-વર્ણ વિહીન, અજર - અમર-જન્મ - જરા-મરણથી રહિત, નિર્વિશેષ-વિશેષ અથવા ગુણભેદથી રહિત, સામાન્ય સ્વરૂપ અને સર્વ પ્રકારના સંબંધો અને બંધનોથી રહિત સ્વતંત્ર (સ્વાધીન) બતાવે છે. ૧૮૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર- પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૫૨ )

* અપનેસે ભિન્ન દેહ રાગાદિકોંસે તુજે કયા પ્રયોજન હૈ? દેહમેં રહતા હુઆ ભી નિશ્ચયસે દેહસ્વરૂપ જો નહીં હોતા, વહી નિજ શુદ્ધાત્મા ઉપાદેય હૈ. ૧૯૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૨૯ )

* ઇસ સર્વ જ્ઞાનકા સાર યહી હૈ જો સર્વ હી નાશવંત ક્ષણિક સાંસારિક પર્યાયોંસે વિરક્ત હોકર શુદ્ધસ્વભાવકો સાર સમજા જાવે; અપને હી આત્મા કે રાગાદિ રહિત વ કર્મમલ રહિત સ્વભાવકો સાર યા ઉપાદેય સમજા જાવે. ૧૯૧.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, ગાથા-૯૦૧ )

* આત્માને રાગ-દ્વેષ અને મદાદિ જે કાંઈ વિકાર છે - વિભાવ પરિણમન છે -તે બધાં મેઘજન્મય સૂર્યના વિકારોની જેમ કર્મજનિત છે. ૧૯૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ-૨, ગાથા-૪૬ )

* જે નિજભાવને છોડતો નથી કાંઇપણ પરભાવને ગ્રહતો નથી. સર્વને જાણે-દેખે છે, તે હું છું - એમ જ્ઞાની ચિંતવે છે. ૧૯૩.

* જે નિજભાવને છોડતો નથી, કાંઇપણ પરભાવને ગ્રહતો નથી. સર્વને જાણે-દેખે છે, તે હું - એમ જ્ઞાની ચિંતવે છે. ૧૯૩.

( શ્રી કુંદકુંદાચાર્ય દેવ, નિયમસાર, ગાથા-૯૭ )

* (અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ, કારણ કે અન્ય કોઇ પ્રકારે મુક્તિ નથી જ, નથી જ. ૧૯૪.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર - ટીકા, શ્લોક-૩૪ )

* શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને જે જીવ અન્ય કાર્ય કરવા ઇચ્છે છે તે દર્બુદ્ધિ જીવ અમૂલ્ય ચિંતામણિરત્નને તજીને પથ્થર ગ્રહવા લલચાય છે. ૧૯૫.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય - ૯, શ્લોક-૧૪ )

* સબ કોઇ કહેતે હૈં કિ જિનદેવ તીર્થમેં ઔર દેવાલયમેં વિદ્યમાન હૈ. પરંતુ જો જિનદેવકો દેહ-દેવાલયમેં વિરાજમાન સમજતા હૈ ઐસા પંડિત કોઈ વિરલા હી હોતા હૈ. ૧૯૬.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા- ૪૫ )

* મૂઢ જીવો, લોકો દ્વારા બનાવેલા દેવળમાં દેવને શોધે છે, પણ પોતાના દેહદેવળમાં શિવ-સંત બિરાજમાન છે તેને તેઓ દેખતા નથી. ૧૯૭.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૦ )

* આત્મપ્રત્યક્ષ કરવાવાળા જ્ઞાની પોતાને પોતે એક જ્ઞાનનું જ પાત્ર હોવાથી તથા બદ્ધ-સ્પૃષ્ટાદી ભાવો પોતાનું સ્વરૂપ નહિ હોવાથી પોતાને બદ્ધ - સ્પૃષ્ટાદિ ભાવોનું અપાત્ર સમજે છે. ૧૯૮.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૩૩ )

* જો ક્રોધાદિ કષાયોંકી હવાસે સ્પર્શિત નહીં હોતા હૈ, જો જ્ઞાનરૂપી અગ્નિકો ધારનેવાલા હૈ, જો નિર્મલપને ઉદ્યોતમાન હૈ, ઐસા ચૈતન્યરૂપી દીપક જગતમેં પ્રકાશમાન હૈ તો કયા વહ મોહરૂપી અંધેરેકો નહીં ખંડન કરેગા ? વાસ્તવમેં વહ દીપક મૈં આત્મા હી હૂં. ૧૯૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક - ૩૭ )

* * *

* પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે -ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે - કે "શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઇ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઇ શકતું નથી." ૨૦૦.

( શ્રી સમયસાર ગાથા-૧૧ ના ભાવાર્થ માંથી )

* જીવને જેટલું વૈષયિક (ઇન્દ્રિજન્ય) જ્ઞાન છે તે બધું પૌદ્ગલિક માનવામાં આવ્યું છે અને બીજું જે જ્ઞાન વિષયોથી પરાવૃત છે -ઇન્દ્રિયોની સહાય વિનાનું છે તે બધું આત્મીય છે. ૨૦૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા-૭૬ )

* હે યોગી ! જે પદને દેખવા માટે તું અનેક તીર્થોમાં ભમતો ભમતો ફરે છે, પરંતુ તે શિવપદ તો તારી સાથે ને સાથે જ ફર્યું છતાં પણ તું તેને ન જાણી શક્યો ! (કેમકે શિવપદને તેં બહારના તીર્થોમાં શોધ્યું પણ અંતરસ્વભાવમાં દૃષ્ટિ ન કરી.) ૨૦૨.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૭૯ )

* હે મૂઢ! જગતિલક આત્માને છોડીને તું અન્ય કોઈનું ધ્યાન ન કર. જેણે મરકતમણિને જાણી લીધો તેને શું કાચની કાંઈ કિંમત છે.? ૨૦૩.

( શ્રીમુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૭૧ )

* હે મૂઢ! દેવ કિસી દેવાલયમેં વિરાજમાન નહીં હૈ ઈસી તરહ કિસી પત્થર, લેપ અથવા ચિત્રમેં ભી દેવ વિરાજમાન નહીં હૈ. જિનદેવ તો દેહ–દેવાલયમેં રહેતે હૈ– ઈસ બાતકો તૂ સમચિત્તસે સમજ. ૨૦૪.

( શ્રી યોગીન્દ્રદેવ યોગસાર, ગાથા–૪૪ )

* જૈસી જિનશાસનમેં કહી ગઈ હૈ ઐસી શુદ્ધ શ્રદ્ધા યા સમ્યગ્દષ્ટિ અવિનાશી આત્માકે નિજ પદકો યા નિર્વાણકો દેખ લેતી હૈ, વન નિર્વાણકે માર્ગકો ભી દેખ લેતી હૈ, આત્માકો પરમાત્માકે સમાન હી એકરૂપ દેખ લેતી હૈ. ૨૦૫

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૫૩ )

* પોતાના પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવાથી ભવ્ય જીવોનું મન વિલય પામે છે. જે ક્ષણે આવું ધ્યાન થાય છે તે જ ક્ષણે ચૈતન્ય ચમત્કાર લક્ષણ સ્વરૂપ શુદ્ધ આત્મા દેખાય છે. ૨૦૬.

( પરમાનંદ સ્તોત્ર, શ્લોક – ૧૦ )

* આત્મા અપને આત્માકો, સર્વ બાહરી પદાર્થોંસે ભિન્ન, અપને આત્માકે દ્વારા અનુભવ કરતા હુઆ નિશ્ચયસે કઠિનતાસે પ્રાપ્ત હોને યોગ્ય તથા ઉપમા રહિત પરમાત્મપદકો પ્રાપ્ત કર લેતા હૈ. કયા ગાઢ ડટા હુઆ વાંસકે વૃક્ષોંકા સમૂહ અપનેસે આપકો ઘિસતે ઘિસતે શીઘ્ર હી ન બુઝાને યોગ્ય તેજસ્વી અગ્નિનેકો નહીં પ્રાપ્ત હો જાતા હૈ? ૨૦૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૪૯ )

* યહ પ્રત્યક્ષીભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા વહી શુદ્ધ નિશ્ચયનકર અનંત ચતુષ્ટયસ્વરૂપ ક્ષુધાદિ અઠારહ દોષ રહિત નિર્દોષ પરમાત્મા હૈ, વહ વ્યવહારનયકર અનાદિ કર્મબંધકે વિશેષસે પરાધીન હુઆ દૂસરેકા જાપ કરતા હૈ, પરંતુ જિસ સમય વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનકર અપનેકો જાનતા હૈ, ઉસ સમય યહ આત્મા હી પરમાત્માદેવ હૈ. ૨૦૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨ ગાથા–૧૭૪ )

* યદિ મોક્ષ પાનેકી ઇચ્છા કરતે હો તો નિરંતર હી આત્માકો શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન ઔર કેવલજ્ઞાન સ્વભાવમય સમજો. ૨૦૯.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૬ )

* સિદ્ધ ભગવાન શુદ્ધ આત્માકા હી અનુભવ કરતે હૈ. ઉનકા યહ હી ઉપદેશ હૈ કિ શુદ્ધ આત્મિક સ્વભાવકા હી અનુભવ કરો. ઉસી આત્માકે સ્વભાવકી હી રુચિ કરો. ઉસી રુચિસે હી જ્ઞાન આવરણ રહિત ઔર વીતરાગ હો જાત હૈ. ૨૧૦.

( શ્રીં તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૪૯૯ )

* આ આત્મા જેમ જેમ પોતાની નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે. જે અશુદ્ધભાવ છે, અનિત્ય ભાવરૂપ છે, તેને જિનવચનમાં ‘હેય’ ભાવ કહ્યો છે. ૨૧૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન શ્લોક-૮ )

* શુભ અને અશુભથી રહિત શુદ્ધ ચૈતન્યની ભાવના મારા અનાદિ સંસાર-રોગનું ઉત્તમ ઔષધ છે. ૨૧૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર- ટીકા, શ્લોક – ૧૬૭ )

* સમ્યગ્દ્રષ્ટિકો અપના સ્વભાવ હી પરમ અતીન્દ્રિય આનંદમેં મગ્ન ચૈતન્ય વ આનંદમઇ, કર્મ રહિત શુદ્ધ દિખલાઈ પડતા હૈ, ઉસે આત્મા વ પરમાત્મા એકસા અનુભવમેં આતા હૈ. ૨૧૩.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૫૬ )

* જો સંસારકે ભ્રમણસે ઉદાસ હૈ તથા કલ્યાણમય મોક્ષકે સુખકે લિયે અત્યંત ઉત્સાહી હૈં વે હી સાધુઓંકે દ્વારા બુદ્ધિમાન કહે ગયે હૈં. બાકી સબ જીવ અપને આત્માકે પુરુષાર્થકો ઠગનેવાલે હૈં. ૨૧૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૧૨ )

* હે મુનિજનો! યદિ ચારગતિરૂપ સંસારસે છૂટકર શીઘ્ર શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો તો ભાવસે શુદ્ધ જૈસે હો વૈસે અતિશય વિશુદ્ધ નિર્મલ આત્માકો ભાવો. ૨૧૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૬૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જહાં શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યકા દર્શન હૈ વહીં નિજ આત્માકા દર્શન હૈ. ક્યોંકિ અપના આત્મા ભી સ્વભાવસે શ્રી જિનેન્દ્ર-સૂર્યકે સમાન હૈ. શ્રી જિનકા સ્વભાવ વહી યથાર્થ આત્મસ્વભાવ હૈ. વહી પ્રકાશિત રત્નત્રયમઈ ભાવ હૈ, વહી વીતરાગ આત્માકા સ્વભાવ સ્વાત્મ-રમણરૂપ હૈ. ઉસીકી સહાયતાસે આકાશકે સમાન અનંત જ્ઞાનધારી અર્હંતપદ પ્રગટ હોતા હૈ. ૨૧૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભા-૧, પાનું- ૨૦૫ )

∗∗∗

∗ (ગરમ પાણીમાં) અગ્નિની ઊષ્ણાતાનો અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થય છે. શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિભાવોનો ભેદ, કર્તૃત્વને (કર્તાપણાના ભાવને) ભેદતો થકો – તોડતો થકો જ્ઞાનથી જ પ્રગટ થાય છે. ૨૧૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા- કળશ – ૬૦ )

∗ સમ્યગ્દ્રષ્ટિ જીવ ઈચ્છા રહિત ક્રિયા કરે છે અને અંતરંગ ભોગોથી વિરકત રહે છે, તેથી તેઓ સિદ્ધ ભગવાન સમાન માત્ર જ્ઞાતા-દ્દષ્ટા છે, કર્તા – ભોકતા નથી. ૨૧૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિદ્વાર, પદ-૯ )

∗ તત્ત્વજ્ઞાની મહાત્મા નોકર્મ અર્થાત્ શરીર રહિત, કર્મમલ રહિત શુદ્ધ પદાર્થકો હી અર્થાત્ આત્મા યા પરમાત્મામઈ શુદ્ધ તત્ત્વકા હી નિત્ય વારંવાર દર્શન કરતે હૈં. ૨૧૯.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક-૬૯ )

∗ કેવળીઓમાં પણ ઔદયિકભાવનું નાના પ્રકારપણું જાણવું, કેવળીઓના ઔદયિકભાવ પણ એક સરખા હોય નહિ; કોઈ કેવળીને દંડ-કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય ત્યારે કોઈ કેવળીને તે ન હોય. એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની નાનારૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિકભાવોના ભરોંસે જ્ઞાન નથી. ૨૨૦.

( શ્રી બનારસીદાસજી, પરમાર્થ વચનિકા )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સર્વ કષાયનમેં માયાકા ફલ બહુત હી પાપકો ઉપજાવે હૈ. જો નિગોદમેં ઉપજી મહા દુ:ખી હોય સો માયાકષાયકા ફલ હૈ ઔર અન્ય જો ક્રોધ, માન, લોભ ઈન કષાયતૈં નરક હોય હૈ, નિગોદ નહીં હોય હૈ. ૨૨૧.

( પં. ટેકચંદજી, સુદૃષ્ટિ-તરંગિણી, પાનું-૫૩૯ )

* અહો! જગતમાં મૂર્ખ જીવોને શું મુશ્કેલ છે? તેઓ જે અનર્થ કરે તેનું આશ્ચર્ય નથી પણ ન કરે તે જ ખરેખર આશ્ચર્ય છે, શરીરને પ્રતિદિન પોષે છે, સાથે સાથે વિષયોને પણ તેઓ સેવે છે. એ મૂર્ખ જીવોને કંઇ પણ વિવેક નથી કે વિષપાન કરી અમરત્વ ઈચ્છે છે? - સુખ વાંછે છે? ૨૨૨.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૬ )

* મોહથી અંધ જીવોના હૃદયમાં બાહ્ય સ્ત્રી, પુત્ર, શરીર આદિ પદાર્થો પોતાપણે ભાસે છે. મોહ રહિત પુરુષોના હૃદયમાં કર્મમલથી રહિત અવિનાશી આત્મા જ સદા પોતાપણે ભાસે છે. હે જીવ! જો તું આ બે ભેદને સમજી ગયો છે તો તું આ સ્ત્રી પુત્રાદિ કે જેને તેં પોતાના માની લીધા છે તેમાં એકત્વબુદ્ધિરૂપ દુષ્ટ મોહને ક્ષણમાત્રમાં નાશ કેમ કરતો નથી. ૨૨૩.

( અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૮ )

* હે દેવ! મને તારી ચિંતા છે, જ્યારે આ મધ્યાન્હનો પ્રસાર વીતી જશે ત્યારે તું તો પોઢી જઇશ, ને આ પાલી સૂની પડી રહેશે. (આત્મા છે ત્યાં સુધી આ ઇન્દ્રિયોની નગરી વસેલી લાગે છે; આત્મા ચાલ્યો જતાં તે બધું સૂનકાર ઉજ્જડ થઈ જાય છે; - માટે વિષયોથી વિમુખ થઈને આત્માને સાધી લે.) ૨૨૪.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ- દોહા, ગાથા-૧૮૨ )

* જૈસે સ્ફટિકમણિ સ્વભાવસે નિર્મલ હૈ, ઉસી તરહ આત્મા જ્ઞાનદર્શનરૂપ નિર્મલ હૈ. ઐસે આત્મસ્વભાવકો હે જીવ! શરીરકી મલિનતા દેખકર ભ્રમસે મૈલા મત માન. ૨૨૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૭૭ )

* શ્રાવકોંકો પાની છાનકર પીનેકા ઉપદેશ હૈ. પ્રથમ યહ આવશ્યક હૈ કિ ઉનકે ભાવોમેં શુદ્ધ સમ્યગ્દર્શન હો વ અપને ચિત્તકો દોષોંકો હટાકર સાફ કરેં, ચિત્તકો છાને, ફિર પાનીકો છાનકર પીવે. ૨૨૬.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૯૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આત્મજ્ઞાનમયી આરાધના ઉસે કહેતે હૈં જહાં ઐસી શુદ્ધ આરાધના હો કિ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મારૂપ હૈ, કોઇ પરપદાર્થમેં પરમાણુમાત્ર મમત્વરૂપ મિથ્યાત્વકા દોષ ન હો ઐસી પવિત્ર ભક્તિ નિર્વાણકો લે જાતી હૈ. ૨૨૭

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૩૪ )

***

* હે બુદ્ધિમાનો! આત્મજ્ઞાનરૂપ પવિત્ર તીર્થ એક આશ્ચર્યકારી તીર્થ છે. તેમાં બરાબર સારી રીતે સ્નાન કરો. જે કર્મમળ અંતરંગમાં છે ને જેને અન્ય કરોડો તીર્થો ધોઈ શકતા નથી તે મેલને આ આત્મ જ્ઞાનરૂપી તીર્થ ધોઈ નાખે છે. ૨૨૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્‌બોધ ચંદ્રોદય, શ્લોક-૨૮ )

* પરમાત્મપદમાં ભાવના કરતાં રહેવાથી તે - અનંત જ્ઞાનસ્વરૂપ પરમાત્મ- 'હું છું' એવા સંસ્કાર પામેલો તે - જ્ઞાનીપુરુષ-વારંવાર તેમાં જ - આત્મસ્વરૂપમાં જ દૃઢ સંસ્કારને લીધે નિશ્ચયથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. ૨૨૯.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૨૮ )

***

* શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને - પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને - અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર' પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર' પણું ઘટે છે. ૨૩૦.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧ )

* હે હતાશ મધુકર! તેં કલ્પવૃક્ષની મંજરીનો સુગંધીરસ ચાખ્યો. ને હવે ગંધ વગરના ઘાસ પલાશ ઉપર તું ભમતો ફરે છે! - અરે, આમ કરતાં તારું હૈયું ફાટી કેમ ન ગયું? ને તું મરી કેમ ન ગયો? (અત્યંત મધુર ચૈતન્યરસ ચાખ્યા પછી, બીજા નીરસ વિષયોમાં ઉપયોગ ભમે તેમાં જ્ઞાનીને મરણ જેવું દુઃખ લાગે છે.) ૨૩૧.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૫૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે યોગી! એક પરમ આત્મદર્શન જ મોક્ષનું કારણ છે. અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી, આમ ખરેખર તું જાણ. ૨૩૨.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૬ )

∗ સર્વ કાર્યોમાં, શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન, આ લોક પરલોકમાં સુખ આપનાર અને સ્વાધીન હોવાથી સુગમતાથી સધાય તેવું છે. ૨૩૩.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૪, ગાથા-૧૬ )

∗ આત્મિક પદાર્થકો હી પરમાત્મા કહા ગયા હૈ. આત્માકા મૂલ સ્વભાવ પરમાત્મારૂપ હૈ. ઈસી આત્માકે શુદ્ધ સ્વભાવમેં રમણ કરનેસે સિદ્ધિ પ્રાપ્ત હોતી હૈ. આત્મપદાર્થ હી આત્માકે સ્વરૂપકો દેખનેકો સમર્થ હૈ. મન, વચન, કાયાકી વહાં પહુંચ નહીં હૈ, આત્મા સ્વસંવેદન ગોચર હૈ યહી આત્માનુભવરૂપી જહાજ ક્ષણમાત્રમેં યા એક અંતર્મુહૂર્તમેં સર્વ કર્મોકા ક્ષય કર ડાલતા હૈ. ૨૩૪.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૨૧૧ )

∗ પ્રશ્નઃ- ‘જે કોઈ પણ ધ્યેય (અર્થાત્ કોઇ પણ ધ્યાન કરવા – યોગ્ય પદાર્થ)’ કહેલ છે તેનો શો અર્થ છે?

ઉત્તરઃ – પ્રાથમિક (પુરુષ) ની અપેક્ષાએ સવિકલ્પ અવસ્થામાં વિષય અને કષાયો દૂર કરવા માટે અને ચિત્તને સ્થિર કરવા માટે પંચ પરમેષ્ઠી વગેરે પરદ્રવ્ય પણ ધ્યેય હોય છે, પછી જ્યારે અભ્યાસના વશે ચિત્ત સ્થિર થઇ જાય ત્યારે શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી નિજ શુદ્ધાત્માનું સ્વરૂપ જ ધ્યેય હોય છે. ૨૩૫.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫૫ ની ટીકામાંથી )

∗ જેમ કમળપત્ર અને પાણી સદાય જુદા જ રહે છે તેમ શરીરના સંયોગમાં રહેલો આ આત્મા પોતાના સ્વભાવથી નિર્મળ છે અને શરીર, કર્મો તથા રાગાદિ મળથી સદા અલિપ્ત રહે છે. ૨૩૬.

( પરમાનંદસ્તોત્ર, શ્લોક-૭ )

∗ જિસ પરમાત્માકે જાને વિના અન્ય સમસ્ત જાને હુએ પદાર્થકા જાનપના ભી નિરર્થક હૈં, ઔર ઇસમેં કોઈ સંદેહ નહિ કિ જિસકા સ્વરૂપ જાનનેસે સમસ્ત વિશ્વ જાના જાતા હૈ. ૨૩૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ-૩૧, શ્લોક-૩૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ વિષયસુખ તો બે દિવસ રહેનારા– ક્ષણિક છે. પછી તો દુઃખની જ પરપાટી છે. માટે હે જીવ! તું તારા આત્માને ભૂલીને પોતાના જ ખભા ઉપર કૂહાડાનો પ્રહાર ન કર. ૨૩૮.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૭ )

* હે સાંસારિક દુઃખરૂપ ક્ષુધાથી પીડિત મનરૂપ પથિક! તું મનુષ્ય પર્યાયરૂપ વૃક્ષની વિષયસુખરૂપ છાયાની પ્રાપ્તિથી જ શા માટે સંતુષ્ટ થાય છે? તેનાથી તું અમૃતરૂપ ફળનું ગ્રહણ કર. ૨૩૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક–૩૮ )

* ગર્ભથી લઇને છેક મરણાંત સુધી આ શરીર નિરર્થક કલેશ અપવિત્રતા, ભય, તિરસ્કાર અને પાપથી ભરપૂર હોય છે. – આમ વિચારી સમજવાન પુરુષોએ એવા વિંટબનાપૂર્ણ શરીરનો સ્નેહ સર્વથા ત્યજવા યોગ્ય છે. જો નશ્વર અને કેવળ દુઃખપૂર્ણ શરીર ઉપરનું મમત્વ છોડવાથી આત્મા ખરેખર મુક્તદશાને પ્રાપ્ત થતો હોય તો જગતમાં એવો કોણ મૂર્ખ છે કે જે તેના ત્યાગ ભણી પ્રમાદ કરે? શરીર એ ખરેખર દુષ્ટ મનુષ્યના મેળાપ જેવું છે. ૨૪૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૦૫ )

* * *

* જેમ કોઇ જીવને અશુભ કર્મના ઉદયે રોગ, શોક, દારિદ્ર આદિ હોય છે, તેને જીવ છોડવાને ઘણુંય કરે છે, પરંતુ અશુભ કર્મના ઉદયે છૂટતાં નથી, તેથી ભોગવવાં જ પડે; તેમ સમ્યગ્દષ્ટિ જીવને, પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ–અસાતારૂપ કર્મ, તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે. છોડવાને ઘણુંય કરે છે, પરંતુ જ્યાં સુધી ક્ષપકશ્રેણી ચડી ન શકે ત્યાં સુધી છુટવું અશક્ય છે, તેથી પરવશ થયો ભોગવે છે, હૃદયમાં અત્યંત વિરકત છે, તેથી અરંજિત છે. ૨૪૧.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ – ૧૫૨ )

* સત્પુરુષોંકે ઉપદેશકા એક અક્ષર હી મુક્તિકા બીજ હોતા હૈં કયોંકિ સદુપદેશકે પ્રાપ્ત હોનેસે સ્વપ્નમેં ભી મનુષ્યકો કુબુદ્ધિકા પ્રાદુર્ભાવ નહિ હોતા. ૨૪૨.

( શ્રી શુભચંદ્ર આચાર્ય જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૫, શ્લોક – ૩૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે સંસારી જીવો! જેને તમે કહો છો કે આ અમાંરુ ધન છે, તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાંખવામાં આવે તેમ છીડો દે છે અને પછી ગ્રહણ કરતાં નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે અને પછી નરકમાં નાંખનાર છે અર્થાત્ પાપરૂપ છે, તમને એનાથી આંખોનું સુખ દેખાય છે તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઇ રહો છો જેવી રીતે મીઠાઈ ઉપર માખી ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં પણ સંસારી જીવો સંસારથી વિરક્ત થતાં નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે. ક્ષણમાત્ર પણ શાતા નથી. ૨૪૩.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર ૫૬-૪૪ )

* હે યોગી! તેં ડાબી બાજુને જમણી બાજુ બધે ઇન્દ્રિયવિષયોરૂપી ગામ વસાવ્યું, પણ અંતરને તો સૂનું રાખ્યું.... ત્યાં પણ એક બીજું ( ઇન્દ્રિયાતીત ) ગામ વસાવ. ૨૪૪.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૮૧ )

***

* આશારૂપ અલંઘ્ય અગ્નિમાં ધનાદિરૂપ ઇંધનના ભારા નાખીને તે આશારૂપ અગ્નિને પ્રતિપળે વધારીને તેમાં નિરંતર બળવા છતાં પોતાને શાંત થયો માનવો એ જ ખરખર જીવનો અનાદિ વિભ્રમ છે. ૨૪૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૫ )

* પંડિતો સમતાભાવને સમસ્ત શાસ્ત્રોનો સાર બતાવે છે. તે સમતાભાવ કર્મરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છે. ૨૪૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૬૮ )

* આ જિન-વચનરૂપી ઔષધ વિરેચન કરનારું છે, ભવ્ય જીવોને અમૃત સમાન છે, જિનવચનના સેવનથી ભવ્ય જીવ અમર બને છે. માટે આ જિન-વચનરૂપી ઔષધ જરા-મરણનું નાશક છે. દીર્ઘ-કાળ સુધી રહેવાવાળા રોગ અને અકસ્માત ઉત્પન્ન થવાવાળી વ્યાધિને જિન-વચન તત્કાળ નષ્ટ કરે છે. સર્વ દુઃખોનો નાશ કરીને મુક્તિ - સુખ આપે છે. માટે હે મુનિ! આવા જિન-વચનરૂપી ઔષધનું તું સતત સેવન કર. ૨૪૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અધિ. -૨ ગાથા-૯૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યદિ સૂર્યકી કિરણસમૂહમેં કદાચિત્ ઠંડકપના હો જાવે તથા ચંદ્રમામેં ગર્મી હો જાવે વ કદાચિત્ સુમેરૂપર્વતમેં જંગમપના યા હલનચલનપના પ્રાપ્ત હો જાવે તો હો જાવો, પરંતુ કભી ભી દુ:ખો કી ખાન ઈસ સંસાર ભયાનક સંસારકે ચક્રમેં ભ્રમણ કરતે હુએ પુરુષકો પ્રગટપને સુખ નહીં પ્રાપ્ત હો સકતા હૈ. ૨૪૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૮ )

* કાળદ્રવ્ય તથા અન્યદ્રવ્ય વિષે પરાગમના અવિરોધપણે વિચાર કરવો. પરંતુ 'વીતરાગ સર્વજ્ઞનું વચન સત્ય છે' એમ મનમાં નિશ્ચય કરીને વિવાદ ન કરવો. શા માટે? કારણે કે વિવાદ કરવાથી રાગ-દ્વેપ થાય છે. અને રાગ-દ્વેષથી સંસારની વૃદ્ધિ થાય છે. ૨૪૯.

( શ્રી નેમિચંદ્ર સિંદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૨ ની ટીકામાંથી )

* આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણ પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે " આ નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો." ૨૫૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, કળશ - ૬ )

* અમે એક જિનને જાણ્યા ત્યાં અનંત દેવને જાણી લીધાં; તેને જાણ્યા વિના મોહથી મોહિત જીવ દૂર ભમે છે. ૨૫૧.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ- દોહા, ગાથા-૫૮ )

* આ આત્મા અરિહંત અને સિદ્ધના સ્વરૂપે ધ્યાવવામાં આવતાં ચરમશરીરીને મુક્તિ પ્રદાન કરે છે. અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જન કરનાર અન્યને તે ભુક્તિ (સ્વર્ગ, ચક્રવર્તી આદિના ભોગો) પ્રદાન કરે છે. ૨૫૨.

( શ્રી નાગસેન, મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક- ૧૯૭ )

* જો દેહમેં રહતા હૈ, તો ભી દેહસે જુદા હૈ, સર્વ અશુચિમયી દેહકો વહ દેવ છૂતા નહીં હૈ, વહી આત્મદેવ ઉપાદેય હૈ. ૨૫૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરાત્મપ્રકાશ, અધિ. -૧ ( ગાથા-૩૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સાડાત્રણ હાથની દેરીમાં સંત-નિરંજન વસે છે; બાલજીવો તેમાં પ્રવેશ કરી શકતા નથીઃ તું નિર્મળ થઇને તેને ચેત. ૨૫૪.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૯૪ )

* મેરા આત્મા એક અકેલા હી હૈ, અવિનાશી હૈ, જ્ઞાન-દર્શન-સ્વરૂપ હૈ. મેરે શુદ્ધાત્માકે ભાવકો છોડકર જિતને ભી રાગાદિ ભાવ હૈ વે સર્વ પુદ્ગલ કે સંયોગસે હોતે હૈં અતએવ મેરે આત્માસે બાહર હૈં. ૨૫૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમ્મુચય, શ્લોક-૨૪૯ )

* જો મારા મનમાં સમસ્ત ઇચ્છાઓના અભાવરૂપ અનુપમ સ્વરૂપવાળું ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ સ્થિત હોય તો પછી રાજ્યલક્ષ્મી તૃણ સમાન તુચ્છ છે; તેના વિષયમાં તો શું કહું? પરંતુ મને તો ત્યારે ઇન્દ્રની સંપત્તિનું ય કાંઇ પ્રયોજન નથી. ૨૫૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૬૨ )

* હું ચૈતન્યસ્વરૂપ, અદ્વિતીય, અન્યના સંગથી રહિત એકલો, કર્મમલથી રહિત નિર્મલ, આનંદસ્વરૂપ ( છું ) એમ સ્મરણ કરું છું. ( આ ) અર્ધ શ્લોક વડે મુક્તિને માટે સર્વજ્ઞનો ઉપદેશ નિરૂપણ કરાયેલો છે. ૨૫૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૩, ગાથા-૨૨ )

* હે જીવ! જબતક તૂ નિર્મલ આત્મસ્વભાવકી ભાવના નહીં કરતા, તબતક મોક્ષ નહીં પા સકતા. અબ જહાં તેરી ઇચ્છા હો વહાં જા. ૨૫૮.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૭ )

* પુષ્પકળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું. ૨૫૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૯૧ )

* હે જીવ! રાગાદિ મલરહિત આત્માકો છોડકર તૂ દસરે તીર્થકો મત જાવે, દૂસરે ગુરુકો મત સેવે, અન્ય દેવકો મત ધ્યાવે, અર્થાત્ અપના આત્મા હી તીર્થ હૈ, વહાં રમણ કર, આત્મા હી ગુરુ હૈ, ઉસકી સેવા કર, ઔર આત્મા હી દેવ હૈ, ઉસકી આરાધના કર; અપને સિવાય દૂસરેકા સેવન મત કર. ૨૬૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૯૫ )

* સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને કલેશોદધિનો કિનારો છે, તે સમય સાર ( શુદ્ધ આત્મા ) જયવંત વર્તે છે. ૨૬૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૫૪ )

* ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્યઃ નથી; હું સ્વરૂપ – આધાર વિના પણ ( અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે. માટે હું શરીર, વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું. ૨૬૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૬૦ )

* ચિદ્રૂપના ધ્યાનથી એવો કોઈ પરમ આનંદ થાય ( કે ) તેનો અંશ પણ ત્રણ જગતના સ્વામીઓને પણ થાય નહિ. ૨૬૩.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૪ )

* જે અનાદિ છે અર્થાત્ કોઇ કાળે ઉત્પન્ન થયું નથી. જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ- ચળાચળ થતું નથી જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે અને જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી એવું જે આ ચૈતન્ય અત્યંપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે, તે પોતે જ જીવ છે. ૨૬૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૪૧ )

* જૈસે વિકારી હોનેવાલે મેઘોંસે આકાશકા સ્વભાવ વિકારી નહીં હોતા હૈ વૈસે ક્રોધાદિક કર્મોકા સંયોગ હોનેપર ભી ઉત્કૃષ્ટ તેજવાલા આત્મા ભી ક્રોધી, માની આદિરૂપ નહીં હોતા. ઇસ આત્માકે સ્વભાવસે આત્મા ભી ક્રોધી, માની આદિરૂપ નહીં હોતા. ઇસ આત્માકે સ્વભાવસે તો નામ ભિન્ન હૈ કયોંકિ ચૈતન્યપ્રભુકા કોઈ નામ નહીં હૈ. જન્મ-મરણ-રોગાદિ યે સર્વ સ્વભાવ શરીરકે હૈં ઐસા જ્ઞાની લોગ માનતે હૈં. ૨૬૫.

( એકત્વાશીતિ, શ્લોક-૩૮, તત્ત્વભાવના, શ્લોક – ૬૯ ની ટીકામાં ઉધ્ધૃત )

* લોકો કૃતીર્થમાં ત્યાં સુધી પરિભ્રમણ કરે છે અને ધૂર્તતા ત્યાં સુધી કરે છે કે જ્યાં સુધી ગુરુના પ્રસાદથી તેઓ દેહમાં જ રહેલા દેવને નથી જાણતા. ૨૬૬.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૮૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યોનિમાં સુખ અને દુઃખ દુષ્કૃતના સમૂહથી થાય છે ( અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખ – દુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે. ) વળી બીજી રીતે ( નિશ્ચયનયે ), આત્માને શુભનો પણ અભાવ છે તેમ જ અશુભ પરિણતિ પણ નથી – નથી, કારણ કે આ લોકમાં એક આત્માને ( અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને ) ચોકકસ ભવનો પરિચય બિલકુલ નથી. આ રીતે જે ભવગુણોના સમૂહથી સંન્યસ્ત છે ( અર્થાત્ જે શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી -વિભાવોથી રહિત છે ) તેને ( -નિત્ય શુદ્ધ આત્માને ) હું સ્તવું છું. ૨૬૭.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર – ટીકા શ્લોક-૨૦૯ )

* સિદ્ધ ભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે, અનંત આત્મિક આનંદરૂપ છે, ને અચિંત્ય દિવ્યતારૂપ છે. સિદ્ધભગવાન જેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. તેથી સુખાર્થી જીવો વિષયાલંબી ભાવ છોડી નિરાલંબી પરમાનંદસ્વભાવે પરિણમો. ૨૬૮.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૬૮ નો ભાવાર્થ )

* જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં ( જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઇ હોય ત્યાં સુધી ) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, તો પણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર, પરદ્રવ્યભાવોથી રહિત ( શુદ્ધનયના વિષયભૂત ) પરમ ‘ અર્થ ’ ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને એ વ્યવહારનય કાંઇ પણ પ્રયોજનવાન નથી. ૨૬૯.

( અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૫ )

* જો ભવ્યજીવ તીન લોકકે અગ્રભાગમેં વિરાજિત સિદ્ધભગવાનકા સ્વરૂપ મનન કરતે હૈં, ઉસી શુદ્ધ સ્વરૂપકો દેખનેસે કર્મ છુટ જાતે હૈં તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ વ નોકર્મકો જીતા જાતા હૈ તથા અનિષ્ટકર્મકા બંધ નહીં હોતા હૈ. ૨૭૦.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધાસાર-શ્લોક-૫૦૩ )

* રાગરહિત ચિદ્રૂપ પૂર્ણાનંદનો સમુદ્ર આત્મા, તેમાં જ સાચું સુખ છે; સંસારના ઇન્દ્રિયસુખો તેની પાસે આગિયા જેવા છે, તેમાં સુખ માનવું તે તો ફકત દુર્બદ્ધિનો ફેલાવ છે. ૨૭૧.

( શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક-૮૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* એક તત્ત્વ તો સારી રીતે જાણે છે. બીજું તત્ત્વ કાંઈ જાણતું નથી. સર્વને જાણનાર એવા આત્મતત્ત્વનું ચરિત્ર દેવો પણ નથી જાણતા; જે અનુભવે છે તે જ તેને બરાબર જાણે છે, પૂછપરછ વડે એની સંતૃપ્તિ ક્યાંથી થાય? (આતમતત્ત્વ સ્વાનુભવગમ્ય છે, વાદવિવાદથી કે પૂછપરછથી તે પ્રાપ્ત થતું નથી.) ૨૭૨.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૬૫ )

* રાગ કરકે રંજિત મનમેં રાગાદિ રહિત આત્મદેવ નહીં દિખતા, જૈસે કિ મલિન દર્પણમેં મુખ નહીં ભાસતા. યહ બાત હૈ પ્રભાકર ભટ્ટ! તૂ સંદેહ રહિત જાન. ૨૭૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૧૨૦ )

* જ્ઞાની પુરુષ એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું, પોતાના જ્ઞાન-દર્શન રસથી ભરપૂર પોતાના જ આધારે છું, ભ્રમજાળનો કૂપ મોહકર્મ મારું સ્વરૂપ નથી! નથી!! મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય સિંધુ છે. ૨૭૪.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૩૩ )

***

* જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.)

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૧ )

* આચાર્યદેવ કહે છે કેઃ સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોકત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' તો પછી; આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ જિન મહિમામાં (આત્મસ્વરૂપાં) સ્થિરતા કેમ ધરતા નથી? ૨૭૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૭૩ )

* ચૈતન્યરૂપ એકત્વનું જ્ઞાન દુર્લભ છે, પરંતુ મોક્ષ આપનાર તે જ છે. જો તે કોઈ પણ પ્રકારે પ્રાપ્ત થઈ જાય તો તેનું વારંવાર ચિંતન કરવું જોઈએ. ૨૭૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવનાદશક, શ્લોક-૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* કેવો છે નિર્વકલ્પ અનુભવ? જેમાં પઠન-પાઠન, સ્મરણ, ચિંતન, સ્તુતિ, વંદના ઇત્યાદિ અનેક ક્રિયારૂપ વિકલ્પો વિષ સમાન કહ્યાં છે. તે નિર્વિકલ્પ અનુભવમાં ન ભણવું, ન ભણાવવું, ન વંદવું, ન નિંદવું એવો ભાવ અમૃતના નિધાન સમાન છે. ભાવાર્થ આમ છે કે-નિર્વિકલ્પ, અનુભવ સુખરૂપ છે, તેથી ઉપાદેય છે, નાના પ્રકરના વિકલ્પો આકુળતા રૂપ છે, તેથી હેય છે. ૨૭૮

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૮૯ )

* જિસ તત્ત્વકે અભાવમેં લોકકો પ્રકાશ કરનેમેં કુશલ ઐસે સર્વ ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, તારે આદિક અંધેરેકે સમૂહકે સમાન હો જાતે હૈં, જો જ્ઞાનમયી પ્રકાશકો બહુત નિર્મલ રખનેવાલા હૈ વ જો યોગિયોંકે દ્વારા ધ્યાયા જાતા હૈ ઉસ નિર્મલ વ નિશ્ચલ આત્મતત્ત્વકો અપને હી શરીરમેં વિરાજમાન ધ્યાના ચાહિયે. ૨૭૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૫૫ )

***

* હે આત્મહિતૈષી પ્રાણી! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. ( કારણ કે આ પુણ્ય અને પાપ ) પુદ્‌ગલના પર્યાય છે, ઉત્પન્ન થઇને નાશ પામી જાય છે, અને ફરીને ઉત્પન્ન થાય છે. પોતાના અંતરમાં નિશ્ચયથી – ખરેખર લાખો વાતોનો સાર આજ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મમરણના દ્વંદ્વરૂપ ( રાગ-દ્વેષરૂપ ) વિકારી મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો. ૨૮૦.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ – ૪, શ્લોક-૮ )

* પ્રજ્ઞા વડે ( આત્માને ) એમ ગ્રહણ કરવો કે – જે ચેતનારો છે તે નિશ્ચથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું. ૨૮૧.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમસાર, ગાથા-૨૯૭ )

* ભવ્ય જીવોને શ્રીગુરુ ઉપદેશ કરે છે કે શીઘ્ર મોહનું બંધન તોડી નાંખો, પોતાનો સમ્યક્ત્વગુણ ગ્રહણ કરો અને શુદ્ધ અનુભવમાં મસ્ત થઇ જાવ. પુદ્‌ગલદ્રવ્ય અને રાગાદિક ભાવો સાથે તમારે કોઈ સંબંધ નથી. એ સ્પષ્ટ અચેતન છે અને તમે અરૂપી ચૈતન્ય છો તથા પાણીથી ભિન્ન તેલની પેઠે તેમનાથી જુદાં છો. ૨૮૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૧૨ )

* મારો પરમાત્મા શાશ્વત છે, કથંચિત્ એક છે, સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે? ૨૮૩.

( પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૮ )

* આત્માની સાધનાદિ વિધિમાં માત્ર એક જ્ઞાન જ પ્રસિદ્ધ ગુણ છે તથા જ્ઞાન જ સ્વાનુભવમાં એક કારણ છે તેથી તે જ્ઞાન જ પરમપદ છે. ૨૮૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૦૧ )

* ( હે ભવ્ય પ્રાણી! ) તું આમાં ( જ્ઞાનમાં ) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; ( આમ કરવાથી ) તને ઉત્તમ સુખ થશે. ૨૮૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસર, ગાથા-૨૦૬ )

* બાર અંગરૂપ શ્રુતસમુદ્ર શુદ્ધ આત્માનો અંશ છે. જ્યાં શુદ્ધ આત્મા પ્રાપ્તિ થઈ ત્યાં તેનું મારે શું કામ છે? ૨૮૬.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૩, ગાથા-૯ )

***

* આ આત્માનું સાચું નિધાન આ આત્માની સમીપ જ છે. તેને પીછાણતાં જ તે સુખી થઇ જાય. મારો આત્મા અનંતજ્ઞાનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે. મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે. હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધારણ કરી રાખું તો અનાદિ દુઃખ મટી જાય અને પરમપદને ભેટીશ. એ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો માર્ગ સુગમ છે. દૃષ્ટિ ગોચર કરવો જ દુર્લભ છે; તે સંતોએ સુગમ કરી દીધો છે. ૨૮૭.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૧૨ )

* શબ્દશાસ્ત્રનો વિસ્તાર તો અપાર છે; અને આયુ પણ જો અપાર હોય તો – તો તે બધાનો સુવિચાર કર્તવ્ય છે; પણ આયુ-કાળ તો અતિ- અલ્પ છે, ને એકલા શબ્દશાસ્ત્રથી કાંઈ મુક્તિ થઈ જતી નથીઃ માટે વ્યર્થ કાળ ન ગુમાવતાં પ્રયોજનભૂત તત્ત્વમાં બુદ્ધિ જોડવી. ૨૮૮.

( નેમીશ્વર – વચનામૃત-શતક, શ્લોક – ૬૮ )

* (શુદ્ધ આત્માતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી. ૨૮૯.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૬૧)

* અધ્યાત્મનો અભ્યાસ કરતી વખતે મુમુક્ષુએ તત્ત્વ સમજવાનો યત્ન કરવો જોઇએ; શબ્દના ગુણ-દોષના વિચારમાં અટકવું ન જોઈએ. હે ભવ્ય! જો તું બુદ્ધિમાન છો તો વારંવાર અધ્યયન કરીને તત્ત્વ સમજ. ૨૯૦.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૩૨)

* કેટલાક જીવ કોઇ શાસ્ત્ર આદિના નિમિત્તે કાંઈક થોડું એક જ્ઞાન મેળવી એટલા બધા અભિમાની થઇ જાય છે કે તે બધા લોકોને મૂર્ખ સમજીને અન્ય કોઇ પણ વિશિષ્ટ વિદ્વાનોનો આશ્રય લેતા નથી. ૨૯૧.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશિત, એકત્વ સપ્તતિ, શ્લોક-૮)

* સમ્યગ્દષ્ટિ જીવનું પોતાના આત્માને જાણવવાળું સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ જ્ઞાન, શુદ્ધ અને સિદ્ધોના જેવું હોય છે. ૨૯૨.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૪૮૯)

* ઉન્નતિનો ક્રમ તો એ છે કે- એકને જોઇ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદષ્ટિવાન મનુષ્ય "પોતાથી જગતમાં કોઇ વિશેષ ગુણવાન છે" એ સમજતો જ નથી. બીજામાં દોષ હોવા અથવા નહિ હોવાથી તને પોતાને શું લાભ-હાનિ છે? તારો દોષ જે દિવસે નિવૃત્ત થશે તે દિવસે તું ખરેખર સુખી થઇશ. માટે હે મુમુક્ષુ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષીત રહે. ૨૯૩.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૫૦)

* હે જીવ! પરમાર્થકો સમજનેવાલોંકો કોઇ જીવ બડા છોટા નહીં હૈ, સભી જીવ પરમબ્રહ્મસ્વરૂપ હૈ. ૨૯૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરાત્મપ્રકાશ, અધિ. -૨, શ્લોક - ૯૪)

* શ્રુતિઓનો અંત નથી (-શાસ્ત્રોનો પાર નથી) કાળ થોડો છે ને આપણે દુર્મેધ (-મંદબુદ્ધિ) છીએ. માટે તે જ કેવળ શીખવા યોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે. ૨૯૫.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૯૮)

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય - ટીકા, ગાથા-૧૪૬ ની ટીકામાં ઉદ્ધૃત - શ્લોક)

* પંડિતોમાં પંડિત એવા હે પંડિત! જો તું ગ્રંથ અને તેના અર્થોમાં જ સંતોષાઇ ગયો છે અને પરમાર્થ-આત્માને જાણતો નથી તો તું મૂર્ખ છો; તેં કણને છોડીને ફોતરા જ કૂટયા છે. ૨૯૬.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૮૫, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ઉદ્ધતગાથા )

* ક્રમે ક્રમે ચઢીને કીડી વૃક્ષ ઉપર રહેલાં ફળ પાસે પોપટની માફક પહોંચે છે; અને મનુષ્ય પોતામાં રહેતાં શુદ્ધ ચિદ્રુપનું ચિંતન તે જ પ્રમાણે ક્રમે કરીને પામે છે. ૨૯૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૮, ગાથા-૧૭ )

* હે ભવ્ય! આ વાત તમે નિ:સંદેહ જાણો કે માત્ર યુક્તિપૂર્વક શાસ્ત્રના ચિંતન-મનનથી જ જીવના સદ્ગણોની પ્રાપ્તિ થવી અસંભવ છે; પરંતુ આત્મભાવનામાં પરિણતિ વડે તેની પ્રાપ્તિ થવી સુગમ છે. ૨૯૮.

( શ્રી નેમીશ્વર – વચનામૃત-શતક, શ્લોક-૨૭ )

* જેમ સાકર ખાતાં ગધેડું મરી જાય તો તેથી કાંઈ મનુષ્ય તો સાકર ખાવી ન છોડે, તેમ કોઇ વિપરીત બુદ્ધિ જીવ અધ્યાત્મગ્રંથો સાંભળી સ્વચ્છંદી થાય તો તેથી કાંઇ વિવેકી જીવ તો અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ ન છોડે. ૨૯૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક. અધિકાર – ૮, પાનું – ૨૯૪ )

* હે ભગવાન! આપનો આ મહિમા છે કે આપે વસ્તુને એકાંતે વાચ્યરૂપ કે અવાચ્યરૂપ ન કહેતાં બન્ને ધર્મરૂપ કહેલ છે. એ બન્ને ધર્મોમાંથી જો હું માત્ર એક ધર્મનું જ કથન કરું તો જીભના સો કટકા થઇ જાવ. ૩૦૦.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ-૧૫, શ્લોક-૯ )

* સર્વથા નિત્યવાદી અને સર્વથા અનિત્યવાદી બન્ને જ મિથ્યાદષ્ટિ છે પરંતુ જે પદાર્થોને નિત્યાનિત્ય માને છે તે મિથ્યાદષ્ટિ નથી એમ કહેવું યોગ્ય નથી. નિરપેક્ષ નિત્યાનિત્યવાદ પણ એકાંત નિત્યવાદ અને એકાંત અનિત્યવાદની જેમ મિથ્યા જ છે. કારણકે અપેક્ષા વિના નિત્યાનિત્ય વસ્તુ માનવાથી સર્વ નયોનો ઘાત થાય છે. ૩૦૧.

( શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસારસંગ્રહ, અધ્યાય-૪, ગાથા-૭૪ )

* જે ગૃહસ્થ સાધર્મી જીવો પ્રત્યે પોતાની શક્તિ અનુસાર વાત્સલ્ય કરતો નથી તે ધર્મથી વિમુખ થઇને ઘણા પાપથી પોતાને આચ્છાદિત કરે છે. ૩૦૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૩૬ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યહ બડા ખેદ હૈ કિ જહાં અમૃત તો વિષકે લિયે હો ઔર જ્ઞાન મોહકે લિયે હો ઔર ધ્યાન નરકકે લિયે હોતા હૈ સો જીવોંકી યહ વિપરીત ચેષ્ટા આશ્ચર્ય ઉત્પન્ન કરતી હૈ. ભાવાર્થ–જહાં પ્રશસ્ત વસ્તુ ભી અપ્રશસ્ત હો જાતી હૈ ઉસકા યહાં આશ્ચર્ય કિયા હૈ. ૩૦૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૫, શ્લોક–૧૦ )

* જે બુદ્ધિરૂપી સ્ત્રી બાહ્ય શાસ્ત્રરૂપી વનમાં ફરનારી છે, અનેક વિકલ્પો ધારણ કરે છે તથા ચૈતન્યરૂપી કુલીન ઘરમાંથી નીકળી ચૂકી છે, તે પતિવ્રતા સમાન સમીચીન નથી, પરંતુ દુરાચારિણી સ્ત્રી સમાન છે. ૩૦૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્‌બોધ ચંદ્રોદય, શ્લોક–૩૮ )

* જે મનુષ્ય અગણિત ગુણરત્નોથી શોભતા સુંદર આત્મતત્ત્વના ચિંતનમાં સદાય રત છે, તેની બરાબરી કરનાર સંસારમાં કોણ છે? – શું કોડિયાનો દીવો સૂર્યની બરાબરી કરી શકે છે? ૩૦૫.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૭૭ )

* બહુરિ દેવ–ગુરુ–ધર્માદિકકે નિકટ મદ કરના, વા સાધર્મીનસોં મદ કરના, વા પૂજનાદિક ધર્મ કાર્ય વિષ ધનાદિક ખરચિ મદ કરના, વા ધર્મ પદ્ધતિ વિષૈ મુખિયાપણાતૈં પાપ્ત હોય મદ કરના, બહુત શાસ્ત્ર પઢ મદ કરના, બહુરિ અનેક પ્રકાર ધર્મ – અંગનવિષૈં માનકે અભિનિવેશ સહિત ધનાદિક ખરચના, આપકૂં મહાન માનના, અન્ય સાધર્મી નકો આપતૈં તુચ્છ સમજના, વા સાધર્મીનકા અપમાન કરના, અનેક પ્રકાર વસ્ત્રાભૂષણાદિ કરી સાધર્મીનવિષૈં મદ ધારિ બૈઠના ઇત્યાદિ અનંતાનુબંધીકા ધર્મ વિરૂદ્ધ માનભાવ જાનના. ૩૦૬.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું– ૫૭ )

* પુણ્ય અને પાપ બંનેના માર્ગને છોડીને અલખની અંદર જવાય છે; તે બંનેનું ( પુણ્ય – પાપનું ) કાંઈ એવું ફળ નથી મળતું કે જેનાથી લક્ષ્યની પ્રાપ્તિ થાય. ૩૦૭.

( મુનિવર રામસિંહ, પાહુડ–દોહા, ગાથા–૧૮૮ )

* મિથ્યાત્વી જીવને ક્ષયોપશમરૂપ બુદ્ધિ હોય છે પણ સ્વ–પરનો ભેદ જાણતો નથી તેથી નિજસૂર્યને દેખતો નથી. (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ મૂળ આત્માને દેખતો નથી.) માત્ર તડકાને (–અર્થાત્ ઉઘાડરૂપ પર્યાય ને) દેખે છે. ૩૦૮.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું–૧૫૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કેવળજ્ઞાનમય આત્મા જેના હૈડમાં વસે છે, તે ત્રણલોકમાં મુક્ત રહે છે ને તેને પાપ લાગતું નથી. ૩૦૯.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૫૯ )

* જેમ એક ડાબલીમાં રત્ન, તેનું કાંઈ બગડયું નથી, એ ગુપ્ત છે, પડ દૂર કરી કાઢે તો વ્યક્ત છે. તેમ શરીરમાં છુપાયેલો આત્મા છે, તેનું કાંઈ બગડયું નથી, તે ગુપ્ત છે, અને, કર્મરહિત થતાં પ્રગટ છે. ગુપ્ત, પ્રગટ એ અવસ્થાભેદ છે. એ બંને અવસ્થામાં સ્વરૂપ તો જેવું તે તેવું જ છે. એવો શ્રદ્ધાભાવ એ જ સુખનું મૂળ છે. જેની દૃષ્ટિ પદાર્થશુદ્ધિ ઉપર નથી, કર્મદૃષ્ટિથી અવલોકે ત્યાં સુખ કેમ પામે ? જેવી દૃષ્ટિએ દેખે તેવું ફળ થાય. ૩૧૦.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૪ )

* ( આ સમ્યગ્દર્શન જ ) મોક્ષરૂપી મહેલનું પહેલું પગથિયું છે, આ સમ્યગ્દર્શન વિના જ્ઞાન ને ચારિત્ર સાચાપણું પામતા નથી, તેથી હે ભવ્ય જીવો ! આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. હે સમજુ દૌલતરામ ! સાંભળ, જાણ અને સાવધાન રહે, તારો વખત નકામો-બિનજરૂરી ગુમાવ નહિ. જો સમ્યગ્દર્શન ન થયું તો આ મનુષ્યપર્યાય ફરીને મળવી મુશ્કેલ છે. ૩૧૧.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૩, શ્લોક-૧૭ )

* પૂર્ણ, એક અચ્યુત અને શુદ્ધ એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા જ્ઞેય પદાર્થોથી જરા પણ વિક્રિયા પામતો નથી, જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી તેમ તો પછી એવી વસ્તુ સ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જીવો પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે અને રાગદ્વેષમય કેમ થાય છે ? ( એમ આચાર્યદેવે શોચ કર્યો છે. ) ૩૧૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૨૨ )

* 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણીવાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દૃઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતા પૂર્વક તેનું તેને ભાવભાસન થાય નહિ ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ. ૩૧૩.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિશતક, ગાથા-૮૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ રસ્તે ચાલતાં કોઈ ગરીબને ( કે રાહગીરને ) જો સોનાથી ભરેલો ઘડો મળી જાય તો તે તેને ગુપ્ત રાખે છે. તેમ હે ભવ્ય! તું તારી નિજાત્મભાવનાને પોતામાં ગુપ્ત રાખજે - ગુપ્તપણે તેનો અનુભવ કરજે. ૩૧૪.

( શ્રી નેમીશ્વર - વચનામૃત-શતક, શ્લોક - ૧૭ )

* જબતક પરમતત્ત્વકો ન જાને, ન શ્રદ્ધા કરે, ન અનુભવે તબતક કર્મબંધસે નહીં છૂટતા, ઈસસે યહ નિશ્ચય હુઆ કિ કર્મબંધસે છૂટનેકા કારણ એક આત્મજ્ઞાન હી હૈ, ઔર શાસ્ત્રકા જ્ઞાન ભી આત્મજ્ઞાનકે લિયે હી કિયા જાતા હૈ, જૈસે દીપકસે વસ્તુકો દેખકર વસ્તુકો ઉઠા લેતે હૈં ઔર દીપકકો છોડ દેતે હૈં; ઉસી તરહ શુદ્ધાત્મતત્ત્વકે ઉપદેશ કરને વાલે જો અધ્યાત્મશાસ્ત્ર ઉનસે શુદ્ધાત્મતત્ત્વકો જાનકર ઉસ શુદ્ધાત્મત્ત્વકા અનુભવ કરના ચાહિયે ઔર શાસ્ત્રકા વિકલ્પ છોડના ચાહિયે. શાસ્ત્ર તો દીપકકે સમાન હૈ, તથા આત્મવસ્તુ રત્નકે સમાન હે. ૩૧૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૮૨ )

***

* જેવી રીતે આંખ રૂપને ગ્રહણ કરતી થકી રૂપમય થઇ જતી નથી, તેમ જ્ઞાન જ્ઞેયને જાણતું થકું જ્ઞેયરૂપ થઇ જતું નથી. ૩૧૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ-૧, ગાથા-૨૨ )

***

* જુઓ પરિણામોની વિચિત્રતા! કે - કોઈ જીવ તો અગિયારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પામી પાછો મિથ્યાદૃષ્ટિ બની કિંચિત્‌ન્યૂન અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ સુધી સંસારમાં રખડે છે ત્યારે કોઈ જીવ નિત્યગોદમાંથી નીકળી મનુષ્ય થઇ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છૂટી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે - એમ જાણી પોતાના પરિણામ બગડવાનો ભય રાખવો તથા તેને સુધારવાનો ઉપાય કરવો. ૩૧૭.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર- ૭, પાનું - ૨૬૯ )

* હે જોગી! જેના હૈયામાં જન્મ-મરણ વગરના એક દેવ નથી વસતા તે જીવ પરલોકને ( મોક્ષને ) કઈ રીતે પામશે? ૩૧૮.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૬૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આંધળો તો કૂવામાં પડે એ અચરજ નથી પણ દેખતો પડે એ અચરજ છે, તેમ આત્મા જ્ઞાતાદષ્ટા છે અને સંસારકૂપમાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. મોહઠગે તેના માથે ઠગોરી નાખી છે તેથી તે પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહ ઠગોરીને ઉતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે કે પોતાના અખંડિત ઉપયોગનિધાનને લઈ અવિનાશી રાજ્ય કર! તારી હરામજાદીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો જાચક કંગાલ થયો છે; તારું નિધાન તારી પાસે જ હતું પણ તેં સંભાળ્યું નહિ તેથી તું દુઃખી થયો. ૩૧૯.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૬ )

***

* મારે કાંઇ પણ જાણવાનું બાકી રહ્યું નથી. દેખવાનું બાકી રહ્યું નથી. તેમ જ કાંઈ પણ આ જગતમાં સમજવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, કલ્યાણકારી, આદરવા યોગ્ય મારે કાંઈ બાકી રહ્યું નથી. કારણ કે આ જગતમાં અત્યંત પ્રયત્નપૂર્વક જાણવા યોગ્ય, દેખવા યોગ્ય, સમજવા યોગ્ય, અનુભવવા યોગ્ય, કરવા યોગ્ય. કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા, યોગ્ય, શ્રેયરૂપ પરમ કલ્યાણકારી. આદરવા યોગ્ય જો કાંઈ પણ હોય તો તે એક શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તે તો મહાભાગ્યયોગે જ્ઞાની-ભગવાનની વાણીના આરાધનથી મેં મેળવ્યું છે. માટે મને તે જ અત્યંત પ્રિય છે. ૩૨૦.

( શ્રી જ્ઞાનાભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧, ગાથા-૧૯ )

***

* શ્રી જિનેનન્દ્રકી ભક્તિ કરનેસે ભાવ શુદ્ધ હોતા હૈ. તબ વિષયોંકા ભાવ દૂર હોતા હૈ. શ્રી જિનેન્દ્રકી ભક્તિકી સહાયતાસે હી કર્મોકો જીતકર જિનપના પ્રકટ હોતા હૈ. જિનપદકા પ્રકાશ શુદ્ધોપયોગ સહિત હૈ. શુદ્ધભાવકા ધ્રુવરૂપસે પ્રગટ રહના યહી મોક્ષકા સાક્ષાત્ સાધન હૈ. ૩૨૧.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું- ૧૪૩ )

* શુદ્ધ મનસે જિનકા સ્મરણ કરો, જિનકા ચિંતવન કરો, ઔર જિનકા ધ્યાન કરો. ઉનકા ધ્યાન કરનેસે એક ક્ષણભરમેં પરમપદ પ્રાપ્ત હો જાતા હૈ. ૩૨૨.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે જિનેન્દ્ર પ્રભો! શ્રી વીર ભગવાને (અથવા વીરનંદી ગુરુએ) પ્રસન્ન ચિત્ત થઈને ઉચ્ચપદ (મોક્ષ) ની પ્રાપ્તિ માટે મારા ચિત્તમાં ઉત્તમ ઉપદેશની જમાવટ કરી છે તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી એ વાત તો દૂર રહી, પરંતુ તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ પ્રિય નથી. ૩૨૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, આલોચના અધિકાર, શ્લોક-૩૨)

* હે સખા! એવા દર્પણને તે શું કરવું કે જેમાં આત્માનું પ્રતિબિંબ ન દેખાય? મને તો આ જગત બહાવરું પ્રતિભાસે છે, – કે જેને ગૃહપતિ ઘરમાં ગૃહપતિ ઘરમાં હોવા છતાં તેનું દર્શન નથી થતું. ૩૨૪.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૨૨)

* ભવના ભયને ભેદનારા આ ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે. ૩૨૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક – ૧૨)

* જેમ કોઈ સૂર્યની સામે છત્ર ધરે તો તેથી સૂર્યને કાંઈ લાભ થતો નથી, પરંતુ છત્ર ધારણ કરવાવાળાને છાયાનું સુખ અવશ્ય મળે છે. તેમ ભગવાનની સેવા ઇન્દ્ર કરે છે, તેથી ભગવાનને કાંઈ પ્રયોજન નથી પરંતુ ભક્તિ કરવાથી ઇન્દ્રને જ તે ભક્તિ સુખનું કારણ થાય છે. ૩૨૬.

(મહાકવિ ધનંજય, વિષાપહારસ્તોત્ર, શ્લોક-૧૭)

* જો માનવોંકો પ્રસન્ન કરનોલે રાગમેં રમણતાકા પદ હૈ વહ સર્વ શ્રી જિનેન્દ્રકે ગુણોમેં રંજાયમાન હોનેવાલે જ્ઞાનસે દૂર હો જાતા હૈ. વહ જ્ઞાન વીતરાગ આત્માકા અનુભવસ્વરૂપ હૈ. ૩૨૭.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૧૪૮)

* હે જીવ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે. ૩૨૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૫૭)

* એકાંતે અર્થાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (આત્માને) સુખ કરતો નથી; પરંતુ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે. ૩૨૯.

(શ્રી કુદકુંદઆચાર્ય, પ્રવચનસાર, ગાથા-૬૬)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય એટલા માટે અશુભરાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્યનિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે. ૩૩૦.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર-૭ પાનું-૨૨૬ )

* પ્રભો ! જે માણસો ભયંકર જલોદર વિગેરે દર્દના ભારથી દુઃખી થઇ ગયા છે, અને જેમની સ્થિતિ અત્યંત શોચનીય થઇ ગઇ છે અથવા જેઓ પોતાના જીવનથી સર્વથા નિરાશ થઈ ગયા છે એવા મનુષ્યો પણ આપનાં ચરણકમળાની રજ – ધૂલ પણ પોતાના શરીર પણ લગાડવાથી કામદેવ જેવા સુંદર થઇ જાય છે. ૩૩૧.

( માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૫ )

* જે ગૃહસ્થાવસ્થામાં જિનેન્દ્ર ભગવાનનાં ચરણકમળની પૂજા કરવામાં આવતી નથી તથા ભક્તિપૂર્વક સંયમીજનોને દાન આપવામાં આવતું નથી તે ગૃહસ્થ અવસ્થાને અગાધ જળમાં પ્રવેશીને શું શીઘ્ર ડૂબાડી ન દેવી જોઇએ ? અર્થાત્ અવશ્ય ડૂબાડી દેવી જોઇએ. ૩૩૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક – ૨૪ )

***

* હે પ્રભુ ! જીવ ઔર અજીવ પદાર્થોકો જાનતે હુએ, આસ્રવ ઔર બંધકો રોકતે હુએ, નિરંતર સંવર ઔર નિર્જરાકો કરતે હુએ, મોક્ષરૂપી પ્રિયાકી ચાહ રખતે હુએ, શરીર આદિ પર પદાર્થોસે ભિન્ન નિર્મલ પરમાત્માકે સ્વરૂપકો યથાર્થરૂપસે અનુભવ કરતે હુએ, ઔર ધર્મધ્યાન ઔર સમભાવમેં શુદ્ધ મનકો લગાતે હુએ મેરા સમય વીતે. ૩૩૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૪ )

* હે જિનેન્દ્ર ! કયા આપ મેરે સાથ નહીં ચલોગે ? કયા આપ મુજે મુક્તિ પહુંચનેમેં મદદ ન દેંગે ? આપ સહકારી હૈ. આપકી મદદસે મૈં સ્વયં ઉસ મોક્ષસ્થાનકો મિલા લૂંગા. વહ સ્થાન ઐસા હૈ જહાં વીતરાગ આત્મા સ્વયં અપને શુદ્ધ જ્ઞાનકે ભીતર નિવાસ કરતા હૈ. વહી કમલ હૈ, વહી જ્ઞાનચેતનામેં રમણ હૈ, વહી વીતરાગતાકા ઘર હૈ વ રહનેકા ઠિકાના હૈ. ૩૩૪.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું- ૧૫૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિંતામણિરત્ન હોય છે, તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબુ, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી. તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ અનુભવ એવું ચિંતામણિરત્ન છે, તેનાથી સકળ કર્મક્ષય થાય છે. પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; તે સમ્યગ્દષ્ટિ જીવ શુભ-અશુભરૂપ અનેક ક્રિયા- વિકલ્પનો સંગ્રહ કરતો નથી. કારણ કે તેનાથી કાર્યસિદ્ધિ થતી નથી. ૩૩૫.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૪૪ )

* જે જીવો મનુષ્યપર્યાયમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી કોઇ પણ પ્રકારે જૈનમતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર-સમુદ્રને પાર કરાવીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતા નથી તો સમજવું જોઈએ કે તે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે. ૩૩૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. ૧, શ્લોક - ૧૬૯ )

***

* આ અલ્પ આયુષ્ય અને ચંચળ કાયાને એ ( મોક્ષ ) માર્ગમાં ખપાવી દેતાં જો પરમ શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં ચિંતામણિરત્નથી પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ. હે જીવ! સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર આરાધનાથી ઉત્તરોત્તર વૃદ્ધિ અને શુદ્ધિમાં તારા આ માનવ જીવનનો જે કાળ છે, તેટલું જ તારું સફળ આયુષ્ય છે એમ સમજ. ૩૩૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૭૦ )

* જેમ કોઈ પુરુષ દરિદ્ર છે, કરજવાન છે, તેનો ચિંતામણિ છે, ત્યારે કોઈએ કહ્યું - ચિંતામણિના પ્રભાવથી નિધિ વિસ્તરી રહ્યો છે, ફલાણાને ફળ આપ્યું છે માટે હવે તે પણ નિધિ તો લ્યો! સાક્ષાત્કાર થયે સર્વ ફળ પામશો. ત્યારે પ્રતીતિમાં તો ચિંતામણિ પ્રાપ્ત કર્યા જેવો તેને હર્ષ થાય છે. એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એકદેશમાં એવો જાણવામાં આવ્યો કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વપ્રતીતિદ્વાર આવ્યું. જેથી અશુદ્ધત્વ અંશ પણ પોતાનો નથી. ૩૩૮.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું -૧૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ કોઇ મહાન દરિદ્રીને અવલોકનાત્ર ચિંતામણિની પ્રાપ્તિ થાય છતાં તે ન અવલોકે તથા જેમ કોઇ કોઢીયાને અમૃતપાન કરાવવાં છતાં પણ તે ન કરે, તેમ સંસાર પીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા કોણ કરી શકે? તેનું તો હોનહાર જ વિચારી પોતાને સમતા આવે. ૩૩૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૧ પાનું – ૨૩ )

* જે ભવ્ય પ્રાણી ભક્તિથી જિનભગવાનના દર્શન, પૂજન અને સ્તુતિ કરતા રહે છે તે ત્રણે લોકમાં પોતે જ દર્શન, પૂજન અને સ્તુતિ યોગ્ય બની જાય છે. અભિપ્રાય એ છે કે તે પોતે પણ પરમાત્મા બની જાય છે. ૨૪૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૧૪ )

* ત્યાં સુધી પંચપદની સેવા હોય છે જ્યાં સુધી જિનપદની સેવા ન હોય. જિનપદની સેવા હોતા પોતે જ પંચપદદેવ છે. પંચપદોને વિચારતાં અને ધ્યાવતાં નિજપદની શુદ્ધિ થાય છે. નિજપદની શુદ્ધિ થતાં નિજપદ ભવજળથી પાર થવા માટે જહાજ છે. ૩૪૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, અનુભવદોહા નં, ૧૩ ૧૪ )

***

* પંચપરમેષ્ઠીકી વંદના, અપને અશુભકર્મકી નિંદા, ઔર અપરાધોંકી પ્રાયશ્ચિતાદિ વિધિસે નિવૃત્તિ, યે સબ જો પુણ્યકે કારણ હૈં, મોક્ષકે કારણ નહીં હૈં, ઇસલિયે પહલી અવસ્થામેં પાપકો દૂર કરનેકે લિયે જ્ઞાની પુરુષ ઇનકો કરતા હૈ, કરાતા હૈ. ઔર કરતે હુએકો ભલા જાનતા હૈ. તો ભી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામેં જ્ઞાની જીવ ઈન તીનોંમેસે એક ભી ન તો કરતા હૈ. ઔર ન કરતે હુએકો ભલા જાનતા હૈ. ૩૪૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૬૪ )

* હે જિનેન્દ્રભગવાન! આપ હમારે સાથે મિલકર મુક્તિપુરીકો ન ચલોગે? અર્થાત્ જબતક હમ મુક્તિકે નિકટ ન પહુંચે આપકા આલંબન વ આપકી ભક્તિ વ આપકે સ્વરૂપકા ધ્યાન આવશ્યક હૈ. ઉસ મુક્તિ મિલનેસે જિસકા અનાદિસે સંબંધ હૈ વે કર્મ ક્ષય હોય જાતે હૈં ઐસા જિનેન્દ્રકા ઉપદેશ હૈ. જો આનંદ સહિત મુક્તિકા ધ્યાન કરતે હૈ વે અનંત કર્મોકો જીત લેતે હૈ, ૩૪૩.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨ પાનું – ૧૫૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* અરે જીવ! જિનવરને તારા મનમાં સ્થાપ, વિષય-કષાયને છોડ; સિદ્ધિમહાપુરીમાં પ્રવેશ કર, અને દુઃખોને પાણીમાં ડૂબાડીને તિલાંજલિ દે. ૩૪૪.

( મુનિવર. રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૩૪ )

* આ રાગારૂપી અગ્નિ અનાદિકાળથી હમેશાં જીવને બાળી રહ્યા છે, તેથી સમતારૂપ અમૃતનું સેવન કરવું જોઇએ. વિષય – કષાયનું અનાદિ-કાળથી સેવન કર્યું છે. હવે તો તેનો ત્યાગ કરીને આત્મસ્વરૂપને ઓળખવું જોઇએ – પ્રાપ્ત કરવું જોઇએ. પરપદાર્થોમાં – પરભાવોમાં કેમ રાચી રહ્યો છે? તે પદ તારું નથી. તું દુઃખ કેમ સહન કરે છે? હે દૌલતરામ! હવે તારું આત્મપદ-સિદ્ધપદ તેમાં લાગીને સુખી થાઓ! આ અવસર ગુમાવો નહિ. ૩૪૫.

( શ્રી દૌલતરામજી, છઢાળા, ઢાળ-૬, શ્લોક – ૧૫ )

***

* હે પ્રભો! હે જિનેન્દ્ર! સમસ્ત વસ્તુઓ કે સમૂહમેં જો મનુષ્ય હેય તથા ઉપાદેયકો દેખનેવાલા હૈ ઉસ પુરુષકી દૃષ્ટિમેં “પરમાત્મા આપ હી સાર હૈ’ ઓર આપસે ભિન્ન જિતને પર પદાર્થ હૈં વે સમસ્ત સૂખે તૃણકે સમાન અસાર હૈ. ૩૪૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભજિન સ્તોત્ર, ગાથા-૫૫ )

* જે ( પર્યાયો ) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઇને વિલય પામી ગયા છે, તે ( પર્યાયો ), ખરેખર અવિદ્યમાન હોવાં છતાં, જ્ઞાન પ્રતિ નિયત હોવાથી ( જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર-ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતાં હોવાથી ) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકાં, પથ્થરના સ્તંભમાં કોતરાયેલાં ભૂત અને ભાવિ દેવોની ( તીર્થંકરદેવોની ) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે ) ( જ્ઞાનને ) અર્પતા એવા ( તે પર્યાયો ), વિદ્યમાન જ છે. ૩૪૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૩૮ )

* જ્ઞાન દૂરવર્તી પદાર્થોને – ક્ષેત્ર – કાળાદિની દૃષ્ટિએ દૂર સ્થિત પદાર્થોને – સમૂહને પણ સ્વભાવથી જાણે છે. શું લોહચુંબક દૂર રહેલ લોઢાને પોતાની તરફ ખેંચતું નથી? ખેંચે જ છે. ૩૪૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિ. -૧, ગાથા-૨૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જીવદ્રવ્યના નિપજાવેલા જે એક ચેતનમય પરિણામ છે તે પરિણામે જ પોતામાં સંસારભાવ- અશુદ્ધભાવ રચ્યો છે તેથી જીવના પરિણામ સંસારભાવના – અશુદ્ધભાવના કર્તા થાય છે. પરંતુ જીવદ્રવ્ય ક્યારેય કર્તા થતું નથી એ નિ:સંદેહ છે. પરંતુ એક વાત છે કે જીવના જે પરિણામ તે સંસારના કર્તા થયા છે તે પરિણામ આ જીવદ્રવ્યના છે તેથી વ્યવહારનયથી જીવદ્રવ્યને પણ કર્તા કહેવામાં આવે છે. ૩૪૯.

( શ્રી દીપચંદજી આત્માવલોકન, પાનું-૧૨૪ )

* હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારું અંત:કરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું. ૩૫૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૩ )

***

* લોકનો સમાગમ કરવો તે અમને દુ:ખરૂપ લાગે છે. ધનવાનોનો સમાગમ તેથી પણ વિશેષ દુ:ખરૂપ લાગે છે અને ભૂપતિને મળવું તે તો મરણતુલ્ય દુ:ખદ લાગે છે. એકલી એકાંતદશા અમને પ્રિય લાગે છે. ઈચ્છારૂપી અગ્નિથી મૂર્ખ જીવો બળી રહ્યાં છે, ઈચ્છા રહિત નિ:સ્પૃહી મહા સુખી છે. દ્યાનતરાયજી કહે છે કે જ્ઞાની નિ:સ્પૃહ નિર્વાંછક થઈને કર્મની સર્વ પ્રવૃત્તિને ટાળે છે. ૩૫૧.

( દ્યાનત વિલાસ, સવૈયા-૨૩ )

* અસંયત સમ્યગ્દષ્ટિ-મનુષ્યોનું પ્રમાણ સાતસો કરોડ માત્ર છે. ૩૫૨.

( શ્રી ધવલા, પુસ્તક-૫, પાનું – ૨૭૬ )

* નિર્મમતા ચિંતવવા માટે કલેશ થતો નથી. પરની યાચના કરવી પડતી નથી, કોઈની ખુશામત કરવી પડતી નથી, કાંઈ ચિંતા થતી નથી. તેમ જ કાંઈ ધનાદિ ખર્ચવું પડતું નથી. માટે નિર્મમત્વભાવની સતત ચિંતવના કરવી. ૩૫૩.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૦, ગાથા-૧૭ )

* વધુ કેટલું કહેવું? –સ્વર્ગથી ચ્યુત થવાની પહેલાં મિથ્યાદષ્ટિ દેવને તીવ્ર દુ:ખ થાય છે તે નારકીને પણ નથી હોતું. ૩૫૪.

( શ્રી જિનસેન આચાર્ય, મહાપુરાણ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* દેવાલયના પાષાણ, તીર્થનું જળ કે પોથીનાં સર્વે કાવ્યો વગેરે જે વસ્તુઓ ખીલેલી દેખાય છે તે બધી કાળરૂપી અગ્નિનું ઇંધન થઇ જશે. ૩૫૫.

( મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૬૧ )

* કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલા સંસારનાં બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઇ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. ૩૫૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૮૦ )

* જે સંસારભયથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તે સંસારભયથી જે રહિત છે તે મોટો સુભટ છે. ૩૫૭.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૧, પાનું – ૨૪ )

***

* પં. બનારસીદાસજી કહે છે – હે ભાઇ ભવ્ય! મારો ઉપદેશ સાંભળો કે કોઇ પણ ઉપાયથી અને કોઇ પણ પ્રકારનો બનીને એવું કામ કર, જેથી માત્ર અંતર્મુહૂર્તને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગ્રત થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમ રસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. ૩૫૮.

( શ્રી બનારસીદાસ, નાટક સમયસાર, જીવદ્વાર, પદ–૪ )

* આત્મા મૂર્તિ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ) રહિત હોવા છતાં પણ, શરીરમાં સ્થિત હોવા છતાં પણ તથા અદશ્ય અવસ્થાને પ્રાપ્ત હોવા છતાં પણ નિરંતર "अहम्" અર્થાત્ "હું" આ ઉલ્લેખથી સ્પષ્ટપણે પ્રતીતિમાં આવે છે. એવી અવસ્થામાં હે ભવ્ય જીવો! તમે આત્મોન્મુખ ઇન્દ્રિય સમૂહથી સંયુક્ત થઇને કેમ મોહને પ્રાપ્ત થાવ છો? ગુરુની આજ્ઞાથી પણ ભ્રમ છોડો અને અભ્યંતરમાં નિશ્ચળ મનથી તે આત્માનું અવલોકન કરો. ૩૫૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. –૧, શ્લોક – ૧૩૬ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જેમ મોહથી મત્ત મન, કંચન અને કામિનીમાં રમે છે તેમ જો પોતાના શુદ્ધ આત્મામાં ( રમે તો ) મોક્ષ સમીપ શીઘ્ર શું ન આવે ? મુક્તિ સમીપવર્તી કેમ ન થાય ? ૩૬૦.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૭ )

∗ ઇન્દ્રિયસુખના ભાજનોમાં પ્રધાન દેવો છે; તેમને પણ ખરેખર સ્વાભાવિક સુખ નથી; ઉલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે; કારણ કે તેઓ પંચેન્દ્રિયાત્મક શરીરરૂપ પિશાચની પીડા વડે પરવશ હોવાથી ભૃગુપ્રપાત ( એટલે કે અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ ) સમા મનોજ્ઞ વિષયો તરફ ધસે છે. ૩૬૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૭૧ )

∗ હે આત્મન્ ! તૂ જિસ પ્રકાર કામકે બાણોંસે પીડિત હોકર સ્ત્રીકે સંયોગસે પ્રાપ્ત હોનેવાલે સુખકે વિષયમેં અપને ચિત્તકો કરતા હૈ ઉસી પ્રકાર યદિ મુક્તિ કે કારણભૂત જિનેન્દ્રકે દ્વારા ઉપદિષ્ટ મત્તકે વિષયમેં ઉસ ચિત્તકો કરતા તો જન્મ, જરા ઔર મરણકે દુઃખસે છૂટકર કિસ કિસ સુખકો ન પ્રાપ્ત હોતા- સબ પ્રકારકે સુખકો પા લેતા. ઐસા ઉત્તમ સ્થિર બુદ્ધિસે વિચાર કરકે ઉક્ત જિનેન્દ્રકે મતમેં ચિત્તકો સ્થિર કર. ૩૬૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક - ૪૦૬ )

∗∗∗

∗ જેટલો અનુરાગ વિષયોમાં કરે છે - મિત્ર, પુત્ર, ભાર્યા અને ધન - શરીરમાં કરે છે તેટલી રુચિ- શ્રદ્ધા-પ્રતીતિભાવ સ્વરૂપમાં તથા પંચપરમ ગુરુમાં કરે તો મોક્ષ અતિ સુગમ થાય. જેમ સંધ્યાનો લાલ સૂર્ય અસ્તતાનું કારણ છે તથા પ્રભાતની સંધ્યાની લાલાશ સૂર્યોદયને કરે છે. તેમ વિવિધ પરમગુરુ વિના શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે અને પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. એવો પંચપરમગુરુ-રાગ છે. ૩૬૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૯૩ )

∗ કર્મરૂપી શત્રુઓંકો પકડનેકી ઈચ્છા કરનેવાલે બુદ્ધિમાનોંકો સંસાર, ભોગ ઔર શરીરમેં વૈરાગ્ય બડી બુદ્ધિમાનીકે સાથ સદા ભાવના યોગ્ય હૈ. ૩૬૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમ્મુચય, શ્લોક- ૧૨૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે આત્મન્! જેમ પરપદાર્થોને પ્રતિદિન તું સ્મરે છે તેમ જો શુદ્ધ આત્મસ્વરૂપને સ્મરે તો મોક્ષ શું તને હસ્તગત ન થાય? ૩૬૫.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૫, ગાથા-૬ )

* માતાના ગર્ભમાં રહેવાથી જે દુઃખી થાય છે તે નરકની માફક અતિશય તીવ્ર હોય છે તથા કુંભીપાક સમાન હોય છે. ( ઘડાની માફક શરીરને અગ્નિમાં નાંખે છે. ) નરકમાં નારકી જીવ અન્ય નારકીને ખૂબ રીબાવી-રીબાવીને બાળે છે તેવું દુઃખ ગર્ભમાં જીવને થાય છે. વળી ગર્ભાશય રુધિરથી અતિશય ધૃણાસ્પદ હોય છે. એવા ગર્ભમાં મારે રહેવું પડશે એવો ભય જેના મનમાં ઉત્પન્ન થવાથી, તેનાથી દૂર રહેવા માટે મુનિરાજ હંમેશા જિનવાણીના ચિંતનમાં તત્પર થાય છે. ૩૬૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અણગાર ભાવના, ગાથા-૪૧ )

***

* જેના ગર્ભાવતરણ પહેલાં સર્વોત્કૃષ્ટ રિદ્ધિનો સ્વામી ઇન્દ્ર બે કર જોડી પર્ણ વિનીત પરિણામે કિંકરની જેમ જેને વંદન કરે છે, વળી જે મહાન આત્મા યુગસ્રષ્ટા છે, ચક્રવર્તી જેવા જેના બારણ પનોતા વિશિષ્ટ પુણ્યવાન પુત્ર છે, એવા શ્રી આદિનાથ સ્વામીએ ક્ષુધાવંતપણે પૃથ્વી વિષે ઘેર ઘેર આહાર અર્થે પરિભ્રમણ કર્યું. અહો! વિધાતા ( કર્મ ) નો વિલાસ ખરેખર આશ્ચર્ય પમાડે છે, અતિશય અલંઘ્ય, કોઈથી મટાડી શકાય નહિં એવો મહા સમર્થ છે. ૩૬૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૯ )

***

* પોતે કરેલાં કર્મનાં ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ ( સ્ત્રી-પુત્ર-મિત્રાદિક ) સુખ દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે ( માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી -પુત્ર મિત્રાદિક ) ધૂતારાની ટોળી તને મળી છે. ૩૬૮.

( શ્રી સોમદેવ, યશસ્તિલક ચંપૂ. અધિકાર બીજો, શ્લોક-૧૧૯ )

* ઘેલા લોકો તને ઘેલો - ગાંડો કહે તો તેથી તું ક્ષુબ્ધ થઇશ મા, લોકો ગમે તેમ બોલે, તું તો મોહને ઊખેડીને મહાન સિદ્ધિનગરીમાં પ્રવેશ કરજે. ૩૬૯.

( મુનિવર રામસિંહ, પાહુડ- દોહા, ગાથા-૧૪૩ )

* પૈસા, કુટુંબ, હાથી, ઘોડા, રાજ્ય તો પોતાના કામમાં આવતાં નથી પણ સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે– જે પ્રાપ્ત થયા પછી અચળ રહે છે, તે સમ્યગ્જ્ઞાનનું કારણ આત્મા અને પરવસ્તુઓનું ભેદવિજ્ઞાન કહ્યું છે; તેથી હે ભવ્ય જીવો! કરોડો ઉપાયો કરીને તે ભેદવિજ્ઞાનને હૃદયમાં ધારણ કરો. ૩૭૦.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ–૪, શ્લોક–૬ )

* મૈં એક ચૈતન્યમયી હૂં, ઔર કુછ અન્યરૂપ કભી નહીં હોતા હૂં. મેરા કિસી ભી પદાર્થસે કોઈ સંબંધ નહીં હૈ યહ મેરા પક્ષ પરમ મજબૂત ઐસા હી હૈં. ૩૭૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વસપ્તતિ, શ્લોક–૫૪ )

* * *

* દયારહિત યમરાજ જો મરણસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હૈ. ઇસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઈસલિયે તૂ ઇસ સુખકી ઈચ્છા ન કર. જો મર ગયા નષ્ટ હો ગયા ઉસકા શોચ કરને પર લૌટકર નહીં આતા હે ઇસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બે મતલબ કામ કિસલિયે કરેંગે ? ૩૭૨.

( શ્રી અમિગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૭૩ )

* * *

* ઘણો લાંબો સમય અતિચાર રહિત જ્ઞાન–દર્શન–ચારિત્ર વિષે પ્રવૃત્તિ કરીને પણ કોઈ પુરુષ મરણ સમયે ચાર આરાધનાનો વિનાશ કરીને અનંત સંસારી થતાં ભગવાને જોયેલ છે માટે મરણ સમયે જેમ આરાધના બગડે નહિ તેમ યત્ન કરો. ૩૭૩.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૫ )

* (સંસારસે વૈરાગ્ય હોને પર ચક્રવર્તી સોચતા હૈ કિ) યહ ચક્રવર્તીકા સામ્રાજ્ય કુમ્હારકી જીવનીકે સમાન હૈ ક્યોં કિ જિસ પ્રકાર કુમ્હાર અપના ચક્ર (ચાક) ઘુમાકર મિટટીસે બને હુએ ઘડે આદિ વર્તનોંસે અપની આજીવિકા ચલાતા હૈ, ઉસી પ્રકાર ચક્રવર્તી ભી અપના ચાક (ચક્રરત્ન) ઘુમાકર મિટ્ટીસે ઉત્પન્ન હુએ રત્ન યા કર આદિસે અપની આજીવિકા ચલાતા હૈ– ભોગોપભોગકી સામગ્રી જુટાતા હૈ ઈસલિયે ઈસ ચક્રવર્તી કે સામ્રાજ્ય કો ધિક્કાર હૈ. ૩૭૪.

( શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, ભાગ–૨, શ્લોક–૨૩૫ )

* અરેરે! સંસારમાં ભમતાં જીવને નથી તો સંત દેખાતા કે નથી તત્ત્વ દેખાતું; અને પરની રક્ષાનો ભાર ખભે લઇને ફરે છે! ઇન્દ્રિયો અને મનરૂપી ફોજને સાથે લઇને પરની રક્ષા માટે ભમ્યા કરે છે! ૩૭૫,

( મુનિરાજ રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૯૧ )

* જેનાથી અનાદિ મિથ્યાત્વરોગ મટે એવા નિમિત્તોનું મળવું તો ઉત્તરોત્તર મહાદુર્લભ જાણી આ ( હડકા ) નિષ્કૃષ્ટકાળમાં જૈનધર્મનું યથાર્થ શ્રદ્ધાનાદિ થવું તો કઠણ છે જ, પરંતુ તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નીરોગી, ધનવાન, નિર્ધન; સુક્ષેત્રી તથા કુક્ષેત્રી ઇત્યાદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. ૩૭૬.

( શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું -૪ )

***

* જગતમાં બીજા જીવોની ચોકી વિના આત્મગુણો ધરનાર જીવો બહુ અલ્પ છે. બહુધા જગતવાસી જીવો લોકનિંદાના ભયથી જ પૂર્વ મહાપુરુષોએ યોજેલી સુંદર બાહ્ય મર્યાદામાં પ્રવર્તે છે. અને તે પણ હિતકારક છે. ભગવાનનો અને આત્મમલિનતાનો જીવને જેટલો ભય નથી એટલો જગતનો ભય જીવોને મર્યાદામાં રાખી રહ્યો છે, બાકી સર્વ જીવો મનોયોગ પ્રમાણે કાયયોગને જો મોકળો મૂકે તો જગતની અને જગત-વાસી જીવોની કેટલી અકથ્ય અંધા-ધૂંધી થાય? દુર્જનો એક રીતે સજ્જનોની સજ્જનતાના દરમાયા વિનાના ( વગર પગારના ) રખાવાળ છે, તેથી જ મહાપુરુષો કહે છે કે – " જગત એક રીતે ગુરુની ગરજ સારે છે. " ૩૭૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૪૦ )

***

* ઘણા લાંબા સમયથી જે ઘડામાં મળ-મૂત્ર ભર્યા હોય તે ઘડાને જળથી ધોવા છતાં તેમાંથી દુર્ગંધ જતી નથી. તેમ સમ્યક્ત્વરૂપી જળથી જ્ઞાનામૃતસ્વરૂપ ઘટને ધોવા છતાં વિષયજન્ય વાસનાના સંસ્કાર જતાં તેથી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને, જેમ રોગીને ઔષધી સેવનની રુચિ નથી છતાં રોગવશ ઔષધીનું સેવન કરવું પડે છે તેમ વિષયોની રુચિ નહિ હોવા છતાં, વાસનાના સંસ્કારવશ વિષયોનો ત્યાગ થઇ શકતો નથી. ૩૭૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૩૯-૧૪૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મિથ્યાદૃષ્ટિ જીવને જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે એ આશ્ચર્ય છે! ભાવાર્થ આમ છે કે સહજ જીવ-અજીવ ભિન્ન છે એવું અનુભવતાં તો બરાબર છે, સત્ય છેઃ મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઇ રીતે આવે છે તે મોટો અચંબો છે! ૩૭૯.

( શ્રી રાજમલ્લજી કળશટીકા, કળશ-૪૩ )

* * *

* હે પ્રાણી! પ્રાયેઃ પ્રત્યેક પ્રાણીયોનાં અંતઃકરણ એ આશારૂપ મહાન, ગહન; ગંભીર અને અતિ ઊંડા ગર્ત ( કૂવા ) છે. વળી તે અમર્યાદિત છે, જેમાનાં એક ર્ગતમાં આ ત્રણ લોકની સમસ્ત વિભૂતિ માત્ર એક અણુ સમાન સૂક્ષ્મપણે વર્તે છે, અને જગતવાસી પ્રાણીયો તો અનંતતાનંત છે, તો એ ત્રણલોકની સમસ્ત વિભૂતિની વહેંચણી કરતાં કોને કોને કેટલી કેટલી આવે? અર્થાત્ ત્રણલોકની સમસ્ત વિભૂતિ કદાચ એક પ્રાણીના હાથમાં આવી જાય, તોપણ તેની તૃષ્ણા શાંત થાય નહિ. ધનાદિ સર્વ સંપત્તિ જગતમાં સંખ્યાત છે, જ્યારે તેના ગ્રાહક અનતાનંત છે. માટે હે આત્મા! તારી એ વિષયની આકાંક્ષા વ્યર્થ છે. ૩૮૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૩૬ )

* * *

* શુભ-આચરણરૂપ કર્મ અને અશુભ-આચરણરૂપ કર્મ-એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થાથી પ્રવર્તતાં; મુનિઓ કાંઈ અશરણ નથી. ( કારણ કે ) જ્યારે નિષ્કર્મ અવસ્થા ( નિવૃત્તિ અવસ્થા ) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું – રમણ કરતું – પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે. તેઓ તે જ્ઞાનમાં લીન થયાં થકાં પરમ અમૃતને પોતે અનુભવે છે – આસ્વાદે છે. ૩૮૧.

( શ્રી અમૃતાચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા. કળશ-૧૦૪ )

* સાધુ પુરુષનું ચિત્ત એક પાકો ( શ્વેત ) વાળ દેખવાથી જ શીઘ્ર વૈરાગ્ય પામી જાય છે. પરંતુ એનાથી વિપરીત અવિવેકી મનુષ્યની તૃષ્ણા પ્રતિદિન વૃદ્ધત્વ સાથે વધતી જાય છે અર્થાત્ જેમ જેમ તેની વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ ઉત્તરોત્તર તેની તૃષ્ણા પણ વધતી જાય છે. ૩૮૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ, -૧, શ્લોક-૧૭૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, 'પીંજણને ચોંટેલ રૂ, ના ન્યાયે નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ ( પ્રીતિરૂપ ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના કલેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૩૮૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૭૦ )

* * *

* જેમ શિકારીના ઉપદ્રવ વડે ભયભીત થયેલું સસલું અજગરના ખુલ્લાં મોઢાને દર – બિલ જાણી પ્રવેશ કરે છે તેમ અજ્ઞાની જીવ ક્ષુધા, તૃષા, કામક્રોધાદિક તથા ઇન્દ્રિયના વિષયની તૃષ્ણાના આતાપ વડે સંતાપિત થઇને વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે; તેમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિક ભાવપ્રાણનો નાશ કરી નિગોદમાં અચેતનતુલ્ય થઇને અનંતવાર જન્મ-મરણ કરતો થકો અનંતકાળ વ્યતીત કરે છે કે જ્યાં આત્મા અભાવતુલ્ય જ છે. ૩૮૪.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૧૨૧, સદાસુખજીની ટીકા, પાનું- ૬૦૯ )

* * *

* મારું આયુષ્ય ઘણું લાંબુ છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિત થઇને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતાં કરતાં આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. ૩૮૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ, -૧, શ્લોક-૧૭૦ )

* સમ્યગ્દષ્ટિને લિખને યોગ્ય, ગ્રહણ કરને યોગ્ય, અનુભવ કરને યોગ્ય અપને આત્માકે સ્વભાવકો અનુભવ કર લિયા હૈ. વહ આત્મિક પદકે ભીતર જમનેમેં વિચક્ષણ હો ગયા હૈ. ભેદવિજ્ઞાનકી કલાસે સમ્યક્ત્વીકે ભીતર સ્વાનુભવકી કલા જગ ગઈ હૈ. ઉસને ઉદ્યોતરૂપ આત્મદર્શનકો દેખ લિયા હૈ તથા પ્રકાશમાન અપને પ્રિય પરમાત્મ સ્વભાવકો પ્રગટ કરનેકા પ્રેમ ઉસને પ્રાપ્ત કર લિયા હૈ. ૩૮૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૧૧૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* એક પોતાના આત્મા સિવાય અન્ય કોઈ વેરી નથી. માટે હે યોગી! જે ભાવથી તેં કર્મોનું નિર્માણ કર્યું તે પરભાવને તું મટાડ. ૩૮૭.

( મુનિરાજ રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૧૭ )

* આ સંસારમાં વિષયાંધ જીવોએ કૌતુહલપૂર્વક ભોગવી ભોગવીને છોડેલાં પદાર્થોને મોહમૂઢ જીવ ફરી ફરી ઈચ્છે છે. તું એ પરવસ્તુરૂપ ભોગાદિમાં એટલો તીવ્ર રાગી થયો છે કે તેને તું વારંવાર આશ્ચર્યયુક્ત અને મહત્ત્વપૂર્ણ દૃષ્ટિએ જોઈ રહ્યો છે કે જાણે આ ક્ષણ પહેલાં એ ભોગાદિ પદાર્થો પૂર્વે મેં ક્યારેય દીઠાં નથી કે અનુભવ્યાં નથી. પણ ભાઈ! એ ભોગાદિ પદાર્થો તેં પૂર્વે અનંતવાર ભોગવ્યાં છે. અરે! તેં એકલાએ જ નહિ પણ અનંત જીવોએ અનંતવાર તારા જ વર્તમાન અભિલાષીત ભોગાદિક પદાર્થો ભોગવ્યાં છે અને છોડયા છે. પણ ભાઈ! તેની તને કાંઈ પણ સુધ રહી નથી, તેથી જ એ તારી તથા બીજાં અનંત જીવોની અનંતવાર છોડેલી ઉચ્છીષ્ટ (એંઠ) ને તું વારંવાર ફરી ફરી આદરયુક્ત ભાવે અને આશ્ચર્યયુક્તપણે ગ્રહણ કર્યા કરે છે. ૩૮૮.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૫૦ )

***

* વિદ્વાન સાધુની બુદ્ધિરૂપી નદી આગમમાં સ્થિત થઈને નિરંતર ત્યાં સુધી જ આગળ આગળ દોડે છે જ્યાં સુધી તેનું હૃદય ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનાં જ્ઞાનથી ભેદાતું નથી. ૩૮૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્દબોધ ચંદ્રોદય, ગાથા-૩૬ )

* જેમ કોઈ નિશાચરોના નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળા હોવાથી, અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપ – પ્રકાશાદાદિકથી કાંઈ પ્રયોજન નથી (અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી), તેમ – જો કે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (આશ્રય) કરે છે તોપણ – સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે? ૩૯૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૬૭ )

* જો યોગી ધ્યાની મુનિ વ્યવહારમેં સોતા હૈં, વહ અપને સ્વરૂપકે કામમેં જાગતા હૈ ઔર જો વ્યવહારમેં જાગતા હૈ, વહ અપને આત્મકાર્યમેં સોતા હૈ, ૩૯૧.

( શ્રી કુંદકુંદાચાર્ય મોક્ષપાહુડ, ગાથા-૩૧ )

* હે જીવ! આત્મકલ્યાણને અર્થે કંઇક યત્ન કર! કર! કેમ શઠ થઇ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ – એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઇને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડયા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. ૩૯૨.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૭૮ )

* * *

* ચેતના શુદ્ધજીવનું સ્વરૂપ છે. તેને જાણ્યે જ્ઞાતા-જીવને આવા ભાવ થાય છે – હવે મેં શુદ્ધચેતનાનું સ્વરૂપ જાણ્યું. હું જ્ઞાનદર્શનચારિત્રરૂપ છું, વિકારરૂપ હું નથી, સિદ્ધ સમાન છું, બંધ, મોક્ષ, આસ્રવ, સંવરરૂપ હું નથી, હવે હું સંસારથી ભિન્ન થયો, સ્વરૂપગજ ઉપર હું આરૂઢ થયો, સ્વરૂપગૃહમાં પ્રવેશ કર્યો. આ સંસારપરિણામોનો હું તમાસગીર થયો. હવે હું પોતે પોતાના સ્વરૂપને દેખું જાણું, એટલો વિચાર તો વિકલ્પ છે અને જ્ઞાનો પ્રત્યક્ષ રસ વેદવો તે ભાવમાં અનુભવ છે, વિચાર પ્રતીતિરૂપ સાધક છે, અનુભવનો ભાવ સાધ્ય છે. સાધક-સાધ્યભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય. ૩૯૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૪૬ )

* * *

* એક ઘડી કે અર્ધ ઘડી પણ દરરોજ જિનાકાર ( જિનસ્વરૂપ ) જેવા પોતાના સ્વરૂપનું અનુસંધાન ( ધ્યાન ) કરવું જોઇએ; જેથી ભવોભવના કર્મોના ઢગલા પણ એવી રીતે વિલીન થઈ જશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થતાં જ અંધકાર વિલીન થઈ જાય છે. ૩૯૪.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૨૮ )

* તત્ત્વદૃષ્ટિથી જોતાં, રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. ૩૯૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૧૯ )

* માનવોંકે જો જો સ્વભાવ કહે ગયે હૈં વે વે અશુભ જ્ઞાનકો યા શુભ જ્ઞાનકો અનુભવ કરતે હૈં, જો કોઈ ભી માનવ શુદ્ધ જ્ઞાનકે ધારી હૈ ઉનકા વિજ્ઞાન યા ભેદવિજ્ઞાન અપને આત્માકો નિશ્ચયસે પરમાત્મારૂપ જાનતા હૈ યા અનુભવ કરતા હૈ. ૩૯૬.

( તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૭ )

* સંસારપરિણમી મોહમુગ્ધ જીવને પોતાના અસ્તિત્વનો નિશ્ચય કરવાનો કે તેના અસાધારણ ધર્મો પ્રત્યે ઉપયોગને પ્રેરી 'હું જીવ છું.' એ પ્રકારનો સમ્યક્ નિર્ણય કરવાનો અનાદિ મોહ આડે અવકાશ કયાં છે? નહિ તો પોતાથી પોતાનો નિર્ણય ન થાય એટલો બધો જીવ પદાર્થ કાંઈ અંધારે પડયો નથી. વાસ્તવ્ય વિચારે સ્પષ્ટ સમજાય એટલો બધો સ્વયં પ્રકાશિત પદાર્થ છે. ૩૯૭

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૪૧ )

* તત્ત્વનું અવલંબન કરનાર એવા મને જે પરદ્રવ્યનું પરિજ્ઞાન પુસ્તકોથી થાય થાય તે પણ હેય છે; તો પરદ્રવ્ય કેમ હેય ન હોય? ૩૯૮.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૫, ગાથા-૧૩ )

***

* જો શુભોપભોગજન્ય ઉદયગત પુણ્યની સંપદાવાળા દેવાદિક (અર્થાત્ શુભોપયોગજન્ય પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી ઋદ્ધિવાળા દેવો વગેરે) અને અશુભોપયોગજન્ય ઉદયગત પાપની આપદાવાળા નારાકાદિક એ બંનેય સ્વાભાવિક સુખના અભાવને લીધે અવિશેષપણે (તફાવત વિના) પંચેન્દ્રિયાત્મક શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે, તો પછી પરમાર્થે શુભ-અશુભ ઉપયોગની પૃથકત્વવ્યવસ્થા ટકતી નથી. ૩૯૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર – ટીકા, ગાથા-૭૨ )

* હે જીવ! દેહનાં જરા-મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્માને તું અજર-અમર પરમ બ્રહ્મ જાણ. ૪૦૦.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૩૩ )

* જ્ઞાનમયી નિજતત્ત્વ સિવાય અન્ય સર્વ ભાવો પરગત છે, (માટે) તેમને છોડીને શુદ્ધ સ્વભાવવાળા પોતાના આત્માની જ ભાવના કરવી જોઇએ. ૪૦૧.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૩ )

* જેમ નિશ્ચયથી ( ખરેખર ) જેણે સિંહને જાણ્યો નથી તેને બિલાડી જે સિંહરૂપ થાય છે તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે અર્થાત્ તેઓ વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે. ૪૦૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાથ સિદ્ધિ ઉપાય, શ્લોક-૭ )

* જે મોક્ષના સાચા કારણને તો જાણતો નથી, અને માત્ર અક્ષરના જ્ઞાનવડે જ ગર્વિત થઇને ફરે છે તે તો, જેમ વંશ વગરનો વેશ્યાપુત્ર જ્યાં-ત્યાં હાથ લંબાવીને ભીખ માંગતો ભટકે, તેના જેવો છે. ૪૦૩.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૮૬ )

* આ સાક્ષાત્ ( સર્વ પ્રકારે ) સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલિબ્ધ ભેદવિજ્ઞાનથી જ થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે. ૪૦૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ- ૧૨૯ )

* જો સિદ્ધ હો ચૂકે હૈં. ભવિષ્યમેં હોંગે ઔર વર્તમાનમેં હોતે હૈં, વે સબ નિશ્ચયસે આત્મદર્શનસે હી સિદ્ધ હુએ હૈં - યહ ભ્રાંતિરહિત સમજો. ૪૦૫.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૦ )

* શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સાથે અણમળતા છે જે રાગાદિ અશુદ્ધભાવ, શરીર આદિ, સુખદુઃખ આદિ નાના પ્રકારના અશુદ્ધ પર્યાયો, તે બધાં જીવદ્રવ્યસ્વરૂપ નથી. કેવા છે અશુદ્ધભાવ? મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સાથે મળતા નથી. શા કારણથી? કારણ કે જિનસ્વરૂપને અનુભવતાં, જેટલા છે રાગાદિ અશુદ્ધ વિભાવપર્યાયો તે મને પરદ્રવ્ય છે, કેમ કે શુદ્ધ ચૈતન્યલક્ષણ સાથે મળતા નથી, તેથી સમસ્ત વિભાવ પરિણામ હેય છે. ૪૦૬.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૮૫ )

* 'હું પરનો નથી, પર મારાં નથી, હું એક જ્ઞાન છું' એમ જે ધ્યાવે છે, તે ધ્યાતા ધ્યાનકાળે આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે. ૪૦૭.

( શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા -૧૯૧ )

* નખથી માંડીને શિખા સુધી આ આખા દેહમાં હું જ નર ચેતનરૂપ વસુ છું. જે ક્ષણે હું મને જ જોઊં છું તે ક્ષણે હું ચેતનભૂપ છું. ૪૦૮.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું - ૧૬૧ )

* શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના (વિપરીત કલ્પના) તે મિથ્યાદષ્ટિને હંમેશા હોય છે. સમ્યગ્ષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ. ૪૦૯.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૨)

* શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે – એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. ૪૧૦.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનર્ણવ, સર્ગ-૬, ગાથા-૫૭)

***

* અબ મૈંને ઉસ ઇષ્ટ પ્રિય વસ્તુકો દેખ લિયા હૈ જિસકે લિયે મેરા ઉદ્દેશ્ય થા, જિસકે લિયે મેરી ચાહ થી, અર્થાત્ મૈં શુદ્ધ સ્વરૂપકા અનુભવ ચાહતા થા સો મુજે સમ્યગ્દર્શનકે લાભસે શુદ્ધાત્માકા દર્શન યા અનુભવ હો ગયા હૈ. આત્માકા દર્શન હોતે હી માનો મેરે પ્રગટ સર્વ બંધન વિલા ગયે હૈં. અર્થાત્ મૈંને શરીર વ કર્મોકે બંધનોકો પર અનુભવ કિયા હૈ, નિશ્ચયનયસે મુજબ મેરેમેં યહ બંધન દિખતે હી નહિ, મૈં અપનેકો બંધન મુક્ત અનુભવ કર રહા હું. અનંત ગુણધારી આત્માકી રુચ હોનેસે હી દર્શનમોહનીયકર્મકા અંધકાર દૂર હો ગયા હૈ. ૪૧૧.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું -૧૯૭)

***

* મોક્ષાભિલાષીઓ માટે ચૈતન્યસ્વરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે, આત્માથી અન્ય કોઇ પણ મોક્ષમાર્ગ નથી તથા આનંદ પણ આત્મામાં જ છે પરંતુ તેના સિવાય અન્ય કયાંય પણ આનંદની પ્રતીતિ થતી નથી, માટે ભવ્ય જીવોએ તેનું ધ્યાન કરવું જોઇએ. ૪૧૨.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૪૬)

* જો શુદ્ધ આત્માકો અશુચિ શરીરસે ભિન્ન સમજતા હૈ, વહ શાશ્વત સુખમેં લીન હોકર સમસ્ત શાસ્ત્રોંકો જાનતા હૈ. ૪૧૩.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૯૫)

* પર-અવલંબન દુઃખ છે, સ્વ-અવલંબન સુખરૂપ છે, આ પ્રગટ લક્ષણને ઓળખીને સુખના ભંડારરૂપ પોતાને અવલંબવું. ૪૧૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું – ૧૬૨ )

* વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અુનભવશીલ જીવ જેવું અનુભવે તેવું કહે છે – માટે દ્રવ્ય પિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમનરૂપ જેટલા વિભાગરૂપ અશુદ્ધ પરિણામ તે બધાં સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે – સમસ્ત વિકલ્પોથી રહિત ચૈતન્યના સમૂહરૂપ ઉદ્યોતનો સમુદ્ર હું છું. ૪૧૫.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ – ૩૦ )

* જિનેન્દ્રભગવાનકા કહા હુઆ હુઆ ઉપભોગ યહ હૈ કિ સંસારમેં ભ્રમણ કરાનેવાલે પાંચો ઇન્દ્રિયોંકે વ મનકે ઉપભોગોંકો ત્યાગ કરકે જિનવાણીકે અક્ષરોકે વ વાક્યોંકો ભલે પ્રકાર જાના જાવે તથા અપને ભીતર આત્માકો શુદ્ધ પરમાત્માકે સમાન અનુભવ કિયા જાવે. ૪૧૬.

( તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૪૯૪ )

* દેવદેવળમાં જે શક્તિ સહિત દેવ વસે છે, હે યોગી ! તે શક્તિમાન શિવ કોણ છે ? એનો ભેદ તું જલ્દી ગોતી કાઢ. ૪૧૭.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૫૩ )

* જો જીવ પરદ્રવ્યમેં રત હૈ, રાગી હૈ, વહ તો અનેક પ્રકારકે કર્મોસે બંધતા હૈ કર્મોકા બંધ કરતા હૈ ઔર જો પરદ્રવ્યસે વિરત હૈ રાગી નહીં હૈ, વહ અનેક પકારકે કર્મોસે છુટતા હૈ, યહ બંધકા ઔર મોક્ષકા સંક્ષેપમેં જિનદેવકા ઉપદેશ હૈ. ૪૧૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૩ )

* સૂર્યકાંતમણિની માફક ( અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપ પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં નિમિત્ત પરસંગ જ ( -પરદ્રવ્યનો સંગ જ ) છે, – આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. ( સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઇએ કરેલો નથી. ) ૪૧૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૭૫ )

* ભાવકર્મ જે મોહારાગદ્વેષરૂપ- અશુદ્ધ ચેતનારૂપ-પરિણામ, તે અશુદ્ધ પરિણામ વર્તમાનમાં જીવની સાથે એક પરિણમનરૂપ છે, તથા અશુદ્ધ પરિણામની સાથે વર્તમાનમાં જીવ વ્યાપ્ય વ્યાપકરૂપ પરિણમે છે. તેથી તે પરણામોનો જીવથી ભિન્નપણાનો અનુભવ કઠણ છે, તોપણ સુક્ષ્મ સંધિનો ભેદ પાડતાં ભિન્ન પ્રતીતિ થાય છે. ૪૨૦.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૮૧ )

* પરમાત્મતત્ત્વના પ્રતિપાદક શાસ્ત્રના માત્ર એક જ વચન વડે પણ જે સારભૂત આત્મતત્ત્વને જાણે છે તે તો શાસ્ત્રસમુદ્રનો પાર પામશે; પણ બીજા આત્મજ્ઞાન વગર દિનરાત ભણીને થાકી જાય તોપણ શાસ્ત્રનો કે ભવનો પાર નહિ પામે. ૪૨૧.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૪૯ )

* "મારું એમ મંતવ્ય છે કે- આત્મા જુદો છે અને તેની પાછળ જનારું કર્મ જુદું છે; આત્મા અને કર્મની અતિ નિકટતાથી જે વિકૃતિ થાય છે તે પણ તેવી જ રીતે (આત્માથી) જુદી છે; વળી કાળ-ક્ષેત્રાદિક જે છે તે પણ (આત્માથી) જુદાં છે. નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યન્ત જુદે જુદાં છે)." ૪૨૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૭૯ )

* * *

* નરભવ કાંઈ સદા તો રહે નહિ, સાક્ષાત્ મોક્ષસાધન જ્ઞાનકળા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. માટે વારંવાર કહીએ છીએ કે - નિજબોધકળાના બળ વડે નિજસ્વરૂપમાં રહો. નિરંતર એ જ યત્ન કરો. આવું વારંવાર કહવું તો બાળક પણ ન કરાવે. તમે તો અનંત જ્ઞાનનાં ધણી બની, આવી ભૂલ ધારો છો એ જોઇ મોટું અચરજ આવે છે. ૪૨૩.

( શ્રી દીપચંદજી અનુભવપ્રકાશ, પાનું -૩૮ )

* હે પંડિત! જૈસે લોહેકી સાંકલકો તૂ સાંકલ સમજતા હૈ ઉસી તરહ તૂ સોનેકી સાંકલકો ભી સાંકલ હી સમજ. જો શુભ -અશુભ દોનોં ભાવોંકા પરિત્યાગ કર દેતે હૈં, નિશ્ચયસે વે હી જ્ઞાની હોતે હૈં. ૪૨૪.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૨ )

* મુનિવરજનો નિરંતર સ્વરૂપસેવન કરે છે. માટે મારે પણ મારું ત્રૈલોકયપૂજ્ય સર્વોત્કૃષ્ટ પદ અવલોકી નિજકાર્ય કરવું છે. કર્મઘટામાં મારો સ્વરૂપસૂર્ય છુપાઇ રહ્યો છે. મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી, માત્ર આવરણ પામ્યો છે. ગમે તેટલું એ કર્મ ઘટાનું જોર વધી જાય તોપણ તે મારા સ્વરૂપને હણી શકે નહિ ચેતનને અચેતન કરી શકે નહિ. મારી જ ભૂલ થઇ. સ્વપદ ભૂલ્યો, ભૂલ મટી જાય તો મારું સ્વપદ તો જેમનું તેમ જ બની રહે છે. ૪૨૫.

( શ્રી દીપચંદજી, અનુભવ પ્રકાશ, પાનું – ૧૧ )

* * *

* કોઇ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવના સ્વરૂપ પરમોપેક્ષા સંયમમાં સ્થિત રહેવા ઇચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે. અને જો તે પુરુષ શુદ્ધાતમભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને ( શુદ્ધાત્મભાવનાને ) છોડીને ‘ શુભોપયોગથી જ મોક્ષ થાય છે ’ એમ એકાંતે માને તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ થાય છે. ૪૨૬.

( શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૬૫ )

* ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાય સ્વભાવની પ્રકાશક પારમેશ્વરી ( -પરમેશ્વરે કહેલી ) વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે, બીજી કોઇ નહિ; કારણ કે ઘણાંય ( જીવો ) પર્યાયમાત્રને જ અવલંબીને તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે અવા મોહને પામતા થકા પરસમય થાય છે. ૪૨૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગથા-૯૩ )

* * *

* સમ્યગ્દર્શનકી નિર્મલ દ્રષ્ટિ જબ પ્રકાશિત હોતી હૈ તબ અહિતકારી પર્યાય સંબંધી રાગ-દ્વેષાદિ મલ દિખલાઈ નહિ દેતે હૈં. ઇસીકી સહાયતાસે હી કેવલજ્ઞાન પૈદા હોતા હૈ. ઈસકે અભ્યાસકો ચલાનેસે પરદ્રવ્યકે નિમિત્તસે હોનેવાલે ભાવ દૂર હો જાતે હૈં. ૪૨૮.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૫૫૩ )

* જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઇ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજ રસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે સંક્રમણ પામતી નથી. અને દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે, અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે? કદી ન પરિણમાવી શકે.) માટે પરભાવ કોઇથી કરી શકાય નહિ. ૪૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૦૩)

***

* બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય-ભોગ આદિ એમાં કોઇ શુભ અને કોઇ અશુભ છે, આત્મસ્વભાવનો વિચાર કરવામાં આવે તો બંનેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બંનેને બંધની પરંપરા કહી છે. આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર - સમુદ્રથી તારનાર, રાગદ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે. ૪૩૦.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, પુણ્ય-પાપ-એકત્વદ્વાર, પદ-૭)

* કોઈ મિથ્યાદષ્ટિ જીવ એવી આશંકા કરશે કે જીવદ્રવ્ય જ્ઞાયક છે, સમસ્ત જ્ઞેયને જાણે છે, તેથી પરદ્રવ્યને જાણતાં કાંઇક થોડો ઘણો રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિકાર થતો હશે? ઉત્તર આમ છે કે પરદ્રવ્યને જાણતાં તો એક નિરંશમાત્ર પણ (વિકાર) નથી, પોતાની વિભાવ પરિણતિ કરતાં વિકાર છે, પોતાની શુદ્ધ પરિણતિ હોતાં નિર્વિકાર છે. ૪૩૧.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૨૨૨)

***

* પ્રતિમા ઉસે કહા ગયા હૈ જહાં રત્નત્રયધર્મકો તથા શુદ્ધ ઉત્કૃષ્ટ આત્મતત્ત્વકો મનન કિયા જાવે. યહ અનુભ કિયા જાવે કિ મેરે આત્માકા અપનાહી સ્વભાવ શુદ્ધ સ્વરૂપી પરમાત્મા હૈ. ઐસા સ્વરૂપાચરણચારિત્ર હો તબ પ્રતિમા કહી જાતી હૈ. ૪૩૨.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૦૩)

* જેમ દૂધમાં પડેલ ઇન્દ્રનીલમણિ પોતાના તેજથી દૂધમાં ચારે તરફ વ્યાપી જાય છે - પોતાના તેજ જેવું નીલું બનાવી લે છે તેવી જ રીતે જ્ઞેયની મધ્યમાં રહેલ જ્ઞાન પોતાના પ્રકાશથી જ્ઞેયસમૂહને સર્વ તરફથી વ્યાપીને તેને પ્રકાશિત કરે છે - પોતાનો વિષય બનાવી લે છે. ૪૩૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૨૧ )

* હે ભવ્ય! તું જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત અવ્યક્ત અર્થાત્ ઇન્દ્રિયોને ગોચર નથી એવો, ચેતના જેનો ગુણ છે એવો, શબ્દ- રહિત, ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો એ જેનો કોઇ આકાર કહેવાતો નથી એવો જાણ. ૪૩૪.

( કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૪૯ )

* જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે. સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપ વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃ પુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા ( તત્ત્વનું ધારણ કરવું ) તો વિરલાઓને જ હોય છે. ૪૩૫.

( શ્રી સ્વામી કાર્તિકયાનુપ્રેક્ષા, ગાથા-૨૯૭ )

* જો પરદ્રવ્ય ઇષ્ટ- અનિષ્ટ હોત અને ત્યાં આ જીવ રાગ-દ્વેષ કરતો હોય તો મિથ્યા નામ ન પામત, પણ તે તો ઇષ્ટ-અનિષ્ટ નથી અને આ જીવ તેને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરે છે તેથી એ પરિણામોને મિથ્યા કહ્યા છે. ૪૩૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૪, પાનું - ૯૪ )

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકનું રાજ્ય મળતું હોય તો પણ ત્રણ લોકના લાભ કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણ લોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાલ પછી ત્યાંથી પતન થશે જ, અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણ લોકના લાભ કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. ૪૩૭.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૭૪૬-૭૪૭ )

* શુદ્ધ ચિદ્રૂપ હું છું, એ સ્મરણ કરતાં બીજું ઉત્તમ સ્મરણ, કદીય, ક્યાંય, કોઈનું પણ, કોઈએય, જોયું નથી, સાંભળ્યું નથી. ૪૩૮.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨ ( ગાથા-૧૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિનસૂત્ર અનુસાર ઉપદેશ દેનાર ઉત્તમ વકતા કદાચ રોષ કરે તો પણ તે ક્ષમાનો ભંડાર છે; અને જે પુરુષ જિનસૂત્રથી વિરૂદ્ધ ઉપદેશ આપે છે તેની ક્ષમા પણ રાગાદિક દોષનું તથા મિથ્યાત્વાદિનું ઠેકાણું છે.

( આ ગાથા પ. ટોડરમલ્લજીઓ મોક્ષમાર્ગ પ્રકાશમાં ઉધ્ધૃત કરી છે, પાનું – ૩૦૧ ) ૪૩૯,

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાલા, શ્લોક-૧૪ )

* હે જીવ! તૂને ભીષણ (ભયંકર) નરકગતિ તથા તિર્યંચગતિમેં ઔર કુદેવ કુમનુષ્યગતિમેં તીવ્ર દુઃખ પાયે હૈં, અતઃ અબ તૂ જિનભાવના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વકી ભાવના ભા, ઇસસે તેરે સંસારકા ભ્રમણ મિટેગા. ૪૪૦.

( શ્રી કુંદકુંદચાર્ય, ભાવપાહુડ, ગાથા-૮ )

* જેમને આત્માનો અનુભવ થયો નથી તેવા લોકોને ગ્રામ કે અરણ્ય એવા બે પ્રકારના નિવાસસ્થાન છેઃ પરંતુ જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને, ચિત્તની વ્યાકુલતા રહિત, રાગાદિ રહિત શુદ્ધ આત્મા જ નિવાસ્થાન છે. ૪૪૧.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર ગાથા-૭૦ )

***

* જે મનુષ્ય, બીજા જીવના પદાર્થો અથવા ધન હરે છે તે મનુષ્ય તે જીવના પ્રાણ હરે છે, કેમ કે જગતમાં જે આ ધનાદિ પદાર્થો પ્રસિદ્ધ છે તે બધાં જ મનુષ્યોને બાહ્યપ્રાણ છે. ૪૪૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક-૧૦૩ )

* જો ક્રોધાગ્નિ વડે મન કલુષિત થઈ જાય તો, નિરંજનતત્ત્વની આવી ભાવનારૂપ નિર્મળ જળ વડે આત્માનો અભિષેક કરવો; – કે જ્યાં જ્યાં જોઉં ત્યાં કંઈ પણ મારું નથી, હું કોઈનો નથી ને કોઈ મારું નથી. (આવી તત્ત્વભાવના વડે ક્રોધ શાંત થઈ જાય છે.) ૪૪૩.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૪૦ )

* જ્ઞાની પાપોથી લેપાતો નથી જેમ સૂર્ય અંધકારથી વ્યાપ્ત થતો નથી, જ્ઞાની જેમ વિષયોથી બંધાતા નથી કવચ પહેરેલો યોદ્ધો બાણોથી વિંધાતો નથી. ૪૪૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા, અધિકાર, ગાથા-૩૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઇચ્છતો થકો પ્રથમ તો પોતાને જ ઈજા કરે છે ( –પોતે પોતાના જ હાથને બાળે છે ) , પછી પરને તો ઈજા થાય કે ન થાય – નિયમ નથી. તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન થાય – નિયમ નથી. ૪૪૫.

( શ્રી જયસેન આચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૧૪૯ )

* યદ્યપિ ઈસલોકમેં મૃત્યુ હૈ સો જગતકો આતાપકા કરનેવાલા હૈ તો હૂ સમ્યગ્જ્ઞાની કૈ અમૃતસંગ જો નિર્વાણ તાકે અર્થિ હૈ. જૈસે કાચા ઘડાકૂં અગ્નિમેં પકાવના હૈ, સો અમૃતરૂપ જલકે ધારણકે અર્થિ હૈ, જો કાચા ઘડા અગ્નિમેં નહી પકૈ તો ઘડામેં જલધારણ નાહીં હોય હૈ, અગ્નિમેં એક બાર પકિ જાય તો બહુતકાલ જલકા સંસર્ગકું પ્રાપ્ત હોય. તૈસેં મૃત્યુકા અવસરમૈં આતાપ સમભાવનિકરિ એકવાર સહિ જાય તો નિર્વાણકા પાત્ર હો જાય. ૪૪૬.

( મૃત્યુમહોત્સવ, શ્લોક–૧૩ )

***

* જેમ કોઇ પુરુષ, મદિરા પ્રત્યે જેને તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, મદિરાને પીતાં છતાં પણ, તીવ્ર અરતિભાવના સામર્થ્યને લીધે મત્ત થતો નથી, તેમ જ્ઞાની પણ, રાગાદિ ભાવોના અભાવથી સર્વ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે જેને તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્ત્યો છે એવો વર્તતો થકો, વિષયોને ભોગવવા છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે ( કર્મોથી ) બંધાતો નથી. ૪૪૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર – ટીકા, ગાથા– ૧૯૬ )

* જેમણે પરમાત્મસ્વરૂપને દેખી લીધું છે તેઓ જીવના સ્વરૂપમાં નાના–મોટાપણાનો ભેદ દેખતા નથી, તેઓ સદા સર્વત્ર દોષરહિત પવિત્ર આત્મ–ગુણસામર્થ્યને જ દેખે છે. ૪૪૮.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૨૩ )

* મુમુક્ષુએ તત્ત્વમાં ક્યાંય પણ આગ્રહ રાખવો ન જોઇએ કારણ કે જે સમસ્ત આગ્રહોથી –એકાંત અભિનિવિશોથી રહિત છે તે જ નિર્વાણને સાધે છે. ૪૪૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા–૩૪ )

* જો કોઇ જીવો વિશુદ્ધ જ્ઞાનદર્શસ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળ –અનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે, તેઓ તેના વડે દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમ્રણ કરે છે. પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષ માર્ગનું અનુષ્ઠાન કરવાની શક્તિના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે. – આમ વ્યવહાર–એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યાં. ૪૫૦.

( શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય – ટીકા, ગાથા–૧૭૨ )

* જે ભવ્યજીવ અતિશય વિસ્તૃત જ્ઞાનરૂપ અદ્વિતીય શરીરના ધારક સિદ્ધ પરમાત્માના વિષયમાં જ્ઞાનવાન છે તે જ નિશ્ચયથી સમસ્ત વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. પરંતુ જે સિદ્ધાત્મવિષયક જ્ઞાનથી શૂન્ય રહીને ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોના જાણકાર છે તેમનું અહીં કાંઇ પણ પ્રયોજન નથી કારણ એ કે જે લક્ષ્યના વિષયમાં સંબંધ કરે છે તે જ બાણ કહેવાય છે. ૪૫૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ શ્લોક–૨૪ )

***

* તત્ત્વને સમજતી વખતે યુક્તિમાર્ગ વડે આગમની વાતો જાણવી જોઇએ પણ આરાધના વખતે નહીં; કેમ કે અનુભવ તો પ્રત્યક્ષનો વિષય છે. ૪૫૨.

( શ્રી માઇલ્લધવલ, નયચક્ર, શ્લોક–૨૬૮ )

* પ્રશ્નઃ– મરણ પર્યંત શૂળની જેમ હ્રદયમાં ખટકે તે શું ?

ઉત્તરઃ– ગુપ્તપણે કરેલું અકાર્ય. ( કુકર્મ એ જ જીવને સદા ખટકયાં કરે છે. ) . ૪૫૩.

( શ્રીમદ્ રાજર્ષિ, રત્નમાલા, શ્લોક– ૧૭ )

* હે ભવ્ય ! જો તને પોતાની ઉપર અપકાર કરવાવાળા પ્રત્યે ક્રોધ આવે છે તો તું એ ક્રોધ ઉપર જ ક્રોધ કેમ નથી કરતો ? કારણ કે તે ક્રોધ તો તારો સૌથી વધુ અપકાર કરવાવાળો છે. તે ક્રોધ તારા ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને તથા મોક્ષના પુરુષાર્થને તથા એટલે સુધી કે તારા જીવનને પણ નાશ કરવાવાળો છે. તો પછી આથી અધિક અપકાર બીજું કોણ હોઈ શકે છે ? અર્થાત્ કોઇ નહિ. ૪૫૪.

( શ્રી વાદિભસિંહ આચાર્ય, ક્ષત્રચૂડામણિ, સર્ગ–૨, શ્લોક–૪૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* દરેક વસ્તુના પરિણામ બાહ્ય કારણની અપેક્ષા વિના થાય છે, ૪૫૫.

( શ્રી જયધવલા, પુસ્તક-૭, પૃષ્ઠ – ૧૧૭ )

* વિદ્વતાનું ઉત્કૃષ્ટ ફળ આત્મધ્યાનમાં રતિ-લીનતા જાણવું જોઇએ, બધાં જ શાસ્ત્રોનું શાસ્ત્રીપણું બુદ્ધિધનના ધારક મહાન વિદ્વાનો દ્વારા 'સંસાર' કહેવામાં આવ્યું છે. ૪૫૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૪૩ )

***

* જ્યારે કોઈ સાધુમહાત્માપુરુષના હૃદયમાંથી મોક્ષની પણ ઇચ્છા નાશ પામે છે ત્યારે તેને મુક્તિ પ્રાપ્ત થઇ શકે છે. આ સિદ્ધાંતવાક્ય ઉપર ધ્યાન આપીને આત્મહિતના ઈચ્છુક જીવોએ બધા પદાર્થોની ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ. ૪૫૭.

( શ્રીમદાચાર્ય અકલંકદેવ સ્વરૂપસંબોધન, શ્લોક-૨૧ )

* જઘન્યપાત્ર જોં શાસ્ત્રજ્ઞાનકે ઉત્સુક હોતે હૈં વે જ્ઞાનલક્ષ્મીકો ગ્રહણ કરતે હૈં. યહી દાન વે અપની આત્માકો દેતે હૈં. અર્થાત્ શાસ્ત્ર-અભ્યાસ દ્વારા વે અપને આત્માકો જ્ઞાન દેતે હૈં. વે જઘન્યપાત્ર પ્રફુલ્લિત મન હોકર પ્રગટ રહતે હૈં. ઉનકો સમ્યગ્દર્શનકા પ્રકાશ હો જાતા હૈ જિસસે વે આનંદિત રહતે હૈં. અર્થાત્ જઘન્યપાત્રદાન યહ હૈ જો તત્ત્વખોજી શાસ્ત્ર દ્વારા ઐસા જ્ઞાનદાન અપનેકો કરેં જિસસે સમ્યગ્દર્શનકા ઉદય હો જાવે. ૪૫૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૭૪ )

***

* નિશ્ચય સ્વરૂપના જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાચલ અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતા નથી, તોપણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતા નથી, અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ એકપણું છે એમ માનતા નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતા નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે – એમ આચાર્ય માને છે. ૪૫૯.

( શ્રી જયસેનાચાર્ય, પંચાસ્તિકાય- ટીકા, ગાથા-૪૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સંસારકો અનિત્ય, દુઃખોંકા ઘર વ અસાર વિચારે, શરીરકો અપવિત્ર વ નાશવંત સોચેં વ ઇન્દ્રિયભોગોંકો ક્ષણભંગુર વ અતૃપ્તિકારી જાનેં. સંસારકી સર્વપર્યાયેં ત્યાગને યોગ્ય હૈં. કેવલ એક શુદ્ધ આત્માકી પરિણતિ હી ગ્રહણ કરને યોગ્ય હૈ. ઐસા વૈરાગ્ય જિસકો હોગા વહી મોક્ષપ્રાપ્તિ કરનેકા પ્રેમી હોગા. ૪૬૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ – ભાગ-૧, પાનું – ૧૭૪ )

* * *

* ખરેખર આ ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે ( દ્રવ્ય- ભાવરૂપ ઘણાં ભાવો મધ્યે ), જે અતત્સ્વભાવે અનુભવાતા ( અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા ), અનિયત અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે, તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી અપદભૂત છે. અને જે તત્સ્વભાવે અનુભવાતો, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય અવ્યભિચારી ભાવ ( ચૈતન્યમાત્ર જ્ઞાન-ભાવ છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્નાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઇ શકવા યોગ્ય હોવાથી પદભૂત છે. તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી, જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે. ૪૬૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૦૩ )

* * *

* મન તો પરમેશ્વરમાં મળી ગયું છે અને પરમેશ્વર મન સાથે મળી ગયા છે; બન્ને એકરસ થઇને રહ્યા છે, તો હું પૂજાની સામગ્રી કોને ચઢાવું ? ૪૬૨.

( મુનિવર રામસિંહ, પાહુડ- દોહા, ગાથા-૪૯ )

* મૂર્ખ બહિરાત્મા બાહ્ય પદાર્થોનો ત્યાગ અને ગ્રહણ કરે છે, આત્માના સ્વરૂપને જાણનાર અંતરાત્મા અંતરંગ રાગ-દ્વેષનો ત્યાગ અને સમ્યક્રત્નત્રયરૂપ ગ્રહણ કરે છે, પરંતુ શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્માને અંતરંગ અને બહિરંગ કોઈ પણ પદાર્થનો ન તો ત્યાગ હોય છે અને ન તો ગ્રહણ હોય છે. ૪૬૩.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૪૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* એકનો દોષ દેખી સમસ્ત ધર્મ યા સર્વ ધર્માત્માઓ દૂષિત થશે એમ જાણી સમ્યગ્દષ્ટિ કોઇ સાધર્મીના દોષોને પ્રગટ કરતો નથી. આમાં દોષને ઉત્તેજન આપવાનો તેનો હેતુ નથી, પરંતુ જે ધર્મ પ્રત્યે તેની પ્રીતિ છે તેની નિંદા ન થાય તે જોવાનો તેનો પ્રધાન હેતુ છે. ૪૬૪.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડશ્રાવકાચાર શ્લોક-૧૫ ના ભાવાર્થમાંથી )

* શિષ્યના દોષને છુપાવનારા ગુરુ કરતાં થોડા પણ દોષ જોઇ તેને ઘણાં પ્રકારે પ્રગટ કરનારા દુર્જનો સારા છે, કે જેથી ધર્માર્થી પુરુષો પોતાનો દોષ જાણી તેનો ક્ષય કરવાના ઉદ્યમ ભણી પ્રવર્તે; તેથી દોષ પ્રગટ કરનારા દુર્જનો કોઈ અપેક્ષાએ ગુરુ સમાન કાર્યકારી છે. ધર્માત્મા પુરુષો પોતાના દોષ છુપાવવવાવાળા ગુરુઓ કરતાં દોષ પ્રગટ કરવાવાળા દુર્જનોને ભલા સમજે છે. વળી દોષને પ્રગટ કરનાર જગતમાં જો ન હોત તો જીવની સ્વચ્છંદ દશા કયા મલિન છેડે જઈ અટકત એની કલ્પના પણ અશક્ય છે. ૪૬૫

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૪૦ )

***

* અનંત મહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે અનુભવે, જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું એવો નિશ્ચય ભાવનામાં કરે તો તે તરે જ તરે. અનાદિનો વિચાર કરે કે અનાદિથી પરને પોતારૂપ જાણી દુઃખ સહ્યું, હવે શ્રીગુરુએ જે ઉપદેશ કહ્યો છે તેને સત્ય કરી માનતાં જ શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે, માટે ધન્ય સદ્ગુરુને કે જેમણે ભવગર્ભથી નીકળવાનો ઉપાય બતાવ્યો. તેથી શ્રીગુરુ જેવા ઉપકારી કોઈ નથી એમ જાણી શ્રીગુરુની વચનપ્રતીતિથી પાર થવું. ૪૬૬.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું - ૯૩ )

* સંસારમાં એવું કોઇ તીર્થ નથી. એવું કોઈ જળ નથી તથા અન્ય પણ એવી કોઇ વસ્તુ નથી, જેના દ્વારા પૂર્ણપણે અપવિત્ર આ મનુષ્યનું શરીર પ્રત્યક્ષમાં શુદ્ધ થઇ શકે. આધિ ( માનસિક કષ્ટ ) વ્યાધિ, ( શારીરિક કષ્ટ ) ઘડપણ અને મરણ આદિથી વ્યાપ્ત આ શરીર નિરંતર એટલું સંતાપ કારક છે કે સજ્જનોને તેનું નામ લેવું પણ અસહ્ય લાગે છે. ૪૬૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક-૬ )

* આત્માનુભવમેં આત્મા જિન હૈં, કષાયોંકા વિજયી હૈં, ઉસકા જ્ઞાન ભેદવિજ્ઞાન સહિત હૈ અર્થાત્ આત્માકા અનુભવ પરકે અનુભવસે રહિત શુદ્ધ હૈ. સો હી કમલસ્વભાવી આત્માકા સ્વાદ લેતા હુઆ રમણિક ભાસ રહા હૈ. સો હી સૂર્ય સમાન અપૂર્વ સૂર્ય અપની કિરણોંકે સાથ પ્રકાશિત હૈ. અર્થાત્ અનુભવમેં કોટી સૂર્યસે ભી અધિક તેજસ્વી શ્રી અરહન્ત પરમાત્માકા અનુભવ હો રહા હૈ. વહાં આત્મારૂપી કમલકે સ્વાદમેં આત્માનંદરૂપી રસકા રમણ હો રહા હૈ. અર્થાત્ આત્મા આત્મામેં મગન હોકર આત્માનંદરૂપી અમૃતકા પાન કર રહા હૈ. ૪૬૪.

( શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ-૧, પાનું – ૨૧૯ )

* યહ લોક જીવોંસે ભરા હુઆ હૈ, સૂક્ષ્મસ્થાવરકે વિના તો લોકકા કોઇ ભાગ ખાલી નહીં હૈ. સબ જગહ સૂક્ષ્મસ્થાવર ભરે હુએ હૈં. યે સભી જીવ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર શક્તિકી અપેક્ષા કેવલજ્ઞાનાદિ ગુણરૂપ હૈં ઇસલિયે યદ્યપિ યહ જીવરાશિ વ્યવહારનયકર કર્માધીન હૈ, તો ભી નિશ્ચયનયકર શક્તિરૂપ પરબ્રહ્મસ્વરૂપ હૈં. ૪૬૯.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨. શ્લોક-૧૦૭ )

* * *

* જેમણે હયાતિ અનુભવી નથી તથા જેમણે હયાતી અનુભવી લીધી છે એવાં ( અનુત્પન્ન અને નષ્ટ ) પર્યાયમાત્રને જો જ્ઞાન પોતાની નિર્વિઘ્ન ખીલેલી, અખંડિત પ્રતાપવાળી, પ્રભુ શક્તિ (–મહાસામર્થ્ય ) વડે જોરથી અત્યંત આક્રમીને (–પહોંચી વળીને ) તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (–એકી સાથે જ્ઞાનમાં જણાવે ) એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (–પોતામાં નિશ્ચત ન કરે, પ્રત્યક્ષ ન જાણે ), તો તે જ્ઞાનની દિવ્યતા શી ? આથી ( એમ કહ્યું કે ) પરાકાષ્ટાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉત્પન્ન ( યોગ્ય ) છે. ૪૭૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૪૯ )

* દેહ ગળવા ટાણે મતિ-શ્રુતની ધારણા-ધ્યેય વગેરે બધું ગળવા માંડે છે; હે વત્સ ! ત્યારે એવા અવસરમાં અંતરના દેવને તો કોઈક વિરલા જ યાદ કરે છે. ૪૭૧.

( મુનિવર રામસિંહ, પાહુડ – દોહા, ગાથા-૧૦૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે પદાર્થો – ઇન્દ્રિયના વિષયો મનને પ્રિય હોય તે ઇષ્ટ અને અપ્રિય હોય તે અનિષ્ટ. તેમાં અનિષ્ટ હોવા છતાં પણ જે પદાર્થો શુદ્ધ ચિદ્રૂપના સદ્ધ્યાનમાં સહાયકારી કારણરૂપ બને છે, તેને તો સુધી એટલે સમ્યક્ બુદ્ધિવાળા જ્ઞાનીજનો ભજે છે, સેવે છે, અવલંબે છે; અને જે પદાર્થો ઇષ્ટ હોવા છતાં શુદ્ધ આત્માના ધ્યાનમાં વિઘ્નરૂપ થાય તેવા છે તેને વગર વિલંબે તજી દે છે. ૪૭૨.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ-૩, ગાથા-૩ )

* ખાસ મુનિ પાત્રકા ઉદય (હુઆ હૈ. મુનિ મહારાજ ઉત્તમ પાત્ર હૈં, જિનમેં સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર રત્નત્રયધર્મ વસતા હૈ. પાત્ર વર્તનકો કહતે હૈં. આત્મજ્ઞાની તદ્ભવ મોક્ષગામીકો વિશેષ મુનિ કહતે હૈં. યહ આત્મા હી સ્વયં પાત્ર હૈં. ઐસા જિનેન્દ્રને કહા હૈ. ઈસ આત્મારૂપી પાત્રકા સ્વભાવ જ્ઞાનમયી હૈ. સમભાવ યા વીતરાગભાવ યા આત્માકા શુદ્ધસ્વભાવ જૈસા સિદ્ધોમેં હૈ ઉસે હી પાત્ર-ગર્ભ કહતે હૈં. અર્થાત્ આત્મારૂપી પાત્રકે ગર્ભમેં પરમાત્મપદ હૈ. જો આત્માકા સેવન કરતા હૈ ઉસકે પરમાત્મપદકા ઉદય હો જાતા હૈ. ૪૭૩.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૫૩ )

* * *

* હે આત્મન્! તારે લોકનું શું પ્રયોજન છે? આશ્રયનું શું પ્રયોજન છે? દ્રવ્યનું શું પ્રયોજન છે? શરીરનું શું પ્રયોજન છે? વચનોનું શું પ્રયોજન છે? ઇન્દ્રિયોનું શું પ્રયોજન છે? પ્રાણોનું શું પ્રયોજન છે? તથા તે વિકલ્પોનું પણ તારે શું પ્રયોજન છે? અર્થાત્ આ બધાનું તારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ કે તે બધી પુદ્ગલની પર્યાયો છે અને તેથી તારાથી ભિન્ન છે. તું પ્રમાદે વશ થઇને વ્યર્થ જ આ વિકલ્પો દ્વારા કેમ અતિશય બંધનનો આશ્રય કરે છે? ૪૭૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. ૧, શ્લોક-૧૪૯ )

* કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય – વચન- મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારના કરણો કે નથી ચેતન- અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐકય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ –) ખરેખર પુરુષોને બંધનું કારણ છે. ૪૭૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૬૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે ચિદાનંદરામ! પોતાને અમર કરીને અવલોકો! મરણ તમારામાં નથી. જેમ કોઈ ચક્રવર્તી, જેના ઘરમાં ચૌદ રત્ન અને નવ નિધિ, છતાં તે દરિદ્રી થયો થકો ફરે છે તે પોતાના ચક્રવર્તીપદના અવલોકન-માત્રથી ચક્રવર્તી પોતે થાય, તેમ સ્વપદને પરમેશ્વરરૂપ અવલોકે તો તે પરમેશ્વર છે. જુઓ કેવી મોટી ભૂલ! કે અવલોકનમાત્રથી પરમેશ્વર થાય એવી અવલોકના તો ન કરે અને ઇન્દ્રિયચોરને વશ બની પોતાના નિધાનને લૂંટાવી દરિદ્રી થઈ, ભવવિપત્તિ ભરે છે, ભૂલ મટાડતો નથી. ૪૭૬.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૪૫ )

* જે યોગી કલ્પનાના ભયથી (-નિર્વિકલ્પ ધ્યાન નહિ થઇ શકે એવા ભયથી ) શ્રુતજ્ઞાનની ભાવનાનું આલંબન કરતાં નથી તે અવશ્ય પોતાના આત્માના વિષયમાં મોહિત થઈ જાય છે તથા અનેક બાહ્ય ચિંતાઓને પણ ધારણ કરે છે. તેથી મોહનો નાશ કરવા માટે તથા બાહ્ય ચિંતાઓને દૂર કરવા માટે અને એકાગ્રતાની સિદ્ધિ કરવા માટે સૌથી પહેલાં શ્રુતથી પોતાના આત્માનો વિચાર કરવો જોઇએ. ૪૭૭.

( શ્રી નાગસેન મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૪૫-૧૪૬ )

* * *

* યહ દૃષ્ટિ જગતકે પ્રપંચ ભાવોમેં લગી રહતી હૈ. યહ દૃષ્ટિ વર્તમાન પ્રાપ્ત શરીરકે સંસ્કાર વ સુખોમેં તન્મય રહતી હૈ. વહી દૃષ્ટિ જબ પ્રપંચસે ઔર શરીરસે હટકર અપને આત્માકે સ્વભાવ પર જાતી હૈ, જિસકા સ્વભાવ શ્રી સિદ્ધ જિન પરમાત્માકે સમાન હૈ તબ ઇન્દ્રિયોંસે છૂટકર અતીન્દ્રિય આત્માકા અનુભવ હોનેસે કર્મોકી નિર્જરા હોતી હૈ. ૪૭૮.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૨૯૦ )

* સર્વ ચિંતા ત્યાગવા યોગ્ય છે; આ જાતની બુદ્ધિ તે તત્ત્વને પ્રગટ કરે છે કે જે ચૈતન્યરૂપ મહાસમુદ્રની વૃદ્ધિમાં શીઘ્ર જ ચંદ્રમાનું કામ કરે છે. ૪૭૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી, પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૫ )

* પોતાના આત્માના વિચારમાં નિપુણ રાગરહિત જીવો દ્વારા નિર્દોષ શ્રુતજ્ઞાનથી પણ આત્મા કેવળજ્ઞાન સમાન જાણવામાં આવે છે. ૪૮૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૩૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જઘન્યભાવસે લેકર ઉત્તમ ભાવકે ધારી પાત્ર તક પાત્રદાનકા હોના જિનેન્દ્રોને કહા હૈ. અપને અપને પદમેં પ્રકાશિત જ્ઞાનકી સહાયતાસે આત્મિકપદકો પ્રકાશિત કરના યા આત્માકી ઉન્નતિ કરના ઉસીકો પાત્રદાનકા ભાવ જાનના ચાહિયે. ઐસા જિનેન્દ્રને કહા હૈ. અર્થાત્ અપને જ્ઞાનકે પ્રમાણ અપને આત્માકે શુદ્ધ સ્વભાવકે રમણકે દ્વારા અપને હી આત્માકો આત્માનુભવરૂપી દાન કરના જિસસે આત્માનંદ પ્રાપ્ત હોકર પરમ તૃપ્તિ હોતી હૈ. યહી પાત્રદાનકા ભાવ હૈ, યહી અપનેસે હી અપનેકો દાન દેના હૈ. ૪૮૧.

( શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ-૧ પાનું -૧૨ )

* શ્રેયપદરૂપ અનુપમજ્યોતિસ્વરૂપ પદ પોતાનું જ છે. પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર. પોતાને જ પ્રભુરૂપ સ્થાપ. જેને સારી રીતે યાદ કરવાથી જ્ઞાન-જ્યોતિનો ઉદય થાય છે, મોહ અંધકાર વિલય પામે છે, આનંદ સહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે છે, તેને વેગે અવલોકી, અન્ય ધ્યાનતા નિવારી, વિચારીને સંભાર, તો તારો બ્રહ્મવિલાસ તારામાં છે. એનાથી બીજું શું અધિક ? કે એને છોડી તું પરને ધ્યાવે છે ? ૪૮૨.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૩ )

* જિસ જીવને જિસ તરહસે જબ જહાં જો દુઃખ-સુખ પ્રાપ્ત કરના હોતા હૈ, ઉસ જીવકો ઉસ તરહસે, ઉસ સ્થાનમેં, ઉસ કાલમેં, વહ દુઃખ સુખ દૈવકે નિયોગસે અવશ્ય પ્રાપ્ત હોતા હૈ. પૂર્વકાલમેં જીવને જો અચ્છા યા બૂરા કર્મ કિયા ઔર ઈસ સમય વહ પક કર ફલ દેનેકે સન્મુખ હુઆ તો ઉસકો કિંચિત્ ભી અન્યથા કરનેમેં ઇન્દ્ર ભી કિસી તરહ સમર્થ નહીં હૈ અર્થાત્ કિયે કર્મકા ફલ જીવકો અવશ્ય ભોગના હોતા હૈ. કોઈ દૂસરા ઉસમેં કુછ ભી હેરફેર નહીં કર સકતા. ૪૮૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૪૬-૩૪૭ )

* હે જીવ ! તૂ ઇસકો ગૃહવાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ, યમરાજને અજ્ઞાની જીવોંકે બાંધનેકે લિયે યહ અનેક ફાંસોસે મંડિત બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. ૪૮૪.

( શ્રી યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ, અધિ. -૨, શ્લોક -૧૪૪ )

* હે નાથ! આપની સ્તુતિ-પૂજન કરવાથી આરંભ આદિ વડે થોડું પાપ અવશ્ય થાય છે. પરંતુ જેમ શીતળ તથા કલ્યાણકારી જળથી ભરેલા મહાસાગરને વિષનું એક ટીપું ખરાબ કરી શકતું નથી, તેમ જિન-પૂજનના પુષ્કળ પુણ્યરાશિ પાસે તે અલ્પ પાપ અફળ બની જાય છે. ૪૮૫.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, બૃહદ્ સ્વયંભૂસ્તોત્ર, શ્લોક-૫૮ )

* તન, ધન, રૂપ, સંપદા, યૌવન, અધિકાર, રાજ્ય, લક્ષ્મી અને મહત્તા આદિ ક્ષણભંગુર સંપદાનો ગર્વ કરવો એ મુમુક્ષુને યોગ્ય નથી. કારણ સત્તાગુણે સિદ્ધ સમાન અને ત્રૈલોકયના આભૂષણરૂપ આત્મા તુચ્છ અને ક્ષણિક એવી વસ્તુ પામીને ગર્વ કરવો શોભતો જ નથી. માન એ જ મોક્ષસુખમાં પરમ વિઘ્નભૂત છે. મહાન તપસ્વી, પરમ વિવેકી અને અતિ બળવાન એ બાહુબલી જેવા પુરુષને પણ એ સૂક્ષ્મ માનના ઉદયે એક વર્ષ જેટલા લાંબા કાળ પર્યંત નિરાવરણ આત્મસુખ અખંડિતપણે અનુભવવા દીધું નહિ. તો પછી અન્ય અલ્પ શક્તિધારક જીવો માનને સેવી ક્યાંથી મોહલક્ષ્મીને વરે? મોક્ષ સુખપ્રાપ્તિમાં માન એ પ્રબળ અંતરાયરૂપ છે. ૪૮૬.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૧૭ )

***

* આ રીતે વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, બાર અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રરૂપ ભાવસંવરના કારણોનું જે વ્યાખ્યાન કર્યું તેમાં નિશ્ચય-રત્નત્રયના સાધક વ્યવહારરત્નત્રયરૂપ શુભોપયોગનું પ્રતિપાદન કરનારાં જે વાક્યો છે તેને પાપાસ્ત્રવના સંવરના કારણ જાણવાં. અને જે વ્યવહાર રત્નત્રયથી સાધ્ય શુદ્ધોપયોગ- લક્ષણવાળા નિશ્ચયરત્નત્રયનું પ્રતિપાદન કરનારાં વાક્યો છે તેને પુણ્ય-પાપ એ બંનેના સંવરના કારણ જાણવાં. ૪૮૭.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ ગાથા ૩૫ ની ટીકામાંથી )

* હે જિનેન્દ્ર! આપનું શાસન એક તરફથી તો દુઃખથી છૂટવા માટેનો ઉદ્યમ કરાવે છે અને વળી બીજી તરફ પરાણે દુઃખનો ભાર વહેવડાવે છે અર્થાત્ તપશ્ચરણાદિ કષ્ટ સહન કરવાનો ઉપદેશ આપે છે – આવું, બીજાઓ જેની સાથે ઘર્ષણ ન કરી શકે એવું આપનું અજેય શાસન જગતમાં દુઃખના કારણોને પણ મૂળથી ઊખેડી નાખે છે. ૪૮૮.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ -૮ શ્લોક – ૨૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* લેકમાં જે ધન જિનાલયનું નિર્માણ કરવામાં, જિનદેવ, આચાર્ય અને પંડિત અર્થાત્ ઉપાધ્યાયની પૂજામાં, સંયમીજનને દાન આપવામાં, અતિશય દુઃખી પ્રાણીઓને પણ દયાપૂર્વક દાન આપવામાં તથા પોતાના ઉપભોગમાં પણ કામ આવે છે, તેને જ નિશ્ચયથી પોતાનુ ધન સમજવું જોઇએ. તેનાથી વિપરીત જે ધન આ ઉપર્યુક્ત કામોમાં ખરચવામાં આવતું નથી તેને કોઈ બીજા જ મનુષ્યનું ધન સમજવું જોઈએ. ૪૮૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિકા દાન અધિકાર, શ્લોક–૩૭ )

* જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, કલેષિત થવું દીન વચનો બોલવા નિરર્થક છે – દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. ૪૯૦.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૬૨૫ )

***

* નરકભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું છે તેવું જો કોઇને એક ક્ષણમાત્ર પણ સ્વપ્નમાં દેખાડે તો તે ભયથી પ્રાણ રહિત થઇ જાય.

નારકીઓના દેહાદિનો એક કણ અહીં આવે તો તેની દુર્ગંધથી અહીંના હજારો પંચેન્દ્રિય જીવો મરણ પામે.

નારકીઓના શબ્દ એવા ભયંકર તથા કઠોર છે કે જો અહીં સાંભળવામાં આવે તો હાથીઓના ને સિંહોના હૃદય ફાટી જાય.

નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ દેખાડવા કે અનુભવ કરાવવા સમસ્ત મધ્યલોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી.

નરકમાં જે દુઃખ છે તે કોઈ કરોડો જીભ વડે કરોડો વર્ષ સુધી કહે તો પણ એક ક્ષણમાત્રના દુઃખને કહેવા સમર્થ નથી. ૪૯૧.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, સુખદાસજી, ટીકા, પાનું –૬૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ ચિદાનંદ ચોરાશીલાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે તેને સુધારે, પછી વળી બીજી શરીર-ઝોંપડીને સુધારે. વળી બીજી પામે તેને સુધારતો ફરે. બધાં દેહ જડ, એ જડોની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો, એ શરીર સેવાનો કર્મરોગ અનાદિથી લાગ્યો આવ્યો છે. તેથી આ રોગ વડે પોતાનું અનંતબળ ક્ષીણપણાને પામ્યું તેથી મોટી વિપત્તિ - જન્માદિ ભોગવે છે. ૪૯૨.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું -૪૩ )

* વિવેક રહિત અજ્ઞાની જીવ પોતે પૂર્વજન્મમમાં કરેલાં કર્મોની ઉપર તો ક્રોધ કરતો નથી, પરંતુ તે કર્મોની નિર્જરા કરાવવાળા પુરુષની ઉપર ક્રોધ કરે છે. અર્થાત્ વૈદ્ય સમાન પોતાની ચિકિત્સા કરનારની ઉપર ક્રોધ કરે છે પણ આ પદ્ધતિ કોઈ પ્રકારે યોગ્ય નથી, કારણ કે પોતાના કર્મોની નિર્જરા કરાવે તે તો વૈદ્યની જેમ પોતાનો ઉપકારી છે, તેનો તો ઉપકાર જ માનવો જોઈએ. તેની ઉપર ક્રોધ કરવો ઘણી મોટી ભૂલ છે તથા કૃતઘ્નતા છે. ૪૯૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, અધિકાર-૧૯ ગાથા- ૪૧ )

***

* યહ દ્રવ્ય અનાદિ ઔર અનિધન હૈ અર્થાત્ ન કભી ઉત્પન્ન હોતા હૈ ઔર ન કભી નષ્ટ હોગા. જિસ પ્રકાર પાનીમેં પાનીકી લહરેં ઉત્પન્ન હોતી રહતી હૈં ઔર ઉસીમેં નષ્ટ હોતી રહતી હૈં. ઉસી પ્રકાર ઈસ દ્રવ્યમેં ભી ઈસકી પર્યાયેં પ્રત્યેક ક્ષણમેં ઉત્પન્ન હોતી રહતી હૈં ઔર પ્રત્યેક ક્ષણમેં નષ્ટ હોતી રહતી હૈં. ૪૯૪.

( મુનિવર નાગસેન, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૧૨ )

* ભાગ્યવશે રાજા પણ ક્ષણવારમાં નિશ્ચયે રંક સમાન થઇ જાય છે તથા સમસ્ત રોગ રહિત યુવાન પુરુષ પણ તરત જ મરણ પામે છે. આ રીતે અન્ય પદાર્થોના વિષયોમાં તો શું કહેવું? પણ જે લક્ષ્મી અને જીવન બંનેય સંસારમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે તેમની પણ જો આવી સ્થિતિ છે તો વિદ્વાન મનુષ્યે બીજા કોના વિષયમાં અભિમાન કરવું જોઇએ? અર્થાત્ અભિમાન કરવા યોગ્ય કોઇ પણ પદાર્થ અહીં સ્થાયી નથી. ૪૯૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૪૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ (–ઇન્દ્રિય સુખરૂપ) પરિણતિએ પરિણમે છે, દેહ નહિ; તેથી ત્યારે પણ (–સશરીર અવસ્થામાં પણ) સુખનું નિશ્ચય કારણ આત્મા છે અર્થાત્ ઇન્દ્રિયસુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે. અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઇન્દ્રિયસુખરૂપ થાય છે. તેમાં દેહ કારણ નથી; કારણ કે સુખરૂપ પરિણતિ અને દેહ તદ્દન ભિન્ન હોવાને લીધે સુખને અને દેહને નિશ્ચયથી કાર્યકારણપણું બિલકુલ નથી. ૪૯૬.

(શ્રી પ્રવચનસાર, ગાથા–૬૫ નો ભાવાર્થ)

* હે જીવ! તૂને ઈસલોકમેં તૃષાસે પીડિત હોકર તીનલોકકા સમસ્ત જલ પિયા, તો ભી તૃષાકા વ્યવચ્છેદ ન હુઆ અર્થાત્ પ્યાસ ન બૂઝી, ઈસલિયે તૂ ઈસ સંસારકા મંથન અર્થાત્ તેરે સંસારકા નાશ હો ઈસપ્રકાર નિશ્ચયરત્નત્રયકા ચિંતન કર. ૪૯૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૨૩)

***

* તાડના વૃક્ષની તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ–સ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે. કારણ જીવન – સમય બહુ સાંકડો છે. ૪૯૮.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૭૪)

***

* જેમ વાનર એક કાંકરો પડે ત્યાં રડવા લાગી જાય તેમ આ પણ એક અંગ છીજે ત્યાં ઘણો રડે. ‘એ મારા અને હું એનો’ એ પ્રમાણે જૂઠ જ એવા જડોની સેવાથી સુખ માને. પોતાની શિવનગરીનું રાજ્ય ભૂલ્યો, જો શ્રી ગુરુના કહેવાથી શિવપુરીને સંભાળે તો ત્યાંનો પોતે ચેતન રાજા અવિનાશી રાજ્ય કરે, ત્યાં ચેતના વસ્તિ છે, ત્રણલોકમાં આણ ફરે, ભવમાં ન ફરે, ફરી જડમાં ન આવે. આનંદઘનને પામી સદાય શાશ્વત સુખનો ભોકતા થાય એમ કરો. ૪૯૯.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૪૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહીં સંસારમાં રાજા પણ દૈવવશ થઈને રંક જેવો બની જાય છે તથા પુષ્ટ શરીરવાળો મનુષ્ય પણ કર્મોદયથી ક્ષણવારમાં જ મૃત્યુ પામી જાય છે. એવી અવસ્થામાં ક્યો બુદ્ધિમાન પુરુષ કમળપત્ર ઉપર રહેલાં જળબિંદુ સમાન વિનાશ પામનાર ધન, શરીર અને જીવન આદિ વિષયમાં અભિમાન કરે? અર્થાત્ ક્ષણમાં ક્ષીણ થનાર આ પદાર્થોના વિષયોમાં વિવેકીજન કદી પણ અભિમાન કરતાં નથી. ૫૦૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. ૧, શ્લોક-૧૭૩ )

* જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતાં દુખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી, ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત કલેશ પામે છે, તેમ આ પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતાં દુખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતાં હોવાથી, વિષયોને ઈચ્છતા એ તેને જ ભોગવતા થકા વિનાશપર્યંત ( મરણ પામતાં સુધી ) કલેશ પામે છે. આથી પૂણ્યો સુખાભાસ એવા દુઃખના જ સાધન છે. ૫૦૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૭૫ )

***

* જ્ઞાન આવરણથી ન્યારું છે, તે ( જ્ઞાન ) પોતાનો સ્વભાવ છે, જેટલું જ્ઞાન પ્રગટયું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો; તે આત્મા છે. અહીં એટલું વિશેષ કે આવરણવા છતાં પરમાં જ્ઞાન જાય તેટલું અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તે શુદ્ધ, તેથી કેવળ ( જ્ઞાન ) ગુપ્ત છે. પણ પરોક્ષજ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારે છે. જ્ઞાની શુદ્ધ-ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે. ૫૦૨.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૬ )

* જો કે કાળલબ્ધિના વશે જીવ અનંતસુખનું ભાજન થાય છે, તોપણ વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજપરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ તથા સમસ્ત બહિર્દ્રવ્યની ઈચ્છાની નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા તપશ્ચરણરૂપ જે નિશ્ચય ચતુર્વિધ આરાધના છે તે જ તેમાં ઉપાદાન કારણ જાણવું, કાળ નહિ, તેથી તે ( કાળ ) હેય છે. ૫૦૩.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૧ ની ટીકામાંથી )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે પુરુષ રાત્રિના ભોજન કરે છે તે સર્વ પ્રકારની ધર્મક્રિયાથી રહિત હોય છે. રાત્રિભોજન કરનાર પુરુષમાં અને અને પશુમાં માત્ર શિંગડા સિવાય બીજો કોઇ ભેદ નથી. ૫૦૪.

( અમિતગતિ આચાર્ય, ધર્મ પરીક્ષા, પરિચ્છેદ – ૨૦ શ્લોક–૫ )

* જે પોતાની આગલી – પાછલી વાતને (ભૂત–ભવિષ્યના પરિણામને) જાણતો નથી તે જ ભવસુખ (ઇન્દ્રિયવિષયો) ને માટે તલસે છે; જે પોતાની આગલી – પાછલી વાતને (ભૂત–ભવિષ્યના પોતાના અસ્તિત્વને) જાણે છે તે કદી સંસારની જરાપણ ચાહના કરતો નથી. ૫૦૫.

( શ્રી નેમીશ્વર – વચનામૃત–શતક, શ્લોક–૧૦૨ )

* ઇસ અનંતાતુબંધીકા વાસનાકાલ સંખ્યાત અસંખ્યાત અનંત ભવ પર્યંત ચલા જાય હૈ. એક બાર કિસી જીવ પર કિયા જો ક્રોધાદિકભાવ સો અનંતકાલ તાંઈ દુઃખદાઈ હૈ, તાતૈં ઇનકે ઉપજનેકા કારણ ઘટાવના, ઈનકે અભાવ હોનેકા કારણ મિલાવના, સુસંગતિમેં રહના, કુસંગતિમેં ન રહના, ઇનકે નાશકા પ્રથમ ઉપાય તો યહ હૈ, પીછે જૈસેં બે તૈસેં ઇનકે છોડનેકા ઉપાય કરના. ૫૦૬.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું– ૬૨ )

* હે આત્મા! તેં ઇચ્છિત લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, સમુદ્ર પર્યંત પૃથ્વી પણ ભોગવી લીધી છે અને જે વિષયો સ્વર્ગમાં પણ દુર્લભ છે તે અતિશય મનોહર વિષયો પણ પ્રાપ્ત કરી લીધા છે. છતાં પણ જો પાછળ મૃત્યુ આવવાનું હોય તો આ બધું વિષયુક્ત આહાર સમાન અત્યંત રમણીય હોવા છતાં પણ ધિક્કારવા યોગ્ય છે, તેથી તું એક માત્ર મુક્તિની ખોજ કર. ૫૦૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક–૪૦ )

* તીવ્ર રોગ ઔર કઠોર દુઃખરૂપી વૃક્ષોંસે ભરે સંસારરૂપી ભયાનક વનમેં વૃદ્ધાવસ્થારૂપી શિકારીસે ડરકર મૃત્યરૂપી વ્યાઘ્રકે ભયાનક મુખમેં ચલે ગયે પ્રાણીકો તીનોં લોકમેં કૌન બચા સકતા હૈ? ઉસે યદિ બચા સકતા હૈ તો જન્મ – જરા – મરણકા વિનાશ કરનેવાલા જિનભગવાનકે દ્વારા ઉપદિષ્ટ ધર્મામૃત હી બચા સકતા હૈ. ઉસે છોડ અન્ય કોઈ નહીં બચા સકતા. ૫૦૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૩૧૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જો જિનવરેન્દ્રોએ મોક્ષના અભિલાષીને, 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, દેહમાં પણ અપ્રતિકર્મપણું (સંસ્કાર રહિતપણું) ઉપદેશ્યું છે, તો પછી તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય? ૫૦૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૨૪ )

∗ અપનેકો ભયરહિત ઔષધિદાન યહ હૈ કિ બાધાસે રહિત સ્વભાવ હો જાવે અર્થાત્ આર્તધ્યાન વ રૌદ્રધ્યાનસે રહિત નિરાકુલ ધર્મધ્યાનમયી સ્વભાવકા પ્રકાશ હો જાવે. ઐસા વૈરાગ્યભાવ પ્રગટ હો જાવે કિ સંસાર, શરીર વ ભોગોંકી ઓરસે ચિંતારૂપી બાધા વિલા જાવે, ન ચારગતિરૂપ દુઃખમયી સંસારકી કામના રહે, ન નાશવંત શરીરકી પ્રાપ્તિકી ઈચ્છા રહે, ન અતૃપ્તિકારી ભોગોંકી ચાહના રહે. ઇન સબકી ચાહકી દાહકા મિટના સોઇ અપનેકો ઔષધિદાન કરના હૈ. ૫૧૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું- ૭૬ )

∗∗∗

∗ હું જ્યાં જ્યાં જોઉં ત્યાં સર્વત્ર આત્મા જ દેખાય છે, તો પછી હું કોની સમાધિ કરું ને કોને પૂજું? છૂત-અછૂત કહીને કોને તરછોડું? હરખ કે કલેશ કોની સાથે કરું? ને સન્માન કોનું કરું? ૫૧૧.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૩૯ )

∗∗∗

∗ અનંતાનુબંધી રહિત અપ્રત્યાખ્યાનાદિ તીન કષાયકા ઉદય હોતે યોં જીવ મહાપાપકે કારણ અન્યાયરૂપ જો ચંચલભાવ તાકૂં છોડી વિમલ તાનૈં પ્રાપ્ત હોય હૈ. ન્યાયરૂપ નિશ્ચલ ભાવવિષૈં તિષ્ઠે હૈ. યહાં યહ જીવ સમ્યગ્દૃષ્ટિ હોય હૈ. તહાં સમ્યક્ભાવકા ગ્રહણ હૈ. સર્વ હી તેરા પ્રકાર કષાયભાવ ન્યાય પ્રવર્તૈ હૈ. ચારોં કષાયનકે કાર્ય તો હોય હૈં, પરંતુ ન્યાયરૂપ હોય છે. પાંચો ઇન્દ્રિયનકે વિષય તો સેવૈ હૈ પરંતુ ન્યાયપૂર્વક સેવૈ હૈ. સો ભી દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવકી યોગ્યતા સહિત કાર્ય હોય હૈ. કષાયકાર્યનિ વિષૈ અરુ વિષયકાર્યનિ વિષૈ અતિ આસકત હોય મૂર્ચ્છા – ભાવકો ન પ્રાપ્ત હોય હૈ. અયોગ્ય કાર્યનંકૂ કદાચિત્ ભી ન કરૈ હૈ. રાજવિરુદ્ધ, લોકવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ ઐસે જે કષાયકાર્ય વા વિષયકાર્ય વા સપ્તવ્યસનાદિ જાકૈં સર્વથા ન હોય હૈં. ઈસ કષાયકે હોતૈં ઈતના સચેત રહૈ હૈ. ૫૧૨.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું – ૬૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* મુનિ ઐસી ભાવના કરે-ઉર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક ઈન તીનોં લોકમેં મેરા કોઈ ભી નહીં હે, મેં એકાકી આત્મા હૂં, ઐસી ભાવનાસે યોગી મુનિ પ્રકટરૂપસે શાશ્વત સુખકો પ્રાપ્ત કરતા હૈ. ૫૧૩.

( કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૮૧ )

* * *

* યોગનો અભ્યાસ શરુ કરનારને બાહ્ય વિષયોમાં સુખ લાગે છે, અને આત્મસ્વરૂપને વિષે દુઃખ પ્રતીત થાય છે, પરંતુ આત્મસ્વરૂપને યર્થાથપણે જાણનારને – સારા અભ્યાસીને બાહ્ય પદાર્થોમાં જ દુઃખ જણાય છે અને આત્માસ્વરૂપમાં સુખનો અનુભવ થાય છે. ૫૧૪.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૫૨ )

* જો ચતુર પુરુષ આપની ઇન્દ્રિયોંકો વશમેં રખનેવાલે હૈં, જન્મ મરણસે ભયભીત હૈ, સંસારકે ભ્રમણસે ઉદાસ હૈ ઉનકો બાધા રહિત, સ્થિર વ નિર્મલ આત્મિક સુખકી પ્રાપ્તિકે લિયે સદા હી સર્વકો જાનનેવાલા, સર્વકો દેખનેવાલા, જન્મ, મરણ, જરા, શોક આદિ દોષોંસે રહિત અપને સ્વભાવકો – સર્વ કર્મમલોંસે રહિત અવિનાશી અપને આત્માકો હી ધ્યાના યોગ્ય હૈ. ૫૧૫.

( અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૨૦ )

* મિથ્યાજ્ઞાની મિથ્યાજ્ઞાન સહિત હોતે હૈં ઉનકા આત્મા ઔર અનાત્માકા સચ્ચા ભેદવિજ્ઞાન નહીં હોતા હૈં. ઉનકે ભીતર મિથ્યાત્વભાવકી શલ્ય વર્તતી હૈ. શુદ્ધાત્માકે યથાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાયકી શ્રદ્ધા વ પહચાનમેં ભ્રમ રહ ગયા હૈ. યહી મિથ્યાત્વકી શલ્ય હૈ. ઈસલિયે મુક્તિ હો, મુક્તિ હો વ મૈં મુક્તિકી પ્રાપ્તિકા યત્ન કરતા હૂં, મુજે મુક્તિ શીઘ્ર મિલે ઐસા નિરંતર ચિંતવન કરતે રહતે હૈં. પરંતુ ઉન મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવોંકો મુક્તિકા યા શુદ્ધાત્માકા સચ્ચા સ્વરૂપ ન માલૂમ હોનેસે સમ્યક્ દર્શનકે લાભકે વિના કભી ભી સમ્યક્ચારિત્રકો ન પાતે હુએ મોક્ષકા લાભ નહીં હો સકતા હૈ. જૈસે દ્રવ્યલિંગી જનકે મુનિ ભી જો બાહરી સર્વ ચારિત્ર જૈન સિદ્ધાંતાનુસાર પાલતે હૈં પરંતુ આત્માનુભવકે લાભ વિના વહ શુદ્ધ આત્માકે ધ્યાનસે વંચિત રહતે હૈ, જિસસે મોક્ષમાર્ગકો ન પા સકે. ૫૧૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૯૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ પ્રત્યક્ષમાં દૈવયોગથી કોઇની આંખમાં પીડા થવા છતાં પણ કોઇ બીજાની આંખ પ્રસન્ન પણ રહી શકે છે. તેવી જ રીતે ચારિત્રમોહના ઉદયવશ ચારિત્રગુણમાં વિકાર થવા છતાં પણ તેથી આત્માના સમ્યક્ત્વ- ગુણની કોઈ પ્રકારથી ક્ષતિ થતી નથી. ૫૧૭.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી ઉત્તરાર્ધ, શ્લોક–૬૯૧ )

* અપ્રત્યાખ્યાન કર્મકે ઉદય હોતે ચારો હી કષાયભાવનરૂપ પ્રવર્તે પરંતુ દ્રવ્ય–ક્ષેત્ર–કાલકે વિચાર સહિત ન્યાયરૂપ પ્રવર્તે. અરુ અપ્રત્યાખ્યાન–ક્રોધકર્મકે ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદિત માન ક્રોધ હોય, અરુ અપ્રત્યાખ્યાનમાનકર્મકે ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદિત માન હોય, અરુ અપ્રત્યાખ્યાનમાયાકર્મ કે ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત માન હોય, અરુ અપ્રત્યાખ્યાનમાયાકર્મ કે ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત માયા હોય, અરુ અપ્રત્યાખ્યાનલોભકર્મ કે ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદિત લોભ હોય, અરુ અપ્રત્યાખ્યાનકર્મનકે ઉદય હોતૈં એકદેશ સંયમ ભી નાહીં ધર સકૈ પરતું ધર્મવિષૈં રુચિ હોય, ધર્મ અરુ ધર્મ કે વિષૈ ભક્તિ હોય, પ્રીતિ હોય, સાચા સ્વરૂપચણ હોય. ૫૧૮.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું–૧૨ )

* શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને આ સંસારમાં મોહનિદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાન્તચિત્ત થઇને ભગવાનની વાણી સાંભળો ! – કે જેનાથી ઇન્દ્રિયોના વિષય જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મકલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું, શ્રીગુરુ આવાં વચનો કહે છે તો પણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે. ૫૧૯.

( શ્રી બનારસીદાસ, સમયસાર નાટક, નિર્જરા દ્વારા, ૫૬–૧૨ )

* લોકમાં જે મનુષ્ય પુણ્યના પ્રભાવથી ઉત્તમ કુળમાં જન્મ લઇને, ઉત્તમ શરીર પામીને, અને આગમ જાણીને વૈરાગ્ય પામ્યા થકા નિર્મળ તપ કરે છે તે અનુપમ પુણ્યશાળી છે. તે જ મનુષ્ય જો પ્રતિષ્ઠાનો મોહ ( આદર સત્કારનો ભાવ ) છોડીને ધ્યાનરૂપ અમૃતનું પાન કરે છે તો સમજવું જોઇએ કે તેણે સુવર્ણમય મહેલ ઉપર મણિમય કળશની સ્થાપના કરી છે. ૫૨૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક–૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યહ જીવ દ્રવ્યલિંગકા ધારક મુનિપના હોતે હુએ ભી જો તીનલોક પ્રમાણ સર્વ સ્થાન હૈં ઉનમેં એક પરમાણુ પરિમાણ એક પ્રદેશમાત્ર ભી ઐસા સ્થાન નહીં હૈ કિ જહાં જન્મ-મરણ ન કિયા હો. ૫૨૧.

( શ્રી કુંદકુંદ આચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩૩ )

* જે જીવ સ્થિર થઈને પોતાના સ્વરૂપને અનુભવશે તે જીવનું ચિત્ત વનની વચ્ચે પણ શાંતરસથી ભરાઇ જશે ને તે આનંદિત થશે; ભ્રાંતિરૂપ ઘનઘોર સંસારવનથી તે છૂટી જશે ને તેને મોક્ષસુખનો લાભ થશે. ૫૨૨.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૮૦ )

* ભેદજ્ઞાનીના ચિત્તમાં, શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વ જગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બન્ને નેત્ર રહિત, દિશા ભૂલેલું, ગાઢ નિંદ્રામાં સુતેલું, અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહઠગોએ પોતાને આધીન કરેલું, વ્યાકુળ થયેલું જણાય છે. ૫૨૩,

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી -અધિ. ૬, શ્લોક-૨ )

***

* ધન, પરિજન (દાસ-દાસી), સ્ત્રી, ભાઈ ઔર મિત્ર આદિકે મધ્યમેંસે જો ઈસ પ્રાણીકે સાથ જાતા હૈ ઐસા યહ એક ભી કોઇ નહીં હૈ. ફિર ભી પ્રાણી વિવેકસે રહિત હોકર ઉન સબકે વિષયમેં તો અનુરાગ કરતે હૈં, કિન્તુ ઉસ ધર્મકો નહીં કરતે હૈં જો કિ જાનેવાલેકે સાથ જાતા હૈ. ૫૨૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૯ )

* હે ભાઈ! મોટા કુળમાં ઊપજેલા પુરુષોના કે કોઇનો પણ ઉપહાસ કરવો અયુક્ત છે, -તો પછી આ તે કેવી રીત છે કે સ્વધર્મીનો પણ ઉપહાસ કરો છો? ૫૨૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૬૧ )

* અહીં કામ, અર્થ અને યશ માટે કરવામાં આવેલો પ્રયત્ન ભાગ્યવશ કદાચ નિષ્ફળ પણ થઇ જાય છે. પરંતુ પાત્રજનના અભાવમાં પણ હર્ષપૂર્વક દાનના અનુષ્ઠાનમાં કરવામાં આવેલો કેવળ સંકલ્પ પણ પુણ્ય કરે છે. ૫૨૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૨૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સંસારકા સબ ઠાઠ ક્ષણભંગુર હૈ, ઐસા જાનકર પંચેન્દ્રિયોંકે વિષયોંમેં મોહ નહીં કરના. વિષયકા રાગ સર્વથા ત્યાગના યોગ્ય હૈ. પ્રથમ અવસ્થામેં યદ્યપિ ધર્મતીર્થકી પ્રવૃત્તિકા નિમિત્ત જિનમંદિર, જિનપ્રતિમા, જિનધર્મ તથા જૈનધર્મી ઈનમેં પ્રેમ કરવા યોગ્ય હૈ, તો ભી શુદ્ધાત્માકી ભાવનાકે સમય યહ ધર્માનુરાગ ભી નીચે દરજ્જેકા ગિના જાતા હૈ. વહાંપર કેવલ વીતરાગભાવ હી હૈ. ૫૨૭.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૩૦ ના ભાવાર્થમાંથી )

* સંસારમાં ભોગ – ઉપભોગની પ્રાપ્તિથી જેટલું સુખ થાય છે તેને અને તે ભોગ – ઉપભોગના નાશથી જેટલું દુઃખ થાય છે તેને સરખાવીએ તો ભોગ-ઉપભોગની પ્રાપ્તિથી થતાં સુખ કરતાં ભોગ-ઉપભોગના નાશથી થતું દુઃખ અત્યંત અધિક છે. ૫૨૮.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૨૪૯ )

***

* શાસ્ત્રમાં નાના પ્રકારના મિથ્યાદ્દષ્ટિઓનું કથન કર્યું છે તેનું પ્રયોજન એટલું જ જાણવું કે પ્રકારને ઓળખી પોતાનામાં કોઈ એવો દોષ હોય તો તેને દૂર કરી સમ્યક્ શ્રદ્ધાયુક્ત થવું, પણ અન્યના એવા દોષ જોઇ કષાયી ન થવું. કારણ કે -પોતાનું ભલુ – બૂરું તો પોતાના પરિણામોથી થાય છે. ૫૨૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, – અધિ. -૭ પાનું – ૨૭૦ )

* જેવી રીતે સૂર્યના ઉદયમાં પૃથ્વી ઉપર તડકો ફેલાઈ જાય છે અને અંધકારનો નાશ થઈ જાય છે, તેવી જ રીતે જ્યાં સુધી શુદ્ધ આત્માનો અનુભવ રહે છે ત્યાં સુધી કોઇ વિકલ્પ અથવા નય આદિનો પક્ષ રહેતો નથી. ત્યાં નય-વિચારનો લેશ પણ નથી, પ્રમાણની પહોંચ નથી અને નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઇ જાય છે. પહેલાંની દશામાં જે જે વાતો સહાયક હતી તે જ અનુભવની દશામાં બાધક થાય છે અને રાગ-દ્વેષ તો બાધક છે જ. ૫૩૦

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૧૦ )

* શરીરો, ધન, સુખદુઃખ અથવા શત્રુમિત્રજનો – એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે. ૫૩૧.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૧૯૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનથી મુમુક્ષુજનોના રસ નીરસ થઇ જાય છે, ભેગા મળીને ચાલતી કથાઓનું કુતહલ નષ્ટ થઇ જાય છે, ઇન્દ્રિયવિષય વિલીન થઇ જાય છે, શરીરની બાબતમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે. ૫૩૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી – પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, ગાથા–૧૯ )

* શુદ્ધ સમ્યગ્દર્શનકા પ્રેમ તથા શુદ્ધ આત્મજ્ઞાનકા પ્રેમ કર્મોકા ક્ષય કરનેવાલા હૈ. પરંતુ યદિ શરીરકા મોહ હો તો અનંતાનંત પર્યાયોંકો યહ જીવ ધારણ કરતા રહતા હૈ. ૫૩૩.

( શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક–૩૭૫ )

* જેમ સૂર્યનાં આંકરા કિરણો કમળની નાજુક કળીઓને પ્રફુલ્લિત કરે છે તેમ શ્રી ગુરુનાં કઠોર શિક્ષાવચનો પણ ભવ્ય જીવના અંતઃકરણને પ્રફુલ્લિત કરે છે. ૫૩૪.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૧૪૧ )

* મનુષ્ય અપને દોષોંકો યદ્યપિ કપટસે આચ્છાદિત કરતા હૈ ( ઢંકતા હૈ ) તો ભી વહ લોકમેં ક્ષણભરમેં હી ઈસ પ્રકારસે અતિશય પ્રકાશમેં આ જાતા હૈ– પ્રગટ હો જાતા હૈ– કિ જિસ પ્રકારસે જલમેં ડાલા ગયા મળ ક્ષણભરમેં હી ઉપર આ જાતા હૈ. અત એવ મનુષ્યોંકો ઉસ માયાચારકે લિયે હૃદયમેં થોડા–સા ભી સ્થાન નહીં દેના ચાહિયે. ૫૩૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક–૬૨ )

* હું એમ સમજું છું કે જે પુરુષ જિનધર્મીઓની સહાયતા કરે છે તેનું નામ લેતાં પણ મોહકર્મ લજ્જાયમાન થઇને મંદ પડી જાય છે, અને તેના ગુણગાન કરવાથી કર્મો ગળી જાય છે. ૫૩૬.

( આચાર્યશ્રી ધર્મદાસ, ઉપદેશ સિધ્ધાંતરત્નમાળા, ગાથા–૫૪ )

* હે યોગી! તૂં જો વીતરાગ પરમાનંદકે શત્રુ ઐસે નરકાદિ ચારોં ગતિયોંકે દુઃખ ઉનસે ડર ગયા હૈ. તો તૂ નિશ્ચિત હોકર પરલોકકા સાધન કર! ઇસ લોકકી કુછ ભી ચિંતા મત કર. ક્યોંકિ તિલકે ભૂસે માત્ર ભી શલ્ય મનકો નિશ્ચયસે વેદના કરતી હૈ. ૫૩૭.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨ શ્લોક–૧૮૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેવી રીતે પર્વતોમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ધાતુઓમાં સુવર્ણ, પીવા યોગ્ય પદાર્થોમાં અમૃત, રત્નોમાં ચિંતામણિ, જ્ઞાનોમાં કેવલજ્ઞાન ચારિત્રોમાં સમતારૂપ ચારિત્ર, આપ્તોમાં તીર્થંકર, ગાયોમાં કામધેનુ, મનુષ્યોમાં ચક્રવર્તી અને દેવોમાં ઇન્દ્ર જ મહાન અને ઉત્તમ છે, તેવી રીતે ધ્યાનોમાં શુદ્ધ આત્મસ્વરૂપનું જ ધ્યાન, સ્મરણ, ચિંતવન સર્વોત્તમ છે. ૫૩૮.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાન-૨, ગાથા-૯ )

* અહો ! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને કે જે સમાધિનો વિષય છે તેને – મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણ – શક્તિથી ( દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી ) અરેરે ! હું સંસારમાં માર્યો ગયો છું ( હેરાન થઇ ગયો છું. ) ૫૩૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર – ટીકા શ્લોક, ૧૯૮ )

* ( અધ્યાત્મચિંતનરૂપ ધ્યાન માટે ) ઉત્સાહ, નિશ્ચય ( સ્થિર વિચાર ) ધૈર્ય, સંતોષ, તત્ત્વદર્શન અને જનપદત્યાગ આ છ પ્રકારની બાહ્ય સામગ્રી છે. ૫૪૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૪૧ )

* * *

* આ મુનષ્ય શું વાનો રોગી છે ? શુંભૂત-પિશાચ આદિથી ગ્રહાયો છે ? શું ભ્રાંતિ પામ્યો છે ? અથવા શું પાગલ છે ? કારણ કે તે ‘ જીવન આદિ વીજળી સમાન ચંચળ છે ’ આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય ( આત્મહિત ) કરતો નથી. ૫૪૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૪૭ )

* સૂરજને અંધારાએ ઘેરી લીધો – એમ શું ત્રણ લોકમાં કદી દેખ્યું છે કે સાંભળ્યું છે –ના. તેમ આત્મજ્ઞાની જીવને કર્મની જાળ ઘેરી લ્યે એમ કદી બનતું નથી. ૫૪૨.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૯૯ )

* જે લેશ્યામાં જીવ મરણ પામે છે તે જ લેશ્યામાં તે ઉત્પન્ન થાય એવો એકાંત નિયમ છે. ૫૪૩.

( શ્રી ધવલા, પુસ્તક-૪, પાનું – ૨૯૩ )

* જેના ભયથી ચલાયમાન થતાં-ખળભળી જતાં – ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં, આ સમ્યગ્દષ્ટિ જીવો, સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, સમસ્ત શંકા છોડીને પોતે પોતાને જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય છે એવો જાણતાં થકા, જ્ઞાનથી ચ્યુત થતાં નથી. આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દષ્ટિઓ જ સમર્થ છે. ૫૪૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૫૩ )

* આત્માકા ઇષ્ટ અપના અમૂર્તિક સ્વભાવ હૈ, જો સર્વ કર્મોસે મુક્ત શુદ્ધ ભાવ હૈ, જિસકો ઈસ પરમ હિતકારી શુદ્ધ ભાવકા વિયોગ હૈ વહ ઇષ્ટ વિયોગ આર્તધ્યાનકો પાકર પરિણામોંકે અનુસાર શુભ ગતિ યા અશુભ ગતિમેં જાતા હૈ. ૫૪૫.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૮૩૨ )

* જે પરાધીન છે તે બધું દુઃખ છે અને જે સ્વાધીન છે તે બધું સુખ છે. આ પ્રમાણે ( વિજ્ઞ પુરુષ ) સંક્ષેપમાં સુખ-દુઃખનું લક્ષણ કહે છે. ૫૪૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા-૧૨ )

* * *

* પ્રભો! આપની નિર્દોષ સ્તુતિ તો ક્યાં રહી? પરંતુ આપની પવિત્ર કથાનું શ્રવણ કરવાથી પણ જીવોને સંસારના બધા પાપો નષ્ટ થઇ જાય છે. એ સાચી વાત છે છે કે સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેના કિરણો સરોવરમાંના કમળોને પ્રફુલ્લિત કરે છે. ૫૪૭.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૯ )

* સાધર્મી ભાઈઓ પ્રત્યે તો જેને અહિતબુદ્ધિ ( દ્વેષભાવ ) છે અને પુત્ર-બંધુ વગેરે પ્રત્યે અનુરાગ છે તેને સમ્યક્ત્વ નથી- એમ સિદ્ધાંતના ન્યાયથી પ્રગટપણે જાણવું. ૫૪૮.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૧૪૭ )

* સમ્યગ્દર્શનસે વિભૂષિત જીવકો નરકકા વાસ ભી અચ્છા હૈ, પરંતુ સમ્યગ્દર્શન રહિતકા સ્વર્ગમેં રહના ભી નહીં શોભતા હૈ, ૫૪૯.

( શ્રી કુલધર આચાર્ય, સારસમ્મુચય, શ્લોક-૩૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે અને રાત-દિવસ કાદવમાં રહે છે પરંતુ તેના ઉપર કાદવ ચોંટતો નથી, અથવા જેમ મંત્રવાદી પોતાના શરીર ઉપર સાપ દ્વારા ડંખ દેવડાવે છે પણ મંત્રની શક્તિથી તેના ઉપર વિષ ચડતું નથી, અથવા જેમ જીભ ચીકણાં પદાર્થ ખાય છે પણ ચીકણી થતી નથી, લૂખી રહે છે, અથવા જેમ સોનું પાણીમાં પડયું રહે તોપણ તેના પર કાટ લાગતો નથી. તેવી જ રીતે જ્ઞાની જીવ ઉદયની પ્રેરણાથી જાતજાતની શુભાશુભ ક્રિયા કરે છે પરંતુ તેને આત્મસ્વભાવથી ભિન્ન કર્મજનિત માને છે તેથી સમ્યગ્જ્ઞાની જીવને કર્મકાલિમા લાગતી નથી. ૫૫૦.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫૬ – ૫ )

* અંતરંગની શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ વિશ્વાસને યોગ્ય હોતી નથી. બગલો બાહ્યમાં ઉજ્જવળ હોવા છતાં પણ ( અંતરંગ શુદ્ધિના અભાવમાં ) અનેક માછલીઓને માર્યા કરે છે. ૫૫૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત ચારિત્ર અધિકાર, ગાથા-૩૨ )

***

* કેવા છે તે સર્વ પદાર્થો ? ( છ દ્રવ્યો કેવા છે ? ) પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને ( સમૂહને ) ચૂંબે છે સ્પર્શે છે તો પણ જેઓ પરસ્પર એકબીજો સ્પર્શ કરતા નથી. અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ જેઓ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી, પરરૂપે નહિ પરિણમવાને લીધે અનંત વ્યક્તિતા નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા ( શાશ્વત ) સ્થિત રહે છે. ૫૫૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩ )

* બહુ વિભાવ હોવા છતાં પણ સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધદ્રષ્ટિવાળો પુરુષ, ‘સમયસારથી અન્ય કાંઇ નથી’ એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ૫૫૩.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૭ )

* નિશ્ચયથી હું ‘વીતરાગ; વળી નિશ્ચયથી મારું નિજ સ્વરૂપ જે છે તે ‘વીતરાગ’ છે. તેથી પ્રગટ નિજજાતિ વસ્તુસ્વરૂપ જે સ્વભાવ છે, તે નિશ્ચયથી વીતરાગભાવથી દેદીપ્યાન છે. ૫૫૪.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક-૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વહી શુદ્ધ યા નિશ્ચય અહિંસા કહી ગઈ હૈ, જહાં યહ ભાવના કી જાવે કિ યહ આત્મા પરમાત્માકી જાતિ હોનેસે ઉન્હીં કે સમાન શુદ્ધ હૈ. જહાં હ્રીં મંત્રકે દ્વારા ધ્યાનમેં થિર હુઆ જાવે વહી જ્ઞાનસ્વભાવસે નિશ્ચય અહિંસા હૈ. ૫૫૫.

( તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૪૩ )

* હે યોગી! યહ શરીર છિદ જાવે, દો ટુકડે હો જાવે, અથવા ભિદ જાવે, છેદસહિત હો જાવે, નાશકો પ્રાપ્ત હોવે, તો ભી તૂ ભય મત કર, મનમેં ખેદ મત લા, અપને નિર્મલ આત્માકા હી ધ્યાન કર, અર્થાત્ વીતરાગ ચિદાનંદ શુદ્ધસ્વભાવ-ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મસે રહિત અપને આત્માકા ચિંતવન કર, જિસ પરમાત્માકે ધ્યાનસે તૂ ભવસાગરકા પાર પાયગા. ૫૫૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૭૨ )

***

* દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કેઃ નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય છું. સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે. ૫૫૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૮ )

* જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાંતમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જ્વળતતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્‌ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ-મદિરાનું ઉન્મત્તપણું થાય છે, પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ-શાંતિ પ્રતીતમાં આવે છે. ૫૫૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૩૪ )

* ઉત્તમ યા નિશ્ચય ધર્મ વહી હૈ જહાંઅપને આત્માકો પરમાત્માકે સાથ એક સમાન માના જાવે, જિસસે ઉત્તમ નિર્મલ શુદ્ધોપયોગ ભાવકી પ્રાપ્તિ હો સકે, રાગાદિ મલસે રહિત પરમ શુદ્ધ નિર્મલ શુદ્ધોપયોગરૂપ ભાવ હી મોક્ષકી સિદ્ધિકા ઉપાય હૈ. ૫૫૯.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧ (પાનું-૨૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ આદિ-મધ્ય-અંતરહિત, શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ પરમાત્મામાં સકલ નિર્મળ કેવળજ્ઞાનરૂપ નેત્ર વડે અરીસામાં પ્રતિબિંબોની પેઠે, શુદ્ધાત્મા આદિ પદાર્થો આલોકિત થાય છે – દેખાય છે – જણાય છે – પરિચ્છિન્ન થાય છે તેથી તે કારણે તે જ (શુદ્ધાત્મા જ) નિશ્ચયલોક છે અથવા તે નિશ્ચયલોક નામના પોતાના શુદ્ધ પરમાત્માં અવલોકન તે નિશ્ચયલોક છે. ૫૬૦.

(શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૫)

∗ ભગવાનકા વચન યહ હૈ કિ યહ આત્મા નિશ્ચલ શુદ્ધ હૈં. જિનવચન શુદ્ધ સમ્યગ્દર્શનકા સ્વરૂપ બતાતા હૈ. આત્માકા સ્વભાવ વચનોંસે રહિત હૈ અથવા જિનવચન યહ હૈ કિ યહ આત્મા કેવલ શુદ્ધ-સ્વરૂપ હૈ. ૫૬૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક – ૬૦૯)

∗ જો કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને) ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને નિશ્ચળપણે અનુભવ્યા કરે તો આ આત્મા, જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે. (અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને પરપરિણતિના નિરોધથી શુદ્ધ જ પ્રાપ્ત કરે છે. ૫૬૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૭)

∗ આ જીવ પોતાના શુદ્ધ આત્માને જે ક્ષણે દેખે છે તે જ ક્ષણે તેનો વિભ્રમ નાશ થાય છે અને સ્વસ્થચિત્ત થાય છે અર્થાત્ જ્ઞાન આકુળતારહિત સ્થિર થાય છે, અને નિર્વિકલ્પ સમાધિને પામે છે. ૫૬૩.

( -પરમાનંદ સ્તોત્ર, શ્લોક-૧૫)

∗ ચિદાનંદ-ભાવનાથી ચિત્પરિણતિ શુદ્ધ થાય છે, ચિત પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ શુદ્ધ થાય છે. અનાત્મપરિણામ મટાડી આત્મપરિણામ કરવા એ જ કૃતકૃત્યપણું છે, યોગીશ્વર પણ એટલું કરે છે. ૫૬૪.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૮)

∗ જેણે આત્માને પરમાત્મા સાથે જોડયો નથી ને આવાગમન મટાડયું નથી, તેને ફોતરાં કુટતાં ઘણો કાળ વીતી ગયો તોપણ તંદુલનો એકકેય દાણો હાથમાં ન આવ્યો. ૫૬૫.

(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૫)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે ભવ્ય! તું આગમના અભ્યાસને છોડીશ નહીં; તેમાં કહેલાં તત્ત્વનો વારંવાર અભ્યાસ કરીને ટીપે ટીપે આત્માના અમૃતનું પાન કર્યા કરજે અને કર્મના ક્ષયને માટે દત્તચિત (સાવધાન) રહેજે. ૫૬૬.

(શ્રી નેમીશ્વર-ભવ્યામૃત-શતક, શ્લોક-૩૧)

* સમ્યગ્દર્શન અનંત ગુણરૂપી આત્મા પરમ શ્રદ્ધાન લાતા હૈ. જબ સમ્યગ્દર્શનકે પ્રતાપસે સૂક્ષ્મ અતીન્દ્રિય આત્માકા અનુભવ હોતા હૈ તબ કર્મોકા ક્ષય હોતા હૈ. સમ્યગ્દર્શન આત્માકે અનંતાનંત પર્યાયો પર વિશ્વાસ રખતા હૈ. ૫૬૭.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૯૬)

* સંસાર, શરીર અને ભોગોથી જેનું મન વિરકત થયું છે તે જીવ આત્માને ધ્યાવતાં, તેની મહા વિસ્તૃત સંસારરૂપી વેલ છિન્નભિન્ન થઇ જાય છે. ૫૬૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ગાથા-૩૨)

* આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે ભાઈ! તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તરત જ છોડશે. ૫૬૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૩)

* સંસારી જીવરાશિ મિથ્યાત્વ પરિણામને સર્વથા છોડો. છોડવાનો અવસર કયો? તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવા યોગ્ય નથી. ૫૭૦.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૨૨)

* પરપરિચયથી આકુળતા છે, નિજપરિચયથી સુખશાંતિ છે, જિનદેવે આવો પરમાર્થ કહીને તે હિતનો સંકેત કર્યો છે. ૫૭૧.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, અનુભવદોહા નં. -૧૧)

* હે ભવ્યાત્મા! તું જીવને શરીરથી સર્વપ્રકારે ભિન્ન, ઉદ્યમ કરીને પણ જાણ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે. ૫૭૨ '

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૭૯)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* (હે ભવ્ય!) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત - અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર, અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર. ૫૭૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૪૧૨ )

* અનાદિ આત્માની આકુળતા એક વિશુદ્ધ બોધકળા વડે મટે છે, માટે સહજ બોધકળાનો નિરંતર અભ્યાસ કરો. સ્વરૂપાનંદી થઇ ભવોદધિને તરો. ૫૭૪.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૮ )

* ત્રણલોકના જીવોને નિરંતર મરતાં દેખીને પણ જે જીવ પોતાના આત્માનો અનુભવ નથી કરતા અને પાપોથી વિરક્ત નથી થતાં- એવા જીવોના ધીઠપણાને ધિક્કાર હો. ૫૭૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ-સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૧૦૯ )

* ભવ્યપુરુષને જેમ જેમ કાળાદિ લબ્ધિઓ નિકટ આવતી જાય છે, તેમ તેમ મોક્ષ માટેની સર્વ ઉત્તમ સામગ્રીઓ નિશ્ચયથી પ્રાપ્ત થતી જાય છે. ૫૭૬.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૧૨ )

***

* જેની ભવસ્થિતિ ઘટી જવાથી અર્થાત્ કિંચિત્ન્યૂન અર્ધપુદ્ગલ-પરાવર્તનકાળમાત્ર શેષ રહેવાથી મોક્ષ અવસ્થા સમીપ આવી ગઈ છે તેના મનરૂપ છીપમાં સદ્ગુરુ મેઘરૂપ અને તેમના વચન મોતીરૂપ પરિણમન કરે છે. ભાવ એ છે કે આવા જીવોને જ શ્રી ગુરુના વચનો રુચિકર થાય છે. ૫૭૭.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ - ૫ )

* વિનય પૂર્વક ભણવામાં આવેલું શ્રુત જો કોઇ પણ પ્રકારે પ્રમાદથી વિસ્મૃત થઈ જાય તો બીજા ભવમાં તે ઉપસ્થિત થઇ જાય છે અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે. ૫૭૮.

( શ્રી ધવલા, પુસ્તક-૯, પાનું -૨૫૯ )

* આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે. તે જ્ઞાન સિવાય બીજું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે. ૫૭૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૬૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેઓ પરંપરાથી આત્મા અને પરનો ભેદ બતાવે છે એવા ગુરુ જ દિનકર છે, ગુરુ જ હિમકરણચંદ્ર છે. ગુરુ જ દીપક છે અને તે ગુરુ જ દેવ છે. ૫૮૦

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧ )

* શ્રદ્ધાવાન જીવને આ મારા ને આ પરાયા એવા ભેદ ગુરુ વિષે કદાપિ હોતા નથી. જિનવચનરૂપી રત્નાભૂષણથી જે શોભિત છે તે બધાય ગુરુ છે. ૫૮૧.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૧૦૫ )

* યહ પંચમ દુઃખમા કાલ આકુલતામય તથા અનિષ્ટ નિમિત્તોંસે પૂર્ણ હૈ. ઈસમેં હિતકારી સમ્યગ્દર્શન શીઘ્ર નહીં ઉત્પન્ન હોતા હૈ. તો ભી જ્ઞાનકે અભ્યાસ કે બલસે આત્મહિતકારી સમ્યગ્દર્શનકા સંયોગ હોતા હૈ તબ સર્વ ભય નાશ હો જાતા હૈ ઔર કર્મોકા ક્ષય હોને લગતા હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકે હોતે હી અવિપાકનિર્જરા પ્રારંભ હો જાતી હૈ. ૫૮૨.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું–૪૯ )

***

* જો ગૃહસ્થીકે ધંધેમેં રહતે હુએ ભી હેયાહેયકો સમજતે હૈં ઔર જિનભગવાનકા નિરંતર ધ્યાન કરતે હૈં, વે શીઘ્ર હી નિર્વાણકો પાતે હૈં. ૫૮૩.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૧૮ )

* હે ભવ્ય! તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે? એ કોલાહલથી તું વિરકત થા અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ; એવા છ મહિના અભ્યાસ કર અને જો (–તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદયસરોવરમાં જેનું – પ્રતાપ–પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે. ૫૮૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૪ )

* કોઈ મનુષ્ય શુદ્ધ, સ્વાદિષ્ટ, સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન્ન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે; તેમ હું અત્યારે સંસારથી વિરકત થઇને, મારા અંતરમાંધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપસ્વજનો શત્રુ કાર્ય ન કરશો. ૫૮૫.

( આચાર્ય જટાસિંહનંદી, વરાંગ ચરિત્ર, સર્ગ – ૨૮, શ્લોક–૧૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પ્રશ્નઃ– જ્ઞાન તો જાણપણારૂપ છે છતાં પોતાને કેમ નથી જાણતું ?

સમાધાનઃ– જાણપણું અનાદિ પરથી વ્યાપી પરનું જ થઇ રહ્યું છે. હવે તે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે – આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. જ્ઞાન આત્મા વિના ન હોય. માટે પરપદને જાણવાવાળું મારું પદ છે, મારું જ્ઞાન એ જ હું છું, પરવિકાર પર છે, જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું, એવો દ્રઢભાવ તે સમ્યક્ત્વ છે. તે સુગમ છે. ( છતાં ) વિષમ માની રહ્યો છે. ૫૮૬.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૨૧ )

* જે પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલો અગ્નિ, જેની અંદરથી ઘણાં તણખાં ઉડે છે અને ઘણાં જ પ્રકાશવાળો છે એવો દાવાનળ વનનો અગ્નિ જાણે જગતને બાળી નાંખવાની ઈચ્છા કરતો હોય નહિ! તેવો જોરમાં સળગતો – સળગતો અગ્નિ સન્મુખ આવે તો તેને પણ આપના ( જિનેન્દ્રના ) નામનું કીર્તન–સ્તવનરૂપી જળ સમગ્ર રીતે બુઝાવી નાખે છે. ૫૮૭.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક–૪૦ )

***

* ઇસ તરહ કમલકે સમાન પ્રફુલ્લિત આત્માકા સ્વભાવ કહા ગયા. યહી શુદ્ધાત્માકા અનુભવ હી શ્રી જિનેન્દ્રપદકી ઉત્પત્તિકા કારણ હૈ. જૈસા કારણ હોતા હૈ વૈસા કાર્ય હોતા હૈ. શુદ્ધસ્વભાવકા ધ્યાન હી શુદ્ધ ભાવકા પ્રકાશક હૈ. કેવલ–સ્વરૂપ આત્માકા અનુભવ હી કેવલજ્ઞાનકા કારણ હૈ. શુદ્ધસ્વભાવકે ઝલકાવસે દોષ સહિત સર્વ ભય વિલા જાતા હૈ. ૫૮૮.

( શ્રી તારણ સ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું –૧૬૫ )

* જે મનુષ્યો પ્રતિદિન જિનેન્દ્રદેવનું ન તો દર્શન કરે છે, ન સ્મરણ કરે છે, ન પૂજન કરે છે, ન સ્તુતિ કરે છે અને સમર્થ હોવા છતાં પણ ભક્તિથી મુનિજનોને ઉત્તમ દાન પણ દેતા નથી, તેમનું ગૃહસ્થાશ્રમપદ પથ્થરની નાવ સમાન છે; તેના ઉપર બેસીને તે મનુષ્યો અત્યંત ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ગોથા ખાતા થકા નાશ જ પામવાના છે. ૫૮૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત–ઉદ્યોતન, શ્લોક–૧૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શ્રદ્ધાવાન જીવને જિનરાજની પૂજાના અવસરે કોઈ કરોડોનું ધન આપે તો પણ, તે અસાર ધનની શ્રદ્ધા છોડીને સ્થિરચિત્તે સારભૂત જિનરાજની પૂજા જ કરે છે. ૫૯૦.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૮૯ )

* દેખો યહ પુણ્યકા હી માહાત્મ્ય હૈ જો કિ પ્રાણોંકો હરણ કરને વાલા હલાહલ વિષ ભી અમૃત બન જાતા હૈ. વિષ ભી નિર્વિષ હો જાતા હૈ, શાકિની ભૂત–પિશાચ આદિકા ઉપદ્રવ પુણ્યશાલી જીવકો નહીં હોતે હૈં, ઉસકો દેખતે હી ભાગ જાતે હૈં, ધર્માત્મા પુરુષકે પગતલે ધર્મકે પ્રભાવસે ભયાનક ફુંકાર કરતા હુઆ, ક્રોધસે લાલ હો ગયે હૈ નેત્ર જિસકે ઐસા સર્પ ભી કાંચલીસા બન જાત હૈ, ભયાનક અગ્નિ જળકે રૂપમેં પરિણમ જાતી હૈ, સિંહ સિયાર બન જાતા હૈ, સમુદ્ર થલ બન જાતા હૈ, ધર્મકા હી યહ પ્રભાવ હૈ કિ ધર્માત્માકે ચરણોકે રાજા મહારાજા ચક્રવર્તિ આદિ તક પૂજતે હૈ. ૫૯૧.

( શ્રી પાંડવ પુરાણ, પાનું – ૧૮૭ )

* હે જીવ! તું જિનવરને ધ્યાવ, ને વિષય–કષાયોને છોડ. હે વત્સ! એમ કરવાથી દુઃખ તને કદી નહિ દેખાય, અને તું અજર–અમર પદને પામીશ. ૫૯૨.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૯૭ )

***

* જેમ ઘાસના તણખલાની વાડ મદમાતા હાથીને રોકી શકતી નથી, તેમ જેણે અકિંચન ( કંઈ ણ પરિગ્રહ વગરના ) આત્માનો સ્વાદ ચાખી લીધો છે એવા મુમુક્ષુને બાહ્યપરિગ્રહોની વાડ આત્મસાધનામાં વિઘ્ન કરી શકતી નથી. ૫૯૩.

( શ્રી નેમીશ્વર વચનામૃત–શતક, શ્લોક–૪૧ )

* જો પુરુષ, સ્ત્રી આદિ વિષયોંકા ઉપભોગ કરતા હૈ ઉસકા સારા શરીર કાંપને લગતા હૈ, શ્વાસ તીવ્ર હો, શ્વાસ તીવ્ર હો જાતી હૈ ઔર સારા શરીર પસીનેસે તર હો જાતા હૈ, યદિ સંસારમેં ઐસા જીવ ભી સુખી માના જાવે તો ફિર દુઃખી કૌન હોગા? જિસ પ્રકાર દાંતોંસે હડ્ડી ચબાતા હુઆ કુત્તા અપનેકો સુખ માનતા હૈ, ઉસી પ્રકાર જિસકી આત્મા વિષયોંસે મોહિત હો રહી હૈ ઐસા મૂર્ખ પ્રાણી હી વિષય સેવન કરનેસે ઉત્પન્ન હુએ પરિશ્રમમાત્રકો હી સુખ માનતા હૈ. ૫૯૪.

( શ્રી જિનસેનાચાર્ય, આદિપુરાણ, ભાગ–૧ પાનું– ૨૪૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ( જીવને ) તત્કાલ મરણ ભાસે તો પણ તે મરણ ન ગણાતાં વિષયોનું ગ્રહણ કરે છે. તેથી મરણ થવા કરતાં પણ ઇન્દ્રિયોના વિષયસેવનની પીડા અધિક જણાય છે, એ ઇન્દ્રિયોની પીડાથી સર્વ જીવો પીડિત બની નિર્વિચાર થઈ, જેમ કોઈ દુઃખી માણસ પહાડ ઉપરથી પડતું મૂકે તેમ, વિષયોમાં ઝંઝાપાત કરે છે. ૫૯૫.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૩, પાનું-૫૧ )

* મધ્યમપાત્ર જબ અપનેકો ભાવશ્રુતજ્ઞાનકા દાન દેતે હૈં તબ વહ અપનેકો આહારદાન કરતે હૈં ક્યોંકિ ભાવશ્રુતજ્ઞાનમેં સમયસારકા જ્ઞાન હોને સે ઉનકો પરમ તૃપ્તિ મિલતી હૈ. જબ વે મધ્યમપાત્ર અપને આત્મામેં ભાવશ્રુતજ્ઞાન દ્વારા રમન કરતે હૈં તબ વે આનંદમય હો જાતે હૈં. યહ સચ્ચા પાત્રદાન હૈ. ઇસ અનુપમ પાત્રદાનસે સૂક્ષ્મ કર્મ કે સ્કંધ જો બંધ પ્રાપ્ત થે ઉનકી નિર્જરા હો જાતી હૈ. ૫૯૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું - ૭૫ )

* રે જીવ ! તું અજ્ઞાની - મિથ્યાદષ્ટિ જીવોના દોષનો શા માટે નિશ્ચય કરે છે ? -તે તો મિથ્યાદષ્ટિ છે જ; તું તારા આત્માને પોતાને જ કેમ નથી જાણતો ? જો તને નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો તું પણ દોષવાન છો, માટે જિનવાણી અનુસાર તું દઢ શ્રદ્ધા કર. ૫૯૭.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૭૦ )

***

* જો કર્મકો મૈં ઉદયમેં લાકર ભોગને ચાહતા થા, વહ કર્મ આપ હી આ ગયા, ઇસસે મૈં શાંતિચિત્તસે ફલ સહનકર ક્ષય કરું, યહ કોઇ મહાન હી લાભ હુઆ. ૫૯૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ગાથા-૧૮૩ )

* હે પ્રાણી ! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય ! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઇને ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે - ક્રીડા કરે છે. ૫૯૯.

( શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૬૩ )

* વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યદષ્ટિ છે. ૬૦૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર ગાથા-૨૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ તે સ્થિત થાય; તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું? સમસ્ત ઉપદેશનું કેવળ આ જ રહસ્ય છે. ૬૦૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૫૨ )

* શુદ્ધ ચિદ્રૂપને ભજનાર મનુષ્યોનું ક્ષુધા, તરસ, રોગ વા ઠંડી, ગરમી, પાણી, અને વાણીથી, શસ્ત્ર, રાજાદિના ભયથી, સ્ત્રી, પુત્ર, શત્રુ, નિર્ધનતા, અગ્નિ, બેડી ગાય આદિ પશુ તથા અશ્વ, ધન, કંટકથી, સંયોગ, વિયોગ, ડાંસ, પતન, ધૂળથી, માનભંગ આદિથી ઉત્પન્ન થતું દુઃખ, ક્યાં જતું રહે છે તે અમે જાણતા નથી. ૬૦૨.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય - ૨, ગાથા-૩ )

* રાગાદિનું નામ જ હિંસા, અધર્મ અને અવ્રત છે તથા નિશ્ચયથી તેના ત્યાગનું જ નામ અહિંસા, વ્રત અથવા ધર્મ છે.

તેથી જે આગમમાં સ્વ અને પર પ્રાણીઓની અહિંસાનો સિદ્ધાંત માનવામાં આવ્યો છે તે માત્ર સ્વાત્મરક્ષાના માટે જ છે, પણ તે પરના માટે નથી. ૬૦૩.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૭૫૪-૭૫૫ )

* * *

* આ જગતમાં અનંત જીવ એવા છે કે જેને દ્વીન્દ્રિયાદિ સ્વરૂપની પ્રાપ્તિ કદી થઈ નથી. મિથ્યાત્વાદિ ભાવકલંકથી ભરેલ જીવ સર્વ કાળ નિગોદવાસને છોડતાં નથી. સૂક્ષ્મ વનસ્પતિરૂપથી રહેલ એવા જીવ અનંત છે. ( આ સંસારમાં જીવને ત્રસપણું પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે. ) ૬૦૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પર્યાપ્તિ અધિકાર, ગાથા-૧૮૭ )

* હે નાથ! જે બુદ્ધિમાન મનુષ્ય આ સ્તોત્રનો નિરંતર ( હર-હંમેશ ) પાઠ કરે છે તે ઉન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર, જલોદર અને બંધન વિગેરેથી થતાં ભયથી તુરત જ મુક્ત થઈ જાય છે, મતલબ કે એવા લોકો આગળથી ભય ડરી ગયો હોય તેમ નષ્ટ થઈ જાય છે. ૬૦૫.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આ શરીરાદિ દશ્ય પદાર્થ ચેતનારહિત જડ છે અને જે ચૈતન્યરૂપ આત્મા છે તે ઇન્દ્રિયો દ્વારા દેખાય તેવા નથી; તેથી હું કોના ઉપર રોષ કરું? અને કોના ઉપર રાજી થાઉં? એટલા માટે હું મધ્યસ્થ થાઉં છું – એમ અન્તરાત્મા વિચારે છે. ૬૦૬.

( શ્રી પૂજ્યાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૪૬ )

***

* જેને પોતાને અનંત શક્તિ પ્રકાશમાન છે એવી વસ્તુ અન્ય વસ્તુની બહાર જો કે લોટે છે તોપણ અન્ય વસ્તુ અન્ય વસ્તુની અંદર પ્રવેશતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ પોતપોતાના સ્વભાવમાં નિશ્ચિત છે એમ માનવામાં આવે છે. ( આચાર્યદેવ કહે છે કે– ) આમ હોવા છતાં, મોહિત જીવ, પોતાના સ્વભાવથી ચલિત થઈને આકુળ થતો થકો, શા માટે કલેશ પામે છે? ૬૦૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૧૨ )

***

* હે વિદ્વજનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વ–બુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઇષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઇ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૬૦૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૨૩ )

* જેવી રીતે મોજાંઓથી ઊછળતા ભીષણ સમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્નપૂર્વક તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઇ શત્રુ તેને ધક્કો દઇને પાછો સમુદ્રમાં હડસેલે; તેમ હે માતા–પિતા! દુર્ગતિના દુઃખોથી ભરેલાં આ ઘોર સંસાર–સમુદ્રમાં અનાદિથી ડૂબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડ–માંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસાર સમુદ્રમાં ન પાડશો, ઘરમાં રહેવાનું ન કહેશો. ૬૦૯.

( આચાર્ય શ્રી જટાહિંસનંદિ, વરાંગ ચરિત્ર, સર્ગ–૨૯, શ્લોક–૧૮ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશ માર્ગસે ચંદ્ર સૂર્યકો ઉતાર ફેંકનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં પ્રવેશ કરતે હોં, વહાં દૂસરોંકી કયા સ્થિતિ હૈં? ઠીક હૈ જિસ બિલમેં વનોંકે સાથ પર્વત સમા જાતા હૈ ઉસમેં પરમાણુકા સમા જાના કૌન બડી બાત હૈ? ૬૧૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૦૫ )

* પંચમગતિ નિવાસી શ્રી સિદ્ધભગવાન પંચમજ્ઞાન કેવલજ્ઞાનકે ધારી હૈં. ઉનકા સ્વરૂપ હી ભવ્ય જીવોકો ઉનકે સમાન હોનેકી શિક્ષા દેતા હૈં. વે સર્વ ભયસે રહિત હૈં, આનંદામૃતમેં રમણ કરનેવાલે વીતરાગ પરમ શુદ્ધ જિન હૈં. વે જ્ઞાનચેતનાકે ધારી આત્મિક કમલકે રસમેં રમણ કરનેવાલે જિનેશ હૈં. વે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય ચાર ચતુષ્ટયકે ધારી હૈ, તારણ તરણ જિન હૈ, મુક્તિમેં સદા રહનેવાલે હૈ. ૬૧૧.

( શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ-૨, પાનું -૧૫૮ )

* 'પ્રભુતા' પોતાના ઘરમાં રહે છે. 'દુઃખ' નીચ એવા પારકા ઘરમાં રહે છે. આ પ્રત્યક્ષ રીત વિચારીને પોતાના ચેતનઘરમાં રહો. ૬૧૨.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું – ૧૬૨ )

* જે પુરાણા કર્મોને ખપાવે છે, નવા કર્મોને આવવા દેતો નથી, ને દરરોજ જિનદેવને ધ્યાવે છે, તે જીવ પરમાત્મા થઇ જાય છે. ૬૧૩.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૯૩ )

* દર્શનમોહનીયનો ક્ષય કરનારા મનુષ્યો પ્રાયઃ અસંયમી રહે છે અને તે સંયમને પ્રાપ્ત થતાં પ્રાયઃ મહાવ્રતોને જ ધારણ કરે છે, અણુવ્રતો ધારણ કરતાં નથી. ૬૧૪.

( શ્રી ધવલા, પુસ્તક-૫, પાનું-૨૭૭ )

* એક જીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી. ૬૧૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનુપ્રેક્ષા-અધિકાર, ગાથા-૧૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે જીવ! યહ શરીર તરા શત્રુ હૈ, ક્યોંકિ દુઃખોંકો ઉત્પન્ન કરતા હૈ, જો ઈસ શરીરકા ઘાત કરે, ઉસકો તુમ પરમમિત્ર જાનો. ૬૧૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, શ્લોક-૧૮૨ )

∗ પ્રજ્ઞાઃ – જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન કરવું તે પ્રજ્ઞાપરિષહજય છે. અજ્ઞાનઃ– જ્ઞાનાદિકની હીનતા હોય ત્યારે લોકો દ્વારા કરવામાં આવતો તિરસ્કાર શાંત ભાવથી સહન કરી લેવો અને પોતે પણ પોતાના જ્ઞાનની હીનતાનો ખેદ ન કરવો તે અજ્ઞાનપરિષહજય છે.

અદર્શનઃ– ઘણા વખત સુધી કઠોર તપશ્ચર્યા કરવા છતાં પણ મને અવધિજ્ઞાન તથા ચારણઋદ્ધિ વગેરેની પ્રાપ્તિ ન થઈ માટે તપશ્ચર્યા વગેરે ધારણ કરવા વ્યર્થ છે – એવો અશ્રદ્ધાનો ભાવ ન થવા દેવો તે અદર્શન-પરિષહજય છે. ૬૧૭.

( શ્રી ઉમાસ્વામી, મોક્ષશાસ્ત્ર – ગુજરાતી ટીકા, અધિ. ૯, સૂત્ર- ૯ )

∗∗∗

∗ સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્ય થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતાં કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૬૧૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૨૩ )

∗ તિર્યંચોની માફક મનુષ્યો જન્મ્યા પછી અંતઃમુહૂર્ત કાળમાં જ અણુવ્રતોને ગ્રહણ કરી શકતા નથી. ૬૧૯.

( શ્રી ધવલા, પુસ્તક-૪, પાનું – ૩૭૮ )

∗ હે પિતાજી! હે માતાજી જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે પણ શત્રુ હોય છે તે તેને પકડીને ફરી આગમાં ફેંકે છે. તેમ મોહની જવાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસારદુઃખની અગ્નિજવાળાથી હું બહાર નીકળવા માગું છું, ત્યારે આપ કોઇ શત્રુની જેમ મને ફરીને અગ્નિજ્વાળામાં ન ફેંકશો. ૬૨૦.

( આચાર્ય શ્રી જટાસિંહનંદિ, વરાંગ-ચરિત્ર, સર્ગ-૨૯ શ્લોક-૧૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* લોભ સંસારમેં કયા નહીં અનર્થ કરતા હૈ, લોભસે હી ક્રોધ પૈદા હોતા હૈ, લોભસે હી કામ હોતા હૈ, લોભસે હી મોહ હોતા હૈ, કહાં તક ઇસકી તારીફ કી જાય. લોભસે ઇસ જીવનકા સત્યાનાશ હો જાતા હૈ, બુદ્ધિ બિગડ જાતી હૈ, હેય-ઉપાદેયકા કુછ જ્ઞાન નહીં રહતા, લોભી મનુષ્યકો અપને યશ-અપયશકા કુછ ભી ખ્યાલ નહીં રહતા, જિતના ભી અનર્થ દુનિયામેં હોતા હૈ ઉસકા મૂલ કારણ ધન-લોભ હી હૈ, ઇસલિયે તો બતાયા હૈ કિ લોભ પાપકા બાપ હૈ, ઇસસે બઢકર કોઇ પાપ નહીં હૈ. ૬૨૧.

( શ્રી પાંડવ પુરાણ, પાનું – ૯૧ )

* શંકાઃ – મિથ્યાદષ્ટિ જીવોનં જ્ઞાન અજ્ઞાન કેવી રીતે છે?

સમાધાનઃ – કારણ કે તેનું જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરતું નથી.

શંકાઃ- જ્ઞાનનું કાર્ય શું છે?

સમાધાનઃ- જાણેલા પદાર્થનું શ્રદ્ધાન કરવું તે જ્ઞાનનું કાર્ય છે. એ રીતે જ્ઞાનનું કાર્ય મિથ્યાદષ્ટિ જીવમાં હોતું નથી તેથી તેનું જ્ઞાન અજ્ઞાન છે... જ્ઞાનનું કાર્ય નહીં કરવાથી જ્ઞાનને અજ્ઞાન કહેવાનો વ્યવહાર લોકોમાં અપ્રસિદ્ધ નથી. કેમકે પુત્રને યોગ્ય કાર્ય નહીં કરવાવાળા પુત્રને કુપુત્ર કહેવાનો વ્યવહાર લોકમાં પણ જોવામાં આવે છે. ૬૨૨.

( શ્રી ધવલા, પુસ્તક-૫, પાનું ૨૨૪ )

***

* જેવી રીતે સિદ્ધ ભગવાન અમૂર્ત હોવા છતાં, નિષ્ક્રિય તેમ જ અપ્રેરક હોવા છતાં "હું સિદ્ધ સમાન અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ છું." ઇત્યાદિ વ્યવહારથી સવિકલ્પ સિદ્ધ ભક્તિવાળા એવા, નિશ્ચયથી નિર્વિકલ્પ સમાધિરૂપ નિજ-ઉપાદાનકારણપરિણત જીવોને સિદ્ધગતિના સહકારી કારણ છે, તેવી રીતે નિષ્ક્રિય, અમૂર્ત અને અપ્રેરક હોવા છતાં પણ ધર્મદ્રવ્ય, પોતાના ઉપાદાનકારણથી ગતિ કરતાં જીવ અને પુદ્ગલોને ગતિમાં સહકારી કારણ છે. ૬૨૩.

( શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૧૭ની ટીકામાંથી

* પરમ શુદ્ધભાવકી ખોજ કરની ચાહિયે. ખોજ કરનેસે ઉત્કૃષ્ટ શુદ્ધભાવ પ્રાપ્ત હો જાતા હૈ. જ્ઞાનમેં અનંતાનંત લોકકે જાનનેકી શક્તિ હૈ. ઉસ જ્ઞાનકે પ્રકાશ હોતે હી સંસારકા ભ્રમણ છૂટ જાતા હૈ. ૬૨૪.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૧૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વિષયોંકા સેવન કરનેસે પ્રાણિયોંકો કેવલ રતિ હી ઉત્પન્ન હોતી હૈ. યદિ વહ રતિ હી સુખ માના જાવે તો વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુઓંકે ખાનેમેં ભી સુખ માનના ચાહિયે. કયોંકિ વિષયી મનુષ્ય જિસ પ્રકાર રતિકો પાકર અર્થાત્ પ્રસન્નતાસે વિષયોંકા ઉપભોગ કરતે હૈં ઉસી પ્રકાર કુત્તા ઔર શૂકરોંકા સમૂહ ભી તો પ્રસન્નતાકે સાથ વિષ્ટા આદિ અપવિત્ર વસ્તુયેં ખાતા હૈં. ૬૨૫.

( શ્રી જિનસેનાચાર્ય આદિપુરાણ, ભાગ-૧, પાનું ૪૩ )

* સ્વસમયમાં સ્થિતિ અર્થે, લોકપ્રવાહ ( ગાડરીઓ પ્રવાહ ) છોડી અને શાસ્ત્ર-અનુસાર સમ્યક્ પ્રકારે પરીક્ષા વડે નિશ્ચય કરીને, કોઈ એક યુગપ્રધાન આચાર્યને મધ્યસ્થપણે પક્ષપાતરહિત મનથી ગુરુ માનવા. ૬૨૬.

( શ્રી આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા, ગાથા-૧૪૦ )

* આત્માકો આત્માસે જાનનેમેં યહાં કૌન સા ફલ નહી મિલતા ? ઔર તો કયા ઇસસે કેવલજ્ઞાન ભી હો જાતા હૈ ઔર જીવકો શાશ્વત સુખકી પ્રાપ્તિ હોતી હૈ. ૬૨૭.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૬૨ )

***

* જિસસે જાનનેસે કર્મ-કલંક દૂર હો જાતે હૈં, વહ આત્મા શરીરમેં નિવાસ કરતા હુઆ ભી દેહરૂપ નહીં હોતા, ઉસકો તૂ અચ્છી તરહ પહચાન ઔર દૂસરે અનેક પ્રપંચોકો તો જાનતા હૈ, અપને સ્વરૂપકી તરફ કયોં નહીં દેખતા ? વહ નિજસ્વરૂપ હી ઉપાદેય હૈ, અન્ય કોઇ નહીં હૈ. ૬૨૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૨૭ )

* જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના ( -કરવાના અને ભોગવવાના ) અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. ૬૨૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, કળશ-૧૯૮ )

* જીવના પોતાના ગુણ કયા કયા છે ? - કેવળજ્ઞાન, કેવળદષ્ટિ અમિતવીર્ય અને અનંતસુખ તે જીવના ગુણો છે. એની શાસ્ત્રના શ્રવણ-મનન આદિથી થયેલું જ્ઞાન તે તો સરોવરમાં પડેલા ઝાકળબિંદુ જેવું ( નગણ્ય ) છે. ૬૩૦.

( શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક-૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરૂપમ, સહજ પરમાનંદવાળા ચિદ્રૂપને (ચૈતન્યના સ્વરૂપને) એ એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર. ૬૩૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, શ્રી નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૩ )

* જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર આદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં - ( - આત્મામાં ) 'આ કર્મ-નોકર્મ છે' - એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ છે. ૬૩૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૯ )

***

* પ્રથમ દેવાદિકનું શ્રદ્ધાન કરવું પછી જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ-લક્ષણાદિ શીખવા, કારણ કે તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વપરનું ભિન્નપણું જેથી ભાસે તો વિચારો કર્યા કરવા, કારણ કે- એ અભ્યાસથી ભેદવિજ્ઞાન થાય છે. ત્યારપછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કર્યા કરવો. કારણ કે એ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે અનુક્રમથી તેને અંગીકાર કરી પછી તેમાંથી જ કોઇ વેળા દેવાદિના વિચારમાં કોઈ વેળા તત્ત્વવિચારમાં, કોઇ વેળા સ્વરૂપના વિચારમાં તથા કોઇ વેળા આત્મવિચારમાં ઉપયોગને લગાવવો. એ પ્રમાણે અભ્યાસથી દર્શનમોહ મંદ થતો જાય છે. ૬૩૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૯, પાનું-૩૩૦ )

* જીવદ્રવ્ય અશુદ્ધરૂપ પ્રવર્ત્યું ત્યારે તે અશુદ્ધ ભાવથી જ વ્યાપ્ય- વ્યાપક પોતે જ થઇ રહ્યો છે, ત્રણકાળમાં અન્યદ્રવ્યને તે સ્પર્શતો પણ નથી. આવી દ્રવ્યની અનાદિ-અનંત મર્યાદા બંધાયેલી (બનેલી) છે. "અથવા દ્રવ્ય શુદ્ધરૂપ પરિણમો કે અશુદ્ધરૂપ પરિણમો પણ તે અન્ય દ્રવ્યને કોઇ પણ રીત ન સ્પર્શે તેવું જ જ્ઞાન થતાં જ્ઞાની દેખે-જાણે છે કે આ આમ છે" ૬૩૪.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું ૧૧૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઇ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષિશ્વરો શ્રુતકેવળી કહે છે. ૬૩૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૯ )

* સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવાં શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં. ૬૩૬.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૨ )

* મન દ્વારા વિવેક થઈ પછી મન પણ બાજુએ રહે. મન પર છે, જ્ઞાન નિજવસ્તુ છે. તેથી એવી રીતે વિચારતાં (મન) દૂર રહે છે. શાથી ? કે - પરમાત્મપદ ગુપ્ત છે, તેની મન વ્યક્તભાવના કરી શકે છે, કારણ કે - પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલાં જ મરી નિવૃત્ત થાય છે. જેમ શૌર્યવાનના તેજથી કાયર, વિના સંગ્રામ જ મરે છે. સૂર્યના તેજથી અંધકાર પહેલો જ નાશ થઇ જાય છે તેમ અહીં જાણવું. ૬૩૭.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૭ )

* વ્યવહારનયકર સોલહવાનકે સુવર્ણ ભિન્ન ભિન્ન વસ્ત્રોમેં લપેટે તો વસ્ત્રકે ભેદસે ભેદ હૈ, પરંતુ સુવર્ણપનેસે ભેદ નહીં હૈં. ઉસી પ્રકાર તીન લોકમેં તિષ્ઠે હુએ જીવોંકા વ્યવહારનયસે શરીરકે ભેદસે ભેદ હૈં, પરતુ જીવપનેસે ભેદ નહીં હૈં. દેહકા ભેદ દેખકર મૂઢ જીવ ભેદ માનતે હૈં, ઔર વીતરાગ સ્વસંવેદનજ્ઞાની, જીવપનેસે સબ જીવોંકો સમાન માનતા હૈ. સભી જીવ કેવલજ્ઞાનવેલિકે કંદ સુખ-પંક્તિ હૈ, કોઇ કમબઢ નહીં હૈ. ૬૩૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૯૬ )

* ચૈતન્યનો તો એક ચિન્મય જ ભાવ છે, જે બીજાં ભાવો છે તે ખરેખર પરના ભાવો છે; માટે (એક) ચિન્મયભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે, બીજા ભાવો સર્વથા છોડવા યોગ્ય છે. ૬૩૯.

( શ્રી અમૃચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૮૪ )

* આ શરીરના રોગ-સડન-પડન -જરા તથા મરણરૂપ સ્વભાવને દેખીને જે ભવ્યજીવ આત્માને ધ્યાવે છે, તે (ઔદારિકાદિ) પાંચ પ્રકારના શરીરોથી મુક્ત થઈ જાય છે. ૬૪૦.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આસ્રવોનુ અશુચિપણું અને વિપરીતપણું તથા તેઓ દુઃખના કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે. ૬૪૧.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૭૨ )

* અમૃત અર્થાત્ મોક્ષના કારણભૂત ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ પ્રાપ્ત કરીને, અજ્ઞાની જીવોનું અસંગત વર્તન જોઇને વ્યાકુળ ન થવું જોઈએ. ૬૪૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, શ્લોક-૭૮ )

* જેમ કોઈ હાથમાં રાખેલ ચિંતામણિ ભૂલી કાચના કટકાને રત્ન માની ચલાવે તો તે રત્ન ન થાય અને ચિંતામણિને કાચ જાણે તો તે કાચ ન થાય-ચિંતામણિપણું ન જાય. તેમ આત્માને પર જાણવાથી તે પર ન થાય – ચિંતામણિપણું ન જાય. તેમ આત્માને પર જાણવાથી તે પર ન થાય અને પરને આત્મા જાણતાં તે આત્મા ન થાય. વસ્તુ પોતાના સ્વભાવનો ત્યાગ કોઈ કાળમાં પણ ન કરે. વસ્તુ વસ્તુપણાને ન તજે-પોતાના દ્રવ્યને ન તજે – પોતાના પ્રમાણને ન તજે તથા પોતાના પ્રદેશને ન તજે, ઇત્યાદિ ભાવોને ન તજે માટે તે અનાદિ પ્રદેશપ્રમાણને ન તજે. શુદ્ધ અશુદ્ધ બંને અવસ્થામાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર – કાળ ભાવની દશા ન તજે. ( તેનો ) મહિમા અનંત-અમીટ છે અર્થાત્ કોઈથી મટાડયો જતો નથી, નિશ્ચયથી જે છે તે છે. ૬૪૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૮૩ )

* હે જીવ! જૈસે નરકવાસ સૈકડોં છિદ્રોંસે જર્જરિત હૈં, ઉસી તરહ શરીરકો ભી ( મલમૂત્ર આદિસે ) જર્જરિત સમજ. અતએવ નિર્મલ આત્માકી ભાવના કરતો શીઘ્ર હી સંસારસે પાર હોગા. ૫૪૪.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૫૧ )

* યહ વ્રતી, આત્મામેં આત્માકા સ્વભાવ પહચાનતા હૈ, આત્માકો હી સ્વરૂપસે પરમાત્મા જાનતા હૈ, પરિગ્રહકા પ્રમાણ રખતા હુઆ ભી પુદ્ગલકો પર હી માનતા હૈ, જ્ઞાનમયી અનંત ચતુષ્ટયધારી આત્મા હૈ ઈસ ભાવકો રખતા હૈ. ૬૪૫.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૬૪ )

* જેમ કોઈ એક ( દરિદ્ર માણસ ) નિધિને પામીને પોતાના વતનમાં ( ગુપ્તપણે ) રહી તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોના સમૂહને છોડીને જ્ઞાનાનિધિને ભોગવે છે. ૬૪૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, નિયમસાર, ગાથા-૧૫૭ )

* હે યોગી! પૃથ્વી પર ભ્રમણ કરતાં જો માણેક મળી જાય, તો તે પોતાના કપડામાં બાંધી લેજે, અને એકાન્તમાં બેસીને દેખજે. (સંસાર ભ્રમણમાં સમ્યક્ત્વરત્ન પામીને એકાન્તમાં ફરી ફરીને તેની સ્વાનુભૂતિ કરજે. લોકનો સંગ ન કરીશ.) ૬૪૭.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૨૧૬ )

* જેમ કોઇ બુદ્ધિમાનને રસ્તા વચ્ચે પડેલ નિધિ મળે તો તે ગુપ્ત રાખશે. તમ જેણે પોતાના આત્મગુણ-નિધાનને દેખ્યા તે ગુપચુપ તેને સાચવીને વધારવાનો પ્રયત્ન કરશે. ૬૪૮.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૩૪ )

* યહ આત્મા તીન જગતકા ભર્તા (સ્વામી) હૈ, સમસ્ત પદાર્થોકા જ્ઞાતા હૈ, અનંત શક્તિવાલા હૈ, પરંતુ અનાદિકાલસે અપને સ્વરૂપસે ચ્યુત હોકર અપને આપકો નહિ જાનતા યહ અપની હી ભૂલ હૈ. ૬૪૯.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૧, શ્લોક-૨૧ )

* આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સાંધમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઇને પટકવાથી (નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદાં કરી શકાય છે એમ અમે જાણીએ છીએ. ૬૫૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૯૪ )

* જ્ઞાની પોતામાં અને પરદ્રવ્યમાં સર્વથા કાંઈ પણ સંબંધ દેખતો નથી. તેથી આ પુદ્‌ગલનું નાટક જેવું જણાયું તેવી રીતે નાચે, સ્વયં ઊપજે, સ્વયં વિણશે, સ્વયં આવે, સ્વયં જાય, હું એના નાટકને ન રાખી શકું કે ન છોડી શકું. “એના નાટકના રાખવા છોડવાની ચિંતા પણ કરવામાં આવે તે પણ જૂઠી છે, કારણ કે તે પરવસ્તુ છે, પોતાના ગુણ-પર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, કર્તાકર્મક્રિયાદિની સામગ્રીથી સ્વાધીન છે.” ૬૫૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું – ૧૦૪ )

* બાહરી છ તપોંકા ઉપદેશ કિયા ગયા, ભીતરી છ તપોંકો કહતે હૈં. જો શુદ્ધ અપના સ્વભાવ હૈ, જહાં મન, વચન, કાય તીનોં યોગોંકો થિર કરકે આત્મા પરમાત્માકે સમાન હૈ ઐસા નિશ્ચય કરકે અપને આત્માકો ઉસી સ્વભાવમેં અનુભવ કિયા જાય વહ આભ્યંતર તપ હૈ, ૬૫૨.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક-૫૨૬ )

* સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વ-પરનું જ્ઞાયક-એવું જે આ, મારી સાથે સંબંધવાળું મારું ચૈતન્ય તેના વડે- કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે – હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. ૬૫૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૯૦)

* પંચ-મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરિષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો- આદિ બધું સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો. ૬૫૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર ગાથા-૧૨૭)

* ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માને સદા પરસ્પર ભેદ છે. શરીર ઇન્દ્રિયોથી અર્થાત્ ઇન્દ્રિય જ્ઞાનથી જણાય છે અને આત્મા ખરેખર સ્વસંવેદનજ્ઞાનથી જાણવામાં આવે છે. ૬૫૫.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૪૮

***

* જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી – એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (પરદ્રવ્યના સર્વભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે. ૬૫૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૦૧-૩૦૩)

* હે ભવ્ય! કારણ-કાર્યની સીમામાં રહીને તું સમસ્ત આગમને સાંભળ; અને મન્મથ-વિજયી (અર્થાત્ વિષયોના શત્રુ) એવા જિનમાર્ગમાં અડગ રહીને, સૌથી શ્રેષ્ઠ-સારભૂત એવા આત્મતત્ત્વનો અનુભવ કર. ૬૫૭.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭)

∗ ઇન્દ્રરૂપી આત્મા તીર્થંકર સ્વરૂપ ઇષ્ટ પરમાત્માકા દર્શન કરતા હૈ. ઇન્દ્ર સમાન આત્મા અપને આત્મિક સ્વભાવસે પરમાત્મારૂપી અપને તીર્થંકરકો દેખતા હુઆ આશ્ચર્યકો પ્રાપ્ત હો રહા હૈ અર્થાત્ બારબાર અનુભવ કરે કે તૃપ્ત નહિ હોતા હૈ. શુદ્ધાત્માકા આચરણ યહી ઐરાવત હાથી હૈ, ઇસ પર ઇન્દ્ર આત્મા તીર્થંકરરૂપી પરમાત્માકો આરૂઢ કરતા હૈ. શ્રી જિનેન્દ્રોંકે સ્વરૂપકા પ્રકાશ અપને કમલ સમાન વિકસિત આત્માકે સ્વરૂપસે હી હોતા હૈ. ૬૫૮

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું- ૨૨૦ )

∗ નિશ્ચયથી સર્વ જીવો જન્મ-મરણથી રહિત, આત્મપ્રદેશોની અપેક્ષાએ (લોકાકાશના પ્રદેશપ્રમાણ અસંખ્યાત પ્રદેશી) સર્વ સમાન આત્મીય ગુણોમાં બધાં સરખા અને જ્ઞાનમય છે. ૬૫૯.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૩૮ )

∗∗∗

∗ જેવી રીતે નટ અનેક સ્વાંગ ધારે છે અને તે સ્વાંગના તમાશા જોઇને લોક કુતૂહલ સમજે છે, પણ તે નટ પોતાના અસલી રૂપથી કૃત્રિમ ધારણ કરેલાં વેષને ભિન્ન જાણે છે, તેવી જ રીતે આ નટરૂપ ચેતનરાજા પરદ્રવ્યના નિમિત્તે અનેક વિભાવપર્યાયોને પ્રાપ્ત થાય છે પરંતુ જ્યારે અંતરંગદષ્ટિ ખોલીને પોતાનું રૂપ દેખે છે ત્યારે અન્ય અવસ્થાઓને પોતાની માનતો નથી. ૬૬૦.

( શ્રી બનારસીદાસજી; નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૧૪ )

∗ જે આ અબદ્ધસ્પૃષ્ટ, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. ૬૬૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૫ )

∗∗∗

∗ જે પ્રમત્તાદિ ગુણસ્થાનોની વંદના કરવામાં આવે છે તે વંદનાથી ચેતનાત્મક મુનિઓ વંદિત થતા નથી – કેવળ દેહની વંદના થાય છે. ૬૬૨.

( શ્રી અતિગતિ આચાર્ય, યોગસાર, પ્રાભૃત, અધિકાર-૨, ગાથા-૩૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધજ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધયોગમાં (શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે (અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી. ૬૬૩.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૫)

***

* શુદ્ધ-નિશ્ચયનયકર આત્માકા અનંતજ્ઞાનાદિ સ્વરૂપકા ઈન કર્મોને ન તો નાશ કિયા, ઔર ન નયા ઉત્પન્ન કિયા, આત્મા તો જૈસા હૈ વૈસા હી હૈ. ઐસે અખંડ પરમાત્માકા તૂ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર. યહાં પર યહ તાત્પર્ય હૈ કિ જો જીવપદાર્થ કર્મોસે ન હરા ગયા, ન ઉપજા, ઔર કિસી દૂસરી તરહ નહીં કિયા ગયા, વહી ચિદાનંદસ્વરૂપ ઉપાદયે હૈ. ૬૬૪.

(શ્રી યોગીન્દ્રેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧. ગાથા-૪૮)

***

* પૂર્વ પુણ્યોદયથી જે મનુષ્ય સંસારસુખના સાધનભૂત સ્ત્રી, લક્ષ્મી આદિથી નિરંતર પરમ સુખને (પોતે માનેલાં) અનુભવતો હતો – તેમાં જ સદોદીત ટેવાયેલો હતો, તે જ મનુષ્ય જ્ઞાનસંપન્ન થઈ યૌવન અવસ્થા જ પ્રવજ્યા ધારણ કરી દુર્ઘર તપાદિ આચરી એવો થાય છે કે – જેને તપોવનમાં હિરણ જેવાં ચંચળ દષ્ટિવંત પ્રાણીઓ અર્ઘ બળેલાં કાષ્ટનાં ઠૂંઠા સમાન અવલોકી પોતાના અંગની ખાજ મટાડવા પોતાનું અંગ તેના અંગને ઘસે છે. ધન્ય છે તે માનવ આત્માને! ૬૬૫.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૮)

* જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જવાળા અગ્નિની છે, તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે. ૬૬૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૯)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ? ૬૬૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૦૦ )

***

* હિતકારી ધ્રુવ આત્માકી ગુફામેં પ્રવેશ હોના સો હી શુદ્ધ ધ્રુવ ઇન્દ્રિયાતીત આત્મામેં રમણ હૈ. ધ્રુવરૂપસે આત્માકી ગુફામેં ગુપ્ત હોના વહી ભવસાગરસે તારનેવાલા હૈ, વહી હર સમય શુદ્ધ ભાવમેં રમણ હૈ. જબ ધ્રુવ આત્માકા અનુભવ હોતા હૈ તબ પાંચો ઇન્દ્રિય ઔર મનકે વિચાર ભાગ જાતે હૈ તબ શુદ્ધ કમલ સમાન આત્મામેં ઠહરકર સમભાવ જગતા હૈ, વહી મોક્ષકા સાધન હૈ. ૬૬૮.

( શ્રીં તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું -૧૫૩ )

* જ્ઞાની વિચારે છે કેઃ નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં (– તે ચૈતન્ય અનુભવમાં) લીન થતો (હું) આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું. ૬૬૯.

( શ્રી કુંદુકંદાચાર્ય, સમયસાર, ગાથા-૭૩ )

***

* જેમ કોઇ રાજાને બીજાનો ગઢ લેવો મુશ્કેલ છે, તેમ આ આત્માને પરપદ લેવું મુશ્કેલ છે. કારણ કે અનાદિકાળથી પરપદ લેતો ફરે છે તો પણ તે પરરૂપ ન થયો, ચેતન જ રહ્યો. અને ચેતનાપદ આત્માનું છે તેને જાણતો પણ નથી, ભૂલ્યો જ ફરે છે, તો પણ તેની રહેણી નિશ્ચયથી તેનામાં જ છે, માટે મુશ્કેલ નથી, પોતાનું જ સ્વરૂપ છે. ભ્રમનો પડદો પોતે જ અનાદિનો કર્યો છે. તેથી પોતે પોતાને ભાસતો નથી, પણ પોતે પોતાને તજી બહાર ગયો નથી. ૬૭૦.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૪ )

* સામને પાંચો ઇન્દ્રિયે હી દિલખાઈ પડતી હૈં. પાંચો ઇન્દ્રિયોંકી ઓર દષ્ટિ હૈ સો હી સંસારકે માર્ગકો બઢાનેવાલી હૈ. જો સમ્યગ્દષ્ટિ જિનવાણી પર મનન કરતા હૈ, વહ અપની દષ્ટિ અદષ્ટ આત્મા પર લે જાતા હૈ, ઇસીસે કર્મોકા ક્ષય હોતા હૈ. ૬૭૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૨૫૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કાયવિકારને છોડીને જ ફરીફરીને શુદ્ધાત્માની સંભાવના (સમ્યક્ ભાવના) કરે છે તેનો જ જન્મ સંસારમાં સફળ છે. ૬૭૨.

(શ્ર. પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર- ટીકા, શ્લોક-૯૩)

* આ જીવ જ્યાં સુધી ચેતન-અચેતનરૂપ પર-પદાર્થોમાં પોતાપણાની બુદ્ધિ રાખે છે-પરપદાર્થોને પોતાના સમજે છે ત્યાં સુધી મોહ-મિથ્યાત્વ વધતો રહે છે. ૬૭૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રભૃત, અધિ. ૩, ગાથા-૩)

* સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર જ દેખે છે જ. ૬૭૪.

(શ્રીઅમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ-૧૯)

***

* જે ઇન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માને જાણે છે તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે. ૬૭૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૧)

* જો કોઈ વીતરાગ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની જીવ આરાધને યોગ્ય નિજ પદાર્થ ઔર ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવોંકો મનમેં જાન કર શાંતભાવમેં તિષ્ઠતે હૈં ઔર જિનકી લગન નિજ શુદ્ધાત્મસ્વભાવમેં હુઇ હૈ, વે હી જીવ ઈસ સંસારમેં સુખી હૈ. ૬૭૬.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૪૩)

***

* જે જેનો સ્વ ભાવ છે તે તેનું 'સ્વ' અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે -એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદ્રષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી "આ મારું 'સ્વ' નથી, હું આનો સ્વામી નથી" એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી.) ૬૭૭.

(શ્રી અમૃતચંદ્રચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૦૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જીવને ચાર ગતિમાં ભવોમાં પરિભ્રમણ, જાતિ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો નથી. ૬૭૮.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૪૨ )

* ચૈતન્યમય તે ઉત્કૃષ્ટ જ્યોતિનું તત્પરતાથી ધ્યાન કરો કે જેના વિના વિદ્યમાન વિશ્વ પણ અવિદ્યમાનવત્ પ્રતિભાસે છે તથા જે ઉપસ્થિત હોતાં તે વિશ્વ નિશ્ચતપણે યથાર્થ સ્વરૂપે પ્રતિભાસે છે. ૬૭૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૨૯ )

* જીવોને મારો અથવા ન મારો – કર્મબંધ અધ્યવસાનથી જ થાય છે. આ, નિશ્ચયનયે, જીવોના બંધનો સંક્ષેપ છે. ૬૮૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૨૬૨ )

* હે યોગી! જિસ ચિદાનંદ શુદ્ધાત્માકે નિશ્ચય કરકે જિનસ્વભાવસે ભિન્ન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ પાંચ પ્રકાર પરિવર્તનસ્વરૂપ સંસાર નહીં હે ઔર સંસારકે કારણ જો પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશરૂપ ચાર પ્રકારકા બંધ ભી નહીં હૈ, જો બંધ કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયકી પ્રગટતારૂપ મોક્ષ–પદાર્થસે જુદા હૈ ઉસ પરમાત્માકો તૂ મનમેંસે સબ લૌકિક વ્યવહારકો છોડકર તથા વીતરાગ–સમાધિમેં ઠહરકર જાન, અર્થાત્ ચિંતવન કર. ૬૮૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૧, ગાથા–૪૬ )

* * *

* સર્વજ્ઞ–વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. ૬૮૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૫૩ )

* ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી ( એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી ) કારણ કે બંનેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે છે ( અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે ); અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી ( દરેક વસ્તુને ) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ આધારાધેયસંબંધ છે. ૬૮૩.

( શ્રી અમૃતચંદ્રાચર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૮૧–૧૮૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિનેન્દ્રકા કહા હુઆ નિર્દોષ વચન હૈ જો સંસારકે માર્ગસે છુડાનેવાલા મોક્ષમાર્ગ બતાતા હૈ, જિસમેં જ્ઞાનસે હી જ્ઞાનકી શોભા હૈ ઔર જો નિશ્ચયસ્વરૂપ આપ હી હૈ. ૬૮૪.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનાસમુચ્યસાર, શ્લોક–૧૭ )

* સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઇનો કોઇની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે, એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે. ૬૮૫.

( શ્રી સમયસાર, ગાથા–૩૦૮–૩૧૧ નો ભાવાર્થ )

***

* શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર યહ જીવ યદ્યપિ બંધ-મોક્ષ–પુણ્ય–પાપકા કર્તા નહીં હૈં, તો ભી અશુદ્ધ–નિશ્ચય–નયકર શુભ–અશુભ ઉપયોગોંસે પરિણત હુઆ પુણ્ય–પાપકે બંધકા કર્તા હોતા હૈ ઔર ઉનકે ફલકા ભોકતા હોતા હૈ, તથા વિશુદ્ધજ્ઞાન–દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યકા શ્રદ્ધાન–જ્ઞાન–આચરણરૂપ શુદ્ધોપયોગકર પરિણામ હુઆ મોક્ષકા ભી કર્તા હોતા હૈં, ઔર અનંત સુખકા ભોકતા હોતા હૈ. ઈસલિયે જીવકો કર્તા ભી કહા જાતા હૈ, ઔર ભોકતા ભી કહા જાત હૈ. ૬૮૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨ ગાથા–૨૮ )

* બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિરકત થાય છે, તે કર્મોથી મુકાય છે. ૬૮૭.

( શ્રી કુંદકુંદચાર્ય, સમયસાર, ગાથા–૨૯૩ )

* જે (સમયસાર) દુષ્ટ પાપોના વનને છેદવાનો કુહાડો છે, જે દુષ્ટકર્મોના પારને પહોચ્યો છે (અર્થાત્ જેણે કર્મોનો અંત આણ્યો છે), જે પરપરિણતિથી દૂર છે, જેણે રાગરૂપી સમુદ્રના પૂરને નષ્ટ કર્યું છે, જેણે વિવિધ વિકારોને હણી નાખ્યા છે, જે સાચા સુખસાગરનું નીર છે અને જેણે કામને અસ્ત કર્યો છે, તે સમયસાર મારું શીઘ્ર રક્ષણ કરો. ૬૮૮.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા શ્લોક–૬૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ યહ એક આશ્ચર્યકી બાત હૈ કિ સજ્જન પુરુષ ચિરકાળ કે સતત પ્રયત્નસે ભી જગતકો અપને સમાન સજ્જન બનાનેકે લિયે સમર્થ નહીં હો પાતે. દુર્જન પુરુષ ઉસે શીઘ્ર હી દુષ્ટ બના લેતા હૈ. ઈર્ષા નહિ કરના, દયા કરના તથા ગુણી જીવોંસે પ્રેમ કરના યહ સજ્જનતાકી અન્તિમ અવધિ હૈ ઔર ઈસસે વિપરીત અર્થાત્ ઈર્ષા કરના, નિર્દયી હોના તથા ગુણી જીવોંસે પ્રેમ નહીં કરના યહ દુર્જનતાકી અન્તિમ અવધિ હૈ. ૬૮૯.

( શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, – ભાગ-૧ ( પ્રથમ પર્વ, શ્લોક-૯૧-૯૨ )

∗∗∗

∗ ભિન્ન દ્રવ્યનું પરિણામ ભિન્ન દ્રવ્યને પ્રાપ્ત થતું નથી – એક દ્રવ્ય બીજાં દ્રવ્યરૂપ કદી પરિણમન કરતું નથી – જો એમ ન માનવામાં આવે તો ભિન્ન દ્રવ્યોની આ સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વ્યવસ્થા કેવી રીતે બની શકે? બની શકે નહિ. ૬૯૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિ-૩ ગાથા-૧૬ )

∗ યદ્યપિ સબ દ્રવ્ય એકક્ષેત્રાવગાહકર રહતે હૈં, તો ભી શુદ્ધ નિશ્ચય નયકર જીવ કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં, પુદ્‌ગલદ્રવ્ય અપને વર્ણાદિસ્વરૂપકો નહીં છોડતે, ઔર ધર્માદિ અન્ય દ્રવ્ય ભી અપને અપને સ્વરૂપકો નહી છોડતે હૈં. ૬૯૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૨૫ )

∗∗∗

∗ પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો – આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને ( આત્માને ) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું ( અનેકરૂપપણું ) પ્રગટ કરે છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ ( શુદ્ધનયને દેખનારાઓ ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાકભાવપણાને લીધે તેને ( આત્માને ) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. ૬૯૨.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે, જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (–કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે કૃતકૃત્ય છે), જે પુષ્ટ ગુણોનું ધામ છે અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (–તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ. ૬૯૩.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક – ૧૫૧)

* આત્મા જ આત્માને જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે માટે નિશ્ચયથી આત્માનો ગુરુ આત્મા જ છે; બીજો કોઇ નહિ. ૬૯૪.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૭૫)

***

* પ્રત્યેક જીવમાં નિરંતર જે 'અહં પ્રત્યય એટલે 'હું – હું' એવો અનુભવ જોવામાં આવે છે તે ઉપરથી આત્માના હોવા પણાનો બોધ થાય છે, તેથી નિરંતર જીવને અનુસરીને થતાં એ 'અહં પ્રત્યયથી જીવની સિદ્ધિ થાય છે, તથા સર્વ જીવો એકસરખા હોવા છતાં પણ તેમાં કોઈ દરિદ્રી અને કોઈ શ્રીમંત દેખવામાં આવે છે તેથી કાર્મોનો સદ્દભાવ પણ સિદ્ધ થાય છે. ૬૯૫.

(શ્રી રાજમલ્લજી પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૫૦ નો ભાવાર્થ)

* આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઇને (દૂર કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે; તેથી હવે આ સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ. કેવા છે શાંત રસ? સમસ્ત લોકપર્યંત ઊછળી રહ્યો છે. ૬૯૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૨)

***

* મૈં ગોરા હૂં, મૈં કાલા હૂં, મૈં હી અનેક વર્ણવાલા હૂ મૈં કૃષ શરીરવાલા હૂં, મૈં મોટા હૂં. ઈસપ્રકાર મિથ્યાત્વ પરિણામકર પરિણત મિથ્યાદષ્ટિ જીવકો તૂ મૂઢ માન. ૬૯૭.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૧, ગાથા–૮૦)

* આત્મા નિર્દંડ નિર્દ્વંદ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે. ૬૯૮.

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૪૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સ્ત્રીઓમાં ચિત્તમાં જેમ પતિ, બળભદ્રોને વાસુદેવ, રાજાઓને પૃથ્વી, ગાયોને પોતાનાં વાછરડાં, ચક્રવાકીને સૂર્ય, ચાતકોને મેઘનું પાણી, જળચેરોને તળાવ આદિ, મનુષ્યોને અમૃત, દેવોને પોતાના નિવાસ–સ્વર્ગસ્થાન તથા રોગથી પીડાતાને વૈદ્ય જેમ અનુપમ પ્રિય છે તેમ મારા હૃદયમાં શુદ્ધ ચિદ્રૂપ જેનું નામ છે એવો આત્મા મને અત્યંત પ્રિય છે. ૬૯૯.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન, તરંગિણી–, અધ્યાય–૬, શ્લોક–૩ )

* જહાં રાગાદિ મિથ્યાભાવોંકા ત્યાગ હો, અપને આત્મા પર પ્રેમ હો, આત્માકો પરમાત્મારૂપ અનુભવ કિયા જાવે વહી પરમ શુદ્ધ અનુરાગ ભક્તિ પ્રતિમા હૈ. ૭૦૦.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૨૨ )

***

* આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોને 'પરદ્રવ્યને હું કરું છું' એવા પરદ્રવ્યના કર્તુત્વના મહા અંધકારરૂપ અજ્ઞાનાંધકાર – કે જે અત્યંત દુર્નિવાર છે તે – અનાદિ–સંસારથી ચાલ્યો આવે છે. આચાર્ય કહે છે કેઃ અહો! પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું ગ્રહણ કરવાથી જો તે એકવાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય? (જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયાં પછી જ્ઞાન ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.) ૭૦૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૫૫ )

* જે (સહજ તત્ત્વ) અખંડિત છે, શાશ્વત છે, સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ, ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને (શાંત કરવા) માટે જળ સમાન છે, તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું. ૭૦૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૪૯ )

* અનંત શક્તિરૂપ ધર્મ–અનંત પર્યાય એક ગુણની, એવા અનંત ગુણ અનંત મહિમાને ધારે છે. એ નિજધર્મના મહિમાને ક્યાં સુધી કહીએ? એકદેશ નિજધર્મ ધરતા સંસાર પાર થાય છે, શાથી? કે– એકદેશ થતાં સર્વદેશ થાય જ થાય. માટે સમજો કે પર ધર્મથી અનંત દુઃખ તથા નિજધર્મથી અનંત સુખ છે. એટલા માટે નિજધર્મને ધારી પોતાના પરમેશ્વરપદને પ્રગટ કરો. ૭૦૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું– ૭૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જૈસે નરકકા ઘર અતિ જીર્ણ જિસકે સૈંકડો છિદ્ર હૈં, વૈસે યહ કાયરૂપી ઘર સાક્ષાત્ નરકકા મંદિર હૈ, નવ દ્વારોંસે અશુચિ વસ્તુ ઝરતી હૈ ઔર આત્મારામ જન્મ-મરણાદિ છિદ્ર આદિ દોષ રહિત હૈ. ભગવાન શુદ્ધાત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમલસે રહિત હૈં, યહ શરીર મલ-મૂત્રાદિ નરકસે ભરા હુઆ હૈ. ઐસા શરીરકા ઔર જીવકા ભેદ જાનકર દેહસે મમતા છોડકે વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકે નિરંતર ભાવના કરની ચાહિયે. ૭૦૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, શ્લોક-૧૪૯ )

* જે બધાય કર્મ-વિપાકને – કર્મોના ફળને સદા પૌદ્ગલિક જાણે છે તે સર્વ કર્મોથી બહિર્ભૂત આત્માને પ્રાપ્ત થાય છે. તેને પોતાના શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. ૭૦૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૪૪ )

* આત્મા પરમાત્માકે સમાન નિર્મલ ઔર વીતરાગ હૈ ઐસા જાનકર શુદ્ધસ્વભાવમેં રંજાયમાન હોના, આત્માકે દર્શન, જ્ઞાન સ્વભાવમેં મગ્ન હોના તથા નાના પ્રકાર ચારિત્ર કે આચરણમેં રુચિવાન હો જાના મનકા સંયમ હૈ. ૭૦૬.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૫૯૪ )

***

* એમ જાણે કે 'મોહ મારો કાંઇ પણ સંબંધી નથી, એક ઉપયોગ છે તે જ હું છું' – એવું જે જાણવું તેને સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના જાણનારા મોહથી નિર્મમત્વ જાણે છે, કહે છે. ૭૦૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૩૬ )

* ચોરાશીમાં પરવસ્તુને સ્વ માને, તેથી આ જીવ ચિરકાળનો ચોર બન્યો છે, જન્માદિ દુઃખદંડ પામે છે, તોપણ પરવસ્તુની ચોરી છુટતી નથી. દેખો! ત્રણલોકનો નાથ ભૂલી નીચ પરને આધિન થયો. પોતાની નિધિ ન પિછાણી, ભિખારી બની ડોલે છે. નિધિ ચેતના છે તે પોતે જ છે, દૂર નથી. દેખવું દુર્લભ છે, દેખે તો સુલભ છે. ૭૦૮.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૬ )

* ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે? ૭૦૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ નિર્મળ છે, સકળ-વિમળ ( સર્વથા વિમળ ) જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ છે, શિવ ( કલ્યાણમય ) છે, સ્પષ્ટ-સ્પષ્ટ છે, નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે, તેને અમે નમીએ છીએ. ૭૧૦.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૭૭ )

∗ આત્મા ધ્યાનગમ્ય હી હૈ, શાસ્ત્રગમ્ય નહીં હૈ, ક્યોંકિ જિનકો શાસ્ત્ર સુનનેસે ધ્યાનકી સિદ્ધિ હો જાવે, વે હી આત્માકા અનુભવ કર સકતે હૈં. જિન્હોંને પાયા, ઉન્હોંને ધ્યાનસે હી પાયા હૈ, ઔર શાસ્ત્ર સુનના તો ધ્યાનકા ઉપાય હૈ, ઐસા સમજકર અનાદિ અનંત ચિદ્રૂપમેં અપના પરિણામ લગાઓ. ૭૧૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૨૩ )

∗ આત્મજ્ઞાનરૂપી અંકુરકા ઐસા સ્વભાવ હૈ કિ ઉસકે પ્રતાપસે અવિનાશી જ્ઞાનકા ભેદવિજ્ઞાનકે કારણ અનુભવ હોતા હૈ, સ્પષ્ટ નિર્મલ આત્માકા સ્વભાવ દિખ-જાતા હૈ તથા પરમાત્માકા નિર્મલ કેવલજ્ઞાન પૈદા હો જાતા હૈ. ૭૧૨.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધાસાર, શ્લોક-૪૦ )

∗∗∗

∗ અવિદ્યા જડ નાની શક્તિથી તારી મહાન શક્તિ ન હણાઇ જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી; તારી ચિંતામણી તારે ગળે પડી અને તેથી પરને દેખી આત્મા ભૂલ્યો, એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે; તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વ ન જોડે તો જડનું તો કાંઈ જોર નથી; તેથી અપરંપાર શક્તિ તારી છે. પરની ભાવના કરી ભવ કરી રહ્યો છો. ૭૧૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૭ )

∗ સર્વદ્રવ્યો પોતાના સ્વભાવને નહિ ઉલ્લઘતાં હોવાને લીધે, નિમિત્તભૂત, અન્યદ્રવ્યો પોતાના ( અર્થાત્ સર્વદ્રવ્યોના ) પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે. માટે ( આચર્યદેવ કહે છે કે ) જીવને રાગાદિનું ઉત્પાદક અમે પરદ્રવ્યને દેખતા – ( -માનતા, સમજતા ) નથી કે જેના પર કોપ કરીએ. ૭૧૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૭૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી), તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. જીવ- પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે (-થાય છે) કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે ઉગ્ર રીતે જીવ-પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી. ૭૧૫.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૫૦)

***

* મોહને કારણે જે પદાર્થને ઇષ્ટ માનવામાં આવે છે તે જ અનિષ્ટ તથા જે પદાર્થને અનિષ્ટ માનવામાં આવે છે તે જ ઇષ્ટ થઇ જાય છે. વાસ્તવમાં કોઇ દ્રવ્ય ઇષ્ટ કે અનિષ્ટ નથી. ૭૧૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૩૬)

* અબ્રહ્મભાવકા ત્યાગ બ્રહ્મચર્ય હૈ. મિથ્યાત્વભાવ મદભાવ આદિ સર્વ રાગાદિ દોષોંકા ત્યાગ બ્રહ્મભાવ હૈ તથા આત્માકા શુદ્ધ સ્વભાવ બ્રહ્મ હૈ. ઇસલિયે અપને આત્માકા નિજ સ્વભાવમેં રહના બ્રહ્મચર્ય હૈ ઐસા જિનેન્દ્રને દેખા હૈ. ૭૧૭.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૫૮)

***

* ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા! તું આ વિવેકથી ગ્રહણ કરવા યોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવા યોગ્ય જડતાને છોડી દે. ૭૧૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૭૩)

* પૂર્વકર્મોંકે ઉદયસે પીડા હો જાને પર ઉસકે લિયે શોચ કરના ઐસા હી હૈ જૈસે કોઇ વૃદ્ધ બૈલ અપનેસે હી અપનેકો કાટ લે ફિર પૂંછસે અપનેકો હી મારે. ૭૧૯.

(શ્રી કુલધરઆચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૫)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત ( પ્રસિદ્ધ ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનિશ્વરોના મનોગૃહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવા યોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ૭૨૦

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૫૦ )

∗ જબ જ્ઞાનસ્વભાવ મૈં હું ઐસા શ્રદ્ધાનરૂપી અંકુર ફૂટતા હૈ ઔર ઉસ શુદ્ધ જ્ઞાનભાવમેં આનંદ પ્રાપ્ત કિયા જાતા હૈ તબ ઇસ આત્માનાદિભાવકે પ્રતાપસે રાગ–દ્વેષાદિ ભાવકર્મ વિલા જાતે હૈં, જ્ઞાન સ્વાભાવિક પરમ જ્ઞાનમેં અનુરક્ત હો જાતા હૈ, જબ આત્માકા દઢ પ્રેમ પૈદા હોતા જાતા હૈ તબ કર્મોકી નિર્જરા હોને લગતી હૈ. ૭૨૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક, –૧૨૧ )

∗∗∗

∗ જ્ઞાન પરદ્રવ્યને કાંઇ પણ ( જરા પણ ) ગ્રહતું નથી તથા છોડતું નથી, કારણ કે પ્રાયોગિક ( અર્થાત્ પર નિમિત્તથી થયેલા ) ગુણના સામર્થ્યથી તેમ જ વૈસ્ત્રસિક ( અર્થાત્ સ્વાભાવિક ) ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, ( કર્મ– નોકર્માદિરૂપ ) પરદ્રવ્ય જ્ઞાનનો–અમૂર્તિક આત્મદ્રવ્યનો – આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્ગલદ્રવ્ય છે; ( અમૂર્તિકને આહાર હોય નહિ ) તેથી જ્ઞાન આહારક નથી. માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી. ૭૨૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર– ટીકા, ગાથા–૪૦૫–૪૦૭ )

∗ આત્માકો આત્માહીકે દ્વારા આત્મામેં હી શરીરસે ભિન્ન ઐસા વિચારના કિ જિસસે ફિર યહ આત્મા સ્વપ્નમેં ભી શરીરકી સંગતિકો પ્રાપ્ત ન હો અર્થાત્ મૈં શરીર હૂં ઐસી બુદ્ધિ સ્વપ્નમેં ભી ન હો ઐસા કરના ચાહિયે. ૭૨૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ– ૩૨, શ્લોક–૮૬ )

∗∗∗

∗ અપને દુષ્ટ અશુભ ભાવોંસે જો કર્મ પહલે બાંધા જા ચૂકા હૈ ઉસકે ઉદય આને પર કૌન બુદ્ધિમાન દૂસરોં પર ક્રોધ કરેગા ? ૭૨૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૮૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે સર્વજ્ઞ! જે આકાશના ગર્ભમાં ત્રણેય લોક પરમાણુની લીલા ધારણ કરે છે અર્થાત્ પરમાણુ સમાન જણાય છે, તે આકાશ પણ આપના જ્ઞાનમાં પરમાણુ જેવું લાગે છે. આવો મહિમા બ્રહ્મા-વિષ્ણુ વગેરે કોઇ બીજાનો નથી. ૭૨૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભ સ્તોત્ર, શ્લોક-૫૬ )

* જિનેન્દ્રભગવાનનાં ચરણકમળમાં દૃષ્ટિ કરનાર (શ્રદ્ધા કરનાર) સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી સુખની ઉત્પત્તિના સ્થાનરૂપ હોતી થકી મને એવી રીતે સુખી કરે કે જેવી રીતે સુખની ભૂમિ કામિની કામી પુરુષને સુખી કરે છે, પવિત્ર શીલવાળી હોતી થકી મને એવી રીતે પાળે કે જેવી રીતે પવિત્ર શીલવાળી માતા પોતાના પુત્રને પાળે છે અને આઠ મૂળગુણરૂપી અલંકારથી યુક્ત હોતી થકી મને એવી રીતે પવિત્ર કરે કે જેવી રીતે ગુણવતી કન્યા કુળને પવિત્ર કરે છે, તેમ તે (સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી) મને પવિત્ર કરે. ૭૨૬.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૫૦ )

* * *

* હે ભગવાન! દીનતા પૂર્વક સમસ્ત સંસારમાં ભ્રમણ કરીને જેનો આત્મા થાકી ગયો છે એવો હું, મારી સર્વ શક્તિ લગાવીને, અત્યંત લોભથી આજ આપના શરણમાં આવ્યો છું. આપ જ મારું સર્વસ્વ છો. આપને પ્રાપ્ત કરીને વિવાદોથી મારે શું પ્રયોજન છે! ૭૨૭.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ-૯, શ્લોક-૨૫ )

* * *

* ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશથી જ જાણવું, અમુકને જ જાણવું - ઇત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને - તે પદાર્થો અનેક પ્રકારના અને વિરૂદ્ધ જાતિનાં હોવા છતાં પણ - જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. ૭૨૮.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૪૭નો ભાવાર્થ )

* આ સદ્ગુરુઓની આજ્ઞા છે. સમસ્ત સિદ્ધાંતોનો આ જ સાર છે. કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી. ૭૨૯.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ. ૧૩, શ્લોક-૨૩ )

* જે ભાવ વેદે છે ( અર્થાત્ વેદકભાવ ) અને જે ભાવ વેદાય છે ( અર્થાત્ વેદ્યભાવ ) તે બંને ભાવો સમયે સમયે વિશાન પામે છે – એવું જાણનાર જ્ઞાની તે બંને ભાવોને કદાપિ વાંછતો નથી. ૭૩૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૨૧૬ )

* ઉન્નત બુદ્ધિના ધારક ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિથી જે પુસ્તકનું દાન આપવામાં આવે છે અથવા તેમને તત્ત્વનું વ્યાખ્યાન આપવામાં આવે છે, તેને વિદ્વાનો શ્રુતદાન ( જ્ઞાનદાન ) કહે છે. આ જ્ઞાનદાન સિદ્ધ થતાં થોડા જ ભવોમાં મનુષ્ય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે જેના વડે સમસ્ત વિશ્વ સાક્ષાત્ દેખાય છે અને જે પ્રગટ થતાં ત્રણે લોકના પ્રાણી ઉત્સવની શોભા કરે છે. ૭૩૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત ઉદ્યોતન, શ્લોક–૧૦ )

* * *

* ઈસ સંસારમેં દેહાદિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈ, જૈસા શુદ્ધ બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ, વૈસા દેહાદિમેંસે કોઈ ભી નહીં હૈ. સબ ક્ષણભંગુર હૈં. શુદ્ધાત્મ તત્ત્વકી ભાવનાસે રહિત જો મિથ્યાત્વ વિષય–કષાય હૈ ઉનસે આસકત હોકે જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં, ઉન કર્મોસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ, તબ શરીર ભી સાથ નહીં જાતા. ઈસલિયે ઈસ લોકમેં ઇન દેહાદિક સબકો વિનશ્વર જાનકર દેહાદિકી મમતા છોડના ચાહિયે, ઔર સકલ વિભાવ રહિત નિજ શુદ્ધાત્મ પદાર્થકી ભાવના કરની ચાહિયે. ૭૩૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા–૧૨૯ )

* * *

* તત્ત્વાર્થ શ્રદ્ધાન કરવાનો અભિપ્રાય કેવળ તેનો નિશ્ચય કરવો એટલો જ માત્ર નથી પરંતુ ત્યાં તો એવો અભિપ્રાય છે કે જીવ–અજીવને ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ માનવાં, આસ્રવને ઓળખી તેને હેય માનવો, બંધને ઓળખી તેને અહિત માનવો, સંવરને ઓળખી તેને ઉપાદેય માનવો, નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું તથા મોક્ષને ઓળખી તેને પોતાનું પરમ હિત માનવું. એ પ્રમાણે તત્ત્વાર્થ–શ્રદ્ધાનનો અભિપ્રાય છે. ૭૩૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૯, પાનું ૩૧૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે. ૭૩૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૮૦)

* હે જીવ! જ્યાં દુષ્કૃત્યનો વાસ છે એને તું ગૃહવાસ ન સમજ. ચોક્કસ એ તો યમનો ફેલાયેલો ફંદો છે. તેમાં શંકા નથી. ૭૩૫

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૨)

* હે દેવ! હું આ જન્મમાં તથા બીજા જન્મમાં પણ નિરંતર આપના ચરણયુગલની સેવા કરતો રહું, એટલા માત્રથી જ મારું પ્રયોજન પૂર્ણ થઇ જાય છે. હે જિનેન્દ્ર! એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ માંગતો નથી. ૭૩૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ક્રિયાકાંડચૂલિકા, શ્લોક-૫)

***

* શરીરાશ્રિત ઈન્દ્રિયોંકા સ્વભાવ ઐસા દેખા ગયા હૈ કિ વે આત્માકો અહિતકારી વિષયભોગોંકા સંભોગ મિલાતી હૈ ઔર ઉનમેં તન્મય કરાકર પ્રાણીકો સંસારમેં ભ્રમણ કરાતી હૈં, જો સમ્યગ્દ્રષ્ટિ જિનવાણી પર વિશ્વાસ લાતા હૈ, વહ આત્માકે અતીન્દ્રિય સુખ પર નિશ્ચય રખતા હુઆ ઈન્દ્રિયકે સુખોંસે વિરક્ત રહતા હૈ. ૭૩૭.

(શ્રી તારણસ્વામી ઉપદેશશુદ્ધસાર, શ્લોક-૨૫૭)

* જો કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આ જીવ, ટાંકણાથી ટાંકેલા પત્થરની માફક ટંકોત્કીર્ણ છે તો પણ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જોતાં કોઇ પણ જીવ વિકૃતાવસ્થા થતાં આત્મસુખમાં સ્થિર રહેતો નથી પરંતુ ઘણો દુઃખી રહે છે. ૭૩૮.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૯૫૨)

***

* નરકના જીવોને દુઃખી તથા દેવોને સુખ કહીએ છીએ એ ઇચ્છાની અપેક્ષાએ જ કહીએ છીએ. કારણ કે - નારકીઓને કષાયની તીવ્રતા હોવાથી ઇચ્છા ઘણી છે તથા દેવોને કષાયની મંદતા હોવાથી ઈચ્છા થોડી છે. વળી મનુષ્ય અને તિર્યંચો પણ ઇચ્છાની અપેક્ષાએ જ સુખી-દુઃખી જાણવા. ૭૩૯.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૨ પાનું-૭૫)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વ્રતી, આત્માકો પરમાત્માકે સમાન શુદ્ધ ભાવોંસે જાનકર આત્મિક વ્રત પર દૃષ્ટિ રખતા હૈ. ઉસકે ભાવોમેં જ્ઞાનમઈ આત્મિક સ્વભાવરૂપ ચેતનાકી પ્રતિમા ધ્રુવરૂપસે રહતી હૈ. ૭૪૦.

( શ્રી તારણસ્વામી જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૧૨ )

* જે શ્રાવકે અહીં મોક્ષાભિલાષી મુનિને ભક્તિપૂર્વક આહાર આપ્યો છે તેણે કેવળ તે મુનિને જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત નથી કર્યા પણ પોતાની જાતને પણ તેણે મોક્ષમાર્ગમાં લગાવી છે. બરાબર જ છે – મંદિર બનાવનાર કારીગર પણ નિશ્ચયથી તે મંદિરની સાથે જ ઊંચા સ્થાન ઉપર ચાલ્યો જાય છે. ૭૪૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિકા, દાન અધિકાર, શ્લોક–૯ )

***

* “...... શાલિતંદુલને બહિરંગ તુષ વિદ્યમાન હોતાં, અભ્યંતર તુષનો ત્યાગ કરી શકાતો નથી. અભ્યંતર તુષનો ત્યાગ થતાં, બહિરંગ તુષનો ત્યાગ નિયમથી હોય છે જ. આ ન્યાયથી સર્વ સંગના પરિત્યાગરૂપ બહિરંગ દ્રવ્યલિંગ હોતાં, ભાવલિંગ હોય કે ન હોય, નિયમ નથી. પરંતુ અભ્યંતરમાં ભાવલિંગ હોતાં, સર્વ સંગના પરિત્યાગરૂપ દ્રવ્યલિંગ હોય જ છે. ૭૪૨.

( શ્રી જયસેન આચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૪૧૪ )

***

* જિનેન્દ્રદેવકે ચરણોંકા દર્શન (જિનભક્તિ) અંતઃકરણમેં ઉત્પન્ન હોકર વિસ્તારકો પ્રાપ્ત હુએ સમસ્ત અજ્ઞાનકો ઇસ પ્રકારસે નષ્ટ કર દેતા હૈ જિસ પ્રકાર કિ ઈસ લોકમેં ફૈલે હુએ સમસ્ત અંધકારકો સૂર્યકી પ્રભા નષ્ટ કર દેતી હૈ. વહ પુણ્યકો વિસ્તૃત કરતા હૈ, પાપકો નષ્ટ કરતા હૈ, તથા પ્રમોદ, મૈત્રી, કાંતિ, ઉત્તમ ગતિ, બુદ્ધિ ઔર લક્ષ્મીકા આશ્રય લેકર કાંતિ વ કીર્તિકો કરતા હૈ. ઠીક હૈ – જો જિન ચરણોંકા દર્શન મુક્તિકો ભી પ્રાપ્ત કરા દેતા હૈ વહ અન્ય કયા કયા નહીં કર સકતા હૈ? સબ કુછ કર સકતા હૈ. ૭૪૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક–૪૦૧ )

* સ્વર્ગલોકમેં ઇચ્છાનુસાર ભોગોંકો નિરંતર ભોગકર ભી જો કોઈ નિશ્ચયસે તૃપ્ત નહીં હુઆ વહ વર્તમાન તુચ્છ ભોગોંસે કિસ તરહ તૃપ્તિ પ્રાપ્ત કર સકેગા? ૭૪૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય–ટીકા, શ્લોક–૭૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સુખ ભોવવામાં પાપ નથી પણ સુખના અનન્ય કારણરૂપ એવા ધર્મનો ઘાત કરવાવાળા કાર્યાદિનો આરંભ કરવો એમાં પાપ છે. જેમ મિષ્ટ અન્નના ભોજનથી અજીર્ણાદિ રોગ થતાં નથી, પરંતુ ગૃદ્ધિતા પૂર્વક ભોજનની માત્રા ઉલ્લંઘન કરવાથી અજીર્ણાદિ રોગ થાય છે. અજીર્ણનું કારણ મિષ્ટભોજન નથી, પણ આસક્તિપૂર્વક અતિભોજન એ જ અજીર્ણાદિ રોગનું કારણ છે. તેમ હે ભાઈ! પાપનું મુખ્ય કારણ વિષયાદિ સેવન નથી પણ ધર્મનો ઘાત કરી અતિ કષાય વશ થઇ અન્યાયરૂપ પ્રવર્તવું એ જ છે. ૭૪૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૭ )

***

* આ દેહમાં ઠેકઠેકાણે લોહીના કુંડ અને વાળના ઝુંડ છે, એ હાડકાંઓથી ભરેલો છે જાણે ચૂડેલોનું નિવાસસ્થાન જ છે. જરાક ધક્કે લાગતાં એવી રીતે ફાટી જાય છે જાણે કાગળનું પડીકું અથવા કપડાની જૂની ચાદર. એ પોતાનો અસ્થિર સ્વભાવ પ્રગટ કરે છે. પણ મૂર્ખાઓ એના પ્રત્યે સ્નેહ કરે છે. એ સુખનો ઘાતક અને બુરાઇઓની ખાણ છે. એના જ પ્રેમ અને સંગથી આપણી બુદ્ધિ ઘાણીના બળદ જેવી સંસારમાં ભટકનાર થઇ ગઇ છે. ૭૪૬.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધદ્વાર, પદ-૪૧ )

* સંપત્તિ પુણ્યનો ક્ષય થવાથી ક્ષય પામે છે, નહિ કે દાન કરવાથી માટે શ્રાવકો! તમે નિરંતર પાત્રદાન કરો. શું તમે એ નથી જોતાં કે કૂવામાંથી ચારે તરફથી કાઢવામાં આવતું હોવા છતાં પણ પાણી હંમેશા વધતું જ રહે છે. ૭૪૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૩૮ )

***

* કર્મોંકી ગતિ સર્પકે સમાન કુટિલ હૈં. કભી રાજા બના દેતે હૈં કભી રંક. સ્ત્રિયોંકા મન ભી ચંચલ હૈં. સંસારકા ઐશ્વર્ય ભી સ્થાયી નહીં, પાનીકી લહરોંકે સમાન ચપલ હૈ. મનુષ્યોંકા મન ભી ઈધર-ઉધર દૌડા કરતા હૈ. સંકલ્પ મદસે મત્ત સ્ત્રિયોંકી આંખોકી તરહ બહનેવાલા હૈ, યે સબ અસ્થિર હૈં, કેવલ એક મૃત્યુ હી નિશ્ચિત હૈ- ઐસા માનકર બુદ્ધિમાન પુરુષ તાત્ત્વિક ધર્મમેં મન લગાવે. ૭૪૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક-૩૧૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જુઓ, તત્ત્વ-વિચારનો મહિમા! તત્ત્વ-વિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે; વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વ-વિચારવાળો એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. ૭૪૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય – ૭, પાનું – ૨૬૫ )

* મિથ્યાજ્ઞાનકા સ્વભાવ ભી ગલનશીલ હૈ, એકસે ભાવ નહીં રહતે તથા સમ્યગ્જ્ઞાનસે ઉસકા નાશ હો જાતા હૈ. સર્વ હી પર્યાય ગલિત સ્વભાવ અર્થાત્ ક્ષણભંગુર હૈં, દર્શનમોહ ભી સમ્યક્ત્વસે ગલ જાતા હૈ. આત્માકા શુદ્ધ જ્ઞાનસ્વભાવ અવિનાશી હૈ ઇસી નિર્મલ સ્વભાવકો લિયે હુએ જીવ મોક્ષમેં જાકર અનંતકાલ તક રહતા હૈ. ૭૫૦.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૧૨ )

* તીન લોકમેં જિતને દુઃખ હૈં, પાપ હૈ ઔર અશુચિ વસ્તુયેં હૈં, ઉન સબકો લેકર ઇન મિલે હુઓંસે વિધાતાને વૈર માનકર શરીર બનાયા હૈ. ૭૫૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૫૦ )

***

* જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડયું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છુટો પડયો થકો ફરીને જીવભાવને પામતો નથી. આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે. ૭૫૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૬૮ )

* ઇચ્છિત ફળ દેનાર અને વિષય-વાસનાની ઇચ્છાનો નાશ કરનાર દેવોના દેવ-અરિહંતદેવના ચરણમાં સર્વ દુઃખોને નાશ કરનારી પૂજા આદરયુક્ત-ભક્તિયુક્ત થઇને હંમેશા પ્રતિદિન કરવી જોઇએ. ૭૫૩.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૧૯ )

* સમ્યગ્જ્ઞાની અન્ય સાથે બોલતાં, હસતાં, ચાલતાં, શાસ્ત્રને ભણાવતાં કે ભણતાં, આસન શયન કરતાં, શોકને, રૂદનને, ભયને, ભોજનને, ક્રોધ-લોકભાદિ ને કર્મવશતાથી કરતાં શુદ્ધ ચિદ્રૂપ ચિંતનને તે અર્ધક્ષણ માટે પણ તજતા નથી. ૭૫૪.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૪૧, ગાથા-૨૧-૨૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે અજ્ઞાની મનુષ્ય! આ સમસ્ત જગત ઇન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે. આ વાત શું તું નથી જાણતો? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી? અને શું પ્રત્યક્ષ નથી દેખતો? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે પણ દેખો છો તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૭૫૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૧૨ )

* * *

* જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દ્રષ્ટિ જીવો નિરંતર શુદ્ધ જ્ઞાનરૂપ પરિણમે છે, અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; (ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે); 'ક્રિયા તો કાંઈ નથી' - એમ જાણી વિષયી - અસંયમી પણ કદાચિત્ થતાં નથી. ૭૫૬.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૧૧ )

* હે જીવ! કુટુંબી આદિ લોકોનો તારી સાથે કાંઇ સંબંધ નથી, અને ન તારું તેમની સાથે કાંઈ આ લોક સંબંધી પ્રયોજન છે, એ તો પોતાના સ્વાર્થ માટે તારા શરીર ઉપર પ્રેમ રાખે છે માટે તું તારા આત્મહિતમાં મગ્ન થા. એ લોકો શરીરીમાં તન્મય થઈ રહ્યાં છે, તેથી શરીરના જેવા જ જડબુદ્ધિ છે અને તું ચૈતન્ય છો, એમનાથી જુદો છો, તેથી રાગ-દ્વેષનો સંબંધ તોડીને પોતાનું આત્મબળ પ્રગટ કર અને સુખી થા. ૭૫૭.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ - ૯ )

* * *

* સમરસીભાવકા લક્ષણ ઐસા હૈ કિ જિનકે ઇન્દ્ર ઔર કીટ દોનોં સમાન, ચિંતામણિરત્ન ઔર કંકડ દોનોં સમાન હોં અથવા જ્ઞાનાદિ ગુણ ઔર ગુણી નિજ શુદ્ધાત્મ દ્રવ્ય ઈન દોનોંકા એકીભાવરૂપ પરિણમન વહ સમરસીભાવ હૈ. ૭૫૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૫૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ઇન્દ્રિયલોલુપતા જેમને નિવૃત્ત થઈ છે અને તત્ત્વલોલુપ ( તત્ત્વ-પ્રાપ્તિ માટે અતિ ઉત્સુક ) જેમનું ચિત્ત છે, તેમને સુંદર આનંદ ઝરતું ઉત્તમ તત્ત્વ પ્રગટે છે. ૭૫૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૩૫ )

* આ જગતમાં શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જેવો સંતોષ થાય છે તેવો સંતોષ ધનના ભંડાર, કલ્પવૃક્ષ, કામધેનુ, અમૃત, ચિન્તામણિરત્ન, સુર, અસુર, વિદ્યાધરોના ઇન્દ્રોની લક્ષ્મી, ભોગભૂમિમાં પ્રાપ્ત થતાં ઇન્દ્રિયનાં ભોગો કે અહમીન્દ્રની લક્ષ્મીની પ્રાપ્તિથી પણ થતો નથી. ૭૬૦.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૦ )

* જેઓ અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઈચ્છનાર હોય તોપણ સામાન્ય ( લૌકિક ) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી. ૭૬૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૯૯ )

***

* જેવી રીતે ઉચિત કાળે-સમયે ( ફળદ્રુપ ) જમીનમાં વાવેલું વડલાનું બીજ ( મોટી ) છાયાના વૈભવને અને બહુ ફળોરૂપે ફળ આપે છે – ફળે છે, તેવી રીતે ઉચિત સમયે પાત્રને આપેલું થોડું પણ દાન જીવોને ઉત્તમ ઐશ્વર્ય અને વિભૂતિયુક્ત ઇચ્છિત ભોગોપભોગ આદિ અનેક ફળોરૂપે ફળે છે. ૭૬૨

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકચાર, શ્લોક-૧૧૬ )

* દેહ જડ છે, જાણે એક મડદાનું સ્થાન જ છે; તે રજ અને વીર્યથી ભરેલું છે. મળ-મૂત્રરૂપી ખેતરનો કયારો છે, રોગોનું પોટલું છે. આત્માનું સ્વરૂપ ઢાંકનાર કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ ! આ દેહ સુખનો ઘાત કરે છે તોપણ તને પ્રિય લાગે છે; છેવટે એ તને છોડશે જ તો પછી તું જ એનો સ્નેહ કેમ છોડી દેતો નથી ? ૬૬૩.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૩૮ )

* વિષયસુખોને ભોગવતો હોવા છતાં જે પોતાના હૃદયમાં તેને ધારણ કરતો નથી ( -અર્થાત્ તેમાં સુખ માનતો નથી ) તે અલ્પકાળમાં શાશ્વતસુખ પામે છે. ૭૬૪.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે. ૭૬૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, ગાથા-૧ )

* સુખમાં, દુઃખમાં, મહારોગમાં, ભૂખ આદિ ઉપદ્રવમાં – બાવીશ પરિષહોમાં અને ચાર પ્રકારના ઉપસર્ગ આવી પડે ત્યારે શુદ્ધ આત્માનું ચિંતન કરું. ૭૬૬

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાન-૬, શ્લોક-૧૭ )

***

* જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે, તે બન્નેના સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દ્રષ્ટિને આંધળામાં આરોપતો નથી-અર્થાત્ આંધળાને દ્રષ્ટિહીન અને લંગડાને દ્રષ્ટિવાન સમજે છે, તેવી રીતે ભેદજ્ઞાન-અંતરાત્મા, આત્મા અને શરીરના સંયોગસંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી અર્થાત્ તે શરીરને ચેતના રહિત જડ અને આત્માને જ્ઞાનદર્શનસ્વરૂપ જ સમજે છે. ૭૬૭.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક-૯૨ )

* જે પ્રાણી ક્રોધી હોય, નિર્દય અર્થાત્ ક્રૂરધર્મી હોય, તથા મધુ-માંસ-મદ્ય અને પરસ્ત્રીલંપટ તથા આસક્ત, વ્યસની અને અત્યંત પાપી હોય તથા દેવ-શાસ્ત્ર-ગુરુઓના સમૂહની નિંદા કરવાવાળા અને પોતાની પ્રસંશા કરવાવાળા હોય તથા નાસ્તિક હોય એવા જીવો પ્રત્યે રાગ-દ્વેષ રહિત મધ્યસ્થભાવ રહેવો, તેને ઉપેક્ષા કહી છે. ઉદાસીનતા ( વીતરાગતા ) નું નામ ઉપેક્ષા છે તેથી તે મધ્યસ્થભાવના છે. ૭૬૮.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૭ ગાથા-૧૪ )

* જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષ દિવસમાં છ માસના ઉપવાસ કરે છે. રાત્રિભોજનના ત્યાગથી ભોજન સંબંધી આરંભ પણ ત્યાગે છે તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે. તેથી તે જીવ મહાન દયા પાલન કરે છે. ૭૬૯.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૮૩ )

∗ હે અસંતોષી આત્મા! સર્વ જગતની માયાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તેં આ જગતમાં કંઈ પણ છોડયું નથી. તારાથી જે કંઈ બચવા પામ્યું હોય તે તો તારી ભોગ કરવાની અશક્તિથી જ. જેમ રાહુથી ગળાતાં ચંદ્ર સૂર્ય જો બચવા પામ્યા હોય તો તે માત્ર રાહુની અશક્તિથી જ. ૭૭૦.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૩૯ )

∗∗∗

∗ ચિદ્રૂપનું સ્મરણ મનુષ્યોને મોક્ષરૂપ વૃક્ષનું બીજ, સંસારરૂપ સમુદ્રમાં નૌકા, દુઃખરૂપવનને (બાળવા) અગ્નિ, કર્મથી ભય પામેલાને (કર્મરૂપ શત્રુથી બચવાનું આશ્રયસ્થાન) કિલ્લો, વિકલ્પરૂપ ધૂળને (ઉડાડવા) પવન, પાપોને રોકનાર, મોહનો જય કરવામાં શસ્ત્ર, નરક, તિર્યંચ આદિ અશુભ પર્યાયરૂપ રોગને ટાળવા ઔષધ અને તપ, વિદ્યા તથા અનેક ગુણોનું ઘર સારી રીતે છે. ૭૭૧.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૨, ગાથા–૨ )

∗ જે પુરુષ અજ્ઞાની છે – વાસ્તવિકપણે હિત–અહિતને જાણતા નથી – તેનો સંસાર તો સ્ત્રી – પુત્ર આદિ જ છે. પરંતુ જે વિદ્વાન છે, શાસ્ત્રોનો અક્ષરાભ્યાસ તો કરી ચુકયા છે પણ આત્મધ્યાનથી શૂન્ય છે તેમનો સંસાર શાસ્ત્ર છે. ૭૭૨,

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસારપ્રાભૃત, અધિકાર–૭ ગાથા–૪૪ )

∗∗∗

∗ જોં કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો તેથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઇ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઇને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો તો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે. ૭૭૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક–૩૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો કે કર્મોનો સંબંધ સર્વ જીવોને સમાન છે તોપણ બુદ્ધિમાન પુરુષને (જ્ઞાનીને) તે હોવા છતાં નહીં હોવા સમાન જ છે; જેમ તરવામાં પ્રવીણ એવા તરવૈયાને માટે વધેલો નદીનો પ્રવાહ. ૭૭૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદીપંચવિંશતિ, નિશ્ચય પંચાશત, ગાથા-૫૭)

* વ્યક્તિ દૂસરોંકી નિંદા કરનેમેં મૌન રખતે હૈં તથા અપની પ્રશંશાસે ઉદાસીન હૈં, કભી અપની બડાઇ નહીં કરતે હૈં ઔર જો ઇસ પ્રકારકે ગુણોંસે યુક્ત હૈં વે સર્વલોકમેં પૂજનીય હૈં. ૭૭૫.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય શ્લોક-૮૬)

* પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે, જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિ ઊપજતાં નથી, અને ત્યારે જ સાચો ધર્મ થાય છે. ૭૭૬.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર-૭, પાનું – ૨૩૨)

***

* વિધિ-દૈવ-ભાગ્ય ભુજંગકે સમાન ટેઢા ચલતા હૈ. કભી વૈભવકે શિખર પર ચઢતા હૈ તો કભી વિપત્તિકી ખાઇમેં ગિરાતા હૈ. આજ શ્રીમંત હૈ તો કલ દરિદ્રી બનકર ઘુમતા ફિરતા હૈ. જીવન પવનવેગકી તરહ ચંચલ હૈ. ધન કમાનેસેં કષ્ટ. ઉસકી રક્ષા કરનેમેં કષ્ટ. અંતમેં કિસી કારણસે ધનકા વિયોગ હોને પર યહ જીવ અતિ કષ્ટી હોતા હૈ. યૌવન શીઘ્ર હી નષ્ટપ્રાય હોતા હૈ. તથાપિ યહ જીવ સંસારકી નાનાવિધ સંકટ પરંપરાસે ભયભીત હોતા નહીં. યહ બડા આશ્ચર્ય હૈ. ૭૭૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભષિતરત્નસંદોહ, શ્લોક- ૨૬૧)

* આગમની પર્યુપાસના રહિત જગતને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી તેને 'આ અમૂર્તિક આત્મા તે હું છું અને આ સમાનક્ષેત્રાવગાહી શરીરાદિક તે પર છે' એમ, તથા 'આ ઉપયોગ તે હું છું અને આ ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવો તે પર છે' એમ સ્વ-પરનું ભેદજ્ઞાન થતું નથી; તેમ જ તેને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી 'હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું' એવું પરમાત્મજ્ઞાન પણ થતું નથી. ૭૭૮.

(શ્રી પ્રવચનસાર, ગાથા-૨૩૩ નો ભાવર્થ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* "ઇષ્ટ સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે), સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે; માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી." ૭૭૯

(શ્રી નિયમસાર, ગાથા-૬નો ઉદ્ધત શ્લોક, શ્રી વિદ્યાનંદસ્વામી)

***

* હે દેવ! આપ દયા કરીને મારા જન્મનો નાશ કરો, આ એક જ વાત મારે આપને કહેવાની છે. હું જન્મથી અતિશય બળેલો છું જેથી હું બહુ પ્રલાપ કરું છું. ૭૮૦.

(શ્રી પંદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, કરુણાષ્ટક, ગાથા-૬)

* રોગાથી પીડાયેલો, લાકડી, મુષ્ટિ આદિ વડે પ્રહાર કરાયેલો, દોરડા, આદિથી બંધાયેલો, પોતાના આત્માનું સ્મરણ કરતાં દુઃખી થતો નથી. પોતાના આત્માના ચિંતનથી ક્ષુધા વડે, ઠંડી વડે, પવન વડે, તૃષા વડે, તાપ વડે, દુઃખી થાય નહિ. ૭૮૧.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય – ૧૪, ગાથા-૧૫)

* મિથ્યા વ નાશવંત ઈસ શરીરકે સાથ અપવિત્ર અનેક અનંતાનંત ભાવ મિથ્યાદષ્ટિ કિયા કરતા હૈ, ઉસ શરીરકો હી સત્ય જાનતા હૈ, મિથ્યાદષ્ટિ અપના બૂરા હી કરતા હૈ. ૭૮૨.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૨૪૭)

***

* જે જીવ, જ્ઞાનાવરણના વિશિષ્ટ ક્ષયોપશમ વિના તથા વિશિષ્ટ ગુરુના સંયોગ વિના તત્ત્વાર્થને જાણી શકતો નથી તે જીવ જિનવચનમાં આ પ્રમાણે શ્રદ્ધાન કરે છે કે – 'જિનેન્દ્રદેવે જે તત્ત્વ કહ્યું છે તે બધુંય ભલા પ્રકારથી હું ઇષ્ટ કરું છું' એ પ્રમાણે પણ તે શ્રદ્ધાવાન થાય છે. ૭૮૩.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથ-૩૨૪)

* દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય તથા સુખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞેયરૂપથી તેનો જાણવાવાળો જ રહે, એ જ સાચો પરિષહજય છે. ૭૮૪.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ, -૭, પાનું – ૨૩૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* પરમાણુથી કોઈ નાનું અને આકાશથી કોઈ મોટું નથી, એમ કહેનારા પુરુષોએ જગતમાં દીન અને સ્વાભિમાની પુરુષોને જોયા નથી. દીન અને સ્વાભિમાની જનોને જો તેઓએ જોયા હોત તો તેઓ દીનને છોડી પરમાણુને નાનો અને સ્વાભિમાની પુરુષને છોડી આકાશને મોટું કહેત નહિ. કારણ દીન જન પરમાણુથી પણ હલકો છે તથા સ્વાભિમાની મનુષ્ય આકાશથી પણ મહાન છે. ૭૮૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૫૨ )

* આ અર્હત્‌ના મતના અનુયાયીઓ અર્થાત્‌ જૈનો પણ આત્માને, સાંખ્યતીઓની જેમ, ( સર્વથા ) અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો અને ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ દેખો. ૭૮૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, કળશ- ૨૦૫ )

* શરીર છુટતાં સુધી, પૃથ્વી ઉપર સુરગિરિ- મેરૂપર્વતની માફક, સ્વ શુદ્ધ આત્મામાં મારા નિશ્ચલ, સુસ્થિર, પરિણામ ભાવ હો. ૭૮૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૬, ગાથા-૧૩ )

***

* પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાન વશે શોક કરે છે તેની પાસે ગુણની ગંધ પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણાં છે - એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે. બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ ( આશાતાવેદનીય ) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર પરિભ્રમણ લાંબુ થઇ જાય છે. ૭૮૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૪૫ )

* શુદ્ધ આત્મા સત્‌ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વત;સિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, ( તેને ) બીજું કાંઈ ધ્રુવ નથી. આત્મા શુદ્ધ એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ અને સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે. ૭૮૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૯૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ સંસારમાં જે કંઈ શારીરિક અને માનસિક દુઃખો ઉત્પન્ન થાય છે તે સર્વ આ શરીર ઉપર મમત્વ કરવાથી જીવને અનંતવાર પ્રાપ્ત થયા છે. ૭૯૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અધિકાર–બીજો, ગાથા–૫૧ )

* વિષય–ભોગ સમયાનુસાર સ્વયં હી નષ્ટ હો જાતે હૈં ઔર ઐસા હોને પર ઉનમેં કોઇ ગુણ નહીં ઉત્પન્ન હોતા હૈ– ઉનસે કુછ ભી લાભ નહીં હોતા હૈ. ઈસલિયે હે જીવ! તૂ દુઃખ ઔર ભયકો ઉત્પન્ન કરનેવાલે ઇન વિષય–ભોગોંકો ધર્મબુદ્ધિસે સ્વયં છોડ દે. કારણ યહ કિ યદિ યે સ્વયં હી સ્વતંત્રતાસે નષ્ટ હોતે હૈં તો મનમેં અતિશય તીવ્ર સંતાપકો કરતે હૈં ઔર યદિ ઇનકો તૂ સ્વયં છોડ દેતા હૈ તો ફિર વે ઉસ અનુપમ આત્મિક સુખકો ઉત્પન્ન કરતે હૈં જો સદા સ્થિર રહનેવાલા એવમ્ પૂજ્ય હૈ. ૭૯૧.

( અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ શ્લોક–૪૧૩ )

* ( અરે ! ભાઈ, ) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? ( અર્થાત્ ન જ હોય. ) તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે ? નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી ? ૭૯૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૮૯ )

***

* અજ્ઞાની જીવોંકો પરકે દોષ ગ્રહણ કરનેસે હર્ષ હોતા હૈં. મેરે દોષ ગ્રહણ કરકે જિન જીવોંકો હર્ષ હોતા હૈ, તો મુઝે યહી લાભ હૈ કિ મૈં ઉનકો સુખકા કારણ હુઆ, ઐસા મનમેં વિચારકર ગુસ્સા છોડો. ૭૯૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨ કળશ–૧૮૬ )

* જે જીવ ચેતનગુણ વિશિષ્ટ, રત્નત્રયમય અને કર્મના કલંકથી રહિત શુદ્ધ ચેતનની નિત્ય સ્તુતિ કરે છે તે સ્તવનને સ્તવ–મર્મજ્ઞોએ ‘ સ્તવ ’ કહ્યું છે, ૭૯૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૪૮ )

* જે મૂર્ખ ગુણ–દોષને જાણતો નથી તે પંડિતો પ્રત્યે મધ્યસ્થ કઇ રીતે રહી શકે ? ? – ક્રોધાદિક કેમ ન કરે ? કરે જ. કેમ કે તેને પંડિત – વિબુધજનોના ગુણોની પરખ નથી. વિષ અને અમૃત જેને તુલ્ય છે તે મધ્યસ્થ કેમ હોય ? ૭૯૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૧૦૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોતકૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે, અને જે જ્ઞાન એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન-પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે અને સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી જેણે સ્વાભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે- એવું ત્રણે કાળે સદાય વિષમ રહેતા અને અનંત પ્રકારોને લીધે- વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું, અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું હોવાથી જેણે અદ્ભૂત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વગત જ છે. ૭૯૬.

( શ્રી અમૃચંદ્રચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૫૧ )

* * *

* જેઓએ અંતરંગદષ્ટિથી અલૌકિક સિદ્ધસ્વરૂપ તેજને જોયું નથી તે મૂર્ખ મનુષ્યોને સ્ત્રી, સુવર્ણ આદિ પદાર્થ પ્રિય લાગે છે, પરંતુ જે ભવ્ય જીવોનું હૃદય સિદ્ધોના સ્વરૂપરૂપી રસથી ભરાઇ ગયું છે તે ભવ્ય સમસ્ત સામ્રાજ્યને તણખલાં સમાન જાણે છે તથા શરીરને પર સમજે છે અને તેને ભોગ, રોગ સમાન લાગે છે. ૭૯૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક-૨૨ )

* આ જીવ અતિ વ્યાકુળ બની સર્વ વિષયોને યુગપત્ ગ્રહણ કરવા માટે વલખાં મારે છે, તથા એક વિષયને છોડીને અન્યનું ગ્રહણ કરવા માટે આ જીવ એવાં વલખાં મારે છે, પણ પરિણામે શું સિદ્ધ થાય છે? જે મણની ભૂખવાળાને કણ મળ્યો પણ તેથી તેની ભૂખ મટે? તેમ સર્વ ગ્રહણની જેને ઇચ્છા છે તેને કોઈ એક વિષયનું ગ્રહણ થતાં ઇચ્છા કેમ મટે? અને ઈચ્છા મટયા વિના સુખ પણ થાય. નહિ. માટે એ બધા ઉપાય જૂઠા છે. ૭૯૮.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૩, પાનું-૫૨ )

* * *

* અવિરત સમ્યગ્દષ્ટિકે ભીતર શુદ્ધ આત્મતત્ત્વકા પ્રકાશ યા અનુભવ યા દર્શન હો જાતા હૈ, ઉસકે અંતરંગમેં શુદ્ધાત્મા ઝલક જાતા હૈ. વહ શુદ્ધ ભાવોંકો અશુદ્ધ ભાવોંસે ભિન્ન જાનકર સર્વ હી અશુદ્ધ ભાવોંકા ત્યાગી હો જાતા હૈ, ૭૯૯.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૫૨ )

* અનંત સંસાર પરિપાટીના કારણરૂપ એ વિવાહ આદિ કર્યો કરવા-કરાવવાળા જે પોતાના કુટુંબીજનો તે જ ખરેખર આ જીવના એક પ્રકારે વેરી છે. જે એક જ વાર પ્રાણ હરણ કરે તે વેરી નથી પરંતુ આ તો અનંતાર મરણ કરાવે છે તેથી તે વેરી છે, માટે તેઓને હિતસ્વી માની તેઓ પ્રત્યે રાગ કરવો કે તેઓના રાગે અંધ થવું એ તને ઉચિત નથી. ૮૦૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૪ )

* જો ઇન્દ્રિયોંકે વિષાયોંકી ઈચ્છાઓંકા દમન કરનેવાલા આત્મા શરીરમેં યાત્રિકે સમાન પ્રસ્થાન કરતે હુએ અપને આત્માકો અવિનાશી સમજતા હૈ વહી ઇસ ભયાનક સંસારરૂપી સમુદ્રકો ગાયકે ખુરકે સમાન લીલામાત્રમેં પાર કરકે શીઘ્ર હી મોક્ષરૂપી લક્ષ્મીકો પ્રાપ્ત કર લેતા હૈ. ૮૦૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૩૮ )

* શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; ( પદાર્થોનો ) નિશ્ચય આગમ દ્વારા થાય છે; તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે. ૮૦૨

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૨ )

***

* નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે ને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે, જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાગ અધિક છે. ૮૦૩.

( શ્રી અમૃતચંદ્રચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય, ગાથા-૧૩૨ )

* તત્કાલ પ્રાણોને હરનારું ઝેર ખાઈ લેવું સારું, ભયંકરપણે સળગતી અગ્નિમાં પ્રવેશીને બળીને રાખ થઈ જવું સારું અને અન્ય કોઈ પણ કારણ વડે યમરાજની ગોદમાં સમાઈ જવું સારું, પરંતુ તત્ત્વથી જ્ઞાનથી રહિતપણે આ સંસારમાં જીવવું સારું નથી. ૮૦૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૦૩ )

* પરસ્પર ઝઘડા ઉઠનેસે બહુત નષ્ટ હો ચુકે, બડે બડે ધનિક ભી નષ્ટ હો ગયે; દુષ્ટોંકે સાથ ઝઘડા કરના અચ્છા નહીં; યદિ દ્રવ્યકા, ત્યાગ કરના પડે તો ઠીક હૈ. ૮૦૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શરીરકે મોહમેં રંજાયમાન હોનેવાલા કર્મ જિતના કુછ કહા ગયા હૈ વહ સબ શુદ્ધાત્મારૂપી કમલકે ભીતર રંજાયમાન હોનેસે વિલા જાતા હૈ. યહ આત્મરંજકભાવ સ્વયં વીતરાગ વિજ્ઞાનમેં રમણતા હૈ. ૮૦૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૧૪૮ )

* આગમનો જાણનાર હોવા છતાં પણ, સંયત હોવા છતાં પણ, તપમાં સ્થિર હોવા છતાં પણ, જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને કે જે ( વિશ્વ ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી આત્મપ્રધાન છે તેને – જે જીવ શ્રદ્ધતો નથી તે શ્રમણાભાસ છે. ૮૦૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૬૪ )

* શરીરકે સંબંધકા યહ સ્વરૂપ હૈ જો ઘર, કુટુંબ, સર્વ સંબંધ આકાર મિલ જાતે હૈં, શ્રી જિનવચનકે ગ્રહણમેં અંતરાય પડ જાતા હૈ, શરીરકે સ્વભાવમેં લય હોનેસે નરકકા બીજ બોયા જાતા હૈ, શરીરકે સંબંધસે ઐસા સ્વભાવ બન જાતે હૈ જિસસે પૌદ્‌ગલિક પર્યાયકો હી વ કર્મકે ઉદયકો હી આત્મા માન લેતા હૈ. ઇસ અજ્ઞાન ઔર મિથ્યાત્વકી અનુમોદના કરનેસે નરકકે દુઃખોંકા બીજ બો દિયા જાતા હૈ. ૮૦૮.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૪૧-૧૪૩ )

* હે દુર્બુદ્ધિ પ્રાણી ! જો અહીં તને કોઇ પણ પ્રકારે મનુષ્ય-જન્મ પ્રાપ્ત થઇ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય ( -આત્મહિત ) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે ? અર્થાત્ કોઈ સમર્થ થઇ શકશે નહિ. ૮૦૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૬૮ )

* હે શિવપુરીકે પથિક ! પ્રથમ ભાવકો જાન, ભાવરહિત લિંગસે તુજે કયા પ્રયોજન હૈ ? જિનભગવંતોને શિવપુરીકા પંથ પ્રયત્નસાધ્ય કહા હૈ. ૮૧૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૬ )

* ત્રાજવાના બંને પલ્લાં શું કહે છે ? તેઓ પોતાની કૃતિથી કહે છે કે – “ જેમને ગ્રહણ કરવાની ઇચ્છા છે તેઓ ક્રમે કરી અધોગતિને પામે છે તથા જેઓને ગ્રહણ કરવાની ઇચ્છા નથી તેઓ ઊર્ધ્વગતિને પામે છે. ” ૮૧૧.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિસ પ્રકાર નીમકે વૃક્ષમેં ઉત્પન્ન હુઆ કીડા ઉસે કડુવે રસકો પીતા હુઆ ઉસે મીઠા જાનતા હૈ, ઉસી પ્રકારસંસારરૂપી વિષ્ટામેં ઉત્પન્ન હુએ યે મનુષ્યરૂપી કીડે સ્ત્રી-સંભોગસે ઉત્પન્ન હુએ ખેદકો હી સુખ માનતે હુએ ઉસકી પ્રશંસા કરતે હૈં ઔર ઉસીમેં પ્રીતિ કો પ્રાપ્ત હોતે હૈં. ૮૧૨.

( શ્રી જિનસેનાચાર્ય, આદિપુરાણ. ભાગ-૧, ગાથા-૧૭૯-૧૮૦ )

* શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનરૂપ ગિરિ ઉપર ચઢેલા સાધકને જો પરકાર્યની અલ્પ પણ ચિંતા ઉદ્‌ભવે છે તો તે ચિંતા ધ્યાન-પર્વતને ચૂર્ણ કરી દેવા મહાન વજ્ર સમાન બળવાન થઈ પડે છે. અર્થાત્ અલ્પ પણ સાંસારિક કાર્યની ચિંતા શુદ્ધ આત્મધ્યાનમાંથી ચલાયમાન કરી દે છે. ૮૧૩.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૩, ગાથા-૬ )

* આ સમ્યગ્દર્શન, સમ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની નામની ઔષધી છે, દુઃખની મહાન આગને બુઝાવવા માટે જળધારા છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે, માટે તે જયવંત રહો. ૮૧૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ ધર્મોપદેશામૃત, શ્લોક-૭૮ )

* જેનું આભ્યંતર ( ઉપાદાન ) મૂળ હેતુ છે એવા ગુણ-દોષની ઉત્પત્તિમાં જે બાહ્ય વસ્તુ નિમિત્ત છે તે અધ્યાત્મવૃત અર્થાત્ મોક્ષમાર્ગીની દૃષ્ટિમાં ગૌણ છે. કારણ કે હે ભગવાન! આપના શાસનમાં આભ્યંતર ( અંતરંગ ઉપાદાન ) હેતુ જ પર્યાપ્ત છે. ૮૧૫.

( શ્રી સમંતભદ્રાચાર્ય, સ્વયંભૂસ્તોત્ર, શ્લોક-૫૯ )

* મિથ્યાદૃષ્ટિ કોઇ કાળમાં કોઇ પદાર્થને સત્ય જાણે તોપણ તેના નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણતો ન હોવાથી અથવા સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ પ્રયોજન જ સાધે છે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. ૮૧૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૪, પાનું -૮૯ )

* ઉત્સર્ગ અને અપવાદના વિરોધ વડે થતું જે આચરણનું દુઃસ્થિત-પણું તે સર્વથા નિષેધ્ય ( ત્યાજ્ય ) છે અને, તે અર્થે જ, પરસ્પર સાપેક્ષ એવા ઉત્સર્ગ અને અપવાદ વડે જેની વૃત્તિ ( -હયાતિ, કાર્ય ) પ્રગટ થાય છે એવો સ્વાદ્‌વાદ સર્વથા અનુગમ્ય ( અનુસરવાયોગ્ય ) છે. ૮૧૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૩૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ અનંત સંસાર પરિભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્શ્દર્શનાદિક નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું. ૮૧૮.

( શ્રી ગુચભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૮ )

∗ જેમ કોઈ પુરુષ રત્નદ્વીપને પામવા છતાં રત્નદ્વીપમાંથી રત્નને છોડી કાષ્ટ ગ્રહણ કરે છે, તેમ મનુષ્યભવ વિષે ધર્મભાવનાનો ત્યાગ કરીને અજ્ઞાની ભોગની અભિલાષા કરે છે. ૮૧૯.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૮૩૮ )

∗ હે આત્મારામ! તૂ દેહકે બુઢાપા મરનેકો દેખકર ડર મત કર. જો અજર અમર પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈ, ઉસકો તૂ આત્મા જાન. ૮૨૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૭૧ )

∗∗∗

∗ જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થપણે ભિન્ન જાણી આત્મસ્વરૂપને સેવે છે– ધ્યાવે છે તેને અન્યત્વભાવના કાર્યકારી છે. ૮૨૧.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૮૨ )

∗ જો કે શોભાયમાન યૌવન અને સૌન્દર્યથી પરિપૂર્ણ સ્ત્રીઓના શરીર આભૂષણોથી વિભૂષિત છે તોપણ તે મૂર્ખજનોને જ આનંદ ઉત્પન્ન કરે છે, નહિ કે સજ્જન મનુષ્યોને. બરાબર છે – ઘણાં સડી – ગળી ગયેલાં મૃત શરીરોથી અત્યંત વ્યાપ્ત સ્મશાનભૂમિમાં આવીને કાળા કાગડાઓનો સમૂહ જ સંતુષ્ટ થાય છે, નહિ કે રાજહંસોનો સમૂહ. ૮૨૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક-૧૪ )

∗ મનકો રંજાયમાન કરનેવાલા જો ગારવ યા અહંકારભાવ હૈ યા ઘમંડ હૈ વહ સબ મનકો રંજયમાન કરનેવાલે આત્મજ્ઞાનકે પ્રતાપસે દૂર હો જાતા હૈ યહી આત્મજ્ઞાન કર્મોકા ક્ષય કરનેવાલા વીતરાગ વિજ્ઞાનકી રમણતારૂપ હૈ. ૮૨૩.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું- ૧૪૯ )

* જીવ સ્વયં પવિત્ર રત્નત્રયના આરાધનમાં પ્રવૃત્ત થાય છે, (ઠીક છે) સ્વભાવે નિર્મલ શંખ કોના દ્વારા શુક્લપણામાં પરિવર્તિત કરાય છે? કોઈના ય દ્વારા નહિ સ્વભાવથી જ શુક્લપણે પરિવર્તિત થાય છે. ૮૨૪.

( શ્રી યોગસાર પ્રાભૃત, અમિતગતિ આચાર્ય, સંવર અધિકાર, ગાથા–૩૭ )

* સૌથી પહેલાં અધ્યાત્મશાસ્ત્રોનું શ્રવણ–મનન કરવું; એના સિવાયના પ્રયોજન વગરના અન્ય શાસ્ત્રોનું શ્રવણ–મનન કરનાર જીવ મનપસંદ સુખને કઈ રીતે પામશે? ૮૨૫.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૨૬ )

* ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ – એ બંનેનો, અંતરંગમાં દારૂણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે), ચોતરફથી વિભાગ કરીને (–સમસ્ત પ્રકારે બંન્નેને જુદાં કરીને), આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે; માટે હવે એક શુદ્ધ વિજ્ઞાન–ઘનના પુંજમાં સ્થિત અને બીજાથી એટલે રાગથી રહિત એવા હે સત્પુરુષો! તમે મુદિત થાઓ, ૮૨૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમસાર–ટીકા, કળશ–૧૨૬ )

***

* હે જીવ! તેં મોહને વશ થઇને, જે દુઃખ છે તેને સુખ માની લીધું અને જે સુખ છે તેને દુઃખ માની લીધું; તેથી તું મોક્ષ પામ્યો નહિ. ૮૨૭.

( મુનિવર રામસિંહ પાહુડદોહા, ગાથા–૧૦ )

* જેવી રીતે મૂર્છિત મનુષ્ય સ્વાભાવિક ચેતના પામીને (હોંશમાં આવીને) પોતાની ભૂલાયેલી વસ્તુની શોધ કરવા માંડે છે તેવી જ રીતે જે ભવ્ય પ્રાણી પોતાના સ્વાભાવિક ચૈતન્યનો આશ્રય લે છે તે ક્રમે કરીને એકત્વ પામી પોતાના સ્વાભાવિક ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) ને નિશ્ચિતપણે જ પ્રાપ્ત કરી લે છે. ૮૨૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ; સદ્બોધ ચંદ્રોદય, શ્લોક–૧૫ )

* સર્વ વિકલ્પો બંધ થઈ જવાથી કોઇ એક એવો અવિનાશી ભાવ ઉત્પન્ન થાય છે જે આત્માનો સ્વભાવ છે. નિશ્ચયથી તે જ ભાવ મોક્ષનું કારણ છે. ૮૨૯.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા–૬૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ મેઘ પોતાના પ્રયોજન વિના-ઇચ્છા વિના જ લોકોના પુણ્યોદયના નિમિત્તે, પુણ્યશાળી જીવોના દેશમાં ગમન અને ગર્જના કરીને પુષ્કળ વરસાદ વરસાવે છે, તેમ ભગવાન આપ્તનો, લોકોના પુણ્ય નિમિત્તે પુણ્યવાન જીવોના દેશોમાં, વિના ઇચ્છાએ વિહાર થાય છે અને ત્યાં ધર્મ-રૂપ અમૃતની વર્ષા થાય છે. ૮૩૦.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડક શ્રાવકાચાર, ગાથા-૮ના ભાવાર્થમાંથી )

* મનમંદિર ઉજ્જડ થતાં તેમાં કોઇ પણ સંકલ્પ- વિકલ્પનો વાસ ન રહેતાં અને સમસ્ત ઇન્દ્રિયોનો વ્યાપાર નષ્ટ થઈ જતાં આત્માનો સ્વભાવ અવશ્ય પ્રગટ થાય છે અને તે સ્વભાવ પ્રગટ થતાં આ આત્મા જ પરમાત્મા બની જાય છે. ૮૩૧.

( શ્રી દેવસેન આચાર્ય, આરાધનાસાર, ગાથા-૮૪ )

* શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા સંપૂર્ણ શાસ્ત્રોનો જાણનારો હોવા છતાં તથા જાગતો હોવા છતાં કર્મબંધનથી છૂટતો નથી; કિન્તુ ભેદજ્ઞાની – અંતરાત્મા નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં કર્મબંધનથી મુક્ત થાય છે. ૮૩૨

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૯૪ )

* જિતના કુછ શરીરકા રાગ હૈ વહ આત્માકે હિતમેં અનિષ્ટ દેખા ગયા હૈ, જ્ઞાન વિજ્ઞાન જો આત્માકો ઇષ્ટ હૈ, ઉનસે વિયોગ રહતા હૈ, અનિષ્ટ બાતોંમે સ્વભાવ રંગ જાતા હૈ, અનિષ્ટકી અનુમોદનાસે દુર્ગતિકા લાભ હોતા હૈ. ૮૩૩.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૨૮ )

* સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનાર છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુઠ્ઠીથી આકાશના નાશ કરે છે અથવા વ્યાકુળ થઇને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઇને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે. ૮૩૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત્ શ્લોક-૪૩ )

* વાસ્તવમાં વચન દ્વારા કોઈ પણ આત્મા નિંદા કે સ્તુતિને પ્રાપ્ત થતો નથી. નિંદા કરવામાં આવી છે કે મારી સ્તુતિ કરવામાં આવી છે એમ મોહના યોગથી માને છે. ૮૩૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૩૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* છ દ્રવ્યો અને નવ પદાર્થોના ઉપદેશનું નામ દેશના છે. તે દેશનાથી પરિણત આચાર્યાદિની પ્રાપ્તિ અને ઉપદિષ્ટ અર્થનું ગ્રહણ, ધારણ તથા વિચારણાની શક્તિ સમાગમને દેશનાલબ્ધિ કહે છે. ૮૩૬.

( શ્રી ધવલા પુસ્તક-૬, પાનું-૨૦૪ )

* ત્રણ લોકમાં આ જીવને જે કાંઈ પણ સુખ અથવા દુઃખ ( સંયોગિક સુખ-દુઃખ ) થાય છે તે બધું દૈવના પ્રભાવથી થાય છે, અન્યથી નહિ. એમ સમજીને જે શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ છે તે કદી પણ પોતાના મનની શાંતિનો ભંગ કરતો નથી. ૮૩૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૬૭ )

* વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે, ઉસી સમ્યક્ત્વમેં જમે રહના ચાહિયે. કિસી ભી સ્થાન પર રહો. કિસી ભી સ્થાન પર યહ સમ્યક્ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્ત્વ હી શ્રેષ્ઠ હૈ. દૃઢ હૈ. વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્ત્વ કિસી જીવકે હી પ્રકાશ હોતા હૈ, કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતી હૈ. ૮૩૮.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૬ )

***

* સમુદ્ર વિષે રહેલો વડવાનલ અગ્નિ સમુદ્રના જળને શોષે છે. તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનલ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી અને અપ્રાપ્ત વિષયોની ઝંખનામાં ને ઝંખનામાં સદોદીત બાળ્યા કરે છે. અને એ રીતે તેના શાંતભાવરૂપ નિજ-પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે. ૮૩૯.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૭ )

* અરિહંતાદિક પ્રત્યે જે સતવનાદિરૂપ ભાવ થાય છે તે કષાયની મંદતાપૂર્વક હોય છે માટે તે વિશુદ્ધ પરિણામ છે તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે તો એવા પરિણામ વડે પોતાના ઘાતક ઘાતિકર્મનું હીનપણું થવાથી સ્વાભાવિકપણે જ વીગરાગ વિશેષજ્ઞાન પ્રગટ થાય છે. જેટલા અંશે તે ( ઘાતિકર્મ ) હીન થાય તેટલા અંશથી તે ( વીતરાગ વિશેષજ્ઞાન ) પ્રગટ થાય છે. એ પ્રમાણે શ્રી અરિહંતાદિ વડે પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. ૮૪૦.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ-૧, પાનું- ૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પૂર્વકર્મોંકે ઉદયસે આપત્તિયોંકે આ જાને પર વીરતા હી પરમ રક્ષક હૈ. બારબાર શોચ કરના ઉચિત નહીં હૈં. ૮૪૧.

( શ્રી કુલધર આચાર્ય, સાર સમ્મુચય શ્લોક-૧૭૧ )

***

* સોનાને કાદવ સમાન, રાજ્યપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રશંસાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાન્તિને રાખ સમાન, સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોક-લાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન અને ભાગ્યોદયને વિષ્ટા સમાન જે જાણે છે તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૮૪૨.

( શ્રી બનારસીદાસજી, સમયસાર નાટક, બંધ દ્વાર, પદ-૧૯ )

* કોઈ તૃષાદિ દુઃખથી પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે તેનો પ્રતિકાર ( ઉપાય ) કરવાની ઈચ્છાથી ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતાં ( પોતે નીચેના ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે ), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી ( અર્થાત્ સંસારસાગરમાં ડૂબેલા જગતને દેખવાથી ) મનમાં જરા ખેદ થવો તે છે. ૮૪૩.

( અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૩૭ )

* મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખના સંબંધમાં શું કહેવું ? અર્થાત્ તે તો અત્યંત વિનશ્વર અને હેય છે જ, તેથી મને એવા સંસાર સુખથી બસ થાવ-હું એવું સંસાર સુખ ચાહતો નથી. ૮૪૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવનાદશક, શ્લોક-૭ )

***

* શરીરની સહેજ માત્ર સોબત એ જ સર્વ દુઃખનું કારણ છે, એમ જાણીને શરીરને ફેંકી દેતી વખતે હાથનો પોંચો પકડી રોકવાવાળું જ્ઞાન જો હાજર ન હોત તો કયા મુનિ એ કૃતઘ્ન શરીરની સાથે ક્ષણ માત્ર પણ રહેવા ઈચ્છે ? – કોઈ નહિ. ૮૪૫.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૧૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જેમ કોઇ મનુષ્ય બહુમૂલ્ય ચંદનને અગ્નિ માટે બાળે છે, તેમ અજ્ઞાની જીવ વિષયોની વાંછામાં નિર્વાણનું કારણ જે મનુષ્યભવ તેનો નાશ કરે છે. ૮૪૬.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૮૩૭ )

∗ યહ જો શુદ્ધોપયોગ હૈ વહ તીન ભવનમેં બહુત બલવાન હૈ. ઉસકે સમાન કિસીકા બલ નહીં હૈ. ઈસી ભાવમેં આનંદ હૈ. ઉસ આનંદકો લિયે હુએ આત્મા સિદ્ધિકો પા લેતા હૈ. ઐસે આનંદકેધારી જિનેન્દ્રભગવાન તારણ મુક્તિકો જા રહે હૈં. ૮૪૭.

( શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ–૨ પાનું- ૧૬૫ )

∗ આ સંસારમાં સદ્‌વિચારરૂપ બુદ્ધિ હોવી પરમ દુર્લભ છે. તેમાં પણ પરલોક હિતાર્થ ભણી બુદ્ધિ થવી તો અત્યંત દુર્લભ છે એવી બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં પણ જે જીવો પ્રમાદી બની રહ્યાં છે તે જોઇ જ્ઞાની પુરુષોને પણ શોક અને દયા ઉત્પન્ન થાય છે. ૮૪૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૯૪ )

∗∗∗

∗... સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ, જો જીવ રાગ – દ્વેષને નિર્મૂળ કરે છે, તો શુદ્ધ આત્માને અનુભવે (પરંતુ) જો ફરીફરીને તેમને અનુસરે છે – રાગદ્વેષરૂપે પરિણમે છે, તો પ્રમાદ–આધીનપણાને લીધે શુદ્ધાત્મત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઇ જવાથી અંતરમાં ખેદ પામે છે. આથી મારે રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે. ૮૪૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૮૧ )

∗ જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ થાય છે અને સ્થિર થવાની આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે, જે મુદ્રા જોવાથી કેવળ ભગવાનનું સ્મરણ થઇ જાય છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઇ જાય છે. પંડિત બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો આ પ્રત્યક્ષ મહિમા છે. જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત લાગે છે. ૮૫૦.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચતુદર્શ ગુણસ્થાનાધિકાર, પ૬–૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ચારિત્ર પરવશ થયું થકું જીવને સંસાર ઉત્પન્ન કરે છે અને નિજ ઘરમાં રહ્યું થકું જીવને જગતથી પાર કરે છે. ૮૫૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૫૬ )

* જેણે આત્મતત્ત્વના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તે બોલતો હોવા છતાં બોલતો નથી, ચાલતો હોવા છતાં ચાલતો નથી અને દેખતો હોવા છતાં દેખતો નથી. ૮૫૨.

( શ્રી પૂજ્યપાસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા-૪૧ )

* કોઇ તર્ક કરે કે – જ્ઞાનમાં સર્વ જ્ઞેય ઉપચારથી છે તો સર્વજ્ઞપદ ઉપચરિત થયું, ઉચ્ચાર જૂઠ છે તો શું સર્વજ્ઞપદ જૂઠું થયું? તેનું સમાધાન- જેને ઉપચાર માત્રમાં જ લોકાલોક ભાસ્યો તો તેના નિશ્ચય - જ્ઞાનનો મહિમા કોણ કહે? આ જ્ઞાન જ, સ્વસંવેદનરૂપ થયું થકું સર્વને જાણે છે. ૮૫૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૭૩ )

***

* પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન, માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ, બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ, ઇસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે. ૮૫૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા-૬૦ )

* કોઇ નિંદે છે તો નિંદો, સ્તુતિ કરે છે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો વા જાઓ તથા મરણ આજે જ થાઓ વા યુગાંતરે થાઓ! પરંતુ નીતિમાં નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતા નથી. એવો ન્યાય વિચારી, નિંદા-પ્રસંશાદિના ભયથી વા લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વપ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. અહો! દેવગુરુધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, એના આધારે તો ધર્મ છે, તેમાં શિથિલતા રાખે તો અન્યધર્મ કેવી રીતે થાય? ૮૫૫.

( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય-૬, પાનું - ૧૯૯ )

* આ મનુષ્યના શરીર વિષે એક-એક અંગુલમાં છન્નુ-છન્નુ રોગ હોય છે. તો બાકીના સમસ્ત શરીર વિશે કેટલા રોગ કહેવા એ સમજો. (આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવ્વાણું હજાર પાંચસો ચોરાશી રોગ રહેલા છે.) ૮૫૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩૭ )

* જીવ એકલો મરે છે અને સ્વયં એલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે. ૮૫૭.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૧૦૧ )

* પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઇ તેને લઇ જાઓ, અથવા નષ્ટ થઇ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું: કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી, – હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે, – પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મારું સ્વ છું, – હું જ મારો સ્વામી છું' –એમ હું જાણું છું. ૮૫૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૦૯ )

***

* જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શન મલિન થતું હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. ૮૫૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૨૬ )

* જિસ તરહ મન વિષયોંમેં રમણ કરતા હૈ, ઉસઃ તરહ યદિ વહ આત્માકો જાનનેમેં રમણ કરે, તો હે યોગિજનો! યોગી કહતે હૈં કિ જીવ શીઘ્ર હી નિર્વાણ પા જાય. ૮૬૦.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૫૦ )

***

* શરીરકા સ્વભાવ અનિષ્ટ હૈ યહ સર્વ પદાર્થોંકો અશુદ્ધ કરનેકા સ્થાન હૈ ઐસા જાનો. શરીરકા મોહી જ્ઞાનસ્વભાવી આત્માકા શ્રદ્ધાન નહીં કર પાતા હૈ. ઇસ શરીરકા સ્વાગત કરના અનંત દુઃખોંકા બીજ હૈ. ૮૬૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૩૮ )

* જેમ જ્ઞેય પદાર્થોના જ્ઞાનની સિદ્ધિને માટે (–ઘટપટાદિ પદાર્થોને જોવા માટે જ) દીવામાં તેલ પૂરવામાં આવે છે અને દીવાને ખસેડવામાં આવે છે તેમ, શ્રમણ શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિને માટે (–શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા માટે જ) તે શરીરને ખવડાવતો અને ચલાવતો હોવાથી યુક્તાહારવિહારી હોય છે. ૮૬૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૨૬ )

* જે પુદ્‌ગલ વર્તમાનકાળમાં શુભ દેખાય છે તે જ પુદ્‌ગલ પૂર્વે અનંત ભવમાં દુઃખ દેવાવાળા અશુભપણે પરિણમ્યા હતાં અને જે પુદ્‌ગલ વર્તમાનકાળમાં અશુભ દેખાય છે તે જ પૂર્વે અનંતવાર સુખકારી થયાં હતાં, સર્વ પ્રકારના પુદ્‌ગલદ્રવ્ય અનંતવાર આહાર-શરીર-ઇન્દ્રિયરૂપ પરિણમ્યા થકાં તે સર્વને અનંતવાર ભોગવ્યા અને ત્યાગ કર્યો, એવા સર્વ પુદ્‌ગલના ગ્રહણ- ત્યાગમાં શું આશ્ચર્ય છે? ૮૬૩.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૪૧૬-૧૭ )

* ભાઈ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી ( -ખાઇને ) જીવન વૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ! આશારૂપ ગ્રહ ( ભૂત ) નો નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઇ કાળે કે કોઇ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકુ પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું? – કે આ વ્યર્થ પરિશ્રમ ( -પ્રવૃત્તિ ) તું કરી રહ્યો છે! ૮૬૪.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૪૨ )

***

* ઐસા કોઇ શરીર નહીં જો ઇસને ન ધારણ કિયા હો, ઐસા કોઇ ક્ષેત્ર નહીં હૈ કિ જહાં ન ઉત્પન્ન હુઆ હો ઔર ન મરણ કિયા હો, ઐસા કોઈ કાલ નહીં હૈ કિ જિસમેં ઇસને જન્મ-મરણ ન કિયે હોં, ઐસા કોઇ ભવ નહિ જો ઇસને પાયા ન હો, ઔર ઐસે અશુદ્ધ ભાવ નહીં હૈ જો ઇસકે ન હુએ હો. ઇસ તરહ અનંત પરાવર્તન ઇસને કિયે હૈં. ૮૬૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧ ગાથા-૭૭ )

* જિન તીર્થંકરોકે ચરણોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ લોકશિરોમણિ પુરુષ અપની કાંતિરૂપી જલસે ધોતે હૈં, જો લોક અલોકકો દેખનેવાલે ઐસે કેવલજ્ઞાનરૂપી રાજ્યલક્ષ્મીકે ધારી હૈં, ઐસે તીર્થંકર ભી આયુકર્મકે સમાપ્ત હોને પર ઇસ શરીરકો છોડકર મોક્ષકો ચલે જાતે હૈં, તો ફિર અન્ય અલ્પાયુ ધારી માનવોંકે જીવનકા કયા ભરોંસા? ૮૬૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૦૦ )

* મોક્ષના અર્થી એવા મને કોઇની પણ સાથે – મિત્ર – શત્રુ કે મધ્યસ્થ-નજીકમાં વર્તતા પ્રાણી સાથે કામ નથી. ૮૬૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૬, ગાથા-૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિતેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઇત્યાદિ જો વસ્તુ અચ્છી યા બૂરી દીખનેમેં આતી હૈં વે સબ કાલરૂપી અગ્નિકા ઇંધન હો જાવેગી. ૮૬૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, શ્લોક-૧૩૦ )

* ભેદવિજ્ઞાનમેં પ્રેમ સો હી વાત્સલ્યગુણ હૈ. સમ્યગ્દર્શન ભેદજ્ઞાન-સ્વરૂપ હૈ. આત્માકો પરસે ભિન્ન જાનના ભેદવિજ્ઞાન હૈ. યહી સમ્યગ્દર્શન યા સચ્ચા શ્રદ્ધાન હૈ. ઈસીકે દ્વારા સ્વાનુભવ હોતા હે જો અસલી મોક્ષ-માર્ગ હૈ. ૮૬૯.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૩૫ )

* ચક્રવર્તી અથવા બીજા સાધારણ રાજાઓની આજ્ઞાનો ભંગ થતાં પણ મરણનું દુઃખ થાય છે, તો શું ત્રણલોકના પ્રભુ એવા દેવાધિદેવ જિનેન્દ્રદેવની આજ્ઞાના ભંગથી દુઃખ નહિ થાય? – જરૂર થશે જ. ૮૭૦.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૮ )

***

* મિથ્યાદ્રષ્ટિ જીવ આત્માના સ્વરૂપને ભૂલી જઇને કર્મબંધના સારા ફળમાં પ્રેમ કરે છે, ખરાબ ફળમાં દ્વેષ કરે છે તથા જ્ઞાન અને વૈરાગ્ય જે આત્માના હિતના કારણ છે તેને આત્માને દુઃખના આપનારા માને છે. ૮૭૧.

( પં. દૌલતરામજી, છઢાળા ઢાળ-૨, શ્લોક-૬ )

* આ સંસારનો તમાશો તો જુઓ! – કે જેમાં કરગરીને માંગવા છતાં એક પાંદડુંય મળતું નથી ને અજ્ઞાની કષ્ટથી પેટ ભરે છે. પણ જો અજ્ઞાન છોડીને તે સંસારથી વિમુખ થઈ જાઓ તો વગર માગે પોતાના સદ્ગુણોની વૃદ્ધિ થાય છે. ૮૭૨.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૯ )

* અનાદિકાળના અપરિચયથી ભલે તને કદાચ તે ધર્મકાર્ય દુઃખ- રૂપ લાગે, તેમ અનાદિકાળના અતિ પરિચયથી એ અધર્મ કાર્ય તારી અસદ્બુદ્ધિને લીધે ભલે સુખરૂપ સમજાય પણ વસ્તુતાયે તેમ નથી. એ તો માત્ર તારી મોહપૂર્ણ દ્રષ્ટિને વિભ્રમ છે. ૮૭૩.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે ગૃહસ્થજીવન સ્ત્રી, પુત્ર અને ધન આદિ પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલ અત્યંત ભયાનક અને વિસ્તૃત મોહના વિશાળ સમુદ્ર સમાન છે તે ગૃહસ્થ જીવનમાં ઉત્તમ સાત્ત્વિક ભાવથી આપવામાં આવેલું ઉત્કૃષ્ટ દાન સમસ્ત ગુણોમાં શ્રેષ્ઠ હોવાથી નૌકાનું કામ કરે છે. ૮૭૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિં, દાન-અધિકાર, શ્લોક-૫ )

* ધર્મનો સત્યાર્થ માર્ગ દેખાડનારા સ્વાધીન ગુરુનો સુયોગ મળવા છતાં પણ જેઓ નિર્મળ ધર્મનું સ્વરૂપ સાંભળતા નથી તે પુરુષો દુષ્ટ અને ધીઠ ચિત્તવાળા છે; તેમ જ ભવભયથી રહિત સુભટ છે. ૮૭૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૩ )
પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું – ૨૪ )

* વાત્સલ્ય અંગ પણ સ્વ અને પરના વિષયના ભેદથી બે પ્રકારથી છે. તેમાં જે પોતાના આત્માની સાથે સંબંધ રાખવાવાળું વાત્સલ્ય છે તે પ્રધાન ( મુખ્ય ) છે તથા સમ્પૂર્ણ પર આત્માઓની સાથે સંબંધ રાખવા વાળું જે વાત્સલ્ય છે તે ગૌણ છે.

* પરિષહ- ઉપસર્ગાદિ દ્વારા પીડિત થવા છતાં પણ કોઈ શુભાચાર, જ્ઞાન અને ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી તે જ પ્રથમનું સ્વાત્મસંબંધી વાત્સલ્ય છે. ૮૭૬.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૮૦૬-૮૦૭ )

* જેમ સૂર્ય ઘોર અંધકારને નિમિષમાત્રમાં નષ્ટ કરી નાંખે છે, તેમ આત્માની ભાવના વડે પાપો એક ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. ૮૭૭.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૭૫ )

* જબ યહ પ્રાણી મોહકી સંગતિસે ઉન્મત્ત હોકર ઇન્દ્રિયોંકે આધીન આચરણ કરતા હૈ તબ યહ આત્મા હી અપને લિયે દુઃખોંકા કારણ હોતા હુઆ તેરા શત્રુ હો જાતા હૈ. ૮૭૮.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય-ટીકા, શ્લોક-૮૦ )

* હે શિષ્ય! જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોનેપર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે, નષ્ટ હો જાતે હૈં. ઇસ કારણ તૂ ધર્મકો પાલન કર, ધન ઔર યૌવન અવસ્થામેં કયા તૃષ્ણા કર રહા હૈ? ૮૭૯.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, શ્લોક-૧૩૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેની બન્ને બાજુ અગ્નિ સળગી રહી છે એવી એરંડની લાકડીની વચ્ચે ભરાયેલો કીડો જેમ અતિશય ખેદખિન્ન થાય છે તેમ આ શરીરરૂપ એરંડની લાકડીમાં ફસાયેલો જીવ જન્મ-મરણ આદિ દુઃખોથી નિરંતર-ખેદખિન્ન થાય છે. એરંડની લાકડીમાં ફસાયેલો કીડો નાશી-ભાગીને ક્યાં જાય? કારણ કે બન્ને તરફ અગ્નિ સળગી રહી છે. હે ભાઈ! આ શરીરની પણ એ જ દશા જાણીને તેનાથી તું મમત્વ છોડ, કે જેથી એ એરંડની લાકડીના કરતાં પણ અનંત દુઃખના કારણભૂત એવું શરીર જ ધારણ કરવું ન પડે. શરીર ઉરનો અનુરાગ જ નવાં નવાં શરીર ધારણનું કારણ છે એમ જાણી પૂર્વ મહાપુરુષોએ, એ શરીરથી સર્વથા સ્નેહ છોડયો હતો. ૮૮૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૬૩ )

* મનોહર પદાર્થના વિષયમાં પણ કંઈક નિયમિત ( મર્યાદિત ) જ પ્રીતિ ઉત્પન્ન થાય છે. પરંતુ પરમાત્માના દર્શન થતાં સર્વ પ્રકારની પ્રીતિ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. ૮૮૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૫૬ )

* અરેરે! લોકો સર્પને દેખીને દૂર ભાગે છે, તેમને તો કોઇ કાંઇ કહેતું નથી; પણ જે કુગુરુરૂપી સર્પને છોડે છે તેને મૂઢજનો દુષ્ટ કહે છે! - એ અત્યંત ખેદ છે. ૮૮૨.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત-રત્નમાળા,
ગાથા-૩૬, -મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ ગાથા ઉધ્ધૃત કરી છે, પાનું - ૧૮૨ )

* જ્ઞાનકા યહી કાર્ય હોના ચાહિયે જો અપને આત્માકા યથાર્થ જ્ઞાન પાવે. જ્ઞાની હોકર વીતરાગતાકે કારણોંકા અભિનંદન કિયા જાવે. જો કોઇ ઐસા ન કરકે શરીરકા વ શરીરકે સુખોંકા વ શરીરકે સંબંધિયોંકા અભિનંદન કરે તો વહ આત્મશક્તિઘાતક અંતરાયકર્મોકો બાંધે વ દુર્ગતિકો પ્રાપ્ત હોવૈ. ૮૮૩.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૮૧ )

* જેમ સુવર્ણની બેડી પણ પુરુષને બાંધે છે અને લોખંડની પણ બાંધે છે. તેવી રીતે શુભ તેમ જ અશુભ કરેલું કર્મ જીવને ( અવિશેષપણે ) બાંધે છે. માટે એ બંને કુશીલો સાથે રાગ ન કરો અથવા સંસર્ગ પણ ન કરો કારણ કે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે ( અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે. ) ૮૮૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૪૬-૧૪૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મળ થઇ રહ્યું છે! ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામ માત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્રિ-જાલવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી બાંધી ભમ્યા કરે છે! ૮૮૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૫૨ )

* ..... પ્રથમ તત્ત્વજ્ઞાન ન થયેલું હોવાથી પોતે તો જાણે છે કે 'હું મોક્ષનું સાધન કરું છું' પણ મોક્ષનું સાધન જે છે તેને તે (જૈનાભાસી) જાણતો પણ નથી, કેવળ સ્વાર્ગાદિકનું જ સાધન કરે છે. સાકરને અમૃત જાણી ભક્ષણ કરે છે પણ તેથી અમૃતનો ગુણ તો ન થાય, કારણ પોતાની પ્રતીતિ અનુસાર નફો – ફળ થતું નથી પણ જેવું સાધન કરે તેવું જ ફળ લાગે છે. ૮૮૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૭, પાનું-૨૪૫ )

***

* જેઓ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને) તજતાં નથી. શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરો કે સંકલેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. ૮૮૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ. ૧૪, શ્લોક-૧૯-૨૦ )

* પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરંતુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપીવિષના સેવનપૂર્વક સ્વર્ગમાં પણ રહેવું ભલું નથી. ૮૮૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, સર્ગ-૭, શ્લોક-૪૧ )

* તિર્યંચમાંથી નીકળી મનુષ્યગતિ પામવી અતિ દુર્લભ છે. જેમ ચાર પંથ વચ્ચે રત્ન પડી ગયું હોય તો તે મહાભાગ્ય હોય તો જ હાથમાં આવે છે તેમ, (માનવપણું) દુર્લભ છે. વળી આવો દુર્લભ મનુષ્યદેહ પામીને પણ જીવ મિથ્યાદૃષ્ટિ બની પાપ ઉપજાવે છે. ૮૮૯.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૦૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ ચિન્તામણિરત્ન મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેમ જ ત્રસનો પર્યાય મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. ( ત્યાં પણ ) ઇયળ, કીડી, ભમરો વગેરેના શરીરો વારંવાર ધારણ કરીને મરણ પામ્યો અને ઘણી પીડા સહન કરી. ૮૯૦.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૧, શ્લોક-૫ )

* અંધ મનુષ્ય તો નેત્રથી દેખતો નથી, પણ વિષયાંધ મનુષ્ય કોઈ પ્રકારે દેખી શકતો નથી એટલે તે સર્વ અંધોમાં પણ મહા અંધ છે. ૮૯૧.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૩૫ )

* ખરેખર, સંસાર-શરીર-ભોગથી વિરકત થઇ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે? જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે નિશ્ચયથી મુનિશ્વરોને જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન ? જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધરૂપે પરિણમ્યું છે. ૮૯૨.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૪ )

* * *

* પરિણામસે હી જીવ કો બંધ કહા હૈ ઔર પરિણામસે હી મોક્ષ કહા - હૈ - યહ સમજકર, હે જીવ ! તૂ નિશ્ચયસે ઉન ભાવોંકો જાન. ૮૯૩.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૪ )

* જે મોહી જીવ છે તે આ સંસારને આધિ-માનસિક પીડાઓ, વ્યાધિ-શારીરિક કષ્ટપ્રદ રોગો, જન્મ, જરા, મરણ અને શોકાદિ ઉપદ્રવોથી યુક્ત ભયંકરરૂપે દેખતો હોવા છતાં પણ તેનાથી વિરકત થતો નથી ! એ મોહનું કેવું માહાત્મય છે ? ૮૯૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૪૮ )

* જ્ઞેયરૂપ પરદ્રવ્યનો દોષ ન દેખો. ન જાણો કે પરજ્ઞેયની સન્નિધિ ( નિકટતા ) નિમિત્તમાત્ર દેખી કરીને મારું દ્રવ્ય આણે મેલું કર્યું; આવી રીતે આ જીવ પોતે જૂઠો ભ્રમ કરે છે. તે પરજ્ઞેયને તું કદી પણ સ્પર્શ્યો જ નથી. છતાં તું તેનો દોષ દેખે છે. જાણે છે તે તારી આ હરામ- જાદવી ( દુષ્ટતા, બદમાશી ) છે. આવી રીતે એક તું જ જુઠો છો, તેનો કંઇ દોષ નથી તે સદા સાચું છે. ૮૯૫.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૧૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે જીવ! આમ છે અને તેમ છે એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે? આ સંસારમાં પરિભ્રમણ કરતા તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યાં અને છોડયાં, ટૂંકામાં એટલું જ કહેવાનું કે જીવને શરીર (શરીર પ્રત્યેની મમત્વબુદ્ધિ) એ જ સર્વ આપત્તિનું સ્થાન છે. ૮૯૬.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૯૮)

* હે ભવ્ય! ગમે તે રીતે પહેલાં આત્મજ્ઞાન કરો તો તમે સ્વયં જ્ઞાન મૂર્તિ સુખધામ બની જશો. જે જ્ઞાન સાધ્ય છે તેને પકડતાં- અનુભવતાં તે પોતે સુખરૂપ પરિણમી જશે. ૮૯૭.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૦૩)

***

* સિદ્ધોની જે ગતિ છે તે જ એક ઉત્તમ ગતિ છે. તેમનું જે સુખ છે તે જ એક ઉત્તમ સુખ છે. તેમના જે જ્ઞાન-દર્શન છે તે જ યથાર્થ જ્ઞાન-દર્શન છે, તથા બીજું પણ જે કાંઈ સિદ્ધોનું છે તે બધું મને પ્રિય છે. એના સિવાય બીજું કાંઈ પણ મને પ્રિય નથી. આ રીતે વિચાર કરતાં મેં ભયાનક સંસાર છોડીને અને તે સિદ્ધોના ઉત્કૃષ્ટ સ્વરૂપની પ્રાપ્તિમાં મન જોડીને મારા ચિત્તમાં નિરંતર તે સિદ્ધોનેજ દઢતાપૂર્વક ધારણ કર્યા છે. ૮૯૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધ-સ્તુતિ, શ્લોક-૨૮)

* જિનધર્મનું આચરણ કરવું, સાધન કરવું તેમ જ પ્રભાવના કરવી – તે તો દૂર રહો, એક જિનધર્મના દઢ શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ થતાં પણ નરકાદિ દુઃખોનો અભાવ થઈ જાય છે. ૮૯૯.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૧૨૭)

***

* જીવોંકો દુઃખ- સંકટોંસે સદા રક્ષા કરનેવાલા ધર્મ હી હૈ, ઇસલિયે અનંત સુખકે દેનેવાલે ઉસ ધર્મમેં હે ભાઈ! તૂ પુરુષાર્થ કર. ૯૦૦.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૨)

* વિષય-કષાયોમાં જતાં મનને પાછું વાળીને નિરંજન તત્ત્વમાં સ્થિર કરો. બસ! આટલું જ મોક્ષનું કારણ છે; બીજા કોઈ તંત્ર કે મંત્ર મોક્ષના કારણ નથી. ૯૦૧.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૬૨)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્ઞાન દર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગ-લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. ૯૦૨.

( શ્રીકુંદકુંદાચાર્ય, નિયમસાર, ગાથા-૧૦૨ )

* પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વ મોહનીય જનિત નિંદ્રાની અસાવધાની નષ્ટ થઇ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઇ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયના ભંડારમાં જૈન ઋષિઓના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન-પ્રતિમાને જિનરાજ સમાન માને છે. ૯૦૩.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચૌદ ગુણસ્થાનાધિકાર, ૫૬-૩ )

***

* જેનું મનરૂપી જળ રાગાદિ વિભાવ પરિણામો વડે ચંચળ થતું નથી તે જ નિજાત્મતત્ત્વનો અનુભવ કરી શકે છે, તેનાથી વિપરીત આત્મા સ્વાનુભવ કરી શકતો નથી. જ્યારે સરોવરનું પાણી સ્થિર હોય છે ત્યારે તેની અંદર પડેલ રત્ન અત્યંત સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે મન રૂપી જળ સ્થિર થતાં આત્માનો સાક્ષાત્કાર થાય છે. ૯૦૪.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૧ )

* તે સમ્યગ્દષ્ટિ જીવને ચારિત્રવરણકર્મના ઉદયથી તે વિષયોમાં રતિ થાય છે પણ એ રાગને ગૌણ કરતાં તે સર્વથા શુદ્ધ વીતરાગ અને અતીન્દ્રિય છે. ૯૦૫.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૬૮ )

* જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જોં દુઃખ ( તેમનો ) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય. ૯૦૬.

( શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૬૪ )

* ધર્મ તો એ જ કે જ્યાં અધર્મનો અંશ નથી, સુખ તો એ જ છે કે જ્યાં દુઃખનો અંશ નથી, જ્ઞાન તો એ જ કહી શકાય જે જેમાં અજ્ઞાનની કણિકા નથી અને વાસ્તવ્ય ગતિ તો એ જ છે કે જ્યાંથી ફરી આગતિ ( આવાગમન ) નથી. ૯૦૭.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૪૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જબ મિથ્યાત્વસહિત બુદ્ધિ ક્ષય હો જાતી હૈ તબ સમ્યગ્જ્ઞાન પ્રગટ હોતા હૈ ઐસા કહા ગયા હૈ. તબ સર્વ ભય ચલા જાતા હૈ, જ્ઞાની નિર્ભય હો જાતા હૈ. ક્યોંકિ ઉસકો અપના આત્મા પરમાત્માકે સમાન પરમ સુખી વ અનંતબલી દિખતા હૈ. ભાઈ! નિઃશંક હોકર, નિર્ભર હોકર આત્માકા મનન કરો. આત્માકા સ્વભાવ હી ઐસા હૈ જિસમેં કોઈ શલ્ય વ શંકા નહીં રહ સકતી હૈ. જ્ઞાનસ્વભાવમેં રમણ કરનેસે સર્વ ભય દૂર હો જાતા હૈ. ઈસ તરહ જો આત્મજ્ઞાનમેં અનુમોદના રખતા હૈ, જ્ઞાનાનંદમેં મગન હોતા હૈ, વહ મુક્તિકો પાતા હૈ. ૯૦૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨ પાનું-૧૧૬ )

* જે શ્રાવક નિશ્ચયના લક્ષે અતિચાર રહિત વ્યવહારરત્નત્રયની સાધના કરે છે તેને સંપૂર્ણ પ્રયોજનોની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ તેને સ્વર્ગના સુખપૂર્વક મોક્ષસુખની સિદ્ધિ થાય છે. ૯૦૯.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૪૯ના ભાવાર્થમાંથી )

* જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે; જે કોઇ બંધાયા છે તે તેના જ (– ભેદવિજ્ઞાનના જ ) અભાવથી બંધાયા છે. ૯૧૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ- ૧૩૧ )

* જિનકી વિષયભોગોંકી ઇચ્છા નષ્ટ હો ચૂકી હૈ ઉનકો જો યહાં સુખ પ્રાપ્ત હોતા હૈ વહ ન તો ઇન્દ્રોંકો પાપ્ત હો સકતા હૈ ઔર ન ચક્રવર્તીયોંકો ભી. ઇસલિયે મનમેં અતિશય પ્રીતિ ધારણ કરકે ય જો વિષયરૂપ શત્રુ પરિણામમેં અહિતકારક હૈં ઉનકો છોડો ઔર ધર્મકા આરાધન કરો. ૯૧૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૦ )

* વિનય વિના મુક્તિ નહીં હૈ, ઇસલિયે વિનયકા ઉપદેશ હૈ. વિનયમેં બડે ગુણ હૈં, જ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ, માનકષાયકા નાશ હોતા હૈ, શિષ્ટાચારકા પાલના હૈ ઔર કલહકા નિવારણ હૈ-ઇત્યાદિ વિનયકે ગુણ જાનને. ઇસલિયે જો સમ્યગ્દર્શનાદિસે મહાન હૈ – ઉનકા વિનય કરો યહ ઉપદેશ હૈ ઔર જો વિનય વિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે, વસ્ત્રાદિક સહિત જો મોક્ષમાર્ગ માનને લગે ઉનકા નિષેધ હૈ. ૯૧૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૦૪ નો ભાવાર્થ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મનુષ્યેન્દ્રો, અસુરેંદ્રો અને સુરેંદ્રો સ્વાભાવિક ( અર્થાત્ પરોક્ષ જ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી ) ઇન્દ્રિયો વડે પીડિત વર્તતા થકાં તે દુઃખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે. ૯૧૩.

( શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા–૬૩ )

* * *

* શંકાઃ– સમ્યગ્દષ્ટિ જીવને તો પુણ્ય – પાપ બંને હેય છે, તો તે પુણ્ય કેમ કરે? ત્યાં યુક્તિ સહિત સમાધાન આપે છે – જેમ કોઈ મનુષ્ય બીજા દેશમાં રહેતી ( પોતાની ) મનોહર સ્ત્રીની પાસેથી આવેલ મનુષ્યોને તે અર્થે દાન આપે છે અને સન્માન વગેરે કરે છે, તેમ સમ્યગ્દષ્ટિ પણ ઉપાદેયરૂપે નિજ શુદ્ધાત્માની જ ભાવના કરે છે અને જ્યારે ચારિત્રમોહના ઉદયથી તેમાં ( શુદ્ધાત્માની ભાવના કરવામાં ) અસમર્થ હોય છે ત્યારે નિર્દોષ પરમાત્મસ્વરૂપ અર્હંત અને સિદ્ધોની તથા તેમના આરાધક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની, પરમાત્પદની પ્રાપ્તિ માટે અને વિષય–કષાયોથી બચવા માટે, દાન–પૂજા વગેરેથી અથવા ગુણોની સ્તુતિથી પરમ ભક્તિ કરે છે... ૯૧૪.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૮ની ટીકામાંથી )

* હે ચિત્ત! તેં બાહ્ય સ્ત્રી આદિ પદાર્થોમાં જે સુખ જોયું છે તેમાં તને ભ્રાંતિથી ચિરકાળ સુધી અનુરાગ થયો છે, છતાં પણ તું તેનાથી અધિક સંતપ્ત થઈ રહ્યો છે. તેથી તેને છોડીને પોતાના અંતરાત્મામાં પ્રવેશ કર. તેના વિષયમાં સમ્યગ્જ્ઞાનના આધારભૂત ગુરુ પાસેથી એવું કાંઇક સાંભળવામાં આવે છે કે પ્રાપ્ત થતાં સમસ્ત દુઃખોથી છુટકારો પામીને અવિનશ્વર ( મોક્ષ ) સુખ પ્રાપ્ત કરી શકાય છે. ૯૧૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. –૧, શ્લોક–૧૪૩ )

* * *

* સર્પ કરડે તો એક જ વાર મરણ થાય છે, અને કુગુરુના સેવનથી તો મિથ્યાત્વાદિ પુષ્ટ થતાં જીવ નરક–નિગોદાદિકમાં અનંતવાર મરણ પામે છે; માટે હે ભદ્ર! સર્પનો સંગ સારો છે પણ કુગુરુનું સેવન સારું નથી.... તું તે ન કર... ૯૧૬.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૩૭ )
( મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું–૧૮૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈ પણ પ્રકાર કે કારણ વડે જીવ કાળથી બચ્યો નથી, બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યાં છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકુટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. ૯૧૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૭૯ )

* જેને રાગાદિ થવાનો કંઈ પણ ખેદ નથી – તેના નાશનો ઉપાય નથી, તેને 'રાગાદિક બૂરા છે' એવું શ્રદ્ધાન પણ સંભવતું નથી. અને એવા શ્રદ્ધાન વિના તે સમ્યગ્દૃષ્ટિ કેવી રીતે હોય? જીવ – અજીવાદિતત્ત્વોનું શ્રદ્ધાન કરવાનું પ્રયોજન તો એ એટલું જ શ્રદ્ધાન છે. ૯૧૮.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૭, પાનું – ૨૧૩ )

* હે યોગી! જેના હૈયામાં જન્મ-મરણથી રહિત એવા એક પરમ દેવ નિવાસ કરે છે તે પરલોકને – ( સિદ્ધ પદને ) પામે છે. ૯૧૯.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૭૬ )

* જેને સ્વપરનું ભેદજ્ઞાન નથી તે જ પરદ્રવ્યમાં અહંકાર મમકાર કરે છે, ભેદવિજ્ઞાની નહિ. માટે પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાન જ છે. ૯૨૦.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૧૮૩નો ભાવાર્થ )

* યોગ પરાયણ ( ધ્યાનમાં લીન ) યોગી, આ શું છે? કેવું છે? કોનું છે? શાથી છે? ક્યાં છે? ઇત્યાદિ ભેદરૂપ વિકલ્પો નહિ કરતો થકો પોતાના શરીરને પણ જાણતો નથી ( -તેને પોતાના શરીરનો પણ ખ્યાલ રહેતો નથી. ) ૯૨૧.

( શ્રી પૂજ્યપાદસ્વમી, ઇષ્ટોપદેશ, ગાથા-૪૨ )

* શુદ્ધ આત્મસ્વભાવકે પ્રકાશકી ટંકાર જ્યવંત હો જિસસે રાગદિ પરભાવ છિદ જાતે હૈં ઔર શરીર ભી ગલ જાતા હૈ, વિષયોંકા રાગ ચૂર્ણ હો જાતા હૈ ઔર પ્રસંશનીય ક્ષાયિક સમ્યગ્દર્શન તથા ક્ષાયિક્ચારિત્ર પ્રગટ હો જાતા હૈ. ૯૨૨.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૭૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે શ્રમણ ગુણે હીન હોવા છતાં 'હું પણ શ્રમણ છું' એમ માનીને અર્થાત્ ગર્વ કરીને ગુણે અધિક (શ્રમણ) પાસેથી વિનય ઇચ્છે છે તે અનંત સંસારી થાય છે. ૯૨૩.

(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા–૨૬૬)

* હે મૂઢ જીવ! તું અહીં અલ્પ દુઃખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચારગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે? ૯૨૪.

(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર–૨, ગાથા–૧૨૦)

* જૈસા કારણ હોતા હૈ વેસે કાર્યકી ઉત્પત્તિ હોતી હૈ. સમ્યગ્દષ્ટિ હી અપને શુદ્ધોપયોગકે અભ્યાસસે અનંત દર્શનકો પ્રકાશ કર સકતા હૈ. શુદ્ધાત્માકે અનુભવસે હી અપના ઇષ્ટ કેવલજ્ઞાન સ્વરૂપ આત્મા હો જાતા હૈ વ આત્માકે અહિતકારી કર્મોકા ક્ષય હો જાતા હૈ. ૯૨૫.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૫૩૫)

***

* આ મારું અનિષ્ટ અથવા ઇષ્ટ ચિંતન કરે છે, એ બુદ્ધિ–વિચાર નિરર્થક છે. (કેમ કે) બીજાની ચિંતાથી બીજો પીડિત કે પાલિત થતો નથી. ૯૨૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૩૪)

* જે જીવ, જિનબિમ્બભક્તિ આદિ કાર્યોમાં જ નિમગ્ન છે તેને આત્મશ્રદ્ધાનાદિ કરાવવા માટે 'દેહમાં દેવ છે દેરામાં નથી' ઇત્યાદિ ઉપદેશ આપીએ છીએ, ત્યાં એમ ન સમજી લેવું કે ભક્તિ આદિ છોડી ભોજનાદિથી પોતાને સુખી કરવો. કારણ કે એ ઉપદેશનું પ્રયોજન કાંઈ એવું નથી. એ જ પ્રમાણે જ્યાં અન્ય વ્યવહારનો નિષેધ કર્યો હોય ત્યાં તેને યથાર્થ જાણી પ્રમાદી ન થવું, એમ સમજવું. જે કેવળ વ્યવહાર સાધનમાં જ મગ્ન છે તેને નિશ્ચય રુચિ કરાવવા અર્થે ત્યાં વ્યવહારને હીન બતાવ્યો છે. ૯૨૭.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર–૭, પાનું – ૨૮૭)

* શુદ્ધ ચૈતન્યમાં જેમનું ચિત્ત રકત છે એવા સંતોના ચરણ વડે સ્પર્શાયેલી ભૂમિ તીર્થપણાને પામે છે, તેમના નામથી પાપનો સંચય ક્ષય થાય છે અને દેવોનો સમૂહ દાસપણાને પામે છે. ૯૨૮.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૨, શ્લોક–૨૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્યારે શુદ્ધાત્મપરિણતિને પામેલા શ્રમણને તેમાંથી ચ્યુત કરે એવું કારણ-કોઇ પણ ઉપસર્ગ-આવી પડે, ત્યારે તે કાળ શુભોપયોગીને પોતાની શક્તિ અનુસાર પ્રતિકાર (ઉપાય, સહાય) કરવાની ઈચ્છારૂપ પ્રવૃત્તિનો કાળ છે; અને તે સિવાયનો કાળ પોતાને શુદ્ધાત્મપરિણતિની પ્રાપ્તિ માટે કેવળ નિવૃત્તિનો કાળ છે. ૯૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૫૨)

***

* તત્ત્વોમેં મુખ્ય તત્ત્વ આત્માકા સ્વભાવ હૈ અથવા તત્ત્વોમેં શ્રેષ્ઠ તત્ત્વ પરમેષ્ઠી હૈ. યહ જિનવાણી જયવંત રહો જિસકે પ્રતાપસે પરમ તત્ત્વકા પતા લગતા હૈ. નિર્મલ જ્ઞાન જયવંત હો જોં લોકાલોક કો જાનતા હૈ. ૯૩૦.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૪૮)

* મિથ્યાદૃષ્ટિ જીવ શરીરના ઉત્પન્ન થવાથી પોતાનો આત્મા ઉત્પન્ન થયો એમ માને છે અને શરીરનો નાશ થવાથી આત્માનો નાશ અથવા મરણ થયું એમ માને છે. રાગ, દ્વેષ, મોહ વગેરે સ્પષ્ટરૂપે દુઃખ આપવાવાળા છે છતાં તેને સેવતો થકો સુખ માને છે. ૯૩૧.

(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૨, શ્લોક-૫)

***

* પુણ્ય-પાપ બંને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બંને બંધરૂપ જ છે. વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી, સારું અને ખરાબ- એમ બે પ્રકારે તેઓ દેખાય છે. પરમાર્થ-દૃષ્ટિ તો તેમને એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે. ૯૩૨.

(શ્રી સમયસાર, કળશ-૧૦૧નો ભાવાર્થ)

* કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખ-અનુભવે છે અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે- અનુભવે છે. આ રીતે કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તુંઓછું (વધારે-ઓછું પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે. ૯૩૩.

(શ્રી જયસેનાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૩૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મને એવો ઉત્કૃષ્ટ સંતોષ ઉત્પન્ન થયો છે કે જેથી મારા હૃદયમાં ઇન્દ્રનો વૈભવ પણ લેશપાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતો નથી. ૯૩૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૭ )

* જે શુદ્ધ આત્મસ્વરૂપ અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિસ્વરૂપને ગ્રહણ કરતું નથી અને ગ્રહણ કરેલાને અર્થાત્ અનંત જ્ઞાનાદિ ગુણોને છોડતું નથી તથા સમ્પૂર્ણ પદાર્થોને સર્વ પ્રકારે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે જાણે છે. તે પોતાના અનુભવમાં આવવા યોગ્ય ચૈતન્ય દ્રવ્ય હું છું. ૯૩૫.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, શ્લોક-૨૦ )

* જીવ સમ્યગ્દર્શનના માહાત્મયથી, દેવેન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તી દ્વારા તેમ જ મુનિઓના સ્વામી ગણધરો દ્વારા જેમનાં ચરણકમળની સ્તુતિ કરવામાં આવે છે એવા, જેમને ધર્માદિ પદાર્થોનો સારી રીતે 'સંપૂર્ણપણે' નિશ્ચય થયો છે એવા તથા ત્રણલોકના શરણભૂત એવા ધર્મચક્રના ધારક તીર્થંકરો થાય છે. ૯૩૬.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૩૯ )

***

* જિસકે ભીતર પુણ્યકી પ્રાપ્તિકે લિયે લોભભાવ સદા રહતા હૈ ઉસકે અનંતાનુબંધી લોભકા પ્રકાશ હૈં. ઈસલિયે સમ્યગ્દ્રષ્ટિ પુણ્યકા લોભ ભી છોડ દેતા હૈ. ૯૩૭.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૨૪ )

* સર્પ બહારમાં કાચળીને તો છોડે છે પરંતુ અંદરના ઝેરને નથી છોડતો, તેમ અજ્ઞાની જીવ લિંગ ધારણ કરીને બાહ્ય ત્યાગ તો કરે છે પરંતુ અંતરમાંથી વિષય-ભોગની ભાવનાને છોડતો નથી. ૯૩૮.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૫ )

* જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી ( અર્થાત્ અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી - તેમની ક્રિયાથી - ભિન્ન છે ) તેમ શુદ્ધ આત્માને ( અર્થાત્ કેવળજ્ઞાની ભગવાનને ) ઇન્દ્રિય સમૂહ નથી; તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખદુઃખ નથી. ૯૩૯.

( શ્રીઅમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* કામિનીઓની જે શરીરવિભૂતિ તે વિભૂતિને, હે કામી, પુરુષ! જો તું મનમાં સ્મરે છે, તો મારા વચનથી તને શો લાભ થશે? અહો! આશ્ચર્ય થાય છે કે સહજ પરમતત્ત્વને – નિજસ્વરૂપને – છોડીને તું શા કારણે વિપુલ મોહને પામે છે! ૯૪૦.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૯ )

* જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તેની અણી ચારેકોર મોઢામાં વાગે છે, જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઇ જાય છે અને લોહી નીકળે છે, તે નીકળેલાં પોતાના જ લોહીને તે ખૂબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની વિષય-લોલુપી જીવ કામ-ભોગમાં આસકત થઇને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રીડામાં શક્તિની હાનિ અને મળ-મૂત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે તો પણ ગ્લાનિ કરતો નથી. રાગ-દ્વેષમાં જ મગ્ન રહે છે. ૯૪૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, ૫૬-૩૦ )

* * *

* સંસારી જીવરાશિમાંથી જે કોઇ ગણતરીના સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદને પ્રાપ્ત થયા, તે સમસ્ત જીવ સકળ પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધ-સ્વરૂપના અનુભવથી મોક્ષપદને પ્રાપ્ત થયાં. ભાવાર્થ આમ છે કે મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપનો અનુભવ; અનાદિસંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે. ૯૪૨.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૩૧ )

* જીવદ્રવ્ય ઉત્તમ ગણોનું ધામ છે- જ્ઞાનાદિ ઉત્તમ ગુણો એમાં જ છે. સર્વ દ્રવ્યોમાં એક જીવદ્રવ્ય જ પ્રધાન છે. કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે. સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે. અને અનંત જ્ઞાન- સુખાદિનો ભોકતા પણ જીવ જ છે. – એમ હે ભવ્ય! તું નિશ્ચયથી જાણ. ૯૪૩.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૦૪ )

* જિન ઇન્દ્રિયવિષયોં કે ભોગનેસે નરનાથ (ચક્રવર્તી) ઔર ઇન્દ્ર ભી તૃપ્તિકો નહીં પ્રાપ્ત હોતે હૈં ઉનસે ભલા સાધારણ મનુષ્ય કૈસે તૃપ્ત હો સકતે હૈં? નહીં હો સકતે. ઠીક હૈં – જિસ નદીકે પ્રવાહમેં અતિશય બલવાન હાથી બહ જાત હૈ ઉસમેં ક્ષુદ્ર ખરગોશોંકી વ્યવસ્થા કિસસે હો સકતી હૈ.? કિસીસે ભી નહીં હો સકતી હૈ. ૯૪૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે ભવ્ય જીવ ભક્તિથી કુન્દરૂ વૃક્ષના પાંદડા જેવડા જિનાલય અથવા જવ જેવડી જિનપ્રતિમાનું પણ નિર્માણ કરાવે છે તેમના પુણ્યનું વર્ણન કરવા માટે અહીં વાણી (સરસ્વતી) પણ સમર્થ નથી. તો પછી જે ભવ્ય જીવ તે (જિનાલય અને જિનપ્રતિમા) બંનેનુંય નિર્માણ કરાવે છે તેમના વિષયમાં શું કહેવું? અર્થાત્ તે તો અતિશય પુણ્યશાળી છે જ. ૯૪૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત- ઉદ્યોતન, શ્લોક-૨૨ )

***

* પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવથી જ દુઃખ છે, કારણ કે તેમને વિષયોમાં રતિ વર્તે છે; કેટલીક વાર તો તેઓ, અસહ્ય તૃષ્ણારૂપી દાહને લીધે (-તીવ્ર ઈચ્છારૂપી દુઃખને લીધે), મરણ સુધીનું જોખમ વહોરીને પણ ક્ષણિક ઇન્દ્રિયવિષયોમાં ઝંપલાવે છે. જો તેમને સ્વભાવથી જ દુઃખ ન હોય તો વિષયોમાં રતિ જ ન હોવી જોઈએ. જેને શરીરમાં ગરમીની બળતરાનું દુઃખ નષ્ટ થયું હોય તેને ઠંડકના બાહ્ય ઉપચારમાં રતિ કેમ હોય? માટે પરોક્ષજ્ઞાનવાળા જીવોને દુઃખ સ્વાભાવિક જ છે એમ નક્કી થાય છે. ૯૪૬.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૬૪ નો ભાવાર્થ )

* યદિ પરમતત્ત્વકે પ્રેમમેં મોહિત હો તો યહ જ્ઞાની ઇસ મોહકી સહાયતાસે શાસ્ત્ર જ્ઞાનમેં વ ગુરુ દ્વારા પ્રગટ જ્ઞાનમેં વ જ્ઞાનકે સાધનોમેં આનંદ માનતા હૈ. પરંતુ યદિ શરીરકે રાગમેં મૂઢ હો જાવે તો અનંતાનંત કાલ તક પુદ્ગલ સ્વભાવમેં હી રતિકો પ્રાપ્ત હો ઇતના ભ્રમણ કરે. ૯૪૭.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૭૪ )

***

* સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ-એ બંને વાતો એક સાથે જ જૈન ધર્મમાં હોઇ શકે નહિ, તેથી જો કે સમ્યગ્જ્ઞાની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે, તેઓ શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતા નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થ હીનતા તો મિથ્યાત્વ દશામાં જ હોય છે, જ્યાં જીવ મોહનિંદ્રાથી અચેત રહે છે; સમ્યક્ત્વભાવમાં પુરુષાર્થ હીનતા નથી. ૯૪૮.

( શ્રી બનારસીદાસજી, નાટય સમયસાર, બંધ દ્વાર, પદ-૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પર દ્વારા મારા ગુણ ( પર્યાય ) કરી કે હરી શકાતાં નથી અને મારા દ્વારા પરના ગુણ ઉત્પન્ન કરી કે દૂર કરી શકાતા નથી. તેથી પર દ્વારા મારા ગુણ અને મારા દ્વારા પરના કોઈ ગુણ ઉપકાર કરવામાં આવે છે અથવા કરવામાં આવતાં નથી. એ બધી કલ્પના મિથ્યા છે કે જે મોહથી અભિભૂત જીવો દ્વારા કરાય છે. ૯૪૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૧૬–૧૭ )

***

* હે યોગી ! જો તૂ ચિન્તાઓંકો છોડેગા તો સંસારકા ભ્રમણ છૂટ જાયેગા, ક્યોંકિ ચિંતામેં લગે હુએ છદ્મસ્થ અવસ્થાવાલે તીર્થંકરદેવ ભી પરમાત્માકા આચરણરૂપ શુદ્ધભાવોંકો નહીં પાતે. ૯૫૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨, ગાથા–૧૭૦ )

* દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અધ્યાત્મ ઉપદેશની પ્રધાનતા હોય છે તેથી ત્યાં વ્યવહારધર્મનો પણ નિષેધ કરીએ છીએ. જે જીવ, આત્માનુભવના ઉપાયને તો કરતો નથી અને માત્ર બાહ્યક્રિયાકાંડમાં મગ્ન છે તેને ત્યાંથી ઉદાસ કરી આત્માનુભવાદિમાં લગાવવા અર્થે વ્રત શીલ–સંયમાદિનું પણ અહીં હીનપણું પ્રગટ કરીએ છીએ, ત્યાં એમ ન સમજી લેવું કે એને ( વ્રત–શીલ–સંયમાદિને ) છોડી પાપમાં લાગી જવું, કારણ કે એ ઉપદેશનું પ્રયોજન કાંઇ અશુભવમાં જોડવાનું નથી પણ શુદ્ધોપયોગમાં લગાવવા માટે શુભોપયોગનો નિષેધ કરીએ છીએ. ૯૫૧.

( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર–૮, પાનું– ૨૮૭ )

***

* ભાવમોહ અપવિત્ર, આત્માના ગુણોનો ઘાત કરવાવાળો, રૌદ્રરૂપ ( ભયંકર રૂપ ), દુઃખ અને દુઃખરૂપ ફળને આપવાવાળો છે. એ ભાવમોહના વિષયમાં અધિક ક્યાં સુધી કહીએ ? માત્ર એ ભાવમોહ જ સંપૂર્ણ વિપત્તિઓનું સ્થાન છે. ૯૫૨.

( શ્રી રાજમલજી, પંચાધ્યાયી, ભાગ–૨ ગાથા–૧૦૬૩ )

* આત્મા સર્વજ્ઞસ્વરૂપ હૈ તથા રાગદ્વેષાદિ વ કર્માદિ રહિત શુદ્ધ હૈ, ભવ્યજીવ ઇસીકા સાધન કરતે હૈં. જિસને આત્મજ્ઞાન રહિત વ્રત પાલે, ચારિત્ર પાલા ઉસને મિથ્યા આત્માકા હી સેવન કિયા, મિથ્યા આગમકો હી જાના. ૯૫૩.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૧૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ સ્વયં (–પોતાથી જ) ઊપજતું, સમંત (અર્થાત્ સર્વપ્રદેશેથી જાણતું), અનંત પદાર્થોમાં વિસ્તૃત; વિમળ અને અને અવગહ્નાદિથી રહિત–એવું જ્ઞાન એકાંતિત સુખ છે એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે. ૯૫૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૫૯)

∗ હે શ્રીમદ્ જિનેન્દ્રદેવ! અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ) આપનાર આપના ચરણ યુગલનું હું શરણ પ્રાપ્ત કરી ચૂક્યો છું, માટે હું ધન્ય છું, પુણ્યનું સ્થાન છું, આકુળતા રહિત છું, શાંત છું, વિપત્તિઓ રહિત છું અને જ્ઞાતા પણ છું. ૯૫૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ક્રિયાકાંડ ચૂલિકા, શ્લોક–૯)

∗ સંયમી જીવોને મનમાં, અસંયમી (અજ્ઞાની) જનોને દેખીને ઘણો સંતાપ થાય છે કે અરેરે! જુઓ તો ખરા, સંસારરૂપી કૂવામાં ડૂબવા છતાં આ જીવો કેમ નાચી રહ્યા છે! ૯૫૬.

(આચાર્ય શ્રી ધર્મદાસ ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, શ્લોક–૯)

∗ જે સાધુ એકાંત નિવાસને એક અદ્વિતીય ચક્રવર્તીપણા સમાન લેખે છે, શરીરના વિનાશને મનોવાંછિત લાભ માને છે; લાભાંતરાયાદિ ઘાતીકર્મોના ક્ષયોપશમજન્ય સુખના ઉદયને મોક્ષના વિઘાતરૂપ પરમ દુઃખ સમજે છે અને તેના પરિહારને જ જે સુખ શ્રદ્ધે છે, દુઃખી જીવોને દુઃખ પરિહાર પ્રસંગે આવી પડનારા દેહત્યાગ જેવા વિકટ પ્રસંગને સર્વસ્વ ત્યાગરૂપ મહોત્સવ માને છે, તેને આ ત્રિભુવનમાં ક્યો પદાર્થ કે પ્રસંગ સુખના હેતુરૂપ ન થાય? ૯૫૭.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૫૬)

∗ અંતરાત્મા આત્મજ્ઞાનથી ભિન્ન કોઈ કાર્યને લાંબા સમય સુધી પોતાની બુદ્ધિમાં ધારણ કરે નહિ. જો પ્રયોજનવશાત્ વચન–કાયથી કંઈ પણ કરવાનો વિકલ્પ કરે તો તે અનાસકતપણે કરે. ૯૫૮.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૫૦)

∗ વિચાર છે તે તો ઉપયોગને આધીન છે. જ્યાં ઉપયોગ જોડાય તેનો જ વિચાર થાય. પણ શ્રદ્ધાન છે તે તો પ્રતીતિરૂપ છે માટે અન્ય જ્ઞેયનો વિચાર થતાં વા શયનાદિ ક્રિયા થતાં તત્ત્વોનો વિચાર નથી તોપણ તેની પ્રતીતિ તો કાયમ જ રહે છે, નષ્ટ થતી નથી. ૯૫૮.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૯, પાનું–૩૨૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે. ૯૬૦.

( શ્રી સમયસાર, ગાથા–૭૧નો ભાવાર્થ )

* હે ભવ્ય! વિષતુલ્ય અને કડવા એવા વિષયોમાં તને શું સ્વાદ ભરાઈ રહ્યો છે? કે જેથી તેની જ તૃષ્ણારૂપ અતિ દુઃખને અનુભવતો એ વિષયોને ઢુંઢવામાં તારું અતિ મહાન નિજપદરૂપ અમૃત મલિન કરે છે અને મનની સેવીકા જે ઈન્દ્રિયો તેનો આંજ્ઞાંકિત સેવક થઇ તું એ જ વિષયોમાં પ્રવર્તે છે. પીત્તજ્વરવાળા જીવને જેમ વસ્તુસ્વાદ વિપરીત ભાસે તેમ વિષયાસકતપણાને લઇને રાગરસથી તું વિપરીત સ્વાદુ બન્યો છે. ૯૬૧.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૩૮ )

* જેમ લવણ પાણીમાં વિલીન થઇ જાય છે તેમ ચિત્ત ચૈતન્યમાં વિલીન થતાં જીવ સમરસી થઈ જાય છે – સમાધિમાં આ સિવાય બીજું શું કરવાનું છે? ૯૬૨.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૭૬ )

* જ્ઞાન આત્માના રૂપમાં પરિણમે ત્યારે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ બધાં ( પાપો ) ભાગી જાય – એમાંથી કોઈ પણ પાપ રહેતું નથી. ૯૬૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત જીવ અધિકાર, ગાથા–૩૭ )

* ભવ્યજન શ્રી અરહંતકી ભક્તિમેં મગન હોકર ઐસા કહતા હૈ કિ હે જિનેન્દ્ર! કયા હમારે સાથ અપને મોક્ષરૂપી દેશમેં ન ચલોગે? ઉસ મુક્તિસે મિલનેકે લિયે મેરે ભીતર આત્મારૂપી કમલકે રસકા અનુભવ પ્રગટ હો ગયા હૈ. મુજે શ્રી જિનેન્દ્રકા ઐસા ઉપદેશ મિલા હૈ કિ મૈં આત્મારૂપ સૂર્યકા અનુભવ કરું વ વીતરાગભાવકો પ્રગટ કરું. ઉસી હિતકારી સહાયકભાવસે યહ જીવ મુક્તિમેં પ્રવેશ કર જાતા હૈ. ૯૬૪.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું–૧૫૭ )

* હે જિન! સંસારરૂપ તાપથી સંતાપ પામેલો હું જ્યાં સુધી દયારૂપ અમૃતની સંગતિથી શીતળતા પામેલા આપનાં બન્ને ચરણ-કમળને હૃદયમાં ધારણ કરું છું ત્યાં સુધી જ હું સુખી છું. ૯૬૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, કરુણાષ્ટક, શ્લોક–૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ યહ ધન અનર્થોંકા મૂલ હૈ ઔર યહ ધન નિવૃત્તિકા-મોક્ષકા નાશક હૈ ઔર યહ ધન હી લોભાદિ કષાયોંકા ઉત્પાદક હૈ તથા દુઃખોંકા વિધાયક હૈ – લાનેવાલા હૈ. ૯૬૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૩૬ )

∗ જો પ્રાણી અસુરેન્દ્ર, દેવેન્દ્ર ઔર નરેન્દ્ર ( ચક્રવર્તી ) કે ભોગોમેં સંતોષકો નહીં પ્રાપ્ત હુઆ હૈ વહ યહાં મનુષ્યોંકે ભોગોંમેં ભલા કૈસે સંતોષકો પ્રાપ્ત હો સકતા હૈ? અર્થાત્ નહીં હો સકતા હૈ. ઠીક હૈ -જિસકી પ્યાસ સમુદ્રપ્રમાણ જલકે પી લેને પર ભી નહીં બૂઝી હૈ વહ કયા તૃણકે અગ્ર ભાગ પર સ્થિત બિંદુમાત્ર જલકે પીનેસે તૃપ્ત હો સકતી હૈ? કભી નહીં. ૯૬૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૬ )

∗∗∗

∗ ઇસ ધર્મ કે વિમુખ જો અપને કુલકા મનુષ્ય હો ઉસે છોડ; ઔર ઇસ ધર્મકે સન્મુખ જો પર કુટુંબકા ભી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર. તાર્ત્પ યહ હૈ કિ યહ જીવ જૈસે વિષયસુખસે પ્રીતિ કરતા હૈ વૈસે જો જિનધર્મસે કરે, તો સંસારમેં નહીં ભટકે. ઐસા દૂસરી જગહ ભી કહા હૈ કિ જૈસ વિષયોંકે કારણોમેં યહ જીવ બારંબાર પ્રેમ કરતા હૈ વૈસે જો જિનધર્મમેં કરે તો સંસારમેં ભ્રમણ ન કરે. ૯૬૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરામત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૧૩૪ )

∗ વિષયોંકા ભોગ દુઃખોંકા સ્વભાવ રખતા હૈ. ઈન હી વિષયોંમેં રમણ કરનેસે અનંત જન્મોમેં ગમન હોતા હૈ. ઈન વિષયોંકો બહુત સૂક્ષ્મ ભાવ હોતા હૈ જો કેવલીગમ્ય હૈ, દ્રવ્યલિંગી મુનિકે ભીતર ઐસા સૂક્ષ્મરાગ હોતા હૈ જો ઉસકો ભી વિદિત નહીં હોતા હૈ. વીતરાગ વિજ્ઞાન સ્વભાવમેં આનંદિત હોનેસે યહ વિયષકા કલેશ વિલા જાતા હૈ. ૯૬૯.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું – ૨૧૩ )

∗ કોઈ સમજે કે શરીરસંબંધી દુઃખ મોટું અને માનસિક દુઃખ અલ્પ છે. તેને અહીં કહે છે કે શારીરિક દુઃખથી માનસિક દુઃખ ઘણું તીવ્ર છે – મોટું છે, જુઓ! માનસિક દુઃખ સહિત પુરુષોને અન્ય ઘણા વિષયો હોય તોપણ તે દુઃખ ઉપજાવવાવાળા દેખાય છે. ૯૭૦.

( શ્રી સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૬૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ દર્શનમોહ રહિત (સમ્યગ્દષ્ટિ) ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે, પરંતુ દર્શનમોહ સહિત મુનિ મોક્ષમાર્ગમાં સ્થિત નથી જ. તેથી મિથ્યાત્વી મુનિ કરતાં મિથ્યાત્વ રહિત (સમ્યગ્દષ્ટિ) ગૃહસ્થ શ્રેષ્ઠ છે. ૯૭૧.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૩)

∗ જિસ સમય આત્મા શાંતભાવમેં સ્થિર હો જાતા હૈ વહી મકાન તીર્થ હૈ ઔર જબ યહ આત્મા શાંતભાવમેં નહીં હૈ તબ તીર્થયાત્રા નિરર્થક હૈ. ૯૭૨.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૧૧)

∗ લોકમાં જે કંજૂસ મનુષ્યનું શરીર, ભોગ અને દાન રહિત એવા ધનરૂપી બંધનથી બંધાયેલું છે તેના જીવનનું શું પ્રયોજન છે? અર્થાત્ તેના જીવવાથી કાંઇ પણ લાભ નથી તેની અપેક્ષાએ તો તે કાગડો જ સારો છે કે જે ઊંચા અનેક વચનો (કા, કા) દ્વારા બીજાં કાગડાઓને બોલાવીને જ બલિ ખાય છે. ૯૭૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન-અધિકાર શ્લોક-૪૬)

∗ આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે ત્યાં પરદ્રવ્યોનો કાંઈ પણ દોષ નથી, ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે; – એ પ્રમાણે વિદિત થાઓ અને અજ્ઞાન અસ્ત થઇ જાઓ. હુ તો જ્ઞાન છું. ૯૭૪.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ – ૨૨૦)

∗∗∗

∗ જો નિજવાણી સમજનારાની બુદ્ધિ પણ (કર્મોદયવશે) નષ્ટ થઇને તે અન્યથા આચરણ કરે, તો પછી જેને શાસ્ત્રનું જ્ઞાન નથી તેને શું દોષ દેવો? અરે, કર્મોદયને ધિક્કાર હો, ધિક્કાર હો, કેમ કે તેના વશ જીવને જિનદેવની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ સમાન છે. ૯૭૫.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૬૦)

∗ જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો – (આલેખ્ય આકારો) સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે. ૯૭૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૩૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ઉસ આત્મધ્યાન યા આત્મશુદ્ધિકા ઉપાય ન તો મુનિ આર્જિકા શ્રાવક શ્રાવિકાકા સંઘ હૈ, ન ગુરુ આચાર્ય હૈં, ન લોકોંસે બડી પૂજા પાના હૈ, ન યોગ્ય તૃણ કાઠ પાષાણ વ ભૂમિતલકા બનાયા હુઆ સંથારા હૈ કિન્તુ ઉસ આતમધ્યાનકા કરનેવાલા યહ નિર્મલ વ આત્મતત્ત્વમેં સ્થિર આત્મા હી હૈ જો જલ ઔર દૂધકે સમાન શરીર ઔર આત્માકે ભેદકો સદા જાનનેવાલા હૈ ઐસા સમજો. ૯૭૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૩૭ )

* * *

* જેમ કોઇને શાસ્ત્રાભ્યાસની અતિ મુખ્યતા છે પણ આત્માનુભાવનો તેને ઉદ્યમ જ નથી, તેના અર્થે ઘણા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો પણ જેને શાસ્ત્રભ્યાસ નથી વા અલ્પ શાસ્ત્રાભ્યાસ છે તેવો જીવ એ ઉપદેશથી શાસ્ત્રાભ્યાસ છોડી દે અને આત્મ-અનુભવમાં ઉપયોગ રહે નહિ એટલે તેનું તો બૂરું જ થાય. ૯૭૮.

( શ્રી ટોરડમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૮, પાનું -૩૦૧ )

* એક તીર્થથી બીજા તીર્થમાં ભ્રમણ કરનાર જીવ માત્ર દેહને સંતાપ કરે છે; પણ આત્મામાં આત્માને ધ્યાવતાં તે નિર્વાણપદને પામે છે. તેથી આત્માને ધ્યાવીને તું નિર્વાણમાં પગ માંડ! ૯૭૯.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૭૮ )

* * *

* ઇસ સંસારમેં પરમ સુખ કયા હૈ? તો વહ એક ઈચ્છારહિતપના હૈ તથા પરમ દુઃખ કયા હૈ? તો વહ ઇચ્છાઓંકા દાસ હો જાના હૈ. ઐસા મનમેં સમજકર જો પુરુષ સર્વસે મમતા ત્યાગકર જિનધર્મકો સેવન કરતે હૈં વે હી પુણ્યાત્મા વ પવિત્ર હૈ. શરીર વ શરીરકે સંબંધિયોંકે સંબંધમેં ચિંતા કરના ઈચ્છાઓંકો પૈદા કરનેકા બીજ હૈ. ઈનસે મોહ ત્યાગના હી ઈચ્છાઓંકો મિટાનેકા બીજ હૈ. ૯૮૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૪ )

* ગુરુજનોંકે ( બડોંકે ) નિકટ રહને તથા ઉનકી સેવા કરનેસે યહ લોક પરલોક સુધરતા હૈ, અપને પરિણામ શુદ્ધ રહતે હૈં, વિદ્યા-વિનયાદિક બઢતે હૈં ઔર માન-કષાયકી હાનિ ઇત્યાદિ ગુણ હોતે હૈં. ૯૮૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે યોગી! એક અપને આત્માકે જાનનેસે યહ તીન લોક જાના જાતા હૈ ક્યોંકિ આત્માકે ભાવરૂપ કેવલજ્ઞાનમેં યહ લોક પ્રતિબિંબિત હુઆ બસ રહા હૈ. ૯૮૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૯૯ )

* સ્વામીના કાર્યમાં ઉત્તમ સેવકની માફક સિદ્ધપ્રતિમા, જિનબિંબ, જિનમંદિર, ચાર પ્રકારના સંઘમાં તથા શાસ્ત્રમાં જે દાસત્વભાવ રાખવો, એ જ સમ્યગ્દ્રષ્ટિનો વાત્સલ્ય નામનો અંગ એટલે ગુણ છે. ૯૮૩.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૮૦૩ )

* કામકે સમાન રોગ નહીં હૈ, મોહકે સમાન શત્રુ નહીં હૈ, ક્રોધકે સમાન અગ્નિ નહીં હૈ, જ્ઞાનકે બરાબર સુખ નહીં હૈ. ૯૮૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૭ )

***

* તું નિશ્ચયથી માન કે આ શરીર એક દુષ્ટ શત્રુના જેવું છે. શત્રુ જેમ હાથમાંથી છુટયા પછી ફરી કાબુમાં આવવો અત્યંત મુશ્કેલ છે, તેમ એ મનુષ્યશરીર પણ એકવાર અબોધ પરિણામે છુટયાં પછી હાથમાં આવવું મુશ્કેલ છે. આત્મબોધ શરીરને કાબુમાં રાખવાનો એક અમોઘ મંત્ર છે. વળી આ શરીર, તે આત્મબોધથી વંચિતપણે છુટયાં પછી એટલું જ્ઞાનબળ તારી પાસે નહિ રહે કે જેથી તું ફરી એને તારે વશ કરી શકે! તેથી જ આ અમૂલ્ય અવસરે તેની તારા ઉપરની સત્તાને નિર્મૂળ કર! ૯૮૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૪ )

* સંસારમાં મનુષ્ય ભોજનથી ક્ષુધાને, શીતળ જળથી તરસને, મંત્રથી ભૂત-પિશાચાદિને, સામ, દામ, દંડ અને ભેદથી શત્રુને તથા ઔષધથી રોગોના સમૂહને શાંત કર્યા કરે છે. પરંતુ મૃત્યુને દેવ પણ શાંત કરી શકતા નથી. આ રીતે વિચાર કરીને વિદ્વાન મનુષ્યો મિત્ર અથવા પુત્ર મરવા છતાં શોક કરતા નથી, પણ એક માત્ર ધર્મનું જ આચરણ કરે છે અને તેનાથી જ તે મૃત્યુ ઉપર વિજય મેળવે છે. ૯૮૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. -૧, શ્લોક-૧૭૭ )

* આત્મા અને દેહના ભેદવિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્લાદથી જે આનંદિત છે તે તપ દ્વારા ભયાનક દુષ્કર્મોને ભોગવતો હોવા છતાં ખેદ પામતો નથી. ૯૮૭.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે જીવ- સંસારથી – ભવભયથી ડરે છે તેને જિનભગવાનની આજ્ઞાનો ભંગ કરતાં ભય લાગે છે; અને જેને ભવભયનો ડર નથી તેને તો જિન–આજ્ઞાનો ભંગ કરવો તે રમતમાત્ર છે. ૯૮૮.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૫૯ )

* મરણ પર્યંત કષ્ટ તો સંસારી જીવ કબૂલ કે છે પણ ક્રોધાદિકની પીડા સહન કરવી કબૂલ કરતો નથી. તેથી એવો નિશ્ચય થાય છે કે મરણાદિકથી પણ એ કષાયોની પીડા અધિક છે. ૯૮૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૩. પાનું –૫૯ )

* સમ્યગ્દષ્ટિને કદી પણ એ વ્યાધિના સ્થાનભૂત ઇન્દ્રિયવિષયમાં અત્યંત અનાદરભાવ અસિદ્ધ નથી, કારણ કે તે ઇન્દ્રિય–વિષય પોતે જ બાધાના હેતુ ( નિમિત્ત ) છે અને તેથી રોગમાં અને ભોગમાં કોઇ તફાવત નથી. ૯૯૦.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૫૩૦ )

* * *

* સદ્વિવેકવાન શિષ્ય તો એમ વિચારે કે – પરમ દુઃખના કારણ–રૂપ એવા મારા દોષો પ્રગટ કરી મને દોષ મુક્ત કરવા પરમગુરુ મને ભલી શિક્ષા આપે છે, જે મને રોમ રોમ અતિ પ્રિય છે. એ સમ્યગ્‌શિક્ષા જો મને આવા અનુપમ અવસરે પ્રાપ્ત ના થઇ હોત તો મારી શું સ્થિતિ થાત? હું કેવા મિથ્યાભાવોમાં વહ્યો જાત? તત્ત્વ–નિર્ણય થઇ અપૂર્વ શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાત? હેય – ઉપાદેયનો સદ્વિવેક મને ક્યાંથી જાગૃત થાત? આવા આવા વિચારોથી તે સુશિષ્યને સદ્‌ગુરુપ્રાપ્ત કઠોર અને દોષને પ્રગટ કરનારી શિક્ષા પણ ઇષ્ટરૂપ ભાસે છે. ૯૯૧.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૪૪ )

* યે ઇન્દ્રિયોંકે ભોગ અસાર અર્થાત્ સાર રહિત તુચ્છ ઝીર્ણ તૃણકે સમાન હૈં, ભયકો પૈદા કરનેવાલે હૈં, આકુલતામય કષ્ટકો કરનેવાલે હૈં વ સદા હી નાશ હોનેવાલે હૈ, દુર્ગતિમેં જન્મ કરાકર કલેશકો પૈદા કરનેવાલે હૈં તથા વિદ્વાનોંકે દ્વારા નિંદનીક હૈ. ઈસ તરહ વિચાર કરતે હુએ ભી મેરે બુદ્ધિ, ખેદકી બાત હૈ કિ ભોગોંસે નહીં હટતી હૈ તબ મૈં બુદ્ધિ રહિત કિસકો પૂછું, કિસકા સહારા લૂં, કૌનસી તદબીર કરું? ૯૯૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૧૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પરદ્રવ્યકા પ્રસંગ મહાન દુઃખરૂપ હૈ, યહ કથન દૃષ્ટાંતસે સિદ્ધ કરતે હૈં. દુષ્ટોંકે સાથ જિનકા સંબંધ હૈ ઉન વિવેકી જીવોંકે ભી સત્ય શીલાદિ ગુણ નષ્ટ હો જાતે હૈં, જૈસે આગ લોહેસે મિલ જાતી હૈ તભી ઘનોંસે પીટી-કૂટી જાતી હૈ. ૯૯૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, ગાથા-૧૧૦ )

* ( સમ્યગ્દર્શન થયા પછી ) પોતે જ્ઞાયક અને પોતે જ્ઞેયરૂપ થઇ, પોતાના આત્મા સિવાય સર્વ પરદ્રવ્યોથી પોતાનો ઉપયોગ હઠાવી પોતાના જ્ઞાતા-દષ્ટારૂપ આત્મસ્વરૂપમાં જ એકરૂપ થઇ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવવો, અથવા રાગ-દ્વેષને હઠાવી, સમભાવ પ્રાપ્ત કરી, મધ્યસ્થ ભાવરૂપ આત્મામાં લીન થઇ ઉપયોગની પ્રવૃત્તિમાં સમાઈ જવું એવું જેનું પ્રયોજન છે તે સામાયિક છે. ૯૯૪.

( શ્રી નેમિચંદ્ર, ગોમ્મટસાર, જીવકાંડ )

***

* પરજીવોને હું દુઃખી તથા સુખી કરું છું અને પરજીવો મને દુઃખી તથા સુખી કરે છે એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દષ્ટિ છે. ૯૯૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૫૩ )

* તું લોક સમાન મૂઢ થઇ દેખવામાં આવતા ( શરીરાદિ ) પર પદાર્થનો ઉપકાર કરે છે. ( હવે ) તું પરના ઉપકારની ઇચ્છા છોડી દઇ પોતાના ઉપકારમાં તત્પર થા. ૯૯૬.

( શ્રી પૂજ્યપાદસ્વમી, ઇષ્ટોપદેશ, ગાથા-૩૨ )

***

* ખરેખર જેમ જળ લોહીને સારી રીતે ધૂએ છે ( સાફ કરે છે ) તેમ ગૃહત્યાગી અતિથિજનોને આપેલું યથાયોગ્ય આહારાદિ દાન, ગૃહકાર્યથી સંચિત કરેલાં પાપોનો પણ ખરેખર નાશ કરે છે. ૯૯૭.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડક શ્રાવકાચાર, શ્લોક-૧૧૪ )

* ચેતન-અચેતનરૂપ પરપદાર્થોમાં ( આત્મીયતાની મતિરૂપ ) પ્રવૃત્તિને પ્રાપ્ત જીવને કર્મોનો મહાન આસ્રવ થયાં કરે છે અને તેથી કર્માસ્ત્રવમાં ડૂબ્યાં રહે છે તેનો ઉદ્ધાર થતો નથી. ૯૯૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૩, ગાથા-૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ..... જેમ અપવાદ વ્યાખ્યાનથી, મતિજ્ઞાનને પરોક્ષ હોવા છતાં પણ પ્રત્યક્ષજ્ઞાન કહ્યું છે તેમ સ્વ-આત્માભિમુખ ભાવશ્રુતજ્ઞાનને પણ પરોક્ષ હોવા છતાં પ્રતયક્ષ કહ્યું છે, વળી જો તે એકાંતે પરોક્ષ હોય તો સુખ દુઃખાદિનું સંવેદન પણ પરોક્ષ થાય. પણ એમ તો છે નહિ. ૯૯૯.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્ય-સંગ્રહ, ગાથા-પમાંથી )

* ઘણા લાંબા સમયથી સમુદ્રમાં નષ્ટ થયેલ મણિ સમાન આ ભવમાં ઉત્તમ મનુષ્યપર્યાય, ધન અને જિનવાણી પામીને જે દાન કરતો નથી તે મૂર્ખ રત્નો લઇને છિદ્રવાળી નૌકામાં બેસીને સમુદ્રમાં પ્રવેશ કરે છે. ૧૦૦૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૩૫ )

***

* અનાદિકાલસે ઇસ સંસારમેં ભ્રમણ કરતે હુએ ઇસ જીવકે અપને કર્મવશ કૌન બાંધવ નહીં હુએ ઔર કૌન શત્રુ નહીં હોંગે ? અર્થાત્ અપને અપને કર્મવશ સભી જીવ એક દૂસરેકે મિત્ર ઔર શત્રુ હુએ હૈં ઔર હોંગે. ફિર ભી ન જાને કયોં યહ મનુષ્ય નવીન કુટુંબકે મોહમેં પડકર આપત્તિમેં પડતા હૈ ઔર જૈનધર્મકો છોડકર સદા અપને હિતસે ભ્રષ્ટ હોતા હૈ, આત્મહિતમેં નહીં લગતા. ૧૦૦૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૨૬ )

* સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી પદાર્થો સમ્યગ્દષ્ટિને આસ્તિકય ગોચર છે તેથી તેના અસ્તિત્વ પ્રતિપાદક આગમમાં સમ્યગ્દષ્ટિઓને કોઇ પ્રયોજનવશ કદી પણ શંકા થતી નથી. ૧૦૦૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૪૮૨ )

***

* પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઇ ગઇ હોય એવી જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ – (જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતાં જ્ઞાનના ભેદો) આપોઆપ ઊછળે છે, તે આ ભગવાન અદ્ભુત નિધિવાળો ચૈતન્ય રત્નાકર, જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો, એક હોવા છતાં અનેક થતો, જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે દોલાયમાન થાય છે – ઊછળે છે. ૧૦૦૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય સમયસાર-ટીકા, કળશ- ૧૪૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમને આત્મસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવા બહિરાત્માઓને સુપ્ત અવસ્થા અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમસ્વરૂપ લાગે છે, પરંતુ આત્માનુભવી અન્તરાત્માને, મિથ્યાત્વાદિ દોષો જેના ક્ષીણ થયા નથી તેવા બહિરાત્માની બધી અવસ્થાઓ વિભ્રમરૂપ લાગે છે. ૧૦૦૪.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૯૩ )

આત્મતત્ત્વ અને શરીરાદિક બહિરતત્ત્વોનો યથાર્થ નિશ્ચય થતાં તેના ફળસ્વરૂપ સમસ્ત મિથ્યાત્વ-રાગાદિ શુભાશુભ સંકલ્પોમાં ઇષ્ટબુદ્ધિ, આત્મબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ, હિતબુદ્ધિ, અને મમત્વભાવ છોડી, વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમાં નિશ્ચલ રહેવું તેનું નામ સાચો અમૂઢદ્રષ્ટિ ગુણ છે. ૧૦૦૫.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૪ ભાવાર્થમાંથી )

* ભ્રમજનિત દુઃખ દૂર થવાનો ઉપાય ભ્રમ દૂર કરવો એ જ છે. ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય એ જ દુઃખ મટવાનો સાચો ઉપાય છે. ૧૦૦૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૩, પાનું – ૫૬ )

***

* નિશ્ચયનયસે વીતરાગસ્વસંવેદનરૂપ હી જ્ઞાનકી અધ્યાત્મશાસ્ત્રોમેં પ્રસંશા કી ગઈ હૈ. ઈસલિયે સ્વસંવેદનજ્ઞાનકે વિના શાસ્ત્રોંકે પઢે હુએ ભી મૂર્ખ હૈં. ઔર જો કોઈ પરમાત્મજ્ઞાનકે ઉત્પન્ન કરનેવાલા છોટે થોડે શાસ્ત્રોંકો ભી જાનકર વીતરાગ-સ્વસંવેદજ્ઞાનકી ભાવના કરતે હૈં વે મુક્ત હો જાતે હૈં. ઐસા હી કથન ગ્રંથોમેં હરએક જગહ કહા હૈ કિ વૈરાગ્યમેં લગે હુએ જો મોહશત્રુકો જીતનેવાલે હૈં, વે થોડે શાસ્ત્રોંકો હી પઢકર સુધર જાતે હૈં, મુક્ત હો જાતે હૈં, ઔર વૈરાગ્યકે બિના સબ શાસ્ત્રોંકો પઢતે હુએ ભી મુક્ત નહીં હોતે. યહ નિશ્ચય જાનના, પરંતુ યહ કથન અપેક્ષાસે હૈ. ઈસ બહાનેસે શાસ્ત્ર પઢનેકા અભ્યાસ નહીં છોડના, ઔર જો વિશેષ શાસ્ત્રકે પાઠી હૈં ઉનકો દૂષણ ન દેના. ૧૦૦૭.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા-૮૪ )

* જે પુરુષ, બાહ્ય-અભ્યાંર પરિગ્રહ રહિત શુદ્ધ ગુરુનો સેવક છે તે, મિથ્યાદ્રષ્ટિ જીવોનો મહાન શત્રુ છે; માટે તે મિથ્યાદ્રષ્ટિઓની નીકટમાં બલરહિત થઇ ને ન વસો. ૧૦૦૮.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત-રત્નમાળા, શ્લોક-૪૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* કેવો છે તે સમ્યગ્દષ્ટિ? ઉત્તમ ગુણો જે સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્ર – તપ આદિમાં તો અનુરાગી (ભાવનાવંત) હોય, એ ગુણો ધારક ઉત્તમ સાધુજનોના વિનયથી યુક્ત હોય તથા પોતા સમાન સમ્યગ્દષ્ટિ સાધર્મીજનોમાં અનુરાગી– વાત્સલ્યગુણ સહિત હોય એવો તે ઉત્તમ સમ્યગ્દષ્ટિ હોય છે. એ ત્રણે ભાવ ન હોય તો જાણવું કે તેનામાં સમ્યક્ત્વનું યથાર્થપણું નથી. ૧૦૦૯.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા – ૩૧૫)

* અર્થ (લક્ષ્મી) અનંત અનર્થને કરે છે તે કશાય અર્થની નથી, અર્થ તો તે જ જે પરમાર્થને સાધે, તેની કામનાથી શું કામ? નિજકામનાથી કામ કે એ જ સુકામને સુધારે... ૧૦૧૦.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, ... પાનું... ૯૩)

* હે ભવ્ય જીવ! મનકો પ્રસન્ન રખનેવાલી ઔર સર્વ કાલમેં સુખ દેનેવાલી સેવને યોગ્ય ક્ષમા નામકી કુલ સ્ત્રીકા તુઝે બારબાર સેવન કરના ચાહિયે. ૧૦૧૧.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૬૫)

* બોધિ અને સમાધિનું લક્ષણ કહે છેઃ– નહિ પ્રાપ્ત કરેલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરવી તે બોધિ છે અને તેમને (સમ્યગ્દર્શનાદિને) જ નિર્વિઘ્નપણે બીજા ભવમાં સાથે લઈ જવા તે સમાધિ છે. ૧૦૧૨.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૫ ની ટીકામાંથી)

* જેમ લોખંડની સોઇ નાની હોવા છતાં જો તે દોરાથી સહિત હોય તો ગમે ત્યાં કચરામાં પડી જાય તો પણ મળી જાય છે. પ્રમાદથી પડી જવા છતાં આંખથી દેખાય છે અને ફરી મળી જાય છે. તેમ સાધુ જો શ્રુતજ્ઞાન સહિત હોય તો સંસારરૂપી ખાડામાં પડતાં નથી. પ્રમાદ–દોષથી ઉત્કૃષ્ટ તપશ્ચરણ કરવામાં અસમર્થ હોવા છતાં પણ કપટ રહિત ચિત્ત હોવાથી નિરંતર સ્વાધ્યાય કરે છે, જેથી તે કર્મ ક્ષય કરે છે. ૧૦૧૩.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સમયસાર અધિકાર, ગાથા–૮૩)

* યે રાગાદિકભાવ મનકો કભી તો મૂઢ કરતે હૈં, કભી ભ્રમરૂપ કરતે હૈં, કભી ભયભીત કરતે હૈ, કભી રોગોંસે ચલાયમાન કરતે હૈં, કભી શંક્તિ કરતે હૈં, કભી કલેશરૂપ કરતે હૈં, ઇત્યાદિ પ્રકારસે સ્થિરતાસે ડિગા દેતે હૈં. ૧૦૧૪.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૩, શ્લોક–૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મરણપર્યંત દુઃખ પ્રાપ્ત થવા છતાં જે જીવ સમ્યક્ત્વને નથી છોડતાં તેની પાસે ઇન્દ્ર પણ, પોતાની ઋદ્ધિના વિસ્તારની નિંદા કરતો થકો તેને પ્રણામ કરે છે. ૧૦૧૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૮૬ )

* જો તીવ્ર તપકો કિયા જાવે તો વહ તપ સમ્યગ્દર્શન સહિત શુદ્ધ કહલાયગા પરંતુ યદિ મિથ્યાત્વ સહિત હૈ તો વહ તપ અશુદ્ધ કહા જાયગા ક્યોંકિ વહ આત્માકી ઔર દૃષ્ટિ ન રખતા હુઆ પર પુદ્‌ગલકી ઓર દૃષ્ટિ લગાએ રહતા હૈ. ઇસસે મદ હો જાતા હૈ. પર પુદ્‌ગલીક પર્યાયમેં રત હોનેસે દુઃખકા બીજ હી બોતા હૈ. ૧૦૧૬.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૧૬૨ )

* * *

* સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; કારણ કે તે ( સમ્યગ્દૃષ્ટિ જીવ ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો ( યથાર્થ સ્વરૂપનો ) અભ્યાસ કરવા માટે, ‘આ સ્વ છે ( અર્થાત્ આત્મસ્વરૂપ છે ) અને આ પર છે’ એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે અને પરથી–રાગના યોગથી–સર્વ પ્રકારે વિરમે છે. ( આ રીતે જ્ઞાન–વૈરાગ્યની શક્તિ વિના હોઇ શકે નહિ. ( ૧૦૧૭ ).

( શ્રી અમૃતચંદ્રાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૩૬ )

* * *

* અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃતસમુદ્રમાંથી મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે તે ( રત્નમાળા ) મુક્તિવધૂના વલ્લભ એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે. ૧૦૧૮.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૮૦ )

* શરીરસે પ્રીતિ કરના હૈ સો આત્માકી ઉન્નતિ સે બાહર રહના હૈં, ક્યોંકિ જો કોઇ શરીરકે કામકે કરનેમેં જાગ રહા હૈ વહ ત્યાગને યોગ્ય વ કરને યોગ્યકે વિચારસે શૂન્ય મનવાલા હોતા હુઆ આત્માકે કાર્યમેં અપના વર્તન નહીં રખતા હૈ. ઇસીલિયે અપને આત્માકે પ્રયોજનકો જો સિદ્ધ કરના ચાહતા હૈ ઉસકો સદા હી શરીરકા મોહ છોડ દેના ચાહિયે, અપની ઈચ્છાકો પૂર્ણ કરનેવાલા બુદ્ધિમાન પુરુષ અપને કામકે રોકનેવાલે કાર્યમેં ઉદ્યમ નહીં કરતા હૈ. ૧૦૧૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૭૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યદ્યપિ વિકલ્પ સહિત અવસ્થામેં શુભોપયોગિયોંકો ચિત્તકી સ્થિરતાકે લિયે ઔર વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે જિન-પ્રતિમા તથા નમોકારમંત્રકે અક્ષર ધ્યાવને યોગ્ય હૈં, તો ભી નિશ્ચય ધ્યાનકે સમય શુદ્ધાત્મા હી ધ્યાવને યોગ્ય હૈ, અન્ય નહીં. ૧૦૨૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૫૮ )

* જિસ પુરુષને કિસીકી પ્રીતિસે, ભ્રમસે અથવા કિસીકે ભયસે હિંસાકા સમર્થન કિયા કિ હિંસા કરના બુરા નહીં હૈ તો ઐસા સમજો કિ ઉસને અપની આત્માકો ઉસી સમય નરકરૂપી સમુદ્રમેં ડાલ દિયા. ૧૦૨૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૬ )

***

* કર્તાનો અને ભોકતાનો યુક્તિના વશે ભેદ હો અથવા અભેદ હો, અથવા કર્તા અને ભોકતા બંને ન હો; વસ્તુને જ અનુભવો. જેમ ચતુર પુરુષોએ દોરામાં પરોવેલી મણિઓની માળા ભેદી શકાતી નથી, તેમ આત્મામાં પરોવેલી ચૈતન્યરૂપ ચિંતામણિની માળા પણ કદી કોઇથી ભેદી શકાતી નથી; એવી આ આત્મારૂપી માળા એક જ, અમને સમસ્તપણે પ્રકાશમાન હો. ( અર્થાત્ નિત્યત્વ, અનિત્યત્વ આદિના વિકલ્પો છૂટી આત્માનો નિર્વિકલ્પ અનુભવ અમને હો. ) ૧૦૨૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૦૯ )

***

* અન્યમતકે શ્રદ્ધાનીકો જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો તો ઉસકો પાપહીમેં ગિનતે હૈં. જો જિન-આજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે તો વહ પુણ્યજીવોંકી હી પંકિતમેં ગિના જાતા હૈ. મિથ્યાદષ્ટિકો પાપી જીવોમેં માના હૈ ઔર સમ્યગ્દષ્ટિકો પુણ્યવાન્ જીવોમેં માના હૈ. ૧૦૨૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૧૭ )

* જે મનુષ્ય ધન હોવા છતાં પણ દાન દેવામાં ઉત્સુક તો થતો નથી પરંતુ પોતાની ધર્મિકતા પ્રગટ કરે છે તેના હૃદયમાં જે કુટિલતા રહે છે તે પરલોકમાં તેના સુખરૂપી પર્વતોના વિનાશ માટે વીજળીનું કામ કરે છે. ૧૦૨૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન-અધિકાર, શ્લોક-૩૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે ભવ્ય જીવો! જો પોતાનું હિત ચાહતા હો તો ગુરુની તે શિક્ષા મનને સ્થિર કરીને સાંભળો. (કે આ સંસારમાં દરેક પ્રાણી) અનાદિકાળથી મોહરૂપી જલદ દારૂ પીને, પોતાના આત્માને ભૂલી વ્યર્થ ભટકે છે. ૧૦૨૫.

(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૧, શ્લોક-૨)

* મારા ચિત્તમાં કલ્પવાસી દેવોના ઇન્દ્રને, નાગેન્દ્રને તથા ચક્રવર્તીને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે. અલ્પ બુદ્ધિમાન હંમેશા ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, શરીર તથા પુત્રથી સુખ માને છે – એ આશ્ચર્યકારક છે. ૧૦૨૬.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ-૯ શ્લોક-૧૦)

* હે જિનવાણી! જે પ્રાણી તારું વિધિપૂર્વક સ્મરણ કરે છે તેને એવી કોઈ લક્ષ્મી નથી, એવા કોઈ ગુણ નથી તથા એવું કોઈ પદ નથી, જેને તું વર્ણભેદ વિના ન આપતી હો. આ ગુરુનો ઉપદેશ છે. અભિપ્રાય એ છે કે તારું સ્મરણ કરનારાને સમાનરૂપે અનેક પ્રકારની લક્ષ્મી, અનેક ગુણો અને ઉત્તમપદનું પ્રદાન કરે છે. ૧૦૨૭.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૨૬)

* જે પુરુષ સમ્યક્ત્વરૂપી રત્નરાશિથી સહિત છે તે પુરુષ ધન-ધાન્યાદિ વૈભવથી રહિત હોય તોપણ ખરેખર વૈભવસહિત છે અને જે પુરુષ સમ્યક્ત્વથી રહિત છે તે ધનસહિત હોય તોપણ દરિદ્રી છે. ૧૦૨૮.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૮૮)

* પ્રથમ તો, જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી જ થાય છે, કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવા અશક્ય છે; વળી પોતાનું કર્મ બીજાથી દઇ શકાતું નથી, કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે; માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ. તેથી 'હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી - દુઃખી કરે છે' એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે. ૧૦૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૫૪-૨૫૬)

* જે મનુષ્ય ધર્મનું સેવન કરવાવાળા છે તે કદાચિત્ મૃત્યુ પામે તોપણ જીવંત છે. પરંતુ જે મનુષ્ય પાપ કરવાવાળા છે તે જીવંત હોય તોપણ મરેલા છે. ૧૦૩૦.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૬૨)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે નિર્બુદ્ધિ જીવ! આ શરીરરૂપ ઘર ખરેખર તને બંદીગૃહ (કેદખાના) સમાન જ છે. તેમાં તું વૃથા પ્રીતિ ન કર! એ શરીરરૂપ બંદીગૃહ હાડરૂપી સ્થૂલ પાષાણથી ચણેલું છે, નસોરૂપી જાળથી વીંટાયેલું છે, ચારે બાજુ ચર્મથી આચ્છાદિત છે, રુધિર અને સજલ માંસથી લીંપાયેલું છે, દુષ્ટકર્મરૂપી વેરીએ તેને રચ્યું છે અને આયુકર્મરૂપી ભારે બેડીથી તે બંધાયેલું છે. ૧૦૩૧.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૫૯ )

∗ હે મૂને! તૂ સમ્યક્ત્વકે ગુણ ઔર મિથ્યાત્વકે દોષોંકો જાનકર સમ્યક્ત્વરૂપી રત્નકો ભાવપૂર્વક ધારણ કર. ગુણરૂપી રત્નોંમેં સાર હૈ ઓર મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ અર્થાત્ ચઢનેકે લિયે પહેલી સીઢી હૈ. ૧૦૩૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૧૪૭ )

∗ પાંચો ઇન્દ્રિયોંરૂપી કુદેવ ભયાનક હૈ, સમભાવ રહિત હૈ, ઉનકો નિયમસે વિષ સહિત જાનના યોગ્ય હૈ. ઉનમેં નિત્ય કષાયકી બઢવારી હોતી હૈ. ઉનસે મન–વચન–કાય–યોગ રૌદ્રધ્યાની રહતે હૈ. ૧૦૩૩.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૯૧ )

∗∗∗

∗ યહ જીવ નીચ યોનિયોંમેં દીર્ઘકાલ તક અનેક તરહસે જબ ભ્રમણ કર ચુકતા હૈ તબ કહીં પુણ્યકે યોગસે એક બાર ઉચ્ચ યોનિમેં જન્મ પ્રાપ્ત કરતા હૈ ઐસી દશામેં કૌન ઐસા હૈ જો અહંકાર કરે ? ૧૦૩૪.

( શ્રી કુલધર આચાર્ય, સારમુચ્ચય, શ્લોક–૨૯૫ )

∗∗∗

∗ હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં અતિશય ભક્તિયુક્ત ભવ્યો જીવો પાસે બધી સિદ્ધિઓ એક રમત માત્રમાં જ (અનાયાસે જ) પ્રાપ્ત થાય છે. ૧૦૩૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર–સ્તવન, શ્લોક–૩૦ )

∗ જો ઇન્દ્રિય ઔર મનકો જીતે બિના તથા જ્ઞાન–વૈરાગ્યકી પ્રાપ્તિકે બિના હી મોક્ષકે લિયે ધ્યાનકા અભ્યાસ કરતે હૈં, વે મૂર્ખ અપને દોનોં ભવ બિગાડતેં હૈં. ૧૦૩૬.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૦ શ્લોક–૨૨ )

∗ હે જિનેન્દ્રદેવ! અનંત શક્તિયુક્ત, દોષ રહિત, પરિપૂર્ણ આત્માને મ્યાનથી જાુદી તરવારની જેમ શરીરથી તદ્દન જુદો કરવાની–અનુભવવાની શક્તિ આપની કૃપા વડે મને પ્રાપ્ત થાઓ. ૧૦૩૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક–૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે સચ્ચે શ્રોતા! જો જો આત્મા ઉદય હોકર પ્રફુલ્લિત કમલકે સમાન પૂર્ણ હો જાતા હૈ વહી આત્મા અપને જ્ઞાનપ્રકાશમેં આચરણ કરતા હુઆ સિદ્ધસ્વભાવમેં લીન રહતા હૈ. હે સચ્ચે શ્રોતા! ઉસ ઉસને અપને આત્માકો સાધન કર લિયા હૈ અર્થાત્ જો આત્માકા સચ્ચા સાધન કરતા હૈ વહ સિદ્ધ હો જાતા હૈ. ૧૦૩૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૩૫ )

* જો ધર્મસે અધિષ્ઠિત ( સહિત ) આત્મા હૈ, ઉસકે સાથ સર્પ, અગ્નિ, વિષ, વ્યાઘ્ર, હસ્તી, સિંહ, રાક્ષસ તથા રાજાદિક ભી દ્રોહ નહિ કરતે હૈં અર્થાત્ યહ ધર્મ ઈન સબસે રક્ષા કરતા હૈ અથવા ધર્માત્માઓંકે યે સબ રક્ષક હોતે હૈં. ૧૦૩૯.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મભાવના, શ્લોક-૧૭ )

* હે ઈશ! આપના સાન્નિધ્યની સૌરભ વડે અતત્ત્વવચનો પણ તત્ત્વ પ્રતિપત્તિમાં અત્યંત કુશળ થઇ જાય છે; કેમકે પદે પદે એકાંતરૂપ વિષનું વમન કરનારા તે વચનો પણ આપના માર્ગમાં સ્યાત્ પદથી અલંકૃત થતાં પદે પદે અમૃતને ઝરે છે. ૧૦૪૦.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ-૨૦, શ્લોક-૧ )

* * *

* જેમ મંત્રના પ્રભાવથી સર્પનું વિષ ઉતરી જાય છે તેમ અતિ તીવ્ર કામની પીડા પણ આત્મજ્ઞાનના બળથી નિયમથી શાંત થઈ જાય છે. ૧૦૪૧.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૧૩ )

* અગ્નિના સંયોગથી જેમ જળ તપ્તાયમાન થાય છે તેમ દેહના સંયોગથી ( મમત્ત્વથી ) અનંતકાળથી આત્મા તપ્તાયમાન થઈ રહ્યો છે એમ જાણીને કલ્યાણાર્થી મુનિજનો દેહથી પણ મમત્વ તજી શીતલ ( આનંદરૂપ ) થાય છે. ૧૦૪૨.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૫૮ )

* જે મુનિઓના ધ્યાનરૂપી અગ્નિથી પ્રજ્વલિત હૃદયમાં ત્રિલોક-વિજયી કામદેવને પણ બળતો જોઇને અતિશય ભયભીત થયેલાં કષાયો એવી રીતે નષ્ટ થઈ ગયા કે તેમાં તે ફરીથી પ્રવેશી ન શક્યાં, તે મુનિઓ જયવંત વર્તે છે. ૧૦૪૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ. -૧. શ્લોક-૫૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિનેશ્વરનું વચન જ ઔષધ છે. આ ઔષધના સેવનથી ઇન્દ્રિય-સુખની ઇચ્છારૂપી મળ નીકળી જાય છે. આ જિનવચનરૂપી ઔષધ અમૃત સમાન છે, તેનાથી આત્મામાં સર્વાંગ અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય છે. વૃદ્ધાવસ્થા તથા મરણરૂપી વ્યાધિઓથી ઉત્પન્ન થયેલ વેદનાઓનો નાશ થાય છે તથા સર્વ દુઃખોનો આ જિનવચનરૂપી ઔષધ નાશ કરે છે. તેથી મુનિરાજ આ ઔષધનું સેવન કરે છે. ૧૦૪૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનગાર ભાવના ગાથા-૭૬ )

* સમ્યક્ત્વરહિત જીવને તો વિઘ્ન પણ ઉત્સવ સમાન છે; અને મિથ્યાત્વસહિત જીવને પરમ ઉત્સવ હોય તોણ તે મહા વિઘ્ન છે. ૧૦૪૫.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ- સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૮૫ )

* અનુપમ અને અદ્વિતી એવી વાત છે કે નિત્ય-નિગોદવાસી અનાદિ મિથ્યાદષ્ટિ જીવો પણ ભરત ચક્રવર્તીના નવસો ત્રેવીસ પુત્રો કર્મોની નિર્જરા કરવાથી ઇન્દ્રિગોપ થયા ને તેમના સમૂહ ઉપર ભરતના હાથીએ પગ મૂક્યો તેથી તે મરીને વર્ધનકુમાર વગેરે ભરતના પુત્રો થયા. તેઓ કોઇની સાથે બોલતાં ન હતાં. તેથી ભરતે સમવસરણમાં ભગવાનને પૂછ્યું ત્યારે ભગવાને તેમનું પૂર્વવૃત્તાંત કહ્યું; તે સાંભળીને તેમણે તપનું ગ્રહણ કર્યું અને બહુ થોડા સમયમાં મોક્ષ પામ્યા. ૧૦૪૬.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ, દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૫ની ટીકામાંથી )

***

* લક્ષ્મીસહિત ચિંતામણિ, દિવ્ય નવનિધિ, કામધેનુ તથા કલ્પવૃક્ષ આ બધા ધર્મના અનાદિકાળથી સેવક છે તેમ હું માનું છું. ૧૦૪૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનર્ણવ, ધર્મભાવના, શ્લોક-૪ )

* હે મુને! તૂને માતાકે ગર્ભમેં રહકર જન્મ લેકર મરણ કિયા, વહ તેરે મરણસે અન્ય-અન્ય જન્મમેં અન્ય-અન્ય માતાકે રૂદનસે નયનોંકા નીર એકત્ર કરે તબ સમુદ્રકે જલસે ભી અતિશયકર અધિકગુણા હો જાવે અર્થાત્ અનંતગુણા હો જાવે. ૧૦૪૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૯ )

* પાંચ ઇન્દ્રિયોનાં વિષયોમાં તથા અસંખ્યાત લોકપ્રમાણ તીવ્ર ભાવક્રોધાદિકોમાં સ્વભાવથી જ મનનું શિથિલ થવું તે પ્રશમ છે. ૧૦૪૯.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ઉત્તરાર્ધ્ધ, શ્લોક-૪૨૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં કલ્યાણની પરંપરા (સમૂહ) બોલાવ્યા વિના જ પુરુષની આગળ એવી રીતે ચાલે છે કે જેમ ચંદ્રમાની આગળ તેના કિરણોનો સમૂહ ચાલે છે. ૧૦૫૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૨૪)

* હાય! ઘણાં દુઃખની વાત છે કે –સંસારરૂપ કતલખાનામાં પાપી અને ક્રોધી એવા ઇન્દ્રિય વિષયરૂપ ચંડાળોએ ચારે બાજુ રાગરૂપ ભયંકર અગ્નિ સળગાવી મૂક્યો – જેથી ચારે તરફથી ભય પામેલાં અને અત્યંત વ્યાકુળ થયેલાં પુરુષરૂપી હરણો પોતાના બચાવ માટે અંતિમ શરણ ચાહતાં-શોધતાં કામરૂપી ચંડાળે ગોઠવી રાખેલાં સ્ત્રીરૂપ કપટ સ્થાનમાં (પાસલામાં) જઈ જઈને ભરાઈ પડે છે. ૧૦૫૧.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૩૦)

* શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે જીવ કાષ્ટની માફક જ છે એમ પણ નથી, સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી, ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પ વસ્તુમાત્રને અવલંબે છે, અવશ્ય અવલંબે છે. આવા અવલંબનને વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી તેથી કહી શકાય નહિ. ૧૦૫૨.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૨૪)

***

* અનિષ્ટ સામગ્રીના સંયોગના કારણોને તથા ઇષ્ટ સામગ્રીના વિયોગના કારણો વિઘ્ન માનો છો પણ તમે કાંઈ એનો વિચાર સન્મુખ થઇને કર્યો છે? જો એ જ વિઘ્ન હોય તો મુનિ આદિ ત્યાગી તપસ્વી તો એ કાર્યોને અંગીકાર કરે છે, માટે વિઘ્નનું મૂળ કારણ અજ્ઞાન-રાગાદિક જ છે. એ પ્રમાણે દુઃખ વા વિઘ્નનું સ્વરૂપ જાણ. તથા તેનો ઇલાજ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેના સ્વરૂપનો ઉપદેશ આપી પ્રવૃત્તિ કરવાવાળા શ્રી અર્હંતદેવાધિદેવ છે. એ પ્રમાણે દુઃખ વા વિઘ્નના હર્તા જાણી તેમને પૂજવા યોગ્ય છે. ૧૦૫૩.

(શ્રી ભાગચંદ્રજી, સત્તાસ્વરૂપ, પાનું-૫૨)

* અંતરાત્મા સમ્યગ્દષ્ટિકો નિશ્ચિંત હોકર, સર્વ સાંસારિક ઉપાધિયોંકો ત્યાગકર, ચિત્તકો આનંદ દેનેવાલે વ શ્રેષ્ઠ આત્માજ્ઞાનસે ઉત્પન્ન અમૃતકો સદા પીના યોગ્ય હૈ. ૧૦૫૪.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૨)

∗ હિતરૂપ અને પ્રયોજનભૂત મીઠા વચનો જીવને સાંસારિક આતાપજન્ય દુઃખથી રહિત કરે છે. જલ, ચંદન, ચંદ્રમા, મોતીનો હાર તથા ચંદ્રકાંતમણિ અંતરંગ આતાપને દૂર કરીને જીવને વાસ્તવિક સુખ આપવા સમર્થ નથી. જલ ચંદનાદિકને લોકમાં આતપહારી કહે છે પરંતુ સત્ય વચન જે આતાપ દૂર કરે છે તેવા આતાપ જલચંદનાદિ દૂર કરી શકતા નથી. ૧૦૫૫.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૮૩૪ )

∗ (અવિરત સમ્યગ્દષ્ટિ જીવ) જહાં અપને રાજ્યાદિ ન્યાયકાર્યન વિષૈં લોભ કરે હૈ, તહાં ભી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી યોગ્યતા સહિત કરૈ હૈ, અન્યાય લોભ નાહીં કરૈ હૈ, બહુરિ જિન કાર્યન વિષૈં મહાપાપ ઉપજે ઐસા ન્યાય લોભ ભી નાહીં કરૈ હૈ, અપને યશ હોનેકા વા અપને ધર્મ વા ધનકા લોભ કરૈ હૈં. ઇત્યાદિ લોભ કરૈ હૈ સો અપ્રત્યાખ્યાન લોભભાવ જાનના. ૧૦૫૬.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું–૬૫ )

∗ ચારિત્રધારી સંયમ મુનિકો જો નિર્બાધ આત્માસ્થિત, ધ્રુવસ્વભાવરૂપ સમસ્ત દોષરિહત શાશ્વત સુખ હોતા હૈ વહ સુખ ચક્રવર્તીકો ભી નહીં હૈ, સ્વર્ગસ્થ દવેન્દ્રકો ભી નહીં હૈ, ભોગભૂમિમેં રહનેવાલોંકો ભી નહીં હૈ, નાગરાજ ધરણેન્દ્રકો ભી નહીં હૈ. ઇનકા સબ બાહ્ય અનાત્મ જડ–વૈભવ આત્મવૈભવકે સામને તુચ્છ હૈ. ૧૦૫૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૨૩૬ )

∗ એક દિવસમાં સો યોજન ગમન કરવાવાળો પુરુષ પણ જો પોતાના ઇષ્ટ સ્થાનથી એકદમ ઉલટી દિશામાં ગમન કરવા લાગી જાય તો તે કદિ પણ પોતાના ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત થશે નહિ. તેવી જ રીતે મિથ્યાત્વથી સહિત અહિંસાદિ ગુણ જેને હોય તેવો પુરુષ પણ કદિ મુક્તિપદને પ્રાપ્ત થવાનો નથી. આ વાત નિશ્ચિત સમજવી જોઇએ. ૧૦૫૮.

( શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા–૫૯ )

∗ જેમ દીપક સ્નેહ અર્થાત્ તેલ સંયુક્ત હોય તો મલિન કાજળ નિપજાવે છે. તેમ શાસ્ત્રજ્ઞાન અને શુભાચારથી મંડિત પુરુષ પણ સ્નેહ અર્થાત્ મોહયુક્ત હોય તો તેલની માફક પાપરૂપ અશુભ કાજળ ઊપજાવે છે, અંતે મલિન જ થાય છે. સ્નેહ (મોહ) અનુબદ્ધ જીવના જ્ઞાન– ચારિત્રાદિ રૂડાં ગુણો પણ પ્રસંશાને પામતા નથી. ૧૦૫૯.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૩૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો કોઇ મેરા અનેક પ્રકારકે વધબંધનાદિ પ્રયોગોસે ઇલાજ નહિ કરેં તો મેરે પૂર્વ જન્મોકે સંચિત કિયે અસાતા કર્મરૂપી રોગકા નાશ કૈસે હો? ભાવાર્થ-જો મુજે વધનબંધનાદિકસે પીડિત કરતા હૈ વહ મેરે પૂર્વોપાર્જિત કર્મરૂપી રોગોંકો નષ્ટ કરનેવાલા વૈદ્ય હૈ ઉસકા તો ઉપકાર માનના યોગ્ય હૈ, કિંતુ ઉસસે ક્રોધ કરના કૃતઘ્ના હૈ. ૧૦૬૦.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાવર્ણવ, સર્ગ-૧૯, શ્લોક-૨૬ )

* મોહથી પ્રાણીઓને શુદ્ધ આત્મસ્વરૂપની યથાર્થ પ્રાપ્તિ મુશ્કેલ છે, મોહના જયથી ક્રિયાકાંડ વગર પણ અત્યંત સુગમ છે. ૧૦૬૧.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરગિણી, અધ્યાય-૪, ગાથા-૨૩ )

* હે માનવો! કષાયોંકો કમ કરકે પંચેન્દ્રિયકે વિષયોંકા સેવન નહીં કરના. ઇસકા પથ્ય યા હિતકારી ઉપાય ઉત્તમ નિર્દોષ સમ્યગ્દર્શન હૈ. ૧૦૬૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૭ )

* આ જનસમૂહ પોતાના કમાયેલા અનેક પ્રકારના કર્મ અનુસાર અનેક અવસ્થાઓ પામે છે. તે અજ્ઞાનીના વિકારો જોઇને યોગીનું મન ક્ષોભ પામતું નથી. ૧૦૬૩

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક-૪૫ )

***

* મને દીક્ષા ગ્રહણ કર્યા ઘણા વર્ષો થયા છે તથા આ મુનિ મારાથી નાના છે, તેણે આજે દીક્ષા લીધી છે એવો ગર્વ હે મુનિ! તું કદી પણ ન કર. કારણ કે વર્ષ-ગણના મુક્તિનું કારણ નથી. ઘણા કાળના દીક્ષિત મુનિને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો નિયમ નથી. કારણ કે ઘણા મુનિ માત્ર ત્રણ દિવસ ચારિત્ર ધારણ કરીને મુક્ત થયા છે અને કેટલાક મુનિ દીક્ષા ધારણ કરીને અંતર્મુહૂર્તમાં જ મુક્ત થયા છે કારણ કે તેઓ વૈરાગ્યમાં, તત્પર, ધીર અને સમ્યગ્દર્શનાદિમાં દઢ હતાં. તેઓએ અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ કર્મોનો વિનાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરી છે. ૧૦૬૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સમયસાર- અધિકાર, ગાથા-૭૭ )

* ધર્મ જ પરમરસનું રસાયણ, નિધિઓનું નિધાન, કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિ છે. વિશેષ શું કહેવું? જેઓ જિનેન્દ્રદેવે કહેલા ધર્મને પામીને દઢ શ્રદ્ધાવાળા (સમ્યગ્દષ્ટિ) થયા છે તે જ ધન્ય છે. ૧૦૬૫

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યદિ યસ માનવશરીર બલદાયી ભોજનસે હી વિપત્તિમેં આ જાતે હૈં. રોગી હો જાતે હૈં તથા મરણકો પ્રાપ્ત હોતે હૈં તબ દૂસરે વિષ આદિ પદાર્થોંસે કિસ તરહ બચ સકતે હૈં? જબ હિતકારી માતા બચ્ચેકો માર ડાલતી હૈ તબ નિશ્ચયસે શરણમેં રખનેવાલા દૂસરા કોઇ નહીં હૈ. ૧૦૬૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૧૩ )

* જબ ઇન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલેમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્ય જનકી તો બાત હી કયા હૈ? ઇસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઇસ જગતમેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર શકે. ૧૦૬૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય, પંચાશત, શ્લોક-૫૧ )

* જો કોઈ ઇસ બઢતે હુએ પાપકર્મકો સમ્યગ્જ્ઞાનકે દ્વારા દૂર નહીં કરતા હૈ વહ અતિ તીવ્ર કર્મરૂપી ભૂતસે પકડા હુઆ પીછે પછતાતા હૈ. ૧૦૬૮.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૮ )

***

* નવનિધિઓથી પણ એ સ્વમાનરૂપ ધનને મોટું ધન જાણીને તું હવે તેના રક્ષણ અર્થે પરમ સંતોષવૃત્તિને ધારણ કર! ધનાદિ વિનાશી અને તુચ્છ વસ્તુને અર્થે યાચના કરી આત્મગૌરવસ્વરૂપ પરમ ધનને લુંટાવા દેવું એ તને યોગ્ય નથી. સંસારપરિણામી જીવો તૃષ્ણાવશ બની સ્વામાનને પણ કોરાણે કરી દીનવત્ યાચક બની જાય છે. અને એ આશા તો નવ-નિધિ મળવા છતાં શમાવી કેવળ અસંભવ છે, ઉલટી વધે છે. તો પછી એ અલ્પ અને પરિણામે વ્યાકુળતાજન્ય વિનાશિક ઇષ્ટ ધનાદિની પાછળ ઘેલા બની તેને અર્થે દીનપણું સેવવું એ શું તને ઉચિત છે? આમ ચિંતવી જેમ બને તેમ એ આશારૂપ ગ્રાહનો નિગ્રહ કર. ૧૦૬૯.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૬ )

* મોક્ષનો અર્થી જીવ પોતાના જીવનને તો તરણાંની જેમ ત્યાગે છે પરંતુ સમ્યક્ત્વ અને તપને છોડતો નથી; કેમ કે જીવિતવ્ય તો ફરી પણ મળે છે પણ સમ્યક્વ ગયા પછી ફરી મળવું દુર્લભ છે. ૧૦૭૦.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૮૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે આત્મન્! તમે મોહનિદ્રા છોડીને સાવધાન થાવ અને જુઓ, તમે ધન-સંપત્તિરૂપ માયામાં કેમ ભૂલી રહ્યાં છો? તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં ચાલ્યા જશો અને દોલત જ્યાંની ત્યાં પડી રહેશે. લક્ષ્મી તમારી નાત-જાતની નથી, વંશ પરંપરાની નથી, બીજુ તો શું? તમારા એક પ્રદેશનું પણ પ્રતિરૂપ નથી. જો એને તમે નોકરડી બનાવીને ન રાખી તો એ તમને લાત મારશે, માટે મહાન થઇને તમારે આવો અન્યાય કરવો યોગ્ય નથી. ૧૦૭૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, ૫૬-૭ )

∗∗∗

∗ અપને આત્માકા હિત તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા તપકી રક્ષાસે હૈ ઇસ બાતકો સર્વજ્ઞોંને કહા હૈ. ૧૦૭૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૫૮ )

∗ જે મનુષ્ય વૃક્ષ સમાન હિંસાકર્મ રહિત છે. એકલો છે અર્થાત્ કોઈ સહાયની અપેક્ષા રાખતો નથી, સમસ્ત ઉપદ્રવ્યો સહન કરે છે તથા વનમાં સ્થિત પણ છે છતાં પણ તે સમ્યગ્જ્ઞાન વિના કદી પણ સિદ્ધ થઈ શકતો નથી. ૧૦૭૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ નિશ્ચય પંચાશત, શ્લોક-૧૬ )

∗∗∗

∗ જ્ઞાનને રોકનાર, શાન્તિનો નાશ કરનાર, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને વધારનાર 'કુતર્ક' માનસિક રોગ છે કે જે અનેક રીતે ધ્યાનનો શત્રુ છે. તેથી મોક્ષાભિલાષીઓએ પોતાના મનને કુતર્કમાં લગાવવું યોગ્ય નથી પરંતુ આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે કે જે આત્મ-ઉપલબ્ધિરૂપ સિદ્ધિ-સદનમાં પ્રવેશ કરાવનાર છે. ૧૦૭૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ. -૭ ગાથા-૫૩ )

∗∗∗

∗ સાધુ આગમચક્ષુ- (આગમરૂપ ચક્ષુવાળા) છે, સર્વ ભૂતો (-પ્રાણીઓ) ઇન્દ્રિયચક્ષુ છે, દેવો અવધિચક્ષુ છે અને સિદ્ધો સર્વતઃચક્ષુ (સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે. ૧૦૭૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં ધૂળથી મલિન (સ્નાન કર્યા વગરના), વસ્ત્ર રહિત, પદ્માસનમાં સ્થિત, શાંત, વચન રહિત અને આંખો બંધ હોય એવી અવસ્થાને પામેલા મને જો જંગલનાં પ્રદેશમાં ભ્રમ પ્રાપ્ત થયેલ મૃગોનો સમૂહ આશ્ચર્યચકિત થઇને પથ્થરમાં કોતરેલી મૂર્તિ સમજવા લાગે તો મારા જેવો મનુષ્ય પુણ્યશાળી કોણ હશે! ૧૦૭૬

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક-૩ )

* (ગૃહસ્થો)... પૂજા -પ્રતિષ્ઠા યત્નપૂર્વક કરે છે. તે કાર્યમાં ગૃહસ્થને હિંસા થાય તો તે કેમ ટળે? સમાધાન આ છે કે – સિદ્ધાંતમાં આમ પણ કહ્યું છે કે અલ્પ અપરાધ લાગતાં પણ જો ઘણું પુણ્ય થતું હોય તો એવું કાર્ય ગૃહસ્થને કરવું યોગ્ય છે. ગૃહસ્થ તો જેમાં નફો જાણે તે કાર્ય કરે, જેમ થોડું દ્રવ્ય આપતા પણ જો ઘણું દ્રવ્ય આવતું હોય તો તે કાર્ય કરે છે. ૧૦૭૭.

( સ્વામી કાર્તિક, બાર ભાવના, ગાથા-૪૦૫ ભાવાર્થીમાંથી )

* જે સમયે સમ્યગ્જ્ઞાનરૂપી દીપકથી ભોગોની નિર્ગુણતા જણાય છે, અર્થાત્ ભોગ જરા પણ ગુણકારી નથી, આ વાત અચળરૂપે હૃદય પર અંકિત થઇ જાય છે તે સમયે ભોગ અને સંસારથી વૈરાગ્ય થાય છે. ૧૦૭૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ-૯, ગાથા-૨૭ )

***

* (આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે:) અરેરે! જેઓ આ વસ્તુ સ્વભાવના નિયમને જાણતાં નથી તેઓ બિચારા, જેમનું, (પુરુષાર્થ-રૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, કર્મને કરે છે, તેથી ભાવકર્મને કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ. ૧૦૭૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર- ટીકા, કળશ - ૨૦૨ )

* જો વચન સંદેહરૂપ હો તથા પાપરૂપ હો ઔર દોષોંસે સંયુક્ત હો એવમ્ ઈર્ષાકો ઉત્પન્ન કરનેવાલા હો વહ અન્યકે પૂછને પર ભી નહિ કહના ચાહિયે તથા કિસી પ્રકાર સુનના ભી નહિ ચાહિયે. ૧૦૮૦.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯ શ્લોક-૧૨ )

* જેમ કોઇ પુરુષ તર્કબુદ્ધિથી પાણી અને દૂધને ભિન્ન-ભિન્ન સ્વભાવવાળા જાણી લે છે, તેમ સમ્યગ્જ્ઞાની પુરુષ પણ ઉત્તમ ધ્યાન વડે જીવ અને અજીવનો ભેદ જાણી લે છે. ૧૦૮૧.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પ્રશ્ન– આ જીવના રત્નત્રયગુણના લૂંટનાર કોણ છે?

ઉત્તર – પાંચ ઇન્દ્રિયના વિષયો. (રત્નત્રયગુણના હરનાર છે). ૧૦૮૨.

(શ્રીમદ્ રાજર્ષિ–અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક–૭)

***

* જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહા વનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. ૧૦૮૩.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા–૫૨)

* જેમ કોઇ વેશ્યાસકત પુરુષ પોતાનું ધન લૂંટાતું હોવા છતાં હર્ષ માને છે, તેમ મિથ્યાભેષિઓ વડે ઠગાયેલો જીવ પણ પોતાના ધર્મરૂપી નિધિનો નાશ થવા છતાં તે વાત જાણતો નથી. ૧૦૮૪.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, શ્લોક–૫)

* જો કોઇ ભી મનુષ્ય વિદ્વાન હૈ વૈ ભી કામ વ ધનકે સ્નેહ મેં તત્પર રહતે હુએ ઇસ સંસારમેં મોહિત હો જાતે હૈં, યહ મિથ્યાભાવકી મહિમા હૈ. યહ બડે ખેદકી બાત હૈ. ૧૦૮૫.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૧)

***

* મોક્ષમાર્ગ તો એક વીતરાગભાવ છે. જે શાસ્ત્રોમાં કોઇ પ્રકારે રાગ–દ્વેષ–મોહભાવનો નિષેધ કરી વીતરાગભાવનું પ્રયોજન પ્રગટ કર્યું હોય તે જ શાસ્ત્રો વાંચવા– સાંભળવા યોગ્ય છે. ૧૦૮૬.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. –૧, પાનું–૧૫)

* જીવના પોતાના ઉપાર્જન કરેલાં કર્મ સિવાય કોઇ પણ, કોઇને પણ કાંઇ પણ આપતું નથી એમ વિચારી અન્ય આપે છે એવી બુદ્ધિ છોડી આત્મા વડે પોતાનું અનન્યપણું વિચારવું. ૧૦૮૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક–૩૧)

* ભવભવમાં મારું સમ્યગ્દર્શન નિર્મળ રહો, ભવભવમાં હું સમાધિ કરું, ભવભવમાં ઋષિમુનિ મારા ગુરુ હો અને મનમાં ઉત્પન્ન થતાં વ્યાધિનો નિગ્રહ હો. ૧૦૮૮.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૨૧૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય પ્રકૃતિને ( પ્રકૃતિસ્વભાવને ) છોડતો નથી, જેમ સાકરવાળુ દૂધ પીતાં છતાં સર્પો નિર્વિષ થતાં નથી. ૧૦૮૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૩૧૭ )

* જો પ્રાણી કષાયોંકે આતાપસે જલ રહે હૈં વહી વિષયરૂપી વિષસે મૂર્છિત હૈ તથા જો અનિષ્ટ સંયોગ વ ઇષ્ટ વિયોગસે દુઃખિત હૈ, ઉનકે લિયે યહ સમ્યગ્દર્શન પરમ હિતકારી હૈ. ૧૦૯૦.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૩૮ )

* જે તીવ્રમિથ્યાદષ્ટિ છે તેને ધર્મનું નિમિત્ત મળે તો પણ ધર્મ બુદ્ધિ થતી નથી. તેમ જ જે દ્રઢશ્રદ્ધાની છે તેને પાપનું નિમિત્ત મળવા છતાં પાપબુદ્ધિ થતી નથી, પણ ભોળા જીવોને જ જેવું નિમિત્ત મળે તેવા પરિણામ થાય છે. ૧૦૯૧.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૨૮ ભાવાર્થ )

***

* ભયંકર મગરમચ્છ આદિ જળચર પ્રાણીઓ જેની અંદર ઊછળી રહ્યાં છે અને ભયાનક વડવાગ્નિ જેની અંદર વસે છે એવા ભયંકર સાગર મધ્યે આવી પડેલા વહાણમાંના માણસો પણ આપના સ્મરણથી નિર્ભયપણે જોખમાયા વગર તરીને પાર થઈ શકે છે. ૧૦૯૨.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક–૪૪ )

* રોગ અને જરા આદિરૂપ વિકાર વાસ્તવમાં મારા નથી, તે તો શરીરના વિકાર છે અને હું તે શરીરથી સંબદ્ધ હોવા છતાં પણ વાસ્તવમાં તેનાથી સર્વદા ભિન્ન છું. ઠીક છે – વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ સાથે આકાશનો મેળાપ થવા છતાં પણ તેમાં કોઈ પ્રકારનો વિકારભાવ ઉત્પન્ન થતો નથી. ૧૦૯૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદબોધ ચંદ્રોદય, શ્લોક–૨૩ )

* ખીર અને નીર મળેલાં હોવા છતાં, હંસલા સ્વભાવથી જ વગર–પરિશ્રમે ખીરને જ પીવે છે; તેમ સજ્જન જ્ઞાની–હંસ શાસ્ત્ર–સમુદ્રમાંથી ભેદજ્ઞાન વડે કેવળ આત્માના સદ્ગુણોને જ ગ્રહણ કરે છે. ૧૦૯૪.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૫૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અનાદિકાળથી આત્માની પાછળ પિશાચની માફક લાગી રહેલા ક્રોધાદિ પ્રબળ વેરીઓ તપના પ્રભાવથી તત્કાલ જીતી શકાય છે અને પ્રાણને સાટે પણ ન પ્રાપ્ત થાય તેવા દુષ્પ્રાપ્ય સમ્યક્ ગુણો શીઘ્ર પ્રગટ થાય છે તથા ભાવિમાં મોક્ષપુરુષાર્થની સ્વયમેવ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તો એ અનંત આતાપને શીઘ્ર સંહારવાવાળા તપ વિષે ક્યો વિવેકી પુરુષ ના રમે? રમે જ. વિવેકી અને કલ્યાણના પીપાસુ આત્માઓને માટે તપ એ એક આનંદદાયક ક્રીડાવન છે, ત્યાં ખેદ કે કલેષ શાનો હોય? ૧૦૯૫

( શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૪ )

* કારણ કે સર્વજ્ઞદેવો સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને અવિશેષપણે બંધનું સાધન કહે છે તેથી (એમ દ્ધિ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. ૧૦૯૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૦૩ )

* નિર્દય પુરુષોંકે દ્વારા ચલાયે હુએ વચનરૂપ શસ્ત્ર ઇસ પૃથ્વીતલ પર જીવોંકે મર્મકો તીક્ષ્ણ શસ્ત્રોંકે સમાન તત્કાલ છેદન કરતે હૈં, કયોંકી અસત્ય વચનકે સમાન દૂસરા કોઈ ભી નહીં હૈ. ૧૦૯૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯ શ્લોક-૨૬ )

* જે કેટલાય રાજા ભ્રૃકુટિની વક્રતાથી જ શત્રુઓને જીતી લે છે તેમના પણ વક્ષસ્થળમાં જેણે દ્રઢતાથી બાણનો આઘાત કર્યો છે એવા તે પરાક્રમી કામદેવરૂપ સુભટને જે શાંત મુનિઓએ શસ્ત્ર વિના જ સહેલાઈથી જીતી લીધો છે તે મુનિઓને નમસ્કાર હો. ૧૦૯૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક-૧ )

***

* પ્રશ્નઃ- સ્વ અને પરને છેતરનાર કોણ છે?

ઉત્તરઃ- માયા – છલકપટ (તે આત્મવંચિકા છે.) ૧૦૯૯.

( અપરા પ્રશ્નોત્તર રત્ન માલિકા, ગાથા-૧૧ )

* જેમ ખાજના રોગથી પીડિત થયેલો પુરુષ આસકત બની ખજવાળવા લાગે છે, પીડા ન થતી હોય તો તે શા માટે ખજવાળે? તેમ ઈન્દ્રિયરોગથી પીડિત થયેલા ઈંદ્રાદિક દેવો આસકત બની વિષયસેવન કરે છે. પીડા ન હોય તો તેઓ શા માટે વિષયસેવન કરે? ૧૧૦૦.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૩, પાનું -૫૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સત્પુરુષોકી સંગતિસે ઉત્પન્ન હુઆ મનુષ્યોંકા વિવેક મિથ્યાત્વાદિ પર્વતોંકે ઊંચે શીખરોંકો ખંડ-ખંડ કરનેકે લિયે વજ્રસે અધિક અજેય હૈ. ૧૧૦૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૨૪ )

* તિર્યંચગતિમાં જીવે હણાવું, બંધાવું વગેરે ઘણાં દુઃખો સહન કર્યા. (તે) કરોડો જીભથી કહી શકાતા નથી. અને ઘણાં માઠાં પરિણામોથી મરણ પામીને ભયાનક નરકરૂપી સમુદ્રમાં જઈ પડયો. ૧૧૦૨.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૧, શ્લોક-૮ )

* નિશ્ચયથી નિત્ય રહેવાવાળું દ્રવ્ય, કઈ અનિત્ય પર્યાયથી જુદું છે? અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળી કઇ પર્યાય, નિત્ય દ્રવ્યથી જુદી છે? આ જગતમાં નિત્ય રહેવાવાળું દ્રવ્ય, ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળા પર્યાયરૂપ સ્વ-અંશ વિના હોતું નથી અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળો અંશ, દ્રવ્ય વિના હોતો નથી. ૧૧૦૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ-૧૮, શ્લોક-૮ )

* જિનેન્દ્રભગવાનના ગુણરૂપી રત્નોનો મહા ભંડાર પામીને પણ મિથ્યાત્વ કેમ ન જાય? - એ મહાન આશ્ચર્ય છે. અથવા, નિધાન પામવા છતાં પણ કૃપણ પુરુષ તો દરિદ્ર જ રહે છે - એમાં શું આશ્ચર્ય છે? ૧૧૦૪.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૨૫ )

***

* બુદ્ધિમાનોંકો સદા સુખદાઈ સત્સંગતિ હી કરના યોગ્ય હૈ, ઉસીસે હે ગુણરહિત પુરુષ ભી મહાનપનેકો પ્રાપ્ત હો જાતા હૈ. ૧૧૦૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૭૦ )

* જીવ, કર્મોદયથી નિરંતર પોતાના સર્વ પ્રદેશોમાં વ્યાકુલ જ રહે છે. જેમ અગ્નિના યોગથી પોતાના સંપૂર્ણ અવયવોમાં ઉકળતું થકું જળ સ્પર્શ કરવાથી ઉષ્ણ માલુમ પડે છે. ૧૧૦૬.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૪૭ )

* વિષય-કષાયથી વિરકત થઇને મિથ્યાદ્દષ્ટિ જે ફળ પ્રાપ્ત કરે છે તેનાથી લાખગણું ફળ વિષય સંયુક્ત સમ્યગ્દ્દષ્ટિ સહજ જ પ્રાપ્ત કરે છે - એમ શી જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. ૧૧૦૭.

( શ્રી કુદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૭૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે ભવ્યજીવ અજ્ઞાનથી ભવસંસારમાં ફસાઇને અનેક પ્રકારનાં ઝંઝટોથી પ્રતિદિન દુઃખોનો શિકાર બનતો હતો તે આજે પોતાના સત્ય સ્વરૂનો સાક્ષાત્કાર થવાથી આનંદસમુદ્રમાં વિહરી રહ્યો છે. ૧૧૦૮.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૮ )

* જેને મન, નિર્ધનતા એ જ ધન છે, મૃત્યુ એ જ જીવન છે અને જ્ઞાન એ જ નેત્ર છે, એવા સત્પુરુષોને વિધિ અર્થાત્ કર્મ શું કરી શકે તેમ છે? અર્થાત્ કર્મ તેવા ધીરપુરુષો માટે વ્યર્થ છે. ૧૧૦૯.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૨ )

***

* જૈસે વિષય-સેવનરૂપી વિષ વિષયલુબ્ધ જીવોંકો વિષ-દુઃખ દેનેવાલા હૈ વૈસે હી ઘોર તીવ્ર સ્થાવર જંગમ સબ હી વિષ પ્રાણીયોંકા વિનાશ કરતે હૈં તથાપિ ઈન સબ વિષોમેં વિષયોંકા વિષ ઉત્કૃષ્ટ હૈ, તીવ્ર હૈ. ૧૧૧૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા-૨૧ )

* જે વીતરાગી મુનિરાજ અત્યંત તીક્ષ્ણ સમ્યગ્જ્ઞાન અર્થાત્ ભેદવિજ્ઞાનરૂપી છીણી નાખીને અંતરંગમાં ભેદ કરીને આત્માના વાસ્તવિક સ્વરૂપને વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શરૂપ દ્રવ્યકર્મથી અને રાગ-દ્વેષાદિરૂપ ભાવકર્મથી ભિન્ન કરીને પોતાના આત્મામાં પોતા માટે આત્મા વડે આત્માને સ્વયં પોતાથી ગ્રહણ કરે છે ત્યારે ગુણ-ગુણી – જ્ઞાતા-જ્ઞાનનો આત્મામાં જરાપણ વિકલ્પ રહેતો નથી. ૧૧૧૧.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૬, શ્લોક-૮ )

***

* જે ધર્માત્મા દાતાઓથી આપવામાં આવતાં દોષ રહિત ભોજનમાત્રને ગ્રહણ કરીને પણ લજ્જાને પામે છે તે સંયમધારી યતિ શું સંયમને નાશ કરવાવાળા પરિગ્રહને ગ્રહણ કરે? ( કદાપિ નહિ. ) ૧૧૧૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૦૪ )

* હે નાથ! જે પ્રમાણે સૂર્યના કિરણોથી ત્રણ જગતમાં ફેલાયેલા ભમરા સમાન કાળો અંધકાર નષ્ટ થઈ જાય છે, તે પ્રમાણે આપની સ્તુતિ કરવાથી જન્મોજન્મમાં એકઠાં થયેલાં જીવોના પાપો ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે. ૧૧૧૩.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૭ )

* અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમના કારણભૂત દાન-પૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને અહિત સમજે છે. સમ્યગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત નિશ્ચયરત્નત્રયપરિણત પરમાત્મદ્રવ્યને જ હિત સમજે છે અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વ રાગાદિ-પરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે. ૧૧૧૪.

( શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૨૫ )

* સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ પણ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે અર્થાત્ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આનાથી વિપરીત જો રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન પણ હોય તોય તે કદી સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. યોગ્ય જ છે – સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત મનુષ્ય જો ચાલવામાં મંદ પણ હોય તોય તે ધીરે ધીરે ચાલીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે પણ અનાથી વિપરીત જે અન્ય મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ખૂબ ઝડપી હોય તો પણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. ૧૧૧૫

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ અધિ. -૧ શ્લોક-૭૪ )

***

* જે અવિનાશી આત્માને શરીરથી ભિન્ન જાણતો નથી તે ઘોર તપશ્ચરણ કરવા છતાં મોક્ષ પ્રાપ્ત કરતો નથી. ૧૧૧૬.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૩ )

* જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરક્ત છે તે સમ્યગ્દષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરક્ત થઇને મોક્ષનું સાધન કરો! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે જ ગંગાસ્નાન સમાન છે અને મન મિથ્યાત્વ, વિષય-કષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી. ૧૧૧૭.

( શ્રી બનારસીદાસજી, નાટક – સમયસાર, બંધદ્વાર-પ૬-૧૨ )

* વચનકી શુદ્ધિ સત્ય બોલનેસે હૈ. મનકી શુદ્ધિ તત્ત્વજ્ઞાનસે હૈ, કાયકી શુદ્ધિ ગુરુકી સેવામેં હૈ. યહ અનાદિકાલકી સનાતન શુદ્ધિ હૈ. ૧૧૧૮.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૧૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિનકી ભૌંહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રસે બ્રહ્મલોક પર્યંતકા યહ જગત ભયભીત હો જાત હૈ, તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ પૃથ્વીકે દબનેમાત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં, ઐસે ઐસે સુભટોંકો ભી, જિનકી કિ અબ કહાની માત્ર હી સુનનેમેં આતી હૈ, ઇસ કાલને ખા લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી ભારી આશા રખતા હૈ, યહ કૈસી બડી ભૂલ હૈ! ૧૧૧૯.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, અશરણ ભાવના, સર્ગ-૨, શ્લોક-૧૫ )

* જીવ અનાદિનો અવિદ્યામાં ખૂંતી રહ્યો છે, મોહની અત્યંત નિબિડ ગાંઠ પડી છે માટે સ્વપદની ભૂલ થઇ છે, ભેદજ્ઞાન અમૃતરસ પીએ ત્યારે અનંતગુણધામ-અભિરામની અનંતશક્તિનો અનંત મહિમા પ્રગટ કરે, એ આ બધાય કથનનું મૂળ છે. ૧૧૨૦.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું -૯૨ )

***

* મંદકષાયરૂપ પરિણમેલો જીવ પુણ્યને બાંધે છે, માટે પુણ્યબંધનું કારણ મંદકષાય છે, પણ વાંછા પુણ્યબંધનું કારણ નથી. પુણ્યબંધ મદકષાયથી થાય છે અને તેની વાંછા છે તે તો તીવ્રકષાય છે માટે વાંછા કરવી નહિ. નિર્વાંછક પુરુષને પુણ્યબંધ થાય છે. લૌકિકમાં પણ કહે છે કે જે ચાહના કરે તેને કાંઈ મળતું નથી અને ચાહ વિનાનાને ઘણું મળે છે, માટે વાંછાનો તો નિષેધ જ છે. ૧૧૨૧.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૧૨ )

***

* નિજ શુદ્ધાત્માકે દર્શનમેં જો અનંત અદ્ભુત સુખ મુનિ-અવસ્થા મેં જિનેશ્વરદવોંકે હોતા હૈ, વહ સુખ વીતરાગભાવકો પરિણત હુઆ મુનિરાજ નિજ શુદ્ધાતમ સ્વભાવકો તથા રાગાદિ રહિત શાંત ભાવકો જાનતા હુઆ પાતા હૈ. ૧૧૨૨.

( શ્રી યોગેન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૧૧૮ )

* દાનયોગ્ય સંપત્તિ હોવા છતાં અને પાત્ર પણ પોતાના ઘર સમીપે આવવા છતાં જે મનુષ્યની બુદ્ધિ દાન માટે ઉત્સાહિત થતી નથી તે દુર્બુદ્ધિ ખાણમાંથી પ્રાપ્ત થયેલ અતિશય મૂલ્યવાન રત્ન છોડી દઇને પૃથ્વીનું તળીયું વ્યર્થ ખોદે છે. ૧૧૨૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન – અધિકાર, શ્લોક – ૩૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સર્વથી ઉત્કૃષ્ટ સ્તુતિ અને નિંદાને યોગ્ય પરિસીમાને બે જ મનુષ્યો પામે છે, એક તો ચક્રવર્તીપણું છોડી આત્મકલ્યાણ સાધ્ય કરવાની ઇચ્છાથી વાસ્તવ્ય તપને અંગીકાર કરે છે તે, અને બીજો તપાદિ સંયમ દશાને વિષયોની આશાથી છોડે છે તે. ૧૧૨૪.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૪ )

***

* મુનિ હુઆ વહ તો બડા કાર્ય કિયા, તેરા યશ લોકમેં પ્રસિદ્ધ હુઆ પરંતુ ભલી ભાવના અર્થાત્ શુદ્ધાત્મત્ત્વકા અભ્યાસકે બિના તપશ્ચરણાદિ કરકે સ્વર્ગમેં દેવ ભી હુઆ તો વહાં ભી વિષયોંકા લોભી હોકર માનસિક દુઃખસે હી તપ્તામાન હુઆ. ૧૧૨૫.

( શ્રી કુંદકુંદ આચાર્ય, ભાવપાહુડ ગાથા-૧૨ )

* જે વાત અજ્ઞાની માને છે તે વાત તો સર્વ લોક માને જ છે; પરંતુ જે વાત જિનદેવ જ માને છે તે વાત તો કોઇ વિરલા જ માને છે. ૧૧૨૬.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૧૪૬ )

* ધ્યાન કરવાનું જેનું મન છે એવા સાધુને માટે સમસ્ત લોક ધ્યાનના આલંબનથી ભરેલ છે. વીતરાગી થઇને જે જે વસ્તુને દેખે છે તે તે વસ્તુ ધ્યાનનું આલંબન છે. સમસ્ત વિષય-કષાયનો નિગ્રહ કરીને પરમ સામ્યભાવ પ્રાપ્ત કરવા માટે ધ્યાન કરવામાં આવે છે. વીતરાગી મુનિને સમસ્ત પદાર્થમાં સામ્યભાવ પ્રગટ થાય છે, તેથી વીતરાગી મુનિને બધા જ પદાર્થો ધ્યાનનો વિષય છે. ૧૧૨૭.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૮૭૪ )

***

* સંસારમેં સર્વત્ર ઉત્પન્ન હુએ જીવોંકો ઉનકે દ્વારા પૂર્વભવમેં કિયા ગયા પુણ્ય-પાપ હી સુખ અથવા દુઃખ દેતા હૈ. ઉસે રોકના શક્ય નહીં હૈ. પ્રાણીયોંકો ઉનકા ભાગ્ય દ્વીપમેં, સમુદ્રમેં, પર્વતકે શિખર પર, દિશાઓંકે અંતમેં ઔર કૂપમેં ભી ગિરે રત્નકો મિલા દેતા હૈ. ઈસ સંસારમેં પુણ્યશાલી જીવોંકી વિપદા ભી સંપદા બન જાતી હૈ ઔર પાપકર્મકે ઉદયસે સંપદા ભી વિપદા બન જાતી હૈ. ૧૧૨૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૫૮-૩૫૯-૩૬૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઇને વિધિરૂપ મંત્રીએ તેને અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નર્કના જીવોને અધો ભાગમાં રાખ્યા, દેવોને ઊર્ધ્વ ભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તેનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે પૂર્ણ જતનથી મનુષ્ય-પ્રાણીને રાખ્યા. આટલા આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય-પ્રાણી મરણથી ન બચ્યાં. અહો! યમરાજ અત્યંત અલંઘ્ય છે. ૧૧૨૯.

( શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૭૫ )

***

* પરજીવોંકો વ્યવહારજ્ઞાનકી વૃદ્ધિકે લિયે ધર્મોપદેશ દેના, ઉસમેં ભી પરકે ઉપદેશકે બહાનેસે મુખ્યતાકર અપના જીવહીકો સંબોધના. વહ ઇસ તરહ હૈ કિ પરકો ઉપદેશ દેતે અપનેકો સમજાવે. જો માર્ગ દૂસરેંકો છુડાવે, વહ આપ કૈસે કરે? ઇસસે મુખ્ય સંશોધન અપના હી હૈ. પરજીવોંકો ઐસા હી ઉપદેશ હૈ, જો યહ બાત મેરે મનમેં અચ્છી નહીં લગતી, તો તુમકો ભી ભલી નહીં લગતી હોગી, તુમ ભી અપને મનમેં વિચાર કરો. ૧૧૩૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ અધિ. -૨, ગાથા-૮૩ )

* ભયથી શીઘ્રતાપૂર્વક ભાગનાર સમસ્ત જનસમૂહ દ્વારા જેનો માર્ગ છોડી દેવામાં આવે છે એવું વજ્ર પડતાં પણ જે મુનિઓ સમાધિથી વિચલિત થતા નથી તે જ્ઞાનરૂપી દીપક દ્વારા અજ્ઞાનરૂપી ઘોર અંધકારનો નાશ કરનાર સમ્યગ્દ્રષ્ટિ મુનિઓ શું બાકીના પરિષહો આવતાં વિચલિત થઇ શકે? કદિ નહિ. ૧૧૩૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અધિ-૧, શ્લોક-૬૩ )

***

* આ પ્રાણી, ધન-યૌવન-જીવન જળના બુદ્‌બુદની માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એ જ મોટું આશ્ચર્ય છે – એ જ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે.

* હે ભવ્ય જીવ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળી મહામોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર. જેથી તું ઉત્તમ સુખને પ્રાપ્ત થાય. ૧૧૩૨.

( સ્વામી કાર્તિક, બાર અનુપેક્ષા, ગાથા-૨૧-૨૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે નાથ! દુઃખમાં કે સુખમાં, વેરી પ્રત્યે કે બંધુવર્ગ પ્રત્યે, સંયોગમાં કે વિયોગમાં ઘરમાં કે જગંલમાં, સંપૂર્ણ મમત્વબુદ્ધિ દૂર થઇને મારું મન સદાય સમભાવી રહો. ૧૧૩૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૪ )

* અહંકાર યા ઘમંડ નિશ્ચયસે લોગોંકા નાશ કરનેવાલા હૈ, ઉસસે ઉન્નતિ નહીં હોતી હૈ. જૈસે જબ દીપક બુઝને લગતા હૈ તબ ઉસકી લૌ બઢ જાતી હૈ. ૧૧૩૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક- ૨૯૪ )

* * *

* વિનય જિનશાસનનું મૂળ છે. વિનયથી સંયમ, તપ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જે જીવ વિનયથી રહિત છે તેનો ધર્મ અને તપ વ્યર્થ છે. ૧૧૩૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ-આવશ્યક અધિકાર, ગાથા-૧૦૪ )

* સુખ આદિરૂપ 'હું સુખી છું-હું દુઃખી છું' ઇત્યાદિ 'અહં' પ્રત્યયગોચર સ્વસંવેદન પ્રત્યક્ષથી જીવનું અસ્તિત્વ જણાય છે. કારણ કે – જે જીવ નથી તે સ્વસંવેદન પ્રત્યક્ષવાળું પણ નથી જેમ સુપ્રસિદ્ધ ઘટ. ૧૧૩૬.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫ )

* * *

* યદિ ચક્ષુ યુદ્ધ ભાવસે આત્મજ્ઞાનોપયોગી પદાર્થોંકો દેખનેકો સન્મુખ હોતી હૈ, યદિ ચક્ષુ નિર્મલ આત્માકે સ્વભાવકો દેખનેમેં ઉદ્દેશ્યવાન હોતી હૈ, સંસારમાર્ગસે વિરકતપને જહાં ચક્ષુકા ઉપયોગ હોતા હૈ વહી યથાર્થ ચક્ષુદર્શન હૈ, યદિ શરીર વ શરીર સંબંધી વિષયભોગોંમેં ચક્ષુ રાગી હૈ તો ચક્ષુદર્શનાવરણ કર્મકા બંધ હોતા હૈ. ૧૧૩૭.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૫૯ )

* જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન છે અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉકત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે. ૧૧૩૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચયપંચાશત, શ્લોક-૧૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહો દેખો! અનેક મુનિગણોને સંસારસે ભયભીત હોકર પ્રબલ (તીવ્ર) તપાદિકસે ઉદયમેં લાકર સમસ્ત કર્મોકો શીઘ્ર હી નષ્ટ કર દિયા વે કર્મ યદિ ઉપસર્ગાદિકે નિમિત્તસે અપની સ્થિતિ પૂરી કરકે સ્વયં ઉદયમેં આયે હૈં તો અમૂલ્ય મોક્ષસુખકી સિદ્ધિકે લિયે ઉદ્યમ કરનેવાલે ધીરપુરુષોંકો મનોભિલાષાપૂર્વક કયા ઉપસર્ગાદિ નહિ સહને ચાહિયે? અર્થાત્ અવશ્ય હી સહને ચાહિયે. કયોંકિ જિન કર્મોકા તીવ્ર તપ કરકે નષ્ટ કરના હૈ વે સ્વયં સ્થિતિ પૂર્ણ કરકે ઉદયમેં આયે હૈં તો ઉનકા ફલ સહ લેનેસે સહજહીમેં ઉનકી નિર્જરા હો જાતી હૈ – સો યહ તો ઉત્તમ લાભ હૈ. સો હર્ષપૂર્વક સહના ચાહિયે. તભી મોક્ષસિદ્ધિકા ઉદ્ધમ સફલ હો સકતા હૈ. ૧૧૪૦

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૯, શ્લોક–૪૭ )

* સાધુઓંકે લિયે જો કર્મ સંસારકા બઢાનેવાલા હૈ ઉસે શીઘ્ર ઉદયમેં લાકર છેદના ઉચિત હૈ તબ ફિર અપને આપ હી ઉદયમેં આયે હુએ ઇસ કર્મકો નાશ કરનેમેં કયા પરિશ્રમ હૈ? યા કયા કઠિનતા હૈ? બલવાન વિજયકો ચાહનેવાલા પુરુષ જાકરકે જિસ શત્રુકો બલપૂર્વક મારતા હૈ યહ શત્રુ યદિ અપને આપ હી ઘરમેં આ ગયા તબ બુદ્ધિમાન વિના મારે નહીં છોડતે. ૧૧૪૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૯૧ )

* અબ સંસારકો છેદ કરનેવાલી ઉસ બોધિકો પાકર બુદ્ધિમાનકો એક ક્ષણમાત્ર ભી પ્રમાદ કરના ઉચિત નહીં હૈ. ૧૧૪૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૯૮ )

***

* આ સંસારમાં જેમ પાષાણને આધાર હોય તો ત્યાં ઘણો કાળ રહે છે પણ નિરાધાર આકાશમાં તો કદાચિત્ કિંચિત્માત્ર કાળ રહે છે, તેમ આ જીવ એકેન્દ્રિય પર્યાયમાં તો ઘણો કાળ રહે છે, પણ અન્ય પર્યાયમાં તો કદાચિત્ કિંચિત્માત્ર કાળ રહે છે. ૧૧૪૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ–૩, પાનું – ૬૮ )

* આત્માકો છોડકર જ્ઞાનિયોંકો અન્ય વસ્તુ અચ્છી નહીં લગતી ઇસલિયે પરમાત્મપદાર્થકો જાનનેવાલોંકો મન વિષયોંમેં નહીં લગતાં. ૧૧૪૪.

( શ્રી યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ, અધિ. –૨, ગાથા–૭૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થે કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવાં છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે ( વ્યવહારનય ) દર્શાવવો ન્યાયસંગત જ છે. ૧૧૪૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪૬ )

***

* હે જિનેન્દ્ર! ચર્મમય નેત્રથી પણ આપનાં દર્શન થતાં જે મહાન હર્ષ ઉત્પન્ન થાય છે તે ત્રણલોકમાં સમાતો નથી તો પછી જ્ઞાનરૂપ નેત્રથી આપના દર્શન થતાં કેટલો આનંદ પ્રાપ્ત થાય તે અમે જાણતા નથી. ૧૧૪૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક-૩ )

* હે બહિરાત્મન્! તું ક્રોધ, માન, મોહ આદિ દુર્ભાવોને તો દંડતો નથી અર્થાત્ ક્રોધાદિ ભાવોનું દમન કરતો નથી અને વ્રત તશ્ચરણ આદિ વડે માત્ર શરીરને જ દંડે છે, પરંતુ તેનાથી તારા કર્મોનો નાશ કદાપિ નહિ થાય. કારણ કે સર્પના બીલને મારવાથી સર્પ મરતો નથી. ૧૧૪૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૭૦ )

* સંસારની મનવાંછિત ભોગ-વિલાસની સામગ્રી અસ્થિર છે, તેઓ અનેક પ્રયત્નો કરવા છતાં પણ સ્થિર રહેતી નથી. એવી જ રીતે વિષય-અભિલાષાઓના ભાવ પણ અનિત્ય છે, ભોગ અને ભોગની ઈચ્છાઓ આ બંનેમાં એકતા નથી અને નાશવંત છે તેથી જ્ઞાનીઓને ભોગોની અભિલાષા જ ઉપજતી નથી. આવા ભ્રમપૂર્ણ કાર્યોને તો મૂર્ખાઓ જ ઇચ્છે છે, જ્ઞાનીઓ તો સદા સાવધાન રહે છે – પરપદાર્થોમાં સ્નેહ કરતાં નથી, તેથી, જ્ઞાનીઓને વાંછાં રહિત જ કહ્યાં છે. ૧૧૪૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૩૩ )

***

* મિથ્યાદ્રષ્ટિ જીવ મિથ્યાદર્શનના કારણથી માને છે કે હું સુખી, હું દુઃખી, હું ગરીબ, હું રાજા, મારાં રૂપિયા-પૈસા, મારું ઘર, ગાય, ભેંસ આદિ છે. વળી મારાં સંતાન, મારી સ્ત્રી, હું બળવાન, હું નિર્બળ હું કરૂપ, હું સુંદર, હું મૂર્ખ અને હું ચતુર છું. ૧૧૪૯.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૨, શ્લોક-૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પ્રશ્નઃ- આ સંસારમાં સારભૂત વસ્તુ કઈ છે? ( આ સસારમાં સારભૂત તત્ત્વ શું છે? )

* ઉત્તરઃ- બહુ બહુ વિચાર કરી આ નિશ્ચય કર્યો છે કે જ્યા સંપૂર્ણ તત્ત્વ દેખાયું હોય તેમ જ જ્યાં સ્વ-પરના હિતને માટે સદા તત્પર રહેવાનું હોય એવો મનુષ્યનો જન્મ સારભૂત તત્ત્વ છે. ૧૧૫૦.

( શ્રીમદ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૬ )

***

* કોઇ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથાકાળના પુણ્યવંત નર ચક્રવર્તી આદિક તેમને હતો અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી. પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢુંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે; ત્યારે સ્વરૂપનાં પરિણામ કરે તો કોણ રોકે છે? પરપરિણામ સુગમ, નિજપરિણામ વિષમ બતાવે છે, દેખો અચરજની વાત! પોતે દેખે છે - જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી? સંસાર ચાતુરીનો ચતુર, પોતાને જાણવામાં શઠ, એવી હઠ-ધિઠતા પકડીને જ પરરતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવશુદ્ધિ વિસારી ભારે ભવબંધન કરી આંધળો બની, અંધ ધંધમાં ધાયો. પોતે ઓળખાયો નહિ. ૧૧૫૧.

( શ્રી અનુભવપ્રકાશ, દીપચંદજી, પાનું -૫૭ )

* જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યુ હોય એવા વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, બહાર જ લોટે છે - અંદર પ્રવેશ કરતો નથી, તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી. ૧૧૫૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૪૮ )

* ઇસ સંસારરૂપી ઉગ્ર મરુસ્થલમેં દુઃખરૂપ અગ્નિસે તપ્તાયમાન જીવોંકો યહ સત્યાર્થ જ્ઞાન હી અમૃતરૂપ જલસે તૃપ્ત કરનેકો સમર્થ હૈ. ભાવાર્થ- સંસારકે દુઃખ મિટાનેકો સમ્યગ્જ્ઞાન હી સમર્થ હૈ. ૧૧૫૩.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૭, શ્લોક-૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં કેવળ મોક્ષ પુરૂષાર્થ જ સમીચીન (બાધા રહિત) સુખ યુક્ત હોઈને સદા સ્થિર રહે છે. બાકીના ત્રણ પુરુષાર્થ તેનાથી વિપરીત (અસ્થિર) સ્વભાવવાળા છે. તેથી તે મુમુક્ષુજનોએ છોડવા યોગ્ય છે. તેથી જે ધર્મ પુરુષાર્થ ઉપયુક્ત મોક્ષ પુરુષાર્થનો સાધક થાય છે તે જ આપણને ઇષ્ટ છે, પરંતુ જે ધર્મ કેવળ ભોગાદિનું જ કારણ થાય છે તેને વિદ્વાનો પાપ જ સમજે છે. ૧૧૫૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત ઉદ્યોતન, શ્લોક-૨૫

***

* દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ પ્રકારના ભાવો, બારપ્રકારની અધ્રુવ વગેરે વૈરાગ્ય અનુપેક્ષાઓ અને પાર વગરના પરિષહોનો વિજય ત્યારે સંભવે છે જ્યારે પોતામાં નિજાત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો હોય – તેના વગર એ બધું અસંભવ જાણો. ૧૧૫૫.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૪૩)

* જેવી રીતે સરોવરનું જળ સ્થિર થવાથી અંદર પડેલું રત્ન નિશ્ચયથી દેખાય છે, તેવી રીતે મનરૂપી જળ સ્થિર થવાથી નિર્મલભાવમાં પોતાનો આત્મા દેખાય છે (અનુભવમાં આવે છે.) ઇન્દ્રિયોના વિષયોથી રહિત નિર્મળ વીતરાગ સ્વભાવવાળું એવું પોતાનું આત્મતત્ત્વ દેખવામાં (અનુભવવામાં) આવે છે ત્યારે ક્ષણાર્ધમાં (અડધી ક્ષણમાં) યોગીને દેવત્વ-સર્વજ્ઞત્વ પ્રગટ થાય છે. ૧૧૫૬.

(શ્રી દેવસેનાચાર્ય, તત્ત્વસાર, ગાથા-૪૧-૪૨)

* નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (-સમાધિ, ધ્યાન) છે. ૧૧૫૭.

(શ્રી કુંદકુંદાચાર્ય સમયસાર ગાથા-૨૭૭)

***

* ધીરજ જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, પરમાર્થ જેનો મિત્ર છે, તત્ત્વરુચિ જેની માસી છે, જ્ઞાન સુપુત્ર છે, કરુણા પુત્રી છે, મતિ પુત્રવધૂ છે, સમતા જેની સખી છે, ઉદ્યમ દાસ છે, વિવેક બંધુ છે, બુદ્ધિ પત્નિ છે, પુણ્યોદય જેની દાસી છે- આવું ભાવકુટુંબ જેની પાસે છે તેવા સદ્‌ગુણવંતને સાચા ગૃહવાસી કહીએ છીએ. ૧૧૫૮.

(શ્રી બનારસીદાસજી, બનારસી વિલાસ, સવૈયા-૨૩)

* એક બાજુ દિવ્ય ચિંતામણિ છે, અને બીજીબાજુ ખલીનો (ખોળનો) ટુકડો છે; જો ધ્યાન દ્વારા બન્ને મળી શકે તેમ છે, તો વિવેકી જનો કોનો આદર કરશે? ૧૧૫૯.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા–૨૦)

* શ્રુતના બે ભેદ છેઃ એક અંગુશ્રુત તથા બીજું બાહ્યશ્રુત, તેમાં અંગશ્રુત બાર પ્રકારનું શ્રી જિનેન્દ્રભગવાને કહ્યું છે તથા બાહ્યશ્રુતના અનંત ભેદ કહ્યાં છે, પરંતુ તે બન્ને શ્રુતમાં જ્ઞાન–દર્શનવાળો આત્મા જ ગ્રાહ્ય (ગ્રહણ કરવા લાયક) કહ્યો છે અને તેનાથી જુદા સમસ્ત પદાર્થો હેય (ત્યાગવા લાયક) કહ્યાં છે. ૧૧૬૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૨૬)

* શ્રી આચાર્યદેવ કહે છે કે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસારસમુદ્રથી તરવા માટે તે જહાજ છે. એક ભવ્ય જીવો જ તેને પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વને તે હણનાર છે. ૧૧૬૧.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૬ ગાથા–૫૯)

***

* જૈસે રત્નોંમેં પ્રવર (શ્રેષ્ઠ) ઉત્તમ વજ્ર (હીરા) હૈ ઔર જૈસે તરુગણ (બડે વૃક્ષ) મેં ઉત્તમ ગોસીર (બાવન ચંદન) હૈ, વૈસે હી ધર્મોંમેં ઉત્તમ ભાવિભવમથન (આગામી સંસારકા મથન કરનેવાલા) જિનધર્મ હૈ, ઈસસે મોક્ષ હોતા હૈ. ૧૧૬૨.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૮૨)

* અભિમાનરૂપી વિષને ઉપશાંત કરવા માટે અરિહંતદેવનું તથા નિર્ગ્રંથ ગુરુનું સ્તવન કરવામાં આવે છે, ગુણ ગાવામાં આવે છે, પરંતુ અરેરે! તેનાથી પણ જો કોઈ માન પોષે તો તે મોટો અભાગી છે. ૧૧૬૩.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૧૪૪)

* જે જીવ દ્રવ્યથી નિવૃત્ત છે તે વ્યવહારીઓ દ્વારા પૂજાને પ્રાપ્ત થાય છે. જે જીવ ભાવથી નિવૃત્ત છે તે મુમુક્ષુઓ દ્વારા પૂજાને પ્રાપ્ત થાય છે. ૧૧૬૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૫૬)

* ધનાદિની વૃદ્ધિ અને નિર્ધનાવસ્થાનો નાશ કરનારા જીવોને લોકો ચતુર કહે છે. તથા નિર્ધનાવસ્થાની વૃદ્ધિ અને ધનાદિનો નાશ થવાથી તેને મૂર્ખામાં ગણે છે. લોકોની ઉપરોક્ત માન્યતા તદન ભૂલ ભરેલી છે કારણ કે એ તો પૂર્વોપાર્જિત શુભાશુભ પ્રારબ્ધોદયથી થાય છે. સર્વ જીવોને એવી હાની – વૃદ્ધિ તથારૂપ પ્રારબ્ધોદય વડે સ્વયમેવ થઈ રહી છે. એવી હાની-વૃદ્ધિમાં જીવનું કાંઇ પણ અવિશેષ કે વિશેષપણું નથી. ૧૧૬૫.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૪૮ )

* જે સર્વજ્ઞના પણ વચનમાં સંદેહ કરીને પોતાની બુદ્ધિથી તત્ત્વના વિષયમાં અન્યથા કાંઇક કલ્પના કરે છે તે અજ્ઞાની પુરુષ નિર્મળ નેત્રોવાળા પુરુષ દ્વારા જોવામાં આવેલ આકાશમાં વિહરતા પક્ષીઓની સંખ્યાની બાબતમાં વિવાદ કરનાર આંધળા સમાન આચરણ કરે છે. ૧૧૬૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પંચવિશતિ, અધિ. -૧, શ્લોક-૧૨૫ )

***

* યહ આત્મા સ્વયં સાક્ષાત્ ગુણરૂપી રત્નોંકા ભરા હુઆ સમુદ્ર હૈ તથા યહી આત્મા સર્વજ્ઞ હૈ, સર્વદર્શી હૈ, સબકે હિતરૂપ હૈ, સમસ્ત પદાર્થોમેં વ્યાપ્ત હૈ, પરમેષ્ઠી (પરમપદમેં સ્થિત ) હૈ ઔર નિરંજન હૈ અર્થાત્ જિસમે કિસી પ્રકારકી કાલિમા નહીં. હૈ. ૧૧૬૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૧, શ્લોક-૧ )

* જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઇષ્ટ લાગે છે, કૂતરાને ઉલટી જ દહીં સમાન રુચિકર હોય છે, કાગડાને લીમડાની લીંબોળી દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિક વાર્તાઓ ( ગપ્પા ) જ શાસ્ત્રની જે રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે, તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. ૧૧૬૮.

( શ્રી બનારસીદાસજી, બંધ દ્વાર, પદ-૨૧ )

* હે પ્રભાકર ! જો ધ્યાન કરતા હુઆ જિન શુદ્ધાત્માકે અવલોકનમેં અત્યંત સુખ તૂ પા સકતા હૈ, વહ સુખ તીનલોંકમેં ભી પરમાત્મદ્રવ્યકે સિવાય નહીં હૈ. ૧૧૬૯.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧, ગાથા-૧૧૬ )

* જો જીવ અપને માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર ઇનકો છોડકર પરકે ઘર ઔર પુત્રાદિકમેં મોહ કરતે હૈં, અર્થાત્ અપના પરિવાર છોડકર શિષ્ય-શાખાઓમેં રાગ કરતે હૈં, વે ભુજાઓંસે સમુદ્રકો તૈરકે ગાયકે ખુરસે બને હુએ ગઢેકે જલમેં ડૂબતે હૈં. કૈસા હૈ સમુદ્ર? જિસમેં જલચરોંકા સમૂહ પ્રગટ હૈં, ઐસે અથાહ સમુદ્રકો તો બાહોંસે તિર જાતા હૈ, લેકિન ગાયકે ખુરકે જલમેં ડૂબતા હૈ, યહ બડા અચંભા હૈ. ઘરકા હી સંબંધ છોડ દિયા તો પરાયે પુત્રોંસે કયા રાગ કરના? નહીં કરના. ૧૧૭૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૯૧ )

* જીવના પરિણામનો કર્મની સાથે કારણ-કાર્ય-ભાવ છે. કર્મ અને ચેતન ( જીવાત્મા ) માં આ કાર્ય-કારણભાવ કદી વિદ્યમાન નથી. ૧૧૭૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિકાર-૩, ગાથા-૧૦ )

* જેવી રીતે રત્નાકર એટલે સમુદ્રમાં અનેક રત્નો હોય છે, તેવી રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રવચનરૂપ સમુદ્રમાં પરમાત્માનાં નામરૂપી અનેક રત્નોનાં સમૂહ ભરપૂર વિદ્યમાન છે. તેમાંથી સારી રીતે પરીક્ષા કરીને સર્વમાં ઉત્તમ અને અમૂલ્ય એવું આ શુદ્ધ ચિદ્રૂપ નામનું રત્ન મેં ગ્રહણ કર્યું છે. ૧૧૭૨.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધિ. -૪, ગાથા-૯ )

***

* જગત વિષૈં દોય હી પદાર્થ હૈ, દૈવ અર પુરુષાર્થ. સો દૈવ હી પ્રબલ હૈ, જે પુરુષાર્થકા ગર્વ કરૈ હૈં તિનકું ધિક્કાર! જો પુરુષાર્થ હી પ્રબલ હોય તો મૈં વાસુદેવ ઉઘડી ખડગ સમાન તેજસ્વી મેરે પુત્રકૂં શત્રુ કૈંસે લે જાય. ૧૧૭૩.

( પદ્યુમન હરણના પ્રસંગે નિકળેલાં શ્રીકૃષ્ણના ઉદ્ગાર )

( શ્રી હરિવંશ પુરાણ, પાનું- ૪૩૭ )

* તરહ તરહકે આરંભોમેં લીન બડે બડે મનુષ્યોંકે દ્વારા એકત્ર કરકે કઠિનતાસે પ્રાપ્ત કરને યોગ્ય ઐસા ભી જો પરિગ્રહ પ્રાણોંકે વિયોગ હોને પર તિનકેકે સમાન છોડ દેના પડતા હૈ. પરંતુ તૂ દુઃખોંકો ઉત્પન્ન કરનેવાલે ઉસ પરિગ્રહકો પહલે હી દૂસરે મન, વચન, કાય તીનોંસે છોડ દે. તૂ અપને ચિત્તકો વિષ્ટામેં પડે હુએ લાડુકો ઉઠાકર ફિર ફેંકકર હંસીકા સ્થાન મત બન. ૧૧૭૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૫૯ )

* આચાર્ય કહે છે કે જે અત્યંત દુઃખદાયક છે, જાણે જમનો ભાઈ છે, જેનાથી સ્વર્ગ, મધ્ય અને પાતાળ-ત્રણલોકના જીવોના તન-મન કાંપ્યા કરે છે, એવા અસાતા કર્મના ઉદયમાં અજ્ઞાની જીવ નિરાશ થઇ જાય છે. પરંતુ જ્ઞાની જીવના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે, તે આત્મબળથી બળવાન છે, તેનું જ્ઞાનરૂપી શરીર અવિનાશી છે, તે પરમ પવિત્ર છે અને સાતભયથી રહિત નિઃશંકપણે વર્તે છે. ૧૧૭૫.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫૬-૪૭ )

* જ્યાં અભ્યંતર ચિત્ત મેલું છે ત્યાં બહારના તપથી શું ફાયદો ? માટે હે ભવ્ય ! ચિત્તમાં કોઈ એવા નિરંજન તત્ત્વને ધારણ કર- કે જેથી તે મેલથી મુક્ત થઇ જાય. ૧૧૭૬.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૬૧ )

***

* આ જગતમાં જે આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પોતાની બુદ્ધિ નિશ્ચળ રાખે છે તે કદાચિત્ પૂર્વના પાપકર્મના ઉદયથી દુઃખિત પણ હોય અને એકલો પણ હોય તોપણ ખરેખર પ્રશંસનીય હોય છે. અને એથી ઊલટું, જે જીવ અત્યંત આનંદને દેનાર એવો સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી બાહ્ય છે અને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવો મિથ્યાદષ્ટિ મનુષ્યો ભલે ઘણા હોય અને વર્તમાનમાં શુભકર્મના ઉદયથી પ્રસન્ન હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી. માટે ભવ્ય જીવોએ સમ્યગ્દર્શન ધારણ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઇએ. ૧૧૭૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રતોદ્યોતન, શ્લોક-૨ )

* શ્રી જિનેન્દ્રભગવાનને સમ્યગ્દર્શનકે પ્રકાશકા માહાત્મ્ય વર્ણન કિયા હૈ. સમ્યગ્દર્શનકા ઉદય હી મોક્ષકે સાધન સહિત હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકે વિના મોક્ષકા સાધન નહીં હો સકતા હૈ. સમ્યગ્દર્શનકે પ્રકાશમેં હી રમણ કરના ચાહિયે, વહી સાધન હૈ, ઉસીકે ઉપાયસે આત્મારૂપી કમલકા વિકાસ હોતા હૈ. ૧૧૭૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું- ૭૬ )

* જો કે કર્મરૂપી કીચડ અત્યંત નિર્મળ એવા મારા આત્માને ખૂબ મલિન કરે તો પણ મને કોઈ ભય નથી; કારણ કે નિશ્ચયથી સ્વ-પરનું ભેદજ્ઞાન કરનાર જ્ઞાનરૂપી કતકફળ મારી પાસે મૌજુદ છે. ૧૧૭૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, ગાથા-૨૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ચિંતામણિરત્નકે સમાન અભિલષિત પદાર્થોકો દેકર ધર્મકી પ્રભાવના કરનેવાલા, બુદ્ધિમાનોંકે દ્વારા પૂજ્ય ધન્ય પુરુષ ઇસ સંસારમેં દુર્લભ હૈ. જૈનશાસનકી પ્રભાવના કરનેમેં જિસકી રુચિ પ્રવર્તમાન હૈ માનો મુક્તિ ઉસકે હાથમેં હી સ્થિત હૈ ઐસા જિનાગમમેં કહા જાતા હૈ. ૧૧૮૦.

( શ્રી ગુણભદ્રાચાર્ય, મહાપુરાણ, ભાગ-૨, પાનું- ૫૫૭, ષટસપ્તતિમ પર્વ, શ્લોક-૪૨૧-૪૨૨ )

* યહ પ્રાણી શુભકે ઉદય વિષૈં સંપદાકૂં ભોગવૈ હૈં, વહ સંપદા પ્રચંડ પુરુષનિકે પ્રતાપકું ઉલંઘનહારી હૈ, જબ સુખકા ક્ષય હોય તબ આપદાકું ભજે હૈ, તાતેં ભવ્યજન સમ્પત્તિ વિપત્તિ દોઉ સમાન જાન મોક્ષકા કારણ જો જિન ભાષિત નિર્મલ તપ તાહિ આદરતૈ કરહું. ૧૧૮૧.

( શ્રી હરિવંશ પુરાણ, પાનું-૫૦૯ )

***

* પ્રશ્નઃ- પંડિત કોણ? – કે જે વિવેકી છે તે. ૧૧૮૨.

( આ પ્રશ્નોત્તરનું અવતરણ પરમાત્મપ્રકાશ અધ્યાય-૧, ગાથા-૧૪ની ટીકામાં ઉદ્ધત કરેલ છે. )

( શ્રી મદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૫ )

* સાધર્મીજનમાં વા પૂજ્ય પુરુષોમાં કર્મોદયવશ કોઈ દોષ જણાય તો તેને છુપાવે-ઉપદેશાદિકથી તે દોષ છોડાવે, પણ એમ ન કરે કે જેથી તેની અને ધર્મની નિંદા થાય. ધર્મ તથા ધર્માત્મામાંથી દોષનો અભાવ કરવો; ત્યાં છુપાવવું એ પણ અભાવ કરવા તુલ્ય છે અર્થાત્ જેને લોક ન જાણે તે અભાવ બરાબર જ છે. એ પ્રમાણે સમ્યગ્દષ્ટિને ઉપગૂહનગુણ હોય છે. ૧૧૮૩.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૧૮ )

* જે ધન પાત્રોના ઉપયોગમાં આવે છે તેને જ બુદ્ધિમાન મનુષ્ય શ્રેષ્ઠ માને છે કારણ કે તે અનંતગુણા સુખનું આપનાર થઇને પરલોકમાં ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ એનાથી વિપરીત જે ધનવાનનું ધન ભોગના નિમિત્તે નષ્ટ થાય છે તે નિશ્ચયથી નષ્ટ જ થઈ જાય છે અર્થાત્ દાનજનિત પુણ્યના અભાવમાં તે ફરી કદી પ્રાપ્ત થતું નથી. તેથી જ ગૃહસ્થોને સમસ્ત સંપત્તિઓના લાભનું ઉત્કૃષ્ટ ફળ દાનમાં જ પ્રાપ્ત થાય છે. ૧૧૮૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રત ઉદ્યોતન, શ્લોક-૧૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ કિસીને મુજે મારા ઔર જો મૈં રોષ નહિં કરું તો મરનેવાલેકી તો હાનિ હુઈ અર્થાત્ પાપબંધ હુઆ પરંતુ મેરે આત્માકે અર્થકી સિદ્ધિ હુઇ અર્થાત્ પાપ નહિ બંધા કિંતુ પૂર્વકે કિયે પાપોંકી નિર્જરા હુઈ, ઈસમેં કોઈ સંદેહ નહિ હૈ. ઔર મેરે કદાચિત્ રોષ ઊપજે તો મેરે દ્વિગુણ હાની હો. અર્થાત્ એક તો પાપબંધ હો દૂસરે પૂર્વ કર્મોંકી નિર્જરા નહીં હો. ઇત્યાદિ વિચાર કરૈ. ૧૧૮૫.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૯, શ્લોક-૩૩ )

∗ ઘણું શું કહીએ! જેમ રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન થાય તે જ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે, જેમ રાગાદિક મટાડવાનું જાણવું થાય તે જ જાણવું સમ્યગ્જ્ઞાન છે, જેમ રાગાદિક મટે તે જ આચરણ સમ્યક્ ચારિત્ર છે અને એવો જ મોક્ષમાર્ગ માનવો યોગ્ય છે. ૧૧૮૬.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર-૭, પાનું- ૨૧૮ )

∗ આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયલું દુઃખ આત્મજ્ઞાનથી શાન્ત થાય છે. તેમાં એટલે ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં જે પ્રયત્ન કરતા નથી તે ઉત્કૃષ્ટ-દુર્દ્ધર તપ કરવા છતાં નિર્વાણને પ્રાપ્ત કરતા નથી. ૧૧૮૭.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૪૧ )

∗ મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ -તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્ત્વ સહિત-પણાને લઇને છે. સમ્યક્ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે. ૧૧૮૮.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૫ )

∗ જીવ છેલ્લી - નવમી ગ્રૈવેયક સુધીનાં પદ અનંતવાર પામ્યો. છતાં સમ્યગ્જ્ઞાન પામ્યો નહિ; આવાં દુર્લભ સમ્યગ્જ્ઞાનને મુનિઓએ પોતાના આત્મામાં ધારણ કર્યું છે. ૧૧૮૯.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૫, શ્લોક-૧૩ )

∗ હે જીવ! તું ઘણું પઢયો.... પઢી-પઢીને તાળવું પણ સુકાઇ ગયું, છાં તું મૂર્ખ જ રહ્યો. એના કરતાં તો તે અક જ અક્ષરને પઢ કે જેનાથી શિવપુરીમાં ગમન થાય. ૧૧૯૦.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૯૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પ્રશ્નઃ- સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું ?

ઉત્તરઃ- સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે તેથી જેટલાં ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે તેથી સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્રૂપ કહ્યું છે. મિથ્યાદષ્ટિને મૂળ પદાર્થોની ખબર નથી તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે તે સર્વને પણ અયથાર્થરૂપ સાધે છે તેથી મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહીએ છીએ. ૧૧૯૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય, શ્લોક-૩૫ )

* * *

* દીવા વગર લોકો ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ઘરમાં ભરેલા અંધકારને ટાળી શકતા નથી; પણ એક નાનકડી વાટ સળગાવતાં તત્ક્ષણે જ તે અંધકાર દૂર થઇ જાય છે; તેમ જ્ઞાનપ્રકાશ વડે જ અજ્ઞાન- અંધકાર દૂર થાય છે, બીજા કોઈ ઉપાયથી નહીં. ૧૧૯૨.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૮૯ )

* પરમેશ્વર વીતરાગ છે. ભક્તિ કરવાથી પ્રસન્ન થઇ તે કાંઇ કરતાં નથી પણ ભક્તિ કરતાં જે મંદ કષાય થાય છે તેનું સ્વયં જ ઉત્તમ ફળ થાય છે, હવે કરણાનુયોગના અભ્યાસમાં તેનાથી (ભક્તિથી) પણ અધિક મંદકષાય થઇ શકે છે તેથી તેનું ફળ અતિ ઉત્તમ થાય છે. વળી વ્રત-દાનાદિક તો કષાય ઘટાડવાના બાહ્ય નિમિત્ત-સાધન છે કરણાનુયોગનો અભ્યાસ કરતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિક દૂર થાય છે તેથી તે અંતરંગ નિમિત્ત સાધન છે માટે તે વિશિષ કાર્યકારી છે. ૧૧૯૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ-૮, પાનું- ૨૯૨ )

* * *

* જેમ દઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણય નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તથા પ્રકારે સમજ્યો છે, તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશે અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ ને પ્રાપ્ત થતો નથી. ૧૧૯૪.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૦૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જૈસે પરદેશમેં સ્થિત કોઇ રામાદિક પુરુષ અપની પ્યારી સીતા આદી સ્ત્રીકે પાસસે આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ–ઉસકા સન્માન કરતા હૈ ઔર દાન કરતા હૈ, યે સબ કારણ અપની પ્રિયાકે હૈં, કુછ ઉસકે પ્રસાદકે કારણ નહીં હૈ. ઉસી તરહ ભરત, સગર, રામ, પાંડવાદિ મહાન પુરુષ વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષ–લક્ષ્મીકે સુખ અમૃતરસકે પ્યાસે હુએ સંસારકી સ્થિતિકે છેદનેકે લિયે વિષયકષાયકર ઉત્પન્ન હુએ આર્તરૌદ્ર ખોટે ધ્યાનોંકે નાશકા કારણ શ્રી પંચપરમેષ્ઠીકે ગુણોંકા સ્મરણ કરતે હૈં ઔર દાન–પૂજાદિક કરતે હૈં, પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજપરિણતિ પર હૈ, પરવસ્તુ પર નહીં હૈ. પંચપરમેષ્ઠીકી ભક્તિ આદિ શુભક્રિયાકો પરિણત હુએ ભરત આદિક હૈં, ઉનકે વિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ, જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ, તૃણ ભૂસાદિ પર નહીં હૈ. વિના ચાહા પુણ્યકા બંધ સહજમેં હી હો જાતા હૈ. વહ ઉનકો સંસારમેં નહીં ભટકા સકતા હૈ. વે તો શિવપુરીકે હી પાત્ર હૈં. ૧૧૯૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨, ગાથા–૬૧ )

***

* જે વિનય રહિત છે તેનો આગમ–અભ્યાસ વ્યર્થ છે. વિનય શાસ્ત્રઅભ્યાસનું ફળ છે. પુણ્યોદયજન્ય સાંસારિક સુખ તથા મોક્ષસુખ વિનયનું જ ફળ છે અથવા ગર્ભકલ્યાણ, જમકલ્યાણ, દીક્ષાકલ્યાણ, કેવળકલ્યાણ અને મોક્ષકલ્યાણ–એવા પાંચ કલ્યાણ જીવને વિનયથી જ પ્રાપ્ત થાય છે. ૧૧૯૬.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, મૂલાચાર, પંચાચાર અધિકાર, ગાથા–૨૧૧ )

* સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં ( સમ્યક્ત્વ ) ઉત્તમ યોગ છે, કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ઋદ્ધિઓમાં પણ ( સમ્યક્ત્વ ) મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ ? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. ૧૧૯૭.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૩૨૫ )

***

* જેને અન્ય કોઇ પણ પ્રયોજનની અપેક્ષા–જરૂરિયાત મટી ગઈ છે, માત્ર ગુણ–દોષને વિષે જ ગ્રહણ–ત્યાગ વર્તે છે, તે જ પુરુષ જ્ઞાનીઓમાં પ્રધાન–શ્રેષ્ઠ છે. ૧૧૯૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૪૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે સરસ્વતી–જિનવાણી માતા! તમારા વિના આ મનુષ્ય આંખો સહિત હોવા છતાં પણ વિદ્વાનો દ્વારા અંધ જ ગણાય છે. તેથી ત્રણલોકના પ્રાણીઓને યથાર્થ તત્ત્વનું દર્શન કરાવવામાં તમે અનુપમ નેત્ર સમાન છો. ૧૧૯૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક–૧૫ )

* ગૂંગાપન, બુદ્ધિકી વિકલતા, મૂર્ખતા, અજ્ઞાનતા, બધિરતા તથા મુખમેં રોગ હોના ઇત્યાદિ જો સબહી જીવોંકે હોતે હૈં વે અસત્ય વચન બોલનેકે પાપહી સે હોતે હૈં. ૧૨૦૦.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનર્ણવ, સર્ગ–૯, શ્લોક–૩૪ )

* હું બીજાઓથી – અધ્યાપકાદિથી જે કાંઈ શીખવવા યોગ્ય છું તથા બીજાઓને – શિષ્યાદિકને હું જે કાંઈ શીખવું તે મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે; કારણ કે (વાસ્તવમાં) હું નિર્વિકલ્પક અર્થાત્ વચન–વિકલ્પોથી અગ્રાહ્ય છું. ૧૨૦૧.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૧૯ )

***

* જિનેન્દ્ર ભગવાનનું અત્યંત તીક્ષ્ણ ધારવાળું અને દુઃસાધ્ય નયચક્ર ધારણ કરવામાં આવતાં મિથ્યાજ્ઞાની પુરુષોના મસ્કને શીઘ્ર જ ખંડ ખંડ કરી દે છે. ૧૨૦૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પુરુષાર્થસિદ્ધ–ઉપાય, ગાથા–૫૯ )

* હે ભાઈ! જો પોતાની શક્તિની હીનતાને કારણે તું તપશ્ચરણ નથી કરતો, વિશેષ નથી ભણતો કે નથી વિચારતો, તેમ જ નથી દાન કરતો, તો ભલે ન કરી શકે, પરંતુ એક સર્વજ્ઞ વીતરાગદેવની શ્રદ્ધા તો દઢ રાખ; કેમ કે જે કાર્ય કરવા માટે એકલા અરહંત ભગવાન સમર્થ છે તે કાર્ય કરવા તપશ્ચરણાદિ કોઇ પણ સમર્થ નથી. ૧૨૦૩.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, શ્લોક–૨ )

* સમ્યગ્દષ્ટિ જીવ અનેક પ્રકારનાં કર્મનાં ઉદયફળ ભોગવે છે, પરંતુ અભ્યંતર શુદ્ધ સ્વરૂપને અનુભવે છે, તેથી કર્મના ઉદયફળમાં રતિ ઉપજતી નથી, ઉપાધિ જાણે છે, દુઃખ જાણે છે, તેથી અત્યંત લૂખો છે; આવા જીવને કર્મનો બંધ થતો નથી તે લૂખા પરિણામોનું સામર્થ્ય છે એમ જાણો. ૧૨૦૪,

( શ્રી રાજમલ્લજી, કશળટીકા, કળશ –૧૩૪ )

* જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે; જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે, અને કાયકલેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું – ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું – ચાલવું એ જ મૌનવ્રત છે. ૧૨૦૫.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર શ્લોક-૨૯ )

* * *

* કામ ઔર ધન હંમેશા નિર્મલ ધ્યાનકે રોકનેવાલે હૈં, મહાન દુષ્ટ હૈં, આત્માકે વેરી હૈં ઉન દોનોંકો છોડ દેના ચાહિયે તબ માનવોંકો સુખ પૈદા હોતા હૈં. ૧૨૦૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૦૯ )

* જેવી રીતે દાવાનળ દ્વારા સૂકાં અને લીલાં વૃક્ષો બળી જાય છે તેવી રીતે ધ્યાનના પ્રક્રમણથી – પ્રજ્વલનથી, પાકા-કાચા કર્મોના સમૂહ ભસ્મ થઇ જાય છે. ૧૨૦૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, ગાથા-૩ )

* હે દેવી ! જ્યારે તારી લક્ષ્મીની સ્તુતિ કરતાં શ્રુતકેવળીઓ પણ એ સ્વીકાર કરે છે કે ‘અમે સ્તુતિ કરવામાં અસમર્થ છીએ’ તો પછી મારા જેવા અલ્પજ્ઞ મનુષ્ય જે તારા વિષયમાં ‘જય’ અર્થાત્ ‘તું જયવંત હો’ એવા બે અક્ષર કહે છે તેને પણ સાહસ જ સમજવું જોઈએ. ૧૨૦૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૪ )

* * *

* કાળના નિમિત્તથી આ પુદ્ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે, સ્વયં મળે છે, સ્વયં વિખરાય છે, આપોઆપ પુદ્ગલ જોડાઈને વધે છે, આપોઆપ પુદ્ગલ છુટા પડીને ઘટી જાય છે. દેખો – આ પુદ્ગલનો પણ પોતાના પુદ્ગલની જાતિ સાથે તો સંબંધ છે. “પરંતુ આ જીવને એ પુદ્ગલો પણ ત્રણ કાળમાં ક્યારે ય સ્પર્શ્યા નથી, પુદ્ગલો આપોઆપ જ ખેલે છે.” ૧૨૦૯.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૦૩ )

* હે મન! તેરે દ્વારા જો અનેક પ્રકારકે ભોગ, ભોગ-ભોગ કરકે છોડે જા ચૂકે હૈં, અહો! બડે ખેદકી બાત હૈ કિ તૂ વાર વાર ઉનહી કો ઇચ્છા કરતા હૈ વે ભોગ તેરી ઇચ્છામેં અગ્નિ ડાલનેકે સમાન હૈ અર્થાત્ તૃષ્ણાકો બઢાનેવાલે હૈં. તૃષ્ણાકી બુદ્ધિકો રખનેવાલા ઐસા તૂ જો હૈ સો તેરી તૃપ્તિ ઉન ભોગોંસે કભી ભી નહીં હો સકતી હૈ. જૈસે કડી ધૂપસે તપ્તાયમાન સ્થાનમેં યા આગમેં તપાએ હુએ સ્થાનમેં કિસ તરહ વેલ ઉગ સકતી હૈ? ૧૨૧૦.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૧)

* તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ 'કોઇ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું' એમ વ્યાકુળ થઇને અનુકંપા કરે છે. જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહિ પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માની અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે,) સંકલેશના પરિત્યાગ વડે (-અશુભભાવને છોડીને) યથાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુઃખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે. ૧૨૧૧.

(શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય – ટીકા, ગાથા-૧૩૭)

***

* બુદ્ધિમાનોંકો સદા હી પ્રથમ સમ્યગ્દર્શનકા ઉપદેશ કરના ચાહિયે. યહ સમ્યગ્દર્શન આત્માકા શુદ્ધ સ્વભાવ હૈ. દર્શન જ્ઞાનમયી અવિનાશી નિશ્ચલ આત્માકા ગુણ સમ્યગ્દર્શન હૈ. ૧૨૧૨.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૭૫)

* અચેતન અનુપયોગી જડ દેખતું નથી, જાણતું નથી, એ તો પ્રસિદ્ધ છે. જો શરીર દેખતું – જાણતું હોય તો જીવ ગત્યાંતર થાય ત્યારે શરીર કેમ દેખતું નથી? માટે આ દેખવા – જાણવા વડે પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ નિશ્ચય કરી, સ્વરૂપને ચેતન માની, અચેતનનું અભિમાન તજવું એ મોક્ષનું મૂળ છે. ૧૨૧૩.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૪)

* ગુરુ વહ હૈ જો ગુપ્ત આધ્યાત્મિક તત્ત્વકા ઉપદેશ દેતે હો, ગુરુ વહ હૈ જિનકા આત્મા શુદ્ધ સ્વભાવધારી વીતરાગ હૈ. ગુરુમેં સમ્યગ્દર્શન વ સમ્યગ્જ્ઞાનકી પ્રધાનતા હૈ. જો દર્શનમોહકે ઉદયસે અંધા હૈ વહ કુગુરુકો ગુરુ માન લેતા હૈ. ૧૨૧૪.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૮૨)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહીં સોમ નામના રાજેશ્રેષ્ઠી કહે છે કે ભગવાન! આ વ્રતાદિ સંવરનાં કારણોમાં સંવર-અનુપ્રેક્ષા જ સારભૂત છે, તે જ સંવર કરશે, તો પછી વિશેષ વિસ્તારથી શો લાભ? ભગવાન નેમિચંદ્ર આચાર્ય કહે છે - ત્રિગુપ્તિ લક્ષણવાળી નિર્વિકલ્પસમાધિમાં સ્થિત મુનિઓને તેનાથી જ ( સંવર-અનુપ્રેક્ષાથી જ ) સંવર થઈ જાય છે પણ તેમાં અસમર્થ જીવોને અનેક પ્રકારે સંવરનો પ્રતિપક્ષી એવો મોહ ઉત્પન્ન થાય છે તે કારણે આચાર્યો વ્રતાદિનું વિસ્તાર-કથન કરે છે. ૧૨૧૫.

( શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્ય સંગ્રહ, ગાથા-૩૫ )

* હે ભગવાન! તમારા જે સ્તોત્રના વિષયમાં ઇન્દ્ર અશક્ત છે, ઈશ્વર ( મહાદેવ ) અનીશ્વર ( અસમર્થ ) છે તથા ધરણેન્દ્ર પણ અસમર્થ છેઃ તે તારા સ્તોત્રના વિષયમાં હું નિર્બુદ્ધિ કવિ ( કેવી રીતે ) સમર્થ થઈ શકું? અર્થાત્ થઇ શકું નહિ. તેથી ક્ષમા કરો. ૧૨૧૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક-૫૯ )

***

* જિનકા આત્મા સત્પુરુષોંકે સંસર્ગરૂપી અમૃતકે ઝરનેસે આર્દ્ર ( ભીંજા હુઆ-ગીલા ) રહતા હૈં ઉન પુરુષોંકે હી ભોગ સુલભ હોતે હૈં ઔર ઉનકે હી ઉન પ્રાપ્ત હુએ ભોગોંમેં તૃષ્ણાકી નિવૃત્તિ ( નિસ્પૃહતા ) હોતી હૈં. ૧૨૧૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૨૦ )

* જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ જ્યારે આત્મા અને શરીરના એકપણાને નયના વિભાગની યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે- અત્યંત નિષેધ્યું છે, ત્યારે, પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે? અવશ્ય પામે જ, કેવું થઇને? પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઇને. ૧૨૧૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૮ )

* જ્ઞાનીઓની કર્મથી ઉત્પન્ન થવાવાળી ક્રિયા બંધના નિમિત્તરૂપ થતી નથી એ તો દૂર રહો અર્થાત્ તેમાં તો કોઈ આશ્ચર્ય નથી પરંતુ આશ્ચર્ય તો એ છે કે તેમની જેટલી કોઈ ક્રિયા છે તે સર્વ ક્રિયા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરાના જ નિમિત્તરૂપ થાય છે. ૧૨૧૯.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી ઉત્તરાર્ધ, ગાથા-૨૩૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ લોકમાં નિત્ય ચંદ્ર-સૂર્યના ભ્રમણવત્, ગંગા નદીના પ્રવાહના વહનની માફક, વ્યવહાર-કાળની ગતિની માફક, દ્રવ્યના પર્યાયની માફક, લોકની નીચે ઘનવાત તનવાત વગેરે પવનોના નિરંતર ગમનોની માફક, ( સરોવરમાં ) કમળ આદિની નિરંતર ઉત્પત્તિ થયા કરે છે તેમ, આશ્ચર્ય કારક, શુદ્ધ આત્માનું નિરંતર સ્મરણ, મને મોક્ષરૂપ પરમ કલ્યાણની પ્રાપ્તિ માટે ( કલ્યાણપ્રદ ) થાઓ. ૧૨૨૦.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ. ૬, ગાથા-૫ )

* કામદવેદના બડા ભારી રોગ હૈ, સદા હી ઇસકા ઇલાજ કઠિન હૈ, સંસારકો બઢાનેમેં અતિશયરૂપ હૈ ઔર સાંસારિક દુઃખોંકો ઉત્પન્ન કરતા હી રહતા હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ૧૨૨૧.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૩ )

***

* અહીં ઉપદેશ કરીએ છીએ કે હે ભવ્ય! હે ભાઈ! અહીં સંસારના જે દુઃખો બતાવ્યાં તેનો અનુભવ તને થાય છે કે નહિ? તું જે ઉપાયો કરી રહ્યો છે તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમ જ છે કે નહિ? તથા સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં જ સુખ થાય એ વાત બરાબર છે કે નહિ? એ બધું વિચાર! જો ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટી સિદ્ધ અવસ્થા પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર! વિલંબ ન કર! એ ઉપાય કરતા તારું કલ્યાણ જ થશે! ૧૨૨૨.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ-૩, પાનું-૭૯ )

* જેમને ક્રોધાદિ વિકારભાવ વિદ્યમાન છે તે શું દેવ હોઇ શકે? અર્થાત્ તે કદાપિ દેવ હોઇ શકે નહિ. જ્યાં પ્રાણીઓની બાબતમાં દયા મુખ્ય નથી તેને શુ ધર્મ કહી શકાય? કહી શકાય નહિ. જોં સમ્યગ્જ્ઞાન નથી તે શું તપ અને ગુરુ હોઇ શકે છે? હોઇ શકે નહિ. જે સંપત્તિમાંથી પાત્રોને દાન આપવામાં આવતું નથી તે સંપત્તિ શું સફળ કોઇ શકે? અર્થાત્ ન હોઈ શકે. ૧૨૨૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૧૮ )

* હે જીવ! જો સભી જીવોંકે એક સ્વભાવવાલે નહીં જાનતાં, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહિ રહતા, જો સમભાવ સંસાર-સાગરકે તૈરનેકો નાવકે સમાન હૈ. ૧૨૨૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨. ગાથા-૧૦૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આત્મા અને કર્મ વચ્ચે ભેદજ્ઞાનની દઢ રેખા દોરવી જોઇએ, અર્થાત્ જેવું ભણ્યો તેવું કરવું જોઇએ; અને ચિત્તને જ્યાં–ત્યાં ભમાવવું ન જોઇએ, આમ કરે તેને આત્મામાંથી કર્મ દૂર જોઈ જાય છે. ૧૨૨૫.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગથા–૮૩ )

***

* પ્રશ્નઃ– બુદ્ધિમાન પુરુષે કોનાથી ડરવું જોઈએ ?

ઉત્તરઃ– બુદ્ધિમાન પુરુષે સંસારરૂપી ભયંકર અટવીથી ( કે જ્યાં જન્મ–મરણના ભયંકર દુઃખો સહેવા પડે છે તેનાથી ) ડરવું જોઇએ. ૧૨૨૬.

( શ્રીમદ્ રાજર્ષિ–અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક–૨૨ )

* હે નાથ ! જો પગથી માથા સુધી આખું શરીર મોટી મોટી લોઢાની સાંકળોથી ખૂબ મજબૂત જકડાઈ ગયું છે તથા કઠોર, તીક્ષ્ણ બેડીઓથી જેઓની જાંઘો ખૂબ ઘસાઈ રહી છે એવા લોકો પણ આપના નામરૂપી પવિત્ર મંત્રનું નિરંતર સ્મરણ કરવાથી બહુ જલ્દીથી એ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે. ૧૨૨૭.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક–૪૬ )

* જબ સમ્યગ્દર્શનકે હોતે હી આત્મજ્ઞાનકા અંકૂર પ્રગટ હોતા હૈ તબ હી હિતકારી આત્મજ્ઞાનકે સ્થાન ઉદય હોકર બઢને લગતે હૈં અર્થાત્ જૈસે અંકુરસે વૃક્ષ બઢતા હૈ વૈસે સમ્યક્ત્વ સહિત સમ્યગ્જ્ઞાનસે આત્મજ્ઞાનકા વૃક્ષ બઢતા જાતા હૈ. આત્મજ્ઞાનકી ગુફામેં રહના હી ગુપ્તિ હૈ. જહાં મન, વચન, કાય તીનોંકા નિરોધ હૈ. ઇસ આત્માનુભાવરૂપી ગુફાકે ભીતરસે ઉઠકર જ્ઞાનકા પ્રકાશ ફૈલતા જાતા હૈ અર્થાત્ આત્માનુભવનસે હી કેવલજ્ઞાન હોતા હૈ. ૧૨૨૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું–૨૦ )

***

* હે પ્રભાકર ભટ્ટ ! આગે કહે જાનેવાલે નયકે ભેદસે આત્મા સર્વગત ભી હૈ, આત્મા જડ ભી હૈ ઐસા જાનો, આત્માકો દેહકે બરાબર ભી માનો, આત્માકો શૂન્ય ભી જાનો, નયવિભાગસે માનનેમેં કોઈ દોષ નહીં હૈ, ઐસા તાત્પર્ય હૈ. ૧૨૨૯.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૧, ગાથા–૫૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જગતમાં અજ્ઞાની મનુષ્યો પણ પોતાને અહિતકારી વસ્તુઓમાં પ્રેમ ધરાવતાં નથી. જેઓ વિષય ભોગાદિમાં ફસાઇ રહ્યાં છે તેવા વિષયાદિમાં ફસાઇ રહેલાં મનુષ્યો પણ જે વસ્તુઓને અહિતકારી સમજે છે તેને તુરત જ છોડી દે છે. જુઓ સ્ત્રી એ તેમને અત્યંત પ્રિય વસ્તુ છે પણ જો એક વખત જાણવામાં આવે કે આ સ્ત્રી મને છોડી કોઇ અન્યને ચાહે છે, અન્યથી રમે છે, તો તે જ વખતે તેને તે છોડી દે છે. પણ તું તો વિષયોની ભયંકરતા સાક્ષાત્ અનુભવ કરી ચૂક્યો છે, એકવાર નહિ પણ વારંવાર અનેક ભવોમાં એ જ કડવો અનુભવ કરતો આવ્યો છે, તોપણ તેથી તું કેમ વિરકતચિત્ત થતો નથી? ભોજનમાં વિષ છે એમ માલુ પડયા પછી ક્યો વિવેકી મનુષ્ય તેને ગ્રહણ કરે? વિષયો એ વિષથી પણ ભયંકર દુઃખપ્રદ છે, છતાં તું એ જ વિષયફંદમાં પડવા ઇચ્છે છે? ૧૨૩૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૨ )

***

* ઇસ સંસારરૂપી રંગભૂમિ પર યહ જીવ નાના પ્રકારકે શરીરરૂપ વેશ ધારણ કર નટકી તરહ નાટય લીલા કરતા હૈ. જિસપ્રકાર રંગભૂમિમેં નટ અનેક પ્રકારકે ચિત્ર-વિચિત્ર પાત્રોંકે રૂપ ધારણ કર ઉન્હીં જૈસી ચેષ્ટા કરતા હૈ ઔર દર્શકલોગોંકો વાસ્તવિકકી સી ભ્રાંતિ કરા દેતા હૈ, ઉસીપ્રકાર યહ જીવ ભી જન્મરણરૂપ ઈસ સંસાર રંગભૂમિ પર મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ ઇન ગતિયોંમેં નાના પ્રકારકી એકેન્દ્રિયાદિ જાતિયોંમેં જન્મ લેકર નાના પ્રકારકી શુભ-અશુભભાવરૂપ ચેષ્ટા કરતા હુઆ અપને પૂર્વોપાર્જિત નાના પ્રકારકે કર્મોંકા સુખ-દુઃખ ફલ ભોગતા હુઆ ભ્રમણ કરતા હૈ, જબ જિસ પર્યાયકો ધારણ કરતા હૈ ઉસ સમય ઉસસે તન્મય હોકર મૈં ઉસ પર્યાયરૂપ હી હૂં ઐસા ભ્રમસે માનતા હૈ. ૧૨૩૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૫૨ )

***

* હે આત્મન્! જો તુજે સંસારકે ચક્રમેં ડાલતે હૈં, વ તેરે બાંધવ (હિતૈષી) નહીં હૈ, કિંતુ જો મુનિગણ (ગુરુમહારાજ) તેરે હિતકી વાંછા કરકે બંધુતા કરતે હૈં અર્થાત્ હિતકા ઉપદેશ કરતે હૈં, સ્વર્ગ તથા મોક્ષકા માર્ગ બતાતે હૈં વ હી વાસ્તવમેં તેરે સચ્ચે ઔર પરમ મિત્ર હૈં. ૧૨૩૨.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨ શ્લોક-૨૨ )

* જો મનુષ્યની પાસે ત્રણે લોકને વશીભૂત કરવા માટે અદ્વિતીય વશીકરણમંત્ર સમાન દાન અને વ્રત આદિથી ઉત્પન્ન થયેલ ધર્મ વિદ્યમાન હોય તો એવા કયા ગુણ છે જે તેના વશ ન થઇ શકે? તે કયું સુખ છે જે તેને પ્રાપ્ત ન થઈ શકે? અને એવી કઈ વિભૂતિ છે જે તેને આધીન ન થતી હોય? અર્થાત્ ધર્માત્મા મનુષ્યને સર્વ પ્રકારના ગુણ, ઉત્તમ સુખ અને અનુપમ વિભૂતિ પણ સ્વયમેય પ્રાપ્ત થઈ જાય છે. ૧૨૩૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૧૯ )

* જે ગૃહસ્થ, મુનિ, શુદ્ધ ચિદ્રૂપનાં લક્ષણને જાણતાં નથી તેને પંચનમસ્કાર આદિ સ્મરણ શ્રેષ્ઠ છે. ૧૨૩૪.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ. ૧૩, ગાથા- ૧૨ )

* સૂક્ષ્માદિ પદાર્થો પરોક્ષ હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિઓના સમ્યક્ત્વનું એવું કોઇ માહાત્મ્ય છે કે જેથી તેમને આ જગતનું આસ્તિકય-પૂર્વક જ્ઞાન હોય છે. ૧૨૩૫.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ઉત્તરાર્દ્ધ, શ્લોક- ૪૮૭ )

***

* તપ, શ્રુત ( શાસ્ત્રકા જ્ઞાન ), યમ ( મહાવ્રત ) જ્ઞાન ( બહુત જાનના ), ધ્યાન ઔર દાન કરના તથા સત્યશીલ વ્રતાદિક જિતને ઉત્તમ કાર્ય હૈ ઉન સબકી માતા એક અહિંસા હી હૈ. અહિંસાવ્રતકે પાલન વિના ઉપર્યુક્ત ગુણોમેં સે એક ભી નહિ હોતા. ઇસ કારણ અહિંસા હી સમસ્ત ધર્મ કાર્યોંકી ઉત્પન્ન કરનેવાલી માતા હૈ. ૧૨૩૬.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૪૨ )

* જિનવાણીરૂપ સૂત્રનું ઉલ્લંઘન કરીને ઉપદેશ દેનાર પુરુષ ભલે ક્ષમાદિક ઘણા ગુણ તથા વ્યાકરણાદિ વિદ્યાઓનું સ્થાન હોય તો પણ તે છોડવાયોગ્ય છે. – જેમ લોકમાં વિષધર – સર્પ શ્રેષ્ઠ મણિ સહિત હોય તો પણ વિઘ્નકારી છે – તેથી છોડવાયોગ્ય છે. ૧૨૩૭.

( આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા ગાથા-૧૮ )
– મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ ગાથા ઉદ્ધત કરી છે, પાનું- ૧૬ )

* મહા મોહરૂપી અંધકાર સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાંતમય તેજ સદા જયવંત વર્તે છે. ૧૨૩૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ-૨ )

* દેવ-દાનવોમાં અને નરક-તિર્યંચ-મનુષ્યોમાં, જિનેશ્વરે કહેલાં ધર્મને છોડીને બીજો કોઈ પદાર્થ શુભ નથી એમ ચિંતવન કરવું જોઈએ. જગતમાં ધર્મ વિના અન્ય કાંઈ પણ શુભ નથી એમ હે મુનિ! તું જાણ. ૧૨૩૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અનુપ્રેક્ષા અધિકાર, ગાથા-૩૫ )

* વિષયોંકે લમ્પટી મૂર્ખ લોગોંને ઈસ મનુષ્ય જન્મકો, જિસસે સ્વર્ગ તથા મોક્ષકી સિદ્ધિ કી જા સકતી હૈ, અલ્પ ઇન્દ્રિય સુખકે અર્થ ખોકર અપનેકો તિર્યંચગતિ વ નરકગતિમેં જાનેકે યોગ્ય કર લિયા. ૧૨૪૦.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૧૮ )

* સમદર્શી હોના સમિતિ હૈ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ હોકર સમતા ભાવકો પાના સમિતિ હૈ. આત્માકો પરમાત્માકે સમાન અનુભવ કરના સમિતિ હૈ. શુદ્ધ સમ્યગ્દર્શન કે દ્વારા આત્માકા અનુભવ કરના સમિતિ હૈ. ૧૨૪૧.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૧૪ )

* જેમ કોઈ પુરુષ કિંચિત્‌માત્ર પણ પોતાનું ધન આપવા ઇચ્છતો નથી, પરંતુ જ્યાં ઘણું દ્રવ્ય જતું જાણે, ત્યા ઈચ્છાપૂર્વક અલ્પ દ્રવ્ય આપવા ઉપાય કરે છે; તેમ જ્ઞાની કિંચિત્‌માત્ર કષાયરૂપ કાર્ય કરવા ઈચ્છતો નથી, પરંતુ જ્યાં ઘણાં કષાયરૂપ અશુભ કાર્ય થતું જાણે, ત્યાં ઇચ્છા કરીને પણ અલ્પ કષાયરૂપ શુભકાર્ય કરવાનો ઉદ્યમ કરે છે. ૧૨૪૨.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર-૭, પાનું - ૨૧૧ )

* યહ સંસારરૂપી વન દુઃખરૂપી અજગરોંસે ભરા હુઆ હૈ, યહાં અજ્ઞાનરૂપી અંધકાર ફૈલા હુઆ હૈ. ઈસ વનમેં દુર્ગતિરૂપી ભીલોંકી તરફ લે જાનેવાલા ખોટા માર્ગ હૈ. ઐસે વનમેં સર્વ હી સંસારી પ્રાણી ભ્રમણ કિયા કરતે હૈં. પરંતુ ચતુર મનુષ્ય ઇસી વનકે મધ્યમેં ગુરુકે વચન રૂપી દીપકકો, જો નિર્મલ જ્ઞાનકે પ્રકાશસે ચમક રહા હૈ. પાકર કે સચ્ચે માર્ગકો ઢૂંઢકર અવિનાશી આનંદમયી પદકો પહુંચ જાતા હૈ. ૧૨૪૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્યપંચાશત, શ્લોક-૧૭ )

* સ્ત્રીનો વિશ્વાસ કરવો તે વાઘનો, વિષનો, ચોરનો, અગ્નિનો, જળનો, મદોન્મત્ત હાથીનો, કાળા સર્પનો તથા શત્રુનો વિશ્વાસ કરવા બરાબર છે. ૧૨૪૪.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૯૫૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અપને પદયોગ્ય માન કરૈ હૈં. રાજવિરુદ્ધ, લોકવિરુદ્ધ, ધર્મ - વિરુદ્ધ માન નાહીં કરૈ હૈં સો ભી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી યોગ્યતા સહિત કરૈ હૈં. બહુરિ દેવ, ગુરુ, ધર્માદિકકે નિકટ અષ્ટ પ્રકાર મદ નાહીં કરે હૈં, ચતુવિધસંઘસોં મદ નાહીં કરે હૈં, તહાં નિર્મદ હોય હૈં. બહુરિ અપને પદકે થાંભને વિષૈં માન કરે હૈં, તહાં પ્રાણ જાતા ભી માન નાહીં તજૈ હૈં, બિના પ્રયોજન કિસીકા માનભંગ નાહીં કરે હૈ, કિસીસૂં બિના પ્રયોજન અદેખસકા ભાવ નાહીં રાખૈ ઇત્યાદિ અપ્રત્યાખ્યાનમાનભાવ જાનના. ૧૨૪૫.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું- ૬૪ )

* જો કોઈ કઠિન ભારી આપત્તિકો પાર કરકે અપને ભોવોંમેં વિકાર નહીં આને દેતે વે માનવ ઈસ લોકમેં ધન્ય હૈં. કયોંકિ ઉનકા મન સાધુ - વૃત્તિમેં આ ગયા હૈ. ૧૨૪૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૬૬ )

* હે મહાયજ્ઞ ! હે મુને ! તૂને પૂર્વોક્ત સબ રોગોંકો પૂર્વભવોમેં તો પરવશ સહે, ઇસ પ્રકાર હી ફિર સહેગા; બહૂત કહનેસે કયા ? ભાવાર્થ - યહ જીવ પરાધીન હોકર સબ દુઃખ સહતા હૈ. યદિ જ્ઞાનભાવના કરે ઔર દુઃખ આને પર ઉસસે ચલાયમાન ન હો ઇસ તરહ સ્વવશ હોકર સહે તો કર્મકા નાશ કર મુક્ત હો જાવે, ઇસ પ્રકાર જાનના ચાહિયે. ૧૨૪૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવાપાહુડ, ગાથા-૩૮ )

***

* જેવી રીતે પવનના લાગવાથી અગ્નિ ભભૂકી ઊઠે છે, તેવી રીતે બાર ભાવનાઓનું ચિન્તવન કરવાથી સમતા રૂપી સુખ પ્રગટ થાય છે. જ્યારે જીવ આત્મસ્વરૂપને જાણે છે ત્યારે જ જીવ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. ૧૨૪૮.

( શ્રી દૌલતામજી, છઢાળા, ઢાળ-૫ શ્લોક-૨ )

* શ્રીગુરુ ગુણોંકા હી ઉપદેશ કરતે હૈં. અપને આત્મજ્ઞાનમયી સ્વભાવસે વે શુદ્ધ તત્ત્વકા હી ઉપદેશ કરતે હૈં. શ્રી ગુરુ આકાશકે સમાન નિર્લેપ વ નિર્મોહી વ નિર્બાધ હૈં. જૈસે સૂર્યકે પ્રકાશ હોતે હી યકાયક અંધકારકા નાશ હો જાતા હૈ વૈસે શ્રીગુરુ કે વચનોંકી કિરણાવલી કે પ્રકાશ હોતે હી ભવ્ય જીવોંકે અજ્ઞાન અંધકારકા નાશ હો જાતા હૈ. ૧૨૪૯.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે સ્વજન સમ્યક્ત્વ જ્ઞાની ધર્માત્મા હૈં તે તો ઐસા વિચારે હૈં જો ઇનકા બડા ભાગ્ય જો સર્વ કલ્યાણકારિણી યોં જિનેશ્વરી દીક્ષા હમ સારિખે કાયરજનકૂં અલભ્ય અર તિનકી નાના ભાંતિ સ્તુતિ કરે હૈં, અર આપકું ધિક્કાર માનૈં હૈ, હમારા ઐસા ભાગ્ય કબ હોગયા જો હમ ભી ઈસ દશાકો પ્રાપ્ત હોંયગે, અર હમારા ભી બડા ભાગ્ય હૈ જો હમારે કુલ વિષૈં મુનિપદકે ધારક પુરુષ ભયે... ( કોઈ સમ્યગ્દષ્ટિ દીક્ષિત થાય છે ત્યારે તેના સ્વજન સમકિતી ઉપરોક્ત વિચાર કરે છે. ) ૧૨૫૦.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું- ૧૬૮ )

* હે વત્સ! વિષય – કષાયોને છોડીને મનને આત્મામાં સ્થિર કર, એમ કરવાથી ચારગતિના ચૂરા કરીને તું અતુલ પરમાત્મપદને પામીશ. ૧૨૫૧

( મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૯૮ )

* હે મૂઢ પ્રાણી! યહ પ્રત્યક્ષ અનુભવ હોતા હૈ કિ ઇસ સંસારમેં જો વસ્તુઓંકા સમૂહ સો પર્યાયોંસે ક્ષણ ક્ષણમેં નાશ હોનેવાલા હૈ. ઈસ બાતકો તૂ જાનકર ભી અજાન હો રહા હૈ, યહ તેરા કયા આગ્રહ હૈ? કયા તુજ પર કોઈ પિશાચ ચડ ગયા હૈ જિસકી ઔષધિ હી નહીં હૈ? ૧૨૫૨.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૧૪ )

* એક મનુષ્યની પાસે ઉત્તમ પાત્રને આપેલ દાનથી ઉત્પન્ન પુણ્યનો સમૂહ છે એ બીજા મનુષ્ય પાસે રાજ્યલક્ષ્મી વિદ્યમાન છે. છતાં પણ પ્રથમ મનુષ્યની અપેક્ષાએ દ્વિતીય દરિદ્ર જ છે કારણ કે તેની પાસે આગામી કાળમાં ફળ આપનાર કાંઇ પણ બાકી નથી. ૧૨૫૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૨૦ )

* લાલચોળ આંખોવાળો મદોન્મત્ત અને કોયલના કંઠ જેવો કાળો અને ક્રોધે કરીને છંછેડાયેલો એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ જે માણસની પાસે આપના નામરૂપી નાગદમની ઔષધિ હોય તો તે માણસ નિઃશંકપણે તેને ઓળંગી જાય છે. એવો સાપ પણ આપના ભક્તને કરડી શકતો નથી. ૧૨૫૪.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૧ )

* તૃષ્ણાકી આગસે પીડિત મન અતિશય કરકે જલા કરતા હૈ. સંતોષરૂપી જલકે બિના ઉસ જલનકા શમન નહીં કિયા જા સકતા, ૧૨૫૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૪૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ- અવધીરણા ( નિંદા, અવહેલના - અવજ્ઞા, ઉપેક્ષા ) ક્યાં કરવી ?

ઉત્તરઃ- દુષ્ટ પુરુષ, પર સ્ત્રી અને પરધનની સદાય ઉપેક્ષા કરવી જોઈએ - તેમનાથી સદાય દૂર રહેવું જોઇએ. ( દુષ્ટ પુરુષ, પર સ્ત્રી અને પારકા ધનના પરિચયની સદા અવહેલના કરવી જોઇએ. ) ૧૨૫૬.

( શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૧૮ )

* * *

* જૈનધર્મમાં તો એવી આમ્નાય છે કે - પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાતવ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરતો હોય, તથા પોતાના આત્માને દુઃખસમુદ્રમાં ડૂબાવવા ન ઈચ્છતો હોય, તે જીવ આ મિથ્યાત્વ-પાપને અવશ્ય છોડો. ૧૨૫૭.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૬, પાનું -૧૯૮ )

* પરિગ્રહવંત સમ્યગ્દ્રષ્ટિ પણ અનુભવને કોઇ કોઇ વેળા કરે છે, તેઓ પણ ધન્ય છે - મોક્ષના સાધક છે; જે સમયે અનુભવ કરે છે તે સમયે સિદ્ધ સમાન અમ્લાન આત્મત્ત્વને અનુભવે છે. એકદેશ સ્વરૂપ અનુભવમાં સ્વરૂપ અનુભવની જાતિ પીછાણી છે. અનુભવ પૂજ્ય છે - પરમ છે - ધર્મ છે -સાર છે - અપાર છે, ઉદ્ધાર કરે છે, અવિકાર છે, ભવપાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષને હરવાવાળો છે અને તેનાથી ચિદાનંદનો સુધાર છે. ૧૨૫૮.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશક પાનું-૯૫ )

* * *

* ક્ષીણ હો ગયા હૈ મોહ જિસકા ઔર શાંત હો ગયા હૈ કલુષ કષાયરૂપ મૈલ જિસકા ઐસે સમભાવોમેં આરૂઢ હુએ યોગીશ્વરકો આશ્રય કરકે હરિણી તો સિંહકે બાલકકો અપને પુત્રકી બુદ્ધિસે સ્પર્શ કરતી વા પ્યાર કરતી હૈ ઔર ગઉ હૈ સો વ્યાઘ્રસે બચ્ચેકો પુત્રકી બુદ્ધિસે પ્યાર કરતી હૈ. માર્જારી હંસકે બચ્ચેકો સ્નેહકી દ્દષ્ટિસે વશીભૂત હો સ્પર્શતી હૈ તથા મયૂરની સર્પકે બચ્ચેકો પ્યાર કરતી હૈ. ઇસી પ્રકાર અન્ય પ્રાણી ભી જન્મસે જો બૈર હૈ ઉસકો મદ રહિત હો છોડ દેતે હૈં. યહ સામ્યભાવકા હી પ્રભાવ હૈ. ૧૨૫૯.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૪, શ્લોક-૨૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે સરસ્વતી! જે તારું તેજ ન દિવસની અપેક્ષા રાખે છે કે ન રાત્રિની ય અપેક્ષા રાખે છે, ન અભ્યંતરની અપેક્ષા રાખે છે અને ન બાહ્યની પણ અપેક્ષા રાખે છે; તથા ન સંતાપ કરે છે અને ન જડતા પણ કરે છે; તે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનાર તારા એવા તેજની હું સ્તુતિ કરું છું. ૧૨૬૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૨ )

* પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય છે તે તો કારણભાવથી વર્તે છે તથા તે જ દ્રવ્ય ઉત્તરપરિણામથી યુક્ત થાય ત્યારે કાર્ય થાય છે એમ તમે નિયમથી જાણો. ૧૨૬૧.

( શ્રી સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા ગાથા-૨૩૦ )

* ઈસ સંસારચક્રમેં ઘૂમતે હુએ ઇસ જીવને એકેન્દ્રિયસે લેકર પંચેન્દ્રિય તક ઐસા ભી શરીર નહીં હિ જો ઇસને ધારણ નહીં કિયા. ઇસ સંસારમેં ઐસા કોઈ સુખ નહીં જો ઇસ જીવને નહીં ભોગા. ઐસી કોઈ ગતિ નહીં જો ઇસ ગતિમાન જીવને ધારણ નહીં કી. ઐસા કોઇ રાજવૈભવ નહીં જો ઈસ જીવકો પરિચિત નહીં, ઈસ જીવને ભોગા નહીં. ઐસા કોઈ ચેતન-અચેતન પદાર્થ યાદ ક્ષેત્ર નહીં જો ઇસ જીવકો પરિચિત-અનુભૂત નહીં હૈ. ૧૨૬૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૪૮ )

* આચાર્ય કહતે હૈં – કિ દેખો... , જિસકો નિયમસે મોક્ષ હોના હૈ... ઔર જો ચાર જ્ઞાન-મતિ, શ્રુત, અવધિ ઔર મન:પર્યય ઈનસે યુક્ત હૈ ઐસા તીર્થંકર ભી તપશ્ચરણ કરતા હૈ, ઈસ પ્રકાર નિશ્ચયસે જાનકર જ્ઞાનયુક્ત હોને પર ભી તપ કરના યોગ્ય હૈ. ૧૨૬૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૬૦ )

* જે સમયે તપસ્વી અંતરાત્માને મોહવશાત્ રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય તે જ સમયે તે તપસ્વીએ શુદ્ધાત્મસ્વરૂપની ભાવના કરવી. એમ કરવાથી રાગ-દ્વેષાદિ ક્ષણવારમાં શાન્ત થઇ જાય છે. ૧૨૬૪.

( શ્રી પૂજ્યદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૯ )

* આત્મહિત-વાંછક પંડિતકા કર્તવ્ય હૈ કિ વિપત્તિયોંકે પડને પર ભી જિસ તરહ મનમેં અત્યધિક વિકાર ઉત્પન્ન ન હો ઉસ તરહ હી આચરણ કરના ચાહિયે. ૧૨૬૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૬૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ અંગે ઉપર લાગેલી ધૂળ એ જેને મન આભૂષણ છે, શિલાતલ એ જ જેને મન સુંદર આસન છે, રજ અને કંકરયુક્ત પૃથ્વી જેને મન સુખદ શૈયા છે, સિંહાદિ ક્રૂર પ્રાણીઓ જ્યાં નિવાસ કરે છે, એવા દુર્ગમ્ય ગિરિ ગુફા આદિ સ્થાન જેને મન ગૃહ છે, "આ દેહ મારો અને હું આ દેહનો" એવા મિથ્યા વિકલ્પથી રહિત નિર્મળ છે બુદ્ધિ જેની તથા તૂટી ગઈ છે અનાદિ અજ્ઞાનરૂપ ગાંઠ જેની – એવા વિજ્ઞાનઘન મોક્ષના પરમ પાત્ર નિઃસ્પૃહસત્‌પુરુષો અમારા અંતઃકરણને પવિત્ર કરો. ૧૨૬૬.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૫૯ )

∗ જો સુખ વીતરાગ મુનિકે પ્રશમરૂપ વિશુદ્ધતાપૂર્વક હૈ ઉસકા અનંતવા ભાગ ભી ઇન્દ્રકો પ્રાપ્ત નહિ હૈ. ૧૨૬૭.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૧, શ્લોક–૩ )

∗ દાવાનળથી સળગતાં વનમાં શીઘ્ર ગમન કરનાર અંધ મનુષ્ય મરી જાય છે, તેવી જ રીતે બંને પગ વિનાનો લંગડો માણસ દાવાનળને જોતો હોવા છતાં પણ ચાલવામાં અસમર્થ હોવાથી બળીને મરી જાય છે. અગ્નિનો વિશ્વાસ ન કરનાર મનુષ્ય નેત્ર અને પગ સંયુક્ત હોવા છતાં પણ ઉકત દાવાનળમાં ભસ્મ થઈ જાય છે. તેથી જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતાને પ્રાપ્ત થતાં જ તેમનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે; એમ નક્કી સમજવું જોઈએ. ૧૨૬૮

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદીપંચવિંશતિ, અધિ–૧, શ્લોક–૭૫ )

∗∗∗

∗ જ્ઞાનનો પિંડ આત્મા જ અમારો લોક છે, જેમાં મોક્ષનું સુખ મળે છે. જેમાં દોષ અને દુઃખ છે એવા સ્વર્ગાદિ અન્ય લોક મારા નથી! નથી! નથી! સુગતિ આપનાર પુણ્ય ને દુઃખદાયક દુર્ગતિનું પદ આપનાર પાપ છે, તે બંનેય નાશવંત છે અને હું અવિનાશી છું– મોક્ષપુરીનો બાદશાહ છું. એવો વિચાર કરવાથી પરલોકનો ભય સતાવતો નથી. જ્ઞાની મનુષ્ય પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૧૨૬૯.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ–૫૧ )

∗ જેમ લોઢાનો સંગ કરવાથી અગ્નિ પણ મોટામોટા ઘણ વડે પિટાય છે, તેમ દુષ્ટજનોના સંગથી ભલા પુરુષોનાં ગુણો પણ નષ્ટ થઈ જાય છે. ૧૨૭૦.

( મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૪૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વીતરાગ અતીન્દ્રિય સુખના સ્વાદથી રહિત જીવોને ઉપભોગ્ય પંચેન્દ્રિયવિષયો, અતીન્દ્રિય આત્મસ્વરૂપથી વિપરીત પાંચ ઇન્દ્રિયો, અશરીર આત્મ- પદાર્થથી પ્રતિપક્ષભૂત પાંચ શરીરો, મનોગત વિકલ્પ- જાળ રહિત શુદ્ધજીવાસ્તિકાયથી વિપરત મન, કર્મરહિત આત્મદ્રવ્યથી પ્રતિકૂળ આઠ કર્મો અને અમૂર્ત આત્મસ્વભાવથી પ્રતિપક્ષભૂત બીજું પણ જે કાંઇ મૂર્ત હોય તે બધું પુદ્ગલ જાણો. ૧૨૭૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસિતકાય-ટીકા, ગાથા-૮૨ નો ભાવાર્થ )

* * *

* પરાક્રમ હી હૈ અદ્વિતીય રસ જિસકે, ઐસા યહ મનુષ્ય તબ તક હી ઉદ્ધત હોકર દૌડતા કૂદતા હૈ. જબ તક કિ કાલરૂપી સિંહકી ગર્જનાકા શબ્દ નહિ સુનતા. અર્થાત્ તેરી મૌત આ ગઈ ઐસા શબ્દ સુનતે હી સબ ખેલ-કૂદ ભૂલ જાતા હૈ. ૧૨૭૨.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૧૩ )

* જિસ પ્રકાર સૂર્યકે દ્વારા જગત્ પ્રકાશમાન હો ઉઠતા હૈ ઉસી પ્રકાર. જિસકે દ્વારા જૈન શાસન પ્રકાશમાન હો ઉઠતા હૈ ઉસકે દોંનો ચરણકમલોંકો ધર્માત્મા અપને મસ્તક પર ધારણ કરતે હૈં. જિસ પ્રકાર સમુદ્ર રત્નોંકી ઉત્પત્તિકા સ્થાન હૈ, ઉસી પ્રકાર જિનશાસન પ્રભાવના કરનેવાલા શ્રીમાન પુરુષ ધર્મકી ઉત્પત્તિકા કારણ હૈ. આચાર્ય ગુણભદ્ર કહતે હૈં કિ હર્ષરૂપી ફલોંસે વ્યાપ્ત મેરે મનરૂપી રંગભૂમિમેં જિનેન્દ્ર પ્રણીત સમીચીન ધર્મકી પ્રભાવનાકા અભિનયરૂપી મહા નટ સદા નૃત્ય કરતા રહે. ૧૨૭૩.

( શ્રી ગુણભદ્રાચાર્ય, મહાપુરાણ, ભાગ-૨, ષટસપ્તતિમ પર્વ, શ્લોક-૪૨૪-૪૨૫-૪૨૭ )

* * *

* દૂસરા કોઈ કુમાર્ગગામી હો ગયા હૈ તો ભી ઉસે મના હી કરના ચાહિયે યહ તો ઠીક હી હૈ, પરંતુ વિષયોંકે કુમાર્ગેમેં જાનેવાલે અપને મનકો અતિશયરૂપ કયોં નહીં રોકના ચાહિયે - અવશ્ય રોકના ચાહિયે. ૧૨૭૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૫ )

* મારું મરણ નથી તો મને ડર કોનો ? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી ? હું બાળક નથી, હું વૃદ્ધ નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્ગલની છે. ૧૨૭૫.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઇષ્ટ-ઉપદેશ, ગાથા-૨૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જહાં અપને રાજ્યાદિ ન્યાયકાર્યથી સિદ્ધિકે અર્થિ માયા કરૈ હૈ, પહલાકે ઠિગનેકૈ અર્થિ માયા નાહીં કરે, હૈ, વા અપના ધન, સમ્પદા, પ્રાણાદિ રખને કે અર્થિ માયા કરૈં હૈ વા અપને ધર્મ રાખનેકી અર્થિ માયા કરૈ હૈ, સો ભી દ્રવ્ય, ક્ષેત્ર કાલ, ભાવકી યોગ્યતા સહિત કરૈ હૈ. પરાયા ધન, પ્રાણી, સ્ત્રી, સંપદાદિ હરણૈકે અર્થિ માયા નાહીં કરૈ હૈ. ઇત્યાદિ માયા કરૈ હૈ સો અપ્રત્યાખ્યાન – માયાભાવ જાનના. ૧૨૭૬.

( શ્રી દીપચંદજી, ભાવદીપિકા પાનું- ૬૫ )

* * *

* જે જીવ તત્ત્વથી પઢી – સુણી વાતો કરી કરીને પોતાને તત્ત્વજ્ઞ માની બેસે છે તે તો બાળક છે; અને જે ઝાઝી વાતો કરવાનું છોડીને અંતરમાં સદાય આત્મ-અનુભૂતિના આનંદનો સ્વાદ લ્યે છે તે મુનિનાયક છે. ૧૨૭૭.

( શ્રી નેમીશ્વર – વચનામૃત-શતક, શ્લોક-૪૭ )

* સાંસારિક વિષયોની અભિલાષા તથા કર્મોદયથી ઉત્પન્ન થવાવાળા અનેક પ્રકારના દુઃખ તથા કર્મમળનો નાશ કરવામાં જે સમર્થ છે તે ભાવતીર્થ સમજવું જોઇએ અર્થાત્ ભાવતીર્થના સેવનથી સાંસારિક અભિલાષા નષ્ટ થાય છે, કર્મજન્ય દુઃખનો નાશ થાય છે તથા કર્મમળનો ક્ષય થાય છે. આ ત્રણ ગુણ ભાવતીર્થમાં છે. અહીં જિનેશ્વરે કહેલ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનને ભાવતીર્થ સમજવું. ૧૨૭૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ્ આવશ્યક-અધિકાર, ગાથા-૭૨ )

* જો પુરુષ ઇન્દ્રિયસમૂહકો વશ નહિ કરકે સાક્ષાત્ મોક્ષ ( કર્મ – રહિત ) હોના ચાહતા હૈ વહ દુર્બદ્ધિ અપને મસ્તકકી ટક્કર લગાકર પર્વતકો તોડના ચાહતા હૈ. ઐસી અવસ્થામેં ઉસકા મસ્તક હી ફૂટેગા પર્વત તો કિસી પ્રકાર ફૂટેગા હી નહીં. ૧૨૭૯.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૩૧ )

* * *

* શ્રી જિનેન્દ્રને ચક્ષુદર્શનકો કહા હૈ. નિશ્ચયસે જ્ઞાનચક્ષુસે આત્માકો દેખના હી ચક્ષુદર્શન હૈ વહી આંખ હૈ જો આત્મજ્ઞાનકા દર્શન કરે. ભેદવિજ્ઞાનપૂર્વક આત્મજ્ઞાનકા જો અભ્યાસ કરના હૈ યહી અભ્યાસ વહ સાધન હૈ જિસસે આત્મારૂપી કમલ કર્મોસે છૂટકર અપને સ્વભાવમેં પ્રફુલ્લિત હો જાતા હૈ. ઐસા શ્રી જિનેન્દ્રને કહા હૈ. ૧૨૮૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું- ૭૭ )

* તારો આત્મા જ્ઞાનમય છે, તેના ભાવને જ્યાં સુધી નથી દેખ્યો ત્યાં સુધી ચિત્ત બિચારું દગ્ધ અને સંકલ્પ-વિકલ્પ સહિત અજ્ઞાનરૂપ વર્તે છે. ૧૨૮૧.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૫૬ )

* જીવોંકે મનરૂપી દૈત્યકા પ્રભાવ દુર્વિચિંત્ય હૈ કિસીકે ચિંતવનમેં નહિ આ સકતા. કયોંકિ યહ અપની ચંચલતાકે પ્રભાવસે દશોં દિશાઓંમેં દૈત્યોંકે સમૂહમેં, ઇન્દ્રકે પૂરોંમેં, આકાશમેં તથા દ્વીપસમૂદ્રોંમેં વિદ્યાધર મનુષ્ય દેવ ધરણીન્દ્રાદિકે નિવાસસ્થાનોંમેં તથા વાતવલયોં સહિત તીન લોકરૂપી ઘરમેં સર્વત્ર આધે ક્ષણમેં હી ભ્રમણ કર આતા હૈ. ઇસકા રોકના અતિશય કઠિન હૈ. જો યોગીશ્વર ઇસે રોકતે હૈં વે ધન્ય હૈં. ૧૨૮૨.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૩૪ )

***

* જ્યારે શરીર કોઈ અસાધ્ય રોગથી અથવા વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઇ જાય છે, દેવ-મનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે, કોઈ મહાદુષ્કાળથી ધાન્યાદિ ભોજન પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય અથવા ધર્મનો નાશ કરવાવાળા કોઈ વિશેષ કારણ આવી મળે ત્યારે પોતાના શરીરને પાકી ગયેલા પાન સમાન અથવા તેલરહિત દીપક સમાન આપોઆપ વિનાશસન્મુખ જાણી, સંન્યાસ ધારણ કરે. ૧૨૮૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ ઉપાય, શ્લોક-૧૭૮ )

***

* બંધન સમાન કોઈ દુઃખ નથી અને છૂટવા સમાન કોઈ સુખ નથી. બંધનથી બંધાયેલ પશુ પણ છૂટવા ઈચ્છે છે અને જ્યારે તે છૂટે છે ત્યારે સુખી થાય છે. આ સામાન્ય બંધનના અભાવથી પણ પશુ સુખી થાય છે તો કર્મ – બંધનના અભાવથી જ્ઞાનીજન પરમ સુખી થાય તેમાં શું આશ્ચર્ય છે! ૧૨૮૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મ-પ્રકાશ, અધિ. -૨, ગાથા-૫ )

* આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાતવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બંને નયોને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઇ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ) નો નાશ થઈ જશે. ૧૨૮૫.

( શ્રી સમયસાર, ગાથા-૧૨ નો ઉધ્ધૃત શ્લોક )

* જે ધૈર્ય ધારણ કરનાર છે, સંસાર – સમુદ્રને તરનાર છે, સર્વ પ્રકારના ભયોનો નાશ કરનાર છે, મહાયોદ્ધા સમાન ધર્મમાં ઉત્સાહી રહે છે, વિષય – વાસનાઓને બાળી નાંખે છે, આત્મહિતનું ચિંતવન કર્યા કરે છે, સુખ-શાંતિની ચાલ ચાલે છે, સદ્‌ગુણોના પ્રકાશથી ઝગમગે છે. આત્મસ્વરૂપમાં રુચિ રાખે છે, બધાં નયોનું રહસ્ય જાણે છે, એવા ક્ષમાશીલ છે કે બધાંના નાના ભાઈ બનીને રહે છે અથવા તેમની સારી – નરસી વાત સહન કરે છે, હૃદયની કુટિલતા છોડીને સરળ ચિત્તવાળા થયા છે, દુઃખ-સંતાપના માર્ગે ચાલતા નથી, આત્મસ્વરૂપમાં વિશ્રામ કર્યા કરે છે, એવા મહાનુભાવ જ્ઞાની કહેવાય છે. ૧૨૮૬.

( શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, મોક્ષ દ્વાર, ૫૬ – ૪૬ )

* જૈસે તારાઓંકે સમૂહમેં ચંદ્રમા અધિક હૈ ઔર મૃગકુલ અર્થાત્ પશુઓંકે સમૂહમેં મૃગરાજ ( સિંહ ) અધિક હૈ વૈસે હી ઋષિ ( મુનિ ) ઔર શ્રાવક ઈન દો પ્રકારકે ધર્મોમેં સમ્યક્ત્વ હૈ વ અધિક હૈ. ૧૨૮૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૪૪ )

* આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, યદિ ઇસકી સેવા કી જાવે તો યહ ઉત્કૃષ્ટ, નિર્મલ જ્ઞાનકો દેતા હૈ. જબ કિ શરીર જ્ઞાનરહિત હૈ, યદિ ઈસકી સેવા કી જાવે તો વહ ઘોર અજ્ઞાનકો હી દેતા હૈ. ઈસ જગતમેં યહ બાત સર્વ સ્થાનમેં પ્રસિદ્ધ હૈ કિ જિસકે પાસ જો હોતા હૈ વહી દિયા જાતા હૈ. કોઇ ભી દાની આકાશકે ફૂલકો કહીં ભી કિસીકો ભી નહીં દે સકતા હૈ. ૧૨૮૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૪૫ )

* નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામરૂપ જો નિજભાવોંકા અભયદાન નિજ જીવકી રક્ષા ઔર વ્યવહારનયકર પરપ્રાણિયોંકે પ્રાણોંકી રક્ષારૂપ અભયદાન યહ સ્વદયા-પરદયાસ્વરૂપ અભયદાન હૈ, ઉસકે કરનવાલોંકે સ્વર્ગ મોક્ષ હોતા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ ઈનમેંસે જો અચ્છા માલુ પડે ઉસે કરો. ૧૨૮૯

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, શ્લોક-૧૨૭ )

* જેને જીવન અને ધનની આશા છે, તેને માટે કર્મ વિધાતારૂપ બને છે, પરંતુ જે મહાભાગ્યને આશાનો જ અભાવ વર્તે છે, તેને વિધાતા શું કરી શકે એમ છે? ૧૨૯૦

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાનસન, શ્લોક-૧૬૩ )

* યહ આત્મા જિસ પ્રકાર કામ ઔર અર્થકે લિયે અવિશ્રાંત પરિશ્રમ કરતા હૈ ઉસ પ્રકાર યદિ અપને સ્વાર્થ અર્થાત્ મોક્ષ વા મોક્ષમાર્ગોમેં લાલસારહિત પ્રવૃત્તિ કરૈ તો કયા યહ કર્મોસે મુક્ત ન હો? અવશ્ય હી હો. ૧૨૯૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૧, શ્લોક-૨૭ )

* હે વત્સ! બહુ પઢવાથી શું છે? તું એવી જ્ઞાનચિનગારી પ્રગટાવતાં શીખ કે જે પ્રજ્વલિત થતાં જ પુણ્ય અને પાપને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાંખે. ૧૨૯૨.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૮૭ )

* જે શ્રાવક જ્યાં ત્યાં દોડવાવાળા મનને વશ કર્યું છે તેણે સંતોષરૂપ અમૃતને પ્રાપ્ત કરીને કયા સુખને પ્રાપ્ત કર્યું નથી? અર્થાત્ સંતોષની પ્રાપ્તિ થવાથી તેણે સર્વ પ્રકારના સુખને પ્રાપ્ત કર્યું છે, કારણ કે ખરેખર સંતોષ એ જ સુખ છે અને અસંતોષ એ જ દુઃખ છે. ૧૨૯૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા-૭૯૫ )

***

* ગુરુ મહારાજ બડે ગંભીર હૈં. ગુરુને અનંતજ્ઞાનકા ભેદ પા લિયા હૈ. ગુરુ મહારાજ પ્રકાશનીય સમ્યગ્દર્શનકા સ્વરૂપ દિખાતે હૈં. ગુરુને અપને શબ્દોંમેં અમૃત-રસ મિલા દિયા હૈ. અર્થાત્ ગુરુકે આત્મ-પ્રતીતિ કરાનેવાલે વચનોંકો સુનકર શ્રોતાઓંકે ભીતર આનંદરૂપી અમૃત-રસકા સ્વાદ આ જાતા હૈ. ગુરુકે વચન સર્વ ભયકો દૂર કરનેવાલે હૈ તથા શાંતિમય હૈ. ૧૨૯૪.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૬ )

* સંસારરૂપી ઘટીયંત્રમાં એક પાટલી સમાન એક વિપત્તિ દૂર કરાય તે પહેલાં તો બીજી ઘણી વિપત્તિઓ સામે ઉપસ્થિત થાય છે. ૧૨૯૫.

( શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઇષ્ટોપદેશ, ગાથા-૧૨ )

* શાસ્ત્રજ્ઞાનકા ઉત્તમ ફલ વૈરાગ્ય હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ઉસ શાસ્ત્રજ્ઞાનસે જો કોઈ ધનકી ચાહના કરતે હૈ વે તો અમૃત પીકર વિષકી ચાહ કરતે હૈં. ૧૨૯૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૮ )

* મુક્તિ તો તે જીવની દાસી છે કે જે આત્મતત્ત્વને એકચિત્તે નિઃશંકપણે જાણે છે; અને અન્ય મિથ્યાવાદ સાંભળવામાં આકર્ષક લાગે તોપણ તેનાથી તે ભરમાતો નથી કે મદમાતો ( વિષયાસક્ત ) થતો નથી. ૧૨૯૭.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૮ )

* આનંદમયી દષ્ટિકા રહના હી જ્ઞાનપ્રકાશમેં રમણ કરના હૈ. ઉસ આત્માનંદકે ભોગસે આકુલતા યા દુઃખકે છિદ્ર વિલા જાતે હૈં. અર્થાત્ આત્માનંદમેં મગન હોનેસે સર્વ સાંસારિક દુઃખ ક્ષય હો જાતે હૈં. વહ આત્માનંદ બડી બલવાન શક્તિ હૈ, ઉસ બલકે સમાન કોઇ બલ નહીં હૈ. જબ આત્માનંદમેં મગ્ન હુઆ જાતા હૈ તબ હી ધ્યાનકી અગ્નિ જલતી હૈ જો કર્મો કે બંધનોંકો જલા દેતી હૈ. ૧૨૯૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૭ )

***

* શુદ્ધ આત્માના ચિંતનમાં જે મુમુક્ષુજનો તત્પર રહે છે તે ત્રણ લોકમાં પ્રશંસાપાત્ર છે. આત્મચિંતનમાં તલ્લીન મનુષ્ય કદાપિ કાળો હોય, કર્ણહીન હોય, કદ્રુપો હોય અથવા નકટો, ખૂંધો, કર્કશવાણી વાળો, ઠીંગણો, પાંગળો, ઠૂંઠો, નેત્રહીન, મૂંગો, લંગડો, નિર્ધન, અભણ, બહેરો કે કોઢ વગેરે રોગ યુક્ત હોય તો પણ નિર્મળ જ્ઞાનવાળા જ્ઞાનીજનો તેના શરીર તરફ ન જોતાં તેના અદ્ભૂત અનુપમ આત્મચિંતનરૂપ પુરુષાર્થ તરફ દષ્ટિ દેતાં તેને જ પ્રશંસાપાત્ર ગણે છે બીજો મનુષ્ય સર્વાંગે સુંદર રૂપવાળો, મધુર વાણીવાળો, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસી, ધનવાન કે નિરોગી હોય છતાં તે જો ચિદ્રૂપ-ચિંતનથી રહિત છે તો તેને કોઈ જ્ઞાની કદી પ્રશંસાપાત્ર ગણતા નથી. ૧૨૯૯.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૧૧ )

***

* હે મૂઢ પ્રાણી ! અનેક પ્રકારની અસત્ય કળા, ચતુરાઇ, શ્રૃંગાર આદિ ખોટી વિદ્યાઓના કૌતૂહલથી પોતાના આત્માને ઠગ નહિ, પણ તારે કરવા યોગ્ય જે કંઇ હિતકર કાર્ય છે તેને કર. જગતની આ સમસ્ત કળાઓનું જ્ઞાન વિનાશીક છે. શું તું આ વાત નથી જાણતો ? ૧૩૦૦.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૩ )

* જેવી રીતે રત્ન-પરીક્ષક ઠગાવાના ભયથી પરીક્ષા કરીને રત્નને ગ્રહણ કરે છે, તેવી જ રીતે બુદ્ધિમાન જીવો પરીક્ષા કરીને ધર્મને પ્રયત્નથી ગ્રહણ કરે છે.

* કુળ – પરંપરાથી ચાલ્યું આવતું દારિદ્ર તથા કુષ્ટ-રોગો આદિની માફક કુળ – પરંપરાથી ચાલ્યો આવતો અધર્મ પણ છોડવો જોઇએ. ૧૩૦૧.

( શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસાર-સંગ્રહ, અધ્યાય-૧, ગાથા-૧૬-૨૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પરમ શુદ્ધ સમ્યગ્દર્શન ઉસે કહતે હૈં જહાં નિર્મલ સ્વભાવસે આત્માકો શુદ્ધ, ભાવકર્મ દ્રવ્યકર્મ નોકર્મસે ભિન્ન શ્રદ્ધાનમેં લાયા જાવે તથા સંસારસે રાગ વ દ્વેષ વ મદોંકા જહાં ત્યાગ કિયા જાવે. ૧૦૩૨.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૭૬ )

* અર્થનો ભાવ ભાસ્યા વિના વચનનો અભિપ્રાય ઓળખાયા નહિ. પોતે તો માની લે કે હું 'જિનવચન અનુસાર માનું છું' પરંતુ ભાવ ભાસ્યા વિના અન્યથાપણું થઈ જાય. લોકમાં પણ નોકરને કોઈ કાર્ય માટે મોકલીએ છીએ ત્યાં એ નોકર જો તે કાર્યના ભાવને જાણે તો એ કાર્ય સુધારે, પણ જો એ નોકરને તેનો ભાવ ન ભાસે તો કોઈ ઠેકાણે તે ચૂકી જ જાય. માટે ભાવ ભાસવા અર્થે હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા અવશ્ય કરવી. ૧૩૦૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, -અધિ. -૭, પાનું-૨૬૩ )

* જેણે અશરીરિનું સંધાન કર્યું તે સાચો ધનુર્ધારી છે; અને ચિત્તને એકાગ્ર કરીને જેણે શિવતત્ત્વને સાધ્યું તે ખરેખર નિશ્ચિંત છે. ૧૩૦૪.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૨૧ )

* શરીરમેં, યહ શરીર હી આત્મા હૈ. ઇસ પ્રકારના જાનના કાયકી સન્તાન અર્થાત્ આગામી પરિપાટીકા કારણ હૈ, ઔર અપને આત્મામેં હી આત્મા હૈ ઐસા જ્ઞાન ઈસ શરીરસે અન્ય શરીર હોનેકે અભાવકા કારણ હૈ. ૧૦૩૫.

( શ્રી શુભચંદ્ર, આચાર્ય જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૨, શ્લોક-૮૦ )

* જો તૃષ્ણારૂપી રોગ ભોગોંકે ભોગનેરૂપ ઔષધસેવનસે મિટ જાવે તબ તો ભોગકો ચાહના, મિલાના વ ભોગના ઉચિત હૈ. પરંતુ જબ ભોગોંકે કારણ તૃષ્ણાકા રોગ ઔર અધિક બઢ જાવે તબ ભોગોંકી દવાઈ મિથ્યા હૈ. યહ સમજકર ઇસ દવાકા રાગ છોડ દેના ચાહિયે, વ સચ્ચી દવા ઢૂંઢની ચાહિયે, જિસસે તૃષ્ણાકા રોગ મિટ જાવે. વહ દવા એક શાંતરસમય નિજ આત્માકા ધ્યાન હૈ જિસસે સ્વાધીન આનંદ જિતના મિલતા જાતા હૈ ઉતના ઉતના હી વિષયભોગોંકા રાગ ઘટતા જાતા હૈ. સ્વાધીન સુખકે વિલાસસે હી વિષયભોગોંકી વાંછા મિટ જાતી હૈ. અતએવ ઈન્દ્રિય સુખકી આશા છોડકર અતીન્દ્રિય સુખકી પ્રાપ્તિકા ઉદ્યમ કરના ચાહિયે. ૧૩૦૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૧ ભાવાર્થ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* પોતાની ઉપર કોઇ આપત્તિ આવી પડતાં મનુષ્ય જેવી રીતે દુઃખી થાય છે તેવી જ રીતે બીજાની ઉપર આવી પડેલી આપત્તિને પોતાની આપત્તિ સમજીને દુઃખનો અનુભવ કરવો તે દયાળુતા છે. ૧૩૦૭.

( શ્રી વાદીભસિંહ આચાર્યસૂરિ, ક્ષત્રચૂડામણિ, સર્ગ–૪ શ્લોક–૬ )

* કામકા નહીં સેવના કામભાવકી શાંતિકા બડા ઉપાય કહા ગયા હૈ. કયોંકિ કામસેવનસે કામભાવકી લગાતાર બઢતી હોતી જાતી હૈ, પરંતુ કભી ભી ઉસકી શાતિ નહીં હોતી હૈ. ૧૦૩૮.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૧૪ )

* ઘોર સંસાર મહાર્ણવનું આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે; તેથી હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (–પારમાર્થિક રીતે) ભાવું છું. ૧૦૩૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૪૪ )

* ઇન્દ્રિયોનો ઉપવાસ અર્થાત્ તેને વિષયોમાં ન જવા દેવી તથા મનને પોતાના આત્મસ્વરૂપમાં જોડવું તેને મુનિન્દ્રોએ ઉપવાસ કહ્યો છે. એટલા માટે જિતેન્દ્રિયપુરુષને આહાર કરતો છતાં પણ ઉપવાસસહિત જ કહ્યો છે. ૧૩૧૦.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૪૩૭ )

* પોતાના આત્માના જ્ઞાન, ધ્યાન તથા અધ્યયનથી ઉત્પન્ન થવાવાળું સુખ અમૃત સમાન છે. આત્માથી ઉત્પન્ન થવાવાળું આ જ્ઞાન ધ્યાનરૂપી સુખામૃત એક અપૂર્વ રસાયણ સમાન છે. આ આતમજન્મ સુખામૃતરૂપી રસાયણને છોડીને, જે જીવ ઇન્દ્રિયજન્ય સુખોમાં લીન રહે છે તે બહિરાત્મા છે. ૧૩૧૧.

( શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા–૧૩૨ )

* જેમ કોઈ બળવાન પુરુષ જંગલમાં જઇને મધપૂડો તોડે છે તો તેને ઘણી મધમાખીઓ ચોંટી જાય છે. પણ તેણે કામળો ઓઢેલો હોવાથી તેને તેમના ડંખ લાગી શકતાં નથી. તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જીવ ઉદયની ઉપાધિ રહેવા છતાં પણ મોક્ષમાગને સાધે છે, તેમને જ્ઞાનનું સ્વાભાવિક બખ્તર પ્રાપ્ત છે, તેથી આનંદમાં રહે છે – ઉપાધિજનિત આકુળતા વ્યાપતી નથી, સમાધિનું કામ આપે છે. ૧૩૧૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ–૩૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પાપકર્મકે ઉદયસે મનુષ્ય બંધુ– બાંધવોંકે મધ્યમેં રહતે હુએ ભી દુઃખ ભોગતા હૈ ઔર પુણ્યકર્મકે ઉદયસે શત્રુકે ઘરમેં રહકર ભી સુખ ભોગતા હૈ. જબ પુરુષકા ભાગ્યોદય હોતા હૈ તો વજ્રપાત ભી ફૂલ બન જાતા હૈ ઔર ભાગ્યકે અભાવમેં ફૂલ ભી વજ્રસે કઠોર હો જાતા હૈં. ૧૩૧૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૩૫૨–૩૫૩ )

* “મને જ્ઞાનવંતને એ વિષયાશારૂપ શત્રુ કાંઇ પણ કરી શકે એમ નથી.” એ પ્રકારના જ્ઞાનમદથી ઉન્મત્ત થઇ એ આશારૂપ શત્રુથી જરા પણ ઉપેક્ષિત રહેવું યોગ્ય નથી. ત્રણલોક જેણે વશ કરી રાખ્યો છે એવા એ આશારૂપ શત્રુને અલ્પ ગણવો યોગ્ય નથી. ત્રણ જગતનો મહાભયંકર અને અદ્વિતીય વેરી એ જ છે. તેને તો સ્મયક્ પ્રકારે વિચારી વિચારીને મૂળથી સર્વથા ક્ષીણ કરવો જોઇએ. જુઓ અનંત અને અગાધ સમુદ્રમાં રહેલો વડવાગ્નિ મહાન સમુદ્રને પણ બાધા ઉપજાવે છે અર્થાત્ શોષણ કરે છે, તેમ નાની સરખી વિષાયાશા આત્માના અગાધ જ્ઞાનસમુદ્રને મલિન કરે છે, આવરણ કરે છે. તેનાથી તો નિરંતર સાવચેત રહેવું જોઇએ. વળી જગતમાં પણ જોવામાં આવે છે કે શત્રુએ જેને દબાવી રાખ્યો છે, તેને શાંતિ ક્યાંથી હોય? ૧૩૧૪.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૩૦ )

***

* હે નાથ! એકીનજરે જોઈ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ એકવાર જોયા પછી માણસના નેત્ર બીજે કોઇ ઠેકાણે સંતોષ પામતા નથી કેમ કે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષીરસાગરનું દૂધ જેવું જળ પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઇચ્છે છે? કોઇ જ નહિ. ૧૩૧૫.

( શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક–૧૧ )

* જેમ રાજાનો ઘાત થવાથી પ્રભાવ રહિત સેના સ્વયં નષ્ટ થઈ જાય છે, તેમ મોહરાજાનો નાશ થવાથી સમસ્ત ઘાતિકર્મોનો નાશ થઇ જાય છે. ૧૩૧૬.

( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા–૬૫ )

* પાપકો બાંધનેવાલે ભોગોંસે કૌન ઐસા હૈ જિસકો તૃપ્તિ હો સકતી હો, ચાહે વહ દેવ હો યા ઇન્દ્ર હો યા ચક્રવર્તી હો યા રાજા હો. ૧૩૧૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૩૧૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મુંડ મુંડાવવાળાઓમાં હે શ્રેષ્ઠ મુંડકા! તેં શિર તો મુંડયું; પણ ચિત્તને ન મુંડયું. જેણે ચિત્તનું કર્યું તેણે સંસારનું ખંડન કર્યું. ૧૩૧૮.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૩૫ )

* વૈદ્ય મંત્રના ગુણો દ્વારા વિષને દૂર કરે છે તેમ હું ભવ દુઃખના કારણરૂપ મન, વચન અને કાયના નિમિત્તે કષાય દ્વારા ઉત્પન્ન કરેલા સમસ્ત પાપ, વિશેષ નિંદા, આલોચના અને ગર્હણા વડે નાશ કરું છું. ૧૩૧૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક, પાઠ, શ્લોક–૭ )

***

* અબ શ્રી વીતરાગ સર્વજ્ઞદેવ જિનેન્દ્રકા પ્રકાશ હુઆ હૈ. ઇસ સંસારવનમેં ભ્રમણ કરતે કરતે અબ મૈંને શ્રી જિનેન્દ્રકો પા લિયા હૈ જો મેરે પરમ ઉપકારી હૈ. અબ મૈં એક ક્ષણ ભી ઉનકા સંગ નહીં છોડૂંગા. ૧૩૨૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું– ૨૧૬ )

* કદાચિત્ સૂર્ય શીતલ હો જાય, ચન્દ્રમા ઉષ્ણ હો જાય, ગાયકે સીંગસે દૂધ નિકલને લગ જાય, વિષસે અમૃત હો જાય, અમૃતસે વિષ–બેલ ઉત્પન્ન હો જાય, અંગારસે શ્વેતતા આવિર્ભૂત હો જાય, અંગાર જલ કર કે શ્વેત બન જાય, અગ્નિસે જલ પ્રગટ હો જાય, જલસે અગ્નિ ઉત્પન્ન હો જાય, ઔર કદાચિત્ નીમસે સુસ્વાદુ રસ ભલે હી પ્રગટ હો જાય, પરંતુ દુષ્ટબુદ્ધિ દુર્જનસે કભી સજ્જન પુરુષોંકો પ્રશસ્ત વાક્ય નહીં ઉપલબ્ધ હો સકતા હૈ. ૧૩૨૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪૪૨ )

***

* જેમ મદઝરતા હાથીને ઝઝૂમતો દેખીને બધા લોકો દૂર ખસી જાય છે, તેમ ધર્મીના અંતરમાં નિર્મળ આત્માને દેખીને બધા પાપો દૂર ખસી જાય છે. ૧૩૨૨.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૮૧ )

* હે જિનેન્દ્ર! જે જીવ સમસ્ત વસ્તુઓના વિસ્તારનો વિષય કરનાર આપના અનંતજ્ઞાનની સ્તુતિ કરે છે, તે પોતાને પેલા કૂપમંડુક ( કૂવામાં રહેનાર દેડકા ) સમાન પ્રગટ કરે છે જે કૂવામાં રહેવા છતાં પણ સમુદ્રના વિસ્તારાદિ બતાવે છે. ૧૩૨૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભ સ્તોત્ર, શ્લોક–૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે શૂન્ય હૃદય! તરાજૂકા પલડાકી તરહ બહુત અધિક પદાર્થોકો ગ્રહણ કરતે હુએ યહ જીવ નીચેકો અર્થાત્ નરક નિગોદ આદિ ગતિકો ચલા જાતા હૈ ઔર જહાં પદાર્થોકો ત્યાગ દિયા જાતા હૈ તબ ભારસે હલકા હોકર ઉપરકો અર્થાત્ સ્વર્ગ યા મોક્ષકો ચલા જાત હૈ. ઈસલિયે પાપબંધકા કારણ પરિગ્રહકો મન, વચન, કાય તીનોંસે ત્યાગ દે. ૧૩૨૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક -૯૨ )

* જે ઈન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પરના સંબંધવાળું, બાધા સહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે. ૧૩૨૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૭૬ )

* જેણે સર્વ શક્તિઓ સમેટી છે (–પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવાયોગ્ય બધું છોડયું અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું. ૧૩૨૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય સમયસાર–ટીકા, કળશ–૨૩૬ )

***

* અંતરંગ દ્રષ્ટિથી જોતાં કષાયોને અને કર્મોને પરસ્પરમાં નિમિત્ત નૈમિત્તિકભાવ છે પરંતુ જીવ અને કર્મોને પરસ્પરમાં નિમિત્ત – નૈમિત્તિક ભાવ નથી. ૧૩૨૭.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, દ્રવ્યવિશેષ અધિકાર, શ્લોક–૧૦૬૯ )

* જેવી રીતે ખોબામાંથી પાણી ક્રમે ક્રમે ઘટે છે, તેવી રીતે સૂર્યના ઉદય–અસ્ત થાય છે અને પ્રતિદિન જિંદગી ઓછી થાય છે. જેવી રીતે કરવત ખેંચવાથી લાકડું કપાય છે, તેવી જ રીતે કાળ શરીરને ક્ષણે ક્ષણે ક્ષીણ કરે છે. આમ છતાં પણ અજ્ઞાની જીવ મોક્ષમાર્ગની શોધ કરતો નથી અને લૌકિક સ્વાર્થ માટે અજ્ઞાનનો ભાર ઉપાડે છે, શરીર આદિ પરવસ્તુઓમાં પ્રેમ કરે છે, મન, વચન, કાયાના યોગોમાં અહંબુદ્ધિ કરે છે અને સાંસારિક વિષયભોગોથી જરા પણ વિરકત થતો નથી. ૧૩૨૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધદ્વાર, ગાથા–૨૬ )

* જો ઈન્દ્રિયોંકે વિષયોંકે વિના હી અપને આત્મામેં આત્માસે હી સેવન કરનેમેં આતા હૈ ઉસકો હી યોગીશ્વરોને આધ્યાત્મિક સુખ કહા હૈ. ૧૩૨૯.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૦, શ્લોક–૨૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* મોહથી આ સંસારભ્રમણ છે, ત્યાંથી જરાક પણ તે સ્વરૂપમાં આવે તો ત્રૈલોકયનું રાજ્ય પામે અને તે દુર્લભ પણ નથી. જેમ માણસ પશુનો સ્વાંગ ધારે તેથી કાંઈ તે પશુ થાય નહિ પણ માણસ જ છે. તેમ આત્મા ચોરાશીના સ્વાંગ કરે તોપણ તે ચિદાનંદ જ છે. ચિદાનંદપણું દુર્લભ નથી. ૧૩૩૦.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૨૨ )

* જો કોઈ લોભ ઔર કીર્તિકે કારણ પરમાત્માકે ધ્યાનકો છોડ દેતે હૈં, વે હી મુનિ લોહેકે કીલેકે લિયે અર્થાત્ કીલેકે સમાન અસાર ઇન્દ્રિય સુખકે નિમિત્ત મુનિપદ યોગ્ય શરીરરૂપી દેવસ્થાનકો તથા આતાપસે ભસ્મ કર દેતે હૈં. ૧૩૩૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૯૨ )

* જેમ અનેક વીંછી એક સાથે ડંખીને પ્રાણીઓને પીડે છે તેમ વિકલ્પો આત્માને પીડે છે. તેથી તે વિકલ્પો વિદ્યમાન છે ત્યાં સુધી સુખ કેવી રીતે થાય? અર્થાત્ જ્યાં વિકલ્પો છે ત્યાં સુખ નથી. ૧૩૩૨.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન, તરંગિણી, અધ્યાય-૧૬, શ્લોક-૧૦ )

* બાહ્ય દુઃખ બુદ્ધિમાન પંડિતકો મનમેં કષ્ટ નહીં પૈદા કરતા હૈ કિંતુ અન્ય મૂર્ખકો હી સતાતા હૈ. પવનકે વેગોંસે રુઈ ઉડ જાતી હૈ કિંતુ સુમેર પર્વતકા શિખર કભી નહીં ઉડતા હૈ. ૧૩૩૩.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૬ )

* ખરેખર એક જીવ હિંસા ન કરવા છતાં પણ હિંસાના ફળને ભોગવવાને પાત્ર બને છે અને બીજો હિંસા કરીને પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી. ૧૩૩૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરૂષાર્થ સિદ્ધિ-ઉપાય, શ્લોક-૫૧ )

* યહ સમ્યગ્દર્શન મહારત્ન સમસ્ત લોકકા આભૂષણ હૈ. ઔર મોક્ષ હોને પર્યંત આત્માકો કલ્યાણ દેનેવાલોમેં ચતુર હૈ, ૧૩૩૫.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૬, શ્લોક-૫૩ )

* નિર્જન સ્મશાન તે જ્ઞાની મહારાજાનું રાજ્ય છે, એકાંતમાં આત્મભાવના તે તેની પટરાણી છે, મોટા પર્વતો એ તેના મહેલ છે, સમ્યગ્જ્ઞાન એના શ્રેષ્ઠ મંત્રી છે, અને સત્યચારિત્ર તેના રાજકુમાર છે. ૧૩૩૬.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જૈસે સ્વપ્નમેં અપનેકો નષ્ટ હુઆ દેખ લેનેસે આત્મા નષ્ટ નહીં હોતા, ઉસી પ્રકાર જાગતે હુએ ભી વિનાશ નહીં હૈ, કિન્તુ દોંનો જગહ વિનાશકે ભ્રમકા અવિશેષ હૈ. ૧૩૩૭.

( શ્રી શુભચંદ્ર, આચાર્ય, જ્ઞાનાર્ણવ સર્ગ–૩૨, શ્લોક–૯૮ )

* જિનમતમાં તો એવી પરિપાટી છે કે – પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે, સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય. ૧૩૩૮.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. ૮, પાનું –૨૯૫ )

***

* યહ અંતરંગ ચક્ષુદર્શન નિર્મલ સમ્યગ્દર્શન હૈ. યહ ઇષ્ટ જો સિદ્ધપદ ઉસકા સંયોગ કરાતા હૈ ઔર અનિષ્ટ જો સંસાર ઉસકા નાશ કરતા હૈ. ઈસસે ભય નાશ હો જાતા હૈ વ સંસારકા હી અંત હો જાતા હૈ. ઈસી શુદ્ધસ્વભાવકે પ્રભાવસે કર્મ ગલ જાતે હૈં. ૧૩૩૯.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું –૧૬૪ )

***

*..... તત્ત્વતઃ સમસ્ત વસ્તુમાત્રને જાણતાં, અતત્ત્વ અભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય ક્ષય પામે જ છે. માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે. ૧૩૪૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૮૬ )

* જો અન્ય પ્રાણીઓ, લોક, મને ખોટા ગ્રહના સમૂહોથી ગ્રહાયેલો, હણાયેલો, દુર્ભાગી, ભૂત–પિશાચ વડે પકડાયેલો, રોગ વડે પીડિત, અત્યંત પરિષહોથી વિકલતા ( મંદતા, શક્તિહીનતા ) તથા વૃદ્ધાવસ્થા પામેલો મૃત્યુની પાસે પહોંચેલો, વિકૃત ( બેડોળ ) અવસ્થા પામેલો, ભ્રાન્તિવાળો જાણે છે ગણે છે ( તો ) હુંતો ચૈતન્યસ્વરૂપ છું. એ સ્મરણ કરવા યોગ્ય ઉત્તમ પ્રવચનરૂપ શુદ્ધચિદ્રૂપ હું છું એમ મને જાણો. ૧૩૪૧.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૬, ગાથા–૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેમ વીજળીથી ભરેલા ઘરની દીવાલોમાં બારી-બારણા હોય ને તેમાંથી પ્રકાશનાં કિરણો બહાર ફેલાય, તેમ કરોડો સૂર્યો જેવો પ્રભાવન આત્મા આ શરીરમાં રહેલો છે, તેના કિરણોના ફેલાવ માટે આ પાંચ ઇન્દ્રિયોરૂપી બારી છે. ૧૩૪૨.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭૩ )

* જુઓ! આ અનંતજ્ઞાનનો ધણી ભૂલી દુઃખી થાય છે. હાંસી થતાં માણસ શરમિંદો થાય છે, ફરીથી હાંસીનું કામ કરતો નથી. ( પણ ) આ જીવની અનાદિકાળથી જગતમાં હાંસી થઇ રહી છે. છતાં લાજ ધરતો નથી. ફરીફરી એની એ જ જૂઠી રીતને પકડે છે. જેની વાત કરતાં અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે તેને તો ગ્રહણ કરતો નથી અને પરવસ્તુની તરફ દેખતાં જ ચોરાશીનું બંદીખાનું છે તેને ઘણી રુચિ પૂર્વક સેવે છે. ૧૩૪૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૩ )

* જે કહેવા જેવું જ હતું તે અશેષપણે કહેવાયું છે, એટલાથી જ જો કોઇ અહીં ચેતે – સમજે તો. ( બાકી તો, ) વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે તો પણ નિશ્ચેતનને ( -અણસમજુને, જડ જેવાને ) ખરેખર વ્યામોહની ( -મોહની ) જાળ અતિ દુસ્તર છે. ૧૩૪૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય પ્રવચનસાર-ટીકા, કળશ-૧૪ )

* પૂર્વકાલમેં હજારો પાપ કરકે સેંકડો જીવોંકો મારકર તિર્યંચ ભી ઇસ ( નમસ્કાર ) મહામંત્રકો શુદ્ધ ભાવોંસે આરાધન કરકે, સ્વર્ગકો પ્રાપ્ત હુએ હૈં. ઉનકી કથા પુરાણોમેં પ્રસિદ્ધ હૈ. ૧૩૪૫.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ સર્ગ-૩૮, શ્લોક-૪૬ )

* જૈસે તુષોંકે ચલાનેસે, ઉડાનેસે મનુષ્યકા કુછ દ્રવ્ય નહીં જાતા હૈં વૈસે હી તપસ્વી ઔર શીલવાન પુરુષ વિષયોંકો ખલકી તરહ ક્ષેપતે હૈં, દૂર ફેંક દેતે હૈં. ૧૩૪૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ – ગાથા-૨૪ )

* જે જીવના મનમાં અનર્થના કારણભૂત ક્રોધાદિ કષાયો કોઈ નિમિત્તને વશ થઈ ને ઉત્પન્ન થવા છતાં પણ જળમાં કરવામાં આવતી રેખા સમાન ટકતાં નથી તે શાંત સ્વભાવવાળો જીવ નિર્મળ સમ્યગ્દષ્ટિ હોય છે. ૧૩૪૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા-૧૬૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો કોઇ મોક્ષકે સુખ દેનેમેં ચતુર ઐસે રત્નત્રયકો છોડ કરકે ભયાનક ઔર અચિંત્ય વેદનાકો પૈદા કરનેવાલે ભોગકો એકાંતમેં છિપકે સેવન કરતા હૈ, મૈં ઐસા માનતા હૂં કિ વહ જન્મ, જરા, મરણકો ક્ષય કરનેવાલે અમૃતકો છોડકર શીઘ્ર હી પ્રાણોંકે ઘાત કરનેવાલે હલાહલ વિષકો પીતા હૈ. ૧૩૪૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૦૧ )

***

* જો યહ જવાન સ્ત્રી અપની સુંદરતારૂપી જલસે ભરી હુઈ નદી કે સમાન માલૂમ હોતી હૈ યહી વહ સ્ત્રી હજારો દુઃખરૂપી તરગોંસે ભરી હુઈ ભયાનક નર્કકી વૈતરણી નદીકે સમાન હૈ. ૧૩૪૯.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૨૦ )

* જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપી પથારી જુદી છે, કલ્પના રૂપ ચાદર જુદી છે, આ નિંદ્રાવસ્થા મારી – નથી પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વિતાવું. ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન-એ બંને નિદ્રાના સંયોગથી દેખાતા હતા. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યા. આ રીતે આત્મા અચેતન ભાવોનો ત્યાગી થઇને જ્ઞાનદ્રષ્ટિથી જોઇને પોતાનું સ્વરૂપ સંભાળે છે. ૧૩૫૦.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૧૫ )

***

*.... સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્વર્ગમાં દેવેન્દ્ર, લોકાંતિકદેવ વગેરેની વિભૂતિ પામીને વિમાન, પરિવાર વગેરે સંપદાઓને જીર્ણ તૃણ સમાન ગણતો થકો પાંચ મહાવિદેહોમાં જઇને જુએ છે. શું જુએ છે? 'તે આ સમવસરણ છે, તે આ વીતરાગ સર્વજ્ઞ ભગવાન છે, તે આ ભેદાભેદ રત્નત્રયના આરાધક ગણધરદેવાદિ છે;' 'જે પહેલાં સાંભળ્યા હતા તેમને આજ પ્રત્યક્ષ જોયા' – એમ સમજીને ધર્મમાં બુદ્ધિ વિશેષ દ્રઢ કરીને ચોથા ગુણસ્થાનને યોગ્ય આત્મભાવનાને ન છોડતાં, ભોગ ભોગવવા છતાં પણ ધર્મધ્યાનમાં કાળ નિર્ગમન કરીને સ્વર્ગમાંથી આવીને તીર્થંકરાદિ પદને પામે છે. ૧૩૫૧.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્-દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૮ની ટીકામાંથી )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જૈનશાસ્ત્રોમાં અનેક ઉપદેશ છે તેને જાણે તો ખરો પણ ગ્રહણ તો તેનું જ કરે કે જેથી પોતાનો વિકાર દૂર થાય. પોતાને જે વિકાર હોય તેનો નિષેધ કરવાવાળા ઉપદેશને ગ્રહણ કરે પણ તેને પોષવાવાળા ઉપદેશને ન ગ્રહણ કરે. એ ઉપદેશ અન્યને કાર્યકારી છે એમ જાણે. અહીં ઉદાહરણ-જેમ શાસ્ત્રમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયપોષક ઉપદેશ છે તથા કોઇ ઠેકાણે વ્યવહારપોષક ઉપદેશ છે, ત્યાં પોતાને જો વ્યવહારની અધિકતા હોય તો નિશ્ચયપોષક ઉપદેશને ગ્રહણ કરી યથાવત્ પ્રવર્તે તથા જો પોતાને નિશ્ચયની અધિકતા હોય તો વ્યવહારપોષક ઉપદેશને ગ્રહણ કરી યથાવત્ પ્રવર્તે. ૧૩૫૨.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. –૮ પાનું–૩૦૦ )

* * *

* સત્પુરુષોંકે દ્વારા સૂત્રમેં શિક્ષિત કિયા હુઆ પુરુષ શરીર, આહાર, સંસાર, કામ, વ ભોગાદિકમેં તત્કાલ હી વિરક્ત હો જાતા હૈ. સત્પુરુષોંકી શિક્ષાકા હી ફલ ઐસા હોતા હૈં, શરીરાદિકમેં વૈરાગ્ય હોનેકે કારણ મોક્ષમાર્ગસે ચ્યુત નહિ હોતા. યહ સ્પષ્ટતયા જાનો. ૧૩૫૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૫ શ્લોક–૩૨ )

* સંસારમેં રહનેવાલે પ્રાણીકે જો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સંયમ, તપ વ શીલ આદિ ગુણોંકા રખનેવાલા ભી હૈ પરંતુ યદિ ઉસકે મનમેં લોભકી આગ જલ રહી હૈ તો ઉસકે પાસસે સંક્લેશભાવ નહીં હટતા હૈ. નાના પ્રકારકે રત્નોંકે સમૂહકો વ જિસકા પાર કરના કઠિન હૈ ઐસે જલકો ધારણ કરનેવાલે સમુદ્રકે બીચમેં રહા હુઆ દાવાનલ કયા સંતાપકો યા ક્ષોભકો નહીં કરતા હૈ? ૧૩૫૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૮૭ )

* * *

* જેમ કોણ સમજદાર પુરુષ બળતાં ઘરમાં શયન કરવાની ઇચ્છા કરે? તેમ કયા જ્ઞાની પુરૂષ જન્મ-મરણ આદિરૂપ અગ્નિ વડે પ્રજ્વલિત લોક વિષે ચિંતા રહિત થઇને શયન કરે? જ્ઞાનીને સંસારનો મોટો ભય છે. અસાવધાન થઇને જ્ઞાની શયન કરે નહિ. સંસાર પરિભ્રમણથી આત્માની રક્ષા કરવા માટે જ્ઞાની સદાય સાવધાન રહે છે. ૧૩૫૫.

( શ્રી શીવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૪૪૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પ્રશમભાવયુક્ત સમ્યગ્દષ્ટિને દૈવયોગથી અનિચ્છાપૂર્વક આરંભાદિ ક્રિયા હોય છે પણ ખરી, તોપણ આભ્યંતરશુદ્ધિની પ્રસિદ્ધિ હોવાથી તે ક્રિયા તેને એ પ્રશમગુણમાં બાધા પહોંચાડવા માટે હેતુ ( નિમિત્ત ) નથી. ૧૩૫૬.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૨૯ )

* છ ખંડકા સ્વામી ચક્રવર્તી સમ્રાટ ભી ઇસ પૃથ્વીકો ઔર સર્વ ભોગ્ય પદાર્થોંકો તૃણ કે સમાન નિઃસાર જાનકર છોડ દેતા હૈ. ઔર નિર્ગ્રંથ દિગંબર મુનિકી દીક્ષા ધારણ કર લેતા હૈં. ૧૩૫૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩૬ )

* શાંત અને બરફ સમાન શીતળ તે જ આત્મજ્યોતિ સંસાર-રૂપી ભયાનક તાપથી નિરંતર સંતાપ પામેલાં પ્રાણીને યંત્રધારાગૃહ ( ફુવારાઓ સહિતનું ઘર ) સમાન આનંદદાયક છે. ૧૩૫૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય પદ્મનંદી પંચવિંશતિ, એકતવ સપ્તતિ, શ્લોક-૪૭ )

* હે પ્રાણી ! એ અશુચિ શરીરથી મમત્વ કરી તું અત્યંત દુખી થઇ રહ્યો છે, હાય ! ઠગાઈ રહ્યો છે, નષ્ટ થઈ રહ્યો છે. પરાધીનતાજન્ય અપાર ભયંકર દુઃખને અનુભવી રહ્યો છે. પણ હવે તો તેને અનંત દુઃખની ખાણ અને મહા અપવિત્ર સમજ તો જ તારું જ્ઞાન સત્ય જ્ઞાન કહેવાશે. તથા તે પ્રત્યેનું અનાદિ મમત્વ છોડવું એ જ વાસ્તવિક મહાન સાહસ છે. ૧૩૫૯.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૩ )

* જે સમ્યગ્જ્ઞાન અગ્નિની માફક કર્મરૂપી વનને બાળે છે, માતાની માફક દુઃખથી રક્ષા કરે છે, ગુરુની માફક સત્ય નીતિને બતાવે છે, સ્વામીની માફક પોષણ કરે છે, તત્ત્વ-અતત્ત્વને પ્રગટ કરવામાં ચતુર છે, તે સ્પષ્ટ, પવિત્ર તથા નિર્મલ સમ્યગ્જ્ઞાનને મનુષ્ય જ્ઞાનદાન દ્વારા પ્રાપ્ત કરે છે. ૧૩૬૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૯૪ )

* મૈં જવાન હૂં, બુઢ્ઢા હૂં, રૂપવાન હું, શૂરવીર હૂં, પંડિત હૂં, સબમેં શ્રેષ્ઠ હૂં, દિગંબર હૂં, બૌદ્ધમતકા આચાર્ય હૂં ઔર મૈં શ્વેતાંબર હૂં ઇત્યાદિ સબ શરીરકે ભેદોંકો મૂર્ખ અપને માનતા હૈ. યે ભેદ જીવકે નહીં હૈં. ૧૩૬૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ. અધિ-૧, ગાથા-૮૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* એક જ ભાવની તેનાથી ઉત્કૃષ્ટભાવની અપેક્ષાએ કોઇ ઠેકાણે નિંદા કરી હોય તથા કોઈ ઠેકાણે તેનાથી હીનભાવની અપેક્ષાએ પ્રસંશા કરી હોય ત્યાં વિરોધ ન સમજવો, જેમ કે કોઇ શુભક્રિયાની જ્યાં નિંદા કરી હોય ત્યાં તો તેનાથી ઉચ્ચ શુભક્રિયા વા શુદ્ધભાવની અપેક્ષા છે એમ સમજવું, તથા જ્યાં પ્રસંશા કરી હોય ત્યાં તેનાથી નીચી ક્રિયા વા અશુભક્રિયાની અપેક્ષા સમજવી. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ જાણવું. ૧૩૬૨.

( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર–૮, પાનું –૨૯૭ )

***

* જૈસે રેશમકા કીડા અપને હી મુખસે તારોંકો નિકાલકર અપનેકો હી ઉસમેં આચ્છાદિત કર લેતા હૈ, ઉસી પ્રકાર હિતાહિતમેં વિચારશૂન્ય હોકર યહ ગૃહસ્થજન ભી અનેક પ્રકારકે આરંભોસે પાપ–ઉપાર્જન કરકે અપનેકો શીઘ્ર હી પવજાલમેં ફસા લેતે હૈં. ૧૩૬૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૪ શ્લોક–૧૪ )

* પોતાનો સહજ આસ્વાદી થઇ પરપ્રેમ મટાડી ચેતનાપ્રકાશના વિલાસરૂપ અતીન્દ્રિયભોગ ભોગવ! શું જૂઠા જ સુના જડમાં સ્વપણું માને છે! તથા પરને કહે છે કે ‘ આ અમને દુઃખ આપે છે ’ પણ તેમાં દુઃખ દેવાની શક્તિ નથી. બીજાના માથે જૂઠું આળ દે છે પણ તારી હરામજાદીને દેખતો નથી! અચેતનને નચાવતો ફરે છે લાજ પણ આવતી નથી. મડદાથી સગાઈ કરી, હવે અમે તેની સાથે વિવાહ કરી સંબંધ કરીશું; તો એવી વાત લોકમાં પણ નિંદ્ય છે. તમે તો અનંત– જ્ઞાનના ધારક ચિદાનંદ છો. જડની સાથે સ્વપણું માનવાની અનાદિની જૂઠી વિટંબણા મટાડો! ૧૩૬૪.

( દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૬૬ )

***

* કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખસ્વરૂપ જે તે ઉત્કૃષ્ટ તેજ છે તેને જાણતાં બીજાું શું ન જણાયું? તેને દેખી લેતાં બીજું શું ન દેખવામાં આવ્યું? અને તેને સાંભળતાં બીજું શું ન સાંભળવામાં આવ્યું? અર્થાત્ એક માત્ર તેને જાણી લેતાં બધું જ જણાઇ ગયું છે, તેને દેખી લેતાં બધુ દેખવામાં આવી ગયું છે અને તેને સાંભળી લેતાં બધું જ સાંભળી લીધું છે. ૧૩૬૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૨૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જિનેન્દ્રભગવંતોને જો ભોગ કહા હૈ વહ સર્વ દોષોંસે રહિત શુદ્ધ આત્મભોગ હૈ જહાં આત્માકે અનુભવમેં સંતોષ હો વહી શુદ્ધ આત્મભોગ હૈ. ઐસા ભોગી સંસાર માર્ગકે કારણ ભોગોંસે વિરક્ત હોતા હૈ. ૧૩૬૬.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક-૪૯૦ )

* નારાયણ વા ઈંદ્ર રુદ્ર અન્ય જ્ઞાની પુરુષ શ્રી તીર્થંકર પરમદેવ મુનિશ્વરોંકે સમૂહ તથા અન્ય ભી ભવ્યજીવ પરમ નિરંજનમેં મન રખકર સબ હી મોક્ષકો હી ધ્યાવતે હૈં. યહ મન વિષયકષાયોંમેં જો જાતા હૈ, ઉસકો પીછે લૌટાકર અપને સ્વરૂપમેં સ્થિર અર્થાત્ નિર્વાણકા સાધનેવાલા કરતે હૈં. ૧૩૬૭.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશક, અધિકાર-૨, ગાથા-૮ )

* * *

* હે ભવ્ય! પૂર્વ કાળમાં એવા ઘણાય સત્પુરુષો થઈ ગયા છે કે જેમના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, હૃદયમાં દયા, ભૂજામાં શૌર્ય નિરંતર વસી રહ્યા હતાં. વળી યાચક સમૂહને તૃપ્ત થતા સુધી અસ્ખલિતપણે જેઓ દાન વર્ષાવી રહ્યાં હતાં, તથા જેઓ કલ્યાણમાર્ગના સતત અનુગામી હતા અને એવા મહદ્ ગુણવાન હોવા છતાં તેમનામાં અહંકારનો લેશ પણ સંપર્ક નહોતો. એ મહાન પુરુષોની અપેક્ષા આ કળીકાળમાં જેમનામાં તેઓમાંનો લેશ પણ ગુણ નહિ હોવા છતાં પોતાને ગુણી મનાવી અતિ ઉદ્ધતતાને પામી રહ્યા છે, એ આશ્ચર્ય છે! ૧૩૬૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૧૮ )

* આચાર્ય મહારાજ યહાં ઉપદેશ કરતે હૈં કિ હે દુર્બુદ્ધિ આત્મા! ગુરુજનોંકી સાક્ષીપૂર્વક અર્થાત્ ગુરુજનોંકે નિકટ રહકર તૂ અપને વૈરાગ્યકો નિમલ કર ઔર સંસાર-દેહ-ભોગોંસે લેશમાત્ર ભી રાગ મત કર, તથા ચિત્તરૂપી દૈત્ય ( રાક્ષસ ) જો કિ સ્વેચ્છાસે પ્રવર્તતા હૈ ઉસે વશમેં કર ઔર ઉત્કૃષ્ટ બુદ્ધિકો ( વિવેકિતાકો ) અંગીકાર કર. ક્યોંકિ યે ગુણ ગુરુજનોંકી સેવા કરનેસે હી પ્રાપ્ત હોતે હૈં. ૧૩૬૯.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩ )

* વિષયભોગોંકી પૂર્ણતા હોને પર ભી મહાન પુરુષોંકી લોલુપતા ઉનમેં નહી હોતી હૈ. અન્ય મિથ્યાદષ્ટિ જીવોંકી ઉનમેં લોલુપતા હોતી હી હૈ, ઉસસે ઉન્હે કિંચિત્ ભી શાંતિ નહીં મિલતી હૈ. ૧૩૭૦.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩૫ )

* જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે, તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં સરાગ ચારિત્રથી બંધ થાય છે. જેમ ઠંડુ ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ૧૩૭૧.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૧૧ નો ભાવાર્થ )

* * *

* વ્રતો દ્વારા દેવપદ પ્રાપ્ત કરવું સારું છે, પણ અરે! અવ્રતોદ્વારા નરકપદ પ્રાપ્ત કરવું સારું નથી. જેમ છાયા અને તાપમાં બેસી ( મિત્રની ) રાહ જોનારા બંને ( પુરુષો ) માં મોટો તફાવત છે, તેમ ( વ્રત અને અવ્રતનું આચરણ કરનારા બંને પુરુષોમાં મોટો તફાવત છે ). ૧૩૭૨.

( શ્રી પૂજ્યપાદ સ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા-૩ )

* * *

* મુનિરાજ ઐસી ભાવના કરતે હૈં કિ મૈં કર્મસે પીડિત હૂં, કર્મોદયસે મુજમેં કોઇદોષ ઉત્પન્ન હુઆ હૈ સો ઉસ દોષકો અભી કોઇ પ્રગટ કરે ઔર મુજે આત્માનુભવમેં સ્થાપિત કરકે સ્વસ્થ કરૈં વહી મેરા અકૃત્રિમ મિત્ર ( હિતૈષી ) હૈ.

* પુનઃ ઐસી ભાવના કરતે હૈં કિ જો કોઈ અપને પુણ્યકા ક્ષય કરકે મેરે દોષોંકા કહતા હૈ ઉસસે યદિ મૈં રોષ કરું તો ઇસ જગતમેં મેરે સમાન નીચ વ પાપી કૌન હૈ? ૧૩૭૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૯, શ્લોક-૧૪-૧૫ )

* * *

* જો સુખ અપને આત્મામેં હી સ્થિત હૈ, જો કર્મોંકે ઉદયસે પ્રાપ્ત નહીં હોતા અથવા જો કર્મોંકે નાશસે પ્રગટ હોતા હૈ, જો અવિનાશી હૈ ઔર જો મલ રહિત નિર્મલ હૈ, જિસ સુખકી વિદ્વાન લોગ સદા ઇચ્છા કિયા કરતે હૈં તથા જો સ્થિરભાવ કરનેવાલે આત્માકે દ્વારા સહજહીમેં પ્રાપ્ત હોને યોગ્ય હૈ ઐસા સુખ અપને પાસ હોતે હુએ તૂ જો અંતમેં રસરહિત હૈ વ નાશવંત હૈ ઐસે બાહરી ઇન્દ્રિયજનિત સુખકો પ્રાપ્ત કરનેકે લિયે ક્યો ખેદ ઉઠાતા હૈ? રે મૂર્ખ? મહાદેવજીકે મંદિરમેં ખાનેકો નૈવેદ્ય મિલતે હુએ ભિક્ષાકે લિયે મત ભ્રમણ કર. ૧૩૭૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૭૪ )

∗ સોનું –ચાંદી જે પહાડોની માટી છે તેને પોતાની સંપત્તિ કહે છે, શુભ ક્રિયાને અમૃત માને છે અને જ્ઞાનને ઝેર જાણે છે. પોતાના આત્મરૂપનું ગ્રહણ કરતો નથી, શરીર આદિને આત્મા માને છે, શાતા – વેદનીય જનિત લૌકિક – સુખમાં આનંદ માને છે અને અશાતાના ઉદયને આફત કહે છે. ક્રોધની તરવાર પકડી રાખી છે, માનનો શરાબ પીને બેઠો છે. મનમાં માયાની વક્રતા છે અને લોભના ચક્કરમાં પડેલો છે. આ રીતે અચેતનની સંગતિથી ચિદ્રૂપ આત્મા સત્યથી પરાંઙ્મુખ થઇને જૂઠમાં જ ગુંચવાઇ ગયો છે. ૧૩૭૫.

( શ્રી બનારસીદાસજી, નાટક– સમયસાર, મોક્ષ દ્વાર, ૫૬–૨૮ )

∗ જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને ઉપવાસ જાણવો, બાકીનાને લાંઘણ કહે છે. ૧૩૭૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ )

∗ ઇન્દ્રિયો દ્વારા જે કાંઈ દેખવામાં આવે છે, જાણવામાં આવે છે અને અનુભવ કરવામાં આવે છે તે બધું આત્માથી બાહ્ય, નાશવાન તથા ચેતના રહિત છે. ૧૩૭૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, ગાથા–૪૪ )

∗∗∗

∗ જહાં આત્માકા ઉપયોગ શ્રુતજ્ઞાનમેં રમણ કરે, જિનેન્દ્રકથિત શબ્દોંકો કહે વ પઢે વ મનન કરે, જબ મુનિ શાસ્ત્ર પદોંકે અનુસાર અપને ચારિત્રકે સ્વભાવકો બનાવેં તબ હી જ્ઞાનદાન કર રહે હૈં. અર્થાત્ આપકો આપસે શાસ્ત્રજ્ઞાન દેના વ સ્વસંવેદનજ્ઞાનકા અપનેમેં પ્રકાશ કરના યા વીતરાગ ચારિત્રમયી સ્વભાવકી તરફ ઝુકના યહી સચ્ચા જ્ઞાનદાન હૈ. ૧૩૭૮.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું– ૭૬ )

∗ મનુષ્ય અન્યકે અનુરોધસે ( પ્રાર્થનાસે ) અન્યકે લિયે અતિ નીંદનીય અસત્ય કહકર નરકપુરીકો ચલા જાતા હૈ જૈસે વસુ રાજા અનિંધ આચરણવાલા ઔર ગુણી થા, પરંતુ અપને સહાધ્યાયી ગુરુપુત્ર ( પર્વત ) કે લિયે જૂઠી સાક્ષી દેનેસે નરકકો ગયા. યહ જગત્પ્રસિદ્ધ વાર્તા હૈ ( ઈસકી કથા પુરાણોંમેં પ્રસિદ્ધ હૈ ) ઇસ કારણ પરકે લિયે ભી જૂઠ બોલના નરકકો લે જાતા હૈ. ૧૩૭૯.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક–૪૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે જીવ! જો ઈન સબસે મોક્ષ ઉત્તમ હી નહીં હોત તો શ્રી જિનેશ્વરદેવ ધર્મ અર્થ કામ ઈન તીનોંકો છોડકર મોક્ષમેં કયોં જાતે? ઈસલિયે જાતે હૈં કિ મોક્ષ સબસે ઉત્કૃષ્ટ હૈ. ૧૩૮૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૪ )

∗ શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે જો એકવાર સ્વસંવેદન રસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે. સ્વરૂપસમાધિ એ સંતોનું ચિન્હ છે, જે પ્રાપ્ત થવાથી રાગાદિ વિકાર થતા નથી, જેમ આકાશમાં ફૂલ ન હોય તેમ. ૧૩૮૧.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૩૮ )

∗ આ જીવ, રત્નત્રયરૂપ દિવ્ય નાવ વડે સંસારથી તરે છે – પાર પામે છે માટે આ જીવ જ રત્નત્રયથી યુક્ત થતો થકો ઉત્તમ તીર્થ છે. ૧૩૮૨.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૧૯૧ )

∗∗∗

∗ જે પુરુષ સ્વતંત્રતાથી વર્તનારા એક માત્ર પોતાના ચિત્તને જીતવા સમર્થ નથી તે મૂર્ખને ધ્યાનની ચર્ચા કરતાં શું લોકમાં લજ્જા પણ આવતી નથી? પોતાના ચિત્તને તો જીતી શકતો નથી અને લોકમાં ધ્યાનની ચર્ચાવાર્તા કરે કે હું ધ્યાન કરું છું તે મોટો નિર્લજ્જ છે. ૧૩૮૩.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૨૪ )

∗ શરીરરૂપી કાંચળીથી જેનું જ્ઞાનરૂપી શરીર ઢંકાયેલું છે તે બહિરાત્મા આત્માના યથાર્થ સ્વરૂપને જાણતો નથી; તેથી બહુ લાંબા કાળ સુધી સંસારમાં તે ભમે છે. ૧૩૮૪.

( શ્રી પૂજ્યપાદ સ્વામી, સમધિતંત્ર, ગાથા-૬૮ )

∗ આશારૂપ ખાણ નિધિઓથી પણ અતિશય અગાધ છે. વળી એ એટલે બધી ગહન અને વિશાળ છે કે જે ત્રૈલોકની સમસ્ત વિભૂતિથી પણ ભરાવી અસંભવ છે. માત્ર એક આત્મગૌરવ આત્મમહત્તારૂપ ધન વડે સહજમાં તે ભરાય છે કે જે હજારો પ્રકારની તૃષ્ણારૂપ દુઃખદ વ્યાકુળતાને શમાવવામાં એક અદ્વિતીય અમોઘ ઔષધ છે. ૧૩૮૫.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જૈસે અનંત આકાશમેં એક નક્ષત્ર ઉસી તરહ તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ દર્પણમેં મૂખકી તરહ ભાસતા હૈ, વહ પરમાત્મા અનાદિ હૈ. ૧૩૮૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ગાથા-૩૮ )

* પરમ શુદ્ધ જિસકા સ્વરૂપ હૈ ઐસા આત્મા સો હી પરમ – આત્માકા અપના શુદ્ધ સ્વરૂપ હૈ ઐસા સમજકર ધર્મધ્યાનકા ઉદ્યોગ જહાં કિયા જાતા હૈ ઉસે આરંભત્યાગપ્રતિમા જાના ચાહિયે. ૧૩૮૭.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૨૯ )

***

* વિવેકીપુરુષ પોતાની બુદ્ધિ અનુસાર જેમાં પોતાનું હિત સમજે તે થોડો વા ઘણો ઉપદેશ ગ્રહણ કરે પરંતુ 'મને આ કાર્યકારી છે, આ કાર્યકારી નથી' એટલું જ્ઞાન તો અવશ્ય જોઇએ. હવે કાર્ય તો એટલું છે કે યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન વડે રાગાદિક ઘટાડવા, એ કાર્ય પોતાને જેમ સધાય તે જ ઉપદેશનું પ્રયોજન ગ્રહણ કરે, વિશેષ જ્ઞાન ન હોય તોપણ પ્રયોજનને તો ભૂલે નહિ, એ સાવધાનતા તો અવશ્ય જોઇએ, જેમાં પોતાના હિતની હાનિ થાય તેમ ઉપદેશનો અર્થ સમજવો યોગ્ય નથી. એ પ્રમાણે સ્યાદ્વાદદૃષ્ટિ સહિત જૈનશાસ્ત્રનો અભ્યાસ કરતાં પોતાનું કલ્યાણ થાય છે. ૧૩૮૮.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ, -૮ પાનું – ૩૦૩ )

***

* જો જ્ઞાનકા સામર્થ્ય હૈ વહ તીવ્ર તપકા ભી સામર્થ્ય નહીં હૈ ક્યોંકિ ઐસા હૈ કિ અજ્ઞાની અનેક કષ્ટોંકો સહ કર તીવ્ર તપકો કરતા હુઆ કરોડોં ભવોંમે જિતને કર્મોકા ક્ષય કરતા હૈ વહ આત્મભાવના સહિત જ્ઞાની મુનિ ઉતને કર્મોંકા અંતર્મુહૂર્તમેં ક્ષય કર દેતા હૈ, યહ જ્ઞાનકા સામર્થ્ય હૈ. ૧૩૮૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૫૩ )

* ભૂતકાળમાં જે મહાત્મા યોગીશ્વરો મોક્ષ ઐશ્વર્યને પામ્યા વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે તે સર્વ પરમ આનંદના ધામરૂપ એક નિજ શુદ્ધ ચિદ્રૂપને સમ્યક્ પ્રકારે સર્વ પ્રયત્ને આરાધી ઉપલબ્ધ કરીને જ પામ્યા છે, પામે છે અને પામશે. ૧૩૯૦.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૨ ગાથા-૧૬ )

* અપનેકો સર્વ ભયસે રહિત કરના અભયદાન હૈ. જિસકા સર્વ સાંસારિક ભય નાશ હો જાતા હૈ વહી ભવ્ય હૈ. આત્મા અભય હૈ, વહ અવિનાશી અમૂર્તિક હૈ, ઉસકો કિસીકે દ્વારા નાશ હોનેકા વ બિગડનેકા ભય નહીં હૈ. ઈસ અભયસ્વરૂપ આત્મામેં રમણ કરના સો હી સર્વ ભયોંકો નાશ કર દેના હૈ. આત્મામેં રમણ કરનેસે ભય નોકષાયકા પરિણમન મિટ જાતા હૈ. યહી અભયદાન હૈ. ૧૩૯૧.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું – ૭૬ )

* શાસ્ત્રકર્મ, લેખનકર્મ, કૃષિકર્મ, વિદ્યાકલા, શિલ્પકર્મ, વ્યાપાર-કર્મ ઇન છ પ્રકાર આજીવિકાકે સાધનોંકે દ્વારા શરીર ધન વ પુત્રકે લાભકે લિયે જિસ તરહકા પરિશ્રમ તૂ કરતા હૈ યદિ સંયમકે લિયે એક દફે ભી વૈસા પરિશ્રમ કરે તો કયા નિર્દોષ અનંત સુખકો નહી ભોગ સકે? અવશ્ય તૂ ભોગ સકેગા. ૧૩૯૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૬૬ )

* જેમણે ગુરુની સમીપે ન શાસ્ત્ર સાંભળ્યું છે અને ન તેને હૃદયમાં ધારણ પણ કર્યું છે તેમને ઘણું કરીને ન તો કાન છે અને ન હૃદય પણ છે, એમ હું સમજું છું. ૧૩૯૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૨૧ )

* વસ્તુસ્વરૂપકે જાનનેવાલે વિદ્વાનોને કાલકૂટ ( હલાહલ ) વિષ ઔર વિષયોંમે મેરુ પર્વત ઔર સરસોંકે સમાન અંતર કહા હૈ. અર્થાત્ કાલકૂટ વિષ તો સરસોંકે સમાન છોટા હૈ ઔર વિષયવિષ સુમેરૂપર્વત કે સમાન હૈ. ૧૩૯૪.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૧૯ )

* અજ્ઞાનભાવ રખના ચોરી હૈ કયોંકિ વહ જ્ઞાનમયી આત્માકે સ્વભાવકો છિપા રહા હૈ, ઉસકી નિધિકો લોપ કર રહા હૈ, ઇસલિયે અજ્ઞાન વ મિથ્યાત્વરૂપ ચોરીકો છોડના ચાહિયે. વિષયોંકે સુખકી લમ્પટતાકો મિટાના ચાહિયે. ૧૩૯૫.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક-૩૫૧ )

* આ જિનાગમ સર્વ પ્રાણીઓનું રક્ષણ કરનારું છે તેનો જે જીવોએ આશ્રય લીધો છે તે અનંત સંસારસાગરને ઓળંગીને મુક્ત થયા છે. આવું આ જિનશાસન સદાય વૃદ્ધિગત હો. આ જિનશાસનને હું નમસ્કાર કરું છું. ૧૩૯૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિ. ગાથા-૧૧ )

* જૈનધર્મમાં પ્રતિજ્ઞા ન લેવા બદલ દંડ તો છે નહિ, જૈનધર્મમાં તો એવો ઉપદેશ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય, પછી જેનો ત્યાગ કરે તેના દોષ ઓળખે, ત્યાગ કરવાથી જે ગુણ થાય તેને જાણે અને પોતાના પરિણામોનો વિચાર કરે, વર્તમાન પરિણામોના જ ભરોંસે પ્રતિજ્ઞા ન કરી બેસે પરંતુ ભવિષ્યમાં તેનો નિર્વાહ થતો જાણે તો પ્રતિજ્ઞા કરે. વળી શરીરની શક્તિ વા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિકનો વિચાર કરે. આ પ્રમાણે વિચાર કર્યા પછી પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે; તે પણ એવી પ્રતિજ્ઞા કરવી કે જે પ્રતિજ્ઞા પ્રત્યે નિરાદરભાવ ન થાય પણ ચઢતાભાવ રહે, એવી જૈનધર્મની આમ્નાય છે. ૧૬૯૭.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૭, પાનું – ૨૪૩ )

* * *

* જિસકે પ્રતાપસે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ પાંચો હી જ્ઞાનોંકી સિદ્ધિ હો સકે, મિથ્યાજ્ઞાન વ મિથ્યાત્વભાવ નાશકો પ્રાપ્ત હો જાવે ઐસે સરલ શુદ્ધ માર્ગ પર ચલના ઈર્યાપથ ગમન યા ઈર્યાસમિતિ કહલાતા હૈ. જહાં આત્માકો પરમાત્મરૂપ જાનકે સ્વાનુભવ કિયા જાતા હૈ. યહી સ્વાનુભવ હી ઈર્યાસમિતિ હૈ. ૧૩૯૮.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૧૯ )

* * *

* જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણે છે તેમ જે જીવ જ્ઞાનને લીધે વિવેકવાળો (ભેદજ્ઞાનવાળો) હોવાથી પરના અને પોતાના વિશેષને જાણે છે તે (જેમ હંસ મિશ્રિત થયેલાં દૂધજળને જુદાં કરીને દૂધ ગ્રહણ કરે છે તેમ) અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો (અર્થાત્ તેનો આશ્રય કરતો થકો) માત્ર જાણે જ છે, કાંઈ ણ કરતો નથી (અર્થાત્ જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી). ૧૩૯૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૫૯ )

* * *

* હે સ્વામી! મને કોઈ એવો અપૂર્વ ઉપદેશ આપો કે જેથી મિથ્યાબુદ્ધિ તડાક કરતી તૂટી જાય, ને મન પણ અસ્તગત થઇ જાય. બીજા કોઇ દેવોનું મને શું કામ છે? ૧૪૦૦.

( મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઇને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઇ મદદ કરી શકતી નથી. માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઇને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. ૧૪૦૧.

( શ્રી પ્રવચનસાર, ગાથા-૧૬ના ભાવાર્થમાંથી )

***

* આત્મા રત્નકે સમાન હૈ, અનાદિકાલકા અજ્ઞાનરૂપી પાતાલમેં પડા હૈ, સો રગાદિ મલકે છોડનેસે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ. હે બચ્ચે! આત્મા ઉન ભવ્ય જીવોંકા નિર્મલ હોતા હૈ, ઔર પ્રત્યક્ષ ઉનકો આત્માકા દર્શન હોતા હૈ, પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ ઉસસે આત્મસ્વરૂપકા અવલોકન હોતા હૈ. આત્મા સ્વસંવેદન જ્ઞાન કરકે હી ગ્રહણ કરને યોગ્ય હૈ. જિસકા મન વિષયસે ચંચલ ન હો, ઉસીકો આત્માકા દર્શન હોતા હૈ. ૧૪૦૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૫૬ )

* જિસ પ્રકાર કછુઆ અપને અંગોકો સંકોચતા હૈ ઉસી પ્રકાર જો સંયમી મુનિ ઇન્દ્રિયોંકે સેનાસમૂહકો સંવરરૂપ કરતા હૈ અર્થાત્ સંકોચતા વા વશીભૂત કરતા હૈ વહી મુનિ દોષરૂપી કર્દમસે ભરે ઇસ લોકમેં વિચરતા હુઆ ભી દોષોંસે લિપ્ત નહિ હોતા. ભાવાર્થ-જલમેં કમલકી તરહ અલિપ્ત રહતા હૈ. ૧૪૦૩.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૩૭ )

***

* જે સમ્યગ્દૃષ્ટિ છે તે પુત્ર -કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી. જો પરદ્રવ્યોથી પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું? ઉપશમ ભાવોને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે તથા પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે, કારણ કે પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાનાદિરૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે, કોઈ પદાર્થોમાં ગર્વ કરતો નથી. ૧૪૦૪.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૧૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* કોઈ એમ સમજે કે જેવી રીતે પાકાં આમ્રફળમાં રસ, જાળી, ગોટલી અને છાલ એવી રીતે ચાર અંશ છે, તેવી જ રીતે પદાર્થમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર અંશ છે, - એમ નથી. આ રીતે છે કે જેવી રીતે આમ્રફળ છે અને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેનાથી અભિન્ન છે તેવી જ રીતે જીવપદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનાથી અભિન્ન છે અને આત્મસત્તા પોતાના સ્વચતુષ્ટયથી સદા અખંડિત છે. ૧૪૦૫.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, પદ-૪૪ )

* મોહનો ક્ષય કરવા માટે પ્રવણ ( ઢળતી ) બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલાં અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે - કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી અસાધારણપણું ધારણ કરીને વિશેષપણાને પામ્યા છે તેમના વડે - અનંત દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો. ૧૪૦૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૯૦ )

* * *

* જહાં તક મંડપ વહાં તક હી વેલ કી બઢવારી હૈ ઔર જબ મંડપકા અભાવ હો, તબ વેલ સ્થિર હોકે આગે નહીં ફૈલતી, લેકિન વેલમેં વિસ્તાર-શક્તિકા અભાવ નહીં કહ સકતે, ઈસી તરહ સર્વવ્યાપક જ્ઞાન કેવલીકા હૈ, જિસકે જ્ઞાનમેં સબ પદાર્થ ઝલકતે હૈં, વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ. ઐસા જિસકા જ્ઞાન હૈ વહી શુદ્ધાત્મા ઉપાદેય હૈ. યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ, વહી મહામુનિયોંકે ચિત્તકા વિશ્રામ ( ઠહરનેકી જગહ ) હૈ. ૧૪૦૭.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાતમપ્રકાશ, અધિ. -૧. ગાથા-૪૭ )

* ઇસ સંસારરૂપ તીવ્ર ભયસે ભયભીત હોનેવાલે જીવોંકો યહ અહિંસા હી એક પરમ ઔષધિ હૈ. ક્યોંકિ યહ સબકા ભય દૂર કરતી હૈ તથા સ્વર્ગ જાનેકે લિયે અહિંસા હી માર્ગમેં અતિશય યા પુષ્ટિકારક પાથેયસ્વરૂપ ( ભોજનાદિકી સામગ્રી ) હૈ. ૧૪૦૮.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૪૯ )

* સમ્યગ્જ્ઞાનમયી મોહ યા આત્માકે અનુભવકા રાગ હિતકારી વ પ્રશસ્ત મોહ હૈ ઔર સંસારમેં છુડાનેવાલા હૈ. યદિ શરીરકે મોહમેં લિપ્ત હો જાવે તો ઇસ શરીરકે મોહસે અનંત સંસારમેં રુલતા હૈ. ૧૪૦૯.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૭૬ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમસ્ત લોકનો સાર નિઃસાર છે એમ સમજીને તથા સંસાર અનંત અપાર છે એમ જાણીને લોકના અગ્ર શિખર ઉપર નિવાસ કરવો એ જ સુખકારક અને નિરુપદ્રવ છે. તેમ પ્રમાદ છોડીને ચિંતન કરો અર્થાત્ મોક્ષસ્થાન જ આ લોકમાં સાર તથા પૂર્ણ નિરુપમ સુખનું સ્થાન છે એમ સમજીને તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. ૧૪૧૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, લોકાનુપ્રેક્ષા, ગાથા–૨૮ )

* સદૈવ જીવો એમ કરો કે જેથી આત્મા આત્માનો દ્રોહી ન થાય. જિનાગમમાં કહ્યુ છે કે પોતાના અવલોકનથી શુદ્ધ- ઉપયોગ થાય, પરનો વિયોગ થાય, સહજ ઓળખાય, ત્રણે લોકનો નાથ પોતે છે. વિખ્યાત નિજ અનુરાગ વડે વીતરાગભાવને ધારણ કરો; આ દાવ પામ્યા છો, ફરી આવો ઉપાય મળવાનો નથી, માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો! તેથી માનસ્થંભને મટાડી, માયાજાળને જલાવી, ક્રોધ–અગ્નિ બુઝાવી, લોભ–લહરીઓને મટાડી તથા વિષયભાવનાને ન ભાવી, આ ચિદાનંદ રાયપદને દેખો! પોતે પોતાને ગવેષો! પર વેદનની ઉચ્છેદના કરી, સહજભાવ ધારણ કરી, અંતર્વેદી થઈ અને આનંદધારાને નિહાળી નિશ્ચયરૂપ પરમાત્માને દેખો! ૧૪૧૧.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૫૮ )

***

* આત્મા સાક્ષાત્ પરમાત્મારૂપ છે, જ્ઞાનલક્ષણથી વિભૂષિત છે, તેની અગમ્ય અને નિત્ય ભૂમિમાં પરદ્રવ્યનો પ્રવેશ નથી. તેથી મારું ધન અનુપમ, સ્વયંસિદ્ધ, અપરંપાર અને અક્ષય છે, તેને ચોર કેવી રીતે લઈ શકે? બીજાં મનુષ્યોને પહોચવાનું તેમાં સ્થાન જ નથી. જ્યારે આવું ચિંતવન કરવામાં આવે છે ત્યારે ચોર–ભય રહેતો નથી. જ્ઞાનીઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે તેથી નિઃશંક રહે છે. ૧૪૧૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા, દ્વાર, ૫૬- ૫૫ )

* પ્રાણી સંસારરૂપ વનમેં પરિભ્રમણ કરતા હુઆ ઇન્દ્ર, ધરણેન્દ્ર, ઔર ચક્રવર્તીકી સબ સંપત્તિયોંકો તો સુખપૂર્વક પા લેતા હૈ, પરંતુ ઈસ પ્રકારસે વહ સમસ્ત દુઃખોંકો નષ્ટ કરનેવાલે પવિત્ર સમ્યગ્દર્શનકો નહિ પ્રાપ્ત કર પાતા હૈ. ૧૪૧૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૫૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે ભવ્ય જીવો! ઈસ જગતમેં જો કુછ અધોલોકમેં ભવનવાસી દવોંકી, મધ્યલોકમેં મનુષ્યોંકી ઔર ઉર્ધ્વલોકમેં દેવોંકી સામર્થ્ય વિસ્મય ઉત્પન્ન કરનેકા કારણ હૈ સો સબ હી સામર્થ્ય નિશ્ચય કરકે ઈસ એક આત્માહી મેં હૈ. ઈસ કારણ હમ ઉપદેશ કરતે હૈં કિ નિશ્ચલચિત્ત હોકર, તુમ એક આત્માહી કો નિરંતર ભજો. ૧૪૧૪.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૧, શ્લોક–૧૮ )

* કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી – એમ મુનિજનો અને લૌકિકજનો તત્ત્વને ( વસ્તુના યથાર્થ સ્વરૂપને ) અકર્તા દેખો ( –કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે – એમ શ્રદ્ધામાં લાવો. ) ૧૪૧૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૦૧ )

* પ્રાણિયોંકે જિસ દોષકો તીવ્ર મિથ્યાત્વરૂપ શત્રુ કરતા હૈ ઉસે યહાં ન સિંહ કરતા હૈ, ન સર્પ કરતા હૈ, ન હાથી કરતા હૈ, ન રાજા કરતા હૈ ઔર ન અતિશય ક્રોધકો પ્રાપ્ત હુઆ બલવાન શત્રુ ભી કરતા હૈ. ( તાત્પર્ય યહ કિ પ્રાણિયોંકા સબસે અધિક અહિત કરનેવાલા એક યહ મિથ્યાત્વ હી હૈ. ) ૧૪૧૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૪૧ )

* * *

* અભેદવિવક્ષાથી તો વસ્તુનો સ્વભાવ છે તે જ ધર્મ છે અર્થાત્ જીવનો ચૈતન્યસ્વભાવ છે તે જ તેનો ધર્મ છે; ભેદવિવક્ષાથી ઉત્તમક્ષમાદિ દશલક્ષણ તથા રત્નત્રયાદિક છે તે ધર્મ છે. નિશ્ચયથી પોતાના ચૈતન્યની રક્ષા કરવી અર્થાત્ વિભાવપરિણતિરૂપ ન પરિણમવું તે ધર્મ છે તથા વ્યવહારથી પરજીવોને વિભાવરૂપ દુઃખ–કલેશરૂપ ન કરવા અર્થાત્ તેના જ ભેદરૂપ અન્ય જીવોને પ્રાણાંત ન કરવા તે પણ ધર્મ છે. ૧૪૧૭.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૪૭૬ )

* જિસકે કેવલ દેહમેં રહનેસે ઇન્દ્રિયગાંવ રહતા હૈ. ઔર જિસકે પરભવમેં ચલે જાને પર ઉજ્જડ નિશ્ચયસે હો જાતા હૈ વહ પરમાત્મા. ૧૪૧૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૧, ગાથા–૧૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* રૂદ્ર ( મહાદેવ ) ના કંઠમાં કાળકૂટ વિષ રહે છે, તે વિષ મહાદેવજીને કાંઈ પણ અસર કરી શક્યું નહિ કાળકૂટને પચાવી શકે તેવા મહાદેવજી પણ સ્ત્રીઓની માયામાં ફસાઈ યોગક્ષેમ હારી ગયા તેથી નિશ્ચય થાય છે કે સ્ત્રી એ જ સર્વ વિષમ વિષોથી પણ ભયંકર વિષ છે. ૧૪૧૯.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૩૫ )

* આલોક અને પરલોક-બન્ને લોકમાં ઉત્તમ ફળની દેવાવાળી સજ્જનોની સંગતિ પ્રાણીઓની વિષય – તૃષ્ણાને નષ્ટ કરે છે, ગર્વને શાંત કરે છે, સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરે છે, નીતિને ઉત્પન્ન કરે છે, વિપત્તિને હરે છે અને સંપત્તિને સંચિત કરે છે. અથવા જે સજ્જનની સંગતિ પ્રાણીઓના સમસ્ત દુઃખોને નષ્ટ કરવામાં સમર્થ છે તે કયા નિર્દોષ ફળને ઉત્પન્ન નથી કરતી ? અર્થાત્ સજ્જનની સંગતિ બધા જ પ્રકારના ઉત્તમ ફળને ઉત્પન્ન કરે છે. ૧૪૨૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૬૦ )

* * *

* અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે; અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો ( ભયથી ) ભાગી જાય છે; અને ( તેવી રીતે ) અજ્ઞાનને લીધે આ જીવો પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહ કરતાં હોવાથી જો કે તેઓ શુદ્ધ જ્ઞાનમય છે તોપણ આકુળ બનતાં થકા પોતાની મેળે કર્તા થાય છે. ૧૪૨૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા-કળશ-૫૮ )

* * *

* જેમ રોગની પ્રતિક્રિયા કરતો કોઈ રોગી પુરુષ તે રોગ અવસ્થામાં રોગના પદને ઇચ્છતો નથી અર્થાત્ સરોગ અવસ્થાને ચાહતો નથી તો પછી બીજા વખત રોગ ઉત્પન્ન થવાથી ઇચ્છાના વિષયમાં તો કહેવુ જ શું ? અર્થાત્ ફરીથી રોગની ઉત્પતિને તો તે ઇચ્છવાનો જ નથી. એ જ પ્રમાણે જ્યારેઃ-

* ભાવ કર્મોદ્ધાર પીડિત થતો કર્મજન્ય ક્રિયાઓને કરવાવાળો જ્ઞાની કોઈપણ કર્મપદની ઇચ્છા કરતો નથી તો પછી તે ઇન્દ્રિયોના વિષયોનો અભિલાષી છે એમ કયા ન્યાયથી કહી શકાય ? ૧૪૨૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૨૭૧-૨૭૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સિદ્ધભગવાનકા સ્વભાવ તારણતરણ હૈ, વે અપને જિસ શુદ્ધ ભાવોંકે દ્વારા સંસારસે પાર હુએ હૈં વહી સ્વભાવ દૂસરોંકો ભી તારનેમેં સમર્થ હૈ. દૂસરે ઉસી સ્વભાવકો પાકર સંસારસે પાર હો જાતે હૈં. વે અપને શુદ્ધ સ્વભાવસે ઇસકા ઉપદેશ દે રહે હૈ કિ શુદ્ધોપયોગકી દૃષ્ટિ હી હિતકારી હૈ. ઇસી દૃષ્ટિમેં પરમાનંદકા સહયોગ હૈ. ઇસ શુદ્ધોપયોગરૂપી નિર્મલ ઉપદેશકો જો અપનેમેં અંકિત કરતે હૈં ઉનકે કર્મ ગલ જાતે હૈં. ૧૪૨૩.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૪૯૬ )

* * *

* જેમ કોઇનો જન્મ થયો, જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો, અંદર આંખનો પ્રકાશ જેવો ને તેવો છે પણ બાહ્ય ચર્મના આવરણથી પોતાને દેખાતું નથી. જ્યારે કોઇ તબીબ મળ્યો તેણે કહ્યું કે અંદર પ્રકાશ જ્યોતરૂપ આંખ સારી છે, તેણે યત્નથી ચામડીનો લપેટો દૂર કર્યો ત્યારે તેણે પોતાનું શરીર પોતે જ દીઠું તથા બીજાઓને પણ દેખવા લાગ્યો, એ પ્રમાણે જ્ઞાનદર્શન નય અનાદિકાળથી મુદ્રિત થયેલા ચાલ્યા આવે છે તેથી પોતે સ્વરૂપને ન દીઠું. જ્યારે શ્રીગુરુરૂપ તબીબ મળ્યા ત્યારે જ્ઞાનાવરણને દૂર કરવાનો ઉપાય બતાવતાં જ તેના શ્રદ્ધાનથી (આવરણ) દૂર થયું, ત્યારે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ પોતે દીઠું ત્યારે તે અનંત સુખી થયો. ૧૪૨૪.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૨૫ )

* * *

* યહ શરીર નિશ્ચયસે નાશ હોનેવાલા હૈ, સર્વ સંપત્તિયેં વિયોગકે સન્મુખ હૈ, સ્ત્રીયેં સદા હી સુખકારી વ હિતકારી વ સભ્યતાસે વ્યવહાર કરનેવાલી નહીં હૈં, અપને કુટુંબી યા પુત્ર અપને મતલબસે વિનય કરનેવાલે હૈં, મરણકો દેનેવાલે વ શરણરહિત બહુત ગહરે દુઃખોંસે ભી જિસકા તરના કઠિન હૈ ઐસે ઇસ સાર રહિત સંસારમેં સિવાય મોક્ષકે દૂસરા કોઇ પદ સુખકા દેનેવાલા નહી હૈ. ૧૪૨૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૦૭ )

* * *

* અતિ તીવ્ર કામકી દાહસે ભી થોડે કાલ તક પીડા રહતી હૈ, પરંતુ બ્રહ્મચર્યકો ખંડિત કર દેનેસે કરોડોં જન્મોમેં કષ્ટ સહને પડતે હૈં. ૧૪૨૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ, ઉદય ને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ-જરા-મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે. ૧૪૨૭.

( શ્રી કુંદકુંદાચાર્ય, બાર અનુપ્રેક્ષા ગાથા-૧૦-૧૧ )

***

* જે મનુષ્ય શોભાયમાન યૌવનની પવિત્ર શોભાથી સંપન્ન એવી સ્ત્રીઓનાં હૃદયમાં ચિરકાળ સુધી નિવાસ કરે છે તે સૌભાગ્યાદિ ગુણો અને આનંદના સ્થાનભૂત પુણ્યયુક્ત હોય છે. અર્થાત્ જેમને ઉત્તમ સ્ત્રીઓ ચાહે છે તે પુણ્યાત્મા પુરુષ છે. પરંતુ અભ્યંતર નેત્રથી જ્ઞાનમય જ્યોતિને શરીરથી ભિન્ન દેખનાર જે સાધુઓના હૃદયમાં સ્ત્રીઓ કદી પણ નિવાસ કરતી નથી તે પુણ્યશાળી મુનિઓને પૂર્વોકત ( સ્ત્રીઓના હૃદયમાં રહેનાર ) પુણ્યાત્મા પુરુષો પણ નમસ્કાર કરે છે. ૧૪૨૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક-૨૦ )

* જિનકે પાસ બડી કઠિનતાસે પ્રાપ્ત કરને યોગ્ય ધન-શાસ્ત્રજ્ઞાન, ચારિત્ર વ શમભાવ હૈ વે હી માનવ ધનવાન કહે ગયે હૈં. બાકી માનવ ધનવાન હોકર ભી નિર્ધની હૈ. ૧૪૨૯.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૯ )

* આત્મા પોતાના આત્માની જ ઉપાસના કરી પરમાત્મા થઇ જાય છે; જેમ વાંસનું ઝાડ પોતાને પોતે જ મથીને – રગડીને અગ્નિરૂપ થઈ જાય છે તેમ. ૧૪૩૦.

( શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા-૯૮ )

* ચિદાનંદ હંસ પરમેશ્વર તમે જ છો, સ્થિર થઈ સંદેહ ત્યાગો. પોતાનો ચૈતન્યસ્વરૂપ અનુભવ, પરના અનાદિ જોગમાં પણ આત્મા જેવો ને તેવો છે, પરમાં અત્યંત ગુપ્ત થયો છે. તો પણ દેખવાનો સ્વભાવ ગયો નથી – જ્ઞાનભાવ ગયો નથી. ૧૪૩૧.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૮૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જિન પ્રશાંત આત્મા મુનિ મહારાજાઓંકે વિન્ધ્યાચલ પર્વત નગર હૈ, પર્વતકી ગુફાયે વસતિકા ( ગૃહ ) હૈં, પર્વતકી શિલા શય્યા સમાન હૈ, ચંદ્રમાકી કિરણેં દીપકવત્ હૈ, મૃગ સહચારી હૈ, સર્વભૂતમૈત્રી ( દયા ) કુલીન સ્ત્રી હૈ, પીનેકા જલ વિજ્ઞાન ઔર તપ ઉત્તમ ભોજન હૈ, વે હી ધન્ય હૈ, ઐસે મુનિરાજ હમકો સંસારરૂપ કર્દમસે નિકલને કે માર્ગકા ઉપદેશ દેનેવાલે હોં. ૧૪૩૨.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૫, શ્લોક-૨૧ )

∗ જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે, તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે ( મન-કર્મ-કાયાથી ) ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્વાસમાત્રથી ખપાવે છે. ૧૪૩૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૩૮ )

∗ જો સબ સંસારી જીવોંકી રાત હૈ, ઉસ રાતમેં પરમ તપસ્વી જાગતા હૈ, ઔર જિસમેં સબ સંસારી જીવ જાગ રહે હૈં, ઉસ દશાકો યોગી રાત માનકર યોગ-નિદ્રામેં સોતા હૈ. ૧૪૩૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૪૭ )

∗∗∗

∗ અહો! ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્મા, સૂર્યના, ચંદ્રના, કલ્પવૃક્ષના, ચિંતામણિરત્નના, ઉત્તમ કામધેનુના, દેવલોકના, વિદ્વાનના, તથા વાસુદેવના અખંડિત ગર્વને ચકચૂર કરતો વિજયવંત -અખંડ પ્રતાપવંત વર્તે છે. ૧૪૩૫.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૭, શ્લોક-૧૨ )

∗ જે અજ્ઞાની જીવ છે તે ઇન્દ્રાદિ ઊંચ પદની અભિલાષા કરે છે, પરંતુ જે સદા સમતારસના રસિયા છે, તે સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ ઈચ્છતા નથી. ૧૪૩૬.

( શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ-૧૦ )

∗ જે વડે સુખ ઊપજે વા દુઃખ વિણસે એ કાર્યનું નામ પ્રયોજન છે. એ પ્રયોજનની જેનાથી સિદ્ધિ થાય તે જ આપણું ઇષ્ટ છે. હવે આ અવસરમાં અમને વીતરાગ વિશેષ જ્ઞાનનું હોવું એ જ પ્રયોજન છે, કારણ એનાથી નિરાકુલ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે. સર્વ આકુલતારૂપ દુઃખનો નાશ થાય છે. વળી એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અરિહંતાદિક વડે થાય છે. ૧૪૩૭.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૧, પાનું- ૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યહ આત્મા અપને હી દ્વારા અપને સંસારકો કરતા હૈ ઔર અપને દ્વારા આપ હી અપને લિયે મોક્ષ કરતા હૈ, ઇસ કારણ આપ હી અપને શત્રુ હૈ, ઔર આપ હી અપના ગુરુ હૈ, યહ પ્રકટતયા જાનો – પર તો બાહ્ય નિમિત્તમાત્ર હૈ. ૧૪૩૮.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૩૨, શ્લોક–૮૧ )

* ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામવા છતાં પણ મુનિરાજ ઔદાસીન્ય વૃત્તિએ શરીરનું પાલન કરીને ચિરકાલ પર્યંત તપ કરે છે, એ માત્ર જ્ઞાનનો જ મહિમા છે. ૧૪૩૯.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૧૬ )

* જ્ઞાન મુનષ્યોંકે લિયે કયા કયા નહીં કરતા ? વહ અજ્ઞાનરૂપી અંધકારકો દૂર કરતા હૈ, આત્મામેં સ્વાનુભૂતિરૂપ પ્રકાશકો ઉદ્‌ભૂત કરતા હૈં, પરિણામોંમે શાંતિ લાતા હૈ, ક્રોધકા વિનાશ કરતા હૈ, ધર્મભાવકો વિસ્તારતા હૈ ઔર પાપોંકા વિનાશ કરતા હૈ. ૧૪૪૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૮૯ )

* કોઈ પ્રાણી વિષ ખાય તો તેની વેદનાથી તે એક જ જન્મમાં કષ્ટથી મરે છે, પરંતુ જે પ્રાણીઓએ ઇન્દ્રિયના ભોગરૂપી વિષનું પાન કર્યું છે તે પ્રાણીઓ આ સંસારવનમાં વારંવાર ભમ્યા કરે છે. –વારંવાર મરે છે. ૧૪૪૧,

( શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા–૨૨ )

* ઈસ લોકમેં આગસે જલનેવાલોંકી તો શાંતિ હો હી જાતી હૈ, પરંતુ જો કામવાસનાકી આગસે જલતે રહતે હૈં ઉનકી શાંતિ ભવ ભવમેં ભી નહીં હોતી. ૧૪૪૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૯૨ )

* દેવ, નર, નારકી અને તિર્યંચના શરીર જડ છે; તેમાં ચેતનનો અંશ પણ નથી. ભ્રમથી તેને શ્રૃંગારે છે અને ખાન–પાન–અર્ક–રસાદિ લાવવારૂપ અનેક જતન કરે છે, જૂઠમાં જ આનંદ માની હરખાય છે. મરેલાંની સાથે જીવતાની સગાઇ કર્યે કાર્યને કેવી રીતે સુધારે ?

જેમ શ્વાન હાડને ચાવે અને તેથી પોતાના ગાલ, ગળું અને પેઢાંમાંથી લોહી ઉતરે તેને જાણે કે ભલો સ્વાદ છે. તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે, પરફંદમાં સુખકંદ–સુખ માને છે, ૧૪૪૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું– ૩૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જો મન અજ્ઞાનસે બિગડા હુઆ હૈ (પીડિત હૈ) વહ તો નિજસ્વરૂપસે છૂટ જાતા હૈ, ઔર જો મન વિજ્ઞાન કહિયે સમ્યગ્જ્ઞાનસે વાસિત હૈ વહ અપને અંતરંગમે પ્રભુ ભગવાન પરમાત્માકો દેખતા હૈ, યહ વિધિ હૈ, ઈસ કારણ અજ્ઞાનકો દૂર કરના ચાહિયે. ૧૪૪૬.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ સર્ગ–૩૨, શ્લોક–૫૧)

* માત્ર ક્રિયા દેખાવાથી સમ્યગ્દ્રષ્ટિને વિષયોમાં વીતરાગતા અસિદ્ધ નથી, કારણ કે દારિદ્રય અને મરણાદિને નહિ ઈચ્છવાવાળા લોકોને પણ દારિદ્રય તથા મરણાદિની પ્રાપ્તિ થાય છે. ૧૪૪૭.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા ૨૭૦)

* જિનેશ્વરદેવને કહ્યા દર્શન હૈ સો ગુણનિવિષૈં અર દર્શન જ્ઞાન–ચારિત્ર ઈન તીન રત્નનિવિષૈં સાર હૈં, ઉત્તમ હૈ, બહુરિ મોક્ષમંદિરકે ચઢનેકૂં પ્રથમ પૈડી હૈ, સો આચાર્ય કહે હૈ– હે ભવ્ય જીવ હો! યાકૂં અંતરંગ ભાવ કરિ ધારણ કરો, બાહ્ય ક્રિયાદિક કરિ ધારણ કિયા તૌ પરમાર્થ નાંહી, અંતરંગકી રુચિકરિ ધારણાં મોક્ષકા કારણ હૈ. ૧૪૪૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ ગાથા–૨૧)

***

* ભાવમેં હી ધર્મ રહતા હૈ. ભાવમેં હી અપને આત્માકા સ્વભાવ ઝલકતા હૈ. ભાવસે હી ભાવોંકી શુદ્ધિ હોતી હૈ. ઇસ કારણ નિશ્ચય શુદ્ધ અણુવ્રત આત્માકે શુદ્ધ સ્વભાવમેં હી હૈ. ૧૪૪૯.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૬૬)

* જે જ્ઞાન દુઃખ વિના ભાવવામાં આવે છે તે ઉપસર્ગાદિ દુઃખો આવી પડતાં નાશ પામે છે, માટે મુનિએ પોતાની શક્તિ અનુસાર કાયકલેશાદિરૂપ દુઃખોથી આત્માની શરીરાદિથી ભિન્ન ભાવના ભાવવી. ૧૪૫૦.

(શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા–૧૦૨)

* હું એવા પ્રકારના સંસારમાં વસુ છું કે જે સંસાર અશરણ છે, અશુભ છે, અનિત્ય છે, દુઃખમય છે અને અનાત્મરૂપ (પરરૂપ) છે અને તેનાથી વિપરીત એવું મોક્ષનું સ્વરૂપ છે. (મોક્ષ તેનાથી વિપરીત સ્વરૂપવાળો છે.) એ રીતે સામાયિકમાં સ્થિત જીવોએ વિચાર કરવો. ૧૪૫૧.

(શ્રી સમંતભદ્રસ્વામી રત્નકરંડ–શ્રાવકાચાર, શ્લોક–૧૦૪)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ જે ઇન્દ્રિયાદિનો વિજયી થઇને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઇ રીતે અનુસરે? (તેને પ્રાણોનો સંબંધ થતો નથી.) ૧૪૫૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૧૫૧ )

∗∗∗

∗ અમારાં હૃદયમાં મહામોહજનિત ભ્રમ હતો, તેથી અમે જીવો પર દયા ન કરી. અમે પોતે પાપ કર્યા, બીજાઓને પાપનો ઉપદેશ આપ્યો અને કોઈને પાપ કરતાં જોયા તો તેનું સમર્થન કર્યું. મન, વચન કાયાની પ્રવૃત્તિના નિજત્વમાં મગ્ન થઇને કર્મબંધ કર્યા અને ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયાં. પરંતુ જ્ઞાનનો ઉદય થવાથી અમારી એવી અવસ્થા થઈ ગઈ, જેવી સૂર્યનો ઉદય થવાથી પ્રભાતની થાય છે. ૧૪૫૩.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ–૯૧ )

∗∗∗

∗ અર્હંતાદિકનું સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનમય છે, એ વડે જ અર્હંતાદિક સ્તુતિ–યોગ્ય મહાન થયા છે. કારણ જીવતત્ત્વથી તો સર્વ જીવો સમાન છે, પરંતુ રાગાદિ વિકાર વડે વા જ્ઞાનની હીનતા વડે તો જીવ નિંદા – યોગ્ય થયા છે તથા રાગાદિકની હીનતા વડે વા જ્ઞાનની વિશેષતા વડે સ્તુતિ–યોગ્ય થાય છે. હવે અર્હંત–સિદ્ધને તો સંપૂર્ણ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગવિજ્ઞાન–ભાવ સંભવે છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એકદેશ રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતાથી એકદેશ વીતરાગવિજ્ઞાનભાવ સંભવે છે માટે એ અર્હંતાદિક સ્તુતિયોગ્ય મહાન જાણવા. ૧૪૫૪.

( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. –૧ પાનું– ૫ )

∗∗∗

∗ શરીરમેં જો આત્મબુદ્ધિ હૈ સો બંધુ ધન, ઇત્યાદિકી કલ્પના ઉત્પન્ન કરાતી હૈ, તથા ઈસ કલ્પનાસે હી જગત અપની સંપદા માનતા હુઆ ઠગા ગયા હૈ. શરીરમેં ઐસા જો ભાવ હૈ કિ– ‘યહ મૈં આત્મા હી હૂં’ ઐસા ભાવ સંસારકી સ્થિતિકા બીજ હૈ, ઈસ કારણ બાહ્યમેં નષ્ટ હો ગયા હૈ ઇન્દ્રિયોંકા વિક્ષેપ જિસકે ઐસા પુરુષ ઉસ ભાવરૂપ સંસારકે બીજકો છોડકર અંતરંગમેં પ્રવેશ કરો, ઐસા ઉપદેશ હૈ. ૧૪૫૫.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૩૨, શ્લોક–૨૧–૨૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સુખકે અર્થ કી હુઇ હિંસા દુઃખકી પરિપાટી કરતી હૈ, મંગલાર્થ કી હુઇ હિંસા અમંગલ કરતી હૈ, તથા જીવનાર્થ કી હુઇ હિંસા મૃત્યુકો પ્રાપ્ત કરતી હૈ. ઇસ બાતકો નિશ્ચય જાનના. ૧૪૫૬.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮ શ્લોક-૨૨ )

* જિસકે વશમેં પાંચો ઇન્દ્રિયાં હૈ ઔર જિસકા મન દુષ્ટ યા દોષી નહીં હૈ, જિસકા આત્મા ધર્મમેં રત હૈ ઉસકા જીવન સફલ હૈ. ૧૪૫૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૮૫ )

* જેમ કોઇનો પુત્ર ઘરમાં છે અને બજારમાં કોઇએ તેને પૂછયું, આપને પુત્ર છે? ત્યારે તે કહે કે મારે પુત્ર છે, અભાવ કહેતો નથી. વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કહે. પણ હે ચિદાનંદ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શન-જ્ઞાન શક્તિ છતી હોવા છતાં અણછતી રાખી છે. ૧૪૫૮.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૨૨ )

* ઈસ સંસારમેં જિતને ભી વિધિ વિધાન હૈ વે સબ જ્ઞાનકે બિના કભી ભી કલ્યાણકારી નહીં હોતે અર્થાત્ સમજબૂજકર કરને પર હી વે સબ વ્યવહાર હિતકારી હોતે હૈં. ઇસલિયે અપને અહિતસે બચનેકે ઈચ્છુક ઔર હિતકે અભિલાષી પુરુષ જ્ઞાનકા હી આશ્રય લેતે હૈ. ૧૪૫૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૨ )

* યહ જિનવચન હૈ સો ઔષધ હૈ, સો કૈસા ઔષધ હૈ? વિષય જો ઇન્દ્રિયનિકે વિષ તિનતૈં માન્યા સુખ તાકા વિરેચન કહિયે દૂરિ કરનહારા હૈ, બહુરિ કૈસા હૈ? - અમૃતભૂત કહિયે અમૃતસારિખા હૈ યાહિતૈ જરા-મરણરૂપ રોગ તાકા હરનહારા હૈ, બહૂરિ સર્વ દુઃખનિકા ક્ષય કરનહારા હૈ. ૧૪૬૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૧૭ )

* ચક્રવર્તી તપ કરવાને માટે સુદર્શન ચક્રનો ત્યાગ કરે છે તેમ સજ્જનોને કંઈ આશ્ચર્ય લાગતું નથી. કેમ કે તે તપ સાધુઓને અવિનાશી અનુપમ મોક્ષ સંપત્તિને આપે છે. પરંતુ પરમ આશ્ચર્ય તો એ થાય છે કે જે કોઈ સાધુ તપને છોડીને ઇન્દ્રિય-વિષયોને ગ્રહણ કરે છે, જે આ મહાન ભયાનક સંસાર-સમુદ્રમાં અનેક દુઃખોને આપે છે. આ વાત બહુ જ આશ્ચર્યકારી છે. ૧૪૬૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૯૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! હું તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર, અર્થાત્ મર્યાદામાં રાખ, ને સાચા માર્ગમાં જોડ. ૧૪૬૨.

( મુનિવર રામસિંહ, પાહુડ દોહ, ગાથા–૧૦૬ )

* જહાં આત્માં અપને સ્વભાવમેં હૈ અથવા આત્મા પરમાત્મા કા ધ્યાન કર રહા હૈ યા પરમપદ જો મોક્ષ હૈ ઉસકા મનન કરતા હૈ ઉસીકે અહિંસાવ્રત હોતા હૈ. ૧૪૬૩.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૭૫ )

* દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં–ત્યાં સત્તાનું જ કથન છે, જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે, અમૃતનો પુંજ સત્તામાં છે, સત્તાને છૂપાવવી એ સાંજના અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું તે જ જન્મ–મરણ આદિ દોષરૂપ સંસાર છે, પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચાર ગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્માસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે છે તે જ ચોર છે. ૧૪૬૪.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ–૨૩ )

* અવિવેકી માનવ સ્ત્રીકે સંસર્ગકો સુખ કહતે હૈં કિંતુ વિચાર કિયા જાવે તો યહ હી દુઃખોંકે બડે ભારી બીજ હૈં ૧૪૬૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૯૦ )

* ધર્મ ગુરુ હૈ, મિત્ર હૈ, સ્વામી હૈ બાંધવ હૈ, હિ તૂ હૈ, ઔર ધર્મ હી વિના કારણ અનાથોંકા પ્રીતિપૂર્વક રક્ષા કરનેવાલા હૈ. ઈસ પ્રાણીકો ધર્મ કે અતિરિક્ત ઔર કોઈ શરણ નહીં હૈ. ૧૪૬૬.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૩, શ્લોક–૧૧ )

* પરમગુરુ ઐસા ઉપદેશ કરતે હૈ જો જ્ઞાનસ્વભાવ સહિત તથા આનંદમયી હોતા હૈ ઉસમેં કેવલજ્ઞાનકા કારણ ઐસા જ્ઞાનમયી અંકુર દીખ પડતા હૈ વહી આનંદમયી વ જ્ઞાન સ્વભાવમયી ભેદવિજ્ઞાન હૈ. ૧૪૬૭.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ–શુદ્ધસાર, શ્લોક–૧૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેમ કોઇ નટ બળદનો સ્વાંગ લાવ્યો હોય અને પોતાનું સ્વરૂપ ભૂલી તે પૂછવા લાગે કે – ‘હું નરનો પર્યાય ક્યારે પામીશ?’ તે જૂઠ જ પૂછે છે. પોતે નર જ છે. ભૂલથી એ રીતે (ભ્રમણા) થઇ છે. તેમ ચિદાનંદ પોતે ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે, પોતાથી પોતાની ભૂલ મટે. સદા ઉપયોગ ધારક આનંદરૂપ આપ પોતે જ બન્યો છે. યત્ન (પુરુષાર્થ) વિના નિજનિહાળનું (પોતાના સ્વરૂપનું નિહાળવું) કાર્ય થતું નથી. નિજશ્રદ્ધા આવતાં જિન અવલોકન થાય છે. ૧૪૬૮.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૮)

* (નવ રસોના પારમાર્થિક સ્થાનઃ–) આત્માને જ્ઞાનગુણથી વિભૂષિત કરવાનો વિચાર તે શ્રૃંગારરસ છે, કર્મ–નિર્જરાને ઉદ્યમ તે વીરરસ છે, પોતાના જ જેવા સર્વ જીવોને સમજવા તે કરુણા રસ છે. મનમાં આત્મ–અનુભવનો ઉત્સાહ તે હાસ્યરસ છે, આઠ કર્મોનો નાશ કરવો તે રૌદ્ર રસ છે. શરીરની અશુચિનો વિચાર કરવો તે બીભત્સરસ છે, જન્મ – મરણ આદિનું દુઃખ ચિંતવવું તે ભયાનકરસ છે, આત્માની અનંત શક્તિનું ચિંતવન કરવું તે અદ્‌ભુતરસ છે, દ્રઢ વૈરાગ્ય ધારણ કરવો તે શાંતરસ છે. જ્યારે હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આ રીતે નવ રસનો વિલાસ પ્રકાશિત થાય છે. ૧૪૬૯.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ–૧૩૫)

***

* જો કોઈ કિસી મનુષ્યકો મર જાને કે બદલે મેં નગર; પર્વત તથા સુવર્ણ રત્ન ધન ધાન્યાદિકને ભરી હુઈ સમુદ્ર પર્યંતકી પૃથ્વીકા દાન કરે તો ભી અપને જીવનકો ત્યાગ કરનેમેં ઉસકી ઇચ્છા નહિ હોગી. ભાવાર્થ–મનુષ્યોંકો જીવન ઇતના પ્યારા હૈ કિ મરનેકે લિયે જો કોઈ સમસ્ત પૃથ્વીકા દાન દે તો ભી મરના નહિ ચાહતા. ઈસ કારણ એક જીવકો બચાનેમેં જો પુણ્ય હોતા હૈ વહ સમસ્ત પૃથ્વીકે દાનસે ભી અધિક હોતા હૈ. ૧૪૭૦.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૮, શ્લોક–૩૫)

* આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઇન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી. કારણ કે સ્વ–પરપ્રકાશપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે. ૧૪૭૧.

(શ્રી પ્રવચનસાર, ગાથા–૧૯ નો ભાવાર્થ)

* હે યોગી! ઈસ સંસારરૂપી વનમેં જિન બડે ભયાનક નાના પ્રકારકે કર્મરૂપી તીવ્ર શત્રુઓંકે દ્વારા અનાદિકાલસે તૂને અસહનીય દુઃખકો પાયા હૈ, ઐસા કોઈ કષ્ટ બાકી રહા નહીં જો તૂને ન પાયા હો. ઉન કર્મરૂપી શત્રુઓંકો સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રકી એકતારૂપી આત્મધ્યાનકી તલવારસે જડમૂલસે નાશ કરકે મોક્ષકે મહાન નગરમેં જાકર પાપરહિત આનંદસે ભરે હુએ તથા સર્વ બાધારહિત રાજ્યકો પ્રાપ્ત કર. ૧૪૭૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૩ )

* પ્રાથમિક અવસ્થામાં જેને આત્મદર્શન થયું છે એવા અંતરાત્માને જગત્ ઉન્મત્ત જેવું જણાય છે, અને પછીથી આત્મસ્વરૂપના અભ્યાસમાં પરિપક્વબુદ્ધિવાળા અંતરાત્માને આ જગત્ કાષ્ટ પાષાણ જેવું ભાસે છે. ૧૪૭૩.

( શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૦ )

* યહ પ્રત્યક્ષ અચલ પર્વતોંકી શ્રેણી કદાચિત્ ચલાયમાન ભી હો જાય તો આશ્ચર્ય નહિ કિન્તુ સામ્યભાવમેં પ્રતિષ્ઠિત મુનિકા ચિત્ત ઉપસર્ગોંસે કદાપિ નહિ ચલતા, ઐસા લીન હો જાતા હૈ. ૧૪૭૪.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૪, શ્લોક - ૩૦ )

***

* સ્વરૂપનો અનુભવ એ શિવપદ સ્વરૂપનો અનુભવ છે. ત્રિભુવનસાર અનુભવ અનંત કલ્યાણરૂપ છે, અનુભવ મહિમા ભંડાર છે, અનુભવ અતુલબોધ ફળ છે, અનુભવ સ્વરસરસ છે, અનુભવ સ્વસંવેદન છે, અનુભવ તૃપ્તિભાવ છે, અનુભવ અખંડપદ સર્વસ્વ છે, અનુભવ રસાસ્વાદ છે. અનુભવ વિમલરૂપ છે, અનુભવ અચલ જ્યોતિરૂપને પ્રગટકરણ છે, અનુભવ અનુભવના રસમાં અનંતગુણો રસ છે, પંચપરમગુરુ અનુભવથી થયા અને થશે. સકલ સંત-મહંત-ભગવંત અનુભવ જોડે જોડાશે. માટે જે ગુણવંત છે તે અનુભવને કરો. સકલ જીવરાશિ સ્વરૂપને અનુભવો! આ અનુભવપંથને નિર્ગ્રંથો સાધી સાધી ભગવાન થયા. ૧૪૭૫.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૯૫ )

* મોક્ષકા માર્ગ અમર અવિનાશી આત્માકા સ્વભાવ હૈ, યહી અવિનાશી મુક્તિકે શુદ્ધ જ્ઞાનકે પ્રકાશકા સહકારી હૈ, યહી શુદ્ધ જ્ઞાનકા સાધન હૈ, ઇસ વિમલ સાધનસે કર્મ વિલા જાતે હૈ. ૧૪૭૬.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૫૦૭ )

* જેમ દુર્જન પ્રત્યે કરેલા ઉપકાર નકામા જાય છે તેમ હે જીવ! તું આ શરીરને નવરાવીને તેલ મર્દન કર અને તેને સુમિષ્ટ આહાર દે – તે બધુંય નિરર્થક જવાનું છે અર્થાત્ આ શરીર તારા ઉપર કંઇ ઉપકાર કરવાનું નથી માટે તું એની મમતા છોડ. ૧૪૭૭.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૮ )

* જેમાં ( –જે ખાડામાં ) સંતાઈ રહેલા ક્રોધાદિ ભયંકર સર્પો દેખી શકાતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતાં રહેવું યોગ્ય છે. ૧૪૭૮.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૨૧ )

* આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી શકતા નથી, ભાઈ – બંધુ ભાગ પડાવી શકતા નથી, મરણ પછી પુત્ર આદિ લઇ શકતા નથી, રાજા છીનવી શકતો નથી અને બીજા લોકો આંખો વડે દેખી શકતા નથી. ત્રણ લોકમાં આ જ્ઞાન પૂજ્ય છે. આ જ્ઞાનધન જેની પાસે હોય તે લોકોને ધન્ય સમજવામાં આવે છે. ૧૪૭૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૮૬ )

***

* બુદ્ધિમાન લોગ અપને ઈચ્છારૂપી રોગોંકા શમન કરતે હૈં, ઉનસે હટકાર અપની આત્માકો આત્મસ્વરૂપકી ઓર લગાતે હૈં, વહ હી પરમ તત્ત્વ હૈ. યહ બાત બ્રહ્મજ્ઞાની સંતોને કહી હૈ. ૧૪૮૦.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા–૮૩ )

* ( હે જિનેન્દ્ર! ) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં, વિદ્યાધરના સ્થાનમાં હોઉં, જ્યોતિષ્કદેવોના લોકમાં હોઉં, નાગેન્દ્રના નગરમાં હોઉં, નારકોના નિવાસમાં હોઉં, જિનપતિના ભવનમાં હોઉં કે અન્ય ગમે તે સ્થળે હોઉં ( પરંતુ ) મને કર્મનો ઉદ્ભવ ન હો, ફરી ફરીને આપના પદપંકજની ભક્તિ હો. ૧૪૮૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા શ્લોક–૨૮ )

* કદી વધી જવાથી અથવા કદી ઘટી જવાથી, અથવા કોઈ વેળા નહિ દેખાવાથી તે ઇન્દ્રિયજ્ઞાન મૃગીના રોગના વેગ સમાન મૂર્છિત છે. ૧૪૮૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૨૮૪ )

* અંતરંગમાં આત્માના વાસ્તવિક સ્વરૂપને જોઇને અને બાહ્યમાં શરીરાદિ પર ભાવોને જોઇને બન્નેના - આત્મા અને શરીરાદિકના ભેદવિજ્ઞાનથી તથા તેના અભ્યાસથી અચ્યુત એટલે મુક્ત થવાય. ૧૪૮૩.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૯ )

* જે (વસ્તુસ્વરૂપને) ન્યૂનતા રહિત, અધિકતા રહિત, વિપરીતતા વિના-વિપરીતતા રહિત અને સંદેહ રહિત જેમ છે તેમ જાણે છે, તેને ગણધરો યા શ્રુતકેવળીઓ સમ્યગ્જ્ઞાન કહે છે. ૧૪૮૪.

( શ્રી સમંતભદ્રસ્વામી, રતનકરંડ શ્રાવકાચાર, શ્લોક-૪૨ )

* જો એમ પૂછવામાં આવે કે દેવગતિ પામેલાં દેવેન્દ્રોને તો બહુ સુખ હોય છે તો પછી દેવગતિના બધાં જીવોને દુઃખ સહન કરનાર કેમ બતાવ્યા છે? તો એનું સમાધાન આ છે કે દેવેન્દ્રોને ઇન્દ્રિય-વિષયોથી ઉત્પન્ન જે સુખ થાય છે તે દાહ ઉત્પન્ન કરનારી તૃષ્ણા દેનાર છે, તેને વાસ્તવમાં દુઃખ સમજવું જોઇએ. ૧૪૮૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ. ૩, ગાથા-૩૪ )

* નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિન્હિત જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વ કર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે જ છે. ૧૪૮૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૪ )

* ઈસલોકમેં પુણ્યહીન મનુષ્યકે હાથમેં રખા પદાર્થ ભી નષ્ટ હો જાતા હૈ ઔર ભાગ્યશાલીકે દૂરસે આકર રત્ન હાથમેં આ જાતા હૈ. ૧૪૮૭

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૭૨ )

* ગુરુનાં ચરણયુગલ દ્વારા મુક્તિ-પદવી પ્રાપ્ત કરવા માટે જે નિર્ગ્રંથતા મને આપવામાં આવી છે તેના નિમિત્તે ઉત્પન્ન થયેલા આનંદના પ્રભાવથી મારું મન ઇન્દ્રિયવિષયજનિત સુખને દુઃખરૂપ જ માને છે. બરાબર છે - પ્રાપ્ત થયેલો ખોળ ત્યાં સુધી જ સ્વાદિષ્ટ લાગે છે જ્યાં સુધી અતિશય મીઠી તૃપ્ત કરનાર સફેદ સાકર પ્રાપ્ત થતી નથી. ૧૪૮૮.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થ વિંશિતિ, શ્લોક-૧૬ )

* ઉદ્ધત જ્ઞાન ( કોઇનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન ) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે તેઓ, નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, બંધરહિત એવા સમયના સારને ( અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને ) દેખે અનુભવે છે. ૧૪૮૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૨૦ )

***

* પ્રથમ અવસ્થામેં ભવ્ય જીવોંકો પંચપરમેષ્ઠી યોગ્ય હૈં, ઉનકે આત્માકા સ્તવન, ગુણોંકી સ્તુતિ, વચનસે ઉનકી અનેક તરહકી સ્તુતિ કરની, ઔર મનસે ઉનકે નામકે અક્ષર તથા ઉના રૂપાદિક ધ્યાવને યોગ્ય હૈ, તો ભી પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિકે સમય કેવલ જ્ઞાનાદિ અનંતગુણરૂપ પરિણત જો નિજ શદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ, અન્ય નહીં. તાત્પર્ય યહ હૈ હિ ધ્યાન કરને યોગ્ય યા તો જિન આત્મા હૈ, યા પંચપરમેષ્ટી હૈ, અન્ય નહીં, પ્રથમ અવસ્થામેં તો પંચપરમેષ્ઠીકા ધ્યાન કરના યોગ્ય હૈ, ઔર નિર્વિકલ્પદશા મેં નિજસ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ, નિજરૂપ હી ઉપાદેય હૈ. ૧૪૯૦.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨-, ગાથા-૩૧ )

***

* ક્રિયાની ભૂમિ ઉપર મોહ મહારાજાનો નિવાસ છે, ક્રિયા અજ્ઞાન- ભાવરૂપ રાક્ષસનું નગર છે, ક્રિયા કર્મ અને શરીરી આદિ પુદ્ગલોની મૂર્તિ છે, ક્રિયા સાક્ષાત્ માયારૂપ સાકર લપેટેલી છરી છે, ક્રિયાની જંજાળમાં આત્મા ફસાઇ ગયો છે, ક્રિયાની આડ જ્ઞાન-સૂર્યના પ્રકાશને છૂપાવી દે છે. શ્રી ગુરુ કહે છે કે ક્રિયાથી જીવ કર્મનો કર્તા થાય છે, નિશ્ચય સ્વરૂપથી જુઓ તો ક્રિયા સદૈવ દુઃખદાયક છે. ૧૪૯૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ-૯૭ )

***

* મતિજ્ઞાન અને સુખ આદિ થતી વેળા ઇન્દ્રિયો તો માત્ર બાહ્ય હેતુ છે પણ ઉપાદાનકારણ નહિ; કારણ કે ઉપાદાનકારણ તો આત્મા જ થાય છે. તેથી વાસ્તવમાં એ ઇન્દ્રિયજ્ઞાન-સુખાદિમાં ઇન્દ્રિયો તો અહેતુ બરાબર જ છે. જુઓ મૃતક અવસ્થામાં ઇન્દ્રિયો રહેવા છતાં પણ ઇન્દ્રિયજ્ઞાન કે સુખ હોતું જ નથી. ૧૪૯૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૩૫૧નો ભાવાર્થ )

* હે આત્મન્! તૂ આત્માકે પ્રયોજનકા આશ્રય કર અર્થાત્ ઔર પ્રયોજનોંકો છોડકર કેવલ આત્માકે પ્રયોજનકા હી આશ્રય કર, તથા મોહરૂપી વનકો છોડ, વિવેક અર્થાત્ ભેદજ્ઞાનકો મિત્ર બના. સંસાર દેહકે ભોગોંસે વૈરાગ્યકા સેવનકર, ઔર પરમાર્થસે જો શરીર ઔર આત્મામેં ભેદ હૈ ઉસકા નિશ્ચયસે ચિંતવન કર, ઔર ધર્મધ્યાનરૂપી અમૃતકે સમુદ્રકે મધ્યમેં પરમ અવગાહન (સ્નાન) કરકે અનંત સુખ સ્વભાવ સહિત મુક્તિકે મુખકમલકો દેખ. ૧૪૯૩.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪૨, શ્લોક-૨ )

* યહ બડે આશ્ચર્યકી બાત હૈ કિ થોડે હી પ્રયત્નસે શુદ્ધ ભાવોં કે દ્વારા ઔર સંત પુરુષોંકે દ્વારા સમભાવ પ્રાપ્ત કર લિયા જાતા હૈ. ૧૪૯૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય શ્લોક-૭૧ )

* * *

* યદિ ઈસ દુર્ગંધસે ભરે હુએ તથા મલિન શરીરસે સુખકો કરનેવાલી સ્વર્ગ ઔર મોક્ષકી સંપત્તિયેં પ્રાપ્ત કી જાતી હૈં તબ કયા હાનિ હોતી હૈ? યદિ નિંદનીય નિર્માલ્યકે દ્વારા સુખદાઈ રત્ન મિલ જાવે તબ જગતકી મર્યાદાકો જાનને વાલે કિસ પુરુષસે લાભ ન માના જાયગા? ૧૪૯૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૮ )

* હિંસાદિ પાંચ અવ્રતોને છોડીને અહિંસાદિક વ્રતોમાં નિષ્ઠાવાન રહેવું અર્થાત્ તેનું દ્રઢતાથી પાલન કરવું; પછી આત્માના પરમ વીતરાગ પદને પ્રાપ્ત કરીને તે વ્રતોને પણ ત્યજવાં. ૧૪૯૬.

( શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૪ )

* કર્મમાં (કર્મકાંડમાં) જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાનશૂન્ય ઘણાંય જીવો, પુષ્કળ (ઘણાં પ્રકારના) કર્મ કરવાથી પણ આ જ્ઞાનપદને પામતા નથી અને આ જ્ઞાનપદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતાં નથી; માટે કર્મથી મુક્ત થવા ઇચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી, નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવા યોગ્ય છે. ૧૪૯૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૦૫ )

* જો કઠિનતાસે નાશ કરને યોગ્ય બડે કઠોર કર્મરૂપી પર્વતોંકો ચૂર્ણ કરનેમેં કિસીસે હટાયા ન જા શકે ઐસા વજ્ર હૈ, જો કઠિનતાસે પાર હોને યોગ્ય ઐસે સંસાર સમુદ્રસે પાર લે જાનેમેં સર્વ જીવોંકે લિયે એકરૂપ સામાન્ય જહાજ હૈ, જો સર્વ શરીરધારી પ્રાણીયોંકી રક્ષા કરનેમેં પિતાકે સમાન સદા માના ગયા હૈ વહ સર્વજ્ઞ ભગવાનસે કહા હુઆ ધર્મ હમેં સંસારમેં હંમેશા રક્ષિત કરે. ૧૪૯૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક- ૧૩ )

* * *

* જો કરનેકૂ સમર્થ હૂજે સો તૌ કીજિયે, બહુરિ જો કરનૈકૂં નહિં સમર્થ હૂજિયે સો શ્રદ્ધિયે; જાતૈ કેવલી - ભગવાનને શ્રદ્ધાન કરનેવાલૈકૈં સમ્યક્ત્વ કહ્યા હૈ. ૧૪૯૯.

( શ્રી કુંદકુદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૨૨ )

* શત્રુઓ, માતા-પિતા, સ્ત્રીઓ, ભાઈઓ, પુત્રો અને સ્વજનો ( એ બધાં ) મારા શરીરનો અપકાર-ઉપકાર કરે છે, મારા ચેતનાત્માનો નહિ. મારા ચેતન આત્માથી એ અચેતન શરીર વાસ્તવમાં ભિન્ન છે. તેથી તે શત્રુઓ પર દ્વેષ અને સ્વજનાદિમાં રાગ કરવો મારા કેવી રીતે ઉચિત હોઈ શકે? કેમ કે તે મારા માટે આત્માનો કોઈ ઉપકાર તથા અપકાર કરતાં નથી. ૧૫૦૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૧૨-૧૩ )

* * *

* આ મનુષ્યજન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શું ચિંતા છે તથા મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિંતા રહે છે કે ન તો મરણનો ડર રહે છે. ૧૫૦૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવના, શ્લોક-૧૧ )

* વ્યવહારનયકર વિકલ્પ સહિત અવસ્થામેં તત્ત્વકે વિચારકે સમય આપ ઔર પરકા જાનપના જ્ઞાન કહા હૈં, નિશ્ચયનયકર વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમય પદાર્થોકા જાનપના મુખ્ય નહીં લિયા. કેવલ સ્વસંવેદનજ્ઞાન હી નિશ્ચયસમ્યગ્જ્ઞાન હૈ. વ્યવહારસમ્યગ્જ્ઞાન તો પરમ્પરાય મોક્ષકા કારણ હૈ, ઔર નિશ્ચયસમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. ૧૫૦૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૨૯ )

* હે વત્સ! થોડા કાળમાં જેનો ક્ષય થઇ જાય છે એવા ઘણાં અક્ષરોને તારે શું કરવા છે? મુનિ તો જ્યારે અનક્ષર (શબ્દાતીત-ઇન્દ્રિયાતીત) થાય છે ત્યારે મોક્ષને પામે છે. ૧૫૦૩.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૨૪)

* ઇન્દ્રિયોના વિષયોમાં તૃષ્ણા રાખવાવાળાને ભીષણ અંતર્દાહ થતો જાવામાં આવે છે કારણ કે તે અંતર્દાહ વિના એ જીવોને વિષયોમાં રતિ કેવી રીતે થઈ શકે? ૧૫૦૪.

(શ્રી રાજમલ્લજી પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૨૫૫)

* જેઓ વિષયસુખથી વિરક્ત છે, શુદ્ધ તત્ત્વમાં અનુરકત છે. તપમાં લીન જેમનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે (અતિશય પ્રીતિવંત છે,) ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે અને સર્વ સંકલ્પોથી મુક્ત છે, તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.) ૧૫૦૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, (નિયમસાર-ટીકા, શ્લોક-૧૧૫)

* ઇન્દ્રિયોંકે ભોગોંસે હોનેવાલા સુખ સુખસા દીખતા હૈ, પરંતુ વહ સચ્ચા સુખ નહીં હૈ. વહ તો કર્મોંકા વિશેષ બંધ કરાનેવાલા હૈ તથા દુઃખોંકે દેનેમેં એક પંડિત હૈ અર્થાત્ મહાન દુઃખદાયક હૈ. ૧૫૦૬.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૭)

* * *

* આત્મામાં લાગેલાં કર્મોના આવરણને યોગી એક ક્ષણ માત્રમાં ઉડાડી મૂકે છે, જેમ તીવ્ર ગતિથી ચાલનાર મહા બળવાન પવન સૂર્ય પર લાગેલા મેઘસમૂહને ક્ષણમાત્રમાં ભગાડી મૂકે છે તેમ. ૧૫૦૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચુલિકા અધિકાર, ગાથા-૯)

* અંતરંગ જલ્પયુક્ત જે વિકલ્પજાળ છે તે આત્માના દુઃખનું મૂળ કારણ છે. વિકલ્પજાળનો નાશ થતાં હિતકારી પરમપદની પ્રાપ્તિ થાય છે-એમ પ્રતિપાદ કર્યું છે. ૧૫૦૮.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૮૫)

* હે જીવ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, જ્યાં સુધી રોગરૂપ અગ્નિ શરીરરૂપી તારી ઝૂંપડીને ન બાળે, જ્યાં સુધી ઇન્દ્રયોનું બળ ન ઘટે ત્યાં સુધીમાં તારું આત્મહિત કરી લે. ૧૫૦૯.

(શ્રી કુંદકુંદ આચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૩૨)

* જેના ચિંત્તમાં જ્ઞાનનું વિસ્ફૂરણ થયું નથી, અને જે કર્મના હેતુને જ (પુણ્ય - પાપને જ) કરે છે, તે મુનિ સકલ શાસ્ત્રોને જાણતો હોય તોપણ સુખને નથી પામતો. ૧૫૧૦.

(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૨૪)

* જો કોઈ શુદ્ધ ભાવ કરકે પાત્રોંકો શુદ્ધ આહારદાન અર્થાત્ આત્મ જ્ઞાન દેતા હૈ સો સ્વાભાવિક આત્મજ્ઞાનકા આહાર પાત્રકો દેકર ઉસકા સાંસારિક દુઃખ નાશ કર દેતા હૈ. ૧૫૧૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૮૬)

* જો પાપ હૈ ઉસકો જો પાપ જાનતા હૈ, યહ તો સબ કોઇ જાનતા હૈ. પરંતુ જો પુણ્યકો ભી પાપ કહતા હૈ, ઐસા પંડિત કોઈ વિરલા હી હોતા હૈ. ૧૫૧૨.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૧)

***

* મધુકા એક - એક કણ ચૂંકિ અસંખ્યાત જીવોંકે ઘાતસે ઉત્પન્ન હોતા હૈ ઈસલિયે વિદ્વાન મનુષ્ય ઉસે કૈસે ખાતા હૈ? અર્થાત્ ઉસે વિવેકી મનુષ્ય કભી નહીં ખાતા હૈ. સાત ગાવોંકે ભસ્મ હોનેપર મનુષ્યોંકે જો સર્વથા પાપ હોતા હૈ વહી પાપ મધુકે એક કણકે ખાને પર હોતા હૈ - ઐસા આગમમેં કહા ગયા હૈ. ૧૫૧૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૫૫૦-૫૫૧)

* હે મૂઢ પ્રાણી! ઈસ સંસારમેં તેરે સન્મુખ જો કુછ સુખ વા દુઃખ હૈ. ઉન દાનોંકો જ્ઞાનરૂપી તુલામેં (તરાજૂમેં) ચઢાકર તોલૈગા, તો સુખસે દુઃખ હી અનંતગુણા દીખ પડેગા. કયોંકિ યહ પ્રત્યક્ષ અનુભવ-ગોચર હૈ. ૧૫૧૪.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૧૨)

* આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઇ બીજા ક્ષેત્રમાં યાત્રા આદિ જાય છે, કોઇ પ્રતિમા બનાવીને નમસ્કાર, પૂજન કરે છે. કોઇ ડોળીમાં બેસીને પર્વત પર ચડે છે, કોઇ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઇ કહે છે કે પાતાળમાં છે. પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી - આપણામાં જ છે, તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે. ૧૫૧૫.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, ૫૬- ૪૮)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમાયિકના સમયમાં કૃષિ આદિ આરંભ સહિત બધાંય અંતરંગ અને બહિરંગ પરિગ્રહો હોતા જ નથી, તેથી તે સમયે ગૃહસ્થ, વસ્ત્ર ઓઢેલાં ( ઉપસર્ગગ્રસ્ત ) મુનિ સમાન મુનિભાવને પ્રાપ્ત કરે છે. ૧૫૧૬.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૦૨ )

* સાંભળ ! આજે એક અપૂર્વ શિક્ષાભરી વાત તને કહીએ છીએ કે તારાથી અપમાનીત થયેલા તે કષાયો માત્સર્યતાને પામી કર્મોદય – વશાત્ પોતાનો અનાદિ આકાર ફેર કરી હજુ પણ તારા જેવા તપસ્વી, તારા જેવા જ્ઞાની, અને તારા જેવા વિરતી આદિ ગુણી પુરુષો પ્રત્યે સૂક્ષ્મ અદેશક ( અન્યનો ઉત્કર્ષ નહિ સહન થવો તે ) ભાવરૂપે પોતાનું કામ કરી રહ્યાં છે, જે અતિ દુર્જય છે, તેને વિચારી વિચારીને તું ક્ષીણ કર. જે મહાન દોષ કોઇ વિરલ પુરુષ જ છોડી શક્યા છે. ૧૫૧૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૧૫ )

* આ અજ્ઞાની પ્રાણી, અમુક મરી ગયા, અમુક મરણ સન્મુખ છે અને અમુખ ચોક્કસ મરશે જ – આમ હંમેશા બીજાના વિષયમાં તો ગણતરી કર્યા કરે છે. પરંતુ શરીર. ધન, સ્ત્રી આદિ વૈભવમાં મહા મોહથી પકડાયેલો મૂર્ખ મનુષ્ય પોતાની સમીપ આવેલ મૃત્યુને દેખતો પણ નથી. ૧૫૧૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૮૮ )

***

* તે જ્ઞાનીને પૂર્વે બંધાયેલા સમસ્ત પ્રત્યયો માટીનાં ઢેફાં સમાન છે અને તે ( માત્ર ) કાર્મણ શરીર સાથે બંધાયેલા છે. ૧૫૧૯.

( શ્રી કુંદકુંદ આચાર્ય, સમયસાર, ગાથા-૧૬૯ )

* દ્રવ્યાનુયોગરૂપી દીપક જીવ અને અજીવ સુતત્ત્વોને, પુણ્ય તથા પાપને એ બંધ તથા મોક્ષને ભાવશ્રુતજ્ઞાનનો પ્રકાશ થાય તેવી રીતે વિસ્તારપૂર્વક નિરૂપે છે– પ્રગટ કરે છે. ૧૫૨૦.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૪૬ )

* ઉસી એક જન્મકે નાશ કરનેવાલે હલાહલ વિષકો ખા લેના અચ્છા હૈ પરંતુ અનંત જન્મોંમેં દુઃખ દેનેવાલે ભોગરૂપી વિષકો ભોગના ઠીક નહીં હૈ. ૧૫૨૧.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સંસારમાં સમ્પૂર્ણ કર્મોનો ઉદય સમયે સમયે વાસ્તવમાં તો આત્માને દુર્વાર વજ્રઘાતની માફક ચૂર્ણ કરી નાખે છે. ૧૫૨૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૪૬ )

* વે હી મહાપુરુષ ઈસ પરમાત્મપ્રકાશ ગ્રંથકે અભ્યાસ કરનેકે યોગ્ય જાનો, જો ચતુર્ગતિરૂપ સંસારકે દુઃખોંસે ડર ગયે હૈં. ઔર મોક્ષ પદકો ચાહતે હૈં. ૧૫૨૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૨૦૭ )

***

* જિસ સંસારમેં અનેક ઉપાયોંસે પાલન પોષણ કરકે બઢાઈ હુઈ ભી યહ અપની દેહ ભી અપની નહીં હોતી હૈ વહાં અપને અપને પૂર્વમેં બાંધે હુએ કર્મો કે વશ પડે હુએ પુત્ર, સ્ત્રી, મિત્ર, પુત્રી, જમાઈ વ પિતા આદિક બિલકુલ જાુદે પદાર્થ કિન જીવોંકે અપને પ્રગટપને હો સકતે હૈં? ઐસા જાન કરકે બુદ્ધિમાં માનવકો સદા અપની બુદ્ધિમાન અપને આત્મામેં સ્થિર કરની ઉચિત હૈ. ૧૫૨૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૨ )

* આ શરીરમાં આત્માની ભાવના અન્ય શરીર ગ્રહણરૂપ ભવાન્તર પ્રાપ્તિનું બીજ છે અને આત્મામાં જ આત્માની ભાવના તે શરીરના સર્વથા ત્યાગરૂપ મુક્તિનું બીજ છે. ૧૫૨૫.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૪ )

***

* વિષ ભલું, વિષધર-સર્પ પણ ભલો, અગ્નિ કે વનવાસનું સેવન પણ ભલું, પરંતુ જિનધર્મથી વિમુખ એવા મિથ્યાત્વીઓનો સહવાસ ભલો નથી. ૧૫૨૬.

( મુનિવર રામસિંહ પાહુડ દોહા, ગાથા-૨૦ )

* જો આક્ષેપ કરકે કથાકો નહીં કહતા હૈ- કિસી વ્યક્તિ વિશેષકો લક્ષ્ય કરકે પ્રવચન નહીં કરતા હૈ. ઈર્ષ્યાકો નહીં કરતા હૈ, અપની પ્રસંસા નહીં કરતા હૈ, દૂસરેકી હઁસી નહીં કરતા હૈ-નિંદા નહીં કરતા હૈ, દૂસરેકે રહસ્યકો નહીં કહતા હૈં, ક્રોધકો નષ્ટ કરતા હૈ, શાંતિકો સ્થિર કરતા હૈં ઔર પ્રીતિસે ચ્યુત નહીં હોતા હૈ- ઉસે સ્થિર રખતા હૈ, ઉસ નિરાભિમાની મનુષ્યકો વિદ્વાન પુરુષ સજ્જન કહતે હૈ. ૧૫૨૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્ન સંદોહ, શ્લોક - ૪૫૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ચક્ષુકો આત્મહિતકારી પદાર્થોંકો હી દેખના ચાહિયે જિસસે ઐસે જ્ઞાનકી પ્રાપ્તિ હો જિસસે અતીન્દ્રિય આનંદકા સ્વાદ પા સકે, જિસસે શુદ્ધ સમ્યગ્દર્શનકી અનુમોદના કી જાવે. યદિ શરીરકે રાગવર્ધક પદાર્થોંકો દેખા જાવેગા તો દર્શનાવરણકા બંધ હોગા. ૧૫૨૮.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૬૨ )

* જેવી રીતે ખેતરમાં પડેલું બીજ ખારા જળના ત્યાગથી અને મીઠા જળના યોગથી મધુર ઉત્પન્ન થાય છે તેવી જ રીતે તત્ત્વશ્રવણના યોગથી તત્ત્વ વાર્તા સાંભળવાના પ્રભાવથી ઉત્તમ ધ્યાન ઉત્પન્ન થાય છે. ૧૫૨૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૫૦ )

* * *

* જો પુરુષ ઇસ જિનભાષિત જ્ઞાનરૂપ જલકો પ્રાપ્ત કરકે અપને નિર્મલ ભલે પ્રકાર વિશુદ્ધભાવ સંયુક્ત હોતે હૈં વે પુરુષ તીન ભુવનકે ચુડામણિ ઔર શિવાલય અર્થાત્ મોક્ષરૂપી મંદિરમેં રહનેવાલે સિદ્ધ પરમેષ્ઠી હોતે હૈં ૧૫૩૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, ચારિત્રપાહુડ, ગાથા-૪૧ )

* જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વને નષ્ટ કરે છે, સાચાં સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોની અવિચળ શ્રદ્ધા કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતાનામાં જ ધારણ કરે છે, જે અનાદિના મળેલ જીવ અને અજીવનું પૃથક્કરણ, જેમ કતકફળ કીચડથી પાણીનું પૃથક્કરણ કરે છે, તેમ કરે છે, જે આત્મબળ વધારવામાં પ્રયત્ન કરે છે અને જ્ઞાનનો પ્રકાશ કરે છે, તે જ સમ્યગ્દ્રષ્ટિ સંસાર સમુદ્રથી પાર થાય છે. ૧૫૩૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મંગાલચરણ, પદ-૮ )

* જો ઈસ ભવમેં પુત્ર હૈ વહ અન્ય ભવમેં પિતા હોતા હૈ. જો ઈસ ભવમેં માત હૈ વહ અન્ય ભવમેં પુત્રી હોતી હૈ. ઇસ પ્રકાર પુત્ર માતા-પિતા-બહિન-કન્યા-સ્ત્રી ઇનમેં પરસ્પરસે પરસ્પરકી ઉત્પત્તિ દેખી જાતી હૈ. જ્યાદા કયા કહેં, યહ જીવ મરકર સ્વયં અપના પુત્ર ઉત્પન્ન હો જાતા હૈ. ઈસ પ્રકાર ઇન સંસારી જીવોંકી સદા દુઃખમય ઇસ સંસાર-પરંપરાકો ધિક્કાર હૈ. ૧૫૩૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૫૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમ્યગ્દ્દષ્ટિને સર્વ પ્રકારના ભોગોમાં પ્રત્યક્ષ રોગની માફક ઉપેક્ષા હોય છે, કારણ કે તે સમ્યક્ત્વરૂપ અવસ્થાનો વિષયોમાં અવશ્ય ઉપેક્ષા થવી એવો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. ૧૫૩૩.

( શ્રી રાજમલ્લજી, પંચધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૬૧ )

* જબ યહ મરણકે સન્મુખ હોત હુઆ જીવ ઇસ શરીરકો છોડકર દૂસરેમેં જાતા હૈ તબ જિનેન્દ્રકથિત ધર્મકો છોડકર કોઇ દૂસરા રક્ષક નહીં. હૈ. ૧૫૩૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૬૫ )

***

* ચિદાનંદ! તમે ઇન્દ્રિયરૂપ પાંચ ચોરને પોષો છો, અને જાણો છો કે આ અમને સુખ આપે છે, ( પણ ) તે તો અંતરના ગુણરત્નને ચોરી લે છે, તેની તમને ખબર નથી. હવે તમે જ્ઞાનખડગ સંભાળો, ચોરોને એવા રોકો કે ફરી બળ ન પકડે. વિષયકષાય જીતી નિજરીતિના રાહમાં આવો, અને તમે શિવપુરીને પહોંચી રાજ્ય કરો. તમે રાજા, દર્શન જ્ઞાન વજીર-રાજ્યના સ્થંભ, ગુણ એ વસ્તિ, અનંતશક્તિ રાજધાનીનો, વિલાસ કરો. અભેદ રાજ્ય રાજવું તમારું પદ છે. અચેતન, અપાવન, અસ્થિરથી શું સ્નેહ કરો છો ? ૧૫૩૫.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૧ )

***

* ચિત્તમાં પૂર્વના કરોડો ભવોમાં સંચિત થયેલી પાપકર્મરૂપી ધૂળના સંબંધથી પ્રગટ થતાં મિથ્યાત્વ આદિરૂપ મળને નષ્ટ કરનાર જે વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે જ વાસ્તવમાં સજ્જન પુરુષોનું સ્નાન છે. તેનાથી ભિન્ન જે જળકૃત સ્નાન છે તે પ્રાણી સમૂહને પીડાજનક હોવાથી પાપ ઉત્પન્ન કરનાર છે. તેનાથી ન તો ધર્મ સંભવે છે અને ન સ્વભાવથી અપવિત્ર શરીરની પવિત્રતા પણ સંભવે છે. ૧૫૩૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક-૩ )

* રાગદ્વેષ યુક્ત ભાવોથી કરેલ પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને બંધનનું કારણ થાય છે, ત્યારે તત્ત્વજ્ઞાન પૂર્વક કરેલી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને નિર્જરા તથા મોક્ષનું કારણ થાય છે. ૧૫૩૭.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જો પર વિષૈ અનુકંપા હૈ સો આપ હી વિષૈ અનુકંપા હૈ, જાતે પરકા બુરા કરના વિચારે તબ અપને કષાયભાવતૈં અપના બુરા સ્વયમેવ ભયા. પરકા બુરા ન વિચારે તબ અપને કષાયભાવ ન ભયે તબ અપની અનુકંપા હી ભઇ. ૧૫૩૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા–૨ના ભાવાર્થમાંથી )

* * *

* જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થાય છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને ( કર્મના ઉદયના સ્વભાવને ) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં ( –જ્ઞાતા હોય ત્યારે– ) પરદ્રવ્યને ‘ હું ’ – પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી ( તે કર્મફળને ) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરકત હોવાથી અવેદક જ છે. ૧૫૩૯.

( શ્રી અમૃતચદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૩૧૮ )

* સમ્યગ્દર્શનનું જે કિરણ પ્રગટ થાય છે અને મોક્ષના માર્ગમાં ચાલે છે તે ધીરે ધીરે કર્મોનો નાશ કરતું પરમાત્મા બને છે. જેના ચિત્તમાં આવા સમ્યગ્દર્શનના કિરણનો ઉદય થયો છે તેનું જ નામ સાધક છે. જેમ કે જે ઘરમાં દીપક સળગાવવામાં આવે છે તે જ ઘરમાં અજવાળું થાય છે. ૧૫૪૦.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય–સાધક દ્વાર, પદ– ૩૯–૪૦ )

* પુરુષોંકો પ્રથમ તો સમસ્ત પ્રયોજનોંકા સિદ્ધ કરનેવાલા નિરંતર મૌન હી અવલંબન કરના હિતકારી હૈ ઔર યદી વચન કહના હી પડે તો ઐસા કહના ચાહિયે જો સબકો પ્યારા હો, સત્ય હો ઔર સમસ્ત જનોંકા હિત કરનેવાલા હો. ૧૫૪૧.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક–૬ )

* * *

* જેમ તૃણ અને લાકડાથી અગ્નિ તૃપ્ત થતી નથી, ચૌદ ચૌદ હજાર નદીઓથી સહિત ગંગા સિંધુ આદિ મહા નદીઓના જલથી લવણ–સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ આત્મા પણ ઇચ્છિત સુખોના કારણ એવા આહાર, સ્ત્રી, વસ્ત્ર વિગેરે પદાર્થોથી તૃપ્ત થતો નથી, ૧૫૪૨.

( કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બૃહદ્ – પ્રત્યાખ્યાન, ગાથા–૬૭ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે જિનેન્દ્ર! સંસારરૂપ સમુદ્રમાં પડતાં પ્રાણીનું રક્ષણ આપનો ધર્મ જ કરે છે; બીજાઓનો ધર્મ તો ભીલનાં ધર્મ (-ધનુષ્ય) સમાન અન્ય જીવોને મારવાનું જ કારણ થાય છે. ૧૫૪૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક-૪૦)

* કેવલજ્ઞાનાદિ અનંતગુણમયી આત્માકો છોડકર દૂસરી વસ્તુ જ્ઞાનિયોંકે મનમેં નહીં રુચતી. ઉસકા દૃષ્ટાંત યહ હૈ કિ જિસને મરકતમણિ જાન લિયા, ઉસકો કાંચકે ટુકડોંકી કયા જરૂરત હૈ? ઉસી તરહ જિસકા ચિત્ત આત્મામેં લગ ગયા, ઉસકે દૂસરે પદાર્થોં કી વાંછા નહીં રહતી. ૧૫૪૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૭૮)

* મને ઇષ્ટ પદાર્થોનો વિયોગ ન થઇ જાય તથા અનિષ્ટ પદાર્થોનો સંયોગ ન થઇ જાય એવા પ્રકારથી આ જન્મમાં આક્રંધ કરવાને આલોકભય કહે છે, તથા ન જાણે આ ધન સ્થિર રહેશે કે નહિ, દેવયોગથી કદાચિત્ દારિદ્રતા પ્રાપ્ત ન થઇ જાય ઇત્યાદિક માનસિક વ્યથારૂપ ચિંતા મિથ્યાદૃષ્ટિઓને બાળવા માટે સદાય સળગતી જ રહે છે. ૧૫૪૫.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૦૭)

***

* જે ભવ્યે પોતાના આત્માને કલંક રહિત (નિર્દોષ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નોનો પટારો બનાવ્યો છે તેને ત્રણલોકમાં સ્વયંવર વિદ્યાનથી પતિ તરીકે વરવાની ઈચ્છા રાખનારી સ્ત્રીની જેમ સર્વ અર્થોની સિદ્ધિ અર્થાત્ ધર્મ-અર્થાદિ ચાર પુરુષાર્થની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૫૪૬.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૪૯)

* જગતમાં આશ્ચર્યકારી એવી ઘણી વાતો છે, અથવા થયા કરે છે. પરંતુ એ વાતોથી અમને જરાય આશ્ચર્ય ભાસતું નથી. વાસ્તવ્યમાં એમાં કાંઇ આશ્ચર્ય પણ નથી. કારણને પામીને વસ્તુનું જે પરિણમન થવાનું છે, તે થયા જ કરે છે, એમાં શું આશ્ચર્ય? પણ આ બે જ કૌતુહલ અમને અતિ આશ્ચર્ય પમાડે છે. એક તો અતિશય દુર્લભ અમૃતને પી તેને વમી નાખનારા અને બીજા સંયમરૂપ નિધિને પામી તેને ઉલ્લાસીત ચિત્તે છોડનારા. આ બન્ને પ્રકારના જીવો ખરેખર ભાગ્યહીન છે. ૧૫૪૭.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૮)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ હે જીવ! પોતાની પ્રસંશાનો હંમેશા ત્યાગ કરો. પોતાની પ્રસંશા વડે પોતાના યશનો વિનાશ ન કરો. પોતાની પ્રસંશા કરવાવાળો પુરુષ લોકમાં તૃણવત્ તુચ્છતા પામે છે. ( ગાથા–૩૬૪ )

∗ જેમ ફટકડી વડે દૂધ ફાટી જાય છે તેમ વિદ્યમાન ગુણો પણ પોતાના મુખથી કહેવાથી નાશ પામે છે. જેનામાં કોઈ દોષ ન હોય પણ પોતાના મુખથી પોતાની પ્રસંસા કરવી તે જ સૌથી મોટો દોષ છે. પોતાના મુખથી પોતાની બડાઇ કરવા સમાન મોટો કોઈ દોષ નથી. ( ગાથા–૩૬૫ )

∗ પોતાની પ્રસંસા નહિ કરવાથી પોતાનો વિદ્યમાન ગુણ નષ્ટ થઇ જતો નથી. જેને પોતાની પ્રસંશા નહિ કરતાં એવા સૂર્યનું તેજ જગતમાં પ્રસિદ્ધ છે. ( ગાથા–૩૬૬ )

∗∗∗

∗ આત્મ–પ્રશંશા કરવાથી, જે ગુણ પોતામાં નથી તે પ્રગટ થઇ જતો નથી. જેમ સ્ત્રીની માફક શૃંગાર હાવભાવ વિલાસ વિભ્રમ કરતો નપુંસક, નપુંસક જ છે. સ્ત્રીની માફક આચરણ કરવાથી સ્ત્રી થઇ શકતો નથી – નપુંસક જ રહે છે. ( ગાથા–૩૬૭ )

∗ સજ્જન પુરુષનો એવો સ્વભાવ છે કે તેના વિદ્યમાન ગુણની કોઈ પ્રસંશા કરે ત્યારે તે સજ્જન પુરુષ લજ્જા પામે છે. તો પોતે જ પોતાની પ્રશંસા કેવી રીતે કરે? ન જ કરે. ( ગાથા–૩૬૮ )

∗∗∗

∗ ગુણ રહિત પુરુષ પણ જો સજ્જનોની મધ્યમાં પોતાની પ્રસંશા કરતો નથી તો સજ્જનોની મધ્યમાં તે ગુણવાન ગણાય છે. કારણ કે પોતાની પ્રસંશા ન કરવી એ જ પ્રગટ ગુણ છે. ( ગાથા–૩૬૯ )

∗ વચન વડે પોતાના ગુણોનું વર્ણન કરવું એ જ પોતાના ગુણનો વિનાશ છે તથા વચન વડે તો પોતાના ગુણ ન કહે પણ આચરણ વડે પોતાના ગુણ કહેવા તે ગુણોનું પ્રગટ કરવું જાણવું. ( ગાથા–૩૭૦ )

∗∗∗

∗ જે પુરુષ સજ્જનોમાં પોતાના ગુણ વચન વડે કહેતો નથી પણ આચરણ વડે કહે છે તે પુરુષ આ જગતમાં પુરુષોમાં મુખ્ય બને છે. ( ગાથા–૩૭૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ગુણવાન પુરુષોની મધ્યે ગુણવાન પુરુષ પોતાના ગુણ વચન વડે કહે છે તો તે લઘુ થઇ જાય છે અને પોતાના ગુણ વચન વડે જે કહેતો નથી તે નિર્ગુણ હોય તો પણ ગુણવાન બને છે.
( ગાથા–૩૭૨ )

* ગુણ સહિત પુરુષ ગુણવંત પુરુષોની મધ્યે આચરણ વડે ગુણ પ્રસિદ્ધ કરતાં શોભે છે. વચન વડે પોતાની બડાઈ કરતાં શોભતો નથી. ૧૫૪૮.

( –શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૩૬૪–૩૭૩ )

* જિનેશ્વરના આગમમાં જેની બુદ્ધિ અનુરકત થઈ છે તથા સંસારથી જન્મ–જરા–મરણ આદિ મહા ભય ઉત્પન્ન થાય છે એવું જેઓ મનમાં ચિંતન કરે છે તેથી જેમને સંસારનો ભય ઉત્પન્ન થયો છે એવા મુનિઓને ગર્ભવાસથી અત્યંત ભય લાગે છે. ૧૫૪૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, અણગાર ભાવના અધિકાર, ગાથા–૪૦ )

* આ જીવને ઉત્તમ ધર્મના પ્રસાદથી અગ્નિ પણ શીતળ પાણી થઇ જાય છે, સર્પ છે તે ઉત્તમ રત્નમાળા થઇ જાય છે તથા દેવ છે તે પણ કિંકર–દાસ બની જાય છે. ૧૫૫૦.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૪૩૨ )

***

* હું પરજીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઇત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પર ભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, ‘હું આકાશના ફૂલને ચૂંટું છું’ એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે ( અર્થાત્ માત્ર પોતાને જ નુકશાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી ), ૧૫૫૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૨૬૬ )

* ધર્મોત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તરવાર સુંદર ફુલોની માળા બની જાય છે, ઝેર પણ ઉત્તમ ઔષધિ બની જાય છે, શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્ન ચિત્ત થઇને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે. ૧૫૫૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૯૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* યદિ વાસ્તવમેં દુઃખ અચ્છા નહીં લગતા હૈ તથા યદિ સુખ પ્યારા લગતા હૈ તો સંસારકો જીતનેવાલે જિનેન્દ્રોંકે સચ્ચે ધર્મકો પાલો. ૧૫૫૩.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૭૦ )

* જ્યારે લોકવ્યવહારમાં જેને સુખ કહેવામાં આવે છે વાસ્તવમાં તે સુખાભાસરૂપ સુખ દુઃખ જ છે તો પછી જે લોકમાં રૂઢિવશ પણ દુઃખ કહેવામાં આવે છે તેના વિષયમાં નિર્ણય થવામાં શું કહેવું જોઇએ ? ૧૫૫૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૨૫૩ )

* જે મોક્ષના અભિલાષી અને સંવરના અર્થી છે તેણે સમસ્ત અચેતન પદાર્થ–સમૂહ ત્યાગવાયોગ્ય છે અને પોતામાં સ્થિત ચેતન સદા સેવવા યોગ્ય છે. ૧૫૫૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૬૧ )

***

* જે આગળ દેખતો થકો માર્ગમાં ( ધ્યેય તરફ ) ચાલ્યો જાય છે, તેના પગમાં કદાચિત્ કાંટો લાગી જાય તો લાગો, તેમાં તેનો દોષ નથી. ( પૂર્વકૃત કોઈ અશુભ ઉદય આવી પડે તેમાં વર્તમાનમાં આરાધનાનો દોષ નથી. ૧૫૫૬.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૪૭ )

* તે મૂર્ખ ગ્રંથરચના કરે છે, ધર્મની ચર્ચા કરે છે. શુભ–અશુભ ક્રિયાને જાણે છે, યોગ્ય વ્યવહાર રાખે છે, સંતોષને સંભાળે છે, અર્હંત ભગવાનની ભક્તિ કરે છે, સારો ઉપદેશ આપે છે, આપ્યા વિના લેતો નથી, બાહ્ય પરિગ્રહ છોડીને નગ્ન ફરે છે, અજ્ઞાનરસમાં ઉન્મત્ત થઇને બાળતપ કરે છે, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૫૫૭.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ–૯ )

* યદિ કુલાચલ પર્વતોંકે સહિત સાતદ્વીપકી પૃથ્વી ભી દાન કર દી જાય તો ભી એક પ્રાણીકો મારનેકા પાપ દૂર નહિ હો સકતા હૈ. ભાવાર્થ–સમસ્ત દાનોંમેં અભયદાન પ્રધાન હૈ. કયોંકિ એક પ્રાણીકે ઘાતસે હુઆ પાપ સાત દ્વીપ ઔર કુલાચલો સહિત પૃથ્વી દાન કરનેસે ભી દૂર નહિ હોતા. ૧૫૫૮.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૮, શ્લોક–૩૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ઇસ લોકમેં સ્વાધીન સુખ હૈ વહી સુખ હૈ. પરાધીન સુખ સુખ નહીં હૈ. ઐસા ભલે પ્રકાર જાનતે હુએ મનુષ્ય ક્યોં ઇન્દ્રિયસુખમેં મોહ કરતે હૈં? ૧૫૫૯.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૦૩ )

* જિસમેં સમસ્ત પ્રકારકે વિચાર કરનેકી સામર્થ્ય હૈં, તથા જિસકા પાના દુર્લભ હૈ ઐસે મનુષ્યજન્મકો પાકર ભી જો અપના હિત નહીં કરતે, વે અપને ઘાત કરનેકે લિયે, વિષવૃક્ષકો બઢાતે હૈં. ૧૫૬૦.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૨૯ )

* દાનસે નિયમ કરકે પાંચ ઇન્દ્રિયોંકે ભોગ પ્રાપ્ત હોતે હૈં, ઔર તપસે ઇન્દ્રપદ મિલતા હૈ, તથા વીતરાગસ્વસંવેદનજ્ઞાનસે જન્મ-જમરા-મરણસે રહિત જો મોક્ષપદ વહ મિલતા હૈ. ૧૫૬૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૭૨ )

* આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળા અંતરાત્મા શરીરની ગતિને શરીરના વિનાશને આત્માથી ભિન્ન માને છે અને મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી પોતાને નિર્ભય માને છે. ૧૫૬૨.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૭ )

* હે ભવ્ય! ઇંધનના યોગથી અગ્નિ પ્રજ્વલિત થાય છે અને ઇંધન વિના આપોઆપ બુઝાઈ જાય છે, પણ અનાદિ મોહાગ્નિ તો એટલો પ્રબળ છે કે તે પરિગ્રહાદિ ઇંધનની પ્રાપ્તિમાં તૃષ્ણારૂપ જ્વાળાથી અતિશય ભભુકે છે અને તેની અપ્રાપ્તિમાં પ્રાપ્ત કરવાની વ્યાકુળતાથી પ્રજ્વલે છે. આ રીતે અતિ પ્રબળ એવો મોહાગ્નિ બન્ને પ્રકારે જીવને બાળે છે તેથી મોહાગ્નિ જેવો આ જગતમાં બીજો કોઈ ભયંકર અગ્નિ નથી. ૧૫૬૩.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૫૬ )

* જો મનુષ્ય સંતોષસે રહિત હૈ ઉસકો ચક્રવર્તી, નારાયણ ઔર બલદેવકી વિભૂતિસે ભી તૃપ્તિ નહીંહોતી હૈ, ઔર જબ તક તૃપ્તિ ( સંતોષ ) નહીં હોતી હૈ તબ તક સુખકી સંભાવા નહીં હૈ. ઈસ બાતકો ભલે પ્રકાર જાન કરકે વિદ્વાન મનુષ્ય ઉસ લોભરૂપ પિશાચકે વશમેં નહીં હોતે હૈં. ૧૫૬૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૭૯ )

* નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ, તું અહીં ફોગટ કલેશ કેમ પામે છે! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે ( પુણ્યોપાર્જનની ) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે; જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને ( આપોઆપ ) હશે. ૧૫૬૫.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૯ )

* આચાર્ય મહારાજ કહતે હૈં કિ ઈસ કામસ્વરૂપી વિષકો મૈં કાલકૂટ ( હલાહલ ) વિષસે ભી મહાવિષ માનતા હૂં કયોંકિ પહિલા જો કાલકૂટ વિષ હૈ વહ તો ઉપાય કરનેસે મિટ જાતા હૈ, પરંતુ દૂસરા જો કામરૂપી વિષ હૈં વહ ઉપાય રહિત હૈં અર્થાત્ ઈલાજ કરનેસે ભી નહિ મીટતા હૈ. ૧૫૬૬.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૧, શ્લોક-૨૧ )

* શિષ્ય પ્રશ્ન કરે છે કે, હે સ્વામી! રાગ-દ્વેષ પરિણામોનું મુખ્ય કારણ શું છે? પૌદ્ગલિક કર્મ છે? કે ઇન્દ્રિયોના ભોગ છે? કે ધન છે? કે ઘરના માણસો છે? કે ઘર છે? તે આપ કહો. ત્યાં શ્રીગુરુ સમાધાન કરે છે કે છયે દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં સદા નિજાશ્રિત પરિણમન કરે છે, કોઇ દ્રવ્ય કોઈ દ્રવ્યની પરિણતિને કદી પણ પ્રેરક થતું નથી, માટે રાગ-દ્વેષનું મૂળ કારણ મોહ મિથ્યાત્વનું મદિરાપાન છે. ૧૫૬૭.

( શ્રી બનારસીદાસજી, નાટક- સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, ૫૬- ૬૧ )

***

જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઇને સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે – રાગદ્વેષ રહિત છે – તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઇ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ૧૫૬૮.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદશામૃત, શ્લોક-૮૫ )

* બાહ્ય પરિગ્રહકા ત્યાગ ભાવોંકી વિશુદ્ધિકે લિયે કિયા જાતા હૈ, પરંતુ અભ્યંતર પરિગ્રહ રાગાદિક હૈં, ઉનસે યુક્તકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ નિષ્ફલ હૈ. ૧૫૬૯

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૩ )

* ઉત્તમ વિવેકવાન પુરુષો તો આ શરીરને રૂધિરાદિ મહાનિંધ અને અત્યંત ગ્લાનિયુક્ત પદાર્થોનો ભરેલો એક કોથળો સમજે છે, પણ એમાં રતિ પામતા નથી. ગંદી અને પ્રતિપળે માત્ર દુઃખની જ જન્મદાતા એવી કાયાનો મોહ વિવેકવાન ઉત્તમ પુરુષો કરતા નથી. ૧૫૭૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૧ )

* અનેક પ્રકાર શારીરિક ઔર માનસિક કષ્ટોંકે દેનેવાલે ઈસ ભયાનક સંસારમેં ભ્રમણ કરતે હુએ જિસ સમ્યગ્જ્ઞાન નામકે મહાન રત્નોકો કભી નહીં પાયા થા, તૂને અબ સમ્યગ્દર્શન સહિત ઉસે પા લિયા હૈ ફિર તૂ પાંચો ઇન્દ્રયોંકે વિષયોંમેં લુબ્ધ હોકર પ્રમાદ વ આલસ્ય ન કર ૧૫૭૧.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩-૧૪ )

* હે જીવ! જહાં તેરી ઈચ્છા હો ઉસી દેશમેં જા, ઔર જો અચ્છા લગે વહી કર, લેકિન જબ તક મનકી શુદ્ધિ નહીં હૈ, તબ તક કિસી તરહ મોક્ષ નહીં હો સકતા. ૧૫૭૨.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૭૦ )

***

* જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો ( હે ભાઈ! ) તેં તેમનું જીવિત ( જીવતર ) કઇ રીતે કર્યું?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પર જીવો તને આયુકર્મ તો દેતા નથી તો ( હે ભાઈ! ) તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું? ૧૫૭૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૫૧-૨૫૨ )

* મિથ્યાજ્ઞાન સહિત આત્માકે દ્વારા ઐસા કર્મોકા બંધ હોતા હૈ કિ એકેન્દ્રિયાદિ પર્યાયોંમેં અનંત જન્મ ધારણ કરના પડતા હૈ. પરંતુ જબ સમ્યગ્જ્ઞાનમયી આત્મા હો જાતા હૈ તબ મન, વચન, કાયકી ગુપ્તિકે ઉત્તમ લાભસે સર્વ કર્મ ક્ષય હો જાતે હૈં. ૧૫૭૪.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૫૮૩ )

* હું નિરોગ બની જાઉં, મને કદી પણ વેદના ન થાઓ એવા પ્રકારની મૂર્ચ્છા જ-મમત્વ જ અથવા વારંવાર ચિંતવન કરવું તે વેદનાભય કહેવાય છે. ૧૫૭૫.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૨૫ )

* સંસારમેં ઉત્પન્ન હુઈ અપની જ્વાલાઓંકે સમૂહસે લોકકો ભસ્મ કર દેનેવાલી અગ્નિમેં પ્રવેશ કરના અચ્છા હૈ, જિસમેં બડી બડી લહરે ઉઠ રહી હૈ તથા જો મગર વ ઘડયાલ આદિ હિંસક જલજંતુઓંસે ભયકો ઉત્પન્ન કરનોલા હૈ ઐસે સમુદ્રકે જલમેં પ્રવેશ કરના અચ્છા હૈ અથવા જહાં નાના પ્રકારકે બાણોં (શસ્ત્રો) કે દ્વારા અનેક શૂરવીર મારે જા રહે હોં ઐસે શત્રુઓંસે ભયાનક યુદ્ધમેં ભી પ્રવેશ કરના અચ્છા હૈ, પરંતુ સૈંકડોં ભવોંમેં અનંત દુઃખકો ઉત્પન્ન કરનેવાલે સ્ત્રીસુખકે મધ્યમેં પ્રવેશ કરના અચ્છા નહીં હૈ. (તાત્પર્ય યહ કિ સ્ત્રીજન્ય સુખ ઉપર્યુક્ત જાજ્જવલ્યમાન અગ્નિ આદિસે ભી ભયાનક હૈ). ૧૫૭૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૧૮)

* ગણધરાદિક દેવ, પ્રતિકાર રહિત એવા (જેને દૂર કરવાનો કોઈ ઉપાય ન જોવામાં આવે એવા) ઉપસર્ગ આવી પડતાં, દુષ્કાળ પડતાં, ઘડપણ આવતાં, અને રોગ થતાં, ધર્મ માટે (ધર્મની આરાધના માટે) શરીરનો ત્યાગ કરવો તેને સંલ્લેખના કહે છે. ૧૫૭૭.

(શ્રી સમંતભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક-૧૨૨)

* ઉત્તમ ધર્મ સહિત જીવને તક્ષણ ખડગ પણ ફૂલની માળા બની જાય છે, જીત્યો ન જાય એવો દુર્જય વેરી પણ સુખ કરવાવાળો સ્વજન અર્થાત્ મિત્ર બની જાય છે તથા હળાહળ ઝેર છે તે પણ અમૃતરૂપ પરિણમી જાય છે; ઘણું શું કહીએ મહાન આપદા પણ સંપદા બની જાય છે. ૧૫૭૮.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૩૩)

* ઝાડના ઠૂંઠામાં જેને પુરુષની ભ્રાન્તિ ઉત્પન્ન થઇ હોય તેવા મનુષ્યને જેવી વિપરીત યા વિવિધ ચેષ્ટા હોય છે તેવી શરીરાદિમાં આત્મ વિભ્રમને લીધે પહેલાં મારી ચેષ્ટા હતી. ૧૫૭૯.

(શ્રી પૂજ્યસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૨૧)

* જ્યાં આત્મભાવ (ભવ્યજીવોને) મોક્ષ આપે છે, ત્યાં સ્વર્ગ કેટલું દૂર છે? (કંઈ દૂર નથી અર્થાત્ નજીક છે.) જે (મનુષ્ય) ભારને બે કોશ સુધી જલદી લઇ જાય છે, તે (મનુષ્ય) તે ભારને અર્ધો કોશ લઇ જતાં શું થાકી જશે – ખિન્ન થશે? (ના, ખિન્ન થશે નહિ.) ૧૫૮૦.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા-૪)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ સર્વ અશુચિના મૂળરૂપ શરીરને આ જીવ જ્યારે પૂજ્યપદને પ્રાપ્ત કરાવે છે ત્યારે શરીર આત્માને ચંડાળાદિ નીચ કુળમાં જન્મ કરાવી અસ્પૃશ્ય કરે છે. ધિક્કાર છે એ કૃતઘ્ન શરીરને! ૧૫૮૧.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૦૯ )

∗ જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિ મૂલ્યવાન ચંદનને બાળી નાંખે તેમ અજ્ઞાની જીવ વિષયોના લોભથી મનુષ્યભવને નષ્ટ કરે છે.

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રત્નદ્વીપમાં જઇને પણ ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભાર લઈ આવે તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે.

જેમ નંદનવનમાં જઇને પણ કોઇ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીવે, તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મ–અમૃતને છોડીને ભોગની અભિલાષારૂપ ઝેર પીવે છે. ૧૫૮૨.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા – ૧૮૨૮–૨૯–૩૦ )

∗ પ્રાણોના નાશને ( લોકો ) મરણ કહે છે. આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. તે ( જ્ઞાન ) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી. તેથી ( આવું જાણતાં ) જ્ઞાનીને મરણનો ભય ક્ય ાંથી હોય? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે. ૧૫૮૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, શ્લોક–૧૫૯ )

∗ હે ત્રિલોકીનાથ! જો આપની આરાધનાથી નિશ્ચયથી મારી દ્રઢ સ્થિતિ થઇ ગઇ છે તો પછી મને અતિશય બળવાન સંસારરૂપ શત્રુથી પણ ભય કેમ હોય? અર્થાત્ ન હોય. ઠીક છે – અમૃતવર્ષાથી હર્ષ ઉત્પન્ન કરનાર એવા ઉત્તમ ફુવારાયુક્ત ગૃહને પ્રાપ્ત થયેલ પુરુષને શું ગ્રીષ્મ ઋતુમાં મધ્યનકાલીન સૂર્યનો અત્યંત તીક્ષ્ણ સંતાપ પણ શું દુઃખી કરી શકે? – ન કરી શકે. ૧૫૮૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, આલોચના અધિકાર, શ્લોક–૩ )

∗ કામ, ક્રોધ તથા મોહ યે તીનોં હી ઈસ જીવકે મહાન વૈરી હૈં. જબ તક ઇન શત્રુઓંસે મનુષ્ય પરાજિત હૈં તબ તક માનવોંકો સુખ કિસ તરહ હો સકતા હૈ? ૧૫૮૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા–૨૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જો દુર્બુદ્ધિ દુર્જન નિરંતર સ્વયં હી દોષોંમેં સ્થિત રહતા હૈ ઔર દૂસરે ભી તીનોં લોકકે પ્રાણીયોંકો ઉક્ત દોષોમેં સ્થિત સમજતા હૈ-અપને સમાન દૂસરોંકો ભી દુષ્ટ માનતા હૈ તથા જો ઘૃણિત કાર્યકો કરતા હૈ ઔર શ્રવણકટુવચનકો બોલતા હૈ, ઉસ દુર્જન મનુષ્યસે સજ્જન મનુષ્ય ધનુષ પર ચઢાયે હુએ બાણકે સમાન ડરતે હૈ. ૧૫૮૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૩૪ )

* જિસ માનવને મેરે આત્માકે રૂપકો દેખા હી નહીં હૈ વહ ન મેરા શત્રુ હૈ ન મિત્ર હૈ વ જિસને પ્રત્યક્ષ મેરે આત્માકો દેખ લિયા હૈ વહ મહાન માનવ ભી ન મેરા શત્રુ હો સકતા, ન મિત્ર. ૧૫૮૭.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ સર્ગ-૩૨, શ્લોક-૩૩ )

* જૈસે સ્નેહ કે (ચિકનાઈ તેલકે) સંબંધ હોનેસે તિલ ધાનીમેં પેરે જાતે હૈં, ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત – હૈં – મોહિત હૈં, વે નાશકો પ્રાપ્ત હોતે હૈં, ઈસમેં કુછ સંદેહ નહીં હૈં. ઈસ વિષયમેં કહા ભી હૈ, વે હી ધન્ય હૈં, વે હી સજ્જન હૈં, ઔર વે હી જીવ ઈસ જીવલોકમેં જીવતે હૈં, જો જવાન અવસ્થારૂપી બડે ભારી તાલાબમેં પડે હુએ વિષયરસમેં નહીં ડૂબતે, લીલામાત્રમેં હી તૈર જાતે હૈં. વે હી પ્રશંસા યોગ્ય હૈં. ૧૫૮૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૧૬-૧૧૭ )

* * *

* જેવી રીતે નાવમાં બેઠેલા કોઈ મનુષ્યને નાવની ગતિના સંસ્કાર-વશ, પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે (અર્થાત્ પોતે ગતિમાં હોવા છતાં સ્થિર હોય એમ સમજાય છે અને વૃક્ષ, પર્વત વગેરે સ્થિર હોવા છતાં ગતિમાં હોય એમ સમજાય છે), તેવી રીતે જીવને મિથ્યાદર્શનના ઉદયવશ નવ પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે. ૧૫૮૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૦૭ )

* સમ્યગ્દષ્ટિને પર પદાર્થોમાં સ્વામીત્વભાવ થતો નથી તેથી તે ભયવાન હોવા છતાં પણ નિર્ભય છે. જેમ ચક્ષુઈન્દ્રિય રૂપી પદાર્થોને દેખવા છતાં પણ દેખતી નથી, તેમ સમ્યગ્દષ્ટિને પરમાં સ્વપણાના અભાવથી ઇષ્ટાનિષ્ટ કલ્પનાપૂર્વક પરપદાર્થો ઇષ્ટાનિષ્ટ લાગતા નથી અને તેથી તેમને ભય નથી. ૧૫૯૦.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૦૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* બરાબર નિહાળો! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે. મંદિ રતો છૂટે છે પણ શાશ્વત રત્નદીપક જેવો ને તેવો રહે છે. વ્યવહારમાં તમે અનેક સ્વાંગ નટની જેમ ધરો છો, પણ નટ તો જેવો ને તેવો રહે છે. ૧૫૯૧

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ પાનું-૪૧ )

* આસન લગાવીને ધ્યાન કરે છે, ઇન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન-સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે, પ્રાણાયમ આદિ યોગ સાધન કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે, વધ-બંધન સહન કરીને દુઃખી થતો નથી, તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી. ૧૫૯૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરાદ્વાર, ૫૬-૧૦ )

* લોકમેં જો દુર્બદ્ધિ મનુષ્ય, મરણકો, પ્રાપ્ત હુએ મનુષ્ય કે લિયે શોક કરતા હૈ વહ અપને પરિશ્રમકા વિચાર ન કરકે માનોં આકાશકો મુક્ટિયોંસે આહત કરતા હૈ અથવા ( તેલકે નિમિત્ત ) બાલુકે સમૂહકો પીલતા હૈ. ૧૫૯૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૭૩૦ )

* હે ભવ્ય જીવ! યદિ તૂ આત્માકા હિત કરના ચાહતા હૈ તો નિમ્ન કામ કરઃ - ઈસ ભયાનક સંસારકે દુઃખોસે ભય કર, જિનશાસનમેં પ્રેમ કર ઔર પૂર્વે કિયે હુએ પાપકા શોક કર. ૧૫૯૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૬૮ )

* નિઃશંક વંદના કરો, નિંદા કરો, પ્રતિક્રમણાદિ કરો, લેકિન જિસકે જબ તક અશુદ્ધ પરિણામ હૈ, ઉસકે નિયમસે સંયમ નહીં હો સકતા, કયોંકિ ઉસકે મનકી શુદ્ધતા નહીં હૈ. જિસકા મન શુદ્ધ નહીં, ઉસકે સંયમ કહાંસે હો કસતા હૈ? ૧૫૯૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૬૬ )

* આર્ય પુરુષોંને તરાજૂમેં એક તરફ તો સમસ્ત પાપોંકો રખ્ખા ઔર એક તરફ અસત્યસે ઉત્પન્ન હુએ પાપકો રખકર તૌલા તો દોનોં સમાન હુએ. ભાવાર્થ- અસત્ય અકેલા હી સમસ્ત પાપોંકે બરાબર હૈ. ૧૫૯૬

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જિન ભગવાન સમ્યગ્દર્શનને મોક્ષરૂપી વૃક્ષનું બીજ તથા મિથ્યા દર્શનને સંસારરૂપી વૃક્ષનું બીજ બતાવે છે. તેથી તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મોક્ષાભિલાષી વિદ્વાનોએ તેના સંરક્ષણ આદિના વિષયમાં મહાન પ્રયત્ન કરવો જોઈએ કારણ કે પાપકર્મથી આછન્ન થઇને ઘણી (–ચોરાસી લાખ) યોનીઓના સમૂહથી જટિલ આ સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રાણી દીર્ઘ કાળ વીતવાં છતાં પણ હિતકારક તે સમ્યગ્દર્શન કયાં પ્રાપ્ત કરી શકે છે? અર્થાત્ પ્રાપ્ત કરી શકતો નથી. ૧૫૯૭.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દેશવ્રતોદ્યોતન, શ્લોક–૩)

* * *

* ઉત્તપત્તિ, સ્થિતિ અને લયની પરિપાટીને સમજનાર ગુણીજનનો શોક તો સ્વયં નષ્ટ થઈ જાય છે. મધ્યમ બુદ્ધિમાનનો શોક આંખમાંથી બે–ચાર આંસુ સારવાથી શાંત થાય છે; પરંતુ જઘન્ય મતિમાનનો શોક તો મરણ સાથે જ જાય છે. ૧૫૯૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ ગાથા–૭૩૨)

* જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (–સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય અનાદિકાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું– વ્યાપ્ત થયું –હોવાથી જ, બંધ –અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (અજ્ઞાનદશામાં) વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે. ૧૫૯૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૬૦)

* * *

* આ જગત ઇન્દ્રજાળ તથા કેળના સ્તંભ સમાન કેવળ નિઃસાર છે, એ શું તું નથી જાણતો? નથી સાંભળ્યું? વા પ્રત્યક્ષ નથી દેખાતું? હે જીવ! આપ્તજનોના મરણ પાછળ શોક કરવો એ નિર્જન અરણ્યમાં પોક મૂકવા સમાન વ્યર્થ છે. જે ઉત્પન્ન થયો છે તે મરશે જ. મરણના સમયે તેને કોણ બચાવી શકે તેમ છે? છતાં મૂર્ખ મનુષ્ય સંબંધીજનોના મરણ પાછળ શોક કરે છે એ જ અનાદિ કાલીન મોહની ઘેલછા છે. ૧૬૦૦.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૮૪)

∗ જેમની ધર્મધ્યાનરૂપ અગ્નિમાં સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણે વૃક્ષ બળી ગયા છે, જેમની સુદૃષ્ટિ આગળ ઉદયરૂપી કૂતરાં ભસતાં ભસતાં ભાગી જાય છે, તેઓ જ્ઞાનરૂપી હાથી ઉપર બેઠેલાં છે. તેથી કર્મરૂપી ધૂળ તેમના સુધી પહોંચતી નથી. જેમના વિચારમાં શાસ્ત્રજ્ઞાનની લહેરો ઊઠે છે, જે સિદ્ધાંતમાં પ્રવીણ છે, જે આધ્યાત્મિક વિદ્યાના પારગામી છે, તેઓ જ મોક્ષમાર્ગી છે – તેઓ જ પવિત્ર છે, સદા આત્મ–અનુભવનો રસ દઢ કરે છે અને આત્મ–અનુભવનો જ પાઠ ભણે છે. ૧૬૦૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ–૩૧ )

∗∗∗

∗ જો અજ્ઞાની જીવ ઇન્દ્રિયોંકે ઈચ્છારૂપી રોગોંકા ઉપાય હી નિશ્ચયસે કરતા રહતા હૈ ઔર ઉસીકો સુખ માનતા હૈ ઈસસે બઢકર દુઃખકી બાત ઔર કયા હો સકતી હૈ? ૧૬૦૨

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા–૮૨ )

∗∗∗

∗ જો વિષજન્ય દોષ દેવોંકો દુઃખ દેતે હૈં ઉનકે રહેને પર ભલા સાધારણ મનુષ્ય કૈસે સુખ પ્રાપ્ત કર સકતે હૈં? નહીં પ્રાપ્ત કર સકતે. ઠીક હૈ – જિસ સિંહકે દ્વારા ઝરતે હુએ મદસે મલિન ગંડસ્થલવાલા અર્થાત્ મદોન્મત્ત હાથી ભી કષ્ટકો પ્રાપ્ત હોતા હૈ વહ પૈરોંકે નીચે પડે હુએ મૃગકો છોડેગા કયા? અર્થાત્ નહીં છોડેગા. ૧૬૦૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪ )

∗∗∗

∗ જો કોઈ નિર્જન સ્થાનમાં મારો નિવાસ હોય, સદા દિશા સમૂહ જ મારું વસ્ત્ર બની જાય, અર્થાત્ જો મારી પાસે કાંઈ પણ પરિગ્રહ ન રહે, સંતોષ જ મારું ઉન્નત ધન થઇ જાય, ક્ષમા જ મારી પ્યારી સ્ત્રી, બની જાય એક માત્ર તપ જ મારો વ્યાપાર બની જાય, બધાં જ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ થઇ જાય તથા જો હું સદાય એક માત્ર તત્ત્વવિચારથી ઉત્પન્ન થનાર સુખનો અનુભવ કરવા લાગું, તો પછી અતિશય શાંતિને પ્રાપ્ત થયેલ મારી પાસે શું નથી? બધું જ છે; એવી અવસ્થામાં મને બીજાઓનું કાંઇપણ પ્રયોજન નથી રહેતું. ૧૬૦૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક–૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું ( ઝગઝગાટ કરતું ) જેનું તેજ છે અને જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો આ પ્રકાશ જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં બંધ –મોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે? નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ ( અનંત ચતુષ્ટયરૂપ ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો. ૧૬૦૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, શ્લોક–૨૬૯ )

***

* જ્ઞાન પુરુષકો હોતા હૈ ઔર પુરુષ હી વિનય સંયુક્ત હો સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ, જબ જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય જો “ પરમાત્માકા સ્વરૂપ ” ઉસકો લક્ષતા–દેખતા ધ્યાન કરતા હુઆ ઉસ લક્ષ્યકો પ્રાપ્ત કરતા હૈ. ૧૬૦૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, બોધપાહુડ, ગાથા–૨૨ )

***

* જેમ રોગીને સચ્ચીકણ ઘૃતાદિ અલ્પ પણ કુપથ્ય સેવનમાત્ર રોગની જ અભિવૃદ્ધિ કરે છે, પરંતુ એ કુપથ્ય વર્જી યોગ્ય ઔષધિનું સેવન કરે તો રોગ ઉપશાંત પામે. તેમ હે ભવ્ય! અલ્પ પણ વષયાભિલાષપણું અનર્થકારક ભયંકર વ્યાકુળતારૂપ રોગની વૃદ્ધિ કરે છે. પરંતુ એ વિષયાભિલાષપણારૂપ કુપથ્યને છોડી નિર્ગ્રંથ પુરુષોના પવિત્ર વચનામૃતરૂપ પરમૌષધને તથારૂપ પ્રકારે તું ગ્રહણ કરે તો એ અનાદિ આકુળતારૂપ રોગ ઉપશાંત પામે. ૧૬૦૭.

( શ્રીગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૯૧ )

***

* રૂપમેં લીન હુએ પતંગ–જીવ દીપકમેં જલકર મર જાતે હૈં, શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાઘ્રકે બાણોંસે મારે જાતે હૈં, હાથી સ્પર્શ વિષયકે કારણ ગડ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં, સુગંધકી લોલુપતાસે ભૌંરે કોંટોમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે હૈં ઔર રસકે લોભી મચ્છ ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈ. એક એક વિષય – કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં, તો પંચેન્દ્રિકા ( પંચ–ઇન્દ્રિય વિષયોમેં આસકત જીવકા ) કહના હી કયા હૈ? ઐસા જાનકર વિવેકી જીવ વિષયોંમેં કયા પ્રીતિ કરતે હૈં? કભી નહીં કરતે. ૧૬૦૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨, શ્લોક–૧૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* વ્રત, તપ, ક્રિયા જહાં દેખી જાતી હૈ તથા શાસ્ત્રોંકા ભી પૂર્ણ જ્ઞાન હૈ ઔર વહ અનેક અપ્રિય કષ્ટ ભી સહતા હૈ પરંતુ યદિ ગારવપના ભાવોંમેં હૈ તો ઉસકા વાસ નિંગાદમેં હોતા હૈ. ૧૬૦૯.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૧૬૮ )

* લોકોના સંસર્ગથી વચનની પ્રવૃત્તિ થાય છે; વચનપ્રવૃત્તિથી મનની વ્યગ્રતા થાય છે, તેનાથી ચિંત્તમાં વિવિધ પ્રકારના વિકલ્પો ઊઠવા લાગે છે; તેથી યોગીએ લૌકિક જનોના સંસર્ગનો ત્યાગ કરવો. ૧૬૧૦.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૨ )

* હે યોગી! કાલ પાકર જૈસા જૈસા મોહ ગલતા હૈ- કમ હોતા જાતા હૈ, તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ ( જેમ જેમ વિપરીત માન્યતા ઘટતી જાય છે તેમ તેમ આત્મા તરફની રુચિ વધતી જાય છે – પૂ. ગુરુદેવ, તા. ૧૭-૮-૭૫ ) ફિર નિશ્ચયસે અપને સ્વરૂપકો જાનતા હૈ. ૧૬૧૧

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ગાથા-૮૫ )

* સત્પુરુષોંકી પવિત્ર વાણી જિસકે કાનોંમેં પ્રાપ્ત હોકર હૃદયમેં પ્રકાશમાન નહિ હુઇ વહ રંક અંધા હી હૈ, કયોંકિ સત્પુરુષોંકી વાણી મનુષ્યકે હૃદયનેત્રકો ખોલ દેતી હૈ. સો જિસકે હૃદયમેં સત્પુરુષોંકી વાણીને પ્રવેશ નહિ કિયા વાસ્તવમેં વહ અંધા હી હૈ. ૧૬૧૨.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧૩ )

* જ્યાં દુઃખ નથી, સુખ નથી, પીડા નથી, બાધા નથી, મરણ નથી, જન્મ નથી, ત્યાં જ નિર્વાણ છે ( અર્થાત્ દુઃખ આદિ રહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે. ) . ૧૬૧૩.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, ગાથા-૧૭૯ )

* પ્રાણીઓનું જેટલું ઉગ્ર અહિત સંસારમાં ઇન્દ્રિયવિષયરૂપી શત્રુ કરે છે તેટલું અહિત મદોન્મત્ત હાથી, માંસ લોલુપી સિંહ, ભયંકર રાહુ, ક્રોધાયમાન રાજા, અતિ તીક્ષ્ણ વિષ, અતિક્રુદ્ધ યમરાજ, પ્રજ્વલિત અગ્નિ અને ભયંકર શેષનાગ આદિ પણ નથી કરતાં. અર્થાત્ હાથી આદિ એક જ ભવમાં દુઃખ આપે છે અથવા અનિષ્ટ કરે છે; પરંતુ ભોગવેલા ઇન્દ્રિયવિષય ભવભવમાં દુઃખ દેનારા છે. ૧૬૧૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે સાધુ! જેમણે દેશેન્યૂન કોટીપૂર્વ સુધી ચારિત્રનું પાલન કર્યું છે એવા મુનિ પણ મરણ સમયે પૂર્વ જન્મના કરેલા પાપના તીવ્ર ઉદયથી રત્નત્રયથી ચ્યુત થાય છે માટે તેં ભલે રત્નત્રયનું આજ સુધી નિરઅતિચાર પલન કર્યું છે તો પણ આગળ મરણ સમયે તીવ્ર પાપોદયથી રત્નત્રયથી ભ્રષ્ટ થવાની સંભાવના છે એમ જાણ. ( માટે મરણ સમયે અત્યંત સાવધાન રહેજે. ) ૧૬૧૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બૃહદ્પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૮૦ )

* છતી વસ્તુને અછતી કેમ કરો છો? છતી વસ્તુ અછતી થાય નહિ. પૂર્વે ભૂલથી છતીને અછતી માની હતી ( તેથી ) તેનું અનાદિ દુઃખરૂપ ફળ પામ્યો હતો. હવે શરીરને આત્મા કેમ માનીએ? એ તો લોહીથી, વીર્યથી સાત ધાતુનું બનેલું જડ, વિજાતીય, નાશવાન અને પર છે. તે ( શરીર ) મારી ચેતના નથી. ૧૬૧૬.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું – ૧૩ )

***

* જેમાં જરા પણ ધૂમાડો નથી, જે પવનના ઝપાટાથી બુઝાઇ જતો નથી, જે એક ક્ષણમાં કર્મરૂપી પતંગીયાઓને બાળી નાખે છે, જેમાં બત્તીનું ઢાંકણ નથી અને જેમાં ઘી, તેલ વગેરે આવશ્યક નથી, જે મોહરૂપી અંધકારને મટાડે છે, જેમાં કિંચિત્ પણ આંચ નથી તેમ જ ન રાગની લાલાશ છે, જેમાં સમતા, સમાધિ અને યોગ પ્રકાશિત રહે છે તે જ્ઞાનની અખંડ જ્યોતિ સ્વયંસિદ્ધ આત્મામાં સ્ફુરિત થઈ છે – શરીરમાં નથી. ૧૬૧૭.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫૬-૩૮ )

* જિનકે હાથ, નાક આદિ અવયવ કટેં હોં તથા જો વિરૂપ હોં, ઔર જો દરિદ્રી તથા રોગી હોં વા કુલ જાત્યાદિસે હીન હોં ઉનકા ભૂષણ સત્ય વચન બોલના હી હૈ. અર્થાત્ યહી ઉનકી શોભા કરનેવાલા હૈ. કયોંકિ જો ઉક્ત સમસ્ત બાતોંસે હીન ઔર સત્ય વચન બોલતા હો. ઉનકી સબ કોઈ પ્રસંશા કરતેં હૈં. ૧૬૧૮.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૦ )

* ભૂખ-તરસ વગેરે દ્વારા જે કાંઈ પણ દુઃખ થાય છે તે બધું શરીરાશ્રિત છે, નિશ્ચયથી તે ( દુઃખ ) મને નથી, કારણ કે હું સ્વભાવે બાધારહિત છું. ૧૬૧૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૨૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે જીવ સારી રીતે સંયત હોય તે (જીવ) પણ લૌકિકસંગથી (લૌકિક જનના સંગથી) અસંયત જ થાય છે, કારણ કે અગ્નિની સંગતિમાં રહેલાં પાણીની માફક તેને વિકાર અવશ્યંભાવી છે. માટે લૌકિક સંગ સર્વથા નિષેધ્ય જ છે. ૧૬૨૦.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૬૮)

* સંયમસે સંયુક્ત ઔર ધ્યાનકે યોગ્ય ઇસ પ્રકાર જો મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય અર્થાત્ લક્ષણેયોગ્ય-જાનનેયોગ્ય નિશાના જો અપના નિજ સ્વરૂપ વહ જ્ઞાન દ્વારા પાયા જાતા હૈ, ઈસલિયે ઇસ પ્રકારકે લક્ષ્યકો જાનનેકે લિયે જ્ઞાનકો જાનના. ૧૬૨૧.

(શ્રી કુંદકુંદાચાર્ય, બોધપાહુડ, ગાથા-૨૦)

* જેમ અગ્નિ કાષ્ટને ભસ્મ કરી તેના અભાવમાં ઉલટી નિર્મળરૂપે પ્રજ્વલે છે, તેમ નિર્મળ જ્ઞાનરૂપ અગ્નિ દેહાદિરૂપ કાષ્ટને ભસ્મ કરી ઉલટી તે દેહાદિના અભાવમાં અત્યંત નિર્મળપણે પ્રકાશિત થાય છે. યતિપુરુષનું આચરણ સર્વથા આનંદ અને આશ્ચર્યનું સ્થાન થાય છે. ૧૬૨૨.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૬૪)

***

* પ્રાણીઓનો સંસાર જ એક ઉત્કૃષ્ટ શત્રુ છે તથા રત્નત્રય જ એક ઉત્કૃષ્ટ મિત્ર છે. તેના સિવાય બીજા કોઇ શત્રુ અથવા મિત્ર નથી. જેણે તે રત્નત્રયરૂપ મિત્રના અવલંબનથી તે દુર્જય સંસારરૂપ શત્રુને જીતી લીધો છે તે અજિત જિનેન્દ્રથી મને સમીચીન સુખ પ્રાપ્ત થાવ. ૧૬૨૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્વયંભૂ-સ્તુતિ, શ્લોક-૨)

* આત્માનુશાસન ગ્રંથમેં શ્રી ગુણભદ્રાચાર્યને કહા હૈ કિ પહલે સમયમેં ઐસે સત્પુરુષ હો ગયે હૈં કિ જિનકે વચનમેં સત્ય, બુદ્ધિમેં શાસ્ત્ર, મનમેં દયા, પરાક્રમરૂપ ભુજાઓમેં શૂરવીરતા, યાચકોમેં પૂર્ણ લક્ષ્મીકા દાન ઔર મોક્ષમાર્ગમેં ગમન હૈ, વે નિરભિમાની હુએ, જિનકે કિસી ગુણકા અહંકાર નહીં હુઆ. ઉનકે નામ શાસ્ત્રોમેં પ્રસિદ્ધ હૈં. પરંતુ અબ બડા અચંભા હૈ, કિ ઈસ પંચમકાલમેં લેશમાત્ર ભી ગુણ નહીં હૈં, તો ભી ઉનકે ઉદ્ધતપના હૈ, યાની ગુણ તો રંગમાત્ર ભી નહીં ઔર અભિમાનમેં બુદ્ધિ રહતી હૈ. ૧૬૨૪.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૬૦ના ભાવાર્થમાંથી)

* મને મારા આત્મસ્વરૂપને નહિ દેખતો આ લોક – અજ્ઞાની પ્રાણી ગણ મારો શત્રુ નથી અને મિત્ર નથી, તથા મને – મારા આત્મસ્વરૂપને યથાર્થ પણે દેખાતો આ લોક–જ્ઞાની જીવગણ ન મારો શત્રુ છે અને ન મિત્ર છે. ૧૬૨૫.

( શ્રી પૂજ્યપાસ્વામી સમાધિતંત્ર, ગાથા–૨૬ )

* જો હલાહલ વિષ શીઘ્ર હી પ્રાણોંકો હરનેવાલા હૈ ઉસકા પી લેના કહીં અચ્છા હૈ, પરંતુ પ્રાણીયોંકો નિરંતર દુ:ખ દેનેવાલે મધુકા ભક્ષણ કરના યોગ્ય નહીં હૈ. ૧૬૨૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૫૫૧ )

* * *

* ચંડાલ, ઉલ્લૂ (ઘૂવડ), બિલાવ, ભેડિયા ઔર કુત્તા આદિ યદ્યપિ નિંદિત હૈં તથાપિ ઇન્હેં અનેક લોગ અંગીકાર કરતે હૈં, પરંતુ અસત્યવાદીયોંકો કોઇ અંગીકાર નહિ કરતાં. અતએવ અસત્યવાદી ઇન સબસે ભી અધિક નીંદનીય હૈ. ૧૬૨૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક–૩૫ )

* અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યુ છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય હતી તે તે બધી છોડી દીધી છે. હવે ગ્રહણ કરવા યોગ્ય અને છોડવા યોગ્ય કાંઇ રહી ગયું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઇ બાકી રહ્યું નથી, પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનની ક્રિયાથી રહિત થયો, મનના વિકલ્પો છોડી દીધાં, ઇન્દ્રિયજનિત જ્ઞાન છોડયું અને આત્માને શુદ્ધ કર્યો. ૧૬૨૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, પદ–૧૦૯ )

* * *

* આચાર્ય કહે છે કે ભવ્ય જીવો! ત્રણ લોકરૂપી ઘરના સ્વામી એવા ચૈતન્યસ્વરૂપ તેજને તમે સમજો; કેમ કે હું એવી શંકા કરુ છું કે એક ચૈતન્યસ્વરૂપ તેજ વિના આ ત્રણ લોકરૂપી ઘર પણ વન સમાન છે. ૧૬૨૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વસપ્તતિ, શ્લોક–૫૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો શુદ્ધ દષ્ટિવંત (સમ્યગ્દષ્ટિ) જીવ એમ સમજે છે કે પરમ મુનિને તપમાં, નિયમમાં, સંયમમાં અને સત્ચારિત્રાં સદા આત્મા ઊર્ધ્વ રહે છે (અર્થાત્ દરેક કાર્યમાં નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે) તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ–સમતા ચોક્કસ છે. ૧૬૩૦.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૧૨)

* દેહધારીઓનાં તે સુખ તથા દુઃખ કેવળ વાસનામાત્ર જ હોય છે. વળી તે (સુખ–દુઃખરૂપ) ભોગો આપત્તિના સમયે રોગોની જેમ (પ્રાણીઓને) ઉદ્વેજિત (આકુલિત) કરે છે. ૧૬૩૧.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા–૬)

***

* મનકી શુદ્ધતા હી એક મોક્ષમાર્ગમેં પ્રકાશ કરનેવાલી દીપિકા (ચિરાગ) હૈ. સો ઉસકો નિર્મલ ન પાનેસે અનેક મોક્ષમાર્ગી ચ્યુત હો ગયે. જિસ મનકી શુદ્ધતાકે હોતે હુએ અવિદ્યમાન ગુણ ભી વિદ્યમાન હો જાતે હૈં ઔર જિસકે ન હોતે વિદ્યમાન ગુણ ભી જાતે રહૈં વહી મનકી શુદ્ધિ પ્રશંસા કરને યોગ્ય હૈ. ૧૬૩૨.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૨, શ્લોક–૨૯–૩૦)

***

* તે એક જ પદ આસ્વાદવા યોગ્ય છે કે જે વિપત્તિઓનું અપદ છે. (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી) અને જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે. ૧૬૩૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૩૯)

* પ્રાણનો નાશ કરનાર વિષ ભોજનમાં ખાવું સારું, શ્વાપદ (શિકારી પ્રાણી) સિંહ આદિ હિંસક પશુઓથી ભરેલાં વનમાં નિવાસ કરવો, સારો, અને ભડકે બળતી અગ્નિમાં પડીને પ્રાણનો ત્યાગ કરવો પણ સારો, પરંતુ મિથ્યાત્વ સહિત આ સંસારમાં જીવવું સારું નથી. કેમ કે વિષ આદિથી પ્રાણનો નાશ થવાથી તો એક જન્મમાં જ દુઃખ સહન કરવું પડે છે, અને મિથ્યાત્વથી જન્મજન્મમાં... પ્રતિક્ષણ તીવ્ર યાતનાઓનો સામનો કરવો પડે છે. ૧૬૩૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૪૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ સમ્યક્ત્વસહિત ઉત્તમ ધર્મયુક્ત જીવ ભલે તિર્યંચ હો તોપણ દેવપદને પ્રાપ્ત થાય છે તથા સમ્યક્ત્વ સહિત ઉત્તમ ધર્મથી ચાંડાલ પણ દેવોનો ઇન્દ્ર થાય છે. ૧૬૩૫.

( સ્વામીકાર્તિક, બાર અનુપેક્ષા, ગાથા–૪૩૧ )

∗ પોતાના કર્મ પ્રમાણે કૂતરો પણ પોતાનું પેટ ભરે છે અને રાજા પણ પોતાનું પેટ ભરે છે. પણ પ્રસંશનીય મનુષ્યભવ, ધન અને વિવેક બુદ્ધિ પ્રાપ્ત કરવાનું અહીં એ જ પ્રયોજન છે કે નિરંતર પાત્રદાન આપવામાં આવે. ૧૬૩૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક–૪૧ )

∗ યહ કામ દોષોંકી ખાન હૈ ઔર ગુણોંકા નાશ કરનેવાલા હૈ. પાપકા નિજબંધુ હૈ ઔર યહી બડી બડી આપત્તિયોંકા સંગમ કરાનેવાલા હૈ. ૧૬૩૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૦૪ )

∗ જેમ બીજ વડે વૃક્ષની જડ અને અંકુરો થાય છે, તેમ મોહરૂપી બીજથી આત્મામાં સંસારરૂપ વિસ્તીર્ણ વૃક્ષની અતત્ત્વ શ્રદ્ધાનરૂપ જડ ને રાગદ્વેષરૂપી અંકુરો થાય છે. જે જીવ એ અનાદિ અતત્ત્વશ્રદ્ધાન તથા રાગદ્વેષને સર્વથા ક્ષીણ કરવા ઇચ્છે છે તેણે પ્રખર જ્ઞાનરૂપ અગ્નિનું સમ્યક્ પ્રકારે નિયમિત સેવન કરવું. ૧૬૩૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૮૨ )

∗ ∗ ∗

∗ પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી અથવા શ્રી ગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગૃત થયું છે અર્થાત્ સ્વપર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઇ છે, તે મહાત્માઓને જીવન – મુક્ત અવસ્થા પ્રાપ્ત થઇ જાય છે. તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંત ભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે. ૧૬૩૯.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવ દ્વાર, પદ – ૨૨ )

∗ લોકમેં મૂર્ખ મનુષ્ય અપનેસે હીન જનોંકો દેખકર હૃદયમેં અભિમાન કરતા હૈ ઔર બુદ્ધિમાન મનુષ્ય અપનેસે અધિક ગુણવાલે મનુષ્યોંકો દેખકર ઉસ ગર્વકો બહુત દૂર કરતા હૈ, ઐસા આગમકે અભ્યાસસે નિર્મલતાકો પ્રાપ્ત હુઇ બુદ્ધિકે ધારક મુનિજન નિરૂપણ કરતે હૈ. ૧૬૪૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા–૫૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ઇસ જગતમેં જીવોંકી સમસ્ત કામનાઓંકે પૂર્ણ કરનેવાલી લક્ષ્મી હુઇ ઔર વહ ભોગનેમેં આઈ તો ઉસસે કયા લાભ? અથવા અપની ધન સંપદાદિકસે પરિવાર સ્નેહી મિત્રોંકો સંતુષ્ટ કિયા તો કયા હુઆ? તથા શત્રુઓંકો જિતકર ઉનકે મસ્તક પર પાંવ રખ દિયે તો ઇસમેં ભી કૌનસી સિદ્ધિ હુઈ? તથા ઇસી પ્રકાર શરીર બહુત વર્ષ પર્યંત સ્થિર રહા તો ઉસ શરીરસે કયા લાભ? કયોંકિ યે સબ હી નિ:સાર ઔર વિનશ્વર હૈ. ૧૬૪૧.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪, શ્લોક-૬૦ )

* યોગિયોંકે ભીતર અસત્ય વ નાશવંત પદાર્થોંકા માન નહીં દેખા જાતા હૈ, માન કરના ક્ષણભંગુર હૈ, માન જહાં હૈ વહાં મિથ્યા ભાવના હૈ. યોગિયોંને માનકો જડસે ઉખાડ ડાલા હૈ. ૧૬૪૨.

( તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચસાર, શ્લોક-૧૩૮ )

***

* મહામુનિયોંકે વીતરાગનિર્વિકલ્પસમાધિકે સમયમેં સ્વસંવેદનજ્ઞાન હોને પર ભી ઇન્દ્રિયજનિત જ્ઞાન નહીં હૈ, ઔર કેવલજ્ઞાનિયોંકે તો કિસી સમય ભી ઇન્દ્રિયજ્ઞાન નહીં હૈ, કેવલ અતીન્દ્રિયજ્ઞાન હી હૈ, ઈસલિયે ઇન્દ્રિયજ્ઞાનકે અભાવકી અપેક્ષા આત્મા જડ ભી કહા જા સકતા હૈ. યહાં પર બાહ્ય ઇન્દ્રિયજ્ઞાન સબ તરહ હેય હૈ ઔર અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય હૈ યહ સારાંશ હુઆ. ૧૬૪૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ગાથા-૫૩ )

* ગણધરાદિ દેવો, સમ્યગ્દર્શનથી યુક્ત ચંડાલકુળમાં ઉત્પન્ન થયેલાં જીવને પણ કે જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં નિર્મળ છે તેને દેવ કહે છે. ૧૬૪૪.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક-૨૮ )

* જો પરગ્રહયુક્ત જીવોનું કલ્યાણ થઈ શકતું હોય તો અગ્નિ પણ શીતળ થઈ શકે. જો ઇન્દ્રિયજન્ય સુખ વાસ્તવિક સુખ હોઈ શકે તો તીવ્ર વિષ પણ અમૃત બની શકે. જો શરીર સ્થિર રહી શકે તો આકાશમાં ઉત્પન્ન થનારી વીજળી તેનાથી પણ અધિક સ્થિર થઇ શકે તથા આ સંસારમાં જો રમણીયતા હોઇ શકે તો તે ઇન્દ્રજાળમાં પણ હોઈ શકે. ૧૬૪૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી, પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૫૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જો પુરુષ અલ્પશક્તિવાલા હૈ ઔર સત્યપુરુષોંકી મંડલીમેં રહે વિના હી જગતકે તત્ત્વરૂપકી અવસ્થાકો જાનના ચાહતા હૈ વહ આકાશકો હાથોંસે માપતા હૈ. ૧૬૪૬.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૧૬ )

* ભગવાન તીર્થંકરદેવ વડે ચિંતવન કરવામાં આવેલી અધ્રુવ આદિ બાર ભાવના વૈરાગ્યની માતા છે, સમસ્ત જીવનું હિત કરવાવાળી છે, દુઃખી જીવોને શરણભૂત છે, આનંદ ઉત્પન્ન કરવાવાળી છે, પરમાર્થ માર્ગને બતાવવાવાળી છે. તત્ત્વનો નિશ્ચય કરાવનારી છે, સમ્યક્ત્વ ઉત્પન્ન કરનારી છે, અશુભ ધ્યાનનો નાશ કરનારી છે, આત્મકલ્યાણના અર્થી જીવે હંમેશા આમ ચિંતવન કરવા યોગ્ય છે. ૧૬૪૭.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૭૧૫ )

* જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસારદુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીનને એક વખત એવું છોડવું જોઇએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? ૧૬૪૮.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૮ )

***

* હે આત્મન્! તૂ નિગોદકે વાસમેં એક અતંર્મુહૂર્તમેં છાસઠ હજાર તીનસૌ છત્તીસ બાર મરણકો પ્રાપ્ત હુઆ. ૧૬૪૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨૮ )

* સ્વતંત્ર આચરણ રખનેવાલા ઔર કામકે વશ ન હોનેવાલે ધૈર્યવાન માનવ વૈરાગ્યભાવનારૂપી મંત્રોસે ઉસ કામકે મહાબલકો દૂર કરકે મોક્ષકે આનંદકો પા ચૂકે હૈં. ૧૬૫૦.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૦૬ )

* જ્ઞાન મનુષ્યકા તીસરા નેત્ર હૈ જો સમસ્ત તત્ત્વોં ઔર પદાર્થોંકો દેખનેમેં સમર્થ હૈં. ઉસે કિસી અન્ય પ્રકાશકી અપેક્ષા નહીં હૈ વહ બિના ઔર કિસી પ્રકારકી રુકાવટકે તીનોં લોકમેં સર્વત્ર ગતિશીલ હૈ. ૧૬૫૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* નાનાપ્રકારકી જો દષ્ટિયેં જ્ઞાનીકો હોતી હૈં વે સબ જ્ઞાનસ્વભાવ કી સહાયતાસે હિતકારી વ પરમ પદમેં લે જાનેવાલી હોતી હૈં. જો મુનિભેષ શ્રી જિનેન્દ્ર તીર્થંકર ભગવાનકા હોતા હૈ ઉસી લિંગકો જ્ઞાની ધારણ કરતા હૈ. દ્રવ્ય નિર્ગ્રંથ લિંગકે સાથ શુદ્ધ ભાવલિંગ હોતા હૈ. ઈસી ભાવલિંગસે કર્મોકા ક્ષય હોતા હૈ. ૧૬૫૨.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૫૪ )

* * *

* ભાવ પ્રથમલિંગ હૈ, ઇસલિયે હે ભવ્ય! તૂં દ્રવ્યલિંગ હૈ ઉસકો પરમાર્થરૂપ મત જાન, કયોંકિ ગુણ ઔર દાષોંકા કારણભૂત ભાવ હી હૈ, ઇસ પ્રકાર જિનભગવાન કહતે હૈ. ૧૬૫૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨ )

* * *

* કોઇ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ એવા કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) કલેશ પામે તો પામો અને બીજાં કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી ઘણાં વખત સુધી ભગ્ન થયાં થકાં (તૂટી મરતાં થકાં) કલેશ પામે તો પામો. (પરંતુ) જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત કલેશ વિનાનું) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતાં જ નથી. ૧૬૫૪.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૪૨ )

* * *

* જેવી રીતે પર્વત ઉપર ચડેલાં મનુષ્યને નીચેનો મનુષ્ય નાનો દેખાય છે અને નીચેના મનુષ્યને પર્વત ઉપર ચડેલો મનુષ્ય નાનો દેખાય છે પણ જ્યારે તે નીચે આવે છે ત્યારે બંનેનો ભ્રમ દૂર થઈ જાય છે અને વિષમતા મટી જાય છે. તેવી જ રીતે ઊંચું મસ્તક રાખનાર અભિમાની મનુષ્યને બધાં મનુષ્યો તુચ્છ દેખાય છે અને બધાંને તે અભિમાની તુચ્છ દેખાય છે, પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માન-કષાય ગળી જવાથી સમતા પ્રગટ થાય છે. જ્ઞાનમાં કોઈ નાનું- મોટું દેખાતું નથી, સર્વ જીવો એકસરખાં ભાસે છે. ૧૬૫૫.

( શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, મોક્ષદ્વાર, પદ-૪૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* મહાપુરુષોંકા સંગ કરના કલ્પવૃક્ષકી સમાન સમસ્ત પ્રકારકે મનોવાંછિત ફલકો દેનેમેં સમર્થ હૈં, અતએવ સત્પુરુષોંકી સંગતિ અવશ્ય કરની ચાહિયે. ૧૬૫૬.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩૭ )

* જેમ ઉત્કૃષ્ટ નાવને પ્રાપ્ત થયેલ ધીરબુદ્ધિ (સાહસી) મનુષ્ય સમુદ્રના અપરિમિત જળથી ડરતો નથી તેવી જ રીત એકત્વનો જાણકાર તે યોગી ઘણાં કર્મોથી પણ ડરતો નથી. ૧૬૫૭.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવનાદશક, શ્લોક-૩ )

* બીજ વિના વૃક્ષી ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ જેમ હોતાં નથી તેમ, સમ્યક્ત્વ વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની (ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ) હોઈ શકતી નથી. ૧૬૫૮.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૩૨ )

***

* જબ મનમેં વિશુદ્ધતા રહતી હૈ તબ તત્ત્વજ્ઞાની પુરુષોંકે ચિત્તમેં આપત્તિમેં વ સંપદાઓંમેં સમાનભાવ રહતા હૈ. મહાન પુરુષોંકી સર્વ હી ચેષ્ટા મહાન હોતી હૈ. ૧૬૫૯.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૪ )

* જન્મ-મરણ એ જેના માતા પિતા છે. આધિ-વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે! ૧૬૬૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૧ )

* જીવ મરો કે જીવો, અપ્રયત આચારવાળાને (અંતરંગ) હિંસા નિશ્ચિત છે; પ્રયતને, સમિતિવંતને (બહિરંગ) હિંસામાત્રથી બંધ નથી. ૧૬૬૧.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૧૭ )

* ઈસ સંસારમેં વ્રત-તપ-દયા-દાન-પ્રશમ-ક્ષમા આદિ પુરુષકે જો મુખ્ય ગુણ હૈ, જિનકે ધારણ કરનેસે જીવકો શાશ્વત સુખકી પ્રાપ્તિ હોતી હૈ વે સબ જ્ઞાનકી સહાયતાસે હી સુખદાયી હોતે હૈં. ૧૬૬૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૭ )

* ધર્મના પ્રભાવથી મરુભૂમિમાં પણ કમળોથી વ્યાપ્ત સરોવર પ્રાપ્ત થઈ જાય છે, જંગલમાં પણ ઉન્નત મહેલ બની જાય છે, પર્વતના શિખર પર પણ આનંદોત્પાદક સ્ત્રીઓ અને શ્રેષ્ઠ રત્ન પણ પ્રાપ્ત થઈ જાય છે. એ સિવાય ઉકત ધર્મના જ પ્રભાવથી ભીત ઉપર અથવા લાકડામાંથી બનાવેલ દેવતા પણ સિદ્ધિદાયક થાય છે, બરાબર છે – અહીં પ્રાણીઓને કયા કયા ઇષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવતો નથી? બધું જ પ્રાપ્ત કરાવે છે. ૧૬૬૩.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૮૭ )

***

* જેમના હૃદયમાં નિજ-પરનો વિવેક પ્રગટ થયો છે, જેમનું ચિત્ત ચંદન સમાન શીતળ છે અર્થાત્ કષાયોનો આતાપ નથી અને નિજ પર વિવેક થવાથી જે મોક્ષમાર્ગમાં મોજ કરે છે, જે સંસારમાં અરહંત દેવના લઘુપુત્ર છે અર્થાત્ થોડાં જ સમયમાં અરહંત પદ પ્રાપ્ત કરનાર છે, જેમને મિથ્યાદર્શનનો નાશ કરનાર નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તેમ સમ્યગ્દષ્ટિ જીવોની આનંદમય અવસ્થાનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૧૬૬૪.

( શ્રી બનારસીદાસજી, નાટક – સમયસાર, મંગલાચારણ, પદ-૬ )

* આચાર્ય કહતે હૈં કિ બહુત કહનેસે કયા? ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઔર અન્ય જો કુછ વ્યાપાર હૈ વહ સબ હી શુદ્ધભાવમેં સમસ્ત રૂપસે સ્થિત હૈ. ૧૬૬૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૬૪ )

* કામરૂપી સર્પ અત્યંત ભયાનક હૈ, અંતરંગ વિચારસે હી ઉત્પન્ન હોતા હૈ. ઇસકે રાગ-દ્વેષરૂપી દો જબાને હૈ. ઈસકા વશ કરના બહુત કઠિન હૈ. ૧૬૬૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૭ )

***

* જેણે ત્રણે ભુવન નીચાં કરી રાખ્યાં છે એવી એ આશારૂપ ખાણ અત્યંત અગાધ છે. સંસારપરિણામી જીવોએ અગાધ દ્રવ્ય આજ સુધી નાખ નાખ કરવાં છતાં પણ હજુ સુધી કોઇથી પણ નહિ પુરાએલી એવી એ આશારૂપ ખાણને સત્પુરુષોએ તેમાં રેહલાં ધનાદિને કાઢી કાઢીને પૂર્ણ કરી, એ એક પરમ આશ્ચર્ય છે. ૧૬૬૭.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૭ )

∗ બધાય પદાર્થો કાલાદિ લબ્ધિ સહિત થતાં અનેક શક્તિયુક્ત છે તેમ જ સ્વયં પરિણમે છે. તેને તેમ પરિણમતાં કોઇ અટકાવવા સમર્થ નથી. ૧૬૬૮.

( સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૨૧૯ )

∗ ઇન્દ્રિયોંમે જીભ પ્રબલ હોતી હૈ, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમેં મોહકર્મ બલવાન હોતા હૈ. પાંચ મહાવ્રતોમેં બ્રહ્મચર્યવ્રત પ્રબલ હૈ, ઔર તીન ગુપ્તિયોંમેંસે મનોગુપ્તિ પાલના કઠિન હૈ, યે ચાર બાતેં મુશ્કિલસે સિદ્ધ હોતી હૈં. ૧૬૬૯.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૧, ગાથા–૨૨ )

∗ કરોડો પરિશ્રમો દ્વારા કમાયેલું જે ધન, પુત્રો અને પોતાના જીવનથી પણ લોકોને જે અધિક પ્રિય છે, નિશ્ચયથી તે ધન માટે દાન સિવાયની બીજી બધી વિપત્તિઓ જ છે – એમ સાધુપુરુષો કહે છે. ૧૬૭૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક – ૪૨ )

∗ જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે ( અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે ). ૧૬૭૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૪૩ )

∗ સંકલેશ પરિણામધારી પુરુષોંકી બુદ્ધિ સંસારકો બઢાનેવાલી હોતી હૈ. પરંતુ નિર્મલ ભાવધારી પુરુષોંકી પ્રવૃત્તિ યા સહનશીલતા સમ્યગ્દર્શનરૂપી ધનકો દેનેવાલી હોતી હૈ. ૧૬૭૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૭૩ )

∗ તીવ્ર તપ કરતા હુઆ ભી તથા શાસ્ત્રરૂપી સમુદ્રકા અવગાહન કરતા હુઆ ભી યદિ વૃદ્ધસેવા નહિ કરતા હૈ અર્થાત્ સત્પુરુષોંકી આજ્ઞામેં નહિ રહતા હૈ તો ઉસકા કદાપિ કલ્યાણ નહિ હો સકતા. ૧૬૭૩.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૫, શ્લોક–૩૬ )

∗ તે ઇન્દ્રિયજન્યજ્ઞાન મોહસહિત હોવાથી પ્રમત, પોતાની ઉત્પત્તિ માટે ઘણા કારણોની અપેક્ષા રાખતું હોવાથી નિકૃષ્ટ, ક્રમપૂર્વક પદાર્થોને જાણવાવાળું હોવાથી વ્યુચ્છિન્ન તથા ઇહા વગેરે પૂર્વક જ થતું હોવાથી દુઃખરૂપ જ કહેવાય છે. ૧૬૭૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૨૮૧ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* (હે જિનનાથ!) સદ્જ્ઞાનરૂપી નાવમાં આરોહણ કરી ભવસાગરને ઓળંગી જઈને, તું ઝડપથી શાશ્વતપુરીએ પહોંચ્યો. હવે હું નિજનાથના તે માર્ગે (-જે માર્ગે જિનનાથ ગયા તે જ માર્ગે) તે જ શાશ્વતપુરીમાં જાઉં છું; (કારણ કે) આ લોકમાં ઉત્તમ પુરુષોને (તે માર્ગ સિવાય) બીજું શું શરણ છે? ૧૬૭૫.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૭૪)

* * *

* અસ્થિર, મલિન અને નિર્ગુણ એવી કાયા વડે સ્થિર, નિર્મળ, અને સારભૂત ગુણવાળી ક્રિયા વૃદ્ધિગત થતી હોય તો તે ક્રિયા કેમ ન કરીએ? (અર્થાત્ આ શરીર વિનાશી, મલિન અને ગુણ વગરનું છે, તેની મમતા છોડીને, તેમાં રહેલા અવિનાશી, પવિત્ર અને સારભૂત ગુણસહિત એવા આત્માની ભાવના જરૂર કર્તવ્ય છે.) ૧૬૬૭.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૯)

* શુદ્ધ આત્મસ્વરૂપકા અનુભવ હી અંકુર હૈ. ઉસીસે હી અશુદ્ધ યા મિથ્યાત્વરૂપી અંકુર ઉખડ જાતા હૈ. શુદ્ધ જ્ઞાન સ્વભાવમેં રમના યહી જ્ઞાનાંકુર જ્ઞાનકી ઉન્નતિમેં સહકારી હૈ. ૧૬૭૭.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૧૯)

* * *

* જીવ વિશુદ્ધ સમ્યક્ત્વકો કલ્યાણકી પરંપરા સહિત પાતે હૈં. તાતૈ સમ્યગ્દર્શન રત્ન હૈ સો ઈસ સુર-અસુરનિકરિ ભર્યા લોક વિષે પૂજ્ય હૈ. ૧૬૭૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૩૩)

* * *

* જેમ જો કે જળ વિના કમળપત્ર ક્યાંય પ્રાપ્ત થતું નથી તો પણ તે કમળપત્ર જળથી લિપ્ત નથી, એજ પ્રમાણે નવતત્ત્વો વિના જીવની પ્રાપ્તિ થતી નથી તો પણ શુદ્ધજીવ નવતત્ત્વોમાં લિપ્ત નથી. પરંતુ શુદ્ધ - દૃષ્ટિથી જોતાં તે કમળપત્રની માફક ભિન્ન છે. સારાંશ આ છે કે - જેમ કમળપત્ર જળથી ભિન્ન છે તેમ જ પરસંયોગ-વિયોગપૂર્વક થવાવાળા વ્યવહારનયના વિષયભૂત જીવાદિ નવપદાર્થોથી શુદ્ધદૃષ્ટિની અપેક્ષાએ જીવ-તત્ત્વ ભિન્ન છે. ૧૬૭૯.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૫ નો ભાવાર્થ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ ( માટીનું ઢેફું ) અને કાંચન જેને સમાન છે, તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે. ૧૬૮૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૪૧ )

* * *

* એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે. જ્ઞાનવેદનામાં વેદ્યો જાય છે તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. ( તેને ) સ્વસંવેદન જ્ઞાની જ જાણે છે. સ્વરૂપથી પરિણામ બહાર ગયું હતું તે જ સંસાર, સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક અવસ્થામાં મોક્ષમાર્ગ તથા સિદ્ધ અવસ્થામાં મોક્ષરૂપ છે. ૧૬૮૧.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૧ )

* યહાં નિન્દિત દુર્જનસંગતિ પ્રાણીયોંકે જિસ દોષકો ( અહિતકો ) કરતી હૈ ઉસકો કરનેકે લિયે ભૂખસે પીડિત વ્યાઘ્ર સમર્થ હૈ, ન ક્રોધકો પ્રાપ્ત હુઆ આશીવિષ સર્પ સમર્થ હૈ, ન બલ વીર્ય એવં બુદ્ધિસે સમ્પન્ન શત્રુ સમર્થ હૈ, ન ઉન્મત્ત હાથી સમર્થ હૈ, ન રાજા સમર્થ હૈ ઔર ન ઉદ્ધત સિંહ ભી સમર્થ હૈ. ૧૬૮૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૨૭ )

* * *

* યહાં કોઈ પ્રશ્ન કરૈ કિ રૌદ્રધ્યાન પાંચવે ગુણસ્થાનમેં કહા સો સિદ્ધાંતમેં પાંચવે ગુણસ્થાનમેં લેશ્યા તો શુભ કહી હૈ ઔર નરક આયુકા બંધ ભી નહી હૈ સો પંચમ ગુણસ્થાનમેં રૌદ્રધ્યાન કૈસે હો? ઉત્તરઃ – યહ રૌદ્રધ્યાનકા વર્ણન પ્રધાનતાસે મિથ્યાત્વકી અપેક્ષા હૈ. પાંચવે ગુણસ્થાનમેં સમ્યક્ત્વકી સામર્થ્યસે ઐસે રૌદ્રપરિણામ નહિ હોતે. કુછ ગૃહકાર્યકે સંસ્કારસે કિંચિત્ લેશમાત્ર હોતા હૈ ઉસકી અપેક્ષા કહા હૈ સો યહ નરકગતિકા કારણ નહિ હૈં. ૧૬૮૩.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૬, શ્લોક-૩૬ )

* જો કોઈ અપને આત્માકે હિતકા કામ છોડકર, ચિત્તમેં મમતા-ભાવમેં લીન હોકર, દૂસરોંકે કાર્યોમેં હી રત હો જાતા હૈ વહ અપને આત્મહિતકો નાશ કર દેગા. ૧૬૮૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૫૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેવી રીતે, કોઇએ ધન પહેલાં કમાઇને ઘરમાં રાખ્યું હતું; પછી તેના પ્રત્યે મમત્મ છોડયું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો; તે વખતે, ભૂતકાળમાં જે ધન કમાયો તો નહિ કામાયા સમાન જ છે; તેવી રીતે, જીવે પહેલાં કર્મ બાંધ્યુ હતું; પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડયું અને તેના ફળમાં લીન ન થયો, ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. ૧૬૮૫.

( શ્રી સમયસાર, શ્લોક-૨૨૬નો ભાવાર્થ )

***

* શ્રુતિ (આગમજ્ઞાન), બુદ્ધિ, બલ, વીર્ય, પ્રેમ, સુંદરતા, આયુ, શરીર, કુટુંબીજન, પુત્ર, સ્ત્રી, ભાઈ ઔર પિતા અદિ સબ હી ચાલનીમેં સ્થિત પાનીકે સમાન સ્થિર નહીં હૈં- દેખતે દેખતે હી નષ્ટ હોનેવાલે હૈં, ઈસ બાતકો પ્રાણી દેખતા હૈ, તો ભી ખેદકી બાત હૈ કિ વહ મોહવશ આત્મકલ્યાણકો નહીં કરતા હૈ. ૧૬૮૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૮ )

***

* જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુગંધી વસ્તુઓ વડે સુધારતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારના ભોજનાદિ ભક્ષ્યો વડે પાલન કરતા હોવા છતાં પણ જલ ભરેલા કાચા ઘડાની માફક ક્ષણમાત્રમાં વિલય પામી જાય છે. ૧૬૮૭.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૯ )

***

* સંકલેશરહિત શાંતચિત્ત, મહાન પુરુષોંકા ઉત્તમ ધન હૈ જિસકે દ્વારા જરા મરણસે રહિત સ્થાન પ્રાપ્ત હોતા હૈ. ૧૬૮૮.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૬૯ )

* યતિને કોઈ બીજા પદાર્થની સાથે જે સંયોગ થાય છે તે એક પ્રકારની આપત્તિ છે, એ જ યતિને ધનવાનોની સાથે સંગમ થઇ જવો તે મોટી – ભારે આપત્તિ છે, એ જે પુરુષ લક્ષ્મીના મદરૂપી મદિરાથી મત્ત થઈ રહેલ છે તથા મદને લઇને જેનું મુખ ઊંચું રહે છે એવા રાજાઓની સાથે સંબંધ થઇ જવો તે સંબંધ મોક્ષાભિલાષીના ચિત્તમાં મરણથી પણ અધિક દુઃખદાયક છે. ૧૬૮૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ લોક વિષે જે સુખી છે, તે પરલોકમાં પણ સુખને જ પ્રાપ્ત થાય છે. તથા આ લોક વિષે જે દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખને જ પ્રાપ્ત થાય છે. સર્વ પરવસ્તુના ગ્રહણનો ત્યાગ એજ વાસ્તવિક સુખનું કારણ છે અને પરવસ્તુનું કિંચિત્ માત્ર પણ ગ્રહણ તે જ દુઃખ છે. ૧૬૯૦.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૮૭ )

* પ્રતિમાઓંકે ભેદોંસે પહલી દર્શનપ્રતિમા હૈ. જો શુદ્ધ આત્મા પર દૃઢ વિશ્વાસ રખનેવાલી હૈ, જિસકા પક્કા વિશ્વાસ મોક્ષમાર્ગ પર હૈ ઉસીકો દર્શનપ્રતિકા કહતે હૈ. ૧૬૯૧.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૦૫ )

* જે મૂઢ પુરુષ ઇન્દ્રિયોના વિષય – સેવનમાં સુખને શોધે છે તે ઠંડકને માટે અગ્નિમાં પ્રવેશ કરવા બરાબર છે તથા લાંબુ જીવવા માટે વિષ–પાન કરવા બરાબર છે. તેને આ વિપરીત બુદ્ધિને લઇને સુખને બદલે દુઃખ જ થશે. ૧૬૯૨.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, અનિત્યભાવના, ગાથા–૨૬ )

* * *

* ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દષ્ટિને જે નિઃશંક્તિ આદિ ચિન્હો છે તે સમસ્ત કર્મને હણે છે; માટે કર્મનો ઉદય વર્તતા છતાં, સમ્યગ્દષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી, પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું તેના ઉદયને ભોગવતાં તેને નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે. ૧૬૯૩.

( શ્રી અતુલચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ – ૧૬૧ )

* સંસાર – મોક્ષની કરવાવાળી પરિણિતિ છે. નિજપરિણતિ મોક્ષ છે, પરપરિણતિ સંસાર છે. પણ તે સત્સંગથી અનુભવી જીવના નિમિત્તથી નિજપરિણતિ સ્વરૂપના થાય, વિષમમોહ મટે, પરમાનંદને ભેટે, સ્વરૂપ પામવાનો રાહ સંતોએ સહેલો ( સરળ ) કર્યો છે. ૧૬૯૪.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૩૨ )

જો દેહાદિક પ્રત્યે પરમાણુ જેટલી પણ મૂર્છા વર્તતી હોય, તો તે ભલે સર્વ આગમધર હોય તો પણ સિદ્ધિ પામતો નથી. ૧૬૯૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૨૩૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ઉન્મત્ત પુરુષની માફક તથા વાયુથી તરંગિત સમુદ્રના તરંગોની માફક આ ભોગભિલાષા જીવોને કેવળ મિથ્યાત્વકર્મના વિપાકથી (વિપાકવશ થવાથી) વ્યર્થ જ સ્ફૂરે છે. ૧૬૯૬.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨ ગાથા-૫૫૩ )

* જ્યાં ઘણા સર્પો છે તેવા વનમાં જે પુરુષ મંત્ર રહિત વિદ્યા રહિત તથા ઔષધ રહિત છે, તે અત્યંત અપ્રમાદી અર્થાત્ સાવધાન થઇને રહે છે. તેવી રીતે ક્ષાયિક સમ્યક્ત્વ કેવલજ્ઞાન તથા યથાખ્યાત-ચારિત્રરૂપ જે મંત્ર-વિદ્યા-ઔષધ રહિત સાધુ પણ રાગાદિક સર્પ વડે વ્યાપ્ત જે વિષયરૂપ વન, તેમાં પ્રમાદી થઇને વસતાં નથી, સાવધાન જ રહે છે. ૧૬૯૭.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૧૬૯ )

* ઇસ સંસારમેં ચોરાશી લાખ યોનિ ઉનકે નિવાસમેં ઐસા કોઈ પ્રદેશ નહીં હૈ જિસમેં ઇસ જીવને દ્રવ્યલિંગી મુનિ હોકર ભી ભાવરહિત હોતા હુઆ ભ્રમણ ન કિયા હો. ૧૬૯૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૪૭ )

* અજ્ઞાની - બહિરાત્મા જેમાં શરીર-પુત્ર-મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં વિશ્વાસ કરે છે તેનાથી - શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી અને જેનાથી - પરમાત્મસ્વરૂપના અનુભવથી તે ડરે છે તેનાથી બીજું કાંઇ આત્માને નિર્ભયતાનું સ્થાન નથી. ૧૬૯૯.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાતિંત્ર, ગાથા-૨૯ )

* જે જીવ આપદાથી મૂર્છિત થયેલો છે તે તો પાણીની એક અંજલિ છાંટવાથી પણ જીવંત થઈ જાય છે; પણ જે ગતજીવ છે - મૃત્યુ પામ્યો છે તેને તો હજારો ઘડા પાણી રેડવાથી પણ શું? (-તેમ જે જીવમાં પાત્રતા છે તે તો થોડાક ઉપદેશ વડે પણ જાગૃત થઇ જાય છે, પણ જે જીવ પાત્ર નથી તેને તો હજારો શાસ્ત્રોનો ઉપદેશ પણ નિષ્ફળ છે.) ૧૭૦૦.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૨૨૨ )

* જે પુરુષ કામરૂપી અગ્નિથી પીડિત થઇને, મૈથુન વડે તે પીડાને શાંત કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ ઘી વડે અગ્નિને શાંત કરવા માગે છે. ૧૭૦૧.

( શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૩, ગાથા-૧ )

* ( ભાવ-સપ્તવ્યસનનું સ્વરૂપ ) અશુભકર્મના ઉદયમાં હાર અને શુભ- કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ - જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ-માંસ-ભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્ચ્છિત થઈ સ્વરૂપ ભૂલી જવું એ ભાવ - મધપાન છે, કબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ-વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણીનો ઘાત કરવો એ ભાવ-શિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ-પરસ્ત્રીસંગ છે, અનુરાગ પૂર્વક પરપદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ-ચોરી છે. આ જ સાતે ભાવ-વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી. ૧૭૦૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ - ૨૯ )

* મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેનાથી ધતૂરાથી ઊપજેલ મોહ સારો છે. દર્શન-મોહ અનંતાનંત જન્મ-મરણ વધારે છે, ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંતભવ પર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ - મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. ૧૭૦૩.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૭૩૧ )

***

* ઈસ દેહકા ઉવટના કરો, તૈલાદિકકા મર્દન કરો, શૃંગાર આદિ સે અનેક પ્રકાર સજાઓ, અચ્છે અચ્છે મિષ્ટ આહાર દેઓ, લેકિન યે સબ યત્ન વ્યર્થ હૈં, જૈસે દુર્જનોંકા ઉપકાર કરના વૃથા હૈ, ૧૭૦૪.

( શ્રી યોગેન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨ ગાથા-૧૪૮ )

* બુદ્ધિમાનકો ઉચિત હૈ કિ અનંતજ્ઞાનાદિ ચતુષ્ટસ્વરૂપકો પહચાને, આત્મજ્ઞાનરૂપી અંકુરકો પાકર ઉસકે મિલનેમેં બડા હી હર્ષ માને. યદિ શરીરકે સ્વભાવમેં લીન હો ઔર જ્ઞાનમેં વિઘ્ન ડાલે તો વહ અંતરાયકર્મ બાંધે, જો દુઃખોંકા બીજ હૈ. ૧૭૦૫

( શ્રી તારણસ્વામી ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૮૩ )

* મિથ્યાદષ્ટિ જીવ તરવાર, વિજળી, ભયંકર દાવાનળ, વાઘ, ગ્રહ તથા કાળા સર્પ સમાન છે. તે દુર્ગતિમાર્ગને જ ભલો સમજે છે. હે સાધુ! તેને સ્થાન-નિવાસ આપીશ નહિ. મિથ્યાદષ્ટિ જીવ તરવાર વિગેરેની જેમ આત્માનો નાશ કરે છે. ૧૭૦૬

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પંચાચાર અધિકાર, ગાથા-૨૫૦ )

* હે ભવ્ય! તું પરમ શ્રદ્ધાપૂર્વક દર્શનજ્ઞાનચારિત્ર સ્વરૂપ (આત્માના) શરણને સેવન કર; આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોને અન્ય કોઇ પણ શરણ નથી. ૧૭૦૭.

(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૦)

***

* હે પ્રાણી! તું નિરર્થક પ્રમાદ દશાને પ્રાપ્ત ન થા! અનન્ય સુખના હેતુભૂત સમભાવને પ્રાપ્ત થા! તને એ ધનાદિથી શું પ્રયોજન છે? એ ધનાદિ અશારૂપ અગ્નિને પ્રજ્વલિત કરવામાં ઇંધનની ગરજ સારે છે. નિરંતર પાપ કર્મ ઉત્પન્ન કરાવવાવાળા આ સંબંધીજનોથી પણ તને શા માટે મમત્વ રહ્યાં કરે છે? મહા મોહરૂપ સર્પના બિલ સમાન તારો આ દેહ, તેથી પણ તને શું પ્રયોજન છે? નિરર્થક પ્રમાદી થઇ રાગાદિ મહા દુઃખરૂપ ભાવોને ન ધરતાં સુખના અર્થે કેવલ એક સમભાવને જ પ્રાપ્ત થા. ૧૭૦૮.

(શ્રી ગુણભદ્રાચાર્ય આત્માનુશાસન, શ્લોક-૬૧)

* સ્થિતિકરણ અંગની જેમ વાત્સલ્ય અંગ પણ સ્વ અને પરના ભેદથી બે પ્રકારનું છે. પરિષહ- ઉપસર્ગાદિ દ્વારા પીડિત થવાં છતાંપણ કોઈ શુભ આચરણમાં, જ્ઞાન અને ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી તે સ્વાત્મસંબંધી વાત્સલ્ય છે ને સંયમીઓ ઉપર ઘોર પરિષહ ઉપસર્ગાદિક આવી પડતાં તેમની બાધા દૂર કરવાનો ભાવ થવો તે પરવાત્સલ્ય છે. ૧૭૦૯.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૭ ના ભાવાર્થમાંથી)

***

* સમ્યગ્દષ્ટિના પરિણામ ઘણાં જ લૂખા છે, તેથી ભોગ એવો લાગે છે જો કોઇ રોગનો ઉપસર્ગ થતો હોય; તેથી કર્મનો બંધ નથી, એમ જ છે. જે કોઇ મિથ્યાદષ્ટિ જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે તેઓ પરિણામોથી ચીકણા છે, મિથ્યાત્વભાવના એવા જ પરિણામ છે. ૧૭૧૦.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, – ૧૩૭)

* જેવી રીતે કર્મ આત્માનું સ્વરૂપ નથી તેવી જ રીતે તેના કાર્યભૂત વિકલ્પોનો સમૂહ પણ આત્માનું સ્વરૂપ નથી. તેથી તેમનામાં આત્મબુદ્ધિ અર્થાત્ મમત્વબુદ્ધિથી રહિત થયેલ મુમુક્ષુ જીવ સુખી થાય છે. ૧૭૧૧.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્ શ્લોક-૨૯)

* સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્‌ગલો આત્માને કાંઈ કહેતા નથી કે ‘તું અમને જાણ’, અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી બંને તદ્દન સ્વતંત્ર પણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પણ પ્રત્યે ઉદાસીન (–સંબંધ વિનાનો, તટસ્થ) છે, તો પર અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં–નરસાં માનીને રાગીદ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે. ૧૭૧૨.

(શ્રી સમયસાર, ગાથા–૩૭૩–૩૮૨ નો ઉપોદ્‌ઘાત)

* જો મનુષ્ય અન્નકો ખાતે હૈં ઉનકે સ્થાવર જીવોંકી હિંસાસે પાપ હોતા હૈ, કિન્તુ જો માંસકો ખાતે હૈં ઉનકે ત્રસજીવોંકી હિંસાસે પાપ હોતા હૈ. ઈસ પ્રકારસે યદ્યપિ પાપકે ભાગી વે દોનોં હી પ્રાણી હોતે હૈં, ફિર ભી બુદ્ધિમાન મનુષ્યકો ઉનકે પાપમેં પરમાણુ ઔર મેરૂ પર્વતકે સમાન અંતર સમજના ચાહિયે. ૧૭૧૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ ગાથા–૫૩૦)

* બુદ્ધિમાન પુરુષ સંતોષરૂપી સારરૂપ સચ્ચે રત્નકો હૃદયમેં ધારણ કરકે નિત્ય મોક્ષકે સચ્ચે માર્ગ પર ચલતે હુએ સુખી રહતે હૈ. ૧૭૧૪.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૪૧)

* સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મનિમિત્તક ઇષ્ટ–અનિષ્ટ ભાવોમાં જીવ રાગી – દ્વેષી – મોહી થઈ પરિણમે તો બંધ થાય છે. આથી એ વાત સિદ્ધ થઇ કે જ્ઞાન, ઉદય – પ્રાપ્ત પૌદ્‌ગલિક કર્મો કે કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધના કારણ કેવળ રાગ–દ્વેષ–મોહ ભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવા યોગ્ય છે. ૧૭૧૫.

(શ્રી પ્રવચનસાર, ગાથા–૪૩નો ભાવાર્થ)

* હે જીવ! તૂને ઇસ લોકકે ઉદરમેં વર્તતે જોં પુદ્‌ગલ સ્કંધ, ઉન સબકો ગ્રસે અર્થાત્ ભક્ષણ કિયે ઔર ઉનહીકો પુનરુક્ત અર્થાત્ બાર – બાર ભોગતા હુઆ ભી તૃપ્તિકો પ્રાપ્ત ન હુઆ. ૧૭૧૬.

(શ્રી કુંદકુદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૨૨)

* સમ્પપૂર્ણ નોકર્મ ને કર્મરૂપ અનાત્મીય પરપદાર્થોમાં પણ ‘આ હું આત્મા છું’ તે પ્રકારની જે બુદ્ધિ થાય છે તે સર્વ દષ્ટિમોહની જ ચેષ્ટા છે – કરામત છે. ૧૭૧૭.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૦૪૭)

* જ્ઞાની જીવ ચક્રવર્તી સમાન છે કારણ કે ચક્રવર્તી છ ખંડ પૃથ્વી જીતે છે, જ્ઞાની છ દ્રવ્યોને સાધે છે, ચક્રવર્તી શત્રુઓનો નાશ કરે છે. જ્ઞાની જીવ વિભાવ પરિણતિનો વિનાશ કરે છે, ચક્રવર્તીને નવનિધિ હોય છે, જ્ઞાની નવભક્તિ ધારણ કરે છે, ચક્રવર્તીને ચૌદ રત્ન હોય છે, જ્ઞાનીઓને સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્રના ભેદરૂપ ચૌદ રત્ન હોય છે, ચક્રવતીની પટરાણી દિગ્વિજય માટે જવાને સમયે ચપટીથી વજરત્નોનો ભૂકો કરીને ચોક પૂરે છે, જ્ઞાની જીવોની સુબુદ્ધિરૂપ પટરાણી મોક્ષમાં જવાના શુકન કરવા માટે મહામોહરૂપ વજ્રનું ચૂર્ણ કરે છે, ચક્રવર્તીને હાથી, ઘોડા રથ, પાયદળ, એવી ચતુરંગિણી સેના હોય છે, જ્ઞાની જીવોને પ્રત્યક્ષ, પરોક્ષ, નય, પ્રમાણ અને નિક્ષેપ હોય છે. વિશેષ એ છે કે ચક્રવર્તીને શરીર હોય છે પણ જ્ઞાની જીવ દેહથી વિરકત હોવાના કારણે શરીરરહિત હોય છે. આમ જ્ઞાની જીવોનું પરાક્રમ ચક્રવર્તી સમાન છે. ૧૭૧૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ, દ્વાર, ૫૬-૭ )

***

* સ્વસંવેદન સ્થિરતાથી ઉપજેલો રસાસ્વાદ સ્વાનુભવ તે અનંત સુખનું મૂળ છે. એ અનુભવ ધારાપ્રવાહરૂપ જાગતાં દુઃખદાવાનલ રંચ પણ રહેતો નથી. સ્વાનુભવ ભવવાસઘાટા નાશ કરવાને પરમ પ્રચંડ પવન મુનિજન કહે છે. અનુભવસુધાનું પાન કરી અનેક ભવ્ય અમર થયાં. પરમ પૂજ્યપદને અનુભવ જ કરે છે. એ વિના સર્વ વેદ પુરાણ નિરર્થક છે, સ્મૃતિ વિસ્મૃતિ છે, શાસ્ત્રાર્થ વ્યર્થ છે તથા પૂજા મોહભજન છે. અનુભવ વિના નિર્વિઘ્નકાર્ય વિઘ્ન છે, પરમેશ્વરકથા તે પણ જૂઠી છે, તપ પણ જૂઠ છે તથા તીર્થસેવન પણ જૂઠ છે. તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે. અનુભવ વિના ગામમાં ગાય-શ્વાન અને વનમાં હિરણાદિની માફક અજ્ઞાન તપસી છે. અનુભવપ્રસાદથી માણસ ગમે ત્યાં રહો - સદા પૂજ્ય છે. ૧૭૧૯.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૬૪ )

***

* જે ગતિ અરિહંત પરમાત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ કૃતકૃત્ય આત્માઓને પ્રાપ્ત થાય છે, જે ગતિ ક્ષીણકષાય મુનિઓને મળે છે તે ગતિની મને સદાને માટે પ્રાપ્તિ હો. ૧૭૨૦.

( શ્રી કુંદાકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૫૩ )

* દાવાનલસે દગ્ધ હુઆ વન તો કિસી કાલમેં હરિત ( હરા ) હો ભી જાતા હૈ, પરંતુ જિહ્વારૂપી અગ્નિસે ( કઠોર મર્મછેદી વચનોંસે ) પીડિત હુઆ લોક બહુતકાલ બીત જાને પર ભી હરિત ( પ્રસન્મુખ ) નહિ હોતા. ભાવાર્થ–દુર્વચનકા દાગ મિટના કઠિન હૈ. ૧૭૨૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯ શ્લોક–૨૧ )

* આ શરીરનો સંબંધ જ સંસાર છે, તેનાથી વિષયમાં પ્રવૃત્તિ થાય છે, જેથી પ્રાણીને દુઃખ થાય છે. બરાબર છે – લોઢાનો આશ્રય લેનાર અગ્નિને કઠોર ઘણના ઘા સહન કરવા પડે છે. તેથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ આ શરીર એવી મહાન યુક્તિથી છોડવું જોઇએ કે જેથી સંસારના કારણભૂત તે શરીરનો સંબંધ આત્મા સાથે ફરીથી ન થઇ શકે ૧૭૨૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શરીરાષ્ટક, શ્લોક–૭ )

* શરીર સંબંધી નાના પ્રકાર સંકલ્પ હોતે હૈં, શરીરકી દૃષ્ટિ હી વ શરીરકી અહંબુદ્ધિરૂપી શ્રદ્ધા હી અનિષ્ટ કરનેવાલી હૈ, જિસસે જ્ઞાનસ્વભાવી આત્માકા દર્શન નહીં હોતા હૈ. ઇસસે જ્ઞાનાવરણકર્મકા પ્રચુર બંધ હોતા હૈ, તબ દુઃખકી સન્તાન પડ જાતી હૈ. ૧૭૨૩.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ–શુદ્ધસાર, શ્લોક–૧૪૫ )

* * *

* લોહેકી સંગતિસે લોકપ્રસિદ્ધ દેવતા–અગ્નિ દુઃખ ભોગતી હૈ, યદિ લોહેકા સંબંધ ન કરે, તો ઇતને દુઃખ ક્યોં ભોગે ? અર્થાત્ જૈસે અગ્નિ લોહપિંડકે સંબંધસે દુઃખ ભોગતી હૈ, ઉસી તરહ લોહ અર્થાત્ લોભકે કારણસે પરમાત્મતત્ત્વકી ભાવનાસે રહિત મિથ્યાદૃષ્ટિ જીવ ઘનઘાતકે સમાન નરકાદિ દુઃખોંકો બહુત કાલ તક ભોગતા હૈ. ૧૭૨૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ–૨, ગાથા–૧૧૪ )

* જબતક જીવકો એક પરમ શુદ્ધ પવિત્ર ભાવકા જ્ઞાન નહીં હોતા, તબતક વ્રત, તપ, સંયમ ઔર શીલ યે સબ કુછ ભી કાર્યકારી નહીં હોતે. ૧૭૨૫.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૩૧ )

* જિસ કારણસે પૂર્વ સંચિત કર્મોકા ક્ષય હો જાવે વ નવીન કર્મો કા સંચય ન હો વહ હી કામ મોક્ષસુખકે અભિલાષી આત્મજ્ઞાનીકો કરના યોગ્ય હૈ. ૧૭૨૬.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૪૦ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શુદ્ધ દ્રવ્યનું (આત્મા આદિ દ્રવ્યનું) નિજરસરૂપે (અર્થાત્ જ્ઞાન આદિ સ્વભાવે) પરિણમન થતું હોવાથી, બાકીનું કોઇ અન્યદ્રવ્ય શું તે (જ્ઞાનાદિ) સ્વભાવનું થઈ શકે? (ન જ થઇ શકે.) અથવા શું તે (જ્ઞાનાદિ સ્વભાવ) કોઇ અન્યદ્રવ્યનો થઇ શકે? (ન જ થઇ શકે. પરમાર્થે એક દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી.) ચાંદનીનું રૂપ પૃથ્વીને ઉજ્જવળ કરે છે તોપણ પૃથ્વી ચાંદનીની થતી જ નથી. તેવી રીતે જ્ઞાન જ્ઞેયને સદા જાણે છે તોપણ જ્ઞેય જ્ઞાનનું થતું જ નથી. ૧૭૨૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ – ૨૧૬)

***

* અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતાં આ વિગ્રહને હવે છોડીને, વિશુદ્ધ-પૂર્ણ – સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે, મારું આ નિજ અંતર મારામાં – ચૈતન્યમાત્ર ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે – તેમાં આશ્ચર્ય નથી. કારણ કે અમૃત ભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે? ૧૭૨૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૩૦)

* પતિભક્તિ રહિત સ્ત્રી, સ્વામીભક્તિ રહિત નોકર, શાસ્ત્રભક્તિ રહિત યતિ તથા ગુરુભક્તિ રહિત શિષ્ય નિયમથી દુર્ગતિના પાત્ર છે. ૧૭૨૯.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૮૧)

***

* હે ભગવાન! આપ વીતરાગ છો તેથી આપને પૂજાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા આપ વેરભાવથી (દ્વેષબુદ્ધિથી) પણ રહિત છો તેથી નિન્દાનું પણ આપને કાંઈ પ્રયોજન રહ્યું નથી છતાં પણ પૂજા આદિ દ્વારા થતું આપના પવિત્ર ગુણનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપ કાલિમાથી બચાવે છે. ૧૭૩૦.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક-૫૭)

***

* જેમ અગ્નિ ઇંધન વડે તૃપ્ત થતી નથી, સમુદ્ર હજારો નદી વડે તૃપ્ત થતો નથી તેમ સંસારી જીવ ત્રણલોકનો લાભ પ્રાપ્ત થાય તોપણ તૃપ્તિ પામતો નથી. ૧૭૩૧.

(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૧૪૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હું અનાદિકાળથી આત્મસ્વરૂપથી ચ્યુત થઇને ઇન્દ્રિયો દ્વારા વિષયોંમાં પતિત થયો, તેથી તે વિષયોને પ્રાપ્ત કરી વાસ્તવમાં મને પોતાને હું તે જ છું– આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ. ૧૭૩૨.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૧૬ )

* પુણ્યોદય સહિત પુરુષને પણ ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ થતો જોવામાં આવે છે; જુઓ અભિમાન સહિત ભરત ચક્રવર્તી પણ પોતાના નાના ભાઈ બાહુબલીથી હાર પામ્યા ! ૧૭૩૩.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૪૯ )

* અભવ્યજીવ ભલે પ્રકાર જિનધર્મકો સુનકર ભી અપની પ્રકૃતિકો નહીં છોડતા હૈ. દૃષ્ટાંત હૈ કિ સર્પ ગુડસહિત દૂધકો પીતે રહને પર ભી વિષ રહિત નહીં હોતા હૈ. ૧૭૩૪.

( શ્રી કુંદાકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૧૩૮ )

***

* જિસ શાસ્ત્રકી સહાયતાસે પ્રાણી કાર્ય– અકાર્યકા નિશ્ચય કરતા હૈ, કામ ઔર ક્રોધકો નષ્ટ કરતા હૈ, ધર્મકે વિષયમેં દૃઢ શ્રદ્ધાનકો ઉત્પન્ન કરતા હૈ, પાપબુદ્ધિકો દૂર કરતા હૈ, ઇન્દ્રિય વિષયોંસે ( ભોગોંસે ) વિરકત હોતા હૈ, કર્મરૂપ ધૂલિકો નષ્ટ કરતા હૈ, ઔર ચિત્તકો પવિત્ર કરતા હૈ, વિદ્વાન મનુષ્યકો યહાં વ્રતીજનોંકે લિયે ઉસ શાસ્ત્રકા દાન કરના ચાહિયે–જ્ઞાનદાન દેના ચાહિયે. ૧૭૩૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪૭૭ )

***

* જે અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્ય જનિત છે, અંધારિયા કૂવા સમાન છે, કોઇથી ખસેડી શકાતો નથી એવો મિથ્યાત્વ–ભાવ જીવને અનાદિકાળથી લાગી રહ્યો છે અને એ જ કારણે જીવ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરીને અનેક અવસ્થાઓ ધારણ કરે છે. જો કોઇ જીવ કોઈ વખતે મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે અને પરદ્રવ્યમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણામ કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને બંધના કારણોને દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસારને જીતી લે છે અર્થાત્ મુક્ત થઈ જાય છે. ૧૭૩૬.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, કર્તા–કર્મ–ક્રિયાદ્વાર, પદ–૧૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* "આ દેહ મારો છે અને હું આ દેહનો છું" આવી દઢ શ્રદ્ધા પૂર્વક દેહની સાથે જીવને પ્રીતિ છે અર્થાત્ દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂપે એટલે સ્વામીપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધી તપના પરમ ફળરૂપ મોક્ષની આશા રાખવી વ્યર્થ છે. દેહ પ્રત્યેની એકત્વભાવના મોક્ષમાર્ગના પ્રવાસીને એક મહાન ઇતિ (-ઉપદ્રવ) સમાન વિઘ્નરૂપ છે. ૧૭૩૭.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૪૨)

* અર્હંતાદિકમાં ઉત્કૃષ્ટ, ભક્તિ, સર્વ પ્રાણીઓમાં કરુણાભાવ અને પવિત્ર ચારિત્રના અનુષ્ઠાનમાં રાગ (આ બધું) પુણ્યબંધનું કારણ છે. ૧૭૩૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, પ્રાભૃત, બંધાધિકાર, ગાથા-૩૭)

* જો કે અત્યારે આ સંહનન (હાડકાનું બંધન) પરિષહો (ક્ષુધા, તૃષા આદી) સહન કરી શકતું નથી અને દુઃષમાં નામના પાંચમા કાળે તીવ્ર તપ પણ સંભવિત નથી તો પણ એ કોઈ ખેદની વાત નથી કેમ કે એ અશુભ કર્મોની પીડા છે. અંદર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં મનને સુરક્ષિત કરનાર મને તે કર્મકૃત પીડાથી કંઇ હાનિ નથી. ૧૭૩૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૬)

***

* જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું.' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થ સત્ય ભગવાન સમયસારને દેખતા- અનુભવતા નથી. ૧૭૪૦.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા-ગાથા-૪૧૩)

* નટ સ્વાંગ ધરી નાચે છે, જો સ્વાંગ ન ધારે તો એ પરરૂપ નાચવું મટે. મમત્વથી પરરૂપ થઈ થઈ આ જીવ ચોરાશીના સ્વાંગ ધરી નાચે છે. મમત્વને મટાડી સહજપદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય, ચંચળતા મટતાં ચિદાનંદનો ઉદ્ધાર થાય છે, જ્ઞાનદષ્ટિ ખૂલે છે, જરાક સ્વરૂપમાં સુસ્થિરતા થતાં ગતિભ્રમણ મટે છે, માટે જે સ્વરૂપમાં સદા સ્થિર રહે તેને ધન્ય છે. ૧૭૪૧.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શંકાઃ– મોક્ષને માટે ધ્યાન કરવામાં આવે અને આ કાળે મોક્ષ તો નથી, તો ધ્યાન કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– એમ નથી, કેમ આ કાળે પણ પરંપરાએ મોક્ષ છે.

પ્રશ્નઃ– પરંપરાએ મોક્ષ કેવી રીતે છે?

ઉત્તરઃ– ધ્યાન કરનાર સ્વશુદ્ધાત્માની ભાવનાના બળથી સંસારની સ્થિતિ અલ્પ કરીને સ્વર્ગમાં જાય છે. ત્યાંથી આવીને મનુષ્યભવમાં રત્નત્રયની ભાવના પ્રાપ્ત કરીને શીઘ્ર મોક્ષ જાય છે. જે ભરત, સગર, રામચંદ્રજી, પાંડવો વગેરે મોક્ષે ગયા છે તેઓ પણ પૂર્વભવમાં ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી સંસારની સ્થિતિ ઘટાડીને પછી મોક્ષે ગયા છે. તે જ ભવે બધાને મોક્ષ થાય છે એવો નિયમ નથી. ૧૭૪૨.

( શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૫૭ ની ટીકામાંથી )

***

* વેરી હોય તે પણ ઉપકાર કરવાથી મિત્ર બને છે, તેથી જેને દાન સન્માન આદિ આપવામાં આવે તે શત્રુ પણ પોતાનો અત્યંત પ્રિય મિત્ર બની જાય છે. વળી પુત્ર પણ ઇચ્છિત ભોગ રોકવાથી તથા અપમાન તિરસ્કાર આદિ કરવાથી ક્ષણમાત્રમાં પોતાનો શત્રુ થઈ જાય છે. માટે સંસારમાં કોઇ કોઈનું મિત્ર નથી અને શત્રુ નથી. કાર્ય મુજબ શત્રુપણું અને મિત્રપણું પ્રગટ થાય છે. સ્વજનપણું, પરજનપણું, શત્રુપણું, મિત્રપણું પ્રગટ થાય છે. સ્વજનપણું, પરજનપણું, શત્રુપણું અને મિત્રપણુ જીવને સ્વભાવથી કોઈની સાથે નથી. ઉપકાર–અપકારની અપેક્ષાએ મિત્રપણું – શત્રુપણું જાણવું. વસ્તુતઃ કોઇ કોઇનું શુત્ર– મિત્ર નથી. માટે કોઈની પ્રત્યે રાગ–દ્વેષ કરવો ઉચિત નથી. ૧૭૪૩.

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૭૬૧–૬૨ )

* જેવી રીતે હંસના મુખનો સ્પર્શ થવાથી દૂધ અને પાણી જુદાં જુદાં થઇ જાય છે, તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જીવોની સુદષ્ટિમાં સ્વભાવથી જ જીવ, કર્મ અને શરીર ભિન્ન ભિન્ન ભાસે છે. જ્યારે શુદ્ધ ચૈતન્યના અનુભવનો અભ્યાસ થાય ત્યારે પોતાનું અચળ આત્મદ્રવ્ય પ્રતિભાસિત થાય છે, તેનો કોઈ બીજા સાથે મેળ દેખાતો નથી. હા, પૂર્વે બાંધેલા કર્મો ઉદયમાં આવેલા દેખાય છે પણ અહંબુદ્ધિના અભાવમાં તેમનો કર્તા નથી થતો, માત્ર જોનાર રહે છે. ૧૭૪૪.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, કર્તા–કર્મક્રિયાદ્વાર, પદ–૧૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* લોકમેં જો કુછ ભી ચેતન વ અચેતન પ્રશસ્ત વસ્તુએ દિખતી હૈ ઉન સબકો હી સમ્યગ્દ્રષ્ટિ જીવ નિર્મલ સમ્યગ્દર્શનરૂપ રત્નકે પ્રભાવસે પ્રાપ્ત કર લેતા હૈ. ૧૭૪૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૮૩૨ )

* દૂધ અને પાણીની માફક અભેદવત્ મળેલા એવા જીવ અને શરીરમાં જ જ્યારે પ્રત્યક્ષ ભેદ છે તો પછી સ્પષ્ટ પરરૂપ જણાતાં સ્ત્રી, પુત્ર, ધનાદિ, ચેતન–અચેતન બાહ્ય પદાર્થોની ભિન્નતાનું તો કહેવું જ શું? એ તો પ્રગટ ભિન્ન છે એમ સમ્યક્પણે વિચારી આ જગતના સર્વ ચેતન–અચેતન પર પદાર્થો પ્રત્યેનો સ્નેહ વિવેકી પુરુષો છોડે છે. ૧૭૪૬.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૫૩ )

* જેના – શુદ્ધાત્મસ્વરૂપના – અભાવે હું સૂતો પડી રહ્યો હતો – અજ્ઞાન અવસ્થામાં હતો, વળી જેના– શુદ્ધાત્મસ્વરૂપના – સદ્ભાવમાં હું જાગી ગયો– યથાવત્ વસ્તુસ્વરૂપને જાણવા લાગ્યો, તે શુદ્ધાત્મસ્વરૂપ ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય, વચનોથી અગોચર ( વચનોથી નહિ કહી શકાય તેવું ) અને સ્વાનુભવગમ્ય છે; તે હું છું. ૧૭૪૭.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૨૪ )

* જિન પુરુષોંને મુક્તિકો કરનેવાલે સમ્યક્ત્વકો સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતીચાર નહીં લગાયા ઉન પુરુષોંકો ધન્ય હૈં, વે હી મનુષ્ય હૈં, વે હી ભલે કૃતાર્થ હૈં, વે હી શૂરવીર હૈં, વે હી પંડિત હૈં. ૧૭૪૮.

( શ્રી કુંદકુંદાચાર્ય મોક્ષપાહુડ, ગાથા–૮૯ )

* આત્મા અને દેહ જુદા છે એવા ભેદજ્ઞાનથી ઉત્પન્ન થતાં આનંદથી જે પરિપૂર્ણ છે તે જ્ઞાની (બાર પ્રકારના) તપ વડે, પૂર્વના ભયાનક પાપકર્મના ફળરૂપ દુઃખને વેદતાં છતાં ખેદ પામતા નથી. ૧૭૪૯.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૧૪, ગાથા–૩૮ )

* દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઇ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે એમ ઉત્તમ બુદ્ધિ દ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો. ૧૭૫૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક–૯ )

* શરીરકી અનુમોદના ઐસી કહી ગઈ હૈ જિસસે પર પર્યાયકો આત્મા કહા જાતા હૈ, પરકી વૃદ્ધિકો આત્માકી વૃદ્ધિ કહી જાતી હૈ, યહ મિથ્યાજ્ઞાન નરકકે દુઃખોંકા બીજ હૈ. ૧૭૫૧.

( શ્રી તારણસમી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૧૪૪ )

* સર્વ સંત મુનિજન પંચપરમગુરુસ્વરૂપ અનુભવને કરે છે, માટે મહાન જનો જે પંથને પકડી પાર થયા એ જ અવિનાશી પુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂળ છે. ૧૭૫૨.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૯૧ )

* સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઔર સમ્યક્તપ યે ચાર આરાધના હૈં, યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં, યે ચારોં આત્માહીકી અવસ્થા હૈ, ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ મેરે આત્માહીકા શરણ હૈં. ૧૭૫૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૫ )

* * *

* જુઓ! ભીલ અથવા વ્યઘ્રાદિના ભયથી ભાગતી ચમરી ગાયની પૂંછ દૈવયોગથી કોઇ વાડ-વેલાદિમાં ગૂંચાઈ જાય છે ત્યારે તે મૂઢ ગાય પોતાની પૂંછના અતયંત રાગે ત્યાં જ ઊભી રહે છે. ત્યાં તેની પાછળ પડેલો વનચર શિકારી તેને પ્રાણ રહિત કરે છે. તેમ જગતમાં ઈન્દ્રિય વિષયાદિના તૃષાતુર જીવોને બહુધા એ જ રીતે વિપત્તિઓ પ્રાપ્ત થાય છે. ૧૭૫૪.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨૩ )

* ક્રોધમેં ક્રોધકો પટકકર ઔર માનમેં માન કષાય ડાલકર, પરિગ્રહમેં પરિગ્રહકો છોડકર, અપને આત્માકે આધિન જો અતીન્દ્રિય સુખ હૈ ઉસકા લાભ પ્રાપ્ત કર. ૧૭૫૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૯૧ )

* વ્યાઘ્ર દુષ્ટ હાથી ઔર સર્પોકે સંયોગસે ભયકો ઉત્પન્ન કરનેવાલે વનમેં રહના અચ્છા હૈ, પ્રલયકાલીન વાયુસે ઉઠતી હુઈ ભયાનક તરંગોંસે વ્યાપ્ત સમુદ્રમેં ડૂબ જાના અચ્છા હૈ, ઔર સમસ્ત સંસારકો જલાનેવાલી જ્વાલાયુક્ત અગ્નિકી શરણમેં જાના ભી કહીં અચ્છા હૈ પરંતુ તીનોં લોકકે બીચમેં રહનેવાલે સમસ્ત દોષોંકે જનક દુર્જનોંકે મધ્યમેં રહના અચ્છા નહીં હૈ. ૧૭૫૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૨૮ )

* જિસ કિસી જીવકો કામરૂપી નાગ ડસ લેતા હૈ ઉસકો તીવ્ર પીડા હોતી હૈ જિસ તીવ્ર વેદનાસે મૂર્છિત હોતા હુઆ યહ પ્રાણી ઇસ સંસારમેં એક ગતિસે દૂસરી ગતિમેં ચક્કર લગાયા કરતા હૈ. ૧૭૫૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૫ )

* આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક અવસ્થાયી છે. (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ ). ( ૧૮. )

આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે ( અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલાં રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ. ) ( ૧૯ ). ૧૭૫૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ૪૭ નયમાંથી )

* હે જીવ ! તૂ સબ પ્રાણિયોંમેં મિત્રતાકા ભાવ રખ. કિસીકો શત્રુ ન સમજ, ઉકત સબ પ્રાણિયોંમેં ભી જો વિશેષ ગુણવાન હૈ ઉનકો દેખકર હર્ષકો ધારણ કર, દુઃખીજનકે પ્રતિ દયાકા વ્યવહાર કર, જિનકા સ્વભાવ વિપરીત હૈ ઉનકે વિષયમેં મધ્યસ્થતાકા ભાવ ધારણ કર, જિનવાણીકે સુનને ઔર તદનુસાર પ્રવૃત્તિ કરનેમેં અનુરાગ કર, ક્રોધરૂપ સુભટકો પરાજિત કર, ઇન્દ્રિય વિષયોંસે વિરકત હો, મૃત્યુ એવમ્ જન્મસે ઉત્પન્ન હોનેવાલે અતિશય દુઃખસે ભયભીત હો ઔર સમસ્ત કર્મમલસે રહિત મોક્ષસુખકી અભિલાષા કર. ૧૭૫૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક-૪૨૧ )

* જો પાપનો ( મિથ્યાત્વનો ) નિરોધ હોય તો અન્ય વિભૂતિનું શું પ્રયોજન ? અને જો પાપનો આસ્રવ હોય તોપણ અન્ય વિભૂતિથી શું પ્રયોજન ? ૧૭૬૦.

( શ્રી સમંતભદ્રસ્વામી, રતનકરંડશ્રાવકાચાર, શ્લોક-૨૭ )

* કર્મોદય વશથી, વેરી હોય તે તો મિત્ર થઇ જાય છે તથા મિત્ર હોય તે વેરી થઇ જાય છે, એવો જ સંસારનો સ્વભાવ છે. ૧૭૬૧.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૫૭ )

* પૂર્વકાલમેં ભયે ગણધરાદિ સત્પુરુષ ઐસે દિખાવે હૈં જો જિસ મૃત્યુતૈં ભલે પ્રકાર દિયા હુઆકા ફલ પાઇયે અર સ્વર્ગ લોકકા સુધ ભૌગિયે તાતૈં સત્પુરુષકે મૃત્યુકા ભય કાહેતૈં હોય ? ૧૭૬૨.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જ્યાં સુધી શરીર વચન અને મન એ ત્રણને જીવ આત્મબુદ્ધિથી ગ્રહણ કરે, ત્યાં સુધી સંસાર છે, પરંતુ એ મન-વચન-કાયનો આત્માથી ભિન્નરૂપ અભ્યાસ થતાં મુક્તિ થાય છે. ૧૭૬૩.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૬૨ )

* જિન દુઃખદાયક ઇન્દ્રિયોંકો જીતનેકે લિયે સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ, મહાદેવ ઔર ઇન્દ્ર આદિ સમર્થ નહીં હુએ હૈં ઉન અતિશય દુર્જય બલવાન ઇન્દ્રિયોંકો જો ઈસ સંસારમેં જીતતે હૈં વે અદ્વિતીય બલવાન હૈં. ઉનકે સમાન પરાક્રમી દૂસરા કોઈ ભી નહીં હૈ. ૧૭૬૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૯૩ )

* ઇસ હી જન્મમેં ગર્ભકે ભીતર રહતે હુએ ભી જો દુઃખ તૂને ઉઠાયે હૈં અબ તૂ કયોં ઉનકો ભૂલ ગયા હૈ જિસસે તૂ અપને આત્માકો નહીં પહચાનતા હૈ? ૧૭૬૫.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૮૪ )

***

* રે મન! તૂ કભી તો પાતાલમેં જાકર નાગકુમારી દેવિયોંકે સુખકો ભોગનેકે લિયે ચિંતા કરતા રહતા હૈ. કભી દૂસરેકે પાસ પ્રાપ્ત ન હો સકે ઐસી વિભૂતિવાલે ચક્રર્તીકે રાજ્યકો પ્રાપ્ત કરનેકે લિયે ઇસ પૃથ્વી પર આનેકી ઇચ્છા કિયા કરતા હૈ તથા કભી કામસે ઉન્મત્ત ઐસી સ્વર્ગવાસી દેવોકી દેવાંગનાઓંકો પાનેકે લિયે સ્વર્ગમેં જાનેકી ઉત્કંઠા કિયા કરતા હૈ ઇસ ભ્રમમેં પડકર અસલમેં અમૃતકે સમાન સુખદાયી જિનવચનકો નહીં પ્રાપ્ત કરતા હૈ. ૧૭૬૬.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૨૯ )

* જ્ઞાન, પૂજા-પ્રતિષ્ઠા કુળ, જાતિ, બળ-શક્તિ, ઋદ્ધિ-સંપદા રાજ્યની વિભૂતિ, તપ અને શરીર-એ આઠનો આશ્રય કરીને અભિમાન કરવું તેને મદરહિત આચાર્યોએ જિનોએ મદ કહ્યો છે. ૧૭૬૭.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૨૫ )

* જે સાધુ પોતાના સ્વરૂપમાં તત્પર થઇ પોતે કરેલાં દુષ્કૃતોની નિંદા કરે છે, ગુણવાન પુરુષોનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઘણો આદર કરે છે તથા પોતાના મન-ઇન્દ્રિયોને જીતે છે – વશ કરે છે તેને ઘણી નિર્જરા થાય છે. ૧૭૬૮.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૧૧૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આત્મા તો સ્વભાવથી અત્યંત પવિત્ર છે, તેથી તે ઉત્કૃષ્ટ આત્માના વિષયમાં સ્નાન વ્યર્થ જ છે. તથા શરીર સ્વભાવથી અપવિત્ર જ છે, તેથી તે પણ કદી તે સ્નાન દ્વારા પવિત્ર થઈ શકતું નથી. આ રીતે સ્નાનની વ્યર્થતા બંનેય પ્રકારે સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો તે સ્નાન કરે છે તે તેને માટે કરોડો પૃથ્વીકાયિક, જળકાયિક અને અન્ય જંતુઓની હિંસાનું કારણ હોવાથી પાપ અને રાગનું કારણ થાય છે. ૧૭૬૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક–૨ )

* આત્માનો નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં કોઇ સમર્થ નથી. તેથી તત્ત્વજ્ઞાનીઓએ ક્યાંય પણ કોઇ પણ પરપદાર્થમાં રોષ કે તોષ ન કરવા જોઇએ. ૧૭૭૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૧૦ )

* જિનેન્દ્રકી ધ્વનિ દ્વારા ધર્મોપદેશ હોતા હૈ. કોઇ એક પુરુષકે ભીતર રત્નત્રયકા પ્રકાશ હોતા હૈ. માનવરૂપી અનેક પક્ષી હોતે હૈં. કોઇ માનવ પક્ષી અપની ચોંચરૂપી કર્ણસે ધર્મોપદેશરૂપી રત્નકો ગ્રહણ કર ભલે પ્રકાર ઉડ જાતા હૈ અર્થાત્ ઉસી રત્નકો અચ્છી તરહ ધારકર જીવન વીતાતા હૈ. ૧૭૭૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ–શુદ્ધસાર, શ્લોક–૪ )

***

* મિથ્યાત્વીનું વા સમ્યગ્દષ્ટિનું જ્ઞેયપ્રયોજન જ્ઞાન તો એક જ પ્રકારનું છે, પરંતુ ભેદ એટલો જ છે કે – મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે અને સમ્યગ્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાં યથાર્થરૂપ સાધે, તેથી તે સમ્યગ્દષ્ટિને ચારિત્રના અશુદ્ધ પરિણમનથી બંધ થઇ શકતો નથી. તે ઉપયોગ પરિણામોએ બંધ–આસ્રવ એ અશુદ્ધ પરિણમનની શક્તિ રોકી રાખી છે તેથી તે નિરાસ્ત્રવ–નિર્બંધ છે. ૧૭૭૨.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું– ૬૧ )

* અર્હન્ત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય ઔર સાધુ યે પંચપરમેષ્ઠી હૈ યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં, આત્માકી અવસ્થા હૈં, ઈસલિયે મેરે આત્માહી કા શરણ હૈ, ઈસ પ્રકાર આચાર્યને અભેદનય પ્રધાન કરકે કહા હૈ. ૧૭૭૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા–૧૦૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* તીર્થંકર તથા ગણધરાદિ મહાપુરુષોએ અભ્યંતર તથા બાહ્ય બાર પ્રકારના તપનું વર્ણન કર્યું છે તથા તેનું પાલન કર્યું છે, તે તપોમાં સ્વાધ્યાય સમાન બીજો કાઈ તપ નથી તથા થશે નહિ અર્થાત્ સ્વાધ્યાય સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે તેથી તેની ભાવના નિરંતર કરવા યોગ્ય છે. ૧૭૭૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સમયસાર અધિકાર, ગાથા–૮૨ )

* ધર્મનું મુખ્ય ચિહ્ન આ છે કે જે જે ક્રિયા પોતાને અનિષ્ટ લાગતી હોય તે તે ક્રિયા અન્યને માટે મન –વચન– કાયાથી સ્વપ્નમાં પણ કરવી નહિ. ૧૭૭૫.

( શ્રી શુભચંદ્રચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મ ભાવના, શ્લોક–૨૧ )

* સુજ્ઞજન નિરંતર આત્મામાં ચિત્ત સ્થાપીને વાણી અને શરીરની ક્રિયા કરે; જેમ પાણી ભરનારી ઘડામાં ચિત્ત સ્થાપીને ગમન વચન ઉચ્ચાર આદિ ક્રિયા કરે છે. ૧૭૭૬.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૧૪, ગાથા–૩ )

* હું ગોરો છું, હું જાડો છું, અથવા પાતળો છું; એવી રીતે શરીર સાથે આત્માને એકરૂપ નહિ કરતાં સદા પોતાના આત્માને કેવળ જ્ઞાનરૂપ શરીરવાળો ધારવો – માનવો ૧૭૭૭.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૭૦ )

* યોં હમારો કર્મ નામ બૈરી મેરા આત્માકૂ દેહરૂપી પીંજરેમેં ક્ષેપ્યા સો ગર્ભમેં આયા, તિસ ક્ષણસે સદા કાલ ક્ષુધા, તૃષા, રોગ વિયોગ ઇત્યાદિ અનેક દુ:ખનિકરી તપ્તાયમાન હુઆ પડયા હું, અબ ઐસે અનેક દુ:ખનિકરિ... વ્યાપ્ત ઇસ દેહરૂપી પીંજરાતૈં મોકું મૃત્યુ નામ રાજા વિના કૌન છુડાવૈ ? ૧૭૭૮.

( મૃત્યુમહોત્સવ, શ્લોક–૫ )

* જિસ પ્રકાર દૂધકો પીકર ભી સર્પ કભી વિષસે રહિત નહીં હોતા હૈ, જિસ પ્રકર દૂધ ઔર શહદકે ઘડોસે સીંચા ભી નીમકા વૃક્ષ કડુવે પનેકો નહીં છોડતા હૈ, તથા જિસ પ્રકાર હલોંકે દ્વારા જોતી ગઇ ભી ઉસર ભૂમિ કભી અનાજકો નહીં દેતી હૈ, ઉસી પ્રકાર સજ્જન પુરુષોંકે સમાગમમેં રહકર ભી દુર્જન કભી અપની કુટિલતાકો નહીં છોડતા. ૧૭૭૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪૪૦ )

* જેવી રીતે મલિન દર્પણમાં પોતાનું યથાર્થરૂપ દેખાતું નથી તેમ રાગાદિ દોષોથી મલિન આત્મ–પરિણતિમાં આત્માનું યથાર્થ સ્વરૂપ દેખાતું નથી. ૧૭૮૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા–૧૦૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* "મનુષ્યપણું, આપ્ત ઉપદિષ્ટીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા, અને અંતમાં સંયમને વિષે – પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે – એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અંલકૃત કરો, શોભાવો!" રાજપદ તો શું પણ તેથીએ ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ અપ્રાપ્ય મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મ માર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો. ૧૭૮૧.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૯૫)

***

* જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતે હૈ, પ્રતીતિ કરતે હૈ, રુચિ કરતે હૈ ઔર સ્પર્શ કરતે હૈ ઉનકે 'પુણ્ય' ભોગકા નિમિત્ત હૈ ઇસસે સ્વર્ગાદિક ભોગ પાતા હૈ ઔર વહ પુણ્ય કર્મકે ક્ષયકા નિમિત્ત નહીં હોતા હૈ, યહ પ્રગટ જાનના ચાહિયે. ૧૭૮૨.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૮૪)

* જે વચન જીવોનું ઇષ્ટ-હિત કરનારું હોય તે વચન અસત્ય હોય તો પણ સત્ય છે અને જે વચન પાપસહિત હિંસારૂપ કાર્યને પુષ્ટ કતું હોય તો તે સત્ય હોય તો પણ અસત્ય અને નીંદનીય છે. ૧૭૮૩.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯ ગાથા-૨)

***

* જો ઝુંપડીમાં આગ લાગી જાય તો તે ઝુંપડીમાં લાગેલી અગ્નિ ઝુંપડીને જ બાળે છે, પરંતુ તેની અંદર રહેલા આકાશને (-ખાલી જગ્યાને) બાળતી નથી; તેવી રીતે જે શરીરમાં નાના પ્રકારે રોગ ઉત્પન્ન થાય છે તે રોગ તે શરીરને જ નષ્ટ કરે છે, પરંતુ તે શરીરમાં રહેલા નિર્મળ જ્ઞાનમય આત્માને નષ્ટ કરતો નથી. ૧૭૮૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, ગાથા-૨૩)

* મેં અનુભવથી જાણ્યું છે કે આ આત્મા મહા શક્તિશાળી છે, ચમત્કારી કારણ કે એકલો જ સર્વલોક અંતરમાં (જ્ઞાનમાં) સમાવી દે છે. ૧૭૮૫.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૪, ગાથા-૧૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* પૂર્વે અજ્ઞાનભાવથી કરેલાં જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોના ફળને જે પુરુષ (તેનો સ્વામી થઇને) ભોગવતો નથી અને ખરેખર પોતાથી જ તૃપ્ત છે, તે પુરુષ, જે વર્તમાનકાળે રમણીય છે અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ-સુખમય દશાંતરને પામે છે. ૧૭૮૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર, ટીકા, કળશ-૨૩૨)

* * *

* જેને ઇન્દ્રિયોનો ક્ષયોપશમ અતિશય તીવ્ર છે એવા ચક્રવર્તી આદિને નવ યોજન દૂરના સ્પર્શનું જ્ઞાન થાય છે. રસના-ઇન્દ્રિયથી નવ યોજન દૂર રહેલા રસને જાણે છે તથા નવ યોજન સ્થિત ઘ્રાણેન્દ્રિયના વિષયભૂત ગંધને જાણે છે તથા બાર યોજન દૂરના શબ્દનું જ્ઞાન થાય છે અને સુડતાલીસ હજાર બસો ત્રેસઠ (૪૭૨૬૩) યોજનથી કંઈક અધિક દૂર રહેલા પદાર્થને ચક્ષુ-ઇન્દ્રિયથી જાણે છે. ૧૭૮૭.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, પર્યાપ્તિ અધિકાર, ગાથા-૧૦૭-૧૦૮)

* હે ભોળા પ્રાણી! તેં આ પર્યાય પહેલાં સર્વ કાર્ય 'अजाकृपाणीयवत्' કર્યા. કોઈ. મનુષ્ય બકરીને મારવા માટે છરી ઇચ્છતો હતો અને બકરીએ જ પોતાની ખરીથી પોતાના નીચે દટાયેલી છરી કાઢી આપી. જેથી તે જ છરીથી તે મૂર્ખ બકરીનું મરણ થયું. તેમ જે કાર્યોથી તારો ઘાત થાય-બુરું થાય, તે જ કાર્ય તેં કર્યું – ખરેખર તું હેય – ઉપાદેયના વિવેકથી રહિત મૂર્ખ છે. ૧૭૮૮.

(શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૦૦)

* * *

* સમ્યક્ત્વના માહાત્મ્યથી જ્ઞાન, તપશ્ચરણ, વ્રત, ઉપશમ, ધ્યાન વગેરે (પૂર્વે) મિથ્યારૂપ હોય તે પણ સમ્યક્ થઈ જાય છે અને તેના (-સમ્યક્ત્વના) વિના એ બધાં ઝેર સહિતના દૂધની જેમ વૃથા છે એમ જાણવું. ૧૭૮૯.

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૧ની ટીકામાંથી)

* ન કોઈ દેવ હૈ, ન કોઈ દેવી હૈ, ન વૈદ્ય હૈ, ન કોઇ વિદ્યા હૈ, ન કોઈ મણિ હૈ, ન મંત્ર હૈ, ન કોઈ આશ્રય હૈ, ન કોઈ મિત્ર હૈ, ન કોઈ ઔર રાજા આદિ ઈસ તીન લોકમેં હૈ જો પ્રાણીયોંકે ઉદયમેં આયે હુએ કર્મકો રોક સકે. ૧૭૯૦.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્યપંચાશત, શ્લોક-૩૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ચિદાનંદ લક્ષણકી સહાયતાસે જ્ઞાન યા કેવલજ્ઞાન સ્વભાવધારી આત્મા હૈ ઐસા વિશ્વાસ હોતા હૈ તબ હી જ્ઞાનસ્વભાવમયી અંકુર ફૂટતા હૈ. ઇસી જ્ઞાનાંકુરમેં આનંદિત હોનેસે જો પરમ સુખ હોતા હૈ ઉસીસે કર્મોંકી નિર્જરા હોતી હૈ. ૧૭૯૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૦૦ )

* દૂસરોંકો ઠગ લૂંગા ઐસા વિચાર કર જો કોઈ માયાચારકા ઉપાય કરતે હૈ ઉન લોગોંને ઇસલોક તથા પરલોક દોનોંમેં સદા હી અપને આપકો ઠગા હૈ. ૧૭૯૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૮૦ )

* વારંવાર સર્વ ગ્રંથનો સાર અવિકાર અનુભવ છે. અનુભવ શાશ્વત ચિંતામણિ છે. અનુભવ અવિનાશી રસકૂપ છે. મોક્ષરૂપ અનુભવ છે. તત્ત્વાર્થસાર અનુભવ છે અને જગત્‌ઉધ્ધારણ અનુભવ છે. અનુભવથી અન્ય કોઈ ઉચ્ચપદ નથી. માટે અનુભવ સદાય સ્વરૂપનો કરો. અનુભવનો મહિમા અનંત છે! તે ક્યાં સુધી બતાવીએ? ૧૭૯૩.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૬૪ )

* અનુભવ ચિંતામણિરત્ન છે, શાંતરસનો કૂવો છે, મોક્ષનો માર્ગ છે અને મોક્ષસ્વરૂપ છે. ૧૭૯૪.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ઉત્થાનિકા, પદ-૧૮ )

* સંસારમેં જિસકા ચિત્ત આસકત હૈ, અપના રૂપકૂં જે જાનૈ નહીં તિનકે મૃત્યુ હોના ભયકે અર્થિ હૈ. ઔર નિજસ્વરૂપકે જ્ઞાતા હૈં અર સંસારતૈં વિરાગી હૈ તિનકે મૃત્યુ હૈ સો હર્ષકે અર્થિ હી હૈ. ૧૭૯૫.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૧૦ )

* જે વિષયથી વિરકત છે તે જીવ નર્કમાં તીવ્ર વેદના છે તેને પણ ગુમાવે છે, ત્યાં પણ અતિ દુઃખી થતો નથી. તેથી ત્યાંથી નીકળીને તીર્થંકર થાય છે. આ જિનેન્દ્ર વર્ધમાન ભગવાને કહ્યું છે. ૧૭૯૬.

( શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા-૩૨ )

* જેમ કોઇ રાજા મદિરા પી નિંધસ્થાનમાં રતિ માને છે તેમ ચિદાનંદ દેહમાં રતિ માની રહ્યો છે. મદ ઊતર્યે રાજ્યપદનું જ્ઞાન થઈ રાજ્યનિધાન વિલસે તેમ સ્વપદનું જ્ઞાન થતાં સચ્ચિદાનંદ સંપદા વિલસે. ૧૭૯૭.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૧ )

* કેવો છે જીવલોક? જે સંસારમી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકરો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઇન્દ્રય વિષયના સમૂહને) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું કરે છે. (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે.) ૧૭૯૮.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪)

***

* વીતરાગી યોગી જો કુછ ચિંતવન કરે વહી ધ્યાન હૈ, ઈસ કારણ અન્ય કહના હૈ વહ ગ્રંથકા વિસ્તાર માત્ર હૈ, વીતરાગકે સબ હી ધ્યેય હૈ. ૧૭૯૯.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૮, શ્લોક-૧૧૩, પાનું-૪૦૭)

***

* એક મનકે ભીતર અનેક ભાવ હોતે હૈં મનકે વિચારોંકે કારણ કાર્યકો કિયે બિના ભી કર્મોંકા બંધ હુઆ કરતા હૈ. જબ મન રુક જાતા હૈ, તબ આત્માકા જ્ઞાનસ્વભાવ પ્રકાશમાન હોતા હૈ. આત્મિક સ્વભાવમેં રત હોનેસે કર્મોંકા ક્ષય હોતા હૈ. ૧૮૦૦.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૨૭૮)

***

* આ જીવ દેહની સાથે મળી રહ્યો છે તોપણ પોતાનો જ્ઞાનગુણ તેને (દેહને) જાણે છે, તે (-જ્ઞાની) પોતાને દેહથી જુદો જ જાણે છે; વળી દેહ, જીવની સાથે મળી રહ્યો છે તો પણ તેને તે કંચુક એટલે કપડાના જામા જેવો જાણે છે, જેમ દેહથી જામો જુદો છે તેમ જીવથી દેહ જુદો છે એમ તે જાણે છે. ૧૮૦૧.

(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૧૬)

***

* હે ભિક્ષુ! અગર વિષયભોગ સામગ્રીની જ તારી વાંછા હોય તોપણ થોડો સહનશીલ થઇ ધીરજ રાખ. તું જે ભોગાદિને ઇચ્છે છે તેથી પણ વિપુલ અને ઉત્તમ ભોગાદિ દેવલોકમાં છે. ઉત્તમ અને પકવ થતાં ભોજનને જોઈ માત્ર જલાદિ વસ્તુઓ પીઈ-પીઇ ને ભોજનની સાચી રુચિનો કેમ નાશ કરે છે? ૧૮૦૨.

(શ્રી શુભચંદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૬૧)

* જો મૂર્ખ મનુષ્ય ઔષધિકે લિયે ભી મધુકો ખાતા હૈ વહ ભી જબ દુર્ગતિકો પ્રાપ્ત હોતા હૈ તબ ભલા ઉસમેં આસક્તિ રખનેવાલે મનુષ્યકે વિષયમેં ક્યા કહા જાય? અર્થાત્ ઉસે તો દુર્ગતિકા મહાન દુઃખ સહના હી પડેગા. પ્રમાદસે ભી પીયા ગયા જો મધુ સંસાર પરિભ્રમણકા કારણ હોતા હૈ ઉસકો સંસારસે ભયભીત મનુષ્ય કૈસે ખાતા હૈ? અર્થાત્ નહીં ખાતા હૈ. ૧૮૦૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૫૫૭-૫૫૮ )

* નિશ્ચયથી પદાર્થોમાં આત્મિયબુદ્ધિ (સ્વ-બુદ્ધિ) વિના ભય કેવી રીતે થઈ શકે? તેથી પર્યાયમૂઢોને (-મિથ્યાદૃષ્ટિઓને) જ ભય થાય છે પણ પોતાના શુદ્ધાત્મા સાથે એકતાનો અનુભવ કરવાવાળા સમ્યગ્દૃષ્ટિઓને ભય થતો નથી. ૧૮૦૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૯૫ )

* જે આ આત્માને પૌદ્‌ગલિક પ્રાણોની સંતાનરૂપે પ્રવૃત્તિ છે, તેનો અંતરંગ હેતુ અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું મૂળ (-નિમિત્ત) છે એવું શરીરાદિના મમત્વરૂપ ઉપરકતપણું (-વિકારીપણું) છે. ૧૮૦૫.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૫૦ )

***

* મારા વડે જે રૂપ-શરીરાદિરૂપી પદાર્થ દેખાય છે તે-અચેતનપદાર્થ સર્વથા કોઈને જાણતો નથી અને જે જાણવાવાળો ચૈતન્યરૂપ-આત્મા છે તે દેખાતો નથી. તો હું કોની સાથે બોલું-વાતચીત કરું? ૧૮૦૬.

( શ્રી પૂજ્યપાદસ્વાવમી, સમાધિતંત્ર, ગાથા-૧૮ )

* સુખ પાનેકે ભાવસે પ્રેરિત હોકર મૂર્ખ મનુષ્ય ક્યા ક્યા પાપ નહિ કર ડાલતે હૈં? જિસ પાપસે કરોડોં જન્મોમેં ભી દુઃખોંકો પાતે હૈં. ૧૮૦૭.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૯ )

* કષાયરૂપ વેરી નિર્વાણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતી નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી, વેરી તો એક જન્મ દુઃખ આપે છે, અગ્નિ એકવાર બાળે છે, વાઘ એકવાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એકવાર ડસે છે, પણ કષાયભાવ અનંત જન્મમાં દુઃખ આપે છે. ૧૮૦૮.

( શ્રી શિવકોટ આચાર્ય, શ્રી ભગવતી આરાધના, ગાથા-૧૩૯૬ )

* સમ્યગ્દષ્ટિ પોતાનામાં ઉપયુક્ત (–જોડાયેલો) હોવા છતાં પણ વાસ્તવમાં કોઈ પ્રકારના ઉત્કર્ષને (ઉન્નતિને માટે સમર્થ થતો નથી અર્થાત્ તેનો કાંઈ સંવર વા નિર્જરામાં કોઇ પ્રકારનો ઉત્કર્ષ થઈ જતો નથી. તથા જો તે પરપદાર્થમાં ઉપયુક્ત થઈ ગયો હોય તોપણ તેને વાસ્તવામાં કોઈ પ્રકારનો અપકર્ષ (–હાનિ) થઈ જાય છે એવું પણ નથી. એટલા માટે પોતાનામાં પોતાની સ્થિતિ માટે પરવસ્તુથી હઠીને એકાકાર (આત્માકાર) કરવાની ઈચ્છાથી તમે દુઃખી ન થાઓ પરંતુ હે મહાપ્રાજ્ઞ! પ્રયોજનભૂત અર્થને સમજો! ૧૮૦૯.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૮૬૧–૮૬૨ )

* જો પ્રશ્ન કરવામાં આવે કે પરમ સમાધિ દુર્લભ કેમ છે? સમાધાન–તેને (પરમ સમાધિને) રોકનાર મિથ્યાત્વ, વિષય, કષાય, નિદાનબંધ આદિ વિભાવ–પરિણામોનું (જીવમાં) પ્રબલપણું છે તેથી (પરમસમાધિ દુર્લભ છે). માટે તે (પરમસમાધિ) જ નિરંતર ભાવવા યોગ્ય છે. તેની ભાવના રહિત જીવોનું ફરી ફરી સંસારમાં પતન થાય છે. કહ્યું છે કેઃ– જો મનુષ્ય અત્યંત દુર્લભ એવી 'બોધિ' ને પામીને પણ પ્રમાદી થાય છે તો તે બિચારો સંસારરૂપી ભયંકર વનમાં લાંબા સમય સુધી ભ્રમણ કરે છે. ૧૮૧૦.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૫ )

***

* જે ધર્માત્મા થઇને નિદાન કરે છે તે સમુદ્રમાં ગમન કરતી, અનેક રત્નોથી ભરેલી નાવને લોખંડને માટે તોડે છે તથા દોરાને માટે મણિમય હારને તોડે છે તથા રાખને માટે ગોસીર નામના દુર્લભ ચંદનને બાળે છે. ૧૮૧૧.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૨૨૩ )

* હે ભાઈ ભવ્ય! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષય ભોગમાં લાગી જાવ, તથા સંયમ, ધ્યાન ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાન્ત મિથ્વાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરકત થઇને આત્મ–અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ, એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે. ૧૮૧૨.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫૬–૪૦ )

* જૈસે નક્ષત્રોંકો છિપાનેવાલે સૂર્યકે દ્વારા સબકી આંખોમેં દેખનેકી શક્તિકો રોકનેવાલે ઔર સુખકો હરનેવાલે અંધકારકે સમૂહ નાશ કર દિયે જાતે હૈં વૈસે હી સંસારકો નાશ કરનેવાલે જિનશાસન યા જૈનધર્મકે દ્વારા મરણ, જન્મ, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ભય, રોગ, મનકા કલેશ, શોક આદિ એકદમ દૂર કર દિયે જાતે હૈં. ૧૮૧૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૯ )

* જૈસે પાષાણ જલમેં બહુતકાલ તક રહને પર ભી ભેદકો પ્રાપ્ત નહીં હોતા હૈ વૈસે હી સાધુ ઉપસર્ગ પરીષહોંસે નહીં ભિદતા હૈ. ૧૮૧૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૯૫ )

* જે પુરુષો ગુરુજનો દ્વારા કહેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલ- ભાવથી ગ્રહણ કરે છે - તેને અન્ય ભાવના છોડી નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. ૧૮૧૫.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૮૦ )

* ભો આત્મન્! કૃમિનિકે સૈકડાં જાલનિકરિ ભર્યા અર નિત્ય જર્જરિત હોતા યોં દેહરૂપી પીંજરા ઇસકું નષ્ટ હોતે તુમ ભય મત કરો. જાતૈ તુમ તો જ્ઞાનશરીર હો. ૧૮૧૬.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૨ )

* અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા અને નાના પ્રકારના ભંગો વડે ગહન વનમાં માર્ગ ભૂલેલા પુરુષોને અનેક પ્રકારના નય સમૂહને જાણનાર શ્રીગુરુઓ જ શરણ થાય છે. ૧૮૧૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય, શ્લોક-૫૮ )

* પ્રાજ્ઞ, શુદ્ધ ચિદ્રુપના સ્મરણમાં અહિતકારી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારને બળપૂર્વક તજી દે, હિતરૂપ અનુકૂળ, દ્રવ્યાદિક ચારને પ્રયત્નપૂર્વક સારી રીતે સેવે, અવલંબે. ૧૮૧૮.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૩, ગાથા-૪ )

* જિનવાણી વહી હૈ જો રાગદ્વેષકો જીતનેવાલે વીતરાગ ભગવાનકા સ્વરૂપ દિખલાવેં, જિસમેં સમતાકા સ્વભાવ હો, જિસકે મનનસે સમતાકા લાભ હો, જો આકાશકે સમાન નિર્મલ વ આનંદમયી જિનપદકો દરશાવે, જો કર્મોંકે ક્ષયકા ઉપાય બતાકર મોક્ષકા સ્વરૂપ પ્રગટ કરૈ. ૧૮૧૯.

( શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ-૧, પાનું-૭૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શાહપદ તો પોતાના ધનથી પામશો. માટે સ્વ-પર વિવેકી બની આત્મધનને ગ્રહણ કરો. પરના મમત્વને સ્વપ્નાંતરમાં ન કરો. તમારે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે, દરિદ્રી નથી. ૧૮૨૦.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું- ૪૦ )

* * *

* હે ભગવાન! આપની સ્તુતિ કરીને હું દીનતાથી વરદાન માંગતો નથી, કારણ કે આપ તો વીતરાગ છો. વળી આપની સ્તુતિ કરનારને ફળની પ્રાપ્તિ તો સ્વયં જ થઈ જાય છે, તો યાચના કરવાથી શું લાભ છે? વૃક્ષનો આશ્રય કરનાર પુરુષને છાયા સ્વયં પ્રાપ્ત થાય છે તો છાયાની યાચના કરવાથી શું લાભ છે? ૧૮૨૧.

( મહાકવિ ધનંજય, વિષાપહાર સ્તોત્ર, શ્લોક-૩૮ )

* સમ્યક્ પ્રકારે સેવેલા તપનું વાસ્તવિક ફળ અનુપમ આત્મજન્ય શાશ્વત અને નિરાબાધ સુખ છે. તેવા પરમોત્કૃષ્ટ સુખપ્રાપ્તિના કારણે ચક્રવર્તી મહારાજા પ્રાપ્ત ચક્ર્તીપદ છોડી દે તો એમાં કોઇ મોટું આશ્ચર્ય નથી. પણ મહદ્ આશ્ચર્ય તો એ છે કે - સુબુદ્ધિમાન પુરુષો પણ છોડેલા વિષયરૂપી વિષને ફરી ભોગવવા અર્થે સમ્યક્તપરૂપી પરમ નિધાનને તજી દે છે. ૧૮૨૨.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૫ )

* જેના દ્વારા અતિશય ચંચળ મનને નિયમિત કરવામાં આવે છે, પૂર્વે ઉપાર્જિત કર્મનો નાશ કરવામાં આવે છે તથા જેના દ્વારા સંસારના કારણભૂત આસ્રવને રોકવામાં આવે છે, તે પૂજનીય જિનવાણીનું ઉત્તમ પ્રકારે અધ્યયન કરવું તેને સ્વાધ્યાયતપ કહેવામાં આવે છે. ૧૮૨૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક-૮૮૯ )

* * *

* જો મારા હૃદયમાં નિત્ય આનંદપ્રદ- મોક્ષપદ આપનારી ગુરુની વાણી પ્રકાશમાન છે તો ભલે મુનિજનો મારા ઉપર સ્નેહ ન કરો, ગૃહસ્થો ભલે મને ભોજન ન આપો, ભલે મારી પાસે કાંઇ પણ ધન ન હો તથા ભલે મારું શરીર પણ રોગવાળું હો તથા મને નગ્ન જોઇને લોકો ભલે મારી નિંદા કરો તો પણ મને તેમાં જરાય ખેદ નથી. ૧૮૨૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ખરેખર જે જીવને પરમાણુમાત્ર-લેશમાત્ર પણ રાગાદિક વર્તે છે તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ આત્માને નથી જાણતો; અને આત્માને નહિ જાણતો થકો તે અનાત્માને (પરને) પણ નથી જાણતો; એ રીતે જે જીવ અને અજીવને નથી જાણતો તે સમ્યગ્દ્રષ્ટિ કેમ હોઈ શકે? ૧૮૨૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૦૧-૨૦૨)

* તીનોં લોકમેં જો ઇન્દ્ર આદિ પૃથ્વીકા ઉદ્ધાર કરનેમેં સમર્થ થે, જો સમુદ્રકે સમસ્ત જલકે પીનેમેં સમર્થ થે, જો પર્વતમેં પ્રવેશ કરનેકે લિયે સમર્થ થે, જો જ્યોતિષિયોંકે સમૂહકો રોકનેકે લિયે સમર્થ થે તથા જો ચલતી હુઇ વાયુકે ખાનેમેં સમર્થ થે, પ્રસિદ્ધ મહાગુણોંકો ધારણ કરનેવાલે વે ભી જિન ઇન્દ્રિયોંકો નહીં જીત સકે ઉન ઇન્દ્રિયોંકો જો જીત ચૂકા હૈ ઉસ ઈશ્વરકો આપ્ત કહતે હૈં. ૧૮૨૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિરત્નસંદોહ, શ્લોક-૬૪૫)

* જેવી રીતે ધૂળધોયા ધૂળ શોધીને સોનું- ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિથી ધાતુને ગાળીને સોનું જુદું પાડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે, હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મ-સંપદા ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષ આદિ અથવા પુદ્ગલાદિ પરપદાર્થોને ત્યાગી દે છે. ૧૮૨૭.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સંવર દ્વાર. ૫૬-૧૦)

* જિતને ભી પદાર્થ હૈં વે સબ અચેતન હૈં. ચેતન તો કેવલ એક જીવ હી હૈ, ઔર વહી સારભૂત હૈ. ઉસકો જાનકર પરમ મુનિ શીઘ્ર હી સંસારસે પાર હોતા હૈ. ૧૮૨૮.

(શ્રી યોગીન્દ્રેવ, યોગસાર, ગાથા-૩૬)

* જીવોનો સાચો સ્વાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે, ક્ષણ- ભંગુર ભોગો ભોગવવામાં નથી. ભોગો ભોગવવાથી તો તૃષ્ણા વધી જાય છે, સંતાપની શાંતિ નથી. હે સુપાર્શ્વનાથ! આપે આવો ઉપદેશ દીધો છે. ૧૮૨૯.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક-૩૧)

* જે ઇન્દ્રિયોના વિષયોથી ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી, પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા કહેલાં પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દ્રષ્ટિ છે. ૧૮૩૦.

(શ્રી ગોમ્મટસાર-જીવકાંડ, ગાથા-૨૯)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જે ઔષધિ રોગને દૂર કરી શકે નહિ તે ખરેખર ઔષધિ નથી. જે જળ તૃષાને દૂર કરી શકે નહિ તે ખરેખર જળ નથી અને જે ધન આપત્તિનો નાશ કરી શકે નહિ તે ખરેખર ધન નથી. તેવી જ રીતે જે વિષયથી ઉત્પન્ન થયેલું સુખ તૃષ્ણાનો નાશ કરી શકે નહિ તે ખરેખર સુખ નથી. ૧૮૩૧.

( શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, પાનું-૨૪૨, શ્લોક-૧૬૮-૧૬૯ )

* જિનશાસનમેં જિનેન્દ્રદેવને ઈસ પ્રકાર કહા હૈ કિ પૂજા આદિકમેં ઔર વ્રત સહિત હોના હૈ વહ તો ' પુણ્ય ' હી હૈ તથા મોહકે ક્ષોભસે રહિત જો આત્માકા પરિણામ હૈ વહ ' ધર્મ ' હૈ. ૧૮૩૨.

( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૮૩ )

* જેવી રીતે પ્રજ્વલિત દીપક પોતાના હાથમાં રાખીને પણ કૂવામાં પડી જાય તો તેને દીપકનું લેવું વ્યર્થ છે. તેમ તત્ત્વજ્ઞાન પામીને પણ હેય-ઉપાદેયના વિવેક રહિત ગમે તેમ પ્રવર્તવાથી તત્ત્વજ્ઞાનનું પામવું વ્યર્થ જાય છે. ૧૮૩૩.

( શ્રી વાદિભસિંહસૂરિ, જીવંધર ચરિત્ર, સર્ગ-૨, ગાથા-૪૫ )

* જ્ઞાનજ્યોતિ ઉસ પરમાનંદમયી દિગંબર સર્વજ્ઞ શુદ્ધ સ્વરૂપમેં લીન અરહંત ભગવાનકો જાનતી હૈ. યદિ વહ જ્ઞાનજ્યોતિ પર પર્યાયમેં આનંદ માનને લગે તો ઉસે જ્ઞાનાવરણકર્મકા બંધ હો, જો દુઃખોંકા બીજ હૈ. ૧૮૩૪.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ - શુદ્ધસાર, શ્લોક-૩૪૩ )

* જેનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી ઋષિઓ પરમ પદને પામે છે, જેની સ્તુતિ ઇન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ગણધરદેવો સર્વ મદ તજીને કરે છે, વેદ પુરાણ જેને બતાવે છે, યમરાજના દુઃખના પ્રવાહને જે હરે છે - એવી જિનવાણી, તેને હે ભવ્ય જીવો! દ્યાનતરાયજી કહે છે કે તમે અનેક વિકલ્પરૂપ નદીનો ત્યાગ કરીને તમારા હૃદયને વિશે નિત્ય ધારણ કરો. ૧૮૩૬.

( શ્રી દ્યાનતરાય, દ્યાનત-વિલાસ, પદ-૩૩ )

* આત્માના સ્વરૂપથી અજ્ઞાત પુરુષોને, શરીરોમાં પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે પુત્ર-સ્ત્રી-આદિકના વિષયમાં વિભ્રમ વર્તે છે.

એ વિભ્રમથી અવિદ્યા નામનો સંસ્કાર દૃઢ- મજબૂત થાય છે, જે કારણથી અજ્ઞાની જીવ જન્માન્તરમાં પણ શરીરને જ આત્મા માને છે. ૧૮૩૬.

( શ્રી પૂજ્યસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૧-૧૨ )

∗ સંતોષીજીવ સદા સુખી રહતે હૈં, જબ કિ અસંતોષી દુઃખી રહતે હૈં. સંતોષી તથા અસંતોષીકા અંતર જાનકર સંતોષમેં પ્રીતિ કરની યોગ્ય હૈ. ૧૮૩૭.

( શ્રી કુલધર આચાર્ય, સારમુચ્ચય, શ્લોક-૨૪૨ )

∗ ઇસ જગતમેં સમુદ્ર તો જલકે પ્રવાહોંસે ( નદિયોંસે મિલનેસે ) તૃપ્ત નહિ હોતા ઔર અગ્નિ ઇંધનોંસે તૃપ્ત નહિ હોતા, સો કદાચિત્ દૈવયોગસે કિસી પ્રકાર યે દોનોં તૃપ્ત હો ભી જાય પરતુ યહ જીવ ચિરકાલ પર્યંત નાના પ્રકારકે કામભોગાદિકે ભોગને પર ભી કભી તૃપ્ત નહિ હોતા. ૧૮૩૮.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૨૮ )

∗ મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે, પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેષમાત્ર ( આંખના પલકારા બરાબર ) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઇષ્ટ જનનું મૃત્યુ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિ-માન શોક કરતો નથી. ૧૮૩૯.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય, શ્લોક-૨૨ )

∗ આત્મદર્શી – જો આત્મજ્ઞાની હૈં તે મૃત્યુ નામ મિત્રકા પ્રસાદકરિ સર્વ દુઃખકા દેનેવાલા દેહપિંડકૂં દૂર છાંડકરિ સુખકી સંપદાકૂં પ્રાપ્ત હોય હૈ. ૧૮૪૦.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૬ )

∗ જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જ પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇંદ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઇપણ અટકાવી શકતા નથી. ૧૮૪૧.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૨૧-૩૨૨ )

∗ હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન ( ફીક્કા ) થઇ ગયા છે, જેમ પ્રભાત થઇ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે. ૧૮૪૨.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૨૨ )

* બહિરાત્મા ઇન્દ્રિય-દ્વારોથી બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત હોવાથી આત્મજ્ઞાનથી પરાઙમુખ-વંચિત હોય છે; તેથી તે પોતાના શરીરને મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપે સમજે છે. ૧૮૪૩.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭ )

* વિદ્યા અને મંત્રો દ્વારા, બળ દ્વારા તથા તપ અને દાન દ્વારા જે જૈનધર્મની ઉન્નતિ કરવામાં આવે છે તે બાહ્ય-પ્રભાવના અંગ કહેવાય છે તથા આ પણ તત્ત્વજ્ઞાનીઓની વિધિમાં આવે છે. ૧૮૪૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૮૧૫ )

* રાવણે રામચંદ્ર અને લક્ષ્મણનો વિનાશ કરવા માટે બહુરૂપિણી વિદ્યા સિદ્ધ કરી, કૌરવોએ પાંડવોનો નાશ કરવા માટે કાત્યાયની વિદ્યા સાધી, કંસે નારાયણનો ( શ્રી કૃષ્ણનો ) વિનાશ કરવા માટે ઘણી વિદ્યાઓ સાધી પરંતુ તે વિદ્યાઓ દ્વારા રામચંદ્ર, પાંડવો અને કૃષ્ણ નારાયણનું કાંઈ પણ અનિષ્ટ થયું નહિ. રામચંદ્ર વગેરેએ પોતાના વિઘ્નો દૂર કરવા મિથ્યાદેવોની આરાધના ન કરી તો પણ નિર્મળ સમ્યક્ત્વની ઉપાર્જિત પૂર્વે કરેલા પુણ્થી તેમના સર્વ વિઘ્ન દૂર થયા. ૧૮૪૫.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા – ૪૧, ટીકામાંથી )

***

* જો મૈં બહુત પઢા હૂં ઐસા જિસકે અભિમાન હૈ, વહ પરમાર્થ યાની વીતરાગ પરમાનંદસ્વભાવ નિજ આત્માકો નહીં જાનતા, આત્મ-જ્ઞાનસે રહિત હૈ, યહ નિઃસંદેહ જાનો. ૧૮૪૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૯૩ )

* લોકો સુધાનું લક્ષણ બહુ પ્રકારે વૃથા કહે છે. સત્પુરુષોને તો પીડા, વિરોધ, ઉપદ્રવ આદિની બાધા રહિત તથા જીવજંતુ અને મનુષ્યો રહિત સ્થાન તે જ અમૃત છે. ૧૮૪૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૬, ગાથા-૧૬ )

* દુર્બુદ્ધિ વેદ્યને તો જાણે છે પરંતુ વેદકને કેમ નથી જાણતો? પ્રકાશ્યને તો દેખે છે પરંતુ પ્રકાશકને દેખતો નથી એ કેવું આશ્ચર્ય છે? ૧૮૪૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકારી, ગાથા-૩૯ )

* પોતાને પીડા થશે તેમ સમજીને નાનું બાળક પણ ઊંચી શૈયા ઉપરથી નીચે પડવાથી ડરે છે. પરંતુ આ ખરેખર મોટું આશ્ચર્ય છે કે બુદ્ધિમાન પુરુષો ત્રણલોકના શિખર સમાન અતિશય મહાન અને ઊંચા તપથી પણ પોતે નીચે પડવાથી ડરતાં નથી!

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૧૬૬ )

* (દાવાનલની જ્વાલાથી) બળી રહેલા મૃગોથી છવાયેલા વનની મધ્યમાં ઉપર બેઠેલા મનુષ્યની જેમ (સંસારી) મૂઢ પ્રાણી બીજાઓની (વિપત્તિની) જેમ પોતાની વિપત્તિને જોતા નથી. ૧૮૫૦.

( શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા–૧૪ )

***

* મારું સ્વશરીર પણ જેના (મારા આત્માના) અપકાર–ઉપકારમાં સમર્થ નથી તો અપકાર–ઉપકાર બીજાઓ કરે છે એમ માનવું મારા માટે વ્યર્થ છે. ૧૮૫૧.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૧૫ )

* જે જીવ ધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ (–પ્રસંશા) થાય છે, સર્વ લોક તેનો વિશ્વાસ કરે છે, વળી તે પુરુષ સર્વને પ્રિયવચન કહે છે જેથી કોઇ દુઃખી થતો નથી, તે પુરુષ પોતાના અને પરના દિલને શુદ્ધ–ઉજ્જવળ કરે છે, કોઇને તેના માટે કલુષતા રહેતી નથી તેમ તેને પણ કોઇના માટે કલુષતા રહેતી નથી, ટૂંકામાં ધર્મ સર્વ પ્રકારથી સુખદાયક છે. ૧૮૫૨.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૪૨૯ )

***

* દેવના ઇન્દ્ર, અસુરના ઇન્દ્ર અને ખગેન્દ્ર જે જે છે તે તે બધાનો જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ મૃત્યુ નાશ કરે છે. ચિંતામણિ વગેરે મણિરત્નો, મોટા મોટા રક્ષામંત્ર, તંત્ર ઘણાં હોવા છતાં મરણથી તે કોઇ બચાવી શકતું નથી. ૧૮૫૩.

( પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ – ૬, શ્લોક–૪ )

* નિજાત્માને ધ્યાવતાં જે અનંત સુખ મુનિરાજ અનુભવે છે તે સુખ કરોડો દેવીઓ સાથે રમનારો ઇન્દ્ર પણ પામતો નથી. ૧૮૫૪.

( શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર–૧, ગાથા–૧૧૮ )

* યહ આત્મદર્શન ક્ષાયિક સ્વભાવ હૈ, અર્થાત્ ઇસસે કર્મોંકા ક્ષય હોતા હૈ. યહ ભાવ સંસારમેં ભ્રમણ કરનેવાલે દર્શનમોહ યા મિથ્યાત્વકો ક્ષય કર દેતા હૈં. ઇસ આત્મદર્શનકે પ્રભાવસે ઉદયમેં આનેવાલા મલિનભાવ ક્ષય હો જાતા હૈ. અર્થાત્ રાગદ્વેષ ઉત્પાદક કર્મ ગલ જાતા હૈ. ઇસસે સર્વ ભય દૂર હોતા હૈ યહી કેવલજ્ઞાનકા કારણ હૈ. ૧૮૫૫.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું -૧૬૩ )

* કામધેનુ, ચિન્તામણિ અને કલ્પવૃક્ષ એ આધીન થઇને એક જન્મમાં જ ફળ આપે છે. પરંતુ હે દેવી! જિનવાણી માતા! તું આ ભવમાં અને પરભવમાં પણ ફળ આપે છે, તો પછી ભલા વિદ્વાન મનુષ્યો તને તેમની ઉપમા કેવી રીતે આપે? અર્થાત્ તું એમની ઉપમાને યોગ્ય નથી – તેમનાથી શ્રેષ્ઠ છે. ૧૮૫૬.

( શ્રી પદ્મનંદી આચાર્ય પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૧૯ )

* ઇસ સંસારરૂપી સમુદ્રમેં ભ્રમણ કરનેસે મનુષ્યોંકે જિતને સંબંધ હોતે હૈં, વે સબ હી આપદાઓંકે ઘર હૈ. કયોંકિ અંતમેં પ્રાયઃ સબહી સંબંધ નિરસ હો જાતા હૈ, યહ પ્રાણી ઉનસે સુખ માનતા હૈ સો ભ્રમ માત્ર હૈ. ૧૮૫૭.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૯ )

* ઇન્દ્રિયોંકે સુખોંમેં રત હોનેકા જો કછું સ્વભાવ હૈ ઉસીકો સર્વ પ્રકારસે દર્શનમોહકા ઉદય જાનો જો શ્રી જિનેન્દ્રકે ઉપદેશકો પ્રાપ્ત કરતા હૈ વહ અતીન્દ્રિય આનંદકે સાધનસે કર્મોંકા ક્ષય કરતા હૈ. ૧૫૫૮.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૨૫૮ )

* શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે અને વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલાં શીતળ પાણીની માફક અધિક ગુણવાળાના સંગથી ગુણવૃદ્ધિ થાય છે. ૧૮૫૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૭૦ )

* ખેડૂત એક વર્ષ સુધી કેટલા-કેટલા કષ્ટો વેઠીને પ્રાપ્ત કરેલા અનાજને, ખળામાં અગ્નિનો એક તણખો આવી પડતાં તેને બાળી નાખે છે તેમ ક્રોધરૂપી અગ્નિ, ઘણા લાંબા સમયના સાધુપણારૂપ સારભૂત વસ્તુને ક્ષણ માત્રમાં બાળી નાખે છે – નષ્ટ કરે છે. ૧૮૬૦.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૩૬૮ )

* હે મૂને! જિન શ્રુતજ્ઞાનકો તીર્થંકર ભગવાનને કહા ઔર ગણધરદેવો ગૂંથા અર્થાત્ શાસ્ત્રરૂપ રચના કી ઉસકો સમ્યક્ પ્રકાર ભાવ શુદ્ધ કર નિરંતર ભાવના કર. કૈસા હૈ વહ શ્રુતજ્ઞાન? અતુલ હૈ, ઇસકે બરાબર અન્યમતકા કહા હુઆ શ્રુતજ્ઞાન નહીં હૈ. ૧૮૬૧.

( શ્રી કુંદકુંદાચાર્ય ભાવપાહુડ, ગાથા-૯૨ )

***

* સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ જગતમાં નિત્ય જ્યવંત છે-કે જેણે પ્રગટ થયેલા સહજ તેજ:પુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે અને જે પેલી અઘસેનાની ધજાને હરી લે છે. ૧૮૬૨.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૧૦ )

***

* કોઈ અતિ નિદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે. અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઇ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડયા કરે છે, મહાદુ:ખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે, અને વળી આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. ૧૮૬૩.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૫૭ )

***

* જે મનુષ્ય કોઇ બીજા મનુષ્ય દ્વારા ક્રોધને વશ થઇને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુ:ખદાયક દઢતર દોરડાઓથી જકડીને બાંધી દેવાયો હોય તે તેમાંથી કોઇ એક પણ દોરડું ઢીલું થતાં સુખનો અનુભવ કરે છે. તો પછી જે સિદ્ધ જીવ બાહ્ય અને અભ્યંતર બન્નેય બંધનોથી રહિત થઇ ગયા છે તેઓ શું સદા સુખી નહિ હોય? અર્થાત્ સિદ્ધ ભગવાન સદા સુખી છે. ૧૮૬૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પચવિંશતિ, સિધ્ધસ્તુતિ, શ્લોક-૯ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આગમકે પદોંકો ઔરકા ઔર અર્થ કરકે જિન-આગમકે કથનકો છિપાના ચોરી જાનો તથા આત્મસ્વભાવમેં રમણ ન કરકે આત્મજ્ઞાન રહિત અનેક વ્રતોંકો પાલના ભી ચોરી હૈ. ૧૮૬૫.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૫૦ )

* ઉપવાસ કરનાર વ્યક્તિ અભિલાષપૂર્વક ( ઉત્કંઠિત થયા થકા ) કાન દ્વારા, ધર્મરૂપી અમૃતને પીઓ અને આલસ્ય રહિત થયા થકા જ્ઞાન અને ધ્યાનમાં તત્પર ( લવલીન ) રહો. ૧૮૬૬.

( શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકચાર, શ્લોક-૧૪૮ )

* * *

* સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી, કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની ( શુદ્ધાત્માની ) સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ ક્યાંથી થઈ શકે? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઇચ્છનાર જીવે પ્રથમ તો જિનોક્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ-પૂર્વક નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્ પ્રતીતિનો સર્વ પ્રકારે ઉદ્યમ કરવા યોગ્ય છે; ત્યાર પછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે. ૧૮૬૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય, ગાથા-૧૪૬ના ભાવાર્થમાંથી )

* આ સમ્યગ્દર્શન સંસારભયનો નાશ કરનારું છે તથા સર્વ ગુણોનો આધાર છે. આવું સમ્યગ્દર્શન મને પ્રાપ્ત થયું છે. જો સંસાર-સમુદ્રમાં આ સમ્યગ્દર્શનરૂપી રત્ન મારાથી નષ્ટ થયું તો તે અર્ધપુદ્ગલ-પરાવર્તન કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા વિના ફરી મને પ્રાપ્ત નહિ થાય. તેથી પ્રમાદ કરવો મને બિલકુલ અયોગ્ય છે. ૧૮૬૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બાર ભાવના અધિકાર, ગાથા-૬૭ )

* * *

* ઈસ સંસારમેં યે જો પ્રખ્યાત પુણ્યશાલી ચંદ્ર, સૂર્ય, દેવેન્દ્ર, નરેન્દ્ર, નારાયણ, બલભદ્ર આદિ કીર્તિ, કાંતિ, દ્યુતિ, બુદ્ધિ, ધન ઔર બલકે ધારી હૈ, વે ભી યમરાજકી દાઢમેં જાકર, અપને-અપને સમય પર મૃત્યુકો પ્રાપ્ત હોતે હૈં, તબ દૂસરોંકી તો બાત હી કયા હૈ? અતઃ બુદ્ધિવાનોંકો ધર્મમેં મન લગાના ચાહિયે. ૧૮૬૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૯૯, )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે લૌકિક સુખ છે તે સર્વ ઇન્દ્રિયવિષયક માનવામાં આવ્યા છે તેથી તે સુખો માત્ર સુખાભાસ જ નહિ પરંતુ નિઃસંદેહ દુઃખરૂપ પણ છે. ૧૮૭૦.

( શ્રી રાજમલ્લજી, પચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૩૮ )

* જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના ( જ્ઞાનના ) અભાવમાં, પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો સદ્ભાવ ( હયાતી ) હોવા છતાં મોક્ષનો અભાવ છે અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે. ૧૮૭૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૫૩ )

* મમતારહિત હોના પરમ તત્ત્વ હૈ, મમતારહિત હોના પરમસુખ હૈ, મમતારહિત ભાવ મોક્ષકા શ્રેષ્ઠ બીજ હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ૧૮૭૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૩૪ )

* તે આનંદ (-આત્મામાં ઉત્પન્ન થયેલો આનંદ) પ્રચુર કર્મરૂપી ઇન્ધનને નિરંતર જલાવી દે છે અને તે ( આનંદમગ્ન ) યોગી બહારનાં દુઃખોમાં અચેતન રહેવાથી ( બહારનાં દુઃખોનું લક્ષ ન હોવાથી ) ખેદ પામતો નથી. ૧૮૭૩.

( શ્રી પૂજ્યપાદસ્વામી, ઇંષ્ટોપદેશ, ગાથા-૪૮ )

* આ લોકમાં જે પદાર્થ રાગી પુરુષોને કર્મોના બંધનું કારણ થાય છે એ જ પદાર્થ વીતરાગી પુરુષોને કર્મબંધથી છોડાવી મુક્તિનું કારણ થાય છે, જેમ જે દહીં, ગોળ તથા ઘી સન્નિપાતથી વ્યાકુળ રોગીને મરણનું કારણ થાય છે તે જ નિરોગી પુરુષોને ઘણી જ પુષ્ટિનું કારણ થાય છે. ૧૮૭૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૬ )

* જે પ્રમાદીઓ, શુદ્ધ ચિદ્રુપના ચિંતનને તજીને અન્ય કાર્ય કરે છે, તેઓ અમૃતને મૂકીને વિષને પીવે છે. ૧૮૭૫.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરગિણી, અધ્યાય-૪, ગાથા-૧૮ )

* જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતૈં હૂં અપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમૈં ડૂબા હુઆ પીછૈ કહા કરસી ? ૧૮૭૬.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સમસ્ત ધર્મનું મૂળ ભાવના છે. ભાવનાથી જ પરિણામની ઉજ્જવળતા થાય છે. ભાવનાથી મિથ્યાત્વનો અભાવ થાય છે. ભાવનાથી વ્રતમાં દ્રઢ પરિણામ થાય છે. ભાવનાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે. ભાવનાથી અશુભ-ધ્યાનનો અભાવ થઇને શુભધ્યાનની વૃદ્ધિ થાય છે. ભાવનાથી આત્માને અનુભવ થાય છે. ઇત્યાદિ હજારો ગુણોની ઉત્પતિ ભાવનાથી થતી જાણી, ભાવનાને એક ક્ષણ પણ છોડો નહિ. ૧૮૭૭.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર-ટીકા, ભાવના મહા અધિકારના ઉપોદ્ઘાતમાંથી )

* જેમના ચિત્તમાં સમ્યગ્જ્ઞાનના કિરણો પ્રકાશિત થયા છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે, જ્ઞાની થઇને વિષય-સુખમાં આસકત હોય એ ઉલટી રીત અસંભવ છે. ૧૮૭૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વારા, ૫૬-૪૧ )

* જિસને આત્મજ્ઞાનમઇ શ્રુતજ્ઞાનકે વિના અનેક પ્રકાર વ્રત, તપ, ક્રિયા કી વહ કેવલ માત્ર કષ્ટકો હી સહતા હૈ ઉસકા રંજાયમાનપના મિથ્યા ઇન્દ્રિયોંકે વિષયોમેં હૈ. ૧૮૭૯.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૮૮ )

***

* સંસારમાં ઇન્દ્રિય-જન્ય જેટલા સુખ છે તે બધા આ આત્માને તીવ્ર દુઃખ આપનારા છે. આ રીતે જે જીવ ઇન્દ્રિય-જન્ય વિષય-સુખોના સ્વરૂપનું ચિંતવન કરતો નથી તે બહિરાત્મા છે. ૧૮૮૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૩૬ )

* જેમ ગાયની માંસપેશીઓ વચ્ચે ( ગાયના થાનમાં ) દૂધ ( જુદું ) રહે છે તેમ કર્મજાળની વચ્ચે સર્વત્ર ચેતન – આત્મા રહેલો છે; આવા વિશિષ્ટ ચેતનસ્વભાવી આત્માને કર્મસમૂહની સાથે સાદૃશ્યપણું કોણ કહે? અથવા આત્માના નિર્મળ ગુણોને છોડીને કર્મજનિત ભાવોનું ગ્રહણ કોણ કરે? ૧૮૮૧.

( શ્રી નેમીશ્વર-વચનામૃત્ત શતક, શ્લોક-૫૫ )

* જીવ છે તે સંકલ્પમય છે, અને સંકલ્પ છે તે સુખ-દુઃખમય છે. હવે તે સુખદુઃખમય સંકલ્પને જે જાણે છે તે જ જીવ છે, જે દેહ સાથે સર્વત્ર મળી રહ્યો છે; તોપણ જાણવવાળો છે તે જીવ છે. ૧૮૮૨.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા ગાથા-૧૮૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સિદ્ધોને સર્વ કર્મોનો નાશ થવાથી સર્વ દુઃખોનો પણ નાશ થયો છે; કારણ કે દુઃખનું લક્ષણ તો આકુળતા છે. હવે આકુળતા તો ત્યારે જ હોય કે જ્યારે કંઇક ઇચ્છા હોય. એ ઇચ્છાનો વા ઈચ્છાના કારણોનો સર્વથા અભાવ હોવાથી તેઓ સર્વ દુઃખરહિત નિરાકુળ અનંત સુખ અનુભવે છે. કારણ કે નિરાકુળપણું એ જ સુખનું લક્ષણ છે. ૧૮૮૩.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ. -૩ પાનું-૭૯ )

***

* હે વીર પુરુષ! સમ્યગ્દર્શનકા પ્રકાશ કરકે તૂ આત્મજ્ઞાનમેં રમણ કર. સમ્યગ્દષ્ટિ આત્માકી પરિણતિ હી અનંતજ્ઞાનકે પ્રકાશકા કારણ હૈ. જો જ્ઞાની આત્મિકજ્ઞાનકે સ્વભાવમેં પ્રગટરૂપસે રમ જાતા હૈ હે વીર! વહી આત્મા હી પ્રકાશમાન હોકર મુક્તિકો પાતા હૈ. ૧૮૮૪.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૫૪ )

***

* જીવોએ જે નિરંતર ભોગોનો અનુભવ કર્યો છે તેમનું તે ભોગોથી ઉત્પન્ન થયેલું સુખ અવાસ્તવિક ( કલ્પિત ) છે. આત્માથી ઉત્પન્ન સુખ અપૂર્વ અને સમીચીન છે;- એવો જેના હૃદયમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો છે તે તત્ત્વજ્ઞ છે. ૧૮૮૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી-પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૫૦ )

***

* (૧) અનાદિ સંસારથી જે આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ હોવાથી 'અતિશય', (૨) આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી 'આત્મોત્પન્ન', (૩) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) 'વિષયાતીત', (૪) અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદન ભિન્ન લક્ષણવાળું હોવાથી) 'અનુપમ', (૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી 'અનંત', અને (૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન' - આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું સુખ છે માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વથા પ્રકારે ઇચ્છવાયોગ્ય છે). ૧૮૮૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ભાષાસમિતિ વહ કહી ગઈ હૈ કિ જો કુછ જિનેન્દ્રને કેવલજ્ઞાનસે જાનકર કહા હૈ ઉસ ભાષાકો પ્રમાણ કરે લેના-માન લેના તથા જ્ઞાન – સ્વભાવકા મનન કરતે હુએ શુદ્ધ ભાષા કહના. ૧૮૮૭.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૨૦ )

* * *

* જીવદ્રવ્ય છે તે પોતાના ચેતનાસ્વરૂપમાં, પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાય સ્વરૂપકાર્યને સાધે છે. ૧૮૮૮.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૩૨ )

* ઘણું શું કહીએ! એટલું જ સમજી લેવું કે નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે તથા અન્ય નાના પ્રકારના ભેદો બાહ્યસાધન અપેક્ષાએ ઉપચારથી કહ્યા છે, તેને વ્યવહાર માત્ર ધર્મસંજ્ઞા જાણવી. આ રહસ્યને જાણતો નથી તેથી તેને (-જૈનાભાસીને) નિર્જરાનું પણ સાચું શ્રદ્ધાન નથી. ૧૮૮૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ. -૭, પાનું – ૨૩૬ )

* * *

* જે પુરુષ પરની નિંદા કરીને પોતાને ગુણવાનપણામાં સ્થાપવા ઇચ્છે છે તે પુરુષ કડવી દવા અન્ય પીવે અને પોતે નિરોગ થવા ઇચ્છે છે.

સત્પુરુષ અન્યનો દોષ જોઇને પોતે લજ્જા પામે છે. જેમ પોતાના દોષની રક્ષા કરે – ગોપવે, તેમ અન્યનો દોષ જોઇને, લોકમાં સંયમની નિંદા થવાના ભયથી બીજાનો દોષ પ્રગટ ન કરે.

જેમ તેલનું ટીપું પાણીમાં વિસ્તારને પામે છે તેમ બીજાને અત્યંત અલ્પ ગુણ પણ સત્પુરુષને પ્રાપ્ત થઇને ઘણા વિસ્તારને પામે છે એવા સત્પુરુષ પરના દોષ કેવી રીતે કહે – કેવી રીતે પ્રગટ કરે? સત્પુરુષ બીજાના દોષ પ્રગટ કરતા જ નથી. ૧૮૯૦.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૩૭૬-૭૭-૭૮ )

* આહાર છે તે કાયાની રક્ષા અર્થે છે; કાયા જ્ઞાનના સંપાદન માટે છે; જ્ઞાન કર્મના નાશને માટે છે; અને કર્મના નાશથી પરમદપની પ્રાપ્તિ થાય છે. ૧૮૯૧.

( મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૨૧૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તો પણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના રહેવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાન કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડ્યું થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે. ૧૮૯૨.

(શ્રી અમૃચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૧૮-૨૧૯)

* * *

* જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે, અને જે દુઃખી કરે તે શત્રુ એમ આબાલ-વૃદ્ધ સૌ કોઇ સમજે છે. મિત્ર થઇને પોતાને દુઃખી કરવા (જે) મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોચ શો કરવો ? ૧૮૯૩.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૪)

* * *

* ઉત્તમ બુદ્ધિકા ધારક મનુષ્ય દૂસરેકે દ્વારા દિયે જાનેવાલે દાનકે વિષયમેં દૂસરોંસે કી ગઈ પ્રસંશોકો સુનકર ઉત્કૃષ્ટ શ્રદ્ધાકો ધારણ કરતા હુઆ અતિશય સંતોષકો પ્રાપ્ત હોતા હૈ, મધ્યમ બુદ્ધિકા ધારક મનુષ્ય સ્વયં યા દૂસરેકે દ્વારા ભી જાનેવાલે દાનકો દેખકર હર્ષિત હોતા હૈ. પરંતુ હીનબુદ્ધિ મનુષ્ય દિયે જાનેવાલે દાનકો દેખકર ઔર સુનકર ભી અનુરાગકો નહીં પ્રાપ્ત હોતા હૈ. ૧૮૯૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૯૨)

* * *

* મારી નિકટમાં પ્રાપ્ત થયેલ કોઇ પણ મિત્ર, અથવા અન્ય કોઇનું મારે પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસારપરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું, તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે, ૧૮૯૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પચવિંશતિ પરમાર્થવિંશતિ, શ્લોક-૪)

* જિસ શરીરકો છોડકર જાના પડેગા વહ શરીર અપના કૈસે હો સકતા હૈ ઐસા વિચાર કર ભેદવિજ્ઞાન પંડિત શરીરસે ભી ઉસ મમત્વ- ભાવકો છોડ દેતે હૈ. ૧૮૯૬.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૨૯)

* કલ્પવૃક્ષથી તો સંકલ્પ યોગ્ય એવું ફળ છે, અર્થાત્ વચનથી માગીયે તો મળે, અને ચિંતામણિરત્નનું ચિંતવન યોગ્ય અર્થાત્ મનથી જે ઇચ્છે તે ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ ધર્મના આશ્રયથી તો અસંકલ્પિત અને અચિંતનીય ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ધર્મથી એવું કોઇ અદ્ભુત ફળ પ્રાપ્ત થાય છે કે જે સંકલ્પ અને ચિંતવનથી પણ પર છે. ૧૮૯૭.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨)

***

* સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા (જનપ્રતિમા) દેખી સ્વસંવદેન - ભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે-પૂર્વે એ સરાગ હતાં અને રાગ મટાડી વીતરાગ થયા, આજ હું સરાગ છું (પણ) એમની માફક રાગ મટાડું તો વીતરાગતા મારું પદ તે હું પામું; નિશ્ચયમાંહું વીતરાગ છું. કહ્યુ છે કે -

આ સ્થાપનાના નિમિત્તથી ત્રણકાળમાં ત્રણલોકમાં ભવ્યજીવો ધર્મ સાધે છે, તેથી સ્થાપના પરમ પૂજ્ય છે. ૧૮૯૮.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૭૧)

***

* સ્વપ્ન-અવસ્થામાં પ્રત્યક્ષ જોવામાં આવેલા શરીરાદિકનો નાશ થવા છતાં જે આત્માનો નાશ થતો નથી તેમ જાગૃત અવસ્થામાં પણ દેખેલા શરીરાદિકનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી; કારણ કે બંને અવસ્થાઓમાં વિપરીત પ્રતિભાસમાં કાંઇ ફેર નથી. ૧૮૯૯.

(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૦૧)

* જિતને અનર્થકારક ભાવ હૈં યા સંયોગ હૈં વે સબ ગલ જાતે હૈં. મિથ્યાજ્ઞાનસે જો યહ અપની પ્રસન્નતા રખતા હૈ વહ ભાવ ભી ગલ જાતા હૈ. પુદ્ગલકા સર્વ સ્વભાવ ગલ જાતા હૈં. એક જ્ઞાનસ્વભાવકો લિયે હુએ આત્મા મુક્તિમેં જાતા હૈ. ૧૯૦૦.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુધ્ધસાર, શ્લોક-૩૧૫)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* નિશ્ચયથી રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું એ અહિંસા છે અને તે રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું તે હિંસા છે. એવો જૈન સિદ્ધાંતનો સાર છે. ૧૯૦૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય, ગાથા-૪૪ )

* જો સૌથી પ્રથમ સંસારના ભયથી મોક્ષસુખમાં દઢ રુચિ ઉત્પન્ન થાય છે તો તે ( મોક્ષસુખની ) પ્રાપ્તિનો સહેલો ઉપાય છે. ૧૯૦૨.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૮, ગાથા-૪ )

* અબ સમ્યગ્દર્શનકા ઉદય હો ગયા હૈ. ઈસી સમ્યગ્દર્શનકે દ્વારા પરમાત્મપદકા પ્રકાશ હોતા હૈ. આત્માકે સ્વભાવકા પ્રકાશ હોના હી સિદ્ધપદ હૈ. શ્રી પરમજિન અરહંતભગવાને હી ઐસા કહા હૈ. ૧૯૦૩.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૮૫ )

* * *

* જો સમસ્ત દેવ ઔર મનુષ્ય ઇન્દ્રિયોંકે વિષયોંસે ઉત્પન્ન ઔર ઇન્દ્રિયોંકે તૃપ્ત કરનેમેં સમર્થ ઐસે નિરાબાધ સુખકો વર્તમાનકાલમેં ભોગતે હૈં તથા સબને અતીત કાલમેં જો સુખ ભોગે હૈં ઔર જો સુખ મહાઋદ્ધિયોંસે ઉત્પન્ન હુએ હૈં તથા સ્વાદિષ્ટ ઔર મનકો પ્રસન્ન કરનેવાલે જો સુખ આગામી કાલમેં ભોગે જોયેંગે ઉન સમસ્ત સુખોંસે અનંતગુણે અતીન્દ્રિય ઔર અપને સ્વભાવસે ઉત્પન્ન હોનેવાલે સુખકો શ્રી સિદ્ધ ભગવાન પરમેશ્વર એક હી સમયમેં ભોગતે હૈ. ૧૯૦૪.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૪૨, શ્લોક-૬૬-૬૭-૬૮ )

* જે મનુષ્ય પરદ્રવ્યનું હરણ કરે છે તે મૂર્ખ છે, ચોર છે, જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે સમજણો છે, શાહૂકાર છે. જે પરદ્રવ્યની સંગતિમાં મગ્ન રહે છે તે બંધની પરંપરા વધારે છે અને જે નિજસત્તામાં લીન રહે છે તે સહજમાં જ મોક્ષ પામે છે. ૧૯૦૫.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૧૮-૧૯ )

* યે ગ્યારહ પ્રતિમાયેં હૈં ઇનમેં સબકે શુદ્ધભાવ તથા શુદ્ધ ધ્યાન રહતા હૈ, આત્માકો પરમાત્મરૂપ ભાતે હૈ, ઉનકે નિર્મલ નિશ્ચય શુદ્ધ સમ્યગ્દર્શન હોતા હૈ. ૧૯૦૬.

( શ્રી તારણસ્વામી જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૩૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેમ જેમ વિશેષ શુદ્ધતાની અંતરંગમાં પ્રકાશમાન વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ જ ઇન્દ્રિયોના વિષયોમાં પણ ઉપેક્ષા વધતી જાય છે. ૧૯૦૭.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૮૪ )

* અહીં શિષ્ય પૂછે છે – સવિપાક નિર્જરા નરકાદિ ગતિઓમાં અજ્ઞાનીઓને પણ ( થતી ) જોવામાં આવે છે. તે સમ્યગ્જ્ઞાનીઓને જ હોય એવો નિયમ નથી. તેનો ઉત્તર- અહીં જે સંવર પૂર્વકની મોક્ષના કારણરૂપ નિર્જરા છે તે જ ગ્રહણ કરવી. જે અજ્ઞાનીઓની નિર્જરા છે તે તો ગજસ્નાનવત્ નિષ્ફળ છે, કારણ કે થોડાં કર્મ ખરે છે અને તે ઘણાં વધારે બાંધે છે તે કારણે તે ગ્રહણ કરવા યોગ્ય નથી. ૧૯૦૮.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસહ સંગ્રહ, ગાથા-૩૬ ની ટીકામાંથી )

* સુખસે ભાયા હુઆ જ્ઞાન હૈ વહ ઉપસર્ગ-પરિષહાદિકે દ્વારા દુઃખ ઉત્પન્ન હોતે હી નષ્ટ હો જાતા હૈ, ઇસલિયે યહ ઉપદેશ હૈ કિ જો યોગી ધ્યાની મુનિ હૈ વહ તપશ્ચરણાદિ કે કષ્ટ સહિત આત્માકો ભાવે ( અર્થાત્ બાહ્યમેં જરા ભી અનુકૂલ-પ્રતિકૂલ ન માનકર નિજ આત્મામેં એકાગ્રતારૂપી ભાવના કરે ) જિસસે આત્મશક્તિ ઔર આત્મિક આનંદકા પ્રચુર સંવેદન બઢતા હી હૈ. ૧૯૦૯.

( શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૬૨ )

* * *

* પ્રશ્નઃ- જે શાસ્ત્ર પોતે જ મંગળ છે, તેનું મંગળ શા માટે કરવામાં આવે છે?

ઉત્તરઃ- ભક્તિ અર્થે મંગળનું પણ મંગળ કરવામાં આવે છે. સૂર્યને દીપકથી, મહાસાગરને જળથી, વાગીશ્વરીને ( સરસ્વતીને ) વાણીથી અને મંગળને મંગળથી અર્ચવામાં આવે છે. ૧૯૧૦.

( શ્રી જયસેન આચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧ )

* જે આત્મા આ કર્મના પરિણામને તેમ જ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે. ૧૯૧૧.

( શ્રી કુંદકુંદ આચાર્ય, સમયસાર, ગાથા-૭૫ )

* રાગ ઔર દેષ મહાશત્રુ હૈ મોક્ષકે વીતરાગ વિજ્ઞાનમય માર્ગકો લૂટનેવાલે હૈં. યે દીર્ઘકાલસે સંચય કિયે હુએ જ્ઞાન, ધ્યાન, તપ, રત્નકો લૂંટ લેતે હૈં ૧૯૧૨.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૬ )

* અધમાધમ મનુષ્ય સરળ ચિત્તવાળા મનુષ્યને મૂર્ખ કહે છે, જે વાતચીતમાં ચતુર હોય તેને ધીઠ કહે છે, વિનયવાનને ધનનો આશ્રિત બતાવે છે, ક્ષમાવાનને કમજોર કહે છે. સંયમીને લોભી કહે છે, મધુર બોલનારને ગરીબ કહે છે, ધર્માત્માને ઢોંગી કહે છે, નિસ્પૃહીને ઘમંડી કહે છે, સંતોષીને ભાગ્યહીન કહે છે, અર્થાત્ જ્યાં સદ્ગુણ દેખે છે ત્યાં દોષ લગાવે છે. દુર્જનનું હૃદય એવું જ મલિન હોય છે. ૧૯૧૩.

( શ્રી બનારસીદાસજી નાટક સમયસાર, બંધ દ્વાર, ૫૬-૨૩ )

* જીવ અને શરીર પાણી અને દૂધની જેમ મળેલાં છે તોપણ ભેગાં-એકરૂપ નથી, જુદાં – જુદાં છે; તો પછી બહારમાં પ્રગટરૂપથી જુદાં દેખાય છે એવા લક્ષ્મી, મકાન, પુત્ર અને સ્ત્રી વગેરે મળીને એક કેમ હોઇ શકે? ૧૯૧૪.

( શ્રી દૌલતરામજી, છઢાળા, ઢાળ-૫, શ્લોક-૭ )

* જે અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત સુખ-સ્વભાવના ધારક છે, સમસ્ત સંસારી વિકારી ભાવોથી પર છે, અભેદ રત્નત્રયરૂપ નિર્વિકલ્પ સમાધિ દ્વારા ગમ્ય છે, પરમાત્મા સંજ્ઞાથી પ્રસિદ્ધ છે તે દેવાધિદેવ મારા હૃદયમાં બિરાજમાન થાઓ. ૧૯૧૫.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૧૩ )

* જે તરુવર રસ્તાને છોડીને દૂર ફળ્યું ફૂલ્યું છે તે નકામું છે, નથી તો કોઈ થાકેલા પથિકો ત્યાં વિશ્રામ લેતા કે નથી તેના ફળને કોઇ હાથ લગાડતું (તેમ માર્ગ ભ્રષ્ટ જીવોનો વૈભવ નકામો છે). ૧૯૧૬.

( મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૧૫ )

* આ સમસ્ત અધિકારમાં નિશ્ચયથી આટલું જ કાર્ય છે. તે કાર્ય શું? આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવ સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી. ૧૯૧૭.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૨૨ )

* દુર્લભ મનુષ્યપણું પામી જે ઇન્દ્રિય-વિષયોમાં રમે છે તે રાખને માટે દિવ્ય અમૂલ્ય રત્નને બાળે છે. ૧૯૧૮.

( સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૦૦ )

* બીજી આડી અવળી વાતો કરવાનું છોડો; તે તો માત્ર એક –બે શબ્દોથી ટૂંકમાં જ પતાવી દો, ને સદાય નિજાત્મતત્ત્વના અભ્યાસ વડે આત્મગુણોની વૃદ્ધિ કરો. ૧૯૧૯.

( શ્રી નેમીશ્વર – વચનામૃત શતક, શ્લોક-૧૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* મૂળગુણો છોડીને કેવળ બાકીના ઉત્તરગુણોના પરિપાલનમાં જ પ્રયત્ન કરનાર તથા નિરંતર પૂજા આદિની ઈચ્છા રાખનાર સાધુનો આ પ્રયત્ન મૂળઘાતક થશે. કારણ કે ઉત્તરગુણોમાં દઢતા આ મૂળગુણોના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે. તેથી આ તેનો પ્રયત્ન એવો છે કે જેમ યુદ્ધમાં કોઇ મૂર્ખ સુભટ પોતાના મસ્તકનું છેદન કરનાર શત્રુના અનુપમ પ્રહારની પરવા ન કરતાં કેવળ આંગળીના અગ્રભાવના ખંડન કરનાર પ્રહારથી જ પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે. ૧૯૨૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૪૦ )

***

* ઘાત કરનેવાલા ઔર ઘાત કરનેવાલેકી પ્રસંશા કરનેવાલા ઈન દોનોંકા પાપ પરમાગમમેં સમાન હી નિર્ણય કિયા ગયા હૈં. કયોંકિ જૈસે ઘાત કરનેવાલેકો જો પાપ હુઆ સો ભી અશુભ પરિણામોસે હુઆ હૈ, ઉસી પ્રકાર ભલે જાનનેવાલેકે ભી અશુભ સંકલ્પ હુએ વિના ઉસકી અનુમોદના નહિ હો સકતી હૈ; ઇસ કારણ હિંસા કરને ઔર ઉસકો ભલા જાનનેવાલેકો પાપ બરાબર લગતા હૈ.

(દેખો ! સ્વયંભૂરમણ સમુદ્રમેં શાલિમત્સ્ય મહામત્સ્યકે પરિણામોંસે અપને પરિણામ મિલાકર નરકકો ગયા. યહ અન્ય કોઈ હિંસા કરે ઉસકા જો આપ અનુમોદન કરૈ તો ઉસકે સંકલ્પમાત્રસે ઉસીકે સમાન પાપ હોનેકા ઉદાહરણ હૈ. ૧૯૨૧.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૪૫-૪૬ )

***

* જેમ કોઇ મુર્ખ સુવર્ણના થાળમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથ વડે ચિંતામણિ ફેંકી દે છે તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્યજન્મને પ્રમાદને વશ થઇને વ્યર્થ ગુમાવે છે. ૧૯૨૨.

( શ્રી સોમપ્રભ આચાર્ય, સુક્તિ-મુક્તાવલી, શ્લોક-૫ )

* જિસ મૃત્યુતૈં જીર્ણ દેહાદિક સર્વ છૂટિ નવીન હો જાય સો મૃત્યુ સત્પુરુષનિકૈ સાતાકા ઉદયકી જ્યોં હર્ષકે અર્થિ નહીં હોય કહા ? જ્ઞાનીનિકૈ તો મૃત્યુ હર્ષકે અર્થિ હી હૈ. ૧૯૨૩.

( મૃત્યુમહોત્સવ, શ્લોક-૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* પ્રેમ સમાન કોઇ બંધન નથી. વિષય સમાન કોઇ વિષ નથી. ક્રોધ સમાન કોઇ શત્રુ નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી. સૌથી મોટું બંધન પ્રેમ છે, સૌથી મોટું વિષ વિષય છે, સૌથી મોટો શત્રુ ક્રોધ છે. સૌથી મોટું દુઃખ જન્મ છે. ૧૯૨૪.

( શ્રી વીરનન્દિકૃત ચન્દ્રપ્રભ–ચરિત્રમાંથી )

* જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બન્ને મરે જ છે તો વીરતાથી અર્થાત્ સંકલેશ પરિણામોનો ત્યાગ કરીને શાંત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું શાંત–પરિણામી થઇને પ્રાણોનો ત્યાગ કરીશ. ૧૯૨૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા–૯૬ )

* આ જીવને ત્રણ કાળ ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી તથા મિથ્યાત્વ સમાન અન્ય કોઇ અકલ્યાણ નથી. ૧૯૨૬.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્કરંડ શ્રાવકાચાર, ગાથા–૩૪ )

* જો કે ઔષધિ ગુણકારી હોય છે તોપણ જો તે વિષ–મિશ્રિત થઇ ગઇ હોય તો તે દોષિત થઇ જવાથી તેના સેવનથી મનુષ્યને નુકશાન થાય છે. તેવી જ રીતે અહિંસાદિ ગુણ જ્યારે મિથ્યાત્વ સહિત હોય છે ત્યારે તે ગુણ હોવા છતાં સંસારમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરાવવાવાળા દોષોને ધારણ કરે છે. ૧૯૨૭.

( શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા–૬૩ )

* આ એક મરણના અંતે થવાવાળી સંલેખના જ મારા ધર્મરૂપી ધનને મારી સાથે લઈ જવાને સમર્થ છે. એ રીતે ભક્તિ સહિત નિરંતર ભાવના કરવી જોઇએ. ૧૯૨૮.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થ સિદ્ધિ–ઉપાય, શ્લોક–૧૭૫ )

* સંકલ્પ–વિકલ્પના નાશથી નિર્વિકલ્પદશામાં ઉત્પન્ન થતો જે જ્ઞાનરૂપી સુધારસ તેને ભાવમુનિઓ સમ્યગ્જ્ઞાનરૂપી અંજલિ વડે પીવે છે. ૧૯૨૯.

( પરમાનંદસ્તોત્ર, શ્લોક–૫ )

* કોઈ કોઈ માત્ર જ્ઞાનથી જ આત્માની શુદ્ધિ થવી માને છે તે તેમનો મોટો ભ્રમ છે. કારણ કે ઔષધિનું સ્વરૂપ જાણવા માત્રથી કોઇનો રોગ દૂર થતો નથી, પરંતુ ઔષધિ સેવનથી જ રોગ દૂર થાય છે. તેમ જ્ઞાનની સાથે શ્રદ્ધા અને ચારિત્ર હોતા જ આત્માની શુદ્ધિ ( મુક્તિ ) થાય છે. ૧૯૩૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, ધર્મ–પરીક્ષા, પરિચ્છેદ ૧૭મું, શ્લોક–૫૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અંધ પુરુષકા સ્વભાવ હી અંધા હોતા હૈ. ઉસે કુછ દીખતા હી નહીં હૈ. ઈસી તરહ જો મિથ્યાત્વકે ઉદયસે અંધા હૈ વહ હિત–અહિત ધર્મ–અધર્મ પર દ્રષ્ટિ ન દેતા હુઆ અજ્ઞાનસે કુઆચરણ કરકે ભોગોંમેં લિપ્ત હોકર દુઃખકા બીજ બોતા હૈ, અનંતાનંત દોષોંકા પાત્ર હોતા હૈ, સંસારમેં નરકગતિમેં જાતા હૈ યા નિગોદમેં દીર્ઘકાલ વિતાતા હૈ. ૧૯૩૧.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ–શુદ્ધસાર, શ્લોક–૨૫૩ )

* ચાર ગતિના દુઃખોનો ક્ષય થાઓ, આઠ કર્મોનો ક્ષય થાઓ, જ્ઞાનનો લાભ થાઓ, પંચમગતિમાં ગમન થાઓ. સમાધિ–મરણ થાઓ તથા જિનરાજના ગુણોની સંપત્તિ મને પ્રાપ્ત થાઓ. ૧૯૩૨.

( શ્રી કુંદકુંદ આચાર્ય, દસ ભક્તિ )

* જિસકે આધીન અપની આત્મા નહીં હૈ ઉસકે આધીન દૂસરે માનવ કૈસે હો સકતે હૈ? જિસકે આધીન અપની આત્મા હૈ વ જો શાંત હૈ ઉસકે આધીન તીન લોક હો જાતા હૈ. ૧૯૩૩.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચાય, શ્લોક–૩૦૦ )

* મિથ્યાદ્રષ્ટિ અપનેકો ઐસા વિશેષ માનતા હૈ કિ મૈં સબમેં શ્રેષ્ઠ બ્રાહ્મણ હૂં, મૈં વણિક હૂં, મૈં ક્ષત્રિય હૂં, મૈં ઈનકે સિવાય શુદ્ર હૂં, મૈં પુરુષ હૂં, નપુંસક હૂં ઓર સ્ત્રી હૂં ઈસપ્રકાર શરીરકે ભાવોંકો મૂર્ખ અપને માનતા હૈ. સો યે સબ શરીરકે હૈ, આત્માકે નહિ હૈ. ૧૯૩૪.

( શ્રી યોગીન્દ્રદેવ પરમાત્માપ્રકાશ, અધિ. ૧. ગાથા–૮૧ )

***

* ઈસ સંસારમેં રાગાદિ પરપરિણતિકે કારણ અનંત ભવોમેં અનંત પ્રકારકે ભય બને રહતે હૈં, મરણભય, ઇષ્ટ–વિયોગભય, રોગ ભય – આદિ–આદિ. જબ ભવ્યજીવ સમ્યગ્જ્ઞાની હો જાતા હૈ તબ સર્વ ભયોંસે રહિત હો જાતા હૈ. ફિર ઉસકે સંસારકે ભ્રમણકા ભય ભી નાશ હો જાતા હૈ. વહ ભવ્યજીવ ગુણોંકા નિધાન હૈ, ઉસકે નિર્મલભાવ રહતે હૈ ઐસા જાનો. વાસ્તવમેં સમ્યગ્દ્રષ્ટિ આત્મજ્ઞાની હોતા હૈ. ઉસકો નિશ્ચય હો જાતા હૈં કિ મૈં શુદ્ધાત્મ સ્વરૂપ હૂં. મેરી મુક્તિ મેરે હી પાસ હૈ ઈસલિયે વહ પૂર્ણ નિર્ભય રહતા હૈ, ઉસકે ભીતર શુદ્ધાત્માકા સ્વભાવ પ્રગટ રૂપસે ઝલકતા હૈ, વહ સ્વસંવેદન દ્વારા આત્માકે શુદ્ધ સ્વભાવકા અનુભવ કરતા હૈ. ૧૯૩૫.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું–૨૯૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અહિંસા જ જગતનું રક્ષણ કરનાર માતા છે, અહિંસા જ આનંદની વૃદ્ધિ કરનાર છે, અહિંસા જ ઉત્તમ ગતિ છે, અહિંસા જ અવિનાશી લક્ષ્મી છે, અહિંસા જ મોક્ષસુખને ઉત્પન્ન કરનાર છે, અહિંસા જ સ્વર્ગ સંપત્તિને દેનાર છે, અહિંસા જ પરત હિતકારી છે અને અહિંસા જ સર્વ આપદાઓનો નાશ કરનાર છે. ૧૯૩૬.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક-૩૨-૩૩ )

* પોતાના આત્મના ઉદ્ધારની ચિંતા કરવી તે ઉત્તમ ચિંતા છે, શુભરાગના વિશે બીજા જીવોનું ભલું કરવાની ચિંતા કરવી તે મધ્યમ ચિંતા છે, કામભોગની ચિંતા કરવી તે અધમ ચિંતા છે અને બીજાનું અહિત કરવાનો વિચાર કરવો તે અધમથી અધમ ચિંતા છે. ૧૯૩૭.

( પરમાનંદસ્તોત્ર )

* આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલમત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે. ૧૯૩૮.

( શ્રી જયસેન-આચાર્ય )

* * *

* મિથ્યાદ્રષ્ટિઓને તે શુદ્ધ સાન્યરૂપ સત્ અનુભવમાં આવતું નથી કે જે પોતાની સર્વ વિશેષ અવસ્થાઓમાં પણ અનુપમરૂપથી વિદ્યમાન રહે છે, કારણ કે દ્રષ્ટિમાં જ દર્શનમોહરૂપ દોષ હોવાથી તે મિથ્યાદ્રષ્ટિઓને જ્ઞાનચેતના હોતી નથી. ૧૯૩૯.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૨૨ )

* પ્રથમ જ સર્વસિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ - કાર્ય જાણવા; જેટલા સંસારથી પાર થયા છે તે સર્વે પરમાત્માનાં કારણ-કાર્ય જાણી જાણીને થયા છે. ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેના (-તે પરમાત્માના) કારણકાર્ય જો ન જાણ્યા તો તેણે શું જાણ્યું ? ( કાંઇ જાણ્યું નથી. ) માટે કારણ-કાર્ય જાણવા જોઇએ. ૧૯૪૦.

( શ્રી દીપચંદજી, ચિદ્દવિલાસ, પાનું-૩૫ )

* ચિંતામણિરત્ન ચિંતિત પદાર્થોનું અને કલ્પવૃક્ષ કલ્પેલા પદાર્થોનું પ્રદાન કરે છે; પરંતુ શુદ્ધ આત્માના ધ્યાનથી અચિંતિત અને અસંકલ્પિત પદાર્થની પ્રાપ્તિ થાય છે. ૧૯૪૧.

( શ્રી અમિતગતિ આચાર્ય )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જ્ઞાનદર્શન સ્વભાવસે શોભાયાન તથા દ્રવ્યકર્મ ભાવકર્મ નોકર્મકે સમુદાયકો દૂર રખનેવાલે આત્માકો છોડકર કોઇ ભી અન્ય ભાવ મેરા નહીં હૈ ઔર ન મૈં કિસી અન્યકા હૂં ઐસી બુદ્ધિ આત્મસ્વરૂપકી મર્યાદાકો જાનનેવાલે જિસ કિસીકે ચિંત્તમેં નિત્ય રહા કરતી હૈં ઉસ મહાત્માકે કર્મોકા બંધ નહીં હોતા, યોં તો તીનોં લોકકે સંસારી પ્રાણી સંસારકે બંધનોંસે જકડે હુએ હૈં. ૧૯૪૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના. શ્લોક-૧૧ )

* * *

* અહીં સોમ નામના રાજશ્રેષ્ઠી પ્રશ્ન કરે છે: હે ભગવાન! કેવળજ્ઞાનના અનંતમાં ભાગપ્રમાણ આકાશદ્રવ્ય છે, તેના પણ અનતમાં ભાગમાં સૌની વચ્ચે લોકાકાશ છે અને તે અનાદિનિધન છે, કોઈ પણ વિશિષ્ટ પુરુષ વડે કરાયો નથી, નષ્ટ થતો નથી, ધારણ કરવામં આવતો નથી કે રક્ષાતો નથી, વળી તે અસંખ્યાત પ્રદેશોવાળો છે. તે અસંખ્યાત પ્રદેશી લોકમાં અનંત જીવો, તેના કરતાં પણ અનંતગુણા પુદ્‌ગલો, લોકાકાશપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્યો, પ્રત્યેક લોકાકાશપ્રમાણ એવા ધર્મ અને અધર્મ બે દ્રવ્યો – એ પદાર્થો કેવી રીતે અવકાશ મેળવે છે?

ભગવાન ઉત્તર આપે છે:- એક દીપકના પ્રકાશમાં અનેક દીપકોનો પ્રકાશ, એક ગૂઢ રસના શીશામાં ઘણું સુવર્ણ, રાખથી ભરેલા ઘડામાં સોય તથા ઊંટડીનું દૂધ જેમ સમાઈ જાય છે – ઇત્યાદિ દષ્ટાંતે વિશિષ્ટ અવગાહનશક્તિને લીધે અસંખ્યપ્રદેશવાળા લોકમાં પણ પૂર્વોકત પદાર્થોના અવગાહમાં વિરોધ આવતો નથી. ૧૯૪૩.

( શ્રી નેમીચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્‌દ્રવ્ય-સંગ્રહ ગાથા-૨૦ની ટીકામાંથી )

* * *

* કોઇ કહે કે સંસાર અનંત છે તે કેમ મટે? તેનું સમાધાન- વાંદરાનું ફસાવું એટલું જ છે કે મૂઠી છોડતો નથી, પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી, કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે, કોઇ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે ત્યાં સુધી જ તેને ભય છે. મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે, તેથી જ દુ:ખી છે. તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે, ન માને તો મુક્ત જ છે. ૧૯૪૪.

( શ્રી દીપચંદજી, ચિદ્‌વિલાસ, પાનું-૧૦૬ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



***

* જેમ એક નરના અનેક અંગ છે, (ત્યાં કોઇ) એક અંગમાં નર નથી; સર્વ અંગરૂપ નર છે. તેમ દ્રવ્યરૂપ, ગુણરૂપ પર્યાયરૂપ જીવ નથી; જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયનું એકત્વ છે. જો એક અંગમાં જીવ હોય તો જ્ઞાનજીવ, દર્શનજીવ-એ પ્રમાણે અનંતગુણો અનંતજીવ થઈ જાય. માટે અનંતગુણનો પુંજ જીવવસ્તુ છે. ૧૯૪૫.

(શ્રી દીપચંદજી, ચિદ્દવિલાસ, પાનું- ૬૧)

***

* જિનેશ્વર દેવ! મને સમાધિ આપો, બોધિ આપો ઇત્યાદિ વચન સત્ય નથી અને અસત્ય પણ નથી, કારણ આ વચન ભક્તગણ ભક્તિથી જિનેશ્વર પ્રતિ બોલે છે તેથી આ ભક્તિ-વચન છે. જિનેશ્વરદેવે પોતાના રાગદ્વેષનો નાશ કર્યો છે. તેઓ ભક્તોને સમાધિ અને બોધ આપતા નથી. જો તેઓ ભક્તોને સમાધી અને બોધિ આદિ આપવા લાગે તો તેઓ રાગી ઠરે છે. માટે જિનેશ્વરદેવ અમને સમાધિ આદી આપો એમ કહેવું તે ભક્તિ-વચન જાણવું. ૧૯૪૬.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ આવશ્યક અધિકાર, ગાથા-૭૯)

***

* પ્રથમ તો શ્રાવકોંકો સુનિર્મલ અર્થાત્ ભલે પ્રકાર નિર્મલ ઔર મેરુવત્ નિઃકંપ અચલ તથા ચલ મલિન અગાઢ દૂષણ રહિત અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો ગ્રહણ કરકે દુઃખકા ક્ષય કરનેકે લિયે ઉસકો અર્થાત્ સમ્યગ્દર્શનકો (સમ્યગ્દર્શનકે (વિષયકો) ધ્યાનમેં ધ્યાવના. ભાવાર્થ-શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે, ઈસ સમ્યક્ત્વકી ભાવનાસે ગૃહસ્થકે ગૃહકાર્ય સંબંધી આકુલતા, ક્ષોભ, દુઃખ હોય છે વહ મિટ જાતા હૈ, કાર્ય કે બિગડને સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ, સમ્યગ્દષ્ટિકે ઈસ પ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના હૈ વૈસા નિરંતર પરિણમતા હૈ વહી હોતા હૈ, -ઇષ્ટ-અનિષ્ટ માનકર દુઃખી સુખી હોના નિષ્ફલ હૈ. ઐસા વિચાર કરનેસે દુઃખ મિટતા હૈ યહ પ્રત્યક્ષ અનુભવગોચર હૈ ઈસલિયે સમ્યક્ત્વકા ધ્યાન કરના કહા હૈ. ૧૯૪૭.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૮૬)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

∗ હે પ્રભુ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ-જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો એ દુઃખને યાદ કરતાં મારા હૃદયમાં આયુધની જેમ ઘા લાગે છે. ૧૯૪૮.

( શ્રી વાદિરાજ મુનિરાજ, એકીભાવ સ્તોત્ર, પદ-૧૧ )

∗ શાસ્ત્રમાં તો અનેક પ્રકારનો ઉપદેશ આપ્યો છે પણ તેને સમ્યગ્જ્ઞાનમાં યથાર્થ પ્રયોજનપૂર્વક ઓળખે તો હિત-અહિતનો નિશ્ચય થાય. માટે સ્યાત્પદની સાપેક્ષતાસહિત સમ્યગ્જ્ઞાન વડે જે જીવ જિનવચનમાં રમે છે તે જીવ થોડા જ વખતમાં શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. મોક્ષ- માર્ગમાં પ્રથમ ઉપાય આગમજ્ઞાન કહ્યો છે આગમજ્ઞાન વિના ધર્મનું અન્ય સાધન પણ થઈ શકે નહિ માટે તમારે પણ યથાર્થ બુદ્ધિ વડે આગમનો અભ્યાસ કરવો. એથી તમારું કલ્યાણ થશે. ૧૯૪૯.

( શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ-૮, પાનું-૩૦૬ )

∗∗∗

∗ વર્તમાન કાળમાં મનુષ્યોનું આયુષ્ય અલ્પ અને બુદ્ધિ અતિશય મંદ થઇ ગઇ છે તેથી તેમનામાં સમસ્ત શ્રુતના અભ્યાસની શક્તિ રહી નથી. આ કારણે તેમણે અહીં એટલા જ શ્રુતનો પ્રયત્ન પૂર્વક અભ્યાસ કરવો જોઇએ કે જે મોક્ષનું બીજભૂત થઇને આત્માનું હિત કરનાર હોય. ૧૯૫૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૨૭ )

∗ હે ભવ્ય જીવ! આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના જ્ઞાન સહિત વિનય પૂર્વક હંમેશા કરો, નહિ તો મરણ આવતાં બહુ પશ્ચાત્તાપ થશે કે હું કંઈ કરી ન શક્યો. તથા મરણનો સમય નિશ્ચિત નથી તેથી આત્મ-જ્ઞાનની ભાવના સદાય કરવા યોગ્ય છે. ૧૯૫૧.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય )

∗ આ વાત વારંવાર કહેવાથી તો પુનરુકિત-દોષ આવશે! -માટે તેનું પ્રયોજન? -આમ વિચારીને હે ભવ્ય! તું તત્ત્વનો અભ્યાસ છડી ન દઇશ. વારંવાર તત્ત્વાભ્યાસની રુચિ વડે કર્મની શક્તિને તોડવાની આ એક યુક્તિ શું બસ નથી! અર્થાત્ વારંવાર તત્ત્વના ઘોલનથી પુન-રુકિતદોષ લાગતો નથી, પરંતુ કર્મનો રસ છૂટતો જાય છે. ૧૯૫૨.

( શ્રી નેમીશ્વર વચનામૃત – શતક, શ્લોક-૩૧ નો અન્ય પ્રતના આધારે બીજો અર્થ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હે મિત્ર! જો તમે અહીં સૌભાગ્યની ઈચ્છા રાખતા હો, સુંદર સ્ત્રીની ઈચ્છા રાખતા હો પુત્રોની ઇચ્છા રાખનાર હો, લક્ષ્મીની ઇચ્છા રાખતા હો, મહેલની ઇચ્છા રાખતા હો, સુખની ઇચ્છા કરતા હો, સુંદર રૂપની ઇચ્છા કરતા હો, પ્રીતિની ઇચ્છા કરતા હો અથવા જો અનંત સુખરૂપ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમ સ્થાન (મોક્ષ) ની ઇચ્છા રાખતા હો તો નિશ્ચયથી સમસ્ત દુઃખદાયક આપત્તિઓનો નાશ કરનાર ધર્મમાં તમારી બુદ્ધિ જોડો. ૧૯૫૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૮૬)

* * *

* હે ભગવન્! અમે અસંજ્ઞીની માફક હિત-અહિત, માર્ગ-અમાર્ગ, ધર્મ-અધર્મને જાણતા ન હતા, તે આપના ચરણકમળના આશ્રય વડે અમે અમારું હિત-અહિત, માર્ગ-અમાર્ગ, ધર્મ-અધર્મ જાણ્યા. માટે આપે અમને મન સહિત કર્યા.

વળી અમે અનાદિથી બહેરાની માફક હિત અહિત - સાંભળ્યું ન હતું, તે આપની કૃપાથી હિત-અહિત શ્રવણ કરીને હિત-અહિત જાણ્યું, માટે આપ અમને કાન સહિત કર્યા.

વળી હે ભગવન્! અમે અનાદિથી સ્વપરનું સ્વરૂપ નહિ દેખવાથી અંધ સમાન હતા. તે આપના ચરણકમળના પ્રસાદથી અમે સર્વ પદાર્થનું સ્વરૂપ જોયું, તેથી આપે અમને જ્ઞાન-નેત્ર સહિત કર્યા.

વળી હે ભગવન્! જેવી રીતે કોઈ માર્ગ ભૂલી જઇને ભયંકર વનમાં મરણતુલ્ય થઇને ભટકતો હોય તેમ અમે પણ અમારું હિત જે મોક્ષ તેનો માર્ગ ભૂલી, અનંતાનંતકાળથી મરણતુલ્ય થઇને સંસારમાં ભટકતા હતા, તેને આપે મોક્ષના માર્ગમાં એવી રીતે લગાવી દીધા કે જેથી ખેદ વગર અમે મોક્ષનગર પહોંચી જઇશું. આવો સર્વોત્કૃષ્ટ ઉપકાર આપે અમારા ઉપર કર્યો, હવે આપના વિયોગથી અમારી દશે દિશા શૂન્ય થઈ ગઈ- અંધકાર થઈ ગયો! ૧૯૫૪.

(શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના ગાથા - ૩૮૪નો ભાવાર્થ)

* * *

* જે મનુષ્યો ઉત્તમગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીન શાસ્ત્ર વાંચતા નથી તેમને બુદ્ધિમાન મનુષ્ય બંને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે. ૧૯૫૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૨૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* ભવ્યજીવોંકો ઐસા વિચાર કરના ચાહિયે કિ મૈં સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ હૂં, ઉદાસીન હૂં, નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચરિત્રરૂપ નિશ્ચયરત્નત્રયમયી નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ આનંદાનુભૂતિમાત્ર જો સ્વસંવેદનજ્ઞાન ઉસસે ગમ્ય હૂં, અન્ય ઉપાયોંસે ગમ્ય નહીં હૂં, નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ, મૈં પૂર્ણ હૂં, રાગ, દ્વેષ મોહ ક્રોધ, માન, માયા, લોભ, પાંચોં ઇન્દ્રિયોકે વિષય- વ્યપાર, મન વચન કાય, દ્રવ્યકર્મ ભાવકર્મ નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખે-સુને ઔર અનુભવે ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ, માયા, મિથ્યા તે તીન શલ્યે ઇત્યાદિ વિભાવ પરિણામોંસે રહિત સબ પ્રપંચોંસે રહિત મૈં હૂં. તીન લોક તીન કાલમેં, મન વચન કાય કર, કૃત કારિત અનુમોદના કર, શુદ્ધ નિશ્ચયનયસે મૈં આત્મારામ ઐસા હૂં તથા સભી જીવ ઐસે હૈં. ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે. ૧૯૫૬.

( શ્રી પરમાત્મપ્રકાશ, ટીકાકારનું અંતિમ કથન )

***

* જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવાં છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુ – સંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ, તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. ૧૯૫૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૮૮ )

***

* જે શાસ્ત્ર જિનેન્દ્રદેવ દ્વારા પ્રરુપિત છે, અનર્થનું નાશક છે, અનેક વિશિષતાવાળું છે, ઉત્કૃષ્ટ છે તથા અમૃત સમાન સર્વ પ્રાણીઓનું હિત કરવાવાળું છે, તેને અહીં જીવોને ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે પ્રગટ કરવું તેને શાંત મુનિઓ ત્યાગ-ધર્મ કહે છે. ૧૯૫૮.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક – ૭૦૪ )

* જબ તક મોક્ષ ન હો તબ તક ભવ ભવમેં ઈતની બાતેં પ્રાપ્ત હોં. (૧) શાસ્ત્ર પઠન (૨) જિન ભક્તિ (૩) સત્પુરુષોંકી સંગતિ (૪) સુચારિચત્રવાલોંકે ગુણોકી કથા (૫) પરનિંદા ન કરના (૬) સબસે મીઠે વચન બોલના (૭) આત્મતત્ત્વમેં વિચાર રહના. ૧૯૫૯.

( જૂના શાંતિપાઠમાંથી )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* આ ગ્રંથ પ્રમાણ છે. આ કારણે મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ આનો અભ્યાસ કરવો જોઇએ. કેમ કે આ ગ્રંથ અલ્પ છે. અર્થાત્ મોક્ષરૂપ કાર્યને ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે એવો વિચાર કરવો જોઇએ નહીં. કારણ કે અમૃતના સો ઘડાને પીવાનું ફળ અંજલિમાત્ર અમૃત પીવાથી પણ પ્રાપ્ત થતું જોવામાં આવે છે. ૧૯૬૦.

( શ્રી વીરસેન આચાર્ય, ધવલા–ટીકા, પુસ્તક–૯, પાનું– ૧૩૩–૧૩૪ )

***

* ચતુર્થકાલમેં તો ઇસ ક્ષેત્રમેં દેવોંકા આગમન થા, ઉનકો દેખકર ધર્મકી રુચિ હોતી થી, ઔર નાના પ્રકારકી ૠદ્ધિયોં કે ધારી મહામુનિયોંકા અતિશય દેખકર જ્ઞાનકી પ્રાપ્તિ હોતી થી, તથા અન્ય જીવોંકો અવધિ- મનઃપર્યય – કેવલજ્ઞાનકી ઉત્પત્તિ દેખકર સમ્યક્ત્વકી સિદ્ધિ હોતી થી. જિનકે ચરણારવિંદોંકો બડે બડે મુકુટધારી રાજા નમસ્કાર કરતે થે ઐસે બડે બડે રાજાઓંકર સેવનીય ભરત સગર રામ પાંડવાદિ અનેક ચક્રવર્તી બલભદ્ર નારાયણ તથા મંડલીક રાજાઓંકો જિનધર્મમેં લીન દેખકર ભવ્યજીવોંકો જિનધર્મકી રુચિ ઉપજતી થી, તબ પરમાત્મભાવનાકે લિયે વિદ્યમાન વિષયોંકા ત્યાગ કરતે થે. ઔર જબતક ગૃહસ્થપનેમેં રહતે થે, તબતક દાન–પૂજાદિ શુભ ક્રિયાયેં કરતે થે, ચાર પ્રકારકે સંઘકી સેવા કરતે થે. ઇસલિયે પહેલે સમયમેં તો જ્ઞાનોત્પત્તિકે અનેક કારણ થે, જ્ઞાન ઉત્પન્ન હોનેકા અચંભા નહીં થા. લેકિન અબ ઇસ પંચમકાલમેં ઈતની સામગ્રી નહીં હૈ. ઐસા કહા ભી હૈ કિ ઈસ પંચમકાલમેં દેવોંકા આગમન તો બંધ હો ગયા હૈ, ઔર કોઈ અતિશય નહીં દેખા જાતા. યહ કાલ ધર્મકે અતિશય સે રહિત હૈ, ઔર કેવલજ્ઞાનકી ઉપત્તિસે રહિત હૈ, તથા હલધર, ચક્રવર્તી આદિ શલાકાપુરુષોંસે રહિત હૈ, ઐસે દુઃષમકાલમેં જો ભવ્યજીવ ધર્મકો ધારણ કરતે હૈ, યતી શ્રાવકકે વ્રત આચારતે હૈં, યહ અચંભા હૈ. વે પુરુષ ધન્ય હૈં, સદા પ્રસંશા યોગ્ય હૈ. ૧૯૬૧.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. –૨, ગાથા–૧૩૯ )

***

* અહીં (સમયસારમાં) આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્ગાવા–યોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૯૬૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૧૨૨ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં ( મુક્તિરૂપી સરિતામાં ) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી ( મહાજ્ઞાનરૂપી લક્ષ્મી ) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા ( પ્રકાશમાન, આનંદમય ) સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો. ૧૯૬૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, કળશ-૨૦ )

***

* હે જિનવાણી માતા! તેરી કૃપા વિના શાસ્ત્રકો પઢતે વ સુનતે હુએ ભી તત્ત્વકા નિશ્ચય નહીં હોતા હૈ તબ ફિર તેરે આશ્રય વિના પરુષમેં ભેદવિજ્ઞાન કૈસે હોગા? જો તેરી સેવા નહીં કરતે ઉનકા જન્મ નિષ્ફલ હૈ તૂ હી પવિત્ર જ્ઞાનજલકો રખનેવાલી નદીસ્વરૂપ હૈ, તૂ તીન લોકકે જીવોંકે શુદ્ધ કરનેકા કારણ હૈ ઔર તૂ હી નિશ્ચય આત્મતત્ત્વકે શ્રદ્ધાન કરનેવાલોંકો આત્માનંદરૂપી સમુદ્રકે બઢાનેકે લિયે ચંદ્રમાકે સમાન હૈ. ૧૯૬૪.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૧૧-૨૪ )

***

* જબ તક મુજે મોક્ષકી પ્રાપ્તિ ન હો તબ તક મેરે ભગવાન જિનેન્દ્રદેવકે કહે હુએ શાસ્ત્રોંકા અભ્યાસ સદા બના રહે. તબ તક ભગવાન જિનેન્દ્રદેવકી સ્તુતિ કરતા રહૂં, તબ તક મૈં સદા વ્રતી પુરુષોંકી સંગતિમેં રહૂં, તબ તક મૈં શ્રેષ્ઠ વ્રતોંકે ગુણોકીં કથામેં હી સદા લીન રહૂં, કિસીકે દોષ કહતે સમય મેરે મૌન વ્રત હો, સર્વકે સાથ બોલતે હુએ મેરે મૂખસે પ્રિય ઔર હિત કરનેવાલા વચન નિકલે ઔર મેરી ભાવના સદા આત્મતત્ત્વમેં બની રહે. હે પ્રભો! તબ તક ભવ ભવમેં યે સબ બાતે મુજે પ્રાપ્ત હોતી રહે. ૧૯૬૫.

( શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિભક્તિ, શ્લોક-૨ )

***

* સમભાવકા લક્ષણ ઐસા હૈ કિ જીવિત, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખાદિ સબકો સમાન જાને, જો અનંત સિદ્ધ હુએ ઔર હોવેંગે, યહ સબ સમભાવકા પ્રભાવ હૈ. સમભાવસે મોક્ષ મિલા હૈ. કૈસા હૈ વહ મોક્ષસ્થાન, જો અત્યંત અદ્ભુત અચિંત્ય કેવલજ્ઞાનાદિ અનંત ગુણોંકા સ્થાન હૈ. યહાં યહ વ્યાખ્યાન જાનકર રાગદ્વેષકો છોડકે શુદ્ધાત્માકે અનુભવરૂપ જો સમભાવ ઉસકા સેવન સદા કરના ચાહિયે યહી ઈસ ગ્રંથકા અભિપ્રાય હૈ. ૧૯૬૬.

( શ્રી યોગીન્દ્રેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૨, ગાથા-૧૦૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના કલેશથી કોઇ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં કલેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

* જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ. ૧૯૬૭.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ- ૨૬-૨૭ )

***

* ઈસ જગતમેં કોઈ ઐસા સ્થાન નહીં રહા, જહાં પર યહ જીવ નિશ્ચય-વ્યવહારરત્નત્રકો કહનેવાલે જિન-વચનકો નહીં પાતા હુઆ અનાદિ કાલસે ચૌરાસીલાખ યોનિયોંમે હોકર ન ઘૂમા હો અર્થાત્ જિન-વચનકી પ્રતીતિ ન કરનેસે સબ જગહ ઔર સબ યોનિયોંમેં ભ્રમણ કિયા, જન્મ-મરણ કિયે. યહાં યહ તાત્પર્ય હૈ કિ જિનવચનકે ન પાનેસે યહ જીવ જગતમેં ભ્રમા, ઇસલિયે જિન-વચન હિ આરાધને યોગ્ય હૈ. ૧૯૬૮.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. -૧ ( ગાથા-૬૫ )

***

* સર્વ જિનમતનું ચિન્હ સ્યાદ્વાદ છે. સ્યાત્ પદનો અર્થ કથંચિત્ છે માટે જે ઉપદેશ હોય તેને સર્વથારૂપ ન જાણી લેવો પણ ઉપદેશના અર્થને જાણી ત્યાં આટલો વિચાર કરવો કે આ ઉપદેશ કયા પ્રકારે છે, કયા પ્રયોજન સહિત છે અને કયા જીવને કાર્યકારી છે ઇત્યાદિ વિચાર કરી તેના યથાર્થ અર્થને ગ્રહણ કરવો. પછી પોતાની દશા દેખે; એ ઉપદેશ જેમ પોતાને કાર્યકારી થાય તે પ્રમાણે તેને પોતે અંગીકાર કરવો. ૧૯૬૯.

( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. -૮, પાનું- ૩૦૨ )

***

* એક તરફથી જોતાં કષાયોનો કલેશ દેખાય છે અને એક તરફથી જોતાં શાંતિ છે; એક તરફથી જોતાં ભવની ( સંસાર સંબંધી ) પીડા દેખાય છે અને એક તરફથી જોતાં ( સંસારના અભાવરૂપ ) મુક્તિ પણ સ્પર્શે છે; એક તરફથી જોતાં ત્રણ લોક સ્ફુરાયમાન છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. ( આવો ) આત્માનો અદ્ભુતથી અદ્ભુત સ્વભાવ મહિમા જયવંત વર્તે છે ( કોઇથી બાધિત થતો નથી ). ૧૯૭૦.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૭૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* આ ઉત્કૃષ્ટ ધર્મ લક્ષ્મીને વશ કરવા માટે વશીકરણ મંત્ર સમાન છે. આ ધર્મ કલ્પવૃક્ષ સમાન ઇચ્છિત પદાર્થ આપનાર છે, તે કામધેનુ અથવા ચિંતામણિ સમાન ઇષ્ટ વસ્તુઓનું પ્રદાન કરનાર છે, તે ધર્મ ઉત્તમ દેવ સમાન છે તથા તે ધર્મ સુખ-પરંપરારૂપ અમૃતની નદી ઉત્પન્ન કરનાર ઉત્તમ પર્વત સમાન છે. તેથી હે ભાઈ! તમે બીજી તુચ્છ મિથ્યા કલ્પાઓ છોડીને આ ધર્મની આરાધના કરો. ૧૯૭૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૯૫ )

***

* સમયસારભૂત ભગવાન પરમાત્માનું –કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે તેનું પ્રતિપાદન કરતું હોવાથી જે પોતે શબ્દબ્રહ્મ સમાન છે એવા આ શાસ્ત્રને જે આત્મા ખરેખર ભણીને, વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્યપ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને, તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણવિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સુસ્થિત થશે, તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલાં સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ હોવાને લીધે જે (સૌખ્ય) 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે, ઉત્તમ છે અને અનાકુળતા લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઇ જશે. ૧૯૭૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪૧૫ )

***

* લોકમાં પણ આ પ્રમાણે છે કે અત્યંત નિષ્પ્રયોજન વાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે અને આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ તેનો નિર્ણય કર્યા વિના જ તમે પ્રવર્તો છો એ મોટું આશ્ચર્ય છે! વળી તમને નિર્ણય કરવાયોગ્ય જ્ઞાન પણ ભાગ્યથી પ્રાપ્ત થયું છે માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો, આળસ આદિ છોડી તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિકનું સ્વરૂપ, સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય-ઉપાદેય, અને શુભ-અશુભ-શુદ્ધ અવસ્થારૂપ પોતાના પદ-અપદનું સ્વરૂપ એ બધાંનું સર્વ પ્રકારથી યથાર્થજ્ઞાન થાય. માટે સર્વ મનોરથ સિદ્ધ થવાનો ઉપાય જે અર્હત્સર્વજ્ઞનું યથાર્થજ્ઞાન જે પ્રકારથી થાય તે પ્રથમ કરવા યોગ્ય છે. ૧૯૭૩.

( શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું – ૬૨ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* હે ગંભીર હૃદય-અતિશય ગંભીર પુષ્પદન્ત ભગવાન! ભવ્ય જીવ આપના આ પવિત્ર મતનો અર્થાત્ આગમનો આસ્વાદ કરવાથી – શ્રવણ, પઠન, ચિંતવન આદિ કરવાથી આપનો ભક્ત હો કે વિદ્વેષી હો, પરંતુ પ્રત્યેક જીવને જ્ઞાનની વૃદ્ધિનું તથા રુચિનું જ કારણ બની જાય છે. કદાચ કોઇ એમ કહે કે આગમ તો માત્ર બુદ્ધિવાળાને જ રુચે છે પરંતુ દ્વેષ કરનારને તે કેમ રુચિ શકે? તો તેનું સમાધાન એમ છે કેમ અમૃત છે તે તો બુદ્ધિવંતહોય કે દ્વેષી હોય, બંને માટે એક સરખું રુચિકર જ લાગે છે. એ પ્રમાણે આપનું આગમ સર્વને રોચક ને પ્રિય જ લાગે છે. ૧૯૭૪.

( શ્રી સમન્તભદ્ર આચાર્ય, સ્તુતિ-વિદ્યા, શ્લોક-૪૦ )

* જૈસે જેલમેં પડા હુઆ વ્યક્તિ બન્ધનકે કારણોંકો સુનકર ડર જાતા હૈ ઔર હતાશ હો જાતા હૈ પર યદિ ઉસે મુક્તિકા ઉપાય બતાયા જાતા હૈ તો ઉસે આશ્વાસન મિલતા હૈ ઔર વહ આશાન્વિત હો બંધન મુક્તિકા પ્રયાસ કરતા હૈ. ઉસી તરહ અનાદિ કર્મબંધનબદ્ધ પ્રાણી પ્રથમ હી બંધકે કારણોંકો સુનકર ડર ન જાય ઔર મોક્ષકે કારણોંકો સુનકર આશ્વાસનકો પ્રાપ્ત હો ઇસ ઉદ્દેશ્યસે મોક્ષમાર્ગકા નિર્દેશ સર્વપ્રથમ કિયા હૈ. ૧૯૭૫.

( આચાર્ય અલકંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ-૧, પાનું -૨૬૬ )

***

* જેમ કસ્તૂરીઆ મૃગની જ કસ્તૂરી છે પરંતુ કસ્તૂરીની સુગંધ નાસિકા દ્વારા ધારણ કરીને જંગલમાં અહીં તહીં ખોળતો ફરે છે- ઘસ્યો ઘસ્યો દોડે છે, તે જ પ્રમાણે જીવની સમીપ જ જીવથી તન્મયરૂપ સ્વસમ્યગ્જ્ઞાનમય પમાત્મા છે છતાં તેને જીવ, આકાશ- પાતાળ-લોકાલોકમાં ખોળે છે, અજ્ઞાની જીવને એ ખબર નથી કે જેને હું શોધું છું તે મારી વસ્તુ તો મારા સમીપ જ છે- મારા સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મય છે અથવા હું પોતે જ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છું. ૧૯૭૬.

( શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, સમ્યગ્જ્ઞાન દીપિકા, પાનું -૯૧ )

* જે શુદ્ધ ન્યાયમાર્ગી મનુષ્ય હૈ વે લોકવિરૂદ્ધ કાર્યકૂં તજૈ હૈ. જે વિશુદ્ધ કુલમેં ઉપજે ક્ષત્રીય શુભ ચિત્ત સર્વ શાસ્ત્રનિકે જ્ઞાતા તિનકી યહી રીતિ હૈ જો કાહૂ સે ન ડરૈં, એક લોકાપવાદસે ડરૈં. ૧૯૭૭.

( શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું- ૫૬૮, ૫૭૭ )

* જો પંડિત હૈ તિનકું વૈરિયોં પર ભી ક્ષમા કરની. ક્ષમા સમાન ઔર તપ નાહીં. જે વિચક્ષણ પુરુષ હૈં વે ઐસી બુદ્ધિ ન ધરે કિ યહ દુષ્ટ બિગાડ કરે હૈં. યા જીવકા ઉપકાર અર બિગાડ કેવલ કર્માધીન હૈં, કર્મ હી સુખ – દુઃખકા કારણ હૈ ઐસા જાનકર જે વિચક્ષણ પુરુષ હૈ તે બાહ્ય સુખ–દુઃખકે નિમિત્તકારણ અન્ય પુરુષનિપર રાગદ્વેષ ભાવ ન ધરૈ. ૧૯૭૮.

( શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું–૪૪૩ )

***

* હમ એકાંતપક્ષકો નહીં માનકર અનેકાંતપક્ષ માનતે હૈ. અંકુરકી ઉત્પત્તિકે પહિલે બીજમેં અંકુર પર્યાય નહીં થી પીછે ઉત્પન્ન હુઇ અતઃ પર્યાયકી દષ્ટિસે અંકુર બીજસે ભિન્ન હૈ. ઔર શાલિબીજકી જાવિવાલા હી અંકુર ઉત્પન્ન હુઆ હૈ અન્ય જાતિકા નહીં અતઃ શાલિબીજ જાતિવાલે દષ્ટિસે બીજસે અંકુર અભિન્ન હૈ. ( ઐસે દ્રવ્ય–પર્યાયકા ભિન્નાભિન્નસ્વરૂપ સમજના. ) ૧૯૭૯.

( આચાર્ય અકલંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ–પ, પાનું. – ૬૮પ )

* દૈવ ઔર મૃત્ય દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણેકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. કયોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત–એવ ઈનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સતુરુષોંકો ઉચિત હૈ. ૧૯૮૦.

( પં. આશાધર, અનગાર ધર્મામૃત, અધિ–૬, ગાથા–૬૦ )

***

* પ્રશ્નઃ– રાત્રિ–દિવસ કિસકા ચિંતવન કરના ?

ઉત્તરઃ– સંસાર મિથ્યા મરીચિકાવત્ (–મૃગજળવત્) અસત્ય હૈ, સદા જાગૃતસ્વરૂપ પરમાત્મા સત્ય હૈ યે હી ચિંતવન કરના. ૧૯૮૧.

( શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, જ્ઞાનોકતપ્રમાણ, ભાગ–૧, પાનું– ૧પ )

* કદી સદ્ગુરુના ઉપદેશ દ્વારા જિનશાસનના રહસ્યને તમે બરાબર નક્કી કર્યું હોય – નિશ્ચય કર્યો હોય–સમજ્યા હો – તો “હું કરું છું” તેવા અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવનાનો ત્યાગ કરો અને ભગવતી ભવિતવ્યતાનો આશ્રય કરો. ૧૯૮૨.

( પં. આશાધરજી, અધ્યાત્મ–રહસ્ય, શ્લોક–૬૬ )

* અતીત અનાગત વર્તમાન તીન કાલકે તીર્થંકર ચક્રવર્તી આદિક સર્વ ઉત્કૃષ્ટ ભૂમિકે મનુષ્યનિકા સુખ, અર તીન કાલકા ભોગભૂમિકા સુખ, અર ઇન્દ્ર, અહમિંદ્ર આદિ સમસ્ત દેવનિકા સુખ, ભૂત ભવિષ્ય અર વર્તનકાલકા સકલ એકત્ર કરિયે, અર તાહિ અનંત-ગુણા ફલાઇએ સો સિદ્ધનિકે એક સમયકે સુખતુલ્ય નાહીં. ૧૯૮૩.

( શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પાનું- ૬૧૮ )

* સંસારમેં ઐસા કોઈ સુખ ઔર દુઃખ નહીં હૈ જો મૈંને નહીં ભોગા. કિંતુ જનાગમરૂપી અમૃતકા પાન મૈંને સ્વપ્નમેં ભી નહીં કિયા. ઈસ અમૃતકે સાગરકી એક બૂંદકો ભી જો ચખ લેતા હૈ વહ પ્રાણી ફિર કભી ભી જન્મરૂપી અગ્નિકા પાત્ર નહીં બનતા. અર્થાત્ જૈનશાસ્ત્રોંકા થોડાસા ભી સ્વાદ જિસે લગ જાતા હૈ વહ ઉનકા આલોકન કરકે ઉસ શાશ્વત સુખકો પ્રાપ્ત કર લેતા હૈ ઔર ફિર ઉસે સંસારમેં ભ્રમણ કરના નહીં પડતા. ૧૯૮૪.

( આચાર્ય સોમદેવ, ઉપાસક- અધ્યયન, ગાથા-૬૭૩ )

* મમતારૂપી લકડી અનેક પ્રકારસે આત્મામેં ચિંતારૂપી અગ્નિ લગા દેતી હૈ. યહ ચિંતારૂપી અગ્નિ આત્મામેં અનંતકાલસે જલ રહી હૈ. ઈસે સમતારૂપ જલકે દ્વારા બુઝાયા જા સકતા હૈ. ૧૯૮૫.

( પં. બુધજન, બુધજન-સતસઇ, ૫૬-૫૪૭ )

* સ્વાદ્વાદ ( શ્રુતજ્ઞાન ) ઔર કેવલજ્ઞાન સબ તત્ત્વોંકા પ્રકાશન કરનેવાલે હૈં, ઉનમેં સાક્ષાત્ ઔર અસાક્ષાત્કા હી ભેદ હૈ. જો ઇન દોનોંકા વિષય નહીં હૈ વહ અવસ્તુ હૈ. ૧૯૮૬.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, આપ્તમીમાંસા, શ્લોક-૧૦૫ )

* મનમાં ઘણું આશ્ચર્ય થાય છે, કારણ કે પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનથી, કેવળીની દિવ્યધ્વનિથી તથા વેદ-પુરાણ-શાસ્ત્ર-સૂત્ર ભણવા – વાંચવાથી તો એ સમ્યગ્જ્ઞાનમય સદાકાલ જાગતીજ્યોત જાણવામાં નહિ આવે તો પછી શ્રીગુરુ, કેવી રીતે દર્શાવતા હશે! કેવી રીતે જણાવી દેતા હશે! શું કહેતા હશે! અને શિષ્ય પણ કેવી રીતે સમજતો હશે! અહો – અહો-અહો શ્રીગુરુને ધન્ય છે હાય! ખેદ છે કે શ્રીગુરુ ન હોત તો હું આ ભ્રમજાળરૂપ સંસારથી ભિન્ન કેવી રીતે થાત! ૧૯૮૭.

( શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, સમ્યગ્જ્ઞાન દીપિકા, પાનું – ૧૧૫ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* અધ્યાત્મગ્રંથકા આશય યહ જો આત્મા આપના એક અભેદ નિત્ય શુદ્ધ અસાધારણ ચૈતન્યમાત્ર શુદ્ધદ્રવ્યાર્થિકનયકા વિષયભૂત હૈ, સો તો ઉપાદેય હૈ. બહુરિ અવશેષ ભેદ પર્યાય અનિત્ય અશુદ્ધ તથા સાધારણ ગુણ તથા અન્યદ્રવ્ય યે સર્વ પર્યાયનયકે વિષય તે સર્વ હેય હૈ. કાહેતે? જાતૈં યહ આત્મા અનાદિતૈં કર્મબધપર્યાયમેં મગ્ન હૈ, ક્રમરૂપ જ્ઞાનતૈ પર્યાયનિકૂં હી જાણૈ હૈ, અનાદિ અનંત અપના દ્રવ્યત્વભાવકા યાકૈ અનુભવ નાહીં, તાતૈં પર્યાયમાત્રમેં આપા જાનૈ હે, તાતૈ તાકૂં દ્રવ્યદષ્ટિ કરાવનેકે અર્થિ પર્યાયદષ્ટિકૂં ગૌણકરિ અસત્યાર્થ કહિકરિ એકાંતપક્ષ છુડાવનેકે અર્થિ જૂઠા કહ્યા હૈ. ૧૯૮૮.

( પં. જયચંદજી, સર્વાર્થસિદ્ધિ-વચનિકા ( તત્ત્વાર્થસૂત્ર-ટીકા ), અધ્યાય-૧ પાનું – ૧૦૪ )

***

* શક્તિસે ત્યાગ વહ કહ દિયા જાતા હૈ જો કિ પ્રીતિસે અપને ધનકા પરિત્યાગ કરતા હૈ. શક્તિસે અધિક દાન કરને પર અપનેકો પીડા ઉપજતી હૈ ઔર અતિ અલ્પ દેનેસે કૃપણતા આતી હૈ. અતઃ વહ દાન અપનેકો પીડા કરનેવાલા નહીં હોના ચાહિયે, સાથ હી સમ્પત્તિકા અત્યાગ કરના ભીં નહીં હોના ચાહિયે. યથાયોગ્ય દાન કરના શક્તિતઃ ત્યાગ હૈ. ૧૮૮૯.

( શ્રી વિદ્યાનંદિસ્વામી, તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર, ભાગ-૬, પાનું – ૫૨૭ )

***

* ચર્ચાઃ- સમ્યક્ત્વ સહજ હૈ કિ યત્નસાધ્ય હૈ? સમાધાનઃ- જૈસે કોઇ ધનાર્થી પુરુષ યથાયોગ્ય ઉદ્યમ કરૈ હૈ, ધનકી પ્રાપ્તિ ભાગ્ય- ઉદયસોં હોઈ હૈ, તૈસેં પૂર્ણ ઉપાયસૂં ઉદ્યમી હોના યોગ્ય હૈ. સમ્યક્ત્વકી પ્રાપ્તિ કાલબબ્ધિસૌં હોયગી અર જિસ કાર્યકો લબ્ધિ હોતી હૈં તિસ કાર્યકી સિદ્ધિ ઉદ્યમ બિના હોતી નાહીં. જબ હોયગી તબ ઉદ્યમસૂં હોયગી યહ નિયમ હૈ. ૧૯૯૦.

( પં. ભૂધરદાસજી, ચર્ચા- સમાધાન, ચર્ચા-૧૫ મી )

* યહ શરીર કૈદખાના હૈ, પુત્ર તથા કુટુંબી ઉસકે પહરેદાર હૈ. જો યહ જાનતા હૈ વ દુઃખકા અનુભવ નહીં કરતા હૈ, વહ બુદ્ધિમાન હૈ. પરંતુ મૂર્ખજન હી ઇસે અપના હિતકારી માનતા હૈ. ૧૯૯૧.

( પં. બુધજન, બુધજન-સતસઇ, પદ-૫૨૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો; (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલોરૂપ પરિણમતો તે, જ્ઞાન-જ્ઞેય- જ્ઞાનામય વસ્તુમાત્ર જાણવો (અર્થાત્ પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાન- એમ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતારૂપ ત્રણે ભાવો સહિત વસ્તુમાત્ર જાણવો).

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૭૧)

* સમ્યક્ શ્રુતજ્ઞાન પરમાર્થ વિષયનું કથન કરવાવાળા ચરિત્ર તથા પુરાણ કે જે પુણ્યવર્ધક અને બોધિ તથા સમાધિનું નિધાન છે એવા પ્રથમાનુયોગને જાણે છે. ૧૯૯૩.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૪૩)

* નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચન વિવાદ વર્જવાયોગ્ય છે. ૧૯૯૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, નિયમસાર, ગાથા-૧૫૬)

* * *

* પ્રશ્નઃ- સત્સંગ કયા હૈ?

* ઉત્તરઃ- ચર્મનેત્રસે દેખતા હૈ તાકી સંગતિ નહિ કરના. જ્ઞાનનેત્રસે સદીવ અખંડ દેખતા હી રહતા હૈ તાકી સંગતિ કરના. ૧૯૯૫.

(શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, જ્ઞાનોક્તપ્રાણ, ભાગ-૧, પાનું- ૧૨)

* * *

* સર્વ કુટુંબાદિક તબ તક હી સ્નેહ કરૈ હૈં જબ તક દાનકરિ ઉનકા સન્માન કરૈ હૈ, જૈસેં શ્વાનકે બાલકકો જબ લગ ટુકડા ડારિયે તો લગ અપના હૈ. ૧૯૯૬.

(શ્રી રવિષેણ આચાર્ય, પદ્મપુરાણ, પર્વ-૫, પાનું- ૪૮)

* હે જિનદેવ! બુદ્ધિમાનોંકે દ્વારા 'આપસે અભિન્ન હૈ' ઐસી બુદ્ધિસે ધ્યાન કિયા ગયા યહ આત્મા આપ હી કે સમાન પ્રભાવવાલા હો જાતા હૈ. યહ અમૃત હૈ, ઇસ તરહ નિરંતર ચિન્તવન કિયા જાનેવાલા પાની ભી કયા વિષકે વિકારકો દૂર નહીં કરતા? અર્થાત્ કરતા હૈ. ૧૯૯૭.

(શ્રી કુમુદચંદ્ર આચાર્ય, કલ્યાણમંદિર સ્તોત્ર, શ્લોક-૧૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* જેવી રીતે સોની તાંબા વગેરેથી મિશ્રિત સોનું જોઇને તેમાંથી તાંબા વગેરેને જુદું કરીને શુદ્ધ સુવર્ણનું ગ્રહણ કરે છે. તેવી જ રીતે વિવેકી પુરુષ નિર્દોષ જિનાગમરૂપી નેત્રથી છ દ્રવ્યને જોઇને તેમાંથી નિર્મળ આત્મતત્ત્વનું ગ્રહણ કરે છે. જે કોઇ જીવ શાસ્ત્ર રહિત રહીને ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો નિશ્ચય કરે છે તે મૂર્ખ મન (-વિવેક) રહિત હોવા છતાંય રૂપનું અવલોકન કરવા ઇચ્છનાર અંધ સમાન છે. ૧૯૯૮.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક-૧૬)

* શ્રીગુરુ કહે છે કે જિનવાણીનો વિસ્તાર વિશાળ અને અપરંપરા છે, અમે ક્યાં સુધી કહીશું. વધારે બોલવું અમારે યોગ્ય નથી, તેથી હવે મૌન થઇ રહેવું સારું છે, કારણ કે વચન એટલા જ બોલવા જોઇએ જેટલાથી પ્રયોજન સધાય. અનેક પ્રકારનો બકવાદ કરવાથી અનેક વિકલ્પ ઊઠે છે, તેથી તેટલું જ કથન કરવું બરાબર છે જેટલાનું કામ હોય. બસ, શુદ્ધ પરમાત્મ અનુભવનો અભ્યાસ કરો, એ જ મોક્ષમાર્ગ છે અને એટલો જ પરમાર્થ છે. ૧૯૯૯.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિ દ્વાર, ૫૬- ૧૨૫)

***

* જિનાગમમાં વ્રતોથી પરિપૂર્ણ એવી સ્ત્રીઓનું સન્માનાદિ કરવાનો નિષેધ નથી, તેથી વ્રતસ્ત્રીઓનું પણ લોકવ્યવહારથી અવિરૂદ્ધરૂપ સન્માન-દાનાદિ કરવું જોઈએ. ૨૦૦૦.

(શ્રી રાજમલ્લજી, પચાધ્યાયી ભાગ-૨, શ્લોક-૭૩૫)

* જહાં ધર્મકા નાશ હો, ક્રિયા બિગડતી હો તથા સમીચીન સિદ્ધાંતકા લોપ હોતા હો ઉસ જગહ સમીચીન ધર્મક્રિયા ઔર સિદ્ધાંતકે પ્રકાશનાર્થ વિના પૂછે ભી વિદ્વાનોંકો બોલના ચાહિયે. કયોંકિ યહ સત્પુરુષોકા કાર્ય હૈ. ૨૦૦૧.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૧૫)

***

* રવઇને ખેંચનાર ગોવાલણની જેમ જે વસ્તુના સ્વરૂપની એક અંતથી અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી આકર્ષણ કરે છે- ખેંચે છે, ને વળી બીજા પર્યાયાર્થિકનયથી શિથિલ કરે છે, તે જૈનમતની ન્યાયપદ્ધતિ જયવંતી છે. ૨૦૦૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ -ઉપાય, શ્લોક-૨૨૫)

* જે પુરુષ શાસ્ત્રસ્વાધ્યાયાદિ ભલું આચરણ કરનારા જીવોને સદાકાળ ધર્મનો આધાર દે છે અને તેમને નિર્વિઘ્ન શાસ્ત્રાભ્યાસ વગેરે થાય એવી સામગ્રી મેળવી આપે છે તે પુરુષનું મૂલ્યાંકન કલ્પવૃક્ષ કે ચિંતામણિ વડે પણ થઈ શકતું નથી. (અર્થાત્ તેનાથી પણ તે પુરુષ મહાન છે.) ૨૦૦૩.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૫૩)

* મુમુક્ષુએ ભગવાન અર્હંત સર્વજ્ઞથી ઉપજ્ઞ (–સ્વયં જાણીને કહેવાયેલા) શબ્દબ્રહ્મમાં– કે જેનું અનેકાંતરૂપી કેતન પ્રગટ છે તેમાં નિષ્ણાત થવું. ૨૦૦૪.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર, ટીકા, ગાથા–૨૩૨)

* બુદ્ધિમાન પુરુષ! આ તત્ત્વરૂપી અમૃત પીને અપરિમિત જન્મ–પરંપરા (સંસાર) ના માર્ગમાં પરિભ્રમણ કરવાથી ઉત્પન્ન થયેલ થાક દૂર કરો. ૨૦૦૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ શ્લોક–૫૭)

* નિત્ય અને નૈમિત્તિકરૂપથી થવાવાળા જિનબિંબ–મહોત્સવમાં શિથિલતા ન કરવી, તથા તત્ત્વજ્ઞાનીઓએ તો તે શિથિલતા કદી પણ અને કોઇ પ્રકારથી પણ ન કરવી. ૨૦૦૬.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૭૩૯)

* તમે ભાગ્ય–ઉદયથી મનુષ્યપર્યાય પામ્યા છો તો સર્વધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને તેનું મૂળ કારણ તત્ત્વનિર્ણય તથા તેનું પણ મૂળ કારણ શાસ્ત્રાભ્યાસ, તે અવશ્ય કરવા યોગ્ય છે, પણ જે આવા અવસરને વ્યર્થ ગૂમાવે છે તેમના ઉપર બુદ્ધિમાન કરુણા કરે છે. ૨૦૦૭.

(શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું –૬)

* ધર્મના અનેક અંગો છે તેમાં પણ એક ધ્યાન વિના આનાથી ઊંચુ અન્ય કોઇ ધર્મનું અંગ નથી એમ જાણી હરકોઇ પ્રકારે આગમનો અભ્યાસ કરવા યોગ્ય છે. ૨૦૦૮.

(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ. –૧, પાનું – ૨૪)

* પાંચ ઇન્દ્રિયો અને કષાયનો નિગ્રહ કરીને અધ્યયન કરવું એ જ ધ્યાન છે. માટે પંચમકાળમાં પ્રવચનસારનો (જિનાગમનો) અભ્યાસ જ કર્તવ્ય છે. ૨૦૦૯.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા–૯૫)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ આ પ્રાણી અર્થ અને કામ ( પુરુષાર્થ ) ના સાધનમાં ઉપદેશ વિના પણ નિપુણ હોય છે – સ્વતઃ પ્રવૃત્તિ કરે છે – પરંતુ ધર્મના સાધનમાં શાસ્ત્રો વિના– શાસ્ત્રપદેશના અભાવમાં – પ્રવર્તતો નથી. તેથી શાસ્ત્રમાં આદર કરવો હિતકારી છે. ૨૦૧૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પાભૃત, ચારિત્ર અધિકાર, ગાથા–૭૦ )

∗ હું કર્મથી સંયુક્ત હોવા છતાં પણ શ્રી ગુરુદેવના ચરણોના પ્રસાદથી મુક્ત જેવો જ છું, અત્યંત દરિદ્ર હોવા છતાં પણ ધનવાન છું, તથા તપથી દુઃખી હોવા છતાં પણ સુખી છું.

મારે જ્ઞાન સિવાય બીજું કાંઈ પણ કાર્ય નથી. બીજું જે કાંઈ પણ દેખાય છે તે કર્મમળથી દેખાય છે જેમ નટોનો કાષ્ટમય પુરુષ ( કઠપુતળી ) યંત્રની દોરી ખેંચવાથી નાચે છે તેમ. ૨૦૧૧.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક–૫૯–૬૦ )

∗ આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવા યોગ્ય છે. જિનવચન છે તે ચારે અનુયોગમય છે એ રહસ્ય જાણવાયોગ્ય છે, ત્યાં જિનવચન તો અપાર છે, તેનો પાર તો શ્રી ગણધરદેવ પણ પામ્યા નહિ માટે એમાં જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તે તો નિર્ણયપૂર્વક અવશ્ય જાણવા યોગ્ય છે. ૨૦૧૨.

( શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું. – ૭ )

∗ ત્રણલોકરૂપી ઘરમાં સર્વત્ર સંચાર કરવાવાળા જે ચિત્તને રોકવું શક્ય નથી તથા જેને રોકવાથી જન્મ–મરણરૂપી ભયને ઉત્પન્ન કરવાવાળા મનુષ્યના સર્વ દોષો નષ્ટ થઈ જાય છે તે મનને હે જીવ! જો તું જીવ- અજીવ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરવાવાળા જિનાગમમાં સ્થિર કરીને તત્ત્વ–ચિંતનમાં લગાવ તો તું સ્વાધીન સુખને આપવાવાળા નિજ–પદને પામીશ. ૨૦૧૩.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪૦૮ )

∗ જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહોપચય ( મોહનો સંચય ) ક્ષય પામે છે, તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે. ૨૦૧૪.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૮૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જિનાગમમાં જે જીવાદિક પદાર્થોનું સ્વરૂપ કહ્યું છે તે પ્રમાણ તથા નયથી અવિરૂદ્ધ છે તથા જીવાદિકના સ્વરૂપનું કથન આત્મસુખનું કારણ હોવાથી અમૃત તુલ્ય છે. આવા જિનાગમની પ્રાપ્તિ મને પૂર્વે કદિ થઇ ન હતી. આ મને અપૂર્વ લાભ થયો છે. આ જિનાગમ સુગતિનો માર્ગ હોવાથી મેં સ્વીકારેલ છે. તેના આશ્રયથી મારો મરણભય દૂર થઈ ગયો છે. હવે હું મરણથી ડરતો નથી. ૨૦૧૫.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બૃહત્પ્રત્યાખ્યાન સંસ્તવ અધિકાર, ગાથા-૯૫ )

* * *

* શાસ્ત્રનું શ્રવણ, ધારણ, વિચારણા, આમ્નાય (પરંપરા) અનુપ્રેક્ષા પૂર્વક અભ્યાસ કરે તેથી સર્વ કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ અભ્યાસ છે. ત્યાં આ સંસારવનમાં ભ્રમણ અનાદિકાળથી છે, તેથી જીવોને શાસ્ત્રાભ્યાસ થવાનો અવસર પામવો અત્યંત દુર્લભ છે. ૨૦૧૬.

( શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું-૨ )

* * *

* આગમમાં નિરંત લાગેલી બુદ્ધિ મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરવામાં દૂતી સમાન છે તેથી ભવભીરૂ ભવ્ય જીવોએ યત્નપૂર્વક પોતાની બુદ્ધિ શાસ્ત્રના અધ્યયન- શ્રવણ- મનન આદિમાં લગાવવી જોઇએ. ૨૦૧૭.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચારિત્ર અધિકાર, ગાથા-૭૬ )

* * *

* મર્કટનો જાતિસ્વભાવ અતિશય ચંચળ હોય છે, પણ તે ફળ ફુલથી ભરાહરા વૃક્ષ ઉપર ઝટ રમવા લાગી જાય છે. એવું કોઈ એકાદ વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાંથી પછી ખસતાં નથી. મન એ પણ મર્કટ જેવું અતિ ચંચળ છે. ફળ, પત્ર, ડાળીઓ અને શાખા પ્રશાખાઓથી ભર્યું વૃક્ષ જો તેને મળી જાય તો તે ત્યાં રમે છે પણ પછી ત્યાંથી ખસતું નથી. એમ વિચારી પૂર્વ મહાપુરુષોએ તેને રમવા યોગ્ય સુંદર વિસ્તીર્ણ વૃક્ષ શોધી કાઢયું. તે કયું? માત્ર એક જિનાગમ. મનને ઘણો વખત રમવા માટે આપ્ત પુરુષોની પવિત્ર વાણી એ એક સર્વથી સારામાં સારું વૃક્ષ છે. તેના ઉપર રમતાં તેની ચંચળતાજન્ય મિથ્યા પ્રવૃત્તિ રોકાઈ તેને વિનોદ પણ મળે છે. એ શાસ્ત્રરૂપ વૃક્ષમાં વૃક્ષની માફક બધી વસ્તુઓ રહેલી છે. ૨૦૧૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૭૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* ( આ પરમાગમમાં ) અમંદપણે ( જોરથી, બળવાનપણે, મોટે અવાજે ) જે થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્ય વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન ( સ્વાહા ) થઇ ગયું. ( અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તો પણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઇ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે. ) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે – ઉગ્રપણે અનુભવો કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ ( ઉત્તમ ) નથી, ચૈતન્ય જ એક પરમ ( ઉત્તમ ) તત્ત્વ છે. ૨૦૧૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, શ્લોક-૨૨ )

***

* જે ( જિનવચન ) લલિતમાં લલિત છે, જે શુદ્ધ છે, જે નિર્વાણના કારણનું કારણ છે, જે સર્વ ભવ્યોના કર્ણોને અમૃત છે, જે ભવભયરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે, અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે, તે આ જિનભગવાનનાં સદ્વચનને ( સમ્યક્ જિનાગમને ) હું પ્રતદિન વંદુ છું. ૨૦૨૦.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૫ )

***

* જગત અર્થાત્ જગતના જીવો અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને હવે તો છોડો અને રસિક જનોને રુચિકર, ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો; કારણ કે આ લોકમાં આત્મા છે તે ખરેખર કોઇ પ્રકારે અનાત્મા ( પરદ્રવ્ય ) સાથે કોઇ કાળે પણ તાદામ્ય-વૃત્તિ ( એકપણું ) પામતો નથી, કેમ કે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી. ૨૦૨૧.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ – ૨૨ )

***

* માયારૂપ રોગની દવા શાસ્ત્ર, પુણ્યનું કારણ શાસ્ત્ર, સર્વ પદાર્થોને જોનારું નેત્ર શાસ્ત્ર, અને સર્વ પ્રયોજનોનું સાધક શાસ્ત્ર છે. ૨૦૨૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર ચારિત્ર અધિકાર, ગાથા-૭૩ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



∗ હે જીવ! જિનેન્દ્ર ભગવાનની વાણીનો રાત-દિવસ નિરંતર અભ્યાસ કરવા યોગ્ય છે. કેવી છે જિનવાણી? પ્રમાણ અને નયને અનુકૂળ જીવાદિ પદાર્થોનું વર્ણન કરે છે માટે નિપુણ છે. વળી. પ્રમાણ-નય-નિક્ષેપ નિરુક્તિ અનુયોગ આદિ ભેદો વડે જીવાદિ પદાર્થોનું વિસ્તારથી વર્ણન કરે છે માટે વિપુલ છે. વળી પૂર્વાપર વિરોધ આદિક દોષથી રહિત છે માટે શુદ્ધ છે. વળી તે જે અર્થને બતાવે છે તે કોઈ પણ પ્રકારે ફરી શકતો નહિ હોવાથી અત્યંત દઢપણાને કારણે નિકાચિત છે. વળી જિનવાણીથી અન્ય ઉત્કૃષ્ટ ત્રણલોકમાં કોઈ નથી માટે અનુત્તર છે. વળી સર્વ જીવોને હિતરૂપ છે, કોઇની અહિતકર નથી માટે સર્વહિત છે. વળી દ્રવ્યમળ જે જ્ઞાનાવરણાદિક અને ભાવમળ જે રાગાદિક તથા ક્રોધાદિક તેનો નાશ કરે છે માટે કલુષહર છે. એવી જિનવાણી જ નિરંતર અભ્યાસ કરવાયોગ્ય છે. જિનવાણી વિના જીવને કોઇ શરણ નથી માટે સર્વ પ્રકારે હિતરૂપ જાણી મનુષ્યજન્મ જિનાગમની આરાધના વડે સફલ કરો. ૨૦૨૩.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૦૧ )

∗∗∗

∗ દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે, જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુઓ (વસે) છે, અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે, જેમાં બુદ્ધિરૂપી જળ (?) સુકાય છે અને જે દર્શન- મોહયુક્ત જીવોને અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે, તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈનદર્શન એક જ શરણ છે. ૨૦૨૪.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૩૦૬ )

∗∗∗

∗ નિશ્ચયથી નિજ નિરંજન-શુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન નિર્વિકાર પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતના રસાસ્વાદરૂપ સ્વસંવેદન જ્ઞાન તે આ ગ્રંથનું પ્રયોજન છે. પરમ નિશ્ચયથી તે સ્વસંવેદનજ્ઞાનના ફળરૂપ, કેવળજ્ઞાનાદિ અનંત ગુણ સાથે અવિનાશભાવી, નિજાત્મ-ઉપાદાનસિદ્ધ અનંત સુખની પ્રાપ્તિ ત` આ ગ્રંથનું પ્રયોજન છે. ૨૦૨૫.

( શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્દ્રવ્યસંગ્રહ, ગાથા-૧ )

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

( વાચકોની અંગત નોંધ માટેઃ- )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com